


SPARSH स्पर्श-कान्त KANT.

સ્પર્શ—કાન્ત

પ્રથમ ધ્વનિ.

મહર્ષ—ધર્મ પરિશીલન.

આ "**સ્પર્શકાન્ત**" નો પ્રથમ ધ્વનિ એટલે તત્વજ્ઞાન, રસિક દૃષ્ટાંત સિદ્ધાંતોથી ભરપુર છે. અત્યંત રસિક અને સરળ વ્યવહારિક દૃષ્ટાંતોથી આત્મસ્વરૂપને ઓળખવાના માર્ગપર ચડવું હોય તો "**સ્પર્શકાન્ત**" વાંચો ? જો તમારા ચિત્તને શુદ્ધ કરી શુદ્ધ વિચારોનેજ સેવવામાં અભ્યાસવાળું કરવું હોય તો "**સ્પર્શકાન્ત**" વાંચો ? જો તમારા મનોબળ, વ્યવહારબળને, અને અધ્યાત્મબળને વધારવું હોય તો "**સ્પર્શકાન્ત**" વાંચો ? જો હમેશાં તમારે સુખમય અને રસમય જીવન ગાળવું હોય, જો તમારે સંતોષી રહેવાની ટેવવાળા થવું હોય, જો તમારે પ્રાણી માત્ર પ્રતિ પ્રેમ રાખી સત્ક્રિયામાંજ સતત પ્રવૃત રહી કલ્યાણને રસ્તે જવું હોય તો આ "**સ્પર્શકાન્ત**" વાંચો ? જો તમારે જગતના અસારપણાને સમજવું હોય તો "**સ્પર્શકાન્ત**" ! વાંચો. જો તમારે માયાના મિથ્યાપણાનું અને સાર વસ્તુપ્રતિ અંતરમાં ભાન થવાની ઇચ્છા હોય તો જરૂર "**સ્પર્શકાન્ત**" વાંચો ? જો તમારે ભક્તિ માર્ગના ગર્ભ ભાગનું રહસ્ય સમજીને પરમાત્માની ભક્તિ સિદ્ધ કરવી હોય તો "**સ્પર્શકાન્ત**" વાંચો ? જો તમારે તમારા આત્મીકને હેરાન કરનારા તમારા કટ્ટાશત્રુ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદમત્સર, એ ષડ્‌રિપુને સારી પેઠે સમજવા હોય અને તેનાથી બચવારૂપ ઢાલ બખ્તરને ધારણ કરી નિર્ભય થવું હોય તો અવશ્ય "**સ્પર્શકાન્ત**" વાંચો ? જો પ્રાણી માત્રનું કલ્યાણ ઇચ્છી તમારે પોતાને તરવું હોય અને તમારા પૂર્વજો અને વંશજોને તારવા હોય તો એક સત ચિદ્ અને આનંદસ્વરૂપ પરમાત્માના સ્ફુરણરૂપ આ સદ્‌ગ્રંથ "**સ્પર્શકાન્ત**" ને વાંચો ?

શ્રી

શિવ મહાપુરાણ.

રચનાર,

કવિ દુર્ગાશંકર આદિતરામ

મુ. નાહાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે-બુકસેલર

ત્રણ દરવાજા—અમદાવાદ.

પ્રત ૧૨૦૦] (આવૃત્તિ ૩ જી) [સન ૧૯૧૪

અમદાવાદ શાહાપુર નવી પોળમાં પટેલ દલપતરામ મકનદાસે પોતાના "પ્રજાહિતાર્થ" મુદ્રાલયમાં છાપ્યું.

કિંમત રૂ ૨-૦-૦ રફ કાગળ.

,, રૂ. ૨-૮-૦ ગ્લેઝ કાગળ.

—સૂચના.—

આ પુસ્તકના સર્વ પ્રકારના હકક ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડના મેનેજર મોતીલાલ શામળદાસ પાસેથી અમોએ વેચાણુ લીધા છે.

બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે
ત્રણ દરવાજા—અમદાવાદ.



પાર્વતીની તપશ્ચર્યા

પ્રસ્તાવના.

સૃષ્ટિની ઉત્પત્તિ, પ્રલય, વંશ, મન્વંતર અને વંશાનુચરિત્ર એ પાંચ બાબતો જેમાં હોય તે પુરાણ કહેવાય છે. આવાં પુરાણો અઢાર છે. અને તે દરેકમાં એ બાબતો અવસ્ય હોય છે. પરંતુ તે પુરાણ જ્યારે વાંચવા બેસીએ છીએ, ત્યારે દરેકમાં જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય વિગેરે વિષયોમાં કંઇને કંઇ ભિન્નપણું નજરે આવે છે. દાખલા તરીકે જ્યારે શિવપુરાણ વાંચવા બેસીએ છીએ ત્યારે જગતની આદિમાં શિવ ઉત્પન્ન થયા, બાદ તેમાંથી ક્રમે કરીને બ્રહ્મા, વિષ્ણુ વિગેરે દેવો અને સૃષ્ટિની ઉત્પત્તિ થઈ એવો નિશ્ચય સિદ્ધ થાય છે. અને એઘીજ રીતે વિષ્ણુ પુરાણ વાંચતાં તે પુરાણ જે દેવને ઉદ્દેશીને રચાયેલું હોય, તે દેવની પ્રથમ ઉત્પત્તિ માની અનુક્રમે તેમાંથી બીજા દેવો તેમજ સૃષ્ટિની ઉત્પત્તિ માનેલી હોય છે, અને તેથી તે પૈકી સત્ય સ્વરૂપ શું છે? તે બદલ કંઇ પણ દૃઢ નિશ્ચય ન થવાથી સ્વભાવિક રીતેજ એવી ભ્રમણા ઉત્પન્ન થાય છે કે પુરાણો એ પ્રાચિન ગ્રંથો ન હોઇ મધ્યકાળના કોઇ જુદા જુદા વિદ્વાનોએ જન મન મન રંજનાર્થે ભગવદવતાર શ્રી વ્યાસ ઋષિના નામે ગપાષ્ટકો ગોઠવેલાં છે. પરંતુ એ કલ્પના તદન ભુલ ભરેલી છે. કારણ આ સૃષ્ટિ માત્ર એકજવાર ઉત્પન્ન થઈ છે એમ નથી પરંતુ અનાદી કાળથી સંસાર ચક્ર ચાલ્યું આવે છે, જેમાં અનેકવાર જગતની ઉત્પત્તિ, સ્થિતિઅને પ્રલય થઇ ચૂકેલા છે. અને જ્યારે એમ અનેકવાર ઉત્પતિ અને પ્રલય થાય છે એ સિદ્ધ છે તો પછી તે દરેક વખત એક સરખી ઉત્પત્તિ ન થતાં પ્રત્યેક વખત તેમાં કંઇને કંઇ પણ ભેદ ઉત્પન્ન થવા જોઇએ એ પણ સિદ્ધ છેજ. અને તેથી કોઇ વખત પ્રથમ શિવ રૂપની પ્રથમ ઉત્પત્તિ થાય છે, તો કોઈ વખત બ્રહ્મા, વિષ્ણુ કે શક્તિની ઉત્પત્તિ પ્રથમ થાય છે. એથી કોઈ પુરાણમાં સૃષ્ટિની ઉત્પત્તિ પ્રથમ વિષ્ણુથી, તો કોઇમાં બ્રહ્મા, રૂદ્ર કે શક્તિથી થયેલી માનેલી છે. પરંતુ એ શિવ, વિષ્ણુ કે શક્તિ એ સર્વેનું આદી કારણ દરેક પુરાણમાં માત્ર પરીબ્રહ્મનેજ માન્યા છે. અને તે પરીબ્રહ્મથીજ શીવ, વિષ્ણુ કે શક્તિ ઉત્પન્ન કરે છે એ વાતમાં કોઇ પણ પુરાણમાંથી કોઇ પણ પ્રકારની વિરૂદ્ધતા નીકળતી નથી, આ સૃષ્ટિ ત્રિગુણાત્મક છે, અને બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્ર એ ત્રણ ગુણ ભેદે કરીને એકજ દેવનાં રૂપ છે. તથા ઇશ્વરની સાક્ષાત યોગમાયા એ શક્તિ સ્વરૂપ છે; જેથી ગમે તે દેવતાને ભજે તોપણ વર્ષાદનું પાણી ગમે ત્યાં પડવા છતાં પણ અંતે જેમ સમુદ્રમાં જાય છે, તેમ તે ભજન ઇશ્વરનેજ પહોંચે છે. અને તેથી સાધક એ રૂપો પૈકી ગમે તે રૂપમાં વિશ્વાસ યુક્ત મન લગાવે તો અવસ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અનેક રૂપોમાં એકી વખતે મન લગાવી તે ચીતમાં વ્યગ્રતા ઉત્પન્ન થઇ તે પૈકી એકે રૂપમાં દૃઢ વૃત્તિ રહેતી નથી. જેથી પુરાણોની સંકલના એવી કરવામાં આવી છે કે જે પુરાણમાં જે દેવતાનું પ્રધાનપણે વર્ણન કરવામાં આવ્યું છે, તે દેવતાનીજ ઉત્કૃષ્ટતા સૌથી અધિક વર્ણન કરવામાં આવી છે, કે જેથી જેનો ઉપાસક હોય, તે પોતાના ઇષ્ટ દેવનેજ સર્વથી શ્રેષ્ટ માને, કે જેથી તેનુ ચિત ને દેવમાં દૃઢ થઇ અન્ય સ્થળે ભટકતું ન ફરે. બ્રહ્મા, વિષ્ણુ ભગવતી અને ગણેશાદિ દેવતાઓ તથા તેમણે લીધેલા ગૌણ અવતાર સીવાય અન્ય કોઈની પણ ઉપાસનો કોઈ પણ પુરાણમાં છેજ નહીં. અને તે સર્વ રૂપો ભિન્ન ભિન્ન કાર્યો પરત્વેજ માત્ર ભિન્ન ભિન્ન પરંતુ મુળમાં માત્ર એકજ સ્વરૂપ હોવાથી તે પૈકી ગમે તે રૂપને ભજવામાં આવે અગર તેઓ સંબંધીનું ગમે તે પુરાણમાં વાંચવામાં આવે, તો તે બદલ કંઈ પણ વાંધો છેજ નહીં અને તેથી પુરાણો મધ્યકાળમાં થયેલાં હોઇ કેવળ ગપાષ્ટકજ છે એવો તર્ક કરવો એ કેવળ ભુલ ભરેલો છે. કારણ તેઓ મધ્યકાળમાં થયેલાં નથી પરંતુ વ્યાસજીના વખતથી પણ પ્રથમનાં છે. એ બદલ શિવ પુરાણના પ્રથમ અધ્યાય પરથી વિદીત થાય છે કે પુરાણો સંબંધી વ્યાસજીએ પણ કંઇ

નવીન કલ્પના કરેલી નથી; પરંતુ આગળ બ્રહ્માજીએ પુરાણો અતી વીસ્તારથી બનાવ્યાં હતાં. જેમાંથી સંક્ષિપ્ત સાર લેઇ વ્યાસજીએ અઢાર વિભાગો કરેલા છે, જે પૈકી જે વીભાગમાં જે દેવ અને વીષય પ્રધાનપણે રાખેલો છે; તે મતલબને અનુસરી તે પુરાણનું તેવું નામ રાખેલું છે. દરેક પુરાણી એટલે જગતની ઉત્પત્તિ થતાં પહેલાની વાતો પણ તેમાં લખાએલી છે; જેથી તે દરેક ગ્રંથને પુરાણ એવી સંજ્ઞા આપવામાં આવી છે. આ અઢારે પુરાણોમાં શિવપુરાણ મુખ્ય છે, કારણ જેવી ઉત્તમ કથાઓ તેમજ જ્ઞાન, વિજ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ઉપાસના, યોગઅને તત્વજ્ઞાનનું ગૂઢ રહસ્ય એમાં સ્પષ્ટપણે સમજાવવામાં આવ્યું છે, તેવું સ્પષ્ટ રહસ્ય અન્ય કોઈ પુરાણમાં નથી. આ પુરાણ સંસારીઓનું સર્વસ્વ અને સન્યાસીઓને જીવનસ્વરૂપ છે.ચારે વર્ણ અને ચારે આશ્રમ એના સેવનથી કૃતાર્થ થાય છે; પરંતુ અફસોસ કે તે ગિર્વાણ ભાષામાં હોવાથી દરેક જણ તેનો પુરતો લાભ લેઇ શકતો નથી. જેથી આ પુરાણની છ સંહિતાઓ પૈકી પ્રથમ અને વિશેષ ઉપયોગી એવી જ્ઞાન સંહિતાનું સર્વે સાધારણ મનુષ્યોને પણ સમજાય તેવું સરળ આ પદ્યબંધ ભાષાંતર અમારી તરફથી પ્રકટ કરવામાં આવ્યું છે. જેને જન સમાજ તરફથી સારો આશ્રય મળશે તો બાકી રહેલી પાંચ સંહિતાઓનું ભાષાંતર અનુક્રમે શીઘ્ર પ્રકટ કરવા ઉત્સાહી થઇશું.

જગતમાં કોઇ સર્વજ્ઞ નથી; પ્રાયઃ જે કોઇ લખે છે તે સર્વે ભુલે છેજ. અને તેથી આ લેખ યા ગ્રંથમાં કંઇ દોષ જેવું હોય તે બદલ ક્ષમા કરી દરેક જન ગુણગ્રાહી થશે. એજ.

અક્ષય તૃતિયા	આપનો કૃપાભીલાષી
અમદાવાદ	મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે-બુકસેલર.

અનુક્રમણિકા.

સમાપ્ત.

શ્રી

શિવપુરાણ.

॥ શ્રી ગણેશાય નમઃ ॥ શ્રી સારદાયે નમઃ ॥

અથ કવિ દુર્ગારામ કૃત શિવપુરાણ પ્રારંભઃ

અધ્યાય ૧ લો—ગ્રંથ પ્રારંભ.

રાગ આશાવરી.

ઢાળ—સિદ્ધિનાયક સરસ્વતિને, ઇષ્ટદેવગુરૂ સાર; એટલાંને પાયે નમીને, ગ્રંથ રચું આવાર. ૧ શિવપુરાણ સંસ્કૃતમાં, રચિયું, વ્યાસ મુનીએ જેહ; તેને પ્રાકૃતમાંહી બનાવું, તેમાં નહિ સંદેહ. ૨ પદ્ય વિષે વિસ્તારી કહું છું, શંકરના ગુણ ગાન; મૂળ પ્રમાણે વાત એહમાં, આવશે સઘળે સ્થાન. ૩ વિશ્વનાથને વિમળ દેહ છે, વિશ્વતણા વળી કાળ; અક્ષરને અવિનાશી ઈશ્વર, ભક્ત તણા પ્રતિપાળ. ૪ ઉમાપતિ અરિ મર્દન આદિ, અનાદિ જગકર્તાર; એવા શિવને પ્રેમ ધરીને, વંદુ વારમવાર. ૫ જેના મુખમાં ભારતિ શોભે, લક્ષ્મી હ્રદયમાં સાર; વળી અંતરગત જ્ઞાન રહ્યું છે, એવા નૃસિંહ નિરધાર. ૬ તેનું હું તો સ્મર્ણ કરીને, ગ્રંથ રચું આ કાળ; તેમાં કવીજન ખોડ ન દેશો, ત્રુટક દેખી તાળ. ૭ એક દિવસના સમાજોગમાં, નૈમિશારણ્યમાંય; મુનિસભાને સુત પુરાણી, બેઠાતા વળી ત્યાંય. ૮ તે મધ્યે એક નરડા બ્રાહ્મણ, શૌનક મુનિ બળવાન; તેણે સુતને પ્રશ્ન પુછીયું, પ્રેમ કરી તે સ્થાન. ૯ અહો સુત

ગુણવાન તમે છો, વ્યાસ શિષ્ય મહારાજ; ઘણા કાળ સુધી તમે જીવો, સફળ થાવ સૌ કાજ. ૧૦ તમારા મુખમાંથી ઝરતું, જ્ઞાનામૃત નિરધાર; તેને પિતાં તૃપ્ત નથૈયે, રહીયે રાજી સારા ૧૧ વ્યાસ કૃપાથી તમને માલમ, ત્રણે કાળની વાત; વળી સર્વે પુરાણ જાણોછો, વેદ તત્વ સાક્ષાત. ૧૨ તે માટે તમને પૂછુંછું, આ વખત ઈતિહાસ; શિવ તત્વ સમજાવો અમને, આણીને ઉલ્લાસ. ૧૩ સૃષ્ટિ પેહેલાં સૃષ્ટિ મધ્યે, સૃષ્ટિ અંતે સાર; શી રીતે એ શંકર રે'છે, તેનો કરો વિસ્તાર. ૧૪ વળી એ શંકર કેરી પૂજા, વિવિધ તરેહની જેહ; તે સઘળી બતલાવો અમને, ટાળીને સંદેહ. ૧૫ અતિ ઉત્તમ ચરિત્ર તેમનાં, મુક્તિ દાતા સાર; તે સરવે સંભળાવો અમને, આણી હર્ખ અપાર. ૧૬ શું કરવાથી પ્રસન થાય એ, પારવતીનો નાથ; તેવું ફળતો શું શું આપે, ભક્તનો ઝાલી હાથ. ૧૭ આ સઘળા પ્રશ્નોનો ઉત્તર, અનુક્રમે આ વાર; વિસ્તારી સંભળાવો અમને, નિર્મળ વાણી સાર. ૧૮ એવી શૌનક કેરી વાણી, સાંભળી તેણે કાળ; સુત પુરાણી કેવા લાગ્યા, વાણી તો વિશાળ. ૧૯ અહો મુનિવર જેવું તમે, પૂછયું મુજને આજ; તેવું હું સંભળાવીશ તમને, તત્વજ્ઞાન માહારાજ. ૨૦

વલણ—એવી રીતે દ્વીજ પ્રતિ, બોલ્યા સુત તદાયરે; દુર્ગો કહે પછી શું થયું, તેનો કહું મહિમાયરે. ૨૧

ઇતિશ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં પ્રારંભો નામ પ્રથમોઅધ્યાયઃ ૧.

અધ્યાય ૨ જો—બ્રહ્માની ઉત્પત્તિ.

રાગ મારૂ

બોલ્યા સુત પુરાણી વચન, સુણો શૌનકાદિમુની જન; જેવું પૂછયું તમે મુને સાર, તેવું નારદે તો નિરધાર. ૧ બ્રહ્મદેવનો પૂછયું તું એહ, નથી તેહમાં કાંઇ સંદેહ; એક સમે નારદ મુનિરાય, નિકળ્યાતા બધે ફરવાય. ૨ જયાં જ્યાં દેખતા શિવનાં ધામ, ત્યાં ત્યાં કરતા પ્રીતિથી પ્રણામ; પછી આવ્યા પિતા કેરી પાસ, વળતિ બોલિયા આણી ઉલ્લાસ. ૩ અહો તાત સુણો મુજ વાત, શિવતત્વ સુણાવો સાક્ષાત; તમારી કૃપાથી અભિરામ, જાણ્યું વિષ્ણુનું મહાત્મ તમામ. ૪ જ્ઞાન ભક્તિનો મારગ જેહ, જાણ્યો તે પણ સઘળો એહ; દાન માર્ગ ને તિર્થ મહિમાય, વૃત્ત માર્ગને નીતિ શિક્ષાય. ૫ જાણ્યું તે સરવે આણે ઠામ, બીજી વિદ્યાકળાઓ તમામ; પણ શિવ તત્વ માંહી અજાણ, માટે સમજાવો તે નિરવાણ. ૬ શિવ ચરિત્ર શિવ પૂજાય, શિવ નામને શિવ સત્તાય; કહો તે સઘળું આણે ઠામ, જાણી દાસ મુને અભિરામ. ૭ નિર્ગુણ બ્રહ્મ કહાવે એ શિવ, જેનું ધ્યાન કરે સઊ જીવ; થયા તે તો શી રીતે સાકાર, વળી પરણ્યા ઊમા સાથે સાર. ૮ થયા તે થકી ઊભય તન, શરજન્માને સિંધુ વદન; સુણી લોકથી એવી કથાય, પણ તૃપ્તિ જરા નવ થાય. ૯ માટે શિવચરિત્ર તમામ, કહો પિતામહ આણે ઠામ; સુણી નારદની એવી વાત, બોલ્યા પિતામહ તો સાક્ષાત ૧૦ ધન્ય પુત્ર તને આણે

ઠાર, રૂડું પ્રશ્ન પુછ્યું નિરધાર; જેને સાંભળતાં નિરવાણ, થશે પ્રાણી તણું તો કલ્યાણ. ૧૧ નિર્ગુણ બ્રહ્મએવા શિવરાય, તેની પૂરાણ જે પ્રભુતાય; તેને વિષ્ણુને હું નિરધાર, નથી જાણતા પૂરણસાર. ૧૨ કારણાત્મકને દષ્ય એવું, વળી ઝાંઝવાનાં જળ જેવું; નોતું જક્ત આજે વેળાસાર, ત્યારે તેજ હતું નિરધાર. ૧૩ એતો તેજ અલૌકીક કહાવે, કોઈના કળ્યામાં નવ આવે; ધરે યોગી તો તેહનું ધ્યાન, જ્ઞાન રૂપ કે'વાય નિદાન. ૧૪ આદિ અંતને મધ્યથી હિન, સત્ય રૂપ અસત્યથી ભીન; તેહ તેજમાં પુર્ષ દેખાય, શિવ રૂપ તો તેને કે'વાય. ૧૫ તેને ઈચ્છા થઇ નિરવાણ, તે તો પ્રકૃતિ મૂળ તું જાણ; આઠ હાથ એ પ્રકૃતિ કેરા, અલંકાર તો અંગે ઘણેરા. ૧૬ કોટી ચંદ્રના જેવું વદન, ધર્યા વસ્ત્ર અનોપમ તન; આઠે હાથમાં આયુદ્ધ સાર, નેત્ર કંજ જેવાં નિરધાર. ૧૭ કારણાત્મક એતો કે'વાય, જેનું નામ પ્રખ્યાત માયાય; એહ પ્રકૃતિ ને મૂળ પુર્ષ, થયાં તેજમાંથી ઉત્તકર્ષ. ૧૮ પછી વિચારવા લાગ્યાં એહ, કહું વિસ્તારીને હવે તેહ; અન્યો અન્યએ કરતાં વિચાર, કરવું શું આપણે નિરધાર. ૧૯ થઇ એવામાં આકાશ વાણ, શબ્દ સ્વરૂપી એતો પ્રમાણ; તપ કરો તમે બેઊ સાર, ઘણા કાળ સુધી આણે ઠાર. ૨૦ થશે તેહથી તમારૂં ધાર્યું, એમ નભ વાણીએ ઊચાર્યું; સુણી તેહનું વચન સાર, તપ કરવા લાગ્યાં નરનાર. ૨૧ ઘણા કાળ સુધી તપ કરી, પછી વિચારવા લાગ્યાં ફરી; તેણે સમે તું સાંભળ બાળ, પૂર્ષ દેહ

થકી તતકાળ. ૨૨ છૂટી પાણીની ધાર અપાર,જેથી જળ જળ થયું સાર; ત્યારે તે જળમાં તેણે ઠામ, સૂતો પુર્ષ પેલો અભિ-રામ; નિદ્રા રૂપ થઇ તેણિવારે રહી નેત્રમાં પ્રકૃતિ ત્યારે. ૨૩ નારાયણને નારાયણી એહ, નથી તેમાંજરાય સંદેહ; થયું એ થકી જક્ત આસાર, કરૂંછું હવે તેનો વિસ્તાર. ૨૪ પ્રથમ પ્રકૃતિથી સુણ બાળ, મહતત્વ થયું તતકાળ; તેથી ગૂણ ત્રણ અભિરામ, સત્વ રજ તમ તેનાં નામ. ૨૫ તેહ ગૂણ થકી તેણે ઠાર, અહંકાર થયો નિરધાર; તે તો ત્રિગૂણી નિશ્ચે કહેવાય, જેથી થઇ આદેહ ક્રિયાય. ૨૬ સાત્વિક અહંકારે કરી તન, થયા ઈંદ્રીના દેવો પાવન; દિશા વાયુ રવિ જળ ઇશ, અશ્વીની સુતને સ્વાધીશ. ૨૭ ઈંદ્ર વિષ્ણુ ને મિત્ર બ્રહ્માય, એકાદશમું મન કહેવાય; હવે રાજસી જે અહંકાર, તેથી ઈંદ્રીઓને બુદ્ધિ સાર. ૨૮ કર્ણ ત્વચાને નેત્ર કે'વાય, જીંહ્વા નાક વાણી હસ્ત-પાય; લીંગ ગૂદા એતો નિરધાર, રાજસ ગર્વ તણો છે વિસ્તાર. ૨૯ હવે તામસ ગર્વથી સૂત, થઇ તન માત્રા ને પંચભૂત; શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, પૃથ્વી પાણીને તેજસબંધ. ૩૦ વાયુ આકાશ થઇ નિરધાર, તન માત્રાને ભૂતજ સાર; એહ સઘળાં તત્વઓ જેહ, ભેગાં કર્યાંના નારાયણે તેહ. ૩૧ તેનું બન્યું ત્યાં મોટું શરીર, એમાં પેઠા પોતે રણધીર; પછી સુતા પાછા ઘનશ્યામ,ઘણા કાળ સુધી અભિરામ.૩૨ ત્યારે તેહની નાભીથી તન, થયું કમળ એક પાવન; તેની શોભા તણો નહિ પાર, જેની પાંખડીઓ છે હજાર. ૩૩ ઘણા જોજન

મહોળું લંબાણ, સૂર્ય જેવું શોભાવાળું જાણ; એહ સરોજથી એણે ઠાર, થયો હિરણ્યગર્ભ હું સાર. ૩૪ પછી ભરમાયો માયામાં તન, જેથી બ્રહ્મા કહે સૌજન; પેલા કમળ વિના તેઠાર, બીજું દીઠું નહીં મેં તો સાર. ૩૫ હું તો કોણને ક્યાં થકી આવ્યો, કોનો પુત્રને કોણે બનાવ્યો

વલણ—એ રીતે મોહ પામિયો, સાંભળ મારા તનરે; દુર્ગો કે' એમ બોલતા, ચતુરાનન પાવનરે રે રે. ૩૬.

ઇતિશ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
બ્રહ્મોત્પત્તિ કથનો નામ દ્વિતિયોઽધ્યાયઃ ૨.

અધ્યાય ૩ જો—બ્રહ્માવિષ્ણુનો વિવાદ.

રાગ સામેરી.

ઢાળ—સુત પુરાણી એણીપેર બોલ્યા, સાંભળોને રૂષિરાય; ત્યારે પછી નારદને કહે છે, પરમેષ્ટી મહાકાય. ૧ અહો પુત્ર હું મોહ પામીયો, ઘણા વખત તે ઠાર; ત્યારે મુજને જ્ઞાન ઉપજ્યું, તેનો કરૂં વિસ્તાર. ૨ જો આ કંજ તણા મૂળ આગળ, જાઊં હું આકાળ; તો તો મારા કર્ત્તા કેરી, લાધે મુજને ભાળ. ૩ એમ વિચારી કમળનાળમાં, ઊતરીયો હું તન, તેને તો સો વર્ષ વીતિયાં, તે કાળે બળવન. ૪ તોપણ મુજને કમળ તણું તો, મૂળ ન આવ્યું હાથ; તે કાળે ગભરાયો ઝાઝો, કોને કહું એ વાત. ૫ વળતી પાછો ઉપર આવ્યો, સાંભળ મારા તન; તેને પણ સો વર્ષ વીતીયાં, સત્ય કહું વચન. ૬ તે પૂંઠે હું સ્વસ્થ થઇને, બેઠો કમળમાં સાર; ત્યારે ત્યાં આકાશવાણીથી શબ્દ થયો નિરધાર. ૭ તપ કર તપ કર એવું તેણે, સૂચવિયું મુને ત્યાંય; તેથી હું તપ કરવા બેઠો, નિશ્ચે

કમળનીમાંય. ૮ બારવરસ તપ કરતાં વિત્યાં, તે કાળે નિરધાર; ત્યારે મુજને દર્શન દીધું, વિષ્ણુએ તે ઠાર. ૯ મોર મુગટ પિતાંબરધારી કમળનેત્ર ભુજ ચાર; તે મધ્યે આયુદ્ધ ધરેલાં, ચક્રાદિક તો સાર. ૧૦ મૂળ તેજથી પ્રગટ થયેલા, પુર્ષ કહ્યાતા જેહ; તે તો થઇ ચત્રૂભૂજ રૂપે, દરશાયા મુને એહ. ૧૧ તેને દેખી ગર્વ ધરીને, કહેવા લાગ્યો હુંય; અલ્યા પુરૂષ ચત્રુભુજ રૂપે, કોણ કહાવે તુંય. ૧૨ એવું સાંભળી વિષ્ણુ મુજને, કહેવા લાગ્યા સાર; અલ્યા દુષ્ટ તુંકારા મુજને, કેમ કરે આવાર. ૧૩ તારો જે પેદા કરનારો, તાત કહાવે જેહ; તે ઓ હું છું નિશ્ચે ભાઈ, એમાં નહિ સંદેહ. ૧૪ ઓપણ હું માયાના બળથી, નવ સમજ્યો લગાર; વારંવાર તુંકારા કરતો, વિષ્ણુને નિરધાર. ૧૫ ઓપણ એ નારાયણ મુજને કૃપાદષ્ટિથી તન; વળતી ફરીથી કેહેવા લાગ્યા, હાસ્ય કરીને વચન. ૧૬ અરે પુત્ર કર્તા ને હરતા, માયા પ્રેરક જેહ; વિષ્ણુને પરમાત્મા હું છું, એમાં નહિ સંદેહ. ૧૭ મારી માયા માંહી તું ઓ, ભૂલ્યો મુજને સાર; વળી આવું બિભત્સ વદે છે, એ પણ મોહે સાર. ૧૮ એવું સાંભળી બ્રહ્મા કેહે છે, સાંભળ મારા બાળ; ક્રોધ કરીને કહેવા લાગ્યો, હુંતો એણે કાળ. ૧૯ અલ્યા વિષ્ણુ તું સમજાવે છે, મુજને અવળું સાર; તારો પણ કોઇ કર્ત્તા હોશે, નિશ્ચે આણી વાર. ૨૦ એવી રીતે વિશ્નુ સાથે, વાદ કર્યો મેં તન; એવામાં અણધાર્યું પ્રગટયું, એજ પુંજ પાએન. ૨૧ અપાર ને અણદીઠેલું વળી; ગોળા રૂપે સાર; જેમાંથી જ્વા-

ળાઓ નિકળે, ચોપાસે નિરધાર. ૨૨ આદિ મધ્યને અંત-
પણું વળી, જેમાં નવ જણાય; એવા એનુને દેખીને અમે
પામ્યા વીસ્મયતાય. ૨૩ એ કાળે વીશણુ આ મુજને, કેહેવા
લાગ્યા વાણુ; અરે પુત્ર તું વાદ મુકીને, વિચાર મનમાં આણુ.
૨૪ આપણુ બેના વાદ વિષેઆ, ત્રિજો નિકળ્યો ખેલ; તેજ
તેજ આ શું ભાસે છે, અપાર અગ્નિ રેલ. ૨૫ તે માટે આ-
પણુ બે મળીને, વિચાર તેનો કરીએ; ક્યાંથી એતો તેજ આ-
વિયું, તેહ શોધમાં ફરીએ. ૨૬ અહો પુત્ર તું હંસ થઇને,
ગગને જા આવાર; હું પણ સુકરરૂપ ધરીને, પરવરૂં નીચે
સાર. ૨૭ એવું કહી વિશ્વાત્માએતો ધર્યું ભુંડનું રૂપ; તેવી
રીતે હું પણ બનીયો, પક્ષી હંસ અનુપ. ૨૮ વિષ્નુજીવરાહ
થયા ત્યાં, તેનો કરૂં વિસ્તાર; સો યોજન લાંબા ને પોહોળા,
દશ યોજન નિરધાર. ૨૯ મેરૂ જેવી કાયા મોટી, સ્વર ભારે
સુણુ બાળ; નખ દાઢાને નાસિકા પણુ, દિસંતાં વિકાળ. ૩૦
એવું સુંદર રૂપ ધરીને, નારાયણુ ભગવાન; સહસ્ત્ર વર્ષે થઈ
ઊતરિયા, પાતાળે નિદાન. ૩૧ તોપણુ પેલા તેજ તનુ તો,
મૂળ કહાવે જેહ; તેનો પત્તો નવ લાગ્યો કંઇ, સત્ય કહુંછું
એહ. ૩૨ વિશ્નું જેટલા દહાડા ભમીયા, પાતાળે નિરધાર;
તેટલા દહાડા હું પણુ ભમિયો, આકાશે તેવાર. ૩૩ ઝાઝે દિ-
વસે ફરતાં ફરતાં, થાકી ગયો સૂણુ તન; ત્યારે પાછો નીચે
આવ્યો; ચિંતા કરઓ મન. ૩૪ એવી રીતે નારાયણુ
પણુ, થાકયા એણીવાર; ત્યારે એ પણુ ઉપર આવ્યા;

પોતે જુગદાધાર રૂપ વળતી એ વિશણુને તે તો, દીલમાં થઈ ઉદાસ; નમસ્કાર કરવાને લાગ્યા, નાખીને નિશ્વાસ. ૩૬

વલણ—મુખ થકી વળી બોલતા જય જય વાણી સારરે; દુર્ગો કહે પછી શું થયું, તેનો કરૂં વિસ્તારરે રે રે. ૩૭

ઇતિશ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
બ્રહ્મ વિષ્ણુયોર્વિવાદ વર્ણનો નામ તૃતિયોઽધ્યાયઃ ૩.

અધ્યાય ૪ થો—બ્રહ્મા વિષ્ણુ ઉપર શિવ પ્રસન્ન થયા.

રાગ મારૂ.

બોલ્યા સુત પુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિજન; પછી નારદને તેણે ઠાર, કહેવા લાગ્યા બ્રહ્મા નિરધાર. ૧ પેલા તેજની સ્તુતિ પાવન, શત વર્ષ સુધી કરી તન; ત્યારે તેમાં થકી તતકાળ, શબ્દ સાંભળ્યો એક વિશાળ. ૨ તેનું નામ તો નિશ્ચે ઓંકાર, જેના નાદ તણો નહિ પાર; શીવ સનાતન એ કહેવાય, જપ કીધેથી કલ્યાણ થાય. ૩ પછી શબ્દનો આકાર જેહ, દીઠો તેજ વિષે અમે એહ; જેના પશ્ચિમ ભાગમાં સાર, વાર્ણ નિશ્ચે રહ્યો છે અકાર. ૪ ઊત્તર ભાગમાં ઊકાર ભાસે, મધ્ય માંહી મકારપ્રકાશે; એવી રીતે મળી ત્રણ વાર્ણ, દીસે ઑંકાર તો એક પૂર્ણ. ૫ સૂર્ય મંડળ જેવો અકાર, અગ્નિ દેહ જેવો છે ઊકાર; ચંદ્ર મંડળ તુલ્ય તો જેહ, નિશ્ચે મકાર શોભે છે એહ. ૬ પછી બ્રહ્મા કહે સુણ તન, થયું શિવનું જે દરશાન, તેની કહું કથા આ વેળાય, જેને સુણતાં સંકટ જાય. ૭ પેલા ઑંકાર સામુ એ ઠાર, અમે જોઇ રહ્યા ઝાઝીવાર; ત્યારે એહની ઊપર ત્યાંય, દીઠું

સ્વરૂપ નિમિશમાંય. ૮ એતો નિશ્ચય સચ્ચિદાનંદ, શીવ સનાતન સુખકંદ; પાંચ મુખ તો તેનાં શોભાય, દશ હાથ વળી દરસાય. ૯ ગૌર દેહને વાણી ગંભિર, ઊદર મોટું ને ચર્ણ બે વીર; એવા શિવને દેખી એ ઠાર, સ્તુતિ કરવા લાગ્યા અમે સા.૨૧૦ એતો વેદના ઊચ્ચારે કરી, વળી ધ્યાન હૃદયમાં ધરી; જયજય અનાદિ મહેશ, જયજય પ્રભુ જટિલેશ. ૧૧ જયજય નિરંજન રાય, જય જય જોગી મહાકાય; જય શબ્દ સ્વરૂપી દયાળ, જય તેજ રૂપી જગપાળ. ૧૨ જય અરૂપીને રૂપવાન, જય કર્તા હરતા ભગવાન; એવી સ્તુતિ કરી અમે જયારે, હસ્યા ત્રિલોચન એણીવારે. ૧૩ અમે દીઠું એ શબ્દ સ્વરૂપ, કહું પુત્ર તને એ અનુપ, મુસ્તક માંહી દીઠો મેં અકાર; તેવો કપાળ માંહી આકાર. ૧૪ એતો વર્ણ બે વિશાળ શોભે, જેને જોતાં સદા ચિત્ત લોભે; જેના જમણા નેત્રમાં સાર, દીઠો નિર્મળ હ્રસ્વ ઇકાર. ૧૫ ડાભા નેત્રમાં દીર્ઘ કહેવાય, નથી એહમાં લેશ શંકાય; કાર્ણ જમણામાં એમ તન, હ્રસ્વ ઊકાર દીઠો પાવન. ૧૬ દીર્ઘ ઊકાર ડાબામાં જાણ, વેદ વાકય એતો પરમાણ; ગાલ જમણામાં હ્રસ્વ ઋકાર, એવો ડાબામાંહી દીર્ઘ ધાર. ૧૭ ઌ ને ૡ એવા બે વર્ણ જેહ, રહ્યા નાક ઉભયમાંહી એહ; ઊપલ્યા હોઠની માંય એ કાર, નીચેના માંહી નિશ્ચે ઐકાર.૧૮ એવો હેઠેના દાંતની માંહી, રહ્યો ઓંકાર અક્ષર ત્યાંહી; હવે ઊપરના જે

દર્શન, તેમાં ઓંકાર છે બળવંન. ૧૯ તેમ અં અ: અક્ષર
જેહ, દીસે તાળવામાંહી તેહ; હવે કખગઘઙ સાર, એ તો
સવ્ય હસ્તમાંહી ધાર. ૨૦ એવા ચછજઝઞ તો બાળ,ડા-
બા હસ્તની માંહ્ય વિશાળ; હવે ટ આદિ જે પાંચ વાર્ણ,એ
તો વસ્યા છે જમણે ચાર્ણ. ૨૧ એમ તે આદિ પંચ કહેવા-
ય, એ તો ડાબા ચરણમાં રાય; એવો ઉદર મધ્યે પકાર,જ-
મણે પાસે ફકાર છે સાર. ૨૨ ડાબે પાસે બકાર શોભાયે,ખ-
ભામાંહી ભકાર સદાયે; રદયમાંહી મકાર રહે છે, યોગી પુ-
રૂષ તેને લહે છે. ૨૩ યરલવશષસ તો જેહ, રહ્યા ધાતુની જ
ગ્યાએ એહ; હવે હકાર અક્ષર સાર, રહ્યો નાભિ વિશે નિર
ધાર. ૨૪ તેમ ક્ષકાર અક્ષર તન, રહ્યો નારદરૂપે બળવન;
એવા નિરગુણી ને ગુણવાન, આદિ શિવ એ તો ભગવાન.
૨૫ તેનું કહાવે જે શબ્દ સ્વરૂપ, કહયું દીઠું તું એવું મેં અ-
નુપ; હવે બ્રહ્મા કહે સુણ તન, દેખી શીવ સ્વરૂપ પાવન.૨૬
બોલ્યા નારાયણ ત્યાં તદાય, કરો કૃપા તમે શીવરાય;ત્યારે
શીવ કહે સુણો મોરાર, તારો કર્ત્તા હું છું નિરધાર. ૨૭
મારા તેજમાંથી થયો તુંય, માટે તારો પિતા નિશ્ચે હુંય;
તારી નાભિના કંજથી સાર, થયો બ્રહ્મા આતો નિરધાર.૨૮
એતો બાળક તારો કહેવાય, નથી એહમાં લેશ શંકાય;એ-
વી સાંભળી શિવની વાણી, બોલ્યા પુનરપિ પુરૂષ પુરાણી.
૨૯ અહો શિવ જે હોય ઇચ્છાય, કરો તેવી અમોને આ-
જ્ઞાય, ત્યારે બોલિયા શંકરરાય, સુણો વિષ્નુ તમે મહાકાય.

૩૦ કરે બ્રહ્મા આ જક્ત ઉત્પન્ન, એનું પોષણ કરો નિશ-દીન; એહ વિશ્વનો કરવા સંહાર, થઇશ બ્રહમાથી હું પણ સાર. ૩૧ રૂદ્ર સંજ્ઞા પડશે મારી ત્યાંય, રહીશ કૈલાશપર્વત માંય; મૂળ પ્રકૃતિ મારી જેહ, નિંદ્રા રૂપે થઇ રહી તેહ. ૩૨ થશે એતો બે રૂપે આ વાર; વરશે તમોને નિશ્ચય સાર; મહા લક્ષ્મિ ને સાવિત્રી નારી, રૂપ ગુણ ક્રિયા બળ ભારી. ૩૩ એની જોડે વરી તમે બાળ બાળ, રચો બ્રહમાંડ મોટું વિશા-ળ; હું પણ થોડી મુદ્દતમાં સાર, થઇશ રૂદ્રરૂપે નિરધાર. ૩૪ ત્યારે પ્રકૃતિ જે આ કહેવાય, થશે દક્ષ મુનિની કન્યા-ય; નામ દાક્ષાયણી તેનું સાર, વરશે એ તો મુને નિરધાર. ૩૫. એવી સાંભળી શિવની વાણી, બોલ્યા વિષ્નુ પોતે પ્રેમ આણી; અહો નાથ તમે કહ્યું જેહ, કરીશું અમે સઘળું તેહ. ૩૬ પણ વિશ્વનું કરૂં કલ્યાણ, વળી પાળું તેને નિરવાણ; એવું તત્વ વળી હોય જેહ, આપો કૃપા કરીનેજ તેહ. ૩૭ તેમ બ્રહ્મા રચે વિશ્વસાર, એવી શક્તિ આવે નિરધાર; એવું દૈવત આપો દયાળ, ચિંતવે તેવું થાય તે કાળ. ૩૮ ધ્યાન કરવાને પૂજવા તુલ્ય, જપ કરવા નિત્ય અમુલ્ય; હોય તત્વને મંત્રતો જેહ, આપો કૃપા કરી સઉ તેહ. ૩૯ ત્યારે શંકરે આણી કૃપાય, આપ્યું નીદાત્મક તત્વ તદાય; વળી ઓંકારાત્મ તત્વ જેહ, આપ્યું એપણ આણીને સ્નેહ. ૪૦ એહ તત્વને પામી એકાર, જોયું વિષ્નુએ ઊંચું જસાર; ત્યારે શુદ્ધ સ્ફટિકના જેવું, દીઠું; ' તત્વમસિ ' વાક્ય તેવું. ૪૧

મંત્ર રૂપે એતો નિરધાર, મેઘના જેવો જેનો આકાર; સર્વ અર્થનું સાધક મૂળ, મોક્ષ મારગમાં અનુકુળ. ૪૨ બીજો દીઠો ગાયત્રીનો મંત્ર, ચોવીશ અક્ષર કેરો સ્વતંત્ર; સર્વ લક્ષણ યુક્ત એ સાર, તેજ વર્ધક તેમ અપાર. ૪૩ ત્રીજો મંત્ર મૃત્યુંજય કેરો, ચોથો પંચાક્ષરી હરે ફેરો; પાંચમો તો ચિંતામણી સાર, દીઠો મંત્ર વિષ્નુએ એઠાર. ૪૪ એને પામીયા તતક્ષણ ત્યાંય, શીવ કૃપા થકી ક્ષણમાંય; પછી પ્રસન થઈને મન, જપ કરવા લાગ્યા શામ તન. ૪૫

વલણ—એ રીતે શીવજી થકી; વિષ્નુ થયા બળવાનરે,
દુર્ગા કહે એમ આપતા, સુતને બ્રહ્મા જ્ઞાનરે રે. ૪૬

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં બ્રહ્મા વિષ્ણુઓ પરી શીવ પ્રસન્નો નામ ચતુર્થોઽધ્યાયઃ ૪

અધ્યાય ૫ મો—બ્રહ્મા વિષ્ણુયો શિવને વરમહાનો.

રાગ આશાવરી.

ઢાળ સુત પુરાણી એણી પેરે બોલ્યા, સાંભળને મુનીરાય; વિસ્તારી તમને સંભળાવું, શીવજીનો મહિમાય. ૧ પેલા પાંચે મંત્ર પામીને, વિશ્નુએ એઠાર; જપ કીધો જેવારે ત્યારે; પ્રસન થયા શીવ સાર. ૨ વળતી સ્વાસ રૂપી જે કહાવે, વેદ તત્વતો જેહ; તેતો શ્રીવિષ્ણુનેઆપ્યું, એમાં નહિસંદેહ. ૩ જેમાં ઝાઝા કર્મ રહ્યાં છે, એવા વેદએ સાર; તે તેને તો નારાયણ પામી, હરખ્યાઅપરંપાર; તેપુઠેફરીપુછવાલાગ્યા, શંકરનેરમેશ; શું કર વાથીપ્રસન્નથાઓતએ, સર્વનેસુરેશ. ૫ કેવીરીતેધ્યાનતમારૂં, કરવું અમારે નાથ; એ સઘળું બતલાવો અમને, હેતે ઝાલી હા

૬ એવું સાંભળી વિશણુ પ્રત્યે, બોલ્યા શંકર દેવ;અહો વિ-
શણું જે પુછ્યું તમે, એતો કહું તતખેવ. ૭ એજ વિષે તમેદી
ઠું જે, મારૂં શબ્દ સ્વરૂપ; એતો લિંગ સ્વરૂપ કહેવાય,આ
દિ એજ અનૂપ. ૮ તેનું ધ્યાન તમારે કરવું,હમેશાં નિરધાર;
પૂજન પણ એનું પરમાણો,પ્રીતિથી મોરાર. ૯ લિંગ રૂપે જે
પૂજે મુજને,પ્રીતિ આણી સાર;એનાં સંકટ સરવે જાય,પામે
જ્ઞાન અપાર.૧૦એવું સાંભળી લિંગ સ્વરૂપી,શંકરને તે ઠાર,
વિસ્નુએજે સ્તુતિ કીધી,તેતો કહું આવાર,ઓંકારીને આત્મ
સ્વરૂપીવેદસ્વરૂપી ઇશ;ચિદાનંદને ચિત્તસ્વરૂપી,તમનેનામું
શીશવૃશાકપીનેલિંગસ્વરૂપી,કરતા હરતા સાર;વ્યાપકને નિ
ર્ગુણ એવા છો, તમને નમસ્કાર. ૧૩ એવી રીતે વિષ્નુએ
ત્યાં, સ્તવન કર્યું બહુવાર; ત્યારે ઝાઝા રાજી થઇને, બોલ્યા
શીવ તે ઠાર. ૧૪ અહો વિષ્નુ બ્રહમાને તમે, પ્રગટયા મુજ
થી આજ; તે માટે માગો મુજ પાસે; સફળ કરૂં સૌ કાજ.
૧૫ એમ કહીને ઈશાને તો, કૃપા કરી સાક્ષાત; વિષ્નુ ને
બ્રહ્માને માથે, મુકયો નિશ્ચે હાથ. ૧૬ વળતી વિશણુ કહેવા
લાગ્યા, શંકરને એ ઠાર; અહો નાથ જો કૃપા હોયતો,સાંભળો
આણીવાર. ૧૭ મુજને ને વળી આ બ્રહ્માને, ભક્તિ તમારી
જેહ; એતો સારી રીતે આપો, એમાં નહિ સંદેહ. ૧૮ વળી
આ બ્રહ્માને ને મારે, પ્રગટયો છે જેવાદ; એનો નાશ કરીને
નિશ્ચે, પમાડો આલ્હાદ. ૧૯ એટલે બેઉ જણ પ્રત્યે બો-
લ્યા, પુનરપિ શંકરદેવ; સઘળી વાતો મુકીને તમે, કરોને
મારી સેવ. ૨૦ મૃતિકાની મૂરતિ મારી, કરજો બાણાકાર;

વળતી તેની પુજા કરજો, અરપીને ઉપચાર. ૨૧ એવી રીતે શંકરે ત્યાં, આપ્યાં બહુ વરદાન; વળતી પાછા કહેવા લાગ્યા, બ્રહમાને ભગવાન. ૨૨ અરે પુત્ર તું શ્રષ્ટિ કરજે; વિશ્વોત્પત્તિ સાર; વળી આ વિસ્નુ કેરી આજ્ઞા, લોપીશ નહિ લગાર. ૨૩ એવી રીતે વિસ્નુને પણ, આપી ત્યાં આજ્ઞાય; બ્રહ્મા કેરી શ્રષ્ટિની તમે, કરજો સદા રક્ષાય. ૨૪ હું પણ કોઇ વખતે કરવાને, શ્રષ્ટિ કેરો નાશ; બ્રહ્મા કેરી ભ્રકુટિમાંથી, પેદા થઇશ પ્રકાશ, ૨૫ કારણ કે એ ભ્રકુટિમાંહી, તમોગુણ છે સાર; તેનો હું તો આશ્રય કરીને, પ્રગટીશ તેણે ઠાર. ૨૬ પણ મુજને એ તામસ ગુણનો, બાધ કહાવે જેહ; એ તો નહીં લાગે જરાય, સત્ય કહું છું એહ. ૨૭ વિશ્વતણી ઉત્પત્તિ માટે, મારો રાજસ અંશ; એતો નિશ્ચે બ્રહ્મા જાણો, આ વખતે અવતાર. ૨૮ સત્વગુણથી તમને સરજ્યા, મહા વિશ્નુ બળવાન; એવી રીતે તમોગુણથી, પ્રગટ થઇશ એ સ્થાન. ૨૯ રૂદ્ર એવી સંજ્ઞા તો મારી, પડશે એણે ઠાર; એવી રીતે નિયમ પ્રમાણે, કરીશ હું તો સંહાર. ૩૦ અહો વિષ્ણું આ બ્રહ્માને તમે, વળી થાશો મુજ અંશ એ ત્રણેમાં ભેદ કશો નહિ, એક રૂપી અવતંસ. ૩૧ જે સૃષ્ટિ આ બ્રહ્મા કરશે, પ્રાણી રૂપ અપાર; એની મુક્તિ કરવા માટે, તમને છે અધિકાર. ૩૨ અહો વિષ્ણુ તુજ સેવ ભક્તિ, કરશે જે નરનાર; એતો અંતે મુક્તિ પામી, મળશે મુજને સાર. ૩૩ મારા અંશી રૂદ્ર થશે જે, બ્રહ્માથી બળવાન; એની પણ ભ-

ક્તિ કરવાથી, થાશે મોક્ષ નિદાન. ૩૪ તમોને રૂદ્રની માંહી, ગણુશે જે કોઇ ભેદ; તેનું શ્રેય થશે નહીં ભાઇ, ઉલટો થાશે ખેદ. ૩૫ તમારો સેવક થઇ કરશે, રૂદ્ર તણી નિંદાય, એતો નિશ્ચે નરકે જાશે, પડશે બહુ પીડાય. ૩૬ એવી રીતે રૂદ્ર ભક્ત થઇ, નિંદે તમને જેહ; એ પણ નીચ ગતિને પામે, એમાં નહિ સંદેહ. ૩૭ અહો વિષ્નુ જે લિંગ પૂજામેં, કહી તમને નિરધાર, એથી વહાલું મુજને કંઇ નહિ, સત્ય કહ્યું આવાર. ૩૮ રત્ન રૂપુ ને સોનું માટી, વસ્તુ એ કહેવાય; એમાંથી એકે વસ્તુનું, પૂજવું લિંગ સદાય. ૩૯ એથી તમારી શક્તિ વધશે, ઇચ્છિત કરશો કાજ; કોઇ કાપે સંકટ નહિ આવે, કરશો વિશ્વનું રાજ. ૪૦ વળી બ્રહ્માને કહેવા લાગ્યા, શંકર પોતે સાર; શત વર્ષનું આયુષ્ય જ તારૂં એમાં ફેર ન ફાર. ૪૧ ચાર હજાર જુગ જાયે ત્યારે, એક દિવશ કહેવાય; એવા ત્રીશ દિવસ થાવાથી, માસતણી સંખ્યાય. ૪૨ એવા દ્વાદશ માસે થાયે, સંવત્સર તો એક; એવા સો સંવત્સર સુધી, આયુષ તારૂં છેક. ૪૩ શત વર્ષે મૃત્યું પામીને, પુનરપિ પ્રગટીશ તુંય; એવી રીતે વારે વારે, સત કહું છું હુંય. ૪૪ મારી ઈચ્છા પરમાણે એમ વિશ્નું રહેશે સાર; કોઇ કાળે એમનો પણ થાસે નાશ વળી નિરધાર. ૪૫ ફરી મારાથી થાશે તેતો, સત્ય કહું છું વાત; સૃષ્ટિ કેરૂં પાલન કરશે, એ કાળે સાક્ષાત. ૪૬ એ માટે પરમેષ્ટિ તારે, વિશ્નુની હમેશ; આજ્ઞા પાળી આધિન રહેવું,

વાદ ન કરવો લેશ. ૪૭ વળી તમને બેઉ જાણુને મેં, કહી લિંગ તણી પૂજાય; એને ચૂકવી નહિ કોઇ કાળે, જેથી સંકટ જાય. ૪૮ અપાર મહિમા એ પૂજાનો, તત્વ વસ્તુ છે સાર; એને જે કોઇ પ્રાણી કરશે, તે તરશે સંસાર. ૪૯ મનવાંચ્છિત પાણ પૂરાણ થાશે, ટળશે દારૂણ દુઃખ; જ્ઞાનભક્તિ વૈરાગ્ય ઉપજે, આવે અતિશય દુઃખ. ૫૦ એવું કહી અંતર્ધ્યાન પામ્યા, શીવજી ત્યાં તતકાળ; ત્યાર પછી ત્યાં શું શું નિપજ્યું, એ સાંભળો મુનિબાળ. ૫૨ શીવની પુંઠે વિષ્નુ પાણ ત્યાં, પામ્યા અંતરધ્યાન; એટલે બ્રહ્મા એકલા રહ્યા, કમળ વિષે બળવાન. ૫૨

વલાણુ—વળતી બ્રહ્માએ કરી શ્રષ્ટિની ઈચ્છાયરે, દુરગો કહે જયમ એ રચી એનો કહું મહિમાયરેરેરે. ૫૩

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચીતે ગાનસંહિતાયાં બ્રહ્મવિષ્ણુયોર્શિવેન વરપ્રદાનો નામ પંચમોઽધ્યાયઃ ૫

અધ્યાય ૬ ઠો—હંસનો પ્રારંભ.

રાગ ચોપાઇ ત્રણ તાળની.

બોલ્યા સુતપુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિજન; પછી બ્રહ્માએ કર્યો વિચાર; હવે શ્રષ્ટિ રચું નિરધાર. ૧ ત્યારે શૌનક મુનિ તો જેહ, કહેવા લાગ્યા પુરાણીને તેહ; સુણો સુત તમે આવાર, શંકા અમોને છે સાર. ૨ નારાયણને વળી બ્રહ્મદેવ, મોહ પામિયા તેજથી એવ; ત્યારે હંસ વરાહના સાર, રૂપ ધર્યાં પોતે નિરધાર. ૩ તેનું કારણ તો મુખ્ય જેહ કહો વિસ્તારી અમને એહ; કેમ ધરયાં પશુ કેરાં તન, કરો

સંશય એહ છેદન. ૪ ત્યારે સુત કહે સુણો વિપ્ર, કહું વિ-
સ્તારી તમોને ક્ષિપ્ર; હંસ પક્ષી વિશે મોટો ગુણ, ભક્તિ ક-
રવા વિશે નિપૂણ. ૫ દુધ પાણી હોયે સાર, તેને જુદાં કરે
નિરધાર; એમ તેજના આવર્ણ માંય, ઢંકાયેલા હતા શીવ
ત્યાંય. ૬ એને શોધવા માટે તદાય, ધરી બ્રહ્માએ હંસની
કાય; વળી ઉંચે ચઢવા કરી સાર, ગતિ પક્ષી વિશે નિરધા
ર. ૭ માટે ધરયું ત્યાં પક્ષીનું રૂપ, સત્ય વારતા એહ અનુ
પ; હવે વિશ્નુ જે વરાહ થયા, ખોળ કરવાને પાતાળે ગયા.
૮ તેનું કારણ એહ કહેવાય, પોતા કેરી સ્વતંત્ર ઇચ્છાય; હં
સ ભુંડ બ્રહમા હરી થયા, નિચે ઉંચે ત્યાં ખોળવા ગયા.૯
તેથી એહ કલ્પનું નામ, શ્વેત વારાહ છે અભિરામ; હવે સુ
ત કહે સુણો મુન્ય, શ્રષ્ટિ ઉત્પત્તિ પાવન પુન્ય. ૧૦ પછી બ્ર
હ્માએ તો એણે ઠાર, એક ઈંડ રચ્યું નિરધાર; એ તો ચોવીશ
તત્વે છે યુક્ત, લાંબુ પહોળું ને વિરાટયુક્ત. ૧૧ પણ જડ
રહ્યું એ તો સાર, નવ હાલેને ચાલે લગાર; ત્યારે બ્રહ્માએ તો
એણે સ્થાન, ધરયું વિષ્નુ કેરૂ વળી ધ્યાન. ૧૨ તેથી વિષ્નુ
આવ્યા એણે ઠાર, એ તો કહેવા લાગ્યા નિરધાર; અલ્યા
બ્રહ્મા તું સાંભળ વાત, કેમ સંભારયો મુને સાક્ષાત. ૧૩
માગ્ય માગ્ય હવે વરદાન, તને આપું હું તો આણે સ્થાન;
ત્યારે બ્રહ્મા કહે સુણો શ્યામ, કરયું ઈંડ આ મેં આણે ઠામ.
૧૪ પણ જડ રહ્યું છેજ એહ, કરો સજીવન હવે તેહ; સુણી
બ્રહ્મા તણી એવી વાણી, થયા અનેક રૂપે પુરાણી. ૧૫

પછી પેઠા પેલા ઈંડ માંય, મહા વિશ્નુ કરી કૃપા ત્યાંય; તેથી ઈંડ થયું સચેતન, ઉઠી ઉભું થયું બળવન. ૬ પાતાળ થી માંડી નિરધાર, સત્યલોક સુધી લાંબુ સાર; લોક સઘળા જેહ કહેવાય, એતો બધાએ વિરાટમાંય. ૧૭ તેમાં સત્ય-લોકે મુનિબાળ, રહ્યા બ્રહ્મા પોતે તતકાળ; બીજા લોકો વીશે બીજા જીવ, થશે નિવાશ એનો અતિવ. ૧૭ હવે બ્રહ-માએ ધારીને મન, કર્યા પુત્ર ઘાણા ઉત્પન્ન; એતો બ્રહ્મચારી થઇ ગયા, ત્યારે બ્રહ્મા તો ઉદાશ થયા. ૧૯ પછી ફરી થકી એણે સ્થાન, પુત્ર ઉત્પન્ન કીધા નિદાન; થયા એ પણ યોગી એ કાળ, જેના રૂદેમાં જ્ઞાન વિશાળ. ૨૦ ત્યારે ક્રોધ આણી અતિ મન, કરયું બ્રહ્માએ ઝાઝું રૂદન; પડયાં આંસુનાં ટીપાં તે ઠાર, એતો નિશ્ચે વળી અગીયાર. ૨૧ થયા એ થકી એક એક તન, રૂદ્ર એકાદશ બળવન; પુરવે શિવે કહ્યા તા જેહ, શીવરૂપી બધા વળી તેહ. ૨૨ રૂદન થકી થયા નિરધાર, માટે રૂદ્ર સંજ્ઞા એની સાર; એકાદશમાં મુખ્ય તો જેહ, શંકર નામે પ્રસિદ્ધ છે એહ. ૨૩ એતો બ્રહ્માને કહે સુણો તાત, ફરી શ્રષ્ટિ રચોને સાક્ષાત; થશે તે થકી ઝાઝો વિ-સ્તાર, આખું ઈંડ ભરાશેજ સાર. ૨૪ એવું કહીને શંકરદેવ, ગયા કૈલાશમાં તતખેવ; સાથે લેઇ બીજા દસ ભ્રાત, ગયા ત્વરા થકી એ સાક્ષાત. ૨૫ પછી બ્રહ્માએ તો એણે ઠાર, જોયું ખોળા વિષે નિરધાર; થયો એ થકી નારદ તન, અતિ તેજસ્વી ને બળવન. ૨૬ છાયા સામું જોયું વળી જયારે, થયા કર્દમ

તે થકી ત્યારે; એવી રીતે અંગુઠાથી સાર, દક્ષ મુની થયા નીરધાર. ૨૭ એમ ભૃગુ આદિ બીજા ચાર, થયા અંગથકી નીરધાર; એતો સપ્તઋષી થયા ત્યાંય, એક નિમિષ કેરીજ માંય. ૨૮ એમાં મરિચિ થકીજ સાર, થયા કશ્યપ ઋષી તે ઠાર; એહ કશ્યપ વંશે વિશાળ, આખું વિશ્વ ભરાયું તે કાળ. ૨૯ એવી દક્ષ મુનિ થકી ત્યાંય, સાઠ કન્યાઓ થઇ ક્ષણુમાંય; એમાં ત્રયોદશ કન્યા જેહ, આપી કશ્યપને આણી સ્નેહ. ૩૦ એહ તેરે કરી નિરધાર, આખું વિશ્વ ભરાયું એ ઠાર; દેવ દઇતનં પર્વત નાગ, મેઘ પક્ષી પશુ વૃક્ષ ભાગ. ૩૧ એમ ચઇતનને જડ જેહ, થયું તેર કન્યા થકી એહ; હવે સતી નામે કન્યા સાર, આપી શંકરને આણુ ઠાર. ૩૨ એ તો ભવાની નામે કહેવાય, બીજી દાક્ષાયણી છે સંજ્ઞાય; મુળ પ્રકૃતિ થકીજ એમ, થઇ બ્રમાણી દેવીજ એમ. ૩૩ એતો બ્રહમા તાણુ ઘર રહી, જેને સાવિત્રિ સર્વથા કહી; બીજી મહાલક્ષ્મી દેવી જેહ, ધરી વિષ્નુને નિશ્ચય એહ. ૩૪. રમા ઈંદિરા એહનાં નામ, લોક માતા વળી અભિરામ; હવે દક્ષની કન્યા તો જેહ, વરી શંકરની સાથે એહ. ૩૫ એને પારવતી પણુ જાણો, કશો સંશય એમાં ન આણો; કોઇ કાર્ય માટે મુનિરાય, પાડી સતીએ પોતાની કાય. ૩૬ ફરી હિમાચળ ઘેર સાર, લીધો લોક પેઠે અવતાર; પાછાં શંકરને વર્યાં એહ, નથી એમાં લેશ સંદેહ. ૩૭ પર્વત કેરી પુત્રી થયાં સાર, માટે પાર્વતિ નામ પ્રકાર; કાળી કાત્યાયની

ચંડી માત,ઊમા ગૌરી ને શીવા શાક્ષાત. ૩૮ એવાં અનેક
એહનાં નામ, જેનાં અદ્ભૂત છે અતિ કામ; સુણી સુતનાં
એવાં વચન, બોલ્યા શૌનકાદિ મુનિજન. ૩૯ અહો સુત
મટાડો સંદેહ, કેમ સતીએ પાડયો દેહ; ફરી લેવા પડયો
અવતાર, તેનું કારણ કહો આણીવાર. ૪૦ જેથી સંશય
મનનો જાય, અતિ આનંદ અંતર થાય; એવી શૌનકની
સુણી વાણી, બોલ્યા સુત અતિ પ્રેમ આણી. ૪૧ અહો
શૌનક સાંભળો તમે, પ્રશ્ન પુછેલું કહીએ અમે; એક દિવસ
ઊમીયાનાથ, ગયા બ્રહ્માના લોકે સાક્ષાત. ૪૨ ત્યાં તો સભા
વિષે નિરધાર, બેઠા આસને બ્રહ્મકુમાર; નામ દક્ષ પ્રજાપતિ
એનું,અતિ પ્રબળપણું છે જેનું.૪૩ તેને દેખીને શીવ તે ઠામ,
નમ્યા નહિ પોતે અભિરામ; નમસ્કાર કર્યા વિના ત્યાંય,
બેઠા છાનામાના સભામાંય. ૪૪ એવું દેખીને દક્ષને મન,
અતિ ક્રોધ વ્યાપ્યો બળવન; પણ જમાઇ પોતાના થાય,
માટે બોલ્યો નહિ ત્યાં તદાય. ૪૫ પછી શંકર તો ત્યાંથી
સાર, આવ્યા પોતાતણે દરબાર; હવે દક્ષે આણીને રીસ,
તેડયા ભૃગુને ત્યાં એણે દીશ. ૪૬ વળતી યજ્ઞ કરવા તણો
સાર, કર્યો એહને પુછી વિચાર;બધે પત્રીઓ લખી એ કાળ,
તેડયા મોટા મોટા મુનિબાળ.૪૭ એવી રીતે ત્રીદશો તમામ,
તેડયા પત્રી લખી એણે ઠામ; એક શંકર વિના તો સાર,
તેડયા સમસ્ત દેવ એ ઠાર. ૪૮ એહ પુંઠે રૂતુરાટ જેહ, કર્યો
ચાલતો આણીને સ્નેહ; સર્વે દેવનાં કીધાં સ્થાપન, રૂદ્ર કળશ

તજી બળવન. ૪૯ ભૃગુરૂષી તો આચાર્ય થયા, તેના તાબામાં રૂત્વિજો રહ્યા; હોમે આહુતિકુંડની માંય, સ્વાહા સ્વાહા મુખે ભણે ત્યાંય. ૫૦ હવે કૈલાશ કેરીજ વાત, કહું વિસ્તારી હું તો સાક્ષાત; ગગન મારગે દેવોની નાર, જાય વિમાનમાં બેશી સાર. ૫૧ એવું દેખીને પાર્વતિ માત, પડયાં વિચારમાંહી પ્રખ્યાત; આવ્યા એવામાં નારદ રૂષી, એને દેખી થયાં સતી ખુશી. ૫૨ પછી સતીએ મુનીને સાર,પ્રશ્ન પુછયું પોતે નિરધાર; અહો નારદ સાંભળો વાણુ, એક શંકા થઇ છે પ્રમાણ.૫૩ બેશી વિમાને દેવોની નારી, કીયે ઠેકાણે એતો પધારી; કોને ત્યાં છે મહોચ્છવ સાર,એતો કહો મુને આણીવાર. ૫૪ એવું સાંભળી નારદ દેવ, બોલ્યા હાસ્ય કરી તતખેવ; અહો સતિ તમારો પિતાય, કરે યજ્ઞ મોટો આ વેળાય. ૫૫ એણે તેડીયા દેવ તમામ, એક તમો વિના અભિરામ; એવું કહીને બ્રહ્માના બાળ,ગયા કૈલાશથી તતકાળ. ૫૬ પછી દાક્ષાયણી આણી પ્રેમ, આવ્યા શંકર પાસેજ એમ; વળી કહેવા લાગ્યાં મુખ એહ, અહો સાંભળો નિર્ગુણ દેહ. ૫૭ મારા તાતને ત્યાં મહારાજ, યજ્ઞ થાય છે નિશ્ચય આજ; માટે જાવાને ત્યાં મુને સાર, આપો આજ્ઞા મુને આણી વાર. ૫૮ એવું સાભળી શંકરદેવ, કહેવા લાગ્યા પોતે તતખેવ; સુણો સુંદરી તમેજ વાણી, કહું વારતા એક પ્રમાણી. ૫૯ નથી સુખ ત્યાં જાવામાં લેશ, થશે ઊલટો નિશ્ચય કલેશ; કેમકે તારે તાતે તો સાર, મારે માટે રચ્યો

છે પ્રકાર. ૬૦ રૂદ્રભાગને કાઢવા સારૂ, યજ્ઞ આરંભીયા એહ ચારૂ; માટે નથી જાવું એને ઘેર, ઘેર બેઠાં કરો લીલા લેહેર. ૬૧ એવાં શીવના સુણી વચન, બોલ્યાં સતી આણી ખેદ મન; અહો નાથ વિના તેડે સાર, જવું તાતતણે દરબાર.૬૨ તેમાં ખોડ નથી લવલેશ, શાનો થાવાનો એહમાં કલેશ, માટે જાવાની હું તો કૃપાળ, નહીં ખાળી રહું આણે કાળ.૬૩

વલણ. એવું સાંભળીને ચઢયો, શંકરને અતિ ક્રોધરે; દુર્ગો કહે ત્યારે ફરી, આપે સતીને બોધરેરેરે. ૬૪

ઇતિશ્રીશીવપુરાણે કવિદુર્ગાશંકરવિરચિતં જ્ઞાનસંહિતાયાં શીવવૈરાત્ દક્ષણુ યજ્ઞારંભકૃતાનામ ષષ્ઠોઽધ્યાયઃ ॥ ૬ ॥

અધ્યાય ૭ મો—દક્ષકથા વર્ણન.

રાગ સતભામાના રૂષાણાનો.

મારી વાહાલી સોહાગણ બોલો રે. એ રાગ.

મારી પ્યારી માનીતી માનોરે, માનો માનો માનીતી માનોરે.ટેક.વાણુતેડે કોઈને ત્યાં જાતાં, વિઘ્ન થાય છે ભારી; તાતતણું ઘર હોય તથાપિ, શાન્તિ ન વળે સારી. મારી. ૧ આપણને દેખીને જેનું, દીલડું તો નવ હરખે; તેના મોં આ-ગળ ફરીએ પણ, કયમ એ નયણે નરખે. મારી.૨ સ્વામીનું સન્માન નહીં, ત્યાં સુંદરીને શું જાવું; પતિના અવગુણ સાંભળી કાને, પુંઠેથી પસ્તાવું. મારી. ૩ આદર ને આવ-કાર નહિ ત્યમ, નહિ અમી નયણાં માંહી; એ ઘેર પ્રાણ ગયે નવ જાવું, કંચન વરસે તાંહી. મારી. ૪ વિના માનથી

વલખાં મારી, જેહ પરાણે પેસે; તેમાં અંતે સુખ ન આવે, દીલ ઉદાસી રે'શે. મારી.૫ અબળામાં અવગુણ હોય ઝાઝા, હઠ ઝાલે છે ભારી; ગરીબ ગ્રહસ્થની નાર હોય પણ, વાત કરે અવિચારી. મારી.૬ મલાવડાં મિથ્યા કરતી એ, જાણ્યું પોગળ તારૂં; વાણુતેડે જાવા ઇચ્છે તે, માપજ ઘટવા મારૂં. મારી. ૭ રામાની રીતી તો નારી, સર્વે હું તો જાણું; એ માટે વિશ્વાસ કદાપિ, વિનતાનો ના આણું. મારી. ૮ સ્વારથ સાધવો હોય તો નારી, પેટમાં પેશી જાએ; ભય ન ગણે ભગવંતતણો ત્યમ, બોલે નહિ બંધાએ. મારી.૯ સિંહતણા કડકા કરે નારી; માંજારીથી ડરશે, પાણીમાંહી પગ ન માંડે, સેહેજે સિંધુ તરશે. મારી. ૧૦ રીઝે તો તો સર્વત્ર આપે, ખીજે ઇજ્જત લેશે; રસ્તે જાતાં આળ ચઢાવે, ખોટીગાળો દેશે. મારી.૧૧ અણગમતા આદમીને ન ગણે, ત્રાણ કે તેરની માંહી; મન માને તો વરવા સાથે, વિષય ભોગવે ત્યાંહી. મારી. ૧૨ પોતાનો મત સાચો કરવા, શાસ્ત્ર પુરાવો આપે; કબુલ કરે નહિ મનડું એને, હર વાતે ઉથાપે. મારી. ૧૩ પેટતણો નવ પારજ આપે, હશીને હીન સૌ હરશે; ધારે તો બ્રહ્મા જેવાને, ભોળવી ભ્રષ્ટજ કરશે. મારી.૧૪ જ્યાંસુધી અબળા નવ ધારે, ત્યાં સુધી નર સાધુ; જો જુવતિ દ્રષ્ટિમાં ઘાલે, તો બોળાએ બાધું. મારી. ૧૫ નહિ કરવાની વસ્તુ કરશે, વાતમાં સૌને વાહે; ભુપતણો પણ ભય નવ રાખે, જ્યાં ધારે ત્યાં જાયે. મારી. ૧૬ ઊપરથી લજ્જા દેખાડી,

સતિનું પદ તો સ્હાશે; પણ એવો પ્રસંગ આવતાં, તર્ત પ રિક્ષા થાશે. મારી. ૧૭ ઈંદ્રાદિક આજ્ઞા માને છે, મારી તો સૌ કાળે; પણ તું તો મુજને આ વખતે, વિકળ સરીખો ભાળે. મારી. ૧૮ પિતા પતિથી વધતો માન્યો, એથી હદ તો આવી; એ માટે ગમતું કર ગોરી, શીદને પુછવા આવી. મારી. ૧૯ વિરામ દોહરો. એ રીતે ઇશે કહ્યું, સતિને તો સાક્ષાત; દુરગો કહે એ સાંભળી; બોલ્યાં કાળી માત. ૨૦ રાગ ચાલતો. મારા સ્વામિ આવું શું બોલોરે, નિર્ગુણ નામી આવું શું બોલોરે. ટેક. પિયર વડે હું છું જ પનોતી, સઘળું સુખડું જાણું; તાત માતને નજરે દેખી, પ્રેમ અતિશે આણું. મારા. ૧ કોણ કર્કશા એવી હોય તે, મૈયરપર રીસાએ; જેણે મોટી કીધી એનો, અવગુણ કેમ મનાએ. મારા. ૨ તનડામાંહી તાપણી કીધી, મોત વિનાની મારી; મૈઅર મારૂં તાજ કરાવા, આ શી હિંમત ધારી. મારા. ૩ અમૃત જેવાં વાકય તમારાં, પણ અગ્નિ સમ લાગે; માત પિતાપર કોપજ કરવા, કયમ મનડું અનુરાગે. મારા. ૪ કુટિલ કર્કશા કોણ હોય તે, વેળા જે ન વિચારે; તાત તણે ઘેર અવસર આવે, માન શું જોઇએ મારે. મારા, ૫ પ્રેમ પરિક્ષા કરવા સ્વામી, તકમાં સાચવો ટાણું; પણ મારૂં કરવા બેઠા છો, વિશ્વની માંય વગોણું, મારા. ૬ નિર્માનિ તમને સૌ કહે છે, જોશી વેદ પુરાણી; પણ આ વખતે બુદ્ધિ તમારી, લીધી મેં તો જાણી. મારા. ૭ આવું હું જાણત તો

તમને, પુછત નાહિ વળી પહેલી; છાનીમાની જાત ત્વરાથી, તમને એકલા મેલી. મારા. ૮ સ્વામી તમારા બોલ સહું પાણ, રીશ કરૂં કયમ કાણી; કોઇ દિન તેડવા આવે મુજને, પેટની તનયા જાણી. મારા. ૯ દક્ષ તાણી દુહિતા થઇને, હું શત્રુવટ કેમ સારૂ; સમજણવાળા થઇ સ્વામિ શીદ, માપ ઘટાડો મારૂ. મારા. ૧૦ દીલની વાતો કોને કહેવી, માત વિના મરૂં રૂંધી; પિયર વિના તો પાધર મારે, સો સો જોજન સુધી. મારા. ૧૧ મુજ પિતા સાથે શું વળિયું, વાંકું એતો કહોને; સુખ આવે તો એમને બદલે, મુજને શુળી ચે દોને. મારા. ૧૨ હું અબળા બોલુ છું ઓછું, ધાક તમારી ધારી; તોપણ હા નથી કહેતા મુખથી, મનમેલા છો ભારી. મારા. ૧૩ કંથ કહ્યું નથી કાને ધરતા, કંપે જીવડો મારો; બે પાસે બોલે બંધાઉં, એક નથી હવે આરો. મારા. ૧૪ એવા અવગુણ દેખી તમારા, સોસઇ હું સંતાપે; આજ પછી કોઈ દિવસ તમને, કન્યા કોઇ નહિ આપે. મારા. ૧૫ પરણી લાવ્યા પુંઠે કોઇ દીન, દીધી નહીં ત્યાં જાવા; આજ સમો આવ્યો એ વખતે, હઠ લો છો શું ખાવા. મારા. ૧૬ દક્ષ તણું ખોટું દેખાતાં, તમને લાંછન મોટું; સગો સગાનું સારૂ ઈચ્છે, દુષ્ટ તો ધારે ખોટું. મારા. ૧૭ સારા કુળનો બાળક એ તો, સાસરીને શોભાવે; પતિત હોય પણ પાવન કરશે, પ્રીતિથી બોલાવે. મારા. ૧૮ આપ્યું લીધું કંઇ નવ આણે, અંતરમાં કોઇ કાળે, સદા સર્વદા આશિષ દેછે, ક-

રૂણા દ્રષ્ટે ભાળે. મારા. ૧૯ સેહેજ વાતમાં વાંકું પાડયું, આતે અનરથ કેવો; સસરાનું ખોટું દેખાડી, શો શીરપાવજ લેવો. મારા. ૨૦ કોઈની વાતમાં ડહાપણ કરતાં, તોલ શો મારો રહેશે; પીયર તજયાથી પાપી લોકો, નહિ કહેવાનું કહેશે. મારા. ૨૧ સૌ વાતે સુખ સાસરીયાનું, શુળી તુલ્ય વખાણું; ગરીબ પિયર પણ ગુણવંતીને, ઠરવાનું ઠેકાણું. મારા. ૨૨ પીયર તણી માનીતિ અબળા, હિંમત હૈયે આણે; સાસરીયાં પજવે પણ એ તો, સ્વલ્પ કષ્ટ મન જાણે. મારા. ૨૩ પીયર તજાવી શું ધાર્યું એ, સ્વામી તમે ઊચ્ચારો;વિશ્વપતિ કયમ કરવા બેઠા, મિથ્યા આ જનમારો. મારા.૨૪ ઢંગ તમારા દેખીને હું, નિત્ય મરૂં છું લાજી; સદ વસ્તુનો સંગ કરો નહિ, કલેશ કર્યાથી રાજી. મારા. ૨૫ સગાં સહોદર સાસુ સસરો, એથી છેટા નાસો; ભુત પ્રેતમાં ભમતા હીંડો, અરે જુલમ એ આ શો. મારા. ૨૬ આવું રૂડું સ્થાનક મુકી, સ્મશાનમાંહી માલો; સાચું કહેતાં ક્રોધ કરીને, મર્મ વચન તો આલો. મારા. ૨૭ આ વખતે જો શુભ ઇચ્છો તો મુજને આજ્ઞા આપો;નહિતો કરમાં ત્રિશૂળ લઇને, કાયા મારી કાપો.મારા.૨૮ નહિ જવાદો નાથ તમે તો, પ્રાણ તજીશ હું મારો;પિયરવિખુટી નહિરહે વાની,એતો દિલ વિચારો. મારા. ૨૯ વિરામ દોહરો. એવું સાંભળીને વધા, શંકર એણે ઠાર; દુરગો કહે એનો કરૂં, શ્રોતાજન વિસ્તાર.૩૦ રાગ મેવાડો.શંકર કહે સતી આપને ગમેએ કરો.લેઇ નંદી ભૃંગી

ગણુ સાથ સુખેથી પરવરોરે. ૧ એવુંસુણી સતી ચાલીયાં, નંદીને લેઈરે. આવ્યાંહેવામાં તાતને દ્વાર, દીલમાં ખુશીરે. ૨ યજ્ઞ ક્રિયાત્યાં ચાલી રહી, જોઇ તે ખરીરે. ઉભાં પોતે એ-ણે ઠાર, મૌનપણું ધરીરે. તપાશીને જોયાં સર્વના સ્થાપન ત્યાં વળીરે. રૂદ્ર કળશ ન દીઠા તેમાંય, આંતરડી કળકળીરે. ૪ તોપણ દક્ષેન આપિયું, માનતો તહીંરે. જાણે પુત્રી એ-તો મારી ન્હોય, સંસારની મહીંરે. ૫ દક્ષ પ્રીયા પણ ના વદી, જોઇ દીકરોરે. લાગ્યોપોતાના સ્વામિનો ત્રાસ, એથ-કી તે ડરીરે. ૬ તેણે સમે ચડયો ચંડીને, ક્રોધતો અતિરે. પ-ડયાં પોતે અગ્નિકુંડમાંય, દૈવ તણી ગતિરે. ૭ ભસ્મ થયાં બળી કાળિકા, રોષ આણી નેરે. ત્યારે સ્તબ્ધ થયા સૌ દેવ વિઘન જાણીનેરે. ૮ એવું દેખીને નંદી શીવનો નાઠો તે સ-હીરે તેણે આવીને શીવને ત્યાંય, ખબર સૌ કહીરે. ૯ એ-વું અચાનક સાંભળી; શીવકળકળ્યારે. પ્રિયા મર્ણથી કર-તા વિલાપ. ધરણીમાં ઢળ્યારે. ૧૦ અહો સતીમેં પેહેલું ક-હ્યું, તને વિનવીરે. પણ માન્યું નહીં તેં લગાર, આકળી બહુ હવીરે. ૧૧ પ્યારી તારા ગુણ સાંભળી, દીલદાઝે છે રે; તેવો અંતરમાં અતિશોક, ગાઢો ગાજે છે રે. ૧૨ મરજી પ્ર-માણે તું ચાલતી, સર્વે સાંખીનેરે ભાંગવાટીને આપતી નિત્ય, શાકરનાખીનેરે. ૧૩ રીસાઉં જો કદા હું વળી, તો તું બહુડરેરે. ચાલે નેત્રથી આંસુની ધાર, મનાવાનેફરેરે. ૧૪ હરેક વાતમાં પૂછતો, તને સુંદરીરે. કરતાં આપણે બેઉં વિ-

ચાર, એ ક્યાંથશે ફરીરે ૧૫ પુરૂષને પ્રિયા આધાર છે, પુર્ષ નારનોરે. રથને રથ ચક્રનો ન્યાય; લાવો સંસારનોરે. ૧૬ ઈંદ્રીયો ઈંદ્રી અકારણે મળવા તપેરે. પણ પ્રિયા વિના તો નિરાશ, વિશેષ વિલપેરે. ૧૭ રામા વિનારળવું બળ્યું, ઉદાશી અતિરે. ઘરધંધામાં ઘેરાયજન, મુઝાય છે મતિરે.૧૮ વિનતા વિયોગે ના રડે, એવો કોઈ નહીંરે સીતા જાતાં રડયા રઘુનાથ, દાખલો એ સહીરે. ૧૯ સુંદરી ભૂષણ અંગનું, કવિ સૌ કહે રે મનરંજન કરો મુકામ, કાયર શું લહે રે. ૨૦ સંસાર રૂપી ત્રીતાપમાં, પ્રિયાપ્રાણછેરે. સ્પર્શ કર્યા થી શાન્તિ પમાય, રત્નની ખાણ છેરે. ૨૧ સ્યામાજતાં સુખ સૌગયું; એઓન્યાય છેરે. સુનું ભૂવન ખાવા ધાય, મન મુંઝાય છેરે. ૨૨ કાયામાં કષ્ટપેંદા થતાં સગું કોઇ નહિરે એક અબળા રહેછે આધીન, જે તે રીતે સહીરે. ૨૩ માતપિતા વધુ વીરની, પુત્ર તારૂણીરે; કોઇને જોર ન કહેવાય, ઇચ્છા મન તણીરે. ૨૪ દ્રવ્ય દેખી સરવે સગાં, પાસે આવશેરે; વિના દ્રવ્યે પ્રિયા રહે પાસ, સંકટ વેઠશેરે. ૨૫ જ્યાં સુધી જીવે જગતમાં, જેની સુંદરીરે, ત્યાં સુધી એતો છે ભાગ્યવાન, વારતા એ ખરીરે. ૨૬ પ્રિયા વિના પ્રાણ ટળવળે, ગમે કંઇ નહિરે; ઘર શોભતું નથી લગાર, ઝાંખું બધું સહીરે. ૨૭ ભ્રાત ને પુત્ર મુવા થકી, સર્વ પ્રાણીનેરે; ભાગે અરધું અંગ સદાય, લેવું એ જાણીનેરે. ૨૮ તેવી રીતે ત્રિયા નાશથી, શાસ્ત્ર સૌ ભણેરે; ભાગે અંગ

બધુએ તમામ, ધાર્યું ના બનેરે. ૨૯ નિંદ્રામાં સ્વપ્નું આ-
વશે, આલિંગન તણુંરે; થતાં જાગ્રત કંઇ ન જણાય, આ-
શ્ચર્ય એ ઘણુંરે. ૩૦ અર્ભક જો નાનાં હશે, તોતો શીકમીરે;
ઘર મુકીને કંઈ ન જવાય, જીવડો લે દમીરે. ૩૧ એવું કહી
શીવ શોચતા. દીલમાં વળીરે; એતો ચલાવા વિશ્વ વેહેવાર,
કોઇ ના શકે કળીરે. ૩૨ પ્રિયાનો પ્રેમ જણાવવા, લીલા
માનુશીરે; કરી શંકરે આણીવાર, પોતે સદા ખુશીરે. ૩૩
સચ્ચિદાનંદ સ્વરૂપમાં, શોક કયાં રહેરે; કાળ માયા તો જેને
આધીન, તે શી રીતે દહેરે. ૩૪ પ્રકૃતિ છે દક્ષ કન્યા એ મરે
નહીરે; થયાં પોતેજ અંતરધ્યાન, જાણી જોઇ સહીરે. ૩૫
હિમાલય ઘેર ઉપજી, પાછાં નાથનેરે; વરશે અંબિકા એતો
કૃપાળ, ત્રિદશ સાથનેરે. ૩૬ તે માટે શ્રોતા પ્રાણીને, વેહેમ
છોડવોરે; જાણી નિર્ગુણી શંકર તાત, સ્નેહતો જોડવોરે.
૩૭ વળતી શિવે ક્રોધ આણીને, ગણોને કહ્યુંરે; જાઓ દક્ષ
તણો કરો નાશ, સગપણ શું રહ્યુંરે. ૩૮ એવું સુણી વિરભદ્ર
તો, ગણ બહું બળીરે; એતો ચાલ્યો સેન્યા લઇ સત્ય, વા-
રતા સાંભળીરે. ૩૯ હેલા માંહી આવી પોહોંચીયો, દક્ષ
સ્થાનમાંરે; ત્યારે દીઠા ત્યાં દેવને વીપ્ર, બેઠા બેભાનમાંરે.
૪૦ ત્યારે તેનાપર તુટીઓ, રોષ આણીનેરે; માર્યો દેવતાને
અતિ માર, ગર્વિષ્ટ જાણીનેરે. ૪૧ એ રીતે ભ્રગુ રૂષી તણી
તોડી દાઢીનેરે; વળી બોખા કર્યા નિરધાર, દશન પાડીનેરે.
૪૨ એવું દેખી વીપ્ર દેવતા, નાઠા દ્વારથીરે; જાણે અવસાન

આવિયો પાસ; શીવગણ મારથીરે. ૪૩ વીરભદ્રે પછી એ સમે, ખડગ કાઢીયું રે; એણે કરીને દક્ષનું ત્યાંય; મસ્તક પાડીયુંરે. ૪૪ વળતી હોમ્યું એને યજ્ઞમાં ઝાલી હાથમાંરે; થયો એ સમે ત્યાં હાહાકાર, સુરગણ સાથમાંરે. ૪૫ કૃત્ય એવું કરી વિર એ, સેના સૌ લેઈરે; આવ્યો કૈલાશમાં તત્કાળ, ખબર તો કહીરે. ૪૬ તેને સુણી તાત જક્તના, રાજી બહુ થયારે; પછી વખાણ્યો પોતાનો દાસ, શ્રેષ્ટ ગુણો કહ્યારે. ૪૭ એ વારતા રહી એટલે, સુણો દ્વીજ સહુરે; હવે દક્ષને ત્યાં થયું કેમ, એ સઘળું કહુંરે. ૪૮ દક્ષ મુવા પછી દેવતા, શોચે ત્યાં ઘણું રે; પછી વિચાર કીધો એક, એતો હું ભાણું રે. ૪૯ નમવું જઈ શિવ નાથને, મુકી માનનેરે; કરવી સ્તુતિ અતિશય સાર, પામી જ્ઞાનનેરે. ૫૦ બ્રહ્મા વિષ્ણુ એમ ધારીને, ચાલ્યા ત્યાં થકીરે; સાથે લીધા વિપ્રો અને દેવ, વારતા એ નકીરે. ૫૧ એવી રીતે ધડ દક્ષનું, લીધું તે વળીરે. પછી આવિયા શિવને ધામ, ટોળે સૌ મળીરે. ૫૨ એ પુંઠે વેદના મંત્રથી, અજકેશવેરે; કરી શીવની સ્તુતિ એ ઠાર, જેને યોગી સ્તવેરે. ૫૩ એ સુણીને ખુશી બહુ થયા, ઉમાના પતીરે; ત્યારે મળ્યા તમામને સાર, પોતે મહામતીરે. ૫૪ વળતી વિષ્ણુના કહેવા થકી ધડ દક્ષનુંરે; એને મંગાવ્યું પોતાની પાસ, શ્વસુર પક્ષનુંરે. ૫૫ માથું તો હોમ્યુંતુ યજ્ઞમાં, પોતાના ગણેરે; માટે કપાવ્યું બેટાનું શીશ, ચોઢાવા કારણેરે. ૫૬ દક્ષના ધડ સાથે જોડીયું, એહ શીશનેરે; પછી ઇશે

તો છાંટયું નીર, છોડી રીસનેરે. ૫૭ એ થકી દક્ષ પ્રજાપતી, જીવતો થયોરે; ઊઠી લાગ્યોશંભુને પાય, નીચું જોઈ રહ્યોરે. ૫૮ એ પુંઠ દેવને બ્રાહ્મણો, ઘાયલ જે હતારે; એનાં અંગ કરી દઢ ખુબ, કીધા શોળતારે. ૫૯ કૃપા એવી જોઇ શીવની, ખુશી સુર થયારે; પછી ઇશની લેઈ રજાય, મુકામમાં ગયારે. ૬૦ સુત કહે મુની સાંભળો, કહું સ્નેહથીરે; હવે શંકર કેરી જે નાર, બળીયા છે દેહથીરે. ૬૧ એતો ગીરિ હિમાલય તણે ઘેર અવતર્યાંરે; ધર્યાં મેના કુખે અવતાર, નિશ્ચય ત્યાં ઠરયાંરે. ૬૨ એતો વરશે પાછાં શીવને, તપ આદરીરે; તેનો આગળ થાશે વિસ્તાર, વારતા એ ખરીરે. ૬૩

વલણ. એ રીતે સુતે કહ્યું, દક્ષ તણું આખ્યાનરે; દુર્ગા કેહે તેને સુણે, તે નર પામે જ્ઞાનરેરેરે. ૬૪

ઇતિ શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાં દક્ષકથાવર્ણનો નામ સપ્તમો અધ્યાયઃ ૭

અધ્યાય ૮ મો. શીવ પુજન વર્ણન.

રાગ મારૂ.

બોલ્યા શૌનક મુનિ વચન, સુણો સુત પુરાણી પાવન; ઉમાપતિ તણી પુજા જેહ, કહો વિસ્તારી સઘળી એહ. ૧ સુણી સુત બોલ્યા એણે ઠાર, ધન્ય ધન્ય મુનિના કુમાર, શીવ પુજા તણી વીધી સર્વ; કહું આ વેળા મુકીને ગર્વ. ૨ કાયીક આદિ જે પાપ છે ચાર, વળી પુર્વના દોષ અપાર; શીવ પુજા વિના એ તો સાર, નથી નાશ થતા નિરધાર. ૩ શીવના મનથી જેને મુખ, એને

સ્વપ્ના વિષે નહિ સુખ; જીવતો નર પ્રેત સમાન, એનો સ્પર્શ થતાં કરવું સ્નાન. ૪ શિવ ભક્ત હોય પ્રાણી જેહ, એને આણીને અત્યંત સ્નેહ; બ્રાહ્મ મુહુર્ત્તમાં ઊઠવું સાર, રાત્રી રહેતાં ઘટી ત્રણ ચાર. ૫ ઊઠી બેસવું પથારી માંય, કરવું ધ્યાન ગુરૂ કેરૂં ત્યાંય; એવી રીતે વિષ્નુ સ્મર્ણ જેહ, કરવું એ પણ આણીને સ્નેહ. ૬ પછી દક્ષિણ દિશામાં સાર, જાવું મળ ત્યાગવા નિરધાર; ત્યાંથી આવી ધોવા હસ્ત પાય, લેવી પાંચ ફેરા મૃતિકાય. ૭ કરવું એ પુંઠે દંત ધાવન, આણી અતિશે ઉમંગ મન; બાર આંગળ કેરૂંજ સાર, લેવું દાતણ તો નિરધાર. ૮ ક્ષત્રીને ઓછું આંગળ એક, એથી વૈશ્યને ઓછુંજ છેક; શુદ્રને ઓછું એહથી સાર, કહ્યો દાતણનો એ પ્રકાર. ૯ દાતણ કર્યા પછી એણે ઠામ, નાવું તિરથમાં અભિરામ; તિર્થ ના મળતાં મુનિ બાળ, ન્હાવું અન્ય તોયે તતકાળ. ૧૦ નાહી ઊઠયા પછી નિરધાર, વસ્ત્ર ધોયેલાં પહેરવાં સાર; પછી પુજાનું સાહિત્ય જેહ, કરવું એકઠું સમસ્ત એહ. ૧૧ એને લેઈ પોતા કેરી પાસ, બેસવું પુજા કરવા પ્રકાશ; એક આસન ઉપર ત્યાંય, બેસવું પછી આનંદમાંય. ૧૨ સામા આસન ઊપર સાર, કરવું અષ્ટદળ નિરધાર; એહ ઉપર વળતી એમ, શીવ સ્થાપવા આણીને પ્રેમ. ૧૩ પછી ત્રણ ફેરા એણે ઠામ, કરવું આચમન અભિરામ; પ્રાણાયામ પણ એણીવાર, કરવો એટલો ત્યાં નિરધાર. ૧૪ વળતી ધરવું શીવનું ધ્યાન, રાખી નિશ્ચળ મન

નિદાન; કરવી દેહની શુદ્ધિ તદાય, જપવો ૐકાર મંત્ર સદાય. ૧૫ પછી ઊભય કહ્યા જે ન્યાસ, કરવા એ પણ આણી ઊલ્લાસ; એની પુંઠે લેઇ જળ હસ્ત, કરવો સંકલ્પ એ તો સમસ્ત. ૧૬ પુજા કેરૂં તો સલીલ જેહ, કરવું સુગંધીવાળુંજ એહ; નાના પ્રકારનાં ફળફુલ, મુકવાં સહુ એ તો અમુલ્ય, હવે પ્રથમ પુજા તો સાર, કરવી નંદી તણી નિરધાર, પછી દ્વારપાળ તણી થાય, પછી પાર્વતિ કેરી તદાય. ૧૮ એની પુંઠે પિનાકીનું સાર, કરવું પુજન વિપ્રકુમાર; એ તો ઊપચાર લેઇને સોળ, દીપ દક્ષિણા આદિ તંબોળ. ૧૯ વળતી પદમાસને કરી વિપ્ર, શીવ સ્તોત્રને ભણવું ક્ષીપ્ર; એહ પુંઠે વળી નીરધાર, શીવ ઉપર કરવી જળધાર. ૨૦ એણે સમે તો ભણવું જેહ, કહું વિસ્તારીને હવે એહ; પુરૂષ સુક્તનો કરવો ઉચ્ચાર, વળી મૃત્યુંજય મંત્ર સાર. ૨૧ એ ન આવડે તો એણે ઠામ, ભણવો પંચાક્ષરી અભિરામ; મંત્ર સહસ્ત્ર થાય જેવારે, કરવી જળધારા બંધ ત્યારે. ૨૨ પછી કરવું ફરીથી પુજન, ઉપચારે કરીને પાવન; ભણવું સ્વસ્તિ વાચન એણે ઠાર, મંત્ર પુષ્પાંજળી નીરધાર. ૨૩ ગાલ વગાડવા એણે ઠામ, અતિ પ્રેમ આણી અભિરામ; આવી રીતે કરી જેહ જન, કરે શીવનું નિત્ય પુજન. ૨૪ એનાં સંકટ સરવે જાય, ભુત પ્રેતાદિ દોષ પળાય; ચોટ કૃત્રીમ વ્યાધિ તો જેહ, નાસે તર્ત એમાં નહિ સંદેહ. ૨૫ મટે દારિદ્ર ને મળે ધન, રમે બાળક શ્રેષ્ટ સદન; કરે ઉદ્યમ જેટલા પ્રાણી, ફળે

એટલા તો નિરવાણી. ૨૬ જે જે સ્થળ વિશે વળી જાય, તે તે સ્થળનીમાંય પુજાય. ૨૭

વલણ. એ રીતે સુતે કહ્યો, શીવ પુજા મહિમાયરે; દુરગો કહે એને સુણે, એ નર પાવન થાયરે. ૨૮

ઇતિશ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાં શીવપુજનવર્ણનો નામ અષ્ટમોધ્યાયઃ ૮

અધ્યાય ૯ મો—તારકાશુરે તપ કર્યું.

રાગ સામેરી,

ઢાળ સુતપુરાણી એણી પેરબોલ્યા, સાંભળોને ઋષિરાય; વિસ્તારી સંભળાવું હવે, શીવલીલા મહિમાય. ૧ પૃથ્વી ઉપર દૈત્ય થયો એક, તારકાસુર બળવાન; તાર દૈત્યનો સુત એકહાવે, તેજસ્વી નિદાન. ૨ માયાવિ પુરૂષોને એ પણ, મોહ પમાડે સાર; તેણે જઇ તપ કરવા માંડ્યું, વન વિષે નિરધાર. ૩ અતિદારૂણ તપ આચર્યું એણે, સાંભળો મુનિના બાળ; સો સંવત્સર સુધી રાખ્યા, ઊંચા હાથ વિશાળ. ૪ તેવો સો સંવત્સર તોળ્યો, અંગુઠાપર દેહ; એવી રીતે સો સંવત્સર, જળમાં ઊભો એહ. ૫ સો સંવત્સર સુધી કીધું, પંચાગ્નિસાધન; વળી સો વર્ષો સુધી રાખ્યું, નીચું મુસ્તક તન. ૬ શત સંવત્સર સુધી ઢકીયો, વૃક્ષની ઊપર સાર; ત્યાં સુધી નવ કીધો એણે, પર્ણાદિક અહાર. ૭ એવા એના ઉગ્ર કષ્ટથી, ડોલી આધરાય; વળી મુસ્તકથી જવાળા નિકળી, અગ્નિની તદાય. ૮ ત્યારે ત્રિદશકેરો રાજા, ત્રાસ્યો તેણે ઠાર; જાણે મારૂં ઇંદ્રાસન તો, લેશે દઇત્યકુંમાર. ૯

એમ વિચારી સૌ દેવાને, તેડી સુરનો રાય; બ્રહ્મ લોકમાં આવી લાગ્યો, પરમેષ્ટીને પાય. ૧૦ વળતી એતો કહેવા લાગ્યો, બ્રહ્માને વચન; અરે તાત આ દઈત્ય ત્રાસથી, ઉગારો ભગવાન. ૧૧ એના તપથી પૃથ્વી ડોલી, ડોલ્યા દશ દિગ્પાળ; તે માટે ઉગારો મુજને; પિતામહ આકાળ. ૧૨ એવું સાંભળી બ્રહ્મા બોલ્યા, સાંભળ સુરનારાય; એને હું વરદાન આપું છું, જઈને આવેળાય. ૧૩ તેણે કરીને તેના શીરનો, અગ્નિ સમશે સાર; વળી ઈંદ્રાસન ડોલતું તારૂં, રેહેશે સ્થિર નિરધાર. ૧૪ એવું કહીને પરમેષ્ટી તો, આવ્યા દઇત્યની પાસ; માગ્ય માગ્ય એમ કહેવા લાગ્યા, મુખ થકી પ્રકાશ. ૧૫ એવું સાંભળી દઇત્ય પુત્રતો, પ્રીત્યે લાગ્યો પાય; વળતી એતો કહેવા લાગ્યો, બ્રહ્માને તદાય. ૧૬ મારા જેવો બળવાળો કોઇ, નવ થાયે મહારાજ; વળી સૌ દેવોને હું જીતું, લેઊં તેમનું રાજ. ૧૭ કોઇ પ્રકારે મૃત્યું મારૂં, નવ થાયે મુનિરાય; એક પ્રકારે નાશ થઉં હું, તે કહું આવેળાય. ૧૮ શંકર કેરા શુદ્ધ વિર્યથી, પુત્ર થાય નિરવાણ; તેતો સેનાપતિ થઈને, મારે મુજને બાણ. ૧૯ તે કાળે હું મરણ પામું, સાભરોને મહારાજ જો વર આપવા આવ્યા હોતો આપો એટલુ આજ. ૨૦ એવું શાંભળી બ્રહ્મા બોલ્યા, અસ્તુ ભાઈ આ વાર; તેં માગ્યું એ તુજને મળશે; સત્ય કહું નિરધાર. ૨૧ એમ કહીને પરમેષ્ટી તો, આવ્યા પોતાને ઠામ; ત્યાર પછી શું નિપજ્યું, એતો કહું અભિરામ. ૨૨ વર પામીને રાક્ષસ પેલો,

તાર દૈત્યનો તન; શોણિતપુરમાં આવ્યો સત્વર, કીધું રાજ્યાસન. ૨૩ એ કાળે પણ બીજા દૈત્ય, આવી વશીયા સાર; એતો તારક સુતની આજ્ઞા, પાળે વળી નિરધાર. ૨૪ દૈત્ય સર્વનો સ્વામી બનિયો, એ રીતે મુનિરાય; જેને ધાકે ધરતી ધ્રુજે, ત્રાસે દેવ બધાય. ૨૫ આખી પૃથ્વી કેરા રાજા, જીત્યા દૈત્ય સાર; એવી રીતે દેવ સર્વના, લીધા સૌ અધિકાર. ૨૬ રત્નાદિક સંપત્તિ એ પણ, ખુંચી લીધી ત્યાંય; વળી બીજી વસ્તુઓ સારી, આણી પુરની માંય. ૨૭ બ્રાહ્મણ ગાયો સાધુ એને, પીડવા લાગ્યો એહ; સર્વનાં ધન ખુંચી લીધાં, તેમાં નહિ સંદેહ. ૨૮ એણે કરીને સર્વ દેવતા થયા ઉદાશી મન, એથી એકઠા થઇને આવ્યા, બ્રહ્માને સદન. ૨૯ તેને દેખી બ્રહ્મા બોલ્યા, સાંભળોને સઉ દેવ; સરવે એકઠા થઇ કેમ આવ્યા, આ વખતે તતખેવ. ૩૦ ત્યારે ત્રિદશ કેહેવા લાગ્યા, સાંભળોરે મહારાજ; તારકાસુર રાક્ષસ પીડે છે, લીધી એણે લાજ. ૩૧ રત્ન અમારાં ખુંચી લીધાં, કીધો કાળો કેર; એવી રીતે માર મારે છે, આવી અમારે ઘેર. ૩૨ બ્રાહ્મણ કેરા યજ્ઞાદિક જે, ક્રિયાઓ જે કહેવાય; એ પણ સર્વે બંધ કરી છે, તેથી એ અકળાય. ૩૩ તે માટે ઓ પરમેષ્ટી તમે, કૃપા કરો આ વાર; જે તે રીતે એ રાક્ષસનો, નાશ કરો નિરધાર. ૩૪ એવું સાંભળી બ્રહ્મા બોલ્યા, સાંભળો સુર મુજ વાણ; મારાથી એ રાક્ષસ કેરી નથી થવાની હાણ. ૩૫ કારણ કે એ મારા વરથી, વૃદ્ધિ પામ્યો

સાર; એ માટે મુજથી નવ થાયે, એહ તણો સંહાર. ૩૬ પણ તમને ઉપાય બતાવું, તેથી થાશે કામ; શંકર સુતથી મૃત્યુ પામે, દઇત્ય એતો અભિરામ. ૩૭ શંકર કેરા શુદ્ધ વીર્યથી, જે થાયે સંતાન; એણે કરીને નાશ થાય એ, રાક્ષસતો બળવાન. ૩૮ આ વખતે હિમાલય ઉપર, શંકર પોતે સાર; તપ કરવા માટે બેઠા છે, ધ્યાન ધરિ નિરધાર. ૩૯ એ ઠેકાણે નારદજીના કહેવાથી રાજન; હિમ તણી પુત્રી આવે છે, કરવા શિવ પુજન. ૪૦ પારવતિ છે નામ એહનું સતિ કેરો અવતાર. અપાર ગુણને આકૃતિ સારી, રૂપ તણો ભંડાર. ૪૧ પુર્વે દક્ષ તણી એ પુત્રી દાક્ષાયણી કહેવાય; તેણે યજ્ઞની માંહે હોમી, કોપ કરીને કાય. ૪૨ તે નિશ્ચે અવતરી થઈ મોટી, હીમાચળને ઘેર; મેના કેરા ઉદર ભાગથી, પ્રગટી એણી પેર. ૪૩ કન્યા રૂપ છે હાલ એહનું, વખાણ્યું નવ જાય. એતો બે સખીયો લેઇ આવે, કરવા શિવ પુજાય. ૪૪ શંકરને વરવાનો એના, અંતરમાં અભિલાષ એ કારણ માટે એ આવે, નિત્યે શંકર પાસ. ૪૫ પણ શંકર નથી મોહ પામતા, જીતેંદ્રિય જોગીશ; જેનું હુંતો ધ્યાન ધરૂંછું, શેષ અને લક્ષ્મિશ. ૪૬ કોઈ પ્રકારે મોહ પામે એ, પરમાત્મા અવતાર; વળી પારવતી સાથે કરે એ, સંગ વળી નિરધાર. તેથી દિકરો ઉત્પન્ન થાયે, મહાબળિયો રાજન. તો એ તારકાસુરને મારે, સત્ય કહું વચન. ૪૮ તે શંકર મોહ પામે, પારવતી જોઇ દ્રષ્ટ; એવો કંઇ ઉપાય કરો તમે, આ વેળા

ઉતકૃષ્ટ, ૪૯ એવું સાંભળી ઈંદ્રાદિકતો, દેવ કહાવે જેહ; એ તો સૌ મુકામે આવ્યા, એમાં નહિ શંદેહ. ૫૦ વળતી ઈંદ્રે મિત્ર પોતાનો, કામદેવ કહેવાય; એનું સ્માર્ણ કર્યું કે એઓ આવ્યા એ વેળાય. ૫૧ એને દેખી સુરપતીને મન, ઉપજ્યો આલ્હાદ; વળતી પોતે કહેવા લાગ્યો, કાઢી ધીમો સાદ. ૫૨ અહો મીત્ર બહુ દહાડે મળીયા, સાંભળ મારી વાત; મુજને બહુ સંકટ પ્રગટ્યું છે, આ વેળા સાક્ષાત. ૫૩

વલણ. અસુર એક પેદા થયો, તારક એનું નામરે; ઈંદ્ર કહે એતો નડે, અમને આણે ઠામરેરેરે. ૫૪

ઇતિશ્રીશીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચીત જ્ઞાનસંહિતાયાં તારકાસુરેણ તપકૃતો નામનવમો અધ્યાય. ૯

અધ્યાય ૧૦ મો શિવે કામ દગ્ધ કર્યો.

રાગ ચોપાઈ ત્રણ તાળની ।। ।। બોલ્યા સુત પુરાણી વચન, સાંભળો તમે સૌ મુનિજન એમરતિ પતિને તે ઠાર, કહ્યો પુરંદરે સૌપ્રકાર. ૧; ત્યારે બોલિયો કામતે ઠાર સૂણમિત્ર તુંતો આણીવાર ધર્મશાસ્ત્રવિષે એવો ન્યાય આપત્તિમાંકરે સ્નેહી સ્હાય, શા માટે આ વખતે અભિરામ તારૂં કરીશ કાર્ય તમામ બ્રહ્મા આદિ મુનિકેરો સાથ, શેષનારદને શંભુનાથ ૩ દેવગાંધર્વને દઇત્ય સાર, બીજાયોગી યતિ નિરધાર, તેહ સર્વને જીતુંજ હુંય; માટે ચિંતાન રાખી શતુંય. ૪ ઊંચીપદવીને પામેલાજન, તેને પાડું હેઠા નિશદિન કરૂં કાળું મોઢું ક્ષણ માંય, વળી જંપવા ના દેઊં ક્યાંય; એવાંકામનાં સુણી વચન, બોલ્યોકશ્યપ કેરોજતન. અહો

મિત્રતને ધન્ય ધન્ય, તારા જેવો નથી કોઇ અન્ય. ૬ મારી ધારેલી મનની વાત, તેતો નિશ્ચે કહી આસાક્ષાત શીવ-વિર્યથી પુત્રો જો થાય, તોતો તારકાસુર મરાય. ૭ હાલહિ-માલય માથે ઇશ, કરે તપશ્ચર્યા અહોનીશ. તેનું પૂજન ક-રવા સાર, આવે શૈલસૂતા નિરધાર. ૮ તેને દેખીને પિનાકી-દેવ મોહ પામે જ્યારે તતખેવ કરે પારવતી કેરો સંગ; ત્યારે આવેળાતો રહેરંગ. ૯ એવાં ઈંદ્રનાં સુણીવચન, બોલ્યો શ્રીકૃષ્ણ કેરોજતન; અહો મિત્ર હું જાણુંછું આજ તારૂં ક-રવાને માટે કાજ ૧૦ પછી ચાલ્લિયો મનમથદેવ, રતિપ્રીયા સાથે તતખેવ લીધો વસંત ઋતુને શંગ, કરવા શંકરનું તપ ભંગ. ૧૧ એ તો આવ્યો ઉતાવળો સાર, બેઠા હતા પિના-કી એ ઠાર; એહ જગાની બહુ રચનાય, વૃક્ષ વેલી લતાઓ શોભાય. ૧૨ વાયુ શીતળ સુગંધીવાન, ભર્યાં શરોવર એણે સ્થાન; એહ સ્થાનમાં બેઠા ઉમેશ, દિવદિગાંબર જેનો વેશ. ૧૩ એને દેખી કામે નિરધાર, આપી વશંતને આજ્ઞા શાર; એ તો પેઠો એ વનમાં ત્યાંય, ઝાડ વેલી લતાઓની માંય. એથી ખિલીયાં ઝાડ તમામ, બોલી કોકીલા તો અભિરામ; ફુલ્યાં ખાખરા કેરાં કુસુમ; ફળ્યાં આંબા કેરાં એમ દ્રુમ. ૧૫ આસોપલ્લવ આદિ તો જેહ, ફુલ્યા બકુળ બાવળ એ હ; ચંદન ઝાડોની ઉપર શાર, કરે ભ્રમર ઝાઝા ગુંજાર. ૧૬ અતિ અમીવાળો શશી થયો, વાયુ સુગંધીયુક્ત વહ્યો; પશુ પક્ષીને ઉપજ્યો કામ, થયાં વિહ્વળ પ્રાણી તમામ.

૧૭ એવું જોઇને અકાલે ઇશ, પામ્યા આશ્ચર્ય તો જગદીશ; હવે પુષ્પના પહેરીને હાર, આવ્યાં પારવતી એણે ઠાર. ૧૮ જેના રૂપ થકી રતી લાજે નથી ઉપમા કંઈ એને કાજે થતી યુવાવસ્થામાંહી બાળ, જેના શબ્દો છે અતિરશાળ ૧૯ મૂળ પ્રકૃતિ એતો કહેવાય મહામાય. અને કળીકાયા તેતો આવી ઉભી શીવની પાછળ સાર, ઉભો કામ પોતે નિરધાર તેણે ચઢાવ્યું ધનુષ્ય બાણ મારયું શંકરને નિરવાણ ૨૧ તેથી મોહ પામ્યા ઉમાનાથ લાંબો કીધો શતિશામોહાથ ત્યારે ડરીને શૈલકુમારી, ઉભી ભીતિ મન ધારી. ૨૨ એને ઝાલવાને અભિરામ, ઉઠી ઉભા થયા શીવનાથ; એહ કાળે આવીશ તૈ ત્યાંય, ત્યારે શિવ ધાર્યું મનમાંય. ૨૩ આતે ચિત્ત ફર્યું મારૂં કેમ, ટુટયો શીળપણા તણો નેમ; માટે કારણ કંઇ છે સાર, એવું નિશ્ચે કર્યું નિરધાર. ૨૪ પછી પાછળ જોયું જે વારે, દીઠો શંકરે કામને ત્યારે; જેણે ચઢાવ્યું ધનુષ્ય બાણ, પુષ્પ નામે વળી નિરવાણ. ૨૫ એને દેખીને શીવને સાર, ચઢયો ક્રોધ તો અપરંપાર; તેથી ઉઘડયું ત્રીજું લોચન, નિકળયો બારણે હુતાશન. ૨૬ એણે બાળિયો કામને ત્યાંય, આહાકાર થયો પુરમાંય; એણે સમે આવ્યા સઉ દેવ, એણે સ્તુતિ કરી તતખેવ. ૨૭ ત્યારે શંકરે આણી કૃપાય, અગ્નિ ખેંચી લીધો મહાકાય; પછી દિલમાં થઇ ઉદાસ, ચાલ્યા એ સ્થળમાંથી પ્રકાશ. ૨૮ શૈલ સુતા પણ ત્યાંથી સાર, આવી ઘેર પોતે નિરધાર; હવે કામની પત્નિ તો જેહ, રતી નામે સાથે

હતી એહ. ૨૯ એણે સ્વામીનું જોઇ પતન, પૃથ્વી સાથે પછાડયું તન. ૩૦

વલણ. રૂદન કરે રતિ એ સમે, સંભારી ભરથારરે; દુર્ગા કહે એનો કરૂં, શ્રોતાજન વિસ્તારરેરેરે. ૩૧

ઇતિશ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાં શીવેકામદગ્ધકૃતો નામદશમોધ્યાયઃ ૧૯

અધ્યાય ૧૧ મો—રતિ વિલાપ.

રાગ દેવગંધાર.

જોગીડા મુજને આ સમે, આશુંરે કીધું; ધિક ધિક કરે તુજને મારૂં, સર્વસ લુટી લીધુંરે. ધુતારા ઢોંગી આ સમે આશુંરે કીધું. ટેક. અબળાનો અવતાર અધમએ, સ્વામિથા સઊ સારૂ; વિધવાને વસમું નિકળવું, ઘરમાંથી વળી વારૂરે. જોગીડા૦ ૧ શ્યામાને સુત શહસ્ત્ર હોય પણ, સ્વામિ વિના નવ શોભે; જયમ રથનું પઇડું નિકળતાં, આખો રથ તો થોભેરે. જોગીડા૦ ૨ પતિ વિનાની પત્નિ એતો, કેમ નિવેડો કરશે; જયાં જયાં જઇને ઉભી રહે ત્યાં, ભુમિ ભારે મરશેરે. જોગીડા૦ ૩ નાથ વીના શી રીતે રહેવું, હૈયું ફાટી જાશે; મનોહર મંદીર માળિયું એતો, ખાંતે ખાવા ધાશેરે. જોગીડા૦ ૪ કંથ વિના કંઇ ભાર પડે નહિ, ઉભું ન રાખે કોઇ; એક પલક જુગ જેવી થાસે, આંખો જાશે રોઈરે. જોગીડા૦ ૫ સ્વામી જાતાં સુંદરીને, ચોતર્ફના વાયુ વાશે; સાચું જુઠું સર્વે માની, વ્હાલાં વેરી થાશેરે. જોગીડા૦ ૬ કંથ વિના કંઈ ગમ પડે નહિ, લુંગડું સારૂં પેહેરી; ઊડતું આળ ચઢે

એમ થાયે, વાડનો કાંટો વેરીરે. જોગીડા૦ ૭ ખાવુંપીવું ગાવું ન સુઝે, નીંદ્રા તો વળી જાવે; દિલ ખોલીને વાત સુઝે નહિ, શમાણાં ખોટાં આવેરે. જોગીડા૦ ૮ સ્વામી વાળી સુંદરી એતો, માણીના કરતાં મોંઘી; નાથ વછુટી નારી થઇને, કુશકા કરતાં સોંઘીરે. જોગીડા૦ ૯ ઝાઝું કેહેતાં લજજા આવે, માટે રહું મારી; પણ બાવલીયા તેંતો મુજને શસ્ત્ર વિના સંહારીરે. જોગીડા૦ ૧૦ સર્વે દુઃખડાં કરતાં મુજને, સ્વામિ વિયોગ બહુ સાલે; હૈયામાં હોળી ધીકાવી, ભેદી વસમે ભાલેરે. જોગીડા૦ ૧૧ અભાગણી શીદને હું જીવી, આવું નજરે જોવા; અબળા માટે બળ નવ ચાલે, બેઠી વળતી રોવારે. જોગીડા૦ ૧૨ દુશ્મન જેવા દેવો એ આ કુડો ખેલ કરાવ્યો; પોતાના સ્વારથને માટે, પરનો પુત્ર મરાવ્યોરે. જોગીડા૦ ૧૩ અરે શીવ આ વખતે તારૂં, જોગીપણું મેં જોયું; સ્વલ્પ ગુન્હાને માટે મારૂં, સર્વસ ધન તેં ખોયુંરે. જોગીડા૦ ૧૪ વ્યસનીને અમંગળ નિર્દય, જાતવનો તું જોગી; તે માટે તેં કેરજ કીધો, માર્યો મનમથભોગીરે. જોગીડા૦ ૧૫ મારો સ્વામિ મરતાં આખી, દુનિયાં વરવી થાશે; એવાં સૌ ત્રિયાનાં જોબન, એતો એળે જાસેરે. જોગીડા૦ ૧૭ વૃક્ષ હાલતાં બંધ થયાંને મૃગની તો ગતિ ખુટી ચંદ્રચકોરને સ્નેહ ખરો પણ, સુરતા તેની તુટીરે; જોગીડા૦ ૧૮ વિશ્રામદોહરો; રડવું રતિનું સાંભળી, રડીયા સર્વે દેવ; દુર્ગા કહે પછી આવિયા, શિવ પાસે તતખેવ. ૧૯

રાગ મારૂ-એવી રીતે થઇને ઉદાસ, આવ્યા ત્રિદશ શંકર પાસ, તેતો લાગીયા શિવને પાય, કીધી સ્તુતિ અતિશે તદાય, ૨૦ પછી બોલિયો ઇંદ્ર વચન; સુણો એક ચિતે ભગવન, બાળ્યો મથને તમે આજ, તેતો કીધું ઘણું કુડું કાજ. ૨૧ એની સ્ત્રીનું સુણીને રૂદન; ધ્રુજેથરથર અમારાંતન, આખીકંપી ઉઠી છેધરાય, માટે કરો કૃપા આવેળાય.૨૨ કેમકે નથી કામનો દોષ; હમને પમાડવાને સંતોષ, કીધું કુત્સિત એણે આકામ; તેતો કહેવાથકી અભિરામ. ૨૩ અમે કરાવ્યું કામ આસાર; એતો ત્રાસથકી નિરધાર, કેમકે દુષ્ટ કળિ યુગજેવો, થયો તારક અસુર તેવો. ૨૪ તેણે પીડયા અમોને કૃપાળ; રત્ન ખુંચી લીધાં તત કાળ, ત્યારે ગયા અમે બ્રહ્મા પાસ; પુછયો ઉપાય ત્યાંતો પ્રકાશ. ૨૫ સૂણી પરમેષ્ટી બોલ્યા વચન; ત્રયશંકર કેરોજ તન, એતો એનાથી મરે એદુષ્ટ, પામોસત્વર તમે સંતુષ્ટ. ૨૬ એવાં બ્રહ્માનાં સૂણીવચન; તેડાવ્યો અમે વિષ્ણુનો તન, એણે પમાડયા તમને મોહ, જેમ ચમકથી ચળે લોહ. ૨૭ એથી ક્રોધ પામ્યા તમે સ્વામ; બાળ્યો મનમથને તેણે ઠામ, પણ એની પ્રિયા રતિ જેહ, નિશ્ચેપાડશે પોતાનોદેહ. ૨૮ માટે કૃપાકરી ભગવાન; આપો કામને જીવતદાન, સુણો શંકર બોલ્યા તે ઠાર, સુણો દેવ તમે આણીવાર. ૨૯ મારૂં કૃત્ય ન નિષ્ફળ થાય, પણ બતાવું એક ઉપાય; દ્વાપર ઉતરતાં નિરધાર, થશે વિષ્નુનો કૃશણાવતાર. ૩૦ એની પત્નિ

તો રૂક્ષમણી જેહ; પટરાણી થશે વળી એહ, એના ઉદરથી એણે ઠામ, કામ અવતરશે અભિરામ. ૩૧ એને લેઇ જશે શંબરાસુર ; માયા રાક્ષસી રતીપ્રચુર,માટે રતીને કહો આ-પેર, જેથી રહે એ દઈત્યને ઘેર; ૩૨ રંધવારી થઇ રેહેશેસાર; ઘણા કાળ સુધી નિરધાર, એવામાં કરી હર્ણ એ ઠામ;શં-બરાસુર લાવશે કામ. ૩૩ એહ કાલે તો કામની સાર, હશે શીશુ વય નીરધાર; માટે રતિને સોંપશે એહ, એને ઉછેરવો આણીને સ્નેહ. ૩૪ થશે સોળ વરશનો બાળ, ત્યારે આણુ શે દઇત્યનો કાળ; એને શમે રતિ રાણી જેહ, ઝાઝો આણુ-શે અંતર સ્નેહ. ૩૫ નીજ સ્વામીનું થાશે પિછાણ, અન્યો અન્ય વળી નિરવાણ; પછી બે જણ મળીને ત્યાંય, જશે દ્વા રામતી પુરી માંય. ૩૬ ભોગ ભોગવસે એણે ઠાર, ઘણા કલ્પ સુધી નીરધાર; માટે શંકર કહે સુણો દેવ, જાઓ રતીને કહો તતખેવ. ૩૭ રહે શંબર દઈત્યને ઘેર, રંધવારી થઇ ખુશી-ભેર; એવી શંકરની સુણી વાણી, ચાલ્યા દેવ બધા પ્રેમ આણી. ૩૮ એતો આવ્યા ઉતાવળા સાર, રતિ રૂદન કરે એ ઠાર; એને સમજાવી સત્વર સહી, વાત શંકરે કહેલી કહી, ૩૯ વળી ધીરજ આપી અપાર, કીધી આશનાવાશના સા ર; પછી મોકલી એહને ત્યાંય, શંબરાસુરના સ્થાનમાંય, એતો દાશી થઇ રહી સાર, અંન રાંધવાને નીરધાર.

વલણ. ત્યાર પછી ત્યાં દેવતા, આવ્યા સ્વર્ગ મુકામ રે; દુરગો કહે પછી શું થયું, એ તો કહું અભિરામરે. ૪૧

ઇતિશ્રીશીવપુરાણે કવીદુર્ગાશંકર વિરચીતેજ્ઞાનસંહિતાયાં રતિવિલાપવર્ણનોનામ એકાદશોધ્યાય.૧૧

અધ્યાય ૧૨ મો—પાર્વતિએ તપ કર્યું.

રાગ લલિત છંદ.

વળતી બોલીયા, વિપ્રો તો વળી; સુત શાંભળો, વારતા ગળી. નગ સુતા પછી, ઘેર તો ગઈ; એહ પુંઠે ત્યાં, શી ગતિ થઇ. ૧ એવું સાંભળી, સુત ઓચર્યા; સાંભળો તમે, શાંતિના ભર્યા, ગિરિતણી સુતા; ઘેર તે ગઇ; વળતી ચિત્તમાં, વ્યાકુળી થઇ. ૨ કામ નાશથી, હર્ખ સૌ ગયો; મનસુબો મહા; ભંગ એ થયો. એથી દેહના, રૂપને અતિ;નિંદતી સતિ, વાકય બોલતી. ૩ અરર હાયરે, હાવે શું કરૂં; વ્રહની વેદના, કોને ઓચરૂં; જેને દીલમાં, ધારતી હતી;એ રીશાઇ ગયા, ક્રોધથી અતિ. ૪ તાત માયરો, જડ વપુ થયો; એથી એહમાં, બોધ ના રહ્યો; સ્વામી પાર્વા, તુલ્ય હું થઇ; તદપિ એહને, શોચના નહીં. ૫ જેમ વારીથી, મીન વેગળું; તરફડે સદા, એમ હું બળું; લક્ષ વિંછીની, વેદના શહું; સ્વપ્ન આવે એ, કોને જઈ કહું. ૬ માત માયરી, મેનકા વળી; એ તણી શદા, બુદ્ધિ વેગળી; કેમકે વપુ, આ પીડાય છે; કન્યા કાળનું, પુન્ય જાય છે. ૭ રાગ મારૂ. માટે પરણાવે તો ઘણું સારૂં, પામું સાસરૂં હુંતોજ પ્યારૂં; પછી શૈલ સુતાએ એ ઠાર, નિજ શખીને બોલાવી સાર. ૮ વળતી કહેવા લાગી એને વાણ, અરે બેની દયા તું તો આણ; મારાં માતપિતા જેહ કહાવે, એને સંદેશો કહે જઈ ભાવે. ૯ તમ પુત્રી પારવતી કહેવાય, એને શીવ સાથે વરવા ઇચ્છાય;

માટે તપ કરવા એને સાર, આપો આજ્ઞા તમો નિરધાર. ૧૦ વિના તપ કીધે એ તો ઇશ, નહિ પ્રસન થાય આ દીશ; એવું કહીને એની વહેલી આવ, જેવો ઉત્તર આપે એ લાવ. ૧૧ એવી સુણી સતી કેરી વાણી, ચાલી સઇયર તો પ્રેમ આણી; આવી ઉતાવળી તે પ્રકાશ, હિમાલય ગિરિ કેરી પાસ. ૧૨ પછી બોલી મુખે થકી એહ, અતિ અંતરમાં આણીને સ્નેહ; તમે શાંભળો પર્વતરાય, પાર્વતિના મન-ની ઇચ્છાય. ૧૩ વરવું એહને શંકર સાથ, બીજાને નહી ગ્ર હવા દે હાથ; પરાણે જો પરણાવશો સાર, શીવજીને છોડી આણીવાર. ૧૪ તોતો તમારી પુત્રી રાજન, નિશ્ચય પાડશે પોતાનું તન; માટે શંકરના તપ કાજ, થઇ પાર્વતિ તૈયાર આજ. ૧૫ એને આજ્ઞા આપો તમે સાર, બીજો તજીને સર્વ વિચાર; સુણી પર્વત બોલ્યો વચન, મારી પુત્રીને છે ધન ધન. ૧૬ મને ગમી બાઇ એની વાત, જઈ મનાવો એની માત; એવી તાતની વાણી સાંભળી, સખી મેનાની પાસેજ પળી. ૧૭ પછી કહેવા લાગી એહ વાત, સુણોને તમે મેનકા માત; તમારી તનયા જે કુમારી, તેણે તપની ઇચ્છાધારી. ૧૮ થઇ તૈઆર આ વેળાસાર, માટે આજ્ઞા આપો નિરધાર, તમ સ્વામિએ આપી આજ્ઞાય, જેથી પુત્રીનું ઈચ્છિત થાય. ૧૯ સુણી સખીનાં એવાં વચન, થયો ખેદ મેના તણે મન; પછી પુત્રીને બોલાવી પાસ, મેના કહેવા લાગી ત્યાં પ્રકાશ. ૨૦ અરે બાઈ શું સંકટ તારે, તેતો વિસ્તારી કહે આણીવારે;

પૂર્વે કીધું હશે તપ ભારી, તેથી દીકરી થઇ તું મારી. ૨૧
હવે બાકી શું તાયરે રહ્યું, વન દુઃખ જશે કેમ સહ્યું; મારે
ઘેર છે સઘળા દેવ, તેવાં તીર્થ વહે નિત્યે મેવ. ૨૨ તારા બા-
પને ઘેર સું નથી, તેતો મુને કહે સરવથી; એમ માતાએ તો
ઘણું કહ્યું, તોય સતીને સુખ ના થયું. ૨૩ ત્યારે પુત્રી તણું
દુઃખ જાણી, બોલ્યાં મેનકા તો પ્રેમ આણી; અરે પુત્રી તું
તપ કરવા જજે, સારી રીતે ત્યાં સુખીજ થજે. ૨૪ સફળ
થજો તારૂં સઊકાજ, એવું કહી મુકયો શીર હાથ;એવી રી-
તે લેઈને આજ્ઞાય, ચાલી પાર્વતિ તપ કરવાય. ૨૫ એતો
દારૂણ વનમાં આવી, જેનું સુધરવાનું છે ભાવી; વસ્ત્રાલં-
કાર ત્યાં છોડી દીધા, તપશ્ચર્યાના શણગાર લીધા. ૨૬ મુ-
જની કરી કટિ મેખળાય, ભોજ પત્ર પેહેર્યું અબળાય;ઓ-
ઢયું મૃગનું ઉત્તમ ચર્મ, પાથર્યું પણ તેનેજ પર્મ. ૨૭
પછી બેઠી કરી પદમાસન, રાખ્યા ધ્યાનમાં પંચ વદન,
બેઠી જેહ સ્થળે અભિરામ, પડયું તે સ્થળનું બીજું નામ.
૨૮ ગૌરી શિખર એવું પ્રખ્યાત, કહેતાં પાપ હણાએ સા-
ક્ષાત; હવે ગિરિ સુતાએ તેઠાર, કષ્ટ વેઠવા માંડયું અપાર.
૨૯ બેસે ઊન્હાળે પંચાગ્નિમાંયવૃષામાંહી મેદાન છે ત્યાંય
શીત ઋતુમાં રહે જળ વિષે, પાણી ટાઢું અતિશય પીશે.
૩૦ એવી રીતે કાઢે ત્રણ કાળ, કેવળ પાણીનું કરે ફરાળ;
ઋષિદેવ થકી નવ થાય; એવું તપ કરે મહામાય. ૩૧ તેને
દેખી સૌ મુનિજન, પામ્યા આશ્ચર્ય અત્યંતમન; તેતો

જોવાને માટે આવ્યા, ધર્મ પંડિત કેરાજ લાગ્યા. ૩૨ કેમકે નાની વયનું જન, કરે દારૂણ તપ પાવન; તેના દર્શને જાતાં તદાય, શત યજ્ઞ તણું ફળ થાય. ૩૩ પછી રૂષિયોએ આવી જોયું, ત્યારે તપ દેખી મન મોહ્યું; ગૌરી તપ તણો મહિમાય, રહે એકઠાં સિંહને ગાય. ૩૪ ફલ ફૂલને ઘાશ અપાર, બોલે મધુરાં પક્ષી તેઠાર; એવું દેખી સઊ મુનિજન, કહે સતિને ધન્ય ધન્ય. ૩૫

વલણ. વન દેખી રળી આમણું, મુનિ પામ્યા ઊલ્લાસરે; દુર્ગો કહે શોભા ઘણી; જેવો ગિરિકૈલાશરેરેરે. ૩૬

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં પાર્વત્યા તપ કૃતો નામ દ્વાદશો ધ્યાયઃ ૧૨

અધ્યાય ૧૩ મો પાર્વતિ ઉપર શિવ પ્રસન્ન થયા.

રાગ ધન્યાશરી.

ઢાળ સુત પુરાણી એણી પેર બોલ્યા, સાંભળોને રૂષિરાય; વિસ્તારી સંભળાવું હવે, સતિ તપનો મહિમાય. ૧ ત્યાં આવેલા મુનિયો તેતો, લાગ્યા સતિને પાય; વળતી નિજ મુકામે આવ્યા, કરતા પ્રશંસાય. ૨ તે પુંઠે ત્યાં સતિના તપથી, ડોલ્યું ઈંદ્રાસન; ત્યારે સૌ દેવોના મનમાં, ચિંતા પ્રગટી મન. ૩ એટલે ઈંદ્રે નારદજીને, બોલાવ્યા તેઠાર; તે તો સત્વર આવી પોહોચ્યા, બ્રહ્માના કુમાર. ૪ તેને પાયે લાગી બોલ્યા, મધવા તો વચન; અહો મુનિ આ કયમ રહેવાશે, ડોલ્યું ઈંદ્રાસન. ૫ તે માટે શંકરની પાસે, ચાલો જઇએ આજ; જેથી પારવતિનું શંકર, ઇચ્છિત કરશે કાજ. ૬

એમ વિચારી દેવને નારદ, આવ્યા શંકર પાસ; એતો શિવને પાયે લાગી, બેઠા ત્યાં પ્રકાશ. ૭ વળતી સ્તુતિ કરીને બોલ્યા, નારદજી વચન; અહો શિવ તપ કરવા બેઠી, પારવતી પાવન. ૮ એના તપથી સીમા થઈ છે, ડોલ્યું ઈંદ્રાસન; એ માટે ત્યાં જઇને એનું, પ્રસન કરોને મન. ૯ એવું સાંભળી શંકર પોતે, થયા ઘણા રળિયાત; વળતી એ દેવોની સાથે પરવરિયા શાક્ષાત. ૧૦ પારવતિ ઓળખે નહિ એવું, લીધું અદભુત રૂપ; અઘોરજોગી જેવું એતો, દિસંતુ અનુપ. ૧૧ દેવોને સ્વર્ગે મોકલીને, એકલા શંકર દેવ; પારવતિની પાસે આવ્યા, ઉતાવળા તતખેવ. ૧૨ વૃદ્ધ અવસ્થા દીસે જેની, કરમાં ઝાલ્યો દંડ; પડતા ને આખડતા આવ્યા, આચરીને પાખંડ. ૧૩ તેને દેખી પારવતી તો, ઉઠીને લાગ્યાં પાય; વળતી બેસવા આસન આપ્યું, કીધી બહુ પુજાય. ૧૪ એ પુંઠે પારવતી બોલ્યાં, સાંભળોને મહારાજ; અહો જટીલ કેમ કરૂણા કીધી, મારા ઉપર આજ. ૧૫ ક્યાંથી આવ્યા ને ક્યાં રહોછો, કોણ ગુરૂ કોણ ઇષ્ટ. એ સઘળું વિસ્તારી કહોને, આ વેળા વરિષ્ટ.૧૬ એવું સાંભળી શંકર બોલ્યા, સાંભળને અબળાય; તારા તપની કીર્તિ સાંભળી આવ્યોછું જોવાય.૧૭ અખિલાસનને અખિલ મઢી છે, અખિલ ગુરૂ અખીલેશ; અખિલ ધ્યાનને અખિલ આત્મા, અખિલ તંત્ર આવેશ. ૧૮ તેંતો શુભ ઈચ્છાથી કીધું, પુજન મારૂં શાર; એણે કરીને તારી મારી, થઈ મિત્રતા નાર. ૧૯ તે

માટે એક પ્રશ્ન પુછું છું, સાંભળને અબળાય; શાને માટે દુ:ખ વેઠે આ, શોષણ કરૂં છું કાય. ૨૦ સત્ય વારતા હોય એ કહેજે, જુઠું નહિ વદિશ; કારણ કે હું મિત્ર માનું છું, તુજને આણે દીશ. ૨૧ મિત્રને મોઢે જુઠું બોલે, એ જીવ નરકે જાય; વળી એના સ્નેહમાં તુટ થાશે, કૃતઘ્ની કહેવાય. ૨૨ એવું શાંભળી પારવતીએ, શખીની પાસે સાર; પોતાના મન કેરો સઘળો, કહેવરાવ્યો વિચાર. ૨૩ શંકરને વરવાને માટે, તપ કીધું યોગીશ; એવું શખીએ વાક્ય કહ્યું ત્યાં, શાધુને એ દીશ. ૨૪ એને શાંભળી ક્રોધ કરીને, બોલ્યા યોગી સાર; અરે શખી આ કઉતક જેવું, દીસે છે નીરધાર. ૨૫ પારવતી પોતાના મુખથી, કયમ નથી કહેતી આજ; તારી પાસે કયમ કહેવરાવ્યું, મુજથી પામી લાજ. ૨૬ એ કાલે પારવતિ બોલ્યાં, સુણી એ સાધુ દેવ; સખીએ કહી એ સત્ય વાત છે, મુજ ઇચ્છા છે એવ. ૨૭ મન વાણીને કાયાએ કરી, શીવ ઇચ્છું હમેશ પણ એ તો શી રીતે મળે, ઉપાય કહોને એશ, ૨૮ એવું શાંભળી શંકર યોગી, તર્ત થયા તૈયાર; રીશાયા જેવા થઇ ચાલ્યા, ક્ષણું નવ લાગી વાર. ૨૯ એ કાલે પારવતિ બોલ્યાં, શાંભળોને યોગીશ; મુજ ઉપર કયમ રીસ ચઢાવી, ચાલ્યા આણે દીશ. ૩૦ એવું શાંભળી યોગી બોલ્યા, શાંભળને તું નાર; તારૂં તપ દેખીને હું તો, પ્રસન થયો તો સાર. ૩૧ પણ તારૂં ઈચ્છિત સુણીને, ખેદ થયો છે અતિ, કારણ કે ભાવીએ તારી, કીધી

આવી મતિ. ૩૨ ઇંદ્ર ચંદ્રને વિષ્નુ તરણી, વરૂણને કુબેર; એવા શુભ દેવોને મુકી, જવું ભિક્ષુકને ઘેર. ૩૩ મોહોર આપીને કાચજ લેવા, કોણ ઇચ્છે અજ્ઞાન; એવું ચંદન મુકી કાદવ, કોણ ગ્રહે નિદાન. ૩૪ સુરજનું દર્શન મુકીને, પતંગ ઈચ્છે જેહ; એ પ્રાણી કેવળ અજ્ઞાની, એમાં નહિ શંદેહ. ૩૫ હાથી કેરૂ બેસણું છોડી, વૃષભ વાહન ચહાય; વળી ગંગાજળ વહેતું મુકી, કુપની કરે ઇચ્છાય. ૩૬ સાચાં ચિનઇ વસ્ત્ર મુકીને, ચર્મ શું આણે સ્નેહ, એવું શુભ મંદિર છોડીને, વનમાં રહેશે જેહ. ૩૭ દેવતાણી સંગત છોડીને, ભુતની સોબત ધારે; ખટરશ ભોજન છોડી એવું, વિષ ભોજન વિચારે. ૩૮ એ સર્વેને મુરખ જાણો, દેખીતો અન્યાય; માટે હે અબળા તું મુજને, આપ હવે આજ્ઞાય. ૩૯ તારા મનમાં સુજ્યું એવું, કરને તું તો કામ; પણ પાછળથી વિચારીશ તું, સત્ય કહું અભિરામ. ૪૦ કમળ નેત્રવાળી તું કયાંને, કયાં ત્રિલોચન દેવ; કયાં તું રાજાની પુત્રીને, કયાં ભિક્ષુક જન એવ. ૪૧ તારે અંગે ચંદન બહેકે, એને તો વિભુતિ; તારી બુદ્ધિ રાજસી કહાવે, એની તામસ મતિ. ૪૨ તારે અંગે રત્ન ઘરેણાં, એને અંગે સાપ; તારે ખાવા ખટરસ જોઇએ, એને ફળફુલ આપ. ૪૩ મૃદંગનો ઉત્તમ સ્વર કયાંને, કયાં ડમરૂ શ્રવન; કયાં સુંદર વસ્ત્રાભુષણને, કયાં વાઘાંબર તન. ૪૪ માટે યોગી કહે છે નારી, કેવળ તું અજ્ઞાન; નારદના કહેવાથી ઇચ્છે, શંકર પતિ નિદાન. ૪૫ પણ નારદને શ્રાપ થયો છે,

બ્રહ્માનો અબળાય; તેથી તેને બોલ્યા કેરૂં, ભાન નથી
સદાય. ૪૬ સ્મશાન વાસી શંકર કહાવે, કંઠ વિષે છે ઝેર;
વળી ભુતોની ટોળી મધ્યે, રહે છે આનંદ ભેર. ૪૭ અસ્થિ-
ની માળાઓ ઘાલે, પવિત્રતા નહિ લેશ; તેને વરવા માટે
તુજને, કોણે કર્યો ઉપદેશ. ૪૮ એવી યોગી કેરી વાણી,
સાંભળીને વિરોધ; પારવતિને રૂંવે રૂંવે, ચઢીયો ઝાઝો ક્રોધ.
૪૯ વળતી એતો કહેવા લાગી, સાંભળ સાધુવાત; તુંતો
કોઇ કપટી દિસે છે, યોગી નથી સાક્ષાત. ૫૦ સાધુ જાણી
મેંતો દીધું, તુજને આદરમાન; ત્યારે તેંતો નિંદા કીધી,
શીવની આણે સ્થાન. ૫૧ તારૂં મુખ જોવું નાઘટે, જોતાં
લાગે પાપ; સાધુ માટે જાવાદેઊંછું, નહિતો દેઊં શ્રાપ. ૫૨
શંકર કેરા તત્વને હુંતો, જાણુંછું સદાય; નિર્ગુણીએ ઈશ્વર
કહાવે, વિશ્વતણા પિતાય. ૫૩ વેદ અને વિદ્યાઓ તેતો,
થઈ એમનાથી સાર; તે માટે વિદ્યાનો એમને, શો ખપ છે
નિરધાર. ૫૪ શીવ એવું મંગળ છે જેનું, સદાપવિત્રજ
નામ; તે કારણ એમાંશી જોવી, પવિત્રતા અભિરામ. ૫૫
જેના નામ તણો જપ કરીને, જીતે મૃત્યુંજય; તે માટે મૃત્યું
જય એવું નામ બીજું પાવન ૫૬ સર્વે પ્રાણી કર્મ કરે છે,
શ્રોત સ્માર્ત ક્રિયાય; તેના ફળદાતા એ શંકર, તેમાં નહિ
શંકાય. ૫૭ જેની પૂજા કરીને પ્રાણી, રોગ થકી મુકાય;તેને
શું આરોગ્ય પુછવું, અમર એહ સદાય. ૫૮ તેત્રીશ કોટી
દેવો જેને, નિત્યે નમવા આવે; તેને ભુતો કેરી શોભત શી

રીતે લજાવે. ૫૯ અણિમા આદિ સિદ્ધિઓતો, નૃત્ય કરે જે પાસ; તેને ધાતુ શું કરવી છે, રૂપું રત્ન પ્રકાશ. ૬૦ ઈંદ્રિયો જીતી છે તેને, શોછે સ્વાદ વિહાર; તેવી સમદૃષ્ટિ છે તેને, શું કરવું ઘરબાર. ૬૧ શીવ અંગેથી ઊતરેલી જે, વિભુતી બળવાન; તેની ઈચ્છા વિષ્ણું કરે તો, બાધક શું શમશાન. ૬૨ તે માટે જે વણુ સમજે કરે, શીવતણી નિંદાય;એ પ્રાણી નરકે જાવાનો, વેદનીએ આજ્ઞાય. ૬૩ એવું સાંભળી ફરી બોલવાનું; શીવે ધાર્યું મન; ત્યારે પારવતીએ કીધું, સખીને સત્ય વચ ન. ૬૪ અરે બેન તું વારએહને, નિશ્ચે આવે- ળાય નહિતો એ ફરીથી પાપી,કરશે શીવ નિંદાય.૬૫ એના મુખનાં વાકય સુણીને,એહું મુજને પાપ વળી તેવો અંતરમાં ઝાઝો,પ્રગટયો છે પરિતાપ. ૬૬ શિવનિંદા કરનારો પ્રાણી, અંતે નરકે જાય;વળી સાંભળશે તે પણ પ્રાણી, યમપુરીએ પળાય. ૬૭ વેદ તત્વને નથી જાણતા,પાખંડી જનજેહ;એ સર્વે શીવને નિંદે છે, કલ્પિતવાદી એહ. ૬૮ એવું કહીને પારવતિયે, મન કર્યો વિચાર; હવે આ સ્થાનકમાં મારે, રહેવું નહિ નિરધાર. ૬૯ એમ વિચારી જાવા માટે ઊભી થઇ જેવારે; તે કાળે શંકર ત્યાં પ્રગટયા, સ્વરૂપ બતાવ્યું ત્યારે. ૭૦ જેવું પારવતીયે સુણ્યું તું, નારદ મુખથી સાર; વળી પેહેલું દીઠું તું એવું; દીઠું ત્યાં નિરધાર. ૭૧ એટલે પર્વત કેરી પુત્રી; ક્ષોભજ પામી મન; એથી એ કાળે ત્યાં કીધું, નીચું તો વદન. ૭૨ ત્યારે એને કહેવા લાગ્યા શંકર તો સાક્ષાત્; અરે

પ્રિયા તું કયાં જાએ છે, સાંભળ મારી વાત. ૭૩ તારા તપના પુન્યવડે હું, પ્રસન્ન થયો બહુ નાર; એ માટે માગું એ આપું, તુજને આણીવાર. ૭૪ ભક્તિ ભાવે વશ કીધો તેં, સત્ય કહું વાચાય; એ માટે તું વિના મારી, ક્ષણ યુગ જેવી જાય. ૭૫ તારૂં મન ઇચ્છિત મેં જાણ્યું, નિશ્ચે રૂડીપેર; એ-થીલજજા છોડી ચાલો સુંદરી મારે ઘેર. ૭૬ વખાણ એ રીતે દુર્ગા તણો, પતિ બોલ્યા જે વારરે; એ વેળા ત્યાંતો થયો, નિશ્ચે જયજયકારરે. ૭૭

ઇતિશ્રી શિવપુરાણે કવિદુર્ગાશંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાં પાર્વતિપ્ર શિવપ્રસન્નોનામત્રયોદશમોધ્યાયઃ ૧૩

અધ્યાય ૧૪ મો—શિવ વિવાહ.

રાગ મારૂ.

હવે શૌનકાદિ મુનિ જેહ, પૂછે સુતને આણી સ્નેહ; અહો સૂત સુણો ભાગ્યશાળી, આગે કથાએ રસાળી. ૧ ત્યારે સુત કહે સુણો મિત્ર, કહું તારતા પુન્ય પવિત્ર; શીવ વચન સાંભળી સાર, બોલ્યાં પારવતી નિરધાર. ૨ અહો સ્વામિ આપોને આજ્ઞાય, જાઊં તાત ગ્રહે આ વેળાય; લોક વિવાહ કરે છે જેમ, તમારે પણ કરવું તેમ. ૩ યશવિ-શ્વમાં રૂડો વિસ્તારો, મારા તાતને ઘેર પધારો; જેથી જન્મ સફળ તેનો થાશે, ત્રણ લોકમાં કીર્તિ ગવાશે. ૪ માટે ધીરજ મનમાં ધરો, વેદ વિધિ થકી મુને વરો; સુંણી પાર્વતિ કેરૂં વચન, પછી બોલિયા પંચ વદન; ૫ સતી તેંતો કહ્યો જેહ નેમ, મારે કરવું નિશ્ચય તેમ; એમ કહી અંતરધ્યાન થયા, શુદ્ધ કૈલાશપુરીમાં ગયા. ૬ નગ સુતા પણ ત્યાંથી સાર,

આવી તાત તણે દરબાર;થયું પર્વતને જાણ એહ, ત્યારે સામો આવ્યો આણી સ્નેહ. ૭ સખી સંબંધીને નિજમાત, આવ્યાં તે પણ ત્યાંતો સાક્ષાત.૮ પછી સતીને મળ્યાં તમામ; પુછી કુશળતા અભિરામ નીજ પુત્રીનું જોઇ અંગ, આવ્યાં મેનાને આંસુ અભંગ.૯ વળતી બાથ ભીડી મળી એહ,છાતી સાથે ચાંપી આણી સ્નેહ; એવી રીતે દેઇ ઘણું માન, તેડી આણી શદનમાં નિ-દાન. ૧૦ હિમાચળે વિચાર્યું મન, મને પુત્રીએ કર્યો પાવન; તપ કરીને ગાળ્યું શરીર, કુળ ઓધારીયું સખી ધીર. ૧૧ હવે શંકર વિચાર કરતા, સતિ વિયોગથી દુઃખ ધરતા; તેતો સંકલ્પ કરે તદાય, કેમ પુત્રી આપે નગરાય. ૧૧ એવું વિચારીને ભગવાન, ધર્યું સપ્ત રૂષિનું ધ્યાન; ત્યારે એતો મુનિવર સાત, આવ્યા ઉતાવળા ત્યાં શાક્ષાત. ૧૩ જેણે પેહેર્યાં છે વલ્કળ સાર, ભોજપત્રાદિ તો નિરધાર; મુખે કરતા પ્રભુ કેરો જાપ, ઊભા શીવ સામા આપોઆપ. ૧૪ અ-રૂંધતી નામે અબળાય, તેને સાથે આણી છે તદાય; જેના કંઠમાં મોતીના હાર, રૂપ ગુણ તણો છે ભંડાર. ૧૫ એવા મુનિ જોઈ તતકાળ, ઉઠી ઊભા થયા પશુપાળ; આપ્યુ પ્રીતિ આણીને આસન, કર્યું અર્ઘ પાદ્યાદિ પુજન. ૧૬ પછી બો-લિયા ત્યાં સુરરાજ, અહો રૂષિ કૃપા કરી આજ; મારૂં પા-વન કીધું આ સ્થાન, દીધું દરશન રૂપીજ દાન. ૧૭ એવું સુણી રૂષીઓએ સાર, સ્તુતિ કરવા માંડી અપાર; નમો પશુ પતિ ગૌર તન; નમો કપર્દી પંચ વદન. ૧૭ નમો શંકર

સુવર્ણ બાહુ, નમો કપાળી કામ વિદાહુ; એવી સ્તુતી કરી તેણે ઠાર, કર્યો મુનિએ ત્યાં નમસ્કાર. ૧૯ પછી બોલિયા મુનિ તમામ, ધન્ય આ વેળાને અભિરામ; એમ વેદનો કીધો અભ્યાસ; કીધી તપશ્ચર્યાનો પ્રકાશ. ૨૦ નાહ્યા કોટી ક તીરથ માંય, જપ પુન્ય કીધું ઘણું ત્યાંય; તેહ સર્વ ફળ્યું આણે દીશ, જેથી તમને દીઠા અમે ઈશ. ૨૧ તમે બોલાવ્યા અમને આજ, તેથી સુધર્યું અમારૂં કાજ; કેમકે વધ્યું લોકમાં માન, જેથી કીર્ત્તિ થશે બધે સ્થાન. ૨૨ સુણી રૂષિયોની એવી વાણી, બોલ્યા શંકરતો પ્રેમ આણી; તમે ઉત્તમ છો બ્રહ્મ બાળ, પુજન કરવા યોગ્ય ત્રીકાળ. ૨૩ જેહ બ્રાહ્મણને નવ નમે, નિંદા કરીને તેહને દમે; તેના પુર્વજ નર્કે પળાય, કુળ ક્ષય તેનો નક્કી થાય. ૨૪ માટે શંકર કહે રૂષિરાય, તેડયા તમને આ વેળાય; એતો કરવાને મારૂં કાજ, માટે કૃપા કરો મહારાજ. ૨૫ તારકાસુર નામે અસુર, થયો પાપિષ્ઠ એતો પ્રચુર; તેને બ્રહ્માએ આપ્યું વચન, શીવ પુત્રથી થાય પતન. ૨૬ તેહ કારણથી બ્રહ્મબાળા વરવી કન્યા મારે આ કાળ;માટે તત્પર તમે તો થાઓ,હિમાચળ તાણે ઘેર જાઓ.૨૭ સમજાવો એને રૂડીપેર, જેથી કન્યા આપે ખુશી ભેર; એવાં શીવનાં સુણી વચન, થયા સપ્તરૂષી પરસન. ૨૮ પછી કહેવા લાગ્યા એતો સાર, અમે જઈશું ત્યાં નિરધાર; જ્ઞાન આપીશું ગિરીને સારૂં, જેથી સરશે કાર્ય તમારૂં. ૨૯ એવું કહીને બ્રહ્માના બાળ, સપ્ત રૂષિ ચાલ્યા તતકાળ; તે

તો એક ક્ષણું વિષે સાર; આવ્યા હિમાલય તણે દ્વાર. ૩૦
દેખી તેહ જગાની શોભાય, પામ્યા વિસ્મય એતો તદાય;
અલકાપુરીથી સુંદર અતિ, જોતાં મોહ પામે મહામતી. ૩૧
એના આગળ ઈંદ્રનાં ધામ, કોણ હિસાબમાં અભિરામ;
હીરા રત્ન મણિને ઝવેર, તેતો સ્તંભે જડયાં રૂડીપેર. ૩૨
સૂર્ય સરીખાં એતો શોભાય, રંગ લીલા પીળા દરશાય; ઘેર
ઘેર રહ્યાં કલ્પ વૃક્ષ, તરીયા તોરણ બાંધ્યાં શમક્ષ. ૩૩ મેના
પોપટ મોર મરાળ, તેનાં પાંજરાં રૂડાં રસાળ; ગજ અશ્વા-
દિ શોભે વાહન; દેખી વીમાનને હરખે મન. ૩૪ નાના
વિધનાં ચિતર્યાં ચિત્ર, ભર્યાં હોજમાં પાણી પવિત્ર; બાગ
બેઠક તેવાં તળાવ, કુપ સરિતા સુંદર વાવ. ૩૫ દેવ જેવા
બધા દિસે લોક, પેખી પ્રેમદાને ટળે શોક; એવું દેખી ગિરિ
તણું ગામ, રૂષી ખુશી થયા તેણે ઠામ. ૩૬ પછી ગિરીના
ઘરમાં ગયા, સર્વ સંગાથે ઊભા રહ્યા; તેને દેખી હિમાચળ
રાય, લાગ્યો પ્રીતિ આણી પોતે પાય. ૩૭ પછી બેસવા આ
પ્યું આસન, અર્ઘ પાદ્યાદિ કીધું પૂજન; વળતી બોલિયો
મુખથી વાણ; ભલે પધાર્યા વિપ્ર સુજાણ. ૩૮ મુને કીધો
પવિત્ર દયાળ, દીધું દર્શન તો આણે કાળ; વિપ્ર વિષ્ણું વિષે
નથી ફેર, એક સ્વરૂપ આનંદ ભેર. ૩૯ વિપ્રે પૂજ્યાથી પા-
તક જાય, વળે વિષ્ણુંની શ્રેષ્ટ પૂજાય; તિર્થ જેટલાં દિશે પ્ર-
કાશ, એટલાંનો સિંધુ વિષે વાશ. ૪૦ તેમ સિંધુ વિશે તિ
ર્થ જેહ, વિપ્ર દક્ષિણ ચાર્ણમાં એહ; વિપ્ર મુખે સઉ દેવ,થા

ય ત્રપ્તિ સદા નિત્ય મેવ. ૪૧ વિપ્ર આશીષથી બધે સાર, થાય ઉત્તમ તો જયકાર; એવી પર્વતની સુણી વાણી, બોલ્યા સપ્તરૂશિ પ્રેમ આણી. ૪૨ અહોગિરિ તને ધન્ય ધન્ય, તારા જેવો શૈલ્ય અન્ય; તારા ભાગ્ય તણો નહિ પાર, કેમકે ગમ્યો શીવને શાર. ૪૩ માટે પુત્રી તારી જેહ કહાવે, એ તો શંકરને આપ ભાવે; જગતગુરૂ એ ઈશ શાક્ષાત, એના શશરા થશો નિશ્ચે વાત. ૪૪ તારી ત્રિયા જે મેના કહેવાય, થશે શીવની સાસુ તદાય, તારી પુત્રી એ પારવતી સાર; એ તો કાળી તણો અવતાર. ૪૫ મુળ પ્રકૃતિ એ તો માયાય, શીવકેરી અનાદી પ્રીયાય; માટે શંકર વિના એ બાળા, નહિ વરે બીજાને વિશાળા. ૪૬ તેથી શંકરને પરણાવ, લેને વિશ્વવિષે દુહો લાવ, હવે અરૂંધતી મુનીનાર; તેણે મેનાને સમજાવી સાર, ૪૭ કરયાં શંકર કેરાં વખાણુ, તેથી રાજી થઈ નિરવાણુ; પછી હિમાચળે તેણે ઠામ, શ્રીફળ મંગાવિયું અભિરામ. ૪૮ મોહોર સોના કેરી તેની સાથ, આપી સપ્તરૂષિનેજ હાથ; એવી રીતે પુત્રીનો તદાય, કરયો શંકર સાથે વિવાય. ૪૯ પુછયું લગ્ન વળી તેહ ઠાર, દીન બાકી રહ્યા તેમાં ચાર; વળતી સપ્તરૂષિ બળવાન, ઉઠી ઉભા થયા એણે સ્થાન. ૫૦ લેઈ પર્વત કેરી આજ્ઞાય, આવ્યા કૈલાશમાંહી તદાય; કહયો શંકરને સમાચાર, લગ્ન આડા રહયા દીન ચાર. ૫૧ માટે તતપર થાઓ મહેશ, જાન તૈયાર કરો અશેષ; અમે જઈશું અમારે ઠામ, પાછા આવીશું અહિં અભિરામ. ૫૨

સુણી શંકર બોલ્યા વચન, વહેલા પધારજો બ્રહ્મ તન; તમે ગોર મારા મુનિદેવ. માટે વહેલા પધારજો એવ. ૫૩ આતો તમારૂં છે બધું કામ. માટે ઝાઝું શું કહું અભિરામ; એવું સુણી બ્રહ્માના કુમાર, ચાલ્યા ત્યાં થકી તો નિરધાર. ૫૪ ત્યારે શંકરે આણીને પ્રેમ, સંભાર્યા મુનિ નારદ તેમ; તેતો તતક્ષણ આવ્યા તદાય, લાગ્યા શંકરને સદ્ય પાય. ૫૫ પછી બોલીયા મુખે વચન, કેમ શં ભાર્યો પંચવદન; મારા લાયક હોય જે કામ, એ તો નિશ્ચે કહો આણે ઠામ. ૫૬ સુણી શંકર બોલિયા વાણ, તમે મિત્ર મારા પરમાણ; પ્રાણ એક ને જુદા છે દેહ, તેવો સાચો પુરાતન સ્નેહ. ૫૭ માટે તત્પર વહેલા થાઓ, નોતરાં જાનનાં દેવા જાઓ; બ્રહ્મા વિષ્નુ ને ઈંદ્રાદિ દેવ, બીજા ગંધર્વ કિન્નર એવ. ૫૮ એને કહો જઈ નિરધાર, ચાલો શીવની જાનમાં સાર; નહિ આવો તો થાશો વિમુખ, પડશે દારૂણ નિશ્ચય દુઃખ ૫૯ માટે તમામ આવજો ત્યાંય, ભુતપતીના વિવાહમાંય; એવું કહી બધે મુનિરાય, વહેલા પધારજો આ વેળાય. ૬૦ સુણી શંકરની એવી વાણી, ચાલ્યા નારદજી પ્રેમ આણી.

વલણ. નારદ ચાલ્યા ત્યાં થકી, નિમંત્રણ દેવાયરે; દુરગો કહે પછી શું થયું, એનો કહું મહિમાયરેરેરે. ૬૧

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં હિમાચલેન શિવસ્ય વિવાહ કૃતો નામ ચતુર્દશો ધ્યાયઃ ૧૪

અધ્યાય ૧૫ મો—હિમાચળને ત્યાં શિવ જાન લઇને આવ્યા.

રાગ મારૂ. જાળંધરાખ્યાન પ્રમાણે.

સુત બોલીયારે, શાંભળોને શરવે પુની;દેવા નોતરાંરે, નીકળ્યા છે નારદ મુનિ. ૧ બધે એ ગયા રે; સ્વર્ગ પાતાળાદિ સ્થાનમાં; મુખે બોલતા રે, પધારો શીવની જાનમાં. ૨ સુણી દેવતારે, તતપર થઈ ત્યાં આવતા; સાથે પુત્રનેરે, પ્રેમદા રૂડીલાવતા. ૩ સ્વર્ગનાથ તો રે, સરવેથી પેહેલો આવિયો; તે તો સંગમાંરે, તેત્રીશકોટી લાવિયો. ૪ પછી બ્રહ્માતોરે, પ્રેમ કરીને પધારીયા; સાથે સાવિત્રીરે, સપ્ત રૂષી સુખકારીયા. ૫ વળતી વિષ્ણુતોરે, આવ્યા ગરૂડે બેશીને; તે તો બેસતારે, શીવના સોઢામાં પેશીને. ૬ એમ આવીયા રે, ઈઠિયાશી સહસ્ત્ર રૂષી સહુ;ગંધર્વકીન્નરરે, અપ્સરાતો આવી બહુ. ૭ નવસેં નવાણું રે, નદીયો પધારી તેણે સમે; નાગ આવીયારે, શંકરને એતો ગમે.૮ સાતસિંધુ તોરે, આદિત્યદ્વાદશ આવતા; સિદ્ધ ચારણરે, શિષ્યોને સાથે લાવતા. ૯ એમ સૌ દેવોરે, એકઠા થયા કૈલાશમાં; તેને દેખીનેરે, શંકર બેઠા ઉલ્લાસમાં. ૧૦ સપ્તમાત્રિકારે,શણગારે શીવને તે સમે; પીઠી ચોળતીરે, ગાતાં ગાતાં નીચી નમે. ૧૧ વળતી નવરાવીરે, નવા અલંકાર આપિયા; બાહુ કરીનેરે, બળદ ઉપર સ્થાપિયા.૧૨ શ્રીફળ હાથમાંરે, શંકરને આપ્યું તદા; કીધી આરત્યારે, સુગંધીવાળી સર્વદા. ૧૩ માળા મોતીનીરે, આરોપીઈશ ગળા વીષે; તોરો ખોશીયોરે, ફુમતા વાળો તે દીસે. ૧૪ એવી રીતથીરે, શંકરને શણગારીને; જાન નીકળીરે, વાગોળે બીતિહારીને. ૧૫ તેણે

સમે ત્યારે, સેના તો શીવની જે કહી; ભૂત પ્રેતાદિરે, શીવ પાસે ઉભી રહી. ૧૬ વગતી ચાલિયારે, જાન લેઈ પશુનાપતી પંથ ચિતવ્યોરે; હિમાલય કેરો અતી. ૧૭ વાગે તે સમેરે, વાજાં વિવિધનાં જાનમાં; નાચે અપછરારે, તેતો પોતાના તાનમાં. ૧૮ ડાખ ડમરૂરે, ગોમુખને રૂડી શીંગડી; તેને બજાવેરે, પિશાચતો આડાપડી. ૧૯ કેટલા દેવતોરે, કેકાણુ પીઠે શોભતા; તેમ કેટલારે, પાલખી માંહી શોભતા. ૨૦ વળી કેટલારે, હાથીને હોદ્દે વિરાજતા; તેમ કેટલારે, રથની અંદર છાજતા. ૨૧ એહ વારતારે, એટલેથી રહી આ સમે, પર્વત શું કરેરે, શર્ભરામાં એતો ભમે. ૨૨ ભ્રાત પોતાનારે, બોલાવિયા માનથી બહુ; રૂપ બદલીનેરે, આવીયા છે તેતો સહુ. ૨૩ મેરૂ ત્રિકુટરે, વિંધ્યાચળ એતો આવિયો; ગંધમાનરે, આબુને સાથે લાવિયો. ૨૪ બધા તે મળીરે, મંડપરૂડો બાંધતા; તરીયા તોરણુરે, તેતો ચોપાસે સાંધતા. ૨૫ ચળકે ચંદનીરે, હાંડીની હારો શોભતી; તખ્તા ત્યાં જડયા, ચિત્રની ભીંતો ઓપતી. ૨૬ ગિરિરાજે તોરે, તેડાવી કામધેનુ તદા; એથી ઉપજેરે, પાકતો વિવિધના સદા. એવી રીતથીરે, કુળાચાર કર્યો તે સમે; સ્થાપી દેવતારે, પ્રીતિ આણી તેતે નમે. ૨૮ પછી જાનનીરે, વાટ જુએ શરવે મળી; એવે આવિયારે, ભાગોળે ત્રિશુળી ત્યાં વળી. ૨૯ ખબર તે થઈરે, એટલે પર્વત મા'લિયો; લેઇ ભ્રાતનેરે, સામૈયું કરવા ચાલિયો. ૩૦ આવ્યો ભાગોળેરે, પર્વતનો સાથ તે સમે;

દેખી દેવોનેરે, શીશ નમાવી અતિ નમે. ૩૧ હારોહાર ત્યાંરે, દેવતા સૌ ઊભા રહ્યા; તેને મળિનેરે, પર્વત તો સુખીયા થયા. ૩૨ પછી પુરમાંરે, જાન તેડી આણી સહુ; આપ્યો ઉતારોરે, ભીડ થઇ ત્યાંતો બહુ. ૩૩ ધન્ય એ ઘડીરે, શોભા શી વખાણું મુખથી લાજે સુરખતીરે, એહ સમાના સુખથી.

વલણ. ઊતારો એમ આપીયો, શીવને તેણે ઠારરે; દુર્ગો કહે પછી શું થયું, તેનો કરૂં વિસ્તારરેરેરે. ૩૫.

ઇતિશ્રીશીવપુરાણે કવી દુર્ગાશંકર વિરચીતે જ્ઞાનસંહિતાયાં હિમાચળગ્રહે શીવોઆનસહિત આગતો નામ પંચદશોધ્યાયઃ ૧૫

અધ્યાય ૧૬ મો—શીવસ્વરૂપ દર્શન.

રાગ આશાવરી ઢાળ.

સુતપુરાણી એણીપેર બોલ્યા, શાંભળોને મુનિરાય, વિસ્તારી સંભળાવું હવે, શીવ વિવાહ મહિમાય. ૧ જાનૈયાને જાનીવાસો; આપી તેણે ઠાર, હિમાચળ તો કહેવા લાગ્યો સપ્ત રૂષિને સાર. અહો મુનિ શીવને ઊઘલાવી, તોરણ આગે આવો; હું હવે જાઊં છું અહીંથી, તતબર તમે થાઓ. ૩ એવું કહીને હિંમાચળતો, આવ્યો વળતી ઘેર; તે વેળાએ નારદજીએ, ખેલ કર્યો ખુશી ભેર. ૪ જાનીવાસામાંથી ચાલ્યા, વેગે બ્રહ્મ કુંમાર; મેના પાસે આવી પહોંચ્યા, ક્ષણું ન લાગી વાર. ૫ તેને દેખી મેના રાણી, ઉઠી લાગ્યાં પાય; ભાવ કરીને પૂજન કીધું, પૂછી કુશળતાય. ૬ ત્યારે નારદ કહેવા લાગ્યા, સાંભળ નારી વાત; તારી પુત્રી કેરો સ્વામિ, બતલાવું સાક્ષાત. ૭ જેને જોતાં આનંદ પામીશ,

સફળ થશે અવતાર; તે માટે મુજ સાથે ચાલો, શીવ જોવા આવાર. ૮ એવું સાંભળી મેના રાણી, જોવાને જમાઇ; નારદજીની સાથે ચાલી, ઉત્કંઠા અતિ લાવી. ૯ ઉંચા એક હવેલી હતી, રસ્તા ઉપર રાય; તેના ઉપર ચઢીને બેઠાં, નારદને મેનાય. નીચે જાતિ સર્વે વસ્તુ દૃષ્ટિથી દેખાય; એવી રીતે ઉંચે ચઢીને, બેઠાં બેઉ તદાય, ૧૧ હવે સાત રૂષીએ શીવને; ઉઘલાવ્યા તે કાળ, વળતી તેની સાથે ચાલ્યા, પ્રશન થઈ મુનિબાળ. ૧૨ જેટલા શિવપક્ષે આવ્યાતા, દેવાને મુનિરાય, તે સઘળા શિવઆગળચાલે, સાચી એહ કથાય. ૧૩ શીવની પુંઠે સરીતાઓને, માત્રિકા બળવાન; વિવિધ તરેહનાં ગાન ગાય છે, સ્વર તાણી નિદાન. ૧૪ શીવજીનો વરઘોડો જોવા, પુરના સર્વે જન; જાળી બારી આગે ઉભા, પ્રસન રાખી મન. ૧૫ કેટલાં તો રસ્તામાં ઉભાં, નરનારી તે દીશ; તે તો વાટ જુએ છે શીવની, કયારે આવે ઈશ. ૧૬ એવામાં તો આવી પહોંચ્યો વરઘોડો તે ઠાર, ત્યારે નારદે દેખાડયો, મેનાને નિરધાર. ૧૭ સૌથી આગે પીત્રી કેરો, વિશ્વાવસુરાજન; તેને દેખી નારદજીને, મેના કહે વચન. ૧૮ અહો મુની આ શીવજી આવ્યા, સાંભળો મારી વાત; ત્યારે નારદ કહે છે એતો, નહિ શીવજી સાક્ષાત. ૧૯ એથી અતિ રૂપાળા એછે, જોતાં આનંદ થાય; તે માટે તમે ધીરજ રાખો, રાણી આ વેળાય. ૨૦ ત્યાર પછીથી ઈંદ્ર ચંદ્રને, વરૂણજી કુબેર; તેતો મેનાએ ત્યાં દીઠા, અનુક્રમથી સુખ ભેર. ૨૧

ત્યારે નારદજીને પુછે, મેના તેણે ઠાર; આમાંથી કોણ શીવજી કહાવે, તે બતલાવો સાર. ૨૨ નારદ કહે નોહ્ય શીવ એ તોઈ, તે તો સઘળાદેવ; તમારા જામાત્રની એતો, નિત્ય કરે છે સેવ. ૨૩ એવું સાંભળી મેના મનમાં, કરે છે વિચાર; આવા તો ચાકર છે ત્યારે, તે કેવા હશે સાર. ૨૪ એવામાં બ્રહ્માજી આવ્યા, સૃષ્ટિના કર્તાય; ચાર વદન તો દિસે તેને તેજસ્વી મહાકાય ૨૫ જેની આજુ બાજુ સર્વે, મુનિગણ કેરો સાથ; તે તો સર્વે સુર્ય સરીખા, પુસ્તક શોભે હાથ. ૨૬ એવા બ્રહ્માને દેખીને, મેના તો હરખાય; નિશ્ચે આતો શંકર હોશે, એમાં ફેર ન કાંય. ૨૭ વળી બ્રહ્મકુંવરને પુછયું, ત્યારે બોલ્યા તેહ; આતો મારા તાત આવિયા, પશુ પતિ નોહ્ય એહ. ૨૮ ત્યાર પછી ત્યાં વિષ્ણુ પધાર્યા, કોટી કામ સ્વરૂપ; લક્ષ સુર્યનું તેજ એહમાં, ચૌદ ભૂવનનો ભુપ. ૨૯ ગરૂડના ઉપર એ બેઠા, ઘનશ્યામ ગિરિધારી; ચારે ભુજમાં ચારે આયુધ, કરૂણા દૃષ્ટિભારી. ૩૦ તેને દેખી મેના કેહે છે, નિશ્ચે આ શિવ હોય; આના જેવો તેજસ્વીમેં, દીઠો નહિ વળી કોય. ૩૧ એવું સાંભળી નારદ કહે છે, સાંભળને તું નાર, આતો વિશ્વતણા પાળક છે, વિષ્ણુજી નિરધાર. ૩૨ તમારા જમાઈ સાથે, એમને ઝાઝો સ્નેહ; રાત દિવસ સંભારે શીવને, ભક્ત થઈને એહ. ૩૩ એવામાં ત્યાં રૂદ્ર આવિયા, દશે તો બળવાન; તેની પૂંઠે આવી પ્હોંચ્યા, સદાશીવ ભગવાન. ૩૪ જેની આજુબાજુ નાચે, ભૂત પ્રેત નિરધાર; ડાકેણુ શાકેણુ

ભૈરવ વ્યંતર, મુખથી કરે પોકાર. ૩૫ ડમરૂને રણશીંગારૂડાં ડાખલાં કહાવે જેહ; તેનો તંતો નાદ કરે છે, તેમાં નહિ સંદેહ. ૩૬ બળદની ઉપર શંકર બેઠા, તેણે સમજી મન; રૂપ ભયાનક ત્યાં કીધું છે, માયાથી બળવન. ૩૭ તેને નારદે દેખાડયો, મેનાને તે ઠાર; આ તમારા જમાઈ આવ્યા; શંકરતો નિરધાર. ૩૮ જેના કંઠ વિષે વિંટાયા, કાળા કાળા નાગ; વળી ત્રિલોચનમાં ધગતો, અગ્નિ તો મહા ભાગ. ૩૯ એવા શંકરને દેખીને, હિમાચરની નાર; મૂર્છા ખાઇને પૃથ્વી પડીયાં, મેના તેણે ઠાર. તે વેળાએ તોરણ આગળ, આવી ઉભા ઇશ; પોંકવા માટે વાટ જુએ છે, મેનાની તે દીશ. એવું સાંભળી શૌનક મુનિ; બોલ્યા તેણે ઠાર; અહો સૂત શીવે દેખાડયું, રૂપ ભયંકર સાર. ૪૨ તે અમને વિસ્તારી કહોને, જેથી સંશય જાય; શંકર કેરો મહિમા સુણતાં, તૃપ્તિ તો નવ થાય. ૪૩.

વલણ. એવું સાંભળી આચર્યા; વાણી સૂત અનૂપરે; દુર્ગો કહે એતો કહે, શંકર કેરૂં રૂપરે. ૪૪.

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં નારદેણ મેનાયાઃ શિવસ્વરૂપ દર્શિતો નામષોડશોધ્યાયઃ ૧૬.

અધ્યાય ૧૭ મો—મેનાનો શોક.

રાગ મલ્હાર. જાળંધર પ્રમાણે.

સુત વદ્યા ત્યાં વાણી, સૌ સાંભળો મુનિ મહારાજ; વિસ્તારી કહું તમને, શંકરની મૂર્ત્તિ આજ, જેને સુણતાં સરશે, આ જન્મ ધર્યાનું કાજ; એવા શંકરને તો દેખીરેરેરે હો, મૂર્છા પામી માનુનીરે. ૧ ટેક વૃષભ ઉપર બેઠા, વિભૂ-

તિ ચોળી અંગે; વાઘાંબર તો ઓઢયું, વ્યંતરને ભૂતો સંગે; એવા એતો બનિયા, બહુ નામી પોતે ઢંગે, એવા શંકરને તો દેખીરેરેરેહો, મૂર્છા પામી માનુનીરે. ૨ કંઠે અસ્થિની માળાને કરમાં બ્રહ્મ કપાળ, માથે મોટી જટાને, લાંબા લાંબા વાળ; નેત્ર તેવાં જે રાતાં તે, દિસંતાં વિકરાળ. એવા શંકરને૦ ૩ જનોઈ કેરો જોટો, તે તો છે મોટા સાપ. ખાંધે ભરવી ઝોળી, અઘોળી જપતા જાપ; કાને મુદ્રા ઘાલી; તે તો છે મોટે માપ; એવા શંકરને૦ ૪ દિગંબર છે પોતે; ને દેખાતા ઊદાસી; શ્વાસાકર્ષણ કીધેનો, સેજાનંદ પ્રકાશી; કેડે આડબંધ બાંધ્યો, ને કેવળ વનના વાશી. એવા શંકરને૦ ૫ ડમરૂ ડાખને ચિપિયો, એ ત્રણે કરમાં શોભે; અદ્દ્ભૂત એવો બેરખો, જેનો મણકો નાભે તેવો શશી છે ભાળે, તે દેખી ચિતડું લોભે; એવા શંકરને૦ ૬ અલખ ઊપાસી એવા, જયમ આભ થકી ઊતરીયા; તિવ્ર ક્રોધ છે તેવો, ગુણ લક્ષણ કેરા દરિયા, તેવી મારણ આદિ છે મોટી જેની કાયા; એવા શંકરને ૭ યોગ સમાધિ જાણે, ને આત્માને ઊપાસે; પ્રેત ભુતને ભૈરવ, તેતો છે જેની પાસે; તેવું દર્શન થાતાં, સર્વેનું સંકટ જાશે. એવા૦ ૮ તત્વદર્શીને ત્યાગી, વૈરાગ્ય મોજમાં માણો; ભ્રમર ગફાના ભોગી, પરમાત્માને પરમાણો; ઉન્મુની અક્ષરવાસી, એ સૌની વાતો જાણે. એવા૦ ૯ જન્મ મૃત્યુ નહિ જેને, ને ભવનાં બંધન ભાગે; ક્ષણમાં આંખ્યો મીચે, ને ક્ષણમાં પોતે

જાગે; એવા આઠે પહોરે, એ અંતરમાં અનુરાગે. એવા૦ સ્મશાન માંહી બેશીને, તપ તો જેણે કીધું; વળી સાગરનું વસમું, જે વિખડું તેતો પીધું; એવું મેના છળવા આ રૂપ અલૌકિક કીધું.એવા૦ ૧૧ કર્તુમકર્તુ બેઉને, અન્યથા કર્તુ જેહ; નિર્ગુણ સગુણ સ્વામિ ને, વ્યાપક તો વળી એહ; સ્વામિ સેવક પોતે, ને સત્યવાતમાં સ્નેહ.એવા૦૧૨ જેની કટાળે કંપે, આ માયા મોહ ને કાળ; ધ્રુજે સાત સિંધુ ને ભય પામે ભુપાળ; તેવા ત્રિદશ સર્વે શેવે છે ચર્ણ વિશાળ. એવા૦ ૧૩ અણિમા આદિ સિદ્ધિ તો, નાચ કરે છે આવી; નારદજી ગુણ ગાયે, તે વીણાજંત્ર બજાવી;એ પ્રમાણે સિદ્ધો તો, વંદે પ્રીતિ લાવી. એવા૦ ૧૪ તત્વમસિમાં કહે છે, જે તતપદરૂપી સ્વામિ; તેતો નિશ્ચે પોતે, અતળીબળ અંતરયામી; સર્વ ક્રિયાના કર્ત્તા, ને ફળદાતા ફળવામી. એવા૦ ૧૫ સમદષ્ટિ છે જેની, ને નોખી કર્મના કર્ત્તા; મૃત સજીવન કરશે, ને સંજીવનના હર્ત્તા; એમ રચિને વેદો, તે વેદોથી અનુસરતા. એવા૦ ૧૬ પરકાયામાં પેસે, ને તત્વમાં તત્વજ થાય; ચિંતવે તેવું કરશે, ને જ્યાં ધારે ત્યાં જાય; એવી વિદ્યાશક્તિ તે, પાળે છે આત્યાય. એવા૦ ૧૭ અકળ ઈશ છે એતો, નવ જાયે કોઇના કળિયા; મનમથ બાળી નાંખ્યો, એવા એ યોગી બળિયા; તેવા દારૂણ તપથી, તો પારવતિને મળિયા. એવા શંકરને તો દેખીરેરેરે હો, મુર્છા પામી માનનીરે. ૧૮

વલણ. એ રીતે સુતે કહ્યો, શીવ મુર્તિ મહિમાયરે;
દુર્ગા કહે પછી ત્યાં વળી, મેનાની મુર્છાયરેરેરે. ૧૯.

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાં શીવસ્ય ભયંકર યોગી સ્વરૂપવર્ણુનો નામ સપ્તદશો ધ્યાયઃ ૧૭

અધ્યાય ૧૮ મો. મેનાનો શોક.

રાગ બિહાગ વેરાડી, જનુની જીવો ગોપીચંદની એ રાગ.

સુત કહે મુની શાંભળો, મુરછા વળી મેનાની જેહ; એ તો વળી તેણુ શમે, ત્યારે વિલપેજ એહ, રામા રૂદન કરે એ શમે. ટેક. ૧ અરેરે હવે હું તો શું કરૂં, જાઉં કીયેરે ઠાર;જન્મારો બગડયો સુતા તણો, ભિક્ષુક મળ્યો ભરથાર. રામા રૂદન. ૨ અહો સુતા તને ધિક છે, ધિક ચાતુરી સાર; ધિકાર છે તારા તપને, ઈચ્છિયો યોગી આવાર. રામ. ૩ હંશ મુકીને બગ પાળિયો, ભોજન તજી પીધું ઝેર; વસ્ત્ર મુકીને વીણ્યાં ચિંથરાં, કરૂણા તજી કીધો કેર. રામા. ૪ દેવો જેવા સ્વામી છોડીને, જપ્યો જોગેંદ્રનાથ; કુટુંબ મારૂં લજાવિયું, ભીડી બાવળે બાથ. રામા. ૫ અલ્યા ઓ વિધાતા મુરખા, આપી શીદ પ્રજાય; કેમ કરી ન મુને વાંઝણી, જોયું નજરે ન જાય. રામા. ૬ ગર્ભ ગળ્યો નહિ માયરો, મુઈ શે ના આ બાળ; વનમાં અહિ ન કેમ કરડીયો, કેમ સુઈ રહ્યો કાળ. રામા. ૭ પુર્વે મેં પાપ કીધાં હશે, ત્યારે મળિયો આ જોગ; કર્મે લખ્યો કયાં જોગટો, જેના સ્મશાને ભોગ. રામા. ૮ સિંહ લંકી સુતા માહરી, રૂડું રૂપનું આળ; નેત્ર ચપળ ચારૂ નાશિકા, વાંકી ભ્રકુટીને ભાળ. રામા. ૯ ચંદ્રવદની ચિત્ત શુ

દ્ધ છે, ગતિ હંશની સાર; કંકુ વરણી કાયા શોભતી; કંબુ કંઠ અપાર. રામા. ૧૦ ઊદય પોયણી પત્રછે, વેણી વાસુકી નાગ; રદય કોમળ કારમું, રૂડો કોકીલા રાગ. રામા. ૧૧ એવી સુતા શ્રેષ્ઠ માયરી, વિરૂપ જોગટો એહ; રૂપરંગ નહિ દેહમાં, નથી શારામાં સ્નેહ. રામ. ૧૨ વ્યશની ધુતારોને વા મિ છે, નથી શુદ્ધતા સાર; સર્પ શરીરે વિંટી ફરે, દેખી છ-ળે મારી બાળ. રામા. ૧૩ આવો કુરૂપ નથી કોઈ વળી, કર માં બ્રહ્મ કપાળ; માથે જટા છે બિહામણી, કંઠે હસ્તિની માળ. રામા. ૧૪ આવું આક્રંદ જોઈ નારીનું, બોલ્યા નારદ વાણ; અરે મેના તેં ન ઓળખ્યા, પરીબ્રહ્મ પ્રમાણ. રામા. ૧૫ શંકર સદ્દા સુખરૂપી છે, રૂપ વિધાનું સ્થાન; જેની પાસે સેવા આવે છે, મોટા મુનીવર જ્ઞાન. રામા. ૧૬ એવું સુણી મેના ઓચરી, અલ્યા છાનો રહે દુષ્ટ; પરપંચી મેં તને જા-ણીયો, થાય કંકાશે તુષ્ટ. રામા. ૧૭ પ્રથમ ઉપદેશ તેં કર્યો, મારી પુત્રીને સાર; તપ એ શિવનું બતાવીયું, ઉંધું માર્યું આ વાર. રામા. ૧૮ ત્યારે નારદ ગ્લાનિ પામીયા, ઉભા છે ટાજ એહ; મુન્ય ગ્રહ્યું પોતે તે શમે, જેનો શીવમાં સ્નેહ. રામા. ૧૯ એટલે ત્યાં દિગપાળ આવીયા, બોધ આપવા સાર; તેનું કહયું પણ ના કર્યું, મેના હઠીલી અપાર. રામા. ૨૦ જાણ થયું તેહ બ્રહ્માને, ત્યારે આવીયા પાસ; સપ્તરૂષી જેના સાથમાં, બીજા મુનિયો પ્રકાશ, રામા. ૨૧ વળતી રૂષી સાત બો લીયા, સુણો રાણી વચન; આવાં કઠીણ તમે કેમ થયાં, કેમ ફેરવ્યું

મન; રામા. ૨૨ શીવમાં કદી ખોડ હોયતો, અમે આવિયે
કેમ; વખાણુ કેમ કરીએ એહનું, જુઓ વિચારી એમ;રામા.
૨૩ એવું સુંણી બોલી સુંદરી, ઢાંકો તમારૂં મુખ; છેટા જા-
ઓ તમે આ સમે, દીધું દારૂણ દુઃખ; રામા. ૨૪ તમારી
દાઢીને મુછતો, ઉપાડી કાપું નાક; કયાં ગઈ રાંડ અરૂંધતી,
જુઠી જેહની વાક; રામા. ૨૫ શંકરની લાંચ લેઈને, કીધો
કાળોરે કેર; ફાંગડે નંખાવી છોકરી, વાળ્યું કેદીનું વેર;રામા.
૨૬ સપ્ત રૂષિ એવું સુણીને, થયા ઝાંખા તે ઠાર; તે કાળે
બ્રહ્મા તો બોલિયા, વિકાશી મુખચાર; રામા. ૨૭ અહો
પ્રિયા આમ શું કરો, સમજો દીલમાં આજ; લગ્ન સમો
વિતિ જાય છે, માટે કર શુભ કાજ; રામા. ૨૮ શંકરને તું
શું ઓળખે,જેને રહે છે શેશ;વાર્ણવતાં વેદ થાકીયા,અનાદિ એ
મહેશ;રામ.૨૯ તોપણ તારૂણીના બુઝી,રૂદન કરે અપાર;ત્યા
રે હિંમાચળ આવિયો, પામ્યો આશ્ચર્ય સાર; રામા. ૩૦
નગપતિ કહે સુણ નારતું, કેમ કરે રૂદન; ભાગ્યવધ્યું આજ
આપણું,શીવ આવ્યા સદન; રામા.૩૧ તે માટે ઉઠતું પોંકવા
ખોટી થાય છે એહ; લગ્ન સમોવળી વીતીયો, થશે ફજેતી
તેહ; રામા. ૩૨ તે સમે બોલી ત્યાં મેનકા, સુણો સ્વામિ
વચન; હું નહિ ઉઠું પોંકવા, થાતાં દેહ પતન; રામા. ૩૩
દિકરીને લેઈ આ સમે, પડીશ દધિચીની માંય; કે વિખ પી-
વાનું આદરૂં, નહિ આવુંજ ત્યાંય; રામ.૩૪ પરાણે જો પર-
ણાવશો,સુતા શીવની સાથ; તોતો કાપું કંઠ માયરો, ઝાલી

સસ્વાર હાથ;રામા.૩૫ એવું દેખી તજી લાજને, આવી પાર-
વતી પાસ; તેતો કહેવા લાગી માતને,પાયે લાગી પ્રકાશ;રા-
મ. ૩૬ અરે માતા કેમ આચરે, આવો ફોગટ ફંદ, શંકર-
થી બીજો કોણ છે, સ્વામી તો સુખકંદ. રામા. ૩૭ શીવ
વિના અન્ય દેવને, નહિ પરણુ માત; પ્રાણાધાર એ તો મા-
ચરા, સાચી જાણજે વાત. રામા. ૩૮ એવું સુણી રાણી મે-
નાને, ચઢયો ક્રોધ અપાર; ઉઠીને સુતાને મારીયો, ગડદા
પાટુનો માર. રામા. ૩૯ મુખથી કહે આ કુભારજા, મુને
આણ્યું કલંક; જોગીડો જોઈ રીઝી આ સમે, તારા અવળા
છે અંક. રામા. ૪૦ વળતી મેના કેરા હાથથી, સતિ ચં-
ડીને સાર; બ્રહ્માએ મુકાવી તે સમે, આણી દયા અપાર.
રામા. ૪૧ એવી રીતે મેના કોઈ તાણી, નથી માનતી વાત;
તે સુણી વિષ્નુ ત્યાં આવિયા, સત્વગુણી સાક્ષાત. રામા.૪૨

વલણ વિષ્ણું આવ્યા તે સમે; મેના કેરી પાસરે; દુ-
ર્ગા કહે એતો કહે, શીવનું રૂપ પ્રકાશરેરેરે. ૪૩.

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં,
મેનયા શોક કૃતો નામ અષ્ટાદશોધ્યાયઃ ૧૮.

અધ્યાય ૧૯ મા—મેનાને વિષ્ણુએ ઉપદેશ કર્યો.

રાગ મેવાડો.

સુત કહે મુનિ સાંભળો, કહું વારતારે; આવ્યા વિષ્ણુ
તો મેના પાસ,તે સમજાવતારે.૧ કેશવ કહે સુણો કામની, રોષ
કેમ ધરોરે;પોંકો આ વખતે શૂલ્યપાણ;માટે કહ્યું કરોરે, ટેક.
પીત્રી પવિત્રની દીકરી, રોશ કેમ ધરોરે હિમાચળની ઉ-

ત્તમ નાર. માટે કહ્યું કરોરે. વાચાદત્ત થઇ બાળકી. રોષ૦ અન્યને ન અપાયજ સાર, માટે૦ ૨ વિવાહ કરેલો પ્રેમથી; રોષ૦ એતો ફોક શી રીતે થાય. માટે૦ મોઢે બોલી ફરી જાય છે; રોષ૦ તેતો નિશ્ચે નરકે જાય. માટે૦ ૩ વિશ્વાસ આપીને છેતરે; રોષ૦ એહ વર્ણશંકર જન. માટે૦ પાણી પીને ઘર પૂછશે; રોષ૦ એતો કેવળ મુરખ મન. માટે૦ ૪ અતિથી આવેલો આંગણે; રોષ૦ તેનો તિરસ્કાર ન થાય. માટે૦ મર્મ જાણ્યા વિના મહાત્માનો. રોષ. નવ કરીએ કદાપિ નિંદાય. માટે. ૫ જ્ઞાન વિના દોશદેખીએ, રોષ. સદવસ્તુનીમાંય સ દાય. માટે. દોરડી અંધારે સર્પ છે, રોષ. દીવો લાવી જોતાં ભય જાય, માટે. ૬ શીવ શનાતન ઇશ છે; રોષ. કાળના પણ કાળ એ છે કાળ. માટે. એહના ચાકર સઉ અમે, રોષ.શુળ પાણી સદા પ્રતિપાળ. માટે. ૭ હું તો બ્રહ્મા જ્યારે ઉપ- જ્યા, રોષ. ત્યારે હતા એ તેજ સ્વરૂપ. માટે. સ્તુતિ કરી અમે તે સમે રોષ. થયા તે સમે સગુણ ભુપ. માટે. ૮ પુરૂશ નથી એવો કોઈ વળી; રોષ. શદા આનંદી બ્રહ્મ ક હેવાય, માટે. માટે વૈરાગ્ય વેશ આ ધારિયો, રોષ. તેથી ત મને વિસ્મય થાય. માટે. ૯ ઉત્તમ કુળ છે એમનું, રોષ. નિ શકલંકી નિર્ગુણનાથ. માટે. કુબેરચાકર એમનો. રોષ.કોશ કુંચીઓ જેને હાથ. માટે. ૧૦ શાંજ પડે જેના ચર્ણમાં, રોશ. મુકે માથું ઈંદ્રાદિક દેવ. માટે. યોગી તાણાં વૃંદ આ- વીને, રોષ. પુછે વેદાંત વાણી એવ. માટે. ૧૧ એક છતાં

બધે વ્યાપીયા. રેશ. વશ્યા ઘટઘટ એ ભગવાન. માટે.ક્રોપે કદી એ ઈશ તો, રેશ. બાળી નાંખે બધાને આ સ્થાન.માટે. ૧૨ શેષ સુરેશને શારદા, રેશ. નિત્ય શંકરના ગુણ ગાય. માટે. અપાર રૂપ છે એમનું, રેશ. જેવા ભક્ત ધારે તેવા થાય. માટે. ૧૩ સિંધુ મથને બાળ્યો ક્રોધથી, રેશ. તેવો કરશે આ વખતે સંહાર. માટે. પ્રેમદા પુંઠે વિચારશો, રેશ. નહિ શીવની રીશ શહેવાય. માટે. લાવો લ્યોને હવે આ શમે, રેશ. કન્યા આપીને લાગો પાય. માટે. ૧૪ આવી રીતે બોધ ત્યાં કર્યો. રેશ, ત્યારે શમજી મેના નાર, માટે કહ્યું કરોરે, અજ્ઞાન આવર્ણ ત્યાં ટળ્યું, રેશ. થયો આનંદ અપરમપાર. માટે. ૧૫ તેણે શમે શીવ રીઝીયા. રેશ. કર્યું રૂપાળું પોતાનું તન. માટે. એટલે નારદ આવિયા, રેશ.એતો મેનાને કહે છે વચન, માટે કહ્યું કરોરે. ૧૬

વલણ. મેનાને નારદ કહે, શાંભળને અબળાયરે; શોભા જો તું શીવની, જેથી સંશય જાયરેરેરે. ૧૭

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાં મેનાયા વિબધુનાં ઉપદેશ કૃતો નામ એકોનવિંશો ધ્યાયઃ ૧૯

અધ્યાય ૨૦ મો. શંકરના સ્વરૂપનું વર્ણન.

રાગ ગરબી. સાંભળરે તું સજની મારી. એ રાગની.

સુત કહે મુની શાંભળો શરવે, એક ચિતે આણીવારરે; નારદ કેરાં વાકય સુણીને, હરખી મેના નારરે, મનડું મોહ્યુંરે, ટેક. ૧ વળતી એ અબળા આવીને. ઉભી શંકરકેરી પાશરે; રૂપ દેખીને ઘણું વિસ્મય પામી, ઉપજ્યો અતી ઉ

લ્લાશરે, મનડું. ૨ પાંચ વદન અનેદળ ભુજ સુંદર; ચર્ણુતો અતિ રઢીયાળારે; ઉદર પોયણીના પત્ર સરીખું, કેશ છે ઉપર કાળારે. મનડું. ૩ સિંહ કટીને નાશિકા શુકની, કર્ણુતો કંકુની લોળરે, દાડમ દંતને નેત્ર કમળ છે, હોઠ તો રાતા ચોળરે. મનડું. ૪ હસ્ત તો હાથીની શુંઢ સરિખા, કંઠ લાંબો ને મોટું ભાલરે, તે ભાલમાં ત્રીજું નેત્ર બિરાજે, શશીનો સારો તાલરે. મનડું. ૫ પાંચે મુસ્તક ઉપર મુગટ શોભે, તે તો છે રત્ન જડાવરે; હીરા માણેકને મણી મહી ચળકે, અદભુત એહનો બનાવરે. મનડું. ૬ હ્રદય દેશ તો બહુ રઢીયાળો, ઉપર મોતીના હારરે, કાને કુંડળ અને કેશરી અરચા, વાંક છે મુછ વિશાળરે. મનડું. ૭ હાથે બાજુ અને કંકણ પોંચી, કેડે કંદોરો નિરધારરે, પચ્ચાશે આંગળીએ વેઢ ને વીંટી, નક્ષત્ર છે નખે સારરે. મનડું. ૮ પગમાં તોડો ને સુંદર પાવડી ભ્રકુટી ધનુશાકારરે, હિરણ્ય ઊપવિત શોભે અતિશે, મોહ ભરેલો મીચકારરે. મનડું. ૯ ગોરૂં શરીર અને ગુણ અનોપમ, પહેર્યું પીતાંબર શારરે, સુર્ય શરીખી તે વિશાલ વીરાજે, કેડે કટારી નિરધારરે. મનડું. ૧૦ નંદીના ઉપર બેઠેલા નીશ્ચે શ્રીફળ ગ્રહયું કરમાંયરે, કોટી રવીના જેવું તે જ છે તનમાં, આભાશ આપે ત્યાંયરે. મનડું. ૧૧ જેના ઉપર છત્ર ધરયું છે રવિએ, વાયુ ઢોળે શશીરાયરે, ગંગાયમુના બેઉ ચામર કરતી, નાચે છે સીદ્ધી શમુદાયરે. મનડું.૧૨ ગાંધર્વ લોકો તો ગાન કરે છે, સિદ્ધો ઉભા જોડી હાથરે,વિ

ઘાઘરો તો અતિ વખાણુ કરતા, સુંદરીઓ લેઈ સાથરે.મન ડું. ૧૩ દેવતા મુખથી જય જય બોલે, ઈંદ્ર થયો છે છડીદા રરે, તેતો ખમાખમા મુખથી બોલે, હોકારો પાડી તણુ ઠા રરે. મનડું. ૧૪ એવું સ્વરૂપ દીઠું શંકર કેરૂં, ત્યારે મેના લા ગી પાયરે, પ્રથમ નિંદા કરી હતી તેની, માગવા લાગી ક્ષ માયરે, મનડું. ૧૫ પોતાની પુત્રી કેરૂં વખાણુ કરતી, ને વ ખાણુતી મુની શાતરે, શીવને નમી પછી આવી શદનમાં, સ્વામીની પાસે સાક્ષાતરે. મનડું. ૧૬ પ્રથમ આવીને તોર ણુ ઉભા, શંકર તો શુલપાણુરે, તે દીનથી એક માશાજ વી ત્યો; ત્રીશ દીવશ નિરવાણુરે મનડું. ૧૭ ધનારક તો તેને કહે છે મુનીઓ, જયોતિશ શાસ્ત્રમાં સારરે; તે માશમાંહી લગ્ન ન થાયે, મર્યાદા એવી નિરધારરે, મનડું. ૧૮ શંકર કેરૂ સ્વરૂપ જોવા, આવી નગર તણુ નારરે; તે તો જોઇને થઈ ચકિત શરવે, ઊપજયો પ્રેમ અપારરે, મનડું. ૧૯ કેટ લી અબળા તો આવી ઊતાવળી; મુકી પોતાનું ઘર કામરે, કેટલી નારીએ તો અધુરી મુકી, પતિ સેવા અભિરામરે, મ નડું. ૨૦ એવી રીતે સઉ નગરના લોકો, આવ્યા જોવાને આણુી પ્રેમરે, ભીડ થઈ ઘણી મંડપમાંહિ; સજડાસજડી તેમરે, મનડું. ૨૧ વલણુ. મેના મન હરખી અતિ, વળતી ગઈ ઘરમાંયરે,દુર્ગો કહે પછી પોંકવા;આવી એતો ત્યાંયરે.૨૨

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં,
શંકરેણ સ્વરૂપ સુષ્ટુ દર્શિતો નામ વિંશોધ્યાયઃ ૨૦.

અધ્યાય ૨૧ મો—પાર્વતિના સ્વરૂપનું વર્ણન.

રાગ ગરબી.માળણુ ગુંથી લાવ ગુણીયલ ગજરો, એ રાગની.

સુત કહે સાંભળો મુનીરાય, મેંના આવી પોંકવાને તદાય; કહું હવે તેહ શમાની શોભાય, સુણી મુનિ થારતા સુખકારીરે, ટેક. માથે મોડ મુકીયો છે છોગાળો, રામણુ દીવો હાથમાંહી રૂપાળો;તેવો સ્વર સુંદરીનો લટકાળો.સુણો. ૨ હાથ ગ્રહી હેમની સારી થાળી, નાકે ઘાલી રત્નની રૂડી વાળી; કંઠે શોભે ઠારમી કંઠી કાળી, સુણો. ૩ પુજા કરી શીવની તેણે ઠાર, ગળે ઘાલ્યા પુષ્પના પ્રિય હાર; પછી લીધાં પોકાણાં તેણે ઠાર. સુણો. ૪ ધુશળ મુશળ ત્રાક શરીયા સોપારી, રવઈચોને દ્રવ્ય સંપુટ ભારી, ઈંડી પીંડી એમ હાથે ઉતારી. સુણો. ૫ એવી રીતે શીવને પોંકવા જયારે, વાજાં વાગ્યાં દેવનાં ખુબ ત્યારે, થયો જેજેકાર ઘણો તણીવારે, સુણો. ૬ સ્વયંભુને વિષ્નુ તો તેણે ઠાર; ઉભા શિવ પાશમાં નિરધાર, કરે નહિ કઉતક કોઈ માટે શાર. સુણો. ૭ તોપણુ તાકી ઉભી છે મેના નારી, જેના રૂદેમાંય આનંદભારી,તાણ્યું નાક શંકરનું સુખકારી. સુણો. ૮ પછી ગઈ પ્રેમદા ઘરમાંય, આવી નીજ પુત્રીની પાસે ત્યાંય; પહેરાવે છે શણગાર સઉ ગ્રહી બાંય. સુણો. ૯ પારવતીનું રૂપ છે રૂડું ભારી,નથી એની તુલ્ય તો કોઈ નારી, રતિ રમા બેસે જે નાથ કીહારી, સુણો. ૧૦ માયા મુળ પ્રકૃતિ એ તો કહાવે, મહાકાળી નામથી મુનિ ગાવે, માળા ઝાલી ભક્ત ભજે જેને ભાવે. સુણો.

૧૧ ચંદન ચોળ્યું અંગમાં અતિ સારૂં; મુખે વદે વેણુતો વળી પ્યારૂં; વદન કોટી ચંદ્ર સમુદીસે વારૂ. સુણો. ૧૨ હોળ્યા કેશ શીશના તેણીવાર વેણી ગુંથી પાડીયો સેંથો સાર, તેમાં પુરયું સિંદુરતો નિરધાર, સુણો. ૧૩ ચોઢયો પછી ચાંદલો રૂડો ભાળ, આંજ્યો આંજી મેંશથી તતકાલ; ભ્રકુટી છે વાંકી તેનો ભલો તાલ, સુણો. ૧૪ કાને ઝાલ ઝુમણું તે તો શોભે, લોલક અને લોળીએ મન લોભે; અકોને જોતાં અતિ ચિત શોભે, સુણો. ૧૫ નાસિકાતો કીરના જેવી સારી, તેમાં વાળી હેમની હિતકારી; ચળકોતેમાં ચુની લીલી ઘણી સારી, સુણો. ૧૬ ગળે ગળું બંધને મોતીહાર, તુશા કંઠી વાંકડી ખુબીદાર; કાળી ગાંઠી ચંપકળી નિરધાર, સુણો. ૧૭ હૃદય દેશ કોમળ કહેવાય, તેમાં સ્તન બેઉતો દરશાય; જેને જોઈ ચક્રવાકી લજવાય, સુણો. ૧૮ હાથે ચુડી હેમ કેરી વિચિત્ર, કડું અને કાંકણી છે પવિત્ર; કંચુકી તો કેવર રત્ન જડીત્ર, સુણો. ૧૯ ઊદરપત્ર પોયણી પરમાણુ, કટિસિંહ તુલ્ય છે નિરવાણુ; નાભિ તેવી અમૃતનો કુપજાણુ, સુણો. ઘણો શોભે ઘાઘરે ચિત્રમોર, ચોઢી ચારે પાસ કસબી કોર; ટાંકયાં તેની આજુબાજુ બહુ બોર, સુણો. ૨૧ ઓઢી અંગે ઘાટડી તે અમુલ્ય, તેતો ઘણી શોભતી સૂર્ય તૂલ્ય; નથી કાંઈ ભાતની જેમાં ભુલ્ય, સુણો. ચરણે કલ્લાં સાંકળાં બે બિરાજે, આંગળીઓએ વિંછુવા ઘણા છાજે; જેમાં ઘણી ઘુઘરીઓ તો ગાજે, સુણો. ૨૩ એવી રીતે પુત્રીને તેણે ઠાર,

મેના એતો ઘાલીયા અલંકાર; જેણે કરીશોભીયું અંગ અપાર, સુણો. ૨૪ આવ્યા પછી માંયરામાં મહેશ, ધરે જેનું ધ્યાન તો નિત્યેશેશ; બેઠા એતો બાજઠ સધ સુરેશ, સુણો. ૨૫ બ્રહ્મા થયા ગોરતો તેણીવાર, જેને રૂડાં મુખ છે વળીચાર; કરે એહ ઉચ્ચાર વેદનો સાર, સુણો. ૨૬

વલણ પરમેષ્ટીપોથી ગ્રહી, બેઠા તેણે ઠારરે; દુર્ગા કહે એતો વળી, કર્મ કરાવવા સારરે. ૨૭

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સહિતાયાં પાર્વત્યા સ્વરૂપ વર્ણનો નામ એક વિંશોઽધ્યાયઃ. ૨૧

અધ્યાય ૨૨ મો—શંકર વિવાહ સંપૂર્ણ.

રાગ મારૂ.

બોલ્યા સુત પુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિજન; હવે મંડપમાં તેણેઠાર, થયો અત્યંત જય જયકાર. ૧ વાજા વીધ વિધ વાગે રસાળ, નાચે કિન્નરીઓ તેણે કાળ; કરે સિદ્ધને યોગી સ્તવન, અતિ પ્રસન્ન છે જેનાં મન. ૨ પર્વતની સ્રીયો ત્યાંય; બોલે મર્મવાણી એહમાંય, આણી બાજુ લક્ષ્મીને સાવિત્રી, ઘટતા શબ્દો કહે આણી પ્રીતિ. ૩ પછી કન્યાનો મામો તો જેહ, પિત્રી દેવતા કહેવાય તેહ; તેણે પ્રીતિ આણી અતિ ત્યાંય. ૪ ત્યારે નગપતિને મેના નાર, આવ્યાં સ્નાન કરી તેણે ઠાર; એતો આપવા કન્યાનું દાન, બેઠા મંડપમાં તેણે સ્થાન. ૫ એવામાં થયું કૌતક એક, કહું વિસ્તારી તેહ વિશેક; વાયો જોર કરીને સમીર, ખસ્યું કંન્યાના અંગનું ચીર. ૬ તેથી ગૌરી તણું મુખસાર, દીઠું

બ્રહ્મા એ ત્યાં નિરધાર; ત્યારે ઉપજ્યો અંતરકામ, પ્રગટી વિહ્વળતા અભિરામ. ૭ તેથી વછુટ્યું વિર્ય વિશાળ, પડ્યું પૃથ્વીનીમાંય તે કાળ; પ્રગટ્યા તેમાંથી પુત્ર હજાર, બ્રહ્મ ચારી રૂપે નિરધાર. ૮ તે તો વૃદ્ધિ પામીને તદાય, લાગ્યા પરમેષ્ટીને સઉપાય; એવું દેખીને કાર્ય વિરોધ, ચઢ્યો શંકરને અતિ ક્રોધ. ૯ જાય શ્રાપ દેવા જેણીવાર, ત્યારે બોલિયા વિષ્ણુ તે ઠાર; અહોશુલપાણી મહારાજ, ક્ષમા કરો ગુન્હો તમે આજ. ૧૦ મહામાયાનું દેખી શરીર, કીયો મુનીધારી શકે ધીર; વિશ્વમોહિની એતો કહેવાય, એમાં બ્રહ્માનો શોછે અન્યાય. ૧૧ માટે જે તે રીતે આણીવાર, કરો પાવન એહને સાર; જેથી વિવાહનું શુભ કર્મ, થાય ચાલતું એ વળી પર્મ. ૧૨ એવાં વિષ્ણુનાં સુણી વચન, થયા શંકર પોતે પ્રસન્ન; પછી જટામાંથી તેણે ઠાર, કાઢી ગંગા પોતે નિરધાર. ૧૩ તેમાં નવરાવ્યા બ્રહ્માને ત્યાંય, એમ શુદ્ધ કર્યા ક્ષણમાંય; પછી પેલા થયાતા જે બાળ, આપ્યા આદિત્યને તતકાળ. ૧૪ વાલખીલ્ય રૂષીએ કેહેવાય, કરે ત્રિકાળમાં તપશાય;રવિ રથ પુંઠે રહી સાર,આપે અર્ઘ સદાઅપાર.૧૫ હજુ સુધી એતો બ્રહ્મ બાળ, આપે અર્ઘ સદા ત્રણકાળ.૧૬

દોહરો વળતી કર્મ કરાવતા, બ્રહ્મા તેણે ઠાર; દુર્ગો કહે તેનો કરૂં, શ્રોતાજન વિસ્તાર. ૧૭

ધોળ ૨ જું ધન્યધન્ય શંકરનો વિવાહ, શોભા શી કહું એહની; જેને સુણતાં ટળે તન દાહ, શોભાશી કહું એહની; ટેક, યોજન પાંચ વિષે

રચ્યો, મંડપ તેણે ઠાર, તેમાં તો વળી બાંધી છે ચારૂ,ચંદની તખતા જડયા, ઝુંમર ટાંગ્યાં ત્યાંય, રત્ન મણિ શોભે અતિ, એતો મંડપના સ્તંભમાંય. શોભા૦ મેરૂ આદિ નગ સઉ વળી તેઓની નાર, તે તો ધરી તન દેવનાં, બેઠાં મંડપમાં નિરધાર. શોભા૦ મુનિઓ સહુ મંગળ ભણે, અષ્ટક આણી પ્રેમ, તેવી નગની નારીઓ; ગીત ગાય છે કુશળ ક્ષેમ.શોભા૦વાજાં વિવિધ વાગતાં,તેતો ખુબ રશાળ, નાચે કિન્નર નારીઓ, તેનો સુંદર દીસે તાળ. શોભા૦ નગપતિ ને મેના શતિ, નાહ્યાં તેણીવાર, વળતી કન્યા પધરાવતાં,એતો આણીને પ્રેમ અપાર. શોભા૦ મંડપના મુખ્ય દેવતા, ગ્રહ આદિ વળી જેહ, બ્રહ્માએ તે સર્વનું કરાવ્યું છે, પુજન આણી સ્નેહ, શોભા શી કહું એહની. દોહરો. મંગળ ફેરા ત્યાં ફરે, શીવ પારવતી શાર, દુર્ગો કહે હવે તેહનો, કરૂં હું તો વિસ્તાર. રાગ ધોળ. ૩ જું. ત્યાં તો પહેલું મંગળ વરતાય, હરેક ત્યાં તો શાં શાં દાન અપાય. શોભા ઘણેરીરે. ત્યાં તો ગાયોનાં દાન અપાય, હરેક સર્વે માનુની મંગળ ગાય. શોભા ઘણેરીરે. આપે દાન હિમાચળ રાય, હરેકે દાન લે છે શંકર મહાકાય. શોભા. ત્યાં તો ગોત્રનો ઉચ્ચાર થાય, હરેકે માગે આચાર્ય તો દક્ષણાય. શોભા. ત્યાં તો બીજું મંગળ વરતાય, હરેકે ત્યાં તો દાશીનાં દાન અપાય. શોભા. ત્યાં તો ફરે છે વર ને કન્યાય, હરેકે ત્યાં તો હસ્ત મેળાપક થાય. શોભા. ત્યાં તો દેવતાની પુજા થાય; હરેકે ત્યાં તો અ

ગ્નિની સાક્ષી અપાય. શોભા. દાન આપે છે હિમાચળ ભુપ, હરેકે દાન લે છે શ્રી અનુપ. શોભા. ત્યાં તો ત્રીજું મંગળ વરતાય. હરેક ત્યારે ભુમીનાં દાન અપાય. શોભા. બોલે યાચક યશ વિશાળ, હરેક વાગે વાજાં વિવિધ રસાળ. શોભા. ત્યાં તો દાપાં તમામ ચુકાય, હરેકે એ તો આપીને અતિ રાજી થાય, શોભા. આપ્યા આપ્યા હાથી ને તોખાર, હરેકે આપ્યા કુંચી સહિત ભંડાર. શોભા. ત્યાં તો ચોથું મંગળ વરતાય. હરેકે ત્યારે કન્યાનું દાન અપાય. શોભા. ત્યાં તો સૌભાગ્યવતી આવે નાર, હરેકે એ તો શ્રીફળ માગે શાર. શોભા. ત્યાં તો આનંદ ઓચ્છવ થાય, હરેકે જુએ ધ્રુવ તારો વરને કન્યાય. શોભા. ત્યાં તો ગોત્રજ પુજવા જાય. હરેકે રમે એકીબેકી ત્યાં તદાય. સોભા ઘણુરીરે.

વલણ. વરકન્યા પરણી ઉઠયાં, હરખ્યો શરવે શાથરે,
દુર્ગો કહે સૌ બોલજો, જયજય નિર્ગુણ નાથરેરે.

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં,
શંકરવિવાહ સંપૂર્ણો નામ દ્વાવિંશોધ્યાયઃ ૨૨.

અધ્યાય ૨૩ મો—હિમાચળે શિવને પહેરામણી આપી.

રાગ મારૂ. બોલ્યા સુત પુરાણી વચન, સુણો શત્યવાદી મુનિજન, પછી હિમાચળે તેણે ઠાર; સહુને ભોજન કરાવ્યું શાર. ૧ બેઠા જમવા ત્યાં શીવરાય, તેની સંગાથે દેવ બધાય, ત્યારે નિકળ્યાં ભોજન જેહ, કહું વિસ્તારીને હવે તેહ. ૨ વડાં કચોરીને કંશાર, ખીર રોટલી ખાંડ અપાર; દળ દહીથરાં દુધપાક પુરી, સેવો વેઢમી શ્રેષ્ઠ શંજોરી. ૩ સુ-

તરફેણી જલેબી ને કળી, ખાજાં ઘેબર પાપડી ગળી; પેંડા બરફી ને ગુંદરપાક, મોતી ચુર મલાઈ અથાક. ૪ મગશ મગદળને માલપુડા; ચણા શાકરીયા તેમાં રૂડા, લાડુ પરસુદીનો મેવો સારો, શીરો શાકરનો તળધારો. ૫ શીખંડ બાસુદી હલવો રશાળ, મુરબ્બાનો વળી સારો તાળ, કેળાં રાયણ ને કેરી શાર, શુભ શીતાફળ નીરધાર. ૬ પસ્તાં ચારોળી બદામ દાખ, તેણે યુક્ત છે કોપરા પાક, મગ મઠ ને ચણા વઘાર્યા, વાલ વટાણા તે તો સુધાર્યા. ૭ દશ જાતિનાં ભજીયાં ત્યાંય, શેવ ખારી તળી તેલમાંય, કઢી સતોરા દહીંની કરી, વડી નાંખીને ઉકાળી ખરી. ૮ મઠો રાયતું ખારેક તણું, પાપડ અથાણું સ્વાદિષ્ટ ઘણું, શાક સો જાતિનાં તેણે ઠાર; પર્વળ પાપડી કંકોડાં શાર. ૯ દુધી બટાકા તુરીયાં તેવાં, મીઠાં ગીલોડાં આરિયાં એવાં; મુગળા મોગરી કોળું રશાળ, વડી વેગણ ચણાની દાળ. ૧૦ ભાજી મેથીની હીંગે વઘારી, તેવી ચટણી કીધી છે ભારી, ભીંડા કારેલાં ગલકાં જેહ, સુરણ રતાળું વાલોળ એહ.૧૧ તે તો ડુબડુબાં તેલમાંસાર,જેને આરોગે સ્વાદ અપાર;ભાતકેસરી કમોદકેરો, તેમાંલવિંગને ઘીનોદોરો.૧૨ દાળ નરમ તેહની સાથ, દુધ તક્ર એ બેઉ સાક્ષાત; એવી રીતનાં ભોજન ત્યાંય, નીકળ્યાં સઉ પંક્તિનીમાંય. ૧૩ બેઠા જમવા દેવ તમામ, ઊમાપતિ સાથે અભિરામ; પીરસે પરમાત્મા વિષ્ણુ તે ઠાર, આણી અંતર પ્રેમ અપાર, ૧૪ બીજા પર્વતો કહાવે જેહ, કરે દેવ નાંટી

ખળ તેહ; હાસ્ય વિનોદની વારતાય, જમતાં જમતાં કરે છે તદાય. ૧૫ એવી રીતે જમી ઉઠી જાન, આપ્યાં પાનનાં બીડાં તે સ્થાન; પછી હીમાચળ નગ ભુપ, બેઠા સભા કરીને અનુપ. ૧૬ આપી પેહેરાણી તેણુઠાર, સુણો શ્રોતા તેનો વિસ્તાર; સોના કેરી મોહોરો એક લક્ષ, શાલ પાઘડી તેતો પ્રત્યક્ષ. ૧૭ હાથી અઢારસેં નિરધાર, રથ સાતસેં ઉજવળ સાર; કલ્યાણી પાંચ હજાર, દાસી શહસ્ત્ર એક તેઠાર. ૧૮ આપ્યા શંકરને આણી પ્રેમ, સોળશણગાર પુત્રાતે તેમ; વિષ્ણુંને આપી મણીની માળ, બ્રહ્માને પણ તે તતકાળ.૧૯ ઈંદ્ર સુર્યને મોતીના હાર, જેની શોભા તણો નહિ પાર;બીજા ત્રિદશાને પણ ત્યાંય, ઘટે તેવું આપ્યું સભામાંય. ૨૦ હવે માત્રિકા આદિ જે નારી, શીવ પાસાની જાનરડી સારી;તેને અંબર આપ્યાં અતુલ, જેનું થઈ ન શકે શાળી મુલ. ૨૧ ચર્ણ પટને કંચુકી શાડી, આપી સર્વેને શાંત પમાડી; થઈ ખુશી તમામ તે નાર, વર્ત્યો તે સમે જયજયકાર,૨૨ હિમાચળે વળી ત્યાં સાક્ષાત, રાખ્યા સર્વેને દિવસ સાત; પછી ઊમા તણા ભરથાર; થયા જાવાને માટે તૈયાર. ૨૩ ત્યારે પારવતી કેરી માત, શિક્ષા પુત્રીને દેછે સાક્ષાત.

વલણ પુત્રીને શિક્ષા કહે, મેના નગની નારરે દુર્ગો કહે શ્રોતા સુણો કહું તેનો વિસ્તારરેરેરે. ૨૪

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે ગ્નાન સંહિતાયાં હિમાચળેન શીવસ્ય પેહેરામણીદત્ત નામ ત્રયોવિંશોઽધ્યાયઃ ૨૩

અધ્યાય ૨૪ મો પાર્વતિ સહિત શીવ કૈલાશે આવ્યા.

ગરબી શિક્ષાશાણાને, એ રાગની; પાર્વતીને મેના કહે છે, સાંભળ મારી કુંમારીરે; સાસરે કોઈ દીન ક્રોધ ન કરવો, રાખવી અતિ હુંશીયારીરે શિક્ષા ઓનેજી. ૧ પોતાનું ઘર મુકી પારકે સ્થાને કામ વિના નવ જાવુંજી, વૃદ્ધ બાળકને સ્વામિના પેહેલું પ્રાણા ગયે નવ ખાવુંરે; શિખા શિક્ષા. ૨ પતિને ગમતી વાણી ઉચરવી, પાળવી તેની આજ્ઞાયરે; ખરૂં ખોટું પણ તેહ કરે તેની. કરવી નહિ નિંદાયરે; શિક્ષા. ૩ પોતાના ઘરનું છિદ્ર પરને ન કહેવું, ને સુણુવી નહિ ખોટી વાતરે; દુશ્ચારણી કેરો સંગન કરવો ને તજવું વ્યસન સાક્ષાતરે. શિક્ષા. ૪ હુંપદ રાખીને ગર્વ ન કરવો ને સહનતા ગ્રહવી સારી રે; લોભ લાલચ અને લક્ષણ ખોટાં, રાખવાં નહિ કષ્ટકારી રે. શિક્ષા.૫ પ્રાત:કાળે ઉઠવું વહેલું ને કાઢવો પુંજો નિરધાર રે; વાસણ માંજવાં ને રસોઈ કરવી, પવિત્રપણે વળી સારરે. શિક્ષા.૬ સાસુસસરો અને જેઠજેઠાણી, પાળવું તેહનું વચન રે; કદાપિ તેની સાથે કજીયો ન કરવો, રાખવા એહને પ્રસનરે. શિક્ષા.૭ સ્વામિ સદન તજી જાય પ્રદેશે, ત્યારે તજવા અલંકારરે; ભુમિ સુવું અને હાસ્ય ન કરવું, જાવું નહિ પરદ્વાર રે. શિક્ષા.૮ પરપુરૂષ સાથે વાત ન કરવી, વિના પ્રસંગે કોઈ ઠામ રે; તેવું એકાન્તમાં ઉભું ન રહેવું, તેહની સાથ અભિરામ રે. શિક્ષા. ૯ વૃત્ત કથા અને દાન નિયમ શુભ, તીરથ ને તપ સાર રે; તે તો પતીને પુછી કરવાં, પ્રીતે ધ્યાન ભજનનિરધાર રે.શિક્ષા.

૧૦ વિપત્તીમાં ઘણી ધીરજ ધરવી, ક્ષમા ઊદયમાંહી ગ્રહવી રે; સુજશ કેરી સદા આશાજ રાખવી, હિંમત રાખવી એવી રે. શિક્ષા. ૧૧ સાચું બોલવું અને શંપથી રહેવું, ચાડી ન કરવી લગાર રે; મર્મ વચન નવ કહેવું જ કોઇને, લેવો બધેથી તત્વ શાર રે. શિક્ષા. ૧૨ કુવે તલાવ નવ વાતોરે કરવી ઊભું ન રહેવું રસ્તે લેશરે; પારકું સુખ દેખી બળવું ન પોતે, હોળવા નિત્યે કેશ રે. શિક્ષા. ૧૩ મુખ -હૃદય અને શાથળ પાની, એટલાં અંગ તો જેહ રે; પરપુરૂષ પેખે એમ ન રાખવાં, ઢાંકીને ફરીએ તેહ રે. શિક્ષા. ૧૪ પતિને પ્રભુ તેમાં ફેર ન ગણવો, કરવી શદૈવ તેની સેવ રે; શર્વે શિક્ષાનું તત્વ એહ છે દીકરી માટે રાખવી એહ ટેવ રે. શિક્ષા. ૧૫ અરે દીકરી તું તો ઇશ્વરી રૂપ છું, શકળ ગુણનો ભંડાર રે; તુજને હું શી આપું શિખામણ, પણ આ જગત રૂઢી શાર રે. શિક્ષા. ૧૬ તારા જનમથકી પવિત્ર થઈ હું, પધાર્યા મારે ઘેર ઇશ રે; તેત્રીશ કોટી દેવ પધાર્યા, આવ્યા વિષ્ણુ ને વાગીશ રે. શિક્ષા. ૧૭ એવું કહીને પછી મેના શતીએ, પુત્રીને રથમાં બેશાડી રે; તેણી વેળાએ આવ્યાં નેત્રમાં આંસું શીથીળ થઇ સૌ નાડી રે. શિક્ષા. ૧૮ હિમાચળ તો પછી ભાગોળે આવી, લાગ્યો તમામને પાય રે; પધારજો તમે ત્રિદશ શર્વે, અપરાધ કરજો ક્ષમાયરે. શિક્ષા. ૧૯ દોહરો--ત્યારે વિષ્ણુ બોલિયા, શાંભળ નગપતિ વાત; ચાકરી તેં શારી કરી, ધન્ય તને શાક્ષાત. ૨૦

રાગ મારૂ—બેઠી ભાગોળે દેવ શભાય, ત્યારે બોલ્યો

હિમાચળ રાય; અહો દેવતા તમને ધન્ય, મુને કીધોજ આજ પાવન. ૨૧ મારા આપ્યા મુકયા શામું શાર, નવ જોશો તમે આણી વાર; હું તો હાથ જોડી અભિરામ, કરૂં પ્રીતે તમોને પ્રણામ. ૨૨ વળતી શંકરે લીધી આજ્ઞાય, ચાલ્યા કૈલાશ પ્રત્યે તદાય; શાથે પારવતી શતી દેહ, બીજા આવેલા દેવતા તેહ. ૨૩ એહ શર્વને લેઇ તદાય, આવ્યા કૈલાશમાં શીવરાય; ત્યારે નગપતિને મેના નાર, આવ્યાં પોતાને મુકામે શાર. ૨૪ હવે કૈલાશમાં તતખેવ, કરે શંકરની સ્તુતિ દેવ; પ્રભુ આપો રજા આણે ઠામ, જઈએ પોતપોતાને મુકામ. ૨૫ સુણી શંકર બોલ્યા વચન, જાઓ સુખેથી આદિતિ તન; વળી બોલાવું તેણીજ વાર, વેહેલા પધારજો આણે ઠાર. ૨૬ એહ વાકય સુણી અભિરામ, ગયા સ્વર્ગમાં દેવ તમામ; હવે શપ્ત રૂષિ મુનિ જેહ, કહેવા લાગ્યા પિનાકીને તેહ. ૨૭ અહો શીવ આપોને રજાય, જઈએ સ્થાનકમાં આ વેળાય; એવું સુણી શદા શીવ ઈશ, કહેવા લાગ્યા મુનિને તે દીશ. ૨૮ તમે ઘણો કર્યો ઊપકાર, માટે માગો કંઈ નિરધાર; સુણી શપ્ત રૂષિ બોલ્યા વાણ, આપો ભક્તિ શદા શુળપાણ. ૨૯ મોટી તમારી સૌથી ઈચ્છાય, અમારાથી કશું નવ થાય, પછી બ્રહ્માને વિષ્નુ તે ઠાર, સ્તુતિ કરવા લાગ્યા અપાર. ૩૦ તેહ સર્વને શંકર ત્યાંય; આપ્યાં વરદાન આનંદમાંય, પછી જાવાની આપી રજાય, ઘણા ખેદ થકી મહાકાય. ૩૧ હવે સાત રૂશિ બ્રહ્મા જેહ, ગયા સત્ય

લોક વિષે તેહ, મહા વિશ્નુ તો વઈકુંઠે ગયા. ૨૪ રમા સાથે ઘણા સુખીયા થયા, ૩૨ વળતી કઈલાશ પરવતમાંય, સુખ ભોગવે શંકર ત્યાંય; કરે સતીની સાથે વિલાશ, ભોગ ભોગવે આણી ઉલાશ. ૩૩ એમ વિત્યા ઘણા દીન સાર, પણ ના થઈ પ્રજા તે ઠાર, ત્યારે ઈંદ્ર થયો ઉદાશ, પીડે તારકાસુર પ્રકાશ. ૩૪વલણ—ત્રિદશ સૌ ટોળે મળી, કરતા મન વિચાર રે; દુર્ગા કહે સુત ના થયો, શંકરને નિશ્ધાર રે.

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં પાર્વત્યા સહ શિવ કૈલાશે આગતો નામ ચતુર્વિંશોઽધ્યાયઃ ૨૪

અધ્યાય ૨૫ મો–કાર્તિક સ્વામીની ઉત્પતિ અને તારકાસુરનો વધ.

રાગ શામેરી ઢાળ—સુત પુરાણી એણી પેર બોલ્યા, સાંભળો સૌ મુનિરાય; શંકરથી સુત કેમ થયો, હવે કહું તેનો મહિમાય. ૧ સુર સઘળા એકઠા થઇ કરતા; અંતરમાં વિચાર, શંકરથી સુત થાએ એવું શું કરવું નિરધાર. ૨ વળતી ઈંદ્રે અગ્નિને કહ્યું, શાંભળ મારી વાત, શંકરના વપુમાંહી તું તો, પ્રવેશ કર શાક્ષાત. ૩ તેણે કરીને વિર્ય છુટશે, રૂદ્ર તણું બળવાન; તેને હોલો થઈને લેજે, ચંચુથી રાજન. ૪ એવું સાંભળી અગ્નિ ચાલ્યો, હોલો થઈ તે ઠાર, શંકરના સ્થાનકમાં આવ્યો, તતક્ષણ તેણીવાર. ૫ તે વખતે શંકર બેઠાતા, પારવતીની પાશ; હાસ્ય વિનોદની વાતો કરે છે, આણીને ઉલ્લાશ. ૬ તેની જમણે પાસે ઉભો, બિશ્વાનર મહાકાય, એટલે શીવને તાપ લાગીયો, તનમાંહી તદાય. ૭ તેથી વિર્ય વછુટયું તતક્ષણ, ક્ષણું નવ લાગી વાર;

તેતો પૃથ્વી ઉપર પડીયું, શોભીતું અપાર. ૮ તેને અગ્નિ દેવે લીધું, ચાંચ વિષે રાજન; ત્યારે શંકર ક્રોધ કરીને, બોલ્યા તર્ત વચન. ૯ અલ્યા દુષ્ટ તું હોલા રૂપે,કપટી છે કોઈ સાર; તે માટે સાચું કહે નહિ તો, દંડ દેઈશ નિરધાર. ૧૦ એટલે અગ્નિ કહેવા લાગ્યો, સાંભળો શંકર તાત, સુરપતીએ મોકલીયો મુજને, સત્ય કહું સાક્ષાત. ૧૧ માટે મારા ઉપર સ્વામી, ક્રોધ ન કરશો લેશ; હું આધિન એને એ કારણ, આવ્યો છું મહેશ. ૧૨ એવું શાંભળી શંકર કહે સુત થાશે તુજ કલ્યાણ, જા મઘવાને વિર્ય સોંપ એ, આ વખતે નિરવાણ. ૧૩ તે કાળે શંકરને પ્રણમી, ચાલ્યો અગનિ દેવ; સત્વર એ તો આવી પહોંચ્યો, ગંગા કાંઠે એવ. ૧૪ તે વખતે એ વિર્યનો અગનિ પ્રગટયો અપરંપાર, વન્હીથી તે નવ સહેવાયો, ગભરાયો અપાર. ૧૫ તેથી મુખમાં વિર્ય હતું તે, નાંખ્યું સરિતામાંય; તેતો સરખડના ઈંધનમાં, પડીયું નિશ્ચે ત્યાંય. ૧૬ તેને ગંગાએ તો કાઢયું, કાંઠા ઉપર શાર;તેમાંથી એક બાળક ઉપજયો; ક્ષણું નવ લાગી વાર. ૧૭ રૂપ વિશે રંગીલો એ તો, પાળીઓ પરમાણ; સુર્ય સરિખો તેજવંત છે, ચંદ્રવદન નિરવાણ. ૧૮ એવામાં ત્યાં ખટ કન્યાઓ, રાજાની તો જેહ; નાહાવા માટે આવી પોહોંચી,સુંદર જેનો દેહ. ૧૯ તેણે પેલો બાળક દીઠો,શોભિતો અપાર; ત્યારે સર્વે બોલી ઉઠી, મારો એ કુમાર. ૨૦ વાદ પરસ્પર કરવા લાગી, રાજાની કન્યાય; ત્યારે બાળકે ત્યાં કીધાં, ખટ મોઢાં

તદાય.૨૧ વળતી પેલી ખટ કન્યાને, ખટ મોઢે રાજન; બાળક બહુ પ્રીતિથી ધાવ્યો, પ્રસન થઈને મન.૨૨ તેણે કરીને શાણુમાતુર શુભ, પડીયું તેનું નામ; બીજું પારવતીનો નંદન, ગુહ ત્રીજું અભિરામ.૨૩ અગ્નિભુને સ્કંદ દેવતા, ગંગા સુત નિરધાર; એવાં એનાં નામ પડયાંત્યાં, સુંદર તેણે ઠાર.૨૪ વળતી પેલી રાજપુત્રીઓ, બાળક લેઇ ગઈ ઘેર; દિવસે દિવશે પુત્ર વધે એ વચશી રૂડી પેર.૨૫ નારદજીએ વાત જાણી તે એટલે આણી પ્રેમ; દેવ સર્વને ભેગા કીધા, ત્વરા થકી વળી તેમ.૨૬ ત્યારે તે દેવોએ લીધી, શંકરની આજ્ઞાય; વળતી શરજન્માને કીધો, શેનાધિશ તદાય. ૨૭ મઘવા આદિ દેવ કહાવે, તે ત્રીશ કોટિ જેહ; તેતો સર્વે સેના બનિયા, તેમાં નહિ સંદેહ. ૨૮ એટલે સ્વામિ કાર્તિક પોતે, તર્ત થયો તઈયાર; દેવ સર્વને લેઇને આવ્યો, શોણિતપુરમાં શાર. ૨૯ ભાગોળે આવીને કીધો, સિંહનાદ બળવાન; તેને સાંભળી તારકાસુરતો કંપ્યો તેણે સ્થાન. ૩૦ એટલે નીજ સેન્યાને લેઇને નિકળ્યો પુરથી બહાર; ત્યારે સૌ દેવોને દીઠા, સ્કંદ સહિત નિરધાર. ૩૧ વળતી યુદ્ધ આરંભ્યું એણે, આણી ક્રોધ અપાર; સ્વામી કાર્તિક ઉપર કીધી, શર વૃષ્ટિ તે ઠાર. ૩૨ દેવ સર્વને ઘાયલ કીધા, હેલ્લામાં રાજન; ત્યારે ઝાઝો કોપે ચઢીયો, શંકર કેરો તન. ૩૩ દઈત્ય સૈન્ય ઉપર ત્યાં કીધી, શર વૃષ્ટિતે ઠાર; બબે બાણે રાક્ષશ કેરાં, તોડયાં શીર કપાળ. કોઈના પગને ભુજ કોઈ કેરા, કોઈનાં નાકને કાન; કાપીને

પૃથ્વી પર પાડયાં, ક્ષણુંમાં તેણે સ્થાન.૩૫ એવી રીતે ત્રીશ દિવશ તો, અખંડ દીન ને રાત; યુદ્ધ થયું એ દઈત્યની શાથે, તે સ્થળમાં શાક્ષાત. ૩૬ વળતી શંકર સુતે કાઢયો, શર એક દીપ્તીમાન; તેને મંત્ર ભણીને મુકયો, શત્વર તેણે સ્થાન. ૩૭ દિશાને દિપાવતું ચાલ્યું, અમોઘ એતો બાણ; તેણે તારકાસુરનું છેદયું, મુસ્તક તો નિરવાણ. ૩૮ ત્યારે શેશ હતા જે દઈત્યો, તેતો નાઠા શાર; શત્વર જઈ પાતાળે પેઠા, શંતાયા નિરધાર. ૩૯ તે વખતે દેવોએ વખાણ્યો, શંકરકેરો બાળ; પુષ્પ તણી તો વૃષ્ટિ કીધી, દુંદુભી નાદ વિશાળ.૪૦ વળતી શણમુખને લેઈ ચાલ્યા, ઈંદ્રાદિક સૌ દેવ;તેતો ગિરી કૈલાશે આવ્યા, ઉતાવળા તતખેવ. ૪૧ પશુપતિને નમીયા સૌ પ્રીત્યે, સોંપ્યો એમનો બાળ; તે પુંઠે ત્યાં સ્તુતિ કરતા, શર્વે એકે કાળ. ૪૨ વિશ્વેશ્વરને ત્રંબળ ત્રિશુરી, પુરણ પંચ વદન; અમે શર્વે નમીએ હમેશાં, તમને ઉજવળ તન. ૪૩ તમારા પુત્રે તો કીધો, વેરી અમારો નાશ; નિષ્કંટક પૃથ્વી થઈ હવે, આ વખતે પરકાશ. ૪૪ એવું સાંભળી રૂદ્ર બોલિયા, કરૂણા આણી શાર; અહો દેવ જાઓ તમે શરવે, પોત પોતાને ઠાર. ૪૫ વળી સંકટ આવે તે કાળે, કહેજો મુજને વાત; કષ્ટ તમારૂં કાપી નાખીશ, ત્વરા થકી સાક્ષાત. ૪૬ એવું સાંભળી દેવો સર્વે, લાગ્યા શિવને પાય; વળતી પોત પોતાને સ્થાને પરવરીયા મહાકાય. ૪૭

વલણ—એવી રીતે જય કર્યો, શીવપુત્રે નિરધાર રે; દુર્ગો કહે પછી શું થયું, તેનો કરૂં વિસ્તાર રે. ૪૮

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં, સ્વામિકાર્તિકસ્યઉત્પત્તિ તથા તારકાસુરવધોનામ પંચવિંશોધ્યાયઃ ૨૫.

અધ્યાય ૨૬ મો—તારકાસુરના ત્રણ પુત્રોનું તપ.

રાગ મારૂ—બોલ્યા સુત પુરાણી વચન, સુણો શૌનકાદિ મુનીજન; માર્યો તારકાસુરને જ્યારે, જેજેકાર થયો તેણી વારે. ૧ પછી તે દૈત્યના તેણે ઠાર, ત્રણ પુત્ર હતા નિરધાર; કહું તેહનાં સુંદર નામ, અનુક્રમ થકી અભિરામ. ૨ વિદ્યુન્માળી પેહેલાની આખ્યાય, કેકરાક્ષસ બીજો કેહેવાય; કમળાક્ષ ત્રીજો દઇત્ય સાર, એવા ત્રણે ભાઇ નિરધાર. ૩ કર્યો તેમણે મળી વિચાર, લેવું તાતનું વેર આ વાર; કાઢવું સૌ દેવનું મુળ, માટે કરીએ તપ અતુળ. ૪ એવું વિચારી ત્રણે ભ્રાત, તપ કરવા ચાલ્યા સાક્ષાત; મહા દારૂણ વનમાં તેહ, બેઠા આસન વાળીને એહ, ૫ ઊગ્ર તપનો આરંભ કીધો, યોગમાર્ગ તો આચર્યો સીધો; વર્ષ વિતિયાં તેને પચાસ, એક આસન ઉપર વાસ. ૬ પછી એક પગે ઊભા રહી, શત વર્ષ કર્યું તપ સહી; એમ સંવત્સર તો હજાર, વાયુ ભક્ષી રહ્યા નિરધાર. ૭ તેવા હજાર વર્ષ પર્યંત, ઊંધે માથે ઝુલ્યા બળવંત; તેવી રીતે સો વર્ષ સાર, ઊંચા હાથ રાખી નિરધાર. ૮ એવું દારૂણ આચર્યું તપ, કીધો કમળાશનનો જપ; ત્યારે પ્રશન્ન થઇ બ્રહ્મદેવ, વર આપવા આવિયા એવ. ૯ તેતો મુખથી બોલ્યા વચન, વર માગો તમે દઇત્ય તન; એવું

શાંભળી દઈત્ય કુમાર, કહેવા લાગ્યા બ્રહ્માને તે ઠાર. ૧૦
અહો લોકેશ જો છો પ્રસન્ન, તો તો અમ્મર કરોને તન્ન;
અમે ત્રણે બાંધવમાંથી શાર, મરે નહિ કોઈ નિરધાર. ૧૧
એવું સાંભળી કમળ તન, કહેવા લાગ્યા દઈત્યોને વચન;
થાય અંતે તમામનો નાશ, નથી અમર કોઈ પ્રકાશ. ૧૨ માટે
એ વિના માગોને અન્ય; કહું તમોને શત્ય વચન; એવી શાં
ભળી બ્રહ્મની વાણી, બોલ્યા ત્રણે ભાઇ પ્રેમ આણી. ૧૩ અહો
સ્રષ્ટીતણા કરતાય, ત્રણ નગ્ર આપો આવેળાય; એહ નગ્ર તો મોટાં
વિશાળ, જુદી જુદી ધાતુતણા શાર. ૧૪ બચે ફરતાં એતો મ-
હાકાય. જહાંધારીએ ત્યાં આવે જાય; સર્વે સંપતી એનગ્ર-
માંય. કુંડ અમૃતના વળી ત્યાં. ૧૫ ઈંદ્રપુરીથી શોભે અપાર,
એવાં આપો તમે નિરધાર; એહ ત્રણે નગ્ર પ્રમાણી, એક
બાણે વિંધે કોઇ પ્રાણી. ૧૬ તેને હાથે તે વેળા પ્રકાશ, થાય
નિશ્ચય અમારો નાશ; એવું સાંભળી ચતુરાનન, બોલ્યા
અસ્તુ એવું ત્યાં વચન. ૧૭ પછી મયનામા દૈત્ય જેહ, હતો
વિશ્વકર્મા જેવો તેહ; તેને પરમેષ્ટી કહે સુણ ભાઈ, ત્રણ
નગ્રતું હેને બનાઈ. ૧૮ ત્યારે મયનામાએ તે ઠાર, ત્રણ નગ્ર
રચ્યાં નિરધાર; તેમાં દૈત્યોએ કહીતી જેવી, શોભા સર્વ
બનાવીજ એવી. ૧૯ બાગ બંગલાહોજ કચેરી, મોહોલ
મંદિર શોભા ઘણેરી; વાવ કુવા સરોવર સાર, કિલ્લો કાંગ-
રતો નિરધાર. ૨૦ હાથીખાનું ઘોડારો નિશાળ, કેદકોટડી
તેવી વિશાળ, વળી એકેકો અમૃત કુંડ, ત્રણે પુરનીમાંય

પ્રચંડ. ૨૧ એક નગ્રતો સોનાનું કાહાવે, બીજું રૂપા તણું રચ્યું ભાવે; ત્રીજું લોઢા તણું વળી સાર એવાં નગ્ર રચ્યાં નિરધાર. ૨૨ એકેકા નગ્રનો તણે ઠાર, એક યોજનમાં છે વિસ્તાર; જ્યાં મોકલી એ ત્યાંએ જાય, એવાં કુદ્રતી એતો સદાય. ૨૩ થયાં તૈયાર નગ્રએ જ્યારે, આપ્યા દઈત્યને બ્રહ્માએ ત્યારે; વસ્યા તેહમાં દઈત્યકુમાર; ત્રણે ભાઈ વળી તેણે ઠાર. ૨૪ હેમ નગ્ર વિષે કરી વાસ, વિદ્યુનમાળી રહયો છે પ્રકાશ, તેમ રૂપાના નગ્રમાં સાર, કેક રાક્ષસતો નિરધાર. ૨૫ લોહ નગ્રમાં કમળાક્ષ કહાવે, વસ્યો કુકુંબ સહિતભાવે; સોના તણું હતું નગ્ર, રાખ્યું સ્વર્ગની માંયજ તેહ. ૨૫ પૃથ્વી ઉપર લોઢાનું સાર, રાખ્યું જત્ન કરી નિરધાર; તેમ આકાશ-માં રૌપ્ય પુર, રાખ્યું રાક્ષસે આણીને સુર. ૨૭ હવે બ્રહ્માને મયનામા જેહ, ગયા પોતાને મુકામે એહ; પછિ તારકા સુર કુમાર, થયા બળિયા પોતે અપાર. ૨૮ તેણે જીતીયા સર્વે દેવ, નૃપ પૃથ્વી તાણા વળીએવ; બીજા પાતાળના વળી રાય, જીત્યા તેહને ત્યાંતો તદાય. ૨૯ વમતી દેવો તણાં રત્ન જેહ, ખુંચાવી ઘેર આણીયાં તેહ; લેઈ લીધા સેના અધિર, કયા ચાકર પોતાના સાર. ૩૦ શીવભક્ત થયા ત્રણે ભાત, પેહેરી રૂદ્રાક્ષ પોતે સાક્ષાત; સ્થાપ્યાં શિવલિંગ નગ્રમાં અતિ, કરે પુજા તેની દુરમતિ. ૩૧ સુવાળે સવાના જેમુકામ, સ્થાપ્યાં શીવલિંગતો તેઠામ; કરે પાર્થિવ પુજા હમેશ, રાખે હાથની માંહે મહેશ. ૩૨ ભણ્યા રાક્ષસ વેદના મંત્ર, પાઠ પુજા તણો જાણ્યો તં-

ત્ર;હોમ યજ્ઞ આદિ જે ક્રિયાય,તેતો રાક્ષસને ઘેરથાય.૩૩તેથી ખુશી થયા શિવરાય, આપ્યાં વરદાન ઝાઝાં તદાય, ગણ્યા પોતાના શિષ્ય શમાન, માથે હાથ મુકયો ભગવાન. ૩૪ ત્યારે ઉન્મત્ત થયા અસુર, દુઃખ દેવ ને દેતા પ્રચુર; લે છે દેવાંગના કેરી લાજ, હણે બ્રાહ્મણુ કેરો શમાજ. ૩૫ એવું દેખીને દેવતા જેહ, થયા એકાંતે એકઠા તેહ; પછી જવાને બ્રહ્માની પાસ; કર્યો ઠરાવ સર્વે પ્રકાશ. ૩૬ પછી ચાલિયા ત્યાં થકી સુર, આવ્યા બ્રહ્મલોકે ભરપુર;ગયા શભામાં તજી પ્રમાદ, કીધી પરમેષ્ટીને ફરિયાદ. ૩૭

વલણ. એ રીતે દેવે કરી, અરજી બ્રહ્મા પાશરે; દુર્ગો કહે વળી બોલતો, વાશવ વાકય પ્રકાશરેરે. ૩૮

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં તારકાસુરસ્ય ત્રય પુત્રણ તપ કૃતો નામ ષડવિંશોઽધ્યાયઃ ૨૬

અધ્યાય ૨૭ મો ઇંદ્રે બ્રહ્માપ્રતિ દુઃખ નિવેદન કર્યું.

રાગ મેવાડો. પુરંદર બોલ્યો તે શમે, ઓ પ્રજાપતિરે, રાખો શરણે તમે આણીવાર, સ્વામી મહામતીરે. ૧ રાક્ષશ ત્રણ પેદા થયા, ઓ પ્રજાપતિરે; એ તો તારકાસુરના તન, સ્વામી મહા૦ ત્રણ લોક જીત્યા તેમણે; ઓ પ્રજા૦ કર્યા ધર્મના ચર્ણ છેદન; સ્વામી. વેદોકત કર્મને આચરે; ઓ પ્રજા૦ કરે શંકરની બહુ સેવ, સ્વામી. તેથી અતિ બળ વાધીયું. ઓ પ્રજા૦ પામ્યા સંપત્તિ સઘળી એવ. સ્વામી. ધનુ ઉપર શસ્ત્ર વાપરે;ઓ પ્રજા૦ લે છે વિપ્ર પત્નિ તણી લાજ; સ્વામી, યજ્ઞાદિ કર્મને રોકીયા; ઓ પ્રજા૦ તોડયો તપ સે

વા તણો પાજ; સ્વામી. સ્વર્ગ ખુંચી માહરૂં, ઓ પ્રજા૦ લીધા તમામના અધિકાર; સ્વામી. કિંકર તો અમને કર્યા; ઓ પ્રજા૦ તેવું કરાવે કામ અપાર. સ્વામી. નારીયો અમારી નાસતી, ઓ પ્રજા૦ દેખી દાનવ દેહ કરાળ; સ્વામી. કવિના વાંક કાઢે છે; ઓ પ્રજાપતીરે; વળી મારે છે માર વિશાળ; સ્વામી. ફડકયા રહીએ નિત ફાળમાં, ઓ પ્રજા૦ ધુજે થરથર કોમળ તન; સ્વામી. કોને કહીએ દુ:ખ કારમું, ઓ પ્રજા૦ હવે નવ સહે અમારાં તન, સ્વામી. તમારે શરણે આવિયા; ઓ પ્રજા૦ માટે ટાળો અમારૂં દુ:ખ; સ્વામી. સેવકના પતિ છો તમે; ઓ પ્રજા૦ અનાદિથી આપોછો જ સુખ; સ્વામી. કલ્પવ્રક્ષ તણે આશારે; ઓ પ્રજા૦ નથી કલ્પના રહેતી લગાર; સ્વામી. તિરથમાં તેમ ન રહે; ઓ પ્રજા૦ દુષ્ટ કર્મ કરેલાં અપાર, સ્વામી. માટે હણો દુ:ખ આ સમે ઓ પ્રજા૦ દીન જાણીને આણો દયાય, સ્વામિ. સુકીર્તિ એ થકી પામશો, ઓ પ્રજા૦ યશ ત્રિલોકમાંહી ગવાય, સ્વામિ. એવું સુણી બ્રહ્મા બોલિયા, સુણ સુરપતિરે; એતો દહીત છે બળિયા અપાર, જેની મોટી ગતિરે; સૃષ્ટિ મારીમાં ન ઉપજ્યા, સુણ. એવા બીજા તો કોઇ અસુર, જેની મોટી ગતિરે; કોટી કળાઓ છે એહમાં, સુણ. ભક્ત મહાદેવના ભરપુર, જેની૦ પુર્વે તપ કરયું ઘણું, સુણ. એવું કોઇ થકી નવ થાય. જેની૦ તે વેળા તેમને હું રીઝયો, સુણ. આપ્યાં નગ્રતો ત્રણ તદાય. જેની૦ દારૂણ દહીત છે એ વળી, સુણ. એકમાંથી

અનેકજ થાય. જેની, આકાશ મારગે પરવરે; સુણ, વળી પાતાળમાં પેશી જાય, જેની, અગ્નિમાં પેશીને નિકળે; સુણ ઝાલે કાળનો હાથે કાન, જેની. પારકી કાયામાં પેશશે;સુણ; મોડે મહા બળિયાનાં માન, જેની. આદર્શની વિદ્યા આવડે, સુણ; જાણે મારણ મોહન મંત્ર, જેની; પર્વત પીષ્ટ કરે ઢીકે, સુણ; મેલી પુજા તણો જાણે તંત્ર, જેની; નરની નારી કરી ફેરવે, સુણ; લોહી વરસાવે યુદ્ધનીમાંય, જેની; કોટી અતિ-રથી હારશે, સુણ. એહ સંગ્રામ કરશે ત્યાંય, જેની; મારા થકી એતો નહીં મળે, સુણ. તારકાસુર કેરા તન, જેની; કારણકે બળિયા ઘણા, સુણ. વળી આપેલું મેતો વચન, જેની; માટે ચાલો વિષ્ણુ પાસમાં, સુણ. કરશે એતો તમારૂં જ કામ, જેની દઈત્યરિપુએ દયા નિધિ; સુણ, દીનવત્સળ તેહનું નામ; જેની, એવું કહી વિધિ ઊઠીયા સુણ. ત્યારે ઊઠયા ત્યાં સઘળા દેવ, જેની; એતો ઉતાવળા આવિયા, સુણ. ચક્રપાણિ પાસે તતખેવ, જેની.

વલણ, બ્રહ્મા લેઈ સૌ દેવને; આવ્યા વિષ્ણુ પાસરે, દુર્ગો કહે પછી શું થયું; વર્ણવું એહ વિલાસરે રેરે.

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં ઇંદ્રેણ બ્રહ્મા પ્રતિસ્વદુઃખ નિવેદીતો નામ સપ્તવિંશોઽધ્યાયઃ ૨૭.

અધ્યાય ૨૮ મો–મુંડી દૈત્ય વનમાં ગયો.

રાગ ધનાશરી.

ઢાળ. સુત પુરાણી એણીપેર બોલ્યા, સાંભળો સૌમુનિ-રાય; વિસ્તારી સંભળાવું હવે, પાવન પુન્ય કથાય. ૧ બ્રહ્મા

સાથે દેવને દીઠા, વિષ્ણુએ જે વાર ત્યારે ઉઠી મળિયા પોતે, આસન આપ્યું સાર. ૨ બ્રહ્માએ પછી સ્તુતિ કીધી, વિષ્ણુની તે કાળ; વળતી સર્વે દેવો કેરૂં, દુઃખ કહ્યું વિશાળ. ૩ ત્રિપુરાસુર ત્રણ રાક્ષકેરા, જુલમ તણી કહી વાત; વળી શીવકેરા ભક્ત થયા છે, તે પણ કહ્યું સાક્ષાત. ૪ એવું સાંભળી વિષ્ણું બોલ્યા, સાંભળો સરવે દેવ; મારાથી એ દૈત્યો નમરે. સત્ય કહું છું એવ. ૫ કારણ કે એ રાક્ષસ કરે છે, શીવ સેવા અપાર; તેણે કરીને પાપ તેમનાં, ભસ્મ થાય નિરધાર. ૬ એ શંકર ની પુજાથીતો, હું ને આ બ્રહ્માય; ઉદ્દભવ પાલણ શક્તિ પામ્યા, તેમાં નહિ શંકાય. ૭ શીવ ઉપાસક પ્રાણી ઉપર દ્રોહ કરે જે જન, તેતો વેહેલો મૃત્યું પામે, નાસે સર્વે ધન. ૮ શીવ સેવકના ઉપર સર્વે, વિદ્યા નિષ્ફળ થાય; શસ્ત્રાદિક વાગે નહિ એને, સત્ય કહું વાચાય. ૯ એવું સાંભળી દેવો કહે છે, સાંભળીને રશી કેશ; અમને મારી નાખો હાથે, આ વખતે રમેશ. ૧૦ કારણ કે એ દઈત્ય જુલમતો, અમથી ના સહેવાય; પત્નિયોની લજ્જા લે છે, તેતો કેમ જોવાય. ૧૧ એવું સાંભળી વિષ્નું બોલ્યા, આણી અદ્દકી મેહેર; ચાલો શીવની પુજા કરીએ, સર્વે આણુંદ ભેર. ૧૨ શીવ સેવાથી કષ્ટ તમારૂં, સર્વે સદ્યપળાશે; વળીએ વેહેરવી કેરો વેહેલો, નાશજ નિશ્ચે થાશે. ૧૩ એવું કહી દેવો ને તેડી વિષ્ણું તો નિરધાર; નૈમિશારણ્યમાંહી આવ્યા, પુજા કરવા સાર. ૧૪ પાર્થિવેશ્વર કરવા માંડયા, સર્વે તેણે સ્થાન; મંત્ર પાઠને

હોમજ કરતા, રાખી રૂડું જ્ઞાન. ૧૫ એવી રીતે એક લક્ષતો, પાર્થિવ કીધા સાર; ત્યારે તેના પુન્યે પ્રગટ્યા, યોદ્ધા એક હજાર. ૧૬ તેતો કરજોડીને ઉભા, દેવો કેરી પાસ; ત્યાર પછીથી કહેવા લાગ્યા, આણીને ઉલ્લાસ. ૧૭ અહોદેવ શું કામ પડયું છે, તેતો કહો નિરધાર; આજ્ઞા આપો તે ઠેકાણે, પરવરી એ આવાર. ૧૮ એવું સાંભળી વિષ્નુ બોલ્યા, સાંભળો યોદ્ધા વાત; ત્રિપુરાસુરના નગ્રમાં જાઓ, આ વખતે સાક્ષાત. ૧૯ તે દઈત્યોને મારી નાખો, ફેરો તેમનો ઠામ; એવી રીતે આજ્ઞા આપી, વિશ્નુએ અભિરામ. ૨૦ તે સુણી સર્વે યોદ્ધા ચાલ્યા, ત્વરાથકી તે કાળ; ત્રિપુરાસુરના પુરમાં આવ્યા, આયુધ લેઇ વિશાળ. ૨૧ પુર મધ્યે પગ મુકે એવે, અગ્નિ થઇ ઉત્પન્ન; તેથી એ યોદ્ધાઓ કેરાં, નાશ થયાં છે તન. ૨૨ શંકરની સેવાતો નિત્યે, દૈત્ય કરે અપાર; તેણે કરીને યોદ્ધાઓતો, નાશ થયા હજાર. ૨૩ વિશ્નુએ તે વાત જાણીકે, પામ્યા મન પરિતાપ; કરવું શું આવખતે મારે, એમ વિચાર્યું આપ. ૨૪ વળતી સૌદેવોને કહેછે, વિશ્નુજી તો વાત; હમણાં સર્વે ઘેર પધારો, શાન્તિથી સાક્ષાત. ૨૫ હુંતો એની પેરવી માંહી, રહુંછું આણીવાર, શીવપુજામાં વિઘન કરાવી, કરીશું સંહાર. ૨૬ એવું શાંભળી શઘળા દેવો, નમી વીશ્નુને પાય; પોતપોતાને સ્થાનકે આવ્યા, એક પોહોરની માંય. ૨૭ તે પુંઠે વિશ્નુજી કરતા, અંતરમાં વિચાર; શી રીતે એ શીવપુજનમાં, વિઘન થશે નિરધાર. ૨૮ એમ વિચારી મહાવિશ્નુએ,

કીધો મનમાં ક્યાશ, વળતી એક મુંડી ઉપજાવ્યો; માયા
વી પરકાશ. ૨૯ તેતો આવી શનમુખ ઉભો, લાગ્યો પ્રભુને
પાય; સુત કહે શોભા શી કહું તેની, શાંભળો સૌ મુનિરાય.
૩૦ મુસ્તક તો મુંડેલું જેનું, મલીન વસ્ત્ર નિરધાર; ગુંહીપા
ત્રને કરમાં પીછી, શાવરણી એ શાર. ૩૧ મોઢે મુન્તિ બાંધે
લીને, પોથી ખભે રાજન; ધર્મલાભ એમ મુખથી કહેતો,
વળી કહેતો અરિહન. ૩૨ એવો એ મુંડી તો કહે છે, વિષ્નુને
તે ઠાર, અહો નાથ શી આજ્ઞા મુજને, વિશ્વતણા કરનાર.
૩૩ એવું સાંભળી વિષ્ણુ બોલ્યા, સાંભળ મુંડીવાત, વેદ ધ-
ર્મ ને છેદવા માટે; તુજને કીધો ભ્રાત. ૩૪ તે માટેવેદોથી
અવળા, રચવા તારે ગ્રંથ; તેમાં કેવળ કલ્પિત વાતો, લખવી
લાલચવંત. ૩૫ યજ્ઞ હવનને બ્રાહ્મણ ભોજન, તેમાં અશ્રદ્ધા
થાય. ૩૬ તારા ગ્રંથો જે શાંભળશે, તે થાશે તદરૂપ; બીજું
સર્વ વ્યર્થ મનાશે, અંતરમાં અનુપ. ૩૭ તુલશી ને રૂદ્રાક્ષ
એહ બે, તારક વસ્તુ સાર, જેની માળા કંઠે ધરતાં, મોક્ષ
થાય નિરધાર. ૩૮ વેદ તણી મરજાદા કેરી, દોરી એહ વિ-
શાળ; તેને પહેલી તોડાવીને, ઉપદેશ દેવો બાળ. ૩૯ આ વ
ખતે મૃત્યુ લોક માંહી, દઇત્ય થયા ત્રણ શાર, તેતો વૈદિક
ધર્મ આચરે, સેવે છે પશુપાળ. ૪૦ તેણે કરીને જોર વાધીયું,
અસુર તણું અતુલ; તેથી સૌ દેવોને પીડે; કાઢવું ધાર્યું મુ
ળ. ૪૧ તે માટે આ મુંડી તારે, જાણે તેણે સ્થાન, ત્રણે દઈ-
ત્યને શમજાવીને, આપવું અવળું જ્ઞાન. ૪૨ જેવી રીતે શીવ

પુજનથી, પાડવા ત્રણે ભ્રાત, વળી વેદોક્ત ક્રિયાનો કરવો, નાશ વળી શાક્ષાત. ૪૩ તારી શાથે નારદજીને મોકલું આણે કાળ;તે તારી ઈચ્છા પ્રમાણે, ચાલશે નિશ્ચે બાળ. ૪૪ એવું શાભળી મુંડી બોલ્યો,બહુ સારૂં મહારાજ,થોડા દીનમાં શિદ્ધ કરીશ હું,તમે કહ્યું તે કાજ.૪૫ એવું કહીને મુંડીએ તો, આણી મન ઉલાશ,પોતાના તનમાંથી કીધા,શિસ્યો ચાર પ્રકાશ.૪૬ કલ્પિત મતના ગ્રંથ બનાવ્યા, તેતો સોળહજાર; વળી બીજી વાતોબહુ કીધી,માયાવિનિરધાર.૪૭તે પૂકે શિષ્યોને નાર,તેને લેઇ સંગ, ત્રિપુરા સુરનાપુરમાં આવ્યા; આણી ને ઉમંગ.૪૮ નગ્રતાણી ભાગોળે હતો, સુંદર ત્યાં એક બાગ; તેમાં આવી ઉતર્યા એતો છએજણ મહાભાગ. ૪૯ વલણ—શોભા શી કહું બાગની, ઓષધ્ધી વૃક્ષ અપારરે દુર્ગો કહે શ્રોતા સુણો, કરૂં તેનો વિસ્તારરે. ૫૦

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં,
મુંડીદૈત્યવનેઆગતોનામ અષ્ટાવિંશોધ્યાયઃ ૨૮.

અધ્યાય ૨૯ મો—મુંડીએ કરેલો વેદધર્મ શીવપુજાનો નાશ.

રાગ મારૂ—બોલ્યા સુતજી રે, સાંભળોને દ્રીજ આ સમે; કહીએ દૈત્યના રે, બાગની શોભા તો અમે. ૧ સ્વર્ગ નાથનું રે, ખાંડવવન સોહામણું;તેથી શોભતું રે, અસુરનું સ્થળ એ ઘણું. ૨ વાયુ વાય છે રે, સુગંધીવાળો તે સ્થળે; દેખી સર્વને રે, શાન્તિ તો નિશ્ચે વળે. ૩ ગુલબાસને રે, ગુલાબ ગંજેરી ગળો; ગુંજા જાવને રે, જંબીરને જાંબુ ફળો. ૪ મળીઆ ગરૂ રે, મેંદી મજીઠ ને માલતી; દ્રાક્ષ એલચી રે, શાળી અનો-

પમ શોભતી. ૫ તજ તમાલ રે, લવિંગ તો વળિ ત્યાં લળ્યાં; વૃક્ષ પુંગીનાં રે, તે તો અતિશય ફળ્યાં. ૬ ઉત્તમ આમળી રે, શ્રીફળી તો શોભી રહી; નાગવલ્લીને રે, નરેર રૂડી છે સહી. ૭ અતિ સુંદર રે, અંજીર બપૈઆ બહુ; શ્વેત શેરડી રે, સ્વાદ તો તેનો શો કહું. ૮ શુભ શેતુરી રે, સુખડ મીઠી લીંમડી; બદ્રી બહુફળી રે. બકામ બંધુક તેવડી. ૯ હરડે કેતકી રે, અખોડ વૃંદા ત્યાં વળી; પનસ પીસ્પળી રે, રાણુર તુમડ એગળી. ૧૦ કોઠી કર્મદી રે, કદંબ કેશુ શોભતાં; ચંપો ચંબેલી રે, ગુંદીએ ગુંદાં ઓપતાં. ૧૧ ઊમરડા અતી રે, અરડુસા ને ખજુરી ખરી; આંબા આંમલી રે, મરચી ને મુળા મોગરી. ૧૨ બીલી બદામ રે, બીજોરામાં તો નહીં મણા; લીંબોઇ લેંકતી રે, મહુડા મનોહર તે ઘણા. ૧૩ રક્ત કરેણી રે, હજારી અગથીઓ અતિ; દીસે દાઢમી રે, અનુરી તો અતિ ઓપતિ. ૧૪ કેળો કારમી રે, મરેઠી મહા રળીઆમણી; બોરસલ્લીને રે, વરીઆળી વૃક્ષ ઘટા ઘણી. ૧૫ ડમરો મેંહેકતો રે, આવળે પુશ્પ તો આવિયાં; ખીલ્યાં હોજમાં રે, કમળ એ તો કહાવીયાં. ૧૬ સીશમ સાગને રે, શીમળો પુન્નાગ છે સહી; નિગોડ નિર્મળી રે, નારંગી બહુ ફાલી રહી. ૧૭ વડ પીપળો રે, વાંસનાં જાળાં તે ઠામ છે; બાવળ સરગુવો રે, સરેરા તો અભિરામ છે. ૧૮ બોલે બાગમાં રે, હંસ તો શબ્દ મધુરથી; ગરજે ષટપદો રે, ગુણ ગુણ એવા સુરથી. ૧૯ અર્ધવિરામ દોહરો—એવા રમણિક બાગમાં,

ઊતર્યો મુંડીસાર; દુર્ગો કહે જેની કને, શિસ્યો શોભે ચાર.૨૦

રાગ મારૂ—બોલ્યા સુત પુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિજન; પછી નારદ બ્રહ્મકુમાર, આવ્યા દૈત્યની સભામાં સાર. તેને દેખીને દહીત્યો તમામ, ઊઠી ઊભા થયા અભિરામ; પછી આપીયું શ્રેષ્ટ આસન, બોલ્યો તારકપુત્ર વચન. ૨૨ અહો મુનિ કહો કયાંથી આવ્યા, નવા જુના સમાચાર; લાવ્યા, સુણી નારદજી બોલ્યા વાણ, ધન્ય આજ ઘડી નિરવાણ.૨૩ અહો વિદ્દુનમાળી અસુર, તારૂં ભાગ્ય વધ્યું ભરપુર; કેમ કે તારા બાગમાં સાર, આવ્યા ગોરજી જ્ઞાની અપાર.૨૪ કેવળ બ્રહ્મની જાણે એ વાત, દયા ધર્મ પળાવે સાક્ષાત; જેની પાસે છે તમામ મંત્ર, વળી જાણે બધા તંત્ર જંત્ર.૨૫ વિદ્યા કારમી પોતાની પાસ, તેથી તેજસ્વી દેહ પ્રકાશ; ધારે તેવાં કરે એ તો કામ, આપે સિદ્ધિઓ નિશ્ચે તમામ. ૨૬ બ્રહ્મા વિસ્નુ ને શંકર દેવ, ગુપ્ત રીતે કરે એની સેવ; તેહ પુન્યથકી અભિરામ, પામ્યા ત્રિલોક શક્તિ તમામ. ૨૭ થયો હું પણ એનો દાસ, આણી અંતરમાંહી ઉલ્લાસ; માટે નારદ કહે સુણ ભુપ, ચાલ તું પણ ત્યાં તો અનુપ. ૨૮ તને અપાવું દીક્ષા આ વાર, જેથી ઇશ્વર થઈશ શાર; એવું મુનિનું સુણી વચન, થયો વિદ્દયુનમાળી પ્રશન. ૨૯ પછી પોતાતણા બેઉ ભ્રાત, તેને તેડાવ્યા પાસે શાક્ષાત; કહ્યું નારદનું વર્તમાન, તેહ બેઉને ત્યાં તો નિદાન. ૩૦ ત્યારે તે પણ થયા તૈયાર, કરવા મુંડીનાં દરશન શાર; વળતી વિદયુનમાળી અસુર,

ચાલ્યો નારદ શાથે જરૂર. ૩૧ શાથે લેઇ પોતાતણા ભરાત, આવ્યો મુનીની પાસે શાક્ષાત; જોઈ તેહનો અદભુત વેશ, મોહ પામ્યો મહા અસુરેશ. ૩૨ અતિ માયા વિમુંડી કહેવાય, તેને આવિને લાગીયો પાય; જેમ જેમ દઈત્ય નમે અતિ, તેમ તેમ બોલે મહામતિ. ૩૩ પછી મુંડીએ તો તેણે ઠાર, શીશ ધુણાવ્યું જરાક શાર; ત્યારે દઈત્યને ત્યાં તો પ્રકાશ, પડયો અંતરમાંહીજ ત્રાશ. ૩૪ કહે છે નારદને તેણે દીશ,કેમ સ્વામીયે ધુણાવ્યું શીશ,સુણી બ્રહ્મભુ બોલ્યા વચન, એક કારણ એનું રાજન.૩૫ મુંડી મુખે બોલે જે વાણ,તેહ ખાલી જાય નિરવાણ, તો તો પૃથ્વી રસાતળ જાય; ચૌદલોક બળી ભસ્મ થાય. ૩૬ માટે વિચારીને જતિનાથ, નથી બોલતા તાયરી સાથ; એવું સુણીને દઈત્યકુમાર, કહેવા લાગ્યો પોતે નિરધાર. ૩૭ એહ મુંડી જે કહેશે વચન, તેહ પાળાશ હું બ્રહ્મ તન; નવ પાળું જો એહ આજ્ઞાય, તો તો ગુરૂના સમ સદાય. ૩૮ એવી કરી પ્રતિજ્ઞાઓ જ્યારે રીઝયા નારદજી તેણીવારે; પછી દઈત્યના વતીથી સાર, કર્યા મુંડીને બહુ નમસ્કાર. ૩૯ ત્યારે મુંડી બોલ્યો ઠામ, અતિ પ્રીતિ આણી અભિરામ; અહો વિદ્યુનમાળી ભુપાળ, કેમ આવ્યો તું તો આણે કાળ. ૪૦ હોય તારા રૂદેમાં ઉલ્લાસ, કર તે સઘળો તું પ્રકાશ; સુણી મુંડીનાં એવાં વચન, બોલ્યો અસુર થઇ પ્રસન્ન. ૪૧ અહો સ્વામિ દિક્ષા મુને આપો, શિશ્ય પોતા તણો કરી થાપો; તમે કરશો જેજે આજ્ઞાય,

તો પાળીશ હું તો શદાય. ૪૨ ત્યારે મુંડી બોલ્યો તેણે ઠાર, સુણો અસુરતણા કુમાર. તોડી નાખો રૂદ્રાક્ષની માળ; શીવ શબ્દ ન કહેવો વિશાળ. ૪૩ વળી તમારા નગરની માંય, શીવ મંદીર જેટલાં હોય; તેને ખોદી નાખો આણીવાર, સત્ય કહું હું તો નિરધાર. ૪૪ એવું સુણી દઈત્યે તેણે ઠામ, શીવ મંદિર ખોધાં તમામ; તોડા રૂદ્રાક્ષ કેરી જ માળ, હર નામ છોડયું તતકાળ. ૪૫ ત્યારે મુંડીએ આણી ઉલ્લાશ, આપી દઈત્યોને દિક્ષા પ્રકાશ; ત્રણે પુરના રાક્ષશ જેહ, થયા શ્રાવક સઘળા તેહ. ૪૬ નર નારી અને નાનાં બાળ, થયાં જૈની બધાં તતકાળ, છોડયો વેદોક્ત મારગ મુળ; ચઢયાં કલ્પિત પંથે પ્રતુળ. ૪૭ ક્ષીણ પુન્ય થયું તેથી ત્યાંય, વધ્યું પાપ ઘણું પુર માંય; પછી મુંડી પેલો હતો જેડ, આવ્યો વિષ્નુની પાસે જ તેહ. ૪૮ કહયું દઈત્યો તણું વર્તમાન, ધર્મભ્રષ્ટ કર્યા તે નિદાન; સુણી ખુશી થયા સ્યામ તન, ત્યારે કહેવાને લાગ્યા વચન ૪૯ અહો મુંડી તને ધન્ય આજ, કર્યું ઉત્તમ મારૂં તેં કાજ; માટે આપું તને વરદાન, સુણ એક ચિત્તે આણે સ્થાન. ૫૦ મૃત્યુ લોક વિશે આણે કાળ, દેશ મરૂસ્થળી છે વિશાળ; તેમાં જઈ રહો આ વેળાય, શિષ્ય સમસ્ત લેઈ સદાય. ૫૧ દુષ્ટ કળિયુગ આવશે જયારે, ધર્મ ચાલશે તમારો ત્યારે; લોક માનશે તમારી વાત, થશે સેવક સર્વે સાક્ષાત. ૫૨ વેદ ધર્મતણો થશે નાશ, કરશે નહિ કોઈ યજ્ઞ પ્રકાશ; ઘટશે ગંગા તણો મહિમાય, ગ્રામ દેવો જશે તે વેળાય. ૫૩

વિપ્રવર્ણને નહિ પુજે કોય,શ્રદ્ધા વિશ્વાશ જાશેજ સોય;કરશે રૂદ્રાક્ષ તુલશીનો ત્યાગ, રહેશે તારા વિષે અનુરાગ.૫૫એવું સુણીને મુંડી તો સાર, લાગ્યો વિશ્નુને ચરણે તે ઠાર; પછી લેઈ પ્રભુની આજ્ઞાય,આવ્યો મરૂસ્થળોમાં તદાય.૫૬ વળતી વિશ્નુએ તો અભિરામ,તેડયા ત્રિદશ તે તો તમામ;આવ્યા ઈંદ્રાદિ દેવ તે ઠાર, એક નિમિશમાં નિરધાર.૫૭ તેને વૈકુંઠ પતિ કહે વાત,ચાલો કૈલાશમાંહી શાક્ષાત;કરીએ શંકરની સ્તુતિ સાર, વેદ મંત્રવડે નિરધાર. ૫૮ એવું સુણીને દેવ તમામ, ગયા કૈલાશમાં અભિરામ; સાથે લક્ષ્મિપતિ પ્રતિ પાળ, જેમાં ઐશ્વર્ય તેજ વિશાળ. ૫૯ પછી વિશ્નુએ તો તેણે ઠાર, કરી સીવની સ્તુતિ અપાર; મૃત્યુંજયતણો જેહ મંત્ર, જપ્યો આઠ કોટી ત્યાં સ્વતંત્ર. ૬૦ ત્યારે પ્રસન થયા મહેશ, બોલ્યા વિશ્નુની સાથેજ એશ; અહો વિશ્નુ સુણો મારી વાત, જાણ્યું કાર્ય તમારૂં સાક્ષાત. ૬૧ ત્રિપુરાસુરથી પામી ત્રાસ, આવ્યા સર્વે તમે મારી પાસ; માટે ટાળીશ તમારૂં દુઃખ, દૈત્યો હણીને આપીશ સુખ. ૬૨ એવું કહીને શંકરે સાર,તેડયો વિશ્વકર્માને તે ઠાર;તેતો આવીને લાગીયો પાય, હાથ જોડીને ઉભો તદાય.૬૩ ત્યારે પારવતીકેરા નાથ, તેને કહેવા લાગ્યા ઝાલી હાથ; અહો વિશ્વકર્મા બળવાન, મારી આજ્ઞા પાળો આણે સ્થાન. વલણ—શીવની વાણી સાંભળી, પ્રસન થયા તે ઠાર રે; દુર્ગો કહે પછી રથ ઘડે, દેવતણો સુતાર રે રે રે. ૬૫

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિને જ્ઞાન સંહિતાયાં, મુંડીનાદૈત્યપુરાત વેદધર્મ શીવપૂજા નાશકૃતોનામ અષ્ટાવિંશોધ્યાય: ૨૯.

અધ્યાય ૩૦ મો—ત્રિપુરાસુર પ્રતિ શીવનું યુદ્ધ.

રાગ આશાવરી ઢાળ—સુત પુરાણી એણીપેર બોલ્યા, સાંભળો સૌ મુનિરાય; વળતી વિશ્વકર્માએ કીધો, રથ તો તે વેળાય. ૧ તેવા તે રથકેરી શોભા, વર્ણવું આણે ઠાર;જેને સુણતાં આનંદ થાયે, અંતરમાં અપાર. ૨ આખી પૃથ્વીરૂપી ઘડીયો, રથ સુંદર રાજન; તેમાં શી શી વસ્તુ સ્થાપી,વર્ણવું તે દ્વીજ તન. ૩ ડાબા જમણી પૈડાં એ તો, ચંદ્ર અને વળી સુર; તેવી રીતે તારાઓ તો આરામાં ભરપુર. ૪ પૈડાં કેરી ધારાએ રૂતુઓ ખટ શોભાય; એવો સંવત્સર તો સુંદર વેગ તેનો દરશાય. ૫ ઉદયાચળ ને અસ્તાચલ એ, ઉધ્ધો બે પરમાણ; તે વિનાના ડુંગર તે તો, સાંધામાં નિરવાણ.૬ ઉત્તરાયણ ને દક્ષિણાયણ, ધરી ઠેકાણે સાર; તેવી રીતે રથના ઘોડા, તે તો વેદો ચાર. ૭ મધ્યે જે પોલાણ રહ્યું છે, ત્યાં મુકર્યું આકાશ; સિંધુ કેરો એ ઢો કીધો, આણીને ઉલ્લાશ.૮ સૃષ્ટાને ત્યમ સારથી નિમ્યા,હાંકવાને કેફાણ; પ્રણવમંત્રનો કર્યો ચાબખો, શોભિતો નિરવાણ. ૯ મેરૂ પર્વત કેરૂં કરિયું, ધનુષ્ય તેણે ઠાર; શેષ નાગની પણછ બનાવી, પ્રત્યંચા નિરધાર. ૧૦ ચાપતણી ઘંટડીઓ ત્યાં તો, નદીઓ સૌ શોભાય; માન સરોવર આદિ તેમાં, ઘુઘરીઓ દરશાય. ૧૧ વિશ્નુ પોતે બાણ થયા ને,ભાલો અગ્નિદેવ; એવી રીતે આદ્ય શક્તિ તો, સાંગ બન્યાં તતખેવ ૧૨ એવો સુંદરરથ દેખીને, પ્રસન થયા પશુપાળ; ત્યારે સેના તતપર કીધી, પોતાની

તે કાળ. ૧૩ સ્વામિ કાર્ત્તિક વિરભદ્રને, કુંભકર્ણ ભૃંગી જેહ; એવા ગણુ પોતાના એ તો, આવી ઉભા તેહ.૧૪ ભુત ભૈરવ ને વ્યંતર જંતર, વીર અને વૈતાળ; ડાકણ્યાણુ શાકણુ પિશાચ પ્રેતો, કુષ્માંડો ને કાળ.૧૫ એ તો શઘળાં આવી ઉભાં, લાગ્યાં શીવને પાય; અહો નાથ કેમ તેડયાં અમને, આપોને આજ્ઞાય. ૧૬ તે વેળાએ તેત્રીશ કોટી, દેવ હતા વળી જેહ; તે તો સૌ હથિયારો લેઇ, આવી ઊભા એહ. ૧૭ ત્યારે શીવ તૈયાર થઈને, બેઠા રથમાં સાર; એટલે દુંદુભી નાદ થયો ત્યાં, વરત્યો જય જયકાર. ૧૮ વેદ ચાર તો મુખથી બોલે, ખમા ખમા એમ વાણુ; ભારતી જે તો છત્ર ધર્યું છે, શીર ઉપર નિરવાણુ. ૧૯ ચારે બાજુ ચામર કરતા, વરૂણુ આદિ દીગપાળ; એવી રીતે લડવા ચાલ્યા, ત્વરા થકી મહાકાળ. ૨૦ તેની પુંઠે સૈન્ય ચાલિયું, સરિતા પુર સમાન; ત્યારે આખું વિશ્વ ખળભળીયું, ભુ કંપી તે સ્થાન. ૨૧ કંટક ત્રી શીર એકાનનને ઉર્ધ્વ વક્ર કહેવાય, કુંદ દંત ને કંપ ન કહીએ, દ્વી શીર મરૂ મહા કાય. ૨૨ એવા એ શંકર કેરા, કરતા તે સિંહ નાદ; તે કાળે સૌ દઈત્યો કંપ્યા, સાંભળી તેનો સાદ. ૨૩ એવા ઠાઠે શંકર આવ્યા, ત્રિપુરાસુર પુર પાસ; ત્યારે તે દઈત્યોએ જાણ્યું, દેવનું કૃત્ય પ્રકાશ. ૨૪ એટલે વિદ્યુનમાળી કોપ્યો, આણી ક્રોધ અપાર; સેનાપતિને આજ્ઞા આપી, ક્ષણું ન લાગી વાર; ૨૫ તેણે સૈન્યા સાવધ કીધી, આણી ઊતકંઠાય; તે વેળા-

ની શોભા કહેતાં, થાકે કવી રશનાય. ૨૬ પાંચલક્ષ હાથીના ઉપર, વાગે નોબત શાર, તેવી રીતે બીજાં; કેરે તો નહીં પાર. ૨૭ ઉંટ વૃષભને ખચ્ચર પાડા,રથ પાલખી કેકાણુ;તેના ઉપર દઈત્યો ચઢીયા, મહા બળિયા નિરવાણુ. ૨૮ સાંગ શક્તિ ને તોમર ભાલા, બરછીને તરવાર; ગુર્જ ગદા પટી કુંતા યુધ, ત્રિશુળ ને કટાર. ૨૯ એવી રીતે યોદ્ધાએ તો,શસ્ત્ર ગ્રહ્યાં નિરવાણુ; કેડ કશીને બાંધી સુંદર, ધર્યાં ધનુશ ને બાણુ. ૩૦ વીર વાંકડા ખુબ ફાંકડા, અસુર કેરા બાળ; તે તો શરવે લડવા ચાલ્યા, શીવ સામે તતકાળ. ૩૧ વીશ લક્ષ તો ધજા ફરૂકે, જર તારી રાજન; તે મધે અદભુત ચિત્રામણુ, જોતાં લોભે મન. ૩૨ કેટલા દઈત્યો બ માંથાના,કેટલાને શીર સાત; કેટલાની તો જીભો મોટી,લળકે છે શાક્ષાત.૩૩ કેટલાના પગ અવળા દીસે, કોઈના લાંબા હાથ;કેટલાનાં તો નેત્ર વક્ર છે, કોઈનાં મુખ પશુ જાત. ૩૪ કોઈ રથ ઉપર કોઈ પગપાળા, કોઈ અશવોપર શાર; કોઈ તો હાથી ઉપર બેડા, ધરી અંગે શણુગાર. ૩૫ અસ્વો તો આકાશે ઉછળે, ગજ કરતા ચિકકાર; ત્રંબાળુને ગોમુખ ગાજે, શરણાઈ શોર અપાર.૩૬ એવી રીતે એકવી ક્ષોણી, દળ દઈત્યોનું જેહ, દોનાપતિએ શાવધ કીધું, તેમાં નહિ શંદેહ. ૩૭ તે વેળાએ એક સહસ્ત્ર તો, દઈત્ય તણા પ્રધાન; તે પણુ ત્યાં તઈયાર થઇને, આવ્યા તેણે સ્થાન. ૩૮ એટલે ત્રીપુરાસુર ત્રણુ ભાઈઓ, રાજા કહાવે જેહ, તતક્ષણુ તૈયાર થયા ત્યાં, જેના મોટા દેહ. ૩૯ સો

નેરી સુરવાળો પહેર્યા, જરકશી જામા શાર; માથે મુગટ તે
માં તોરા, કેડ કશી નિરધાર. ૪૦ છબી ફાંકડી મુછ વાંકડી,
પાતળીઆ પરમાણુ; ગેંડા પટ્ટાની ઢાલ ઢળકતી, અશિસા
થે નિરવાણુ. ૪૧ ખાંધે ભરાવ્યાં ચાપ અનુપમ, શાયક ભા
થા પુર, બીજાં બહુ આયુધ કહાવે, તે પણ લીધાં શુર. ૪૨
એવી રીતે સત્વર થઇને, ત્રિપુરાસુર ત્રણ ભાઈ, અબળા પાશે
આજ્ઞા લેવા, ચાલ્યા ત્યાં સાક્ષાત. ૪૩ વિધુનમાળી કેરી
પત્ની, નિંદા નામે જેહ; તેની પાશે તેતો આવ્યો, તેમાં નહિ
શંદેહ. ૪૪ બીજો જે કમળાક્ષ કહાવે, અતિ બળિયો કુંમા
ર; તેતો ક્રોચા પતિન પાશે આવ્યો તેણે ઠાર. ૪૫ ત્રીજો કે-
કર નામે દાનવ, તારક કેરો તન, તે પણ નિજ પત્નીની પા
સે આવ્યો છે બળવન. ૪૬ એવી રીતે ત્રણે બાંધવ, લેવાને
વિદાય, અબળાઓની પાસે આવ્યા; તેનો કહું મહિમાય.
૪૭ વિધુનમાળી આવી ઉભો; નંદા કેરી પાશ; વગતી એ
તો કહેવા લાગ્યો, આણીને ઉલ્લાશ. ૪૮ અહો પત્ની મુને
આજ્ઞા આપો, આ વખતે નિરધાર; શંકરશાથે લડવા જાવું,
તેમાં થાએ વાર. ૪૯ વચણ—એવું શાંભળી ત્યાં વહી, નંદા
પતીની શાથરે; દુર્ગો કહે એતો કહે, હેતે ઝાલી હાથરે. ૫૦

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં ત્રિપુરાસુરપ્રતિ
શિવ યુદ્ધે આગતો નામ ત્રિંશોઽધ્યાયઃ ૩૦.

અધ્યાય ૩૧ મો વિદુનમાળાં સ્ત્રી પાસે આજ્ઞા લેવા આવ્યો.

રાગ કેદારો ગરબી-બોલ્યા સુતજીરે, સાંભળોસૌ મુનિ આવેળા નંદા ત્યાં કહેરે, લાગી પ્રાણપતિને પાય. ૨ સિયા રણુ સંગ્રામના જશો. ૧ હું અબળાતણીરે ઓછી, બુદ્ધિ મારા નાથ પણ વસમું અતિરે વઢવું; શંકર કેરી સાથ, રસીયા. ૨ દગાથી દેવ તારે તમને દુઃખ દેશે ભરથાર આયુધ મારશેરે તીક્ષણ તીર અને તરવાર, રસીયા. ૩ તમ મુખજોઈનેરે હુંતો જીવું આણીવાર. અંતરમાં વસ્યારે મારા અંગતણા આધાર; રસીયા. ૪ છોઊરવીપતિ રે હીર રત્ન ને દ્રવ્ય અતૂળ, પણ તૃષ્ણા અતિરે; તેતો કેવળ પાપનું મૂળ. રસિયા પાછું નથી ઈચ્છતોરે ઝાઝોપૈશો મારા ઈશ હેવાતન વડેરે હરખું અંતરમાં આદીશ રસિયા. ૬ તમ અભિમાનનોરે ત્રિશણું નહિ નભવા દે ટેક,છેવટે છેતરીને;હણુશો આચરીને અવિવેક, રસિયા. ૭ યોગ્ય હુંતો નથી રે કરવા તમનેતો ઊપદેશ, પણ કયમ જીતશોરે, સુરપતિ વિષ્નુ બ્રહ્મ મહેશ. રશિયા. ૯ અજીત એ ઈશ છે રે, એ તો શી રીતે જીતાય, મુજને મુકસો રે, આથડતી તો આ વેળાય. રશિયા. ૧૦ જશ જીત્યા તણોરે, મુજને સુઝે નહિ મહારાજ; માટે કરગરીરે, કહું છું સ્વામી તમને આજ, રશિયા. ૧૧ વેળુ પીલતાં રે; કયમ નિકળે નિશ્ચે તેલ; સહુ થાવાતણો રે, શંકરના કરમાં છે ખેલ; રશિયા. ૧૨ રૂઠયા શ્રી હરીરે, તો નવ ચાલે કંઈ ઊપાય, આ તો રૂઠીયારે; હરી અજ શંકર આ

વેળાય; રશિયા. ૧૩ ગઈ રાતે મુનેરે; આવ્યાં શમણાં ખોટાં શાર, જાણે માહરારે, ઊતર્યાં શોભિતા શણગાર, રશિયા. ૧૪ ફરકે આ શમેરે, ઝાઝું જમણું તો લોચન; તનમાં ત્રાશ છે રે, ધરૂજે થરથર મારૂં તન, રશિયા. ૧૫ ભરવી દાહલીરે. બળીયા શંકર સાથે બાથ; નહિ દેખું ફરીરે, ચઢતા ચત્રુભુજને હાથ, રશિયા. ૧૬ નગ્રમાં નાથજીરે, સઘળા સ્વાન કરે છે સોર; અંગે ઉપડી રે, મુજને અગ્નિ કઠોર, રશિયા. ૧૭ ઉલુકબોલે અતિરે, આખો ઉજડ લાગે દેશ, માટે ના જસોરે, મુકી મુજને બાળે વેશ. સિયા. ૧૮ સાનમાં આ સમે રે, થાયે દોદશથી પોકાર; તુટયો આહરો રે એની મેળે એકાવળ હાર. રસિયા. ૧૯ ભાનુ ભાસતો રે, ભયભીત ભારે લાહી તરંગ; ધુજે મેદની રે, આળસ પ્રગટી મારે અંગ. રસિયા. ૨૦ જવું હતું જુદ્ધમાં રે, તો શીદ ઝાલ્યો મારો હાથ; લગાડી મોહની રે, જોડી આયા મારી સાથ. રસિયા. ૨૧ મુખડું તમ તણું રે, તેતો કૃષ્નવરણ દેખાય; ઝાંખો દેહ છે રે, ઝાંખાં વસ્ત્ર મુગટ જણાય. રસિયા. ૨૨ ભરદરિયા વિષે રે, વાયુ તોફાની જ્યાં વાય; ત્યાં શી રાખવી રે, હવે ઉગર્યાની આશાય. રસિયા. ૨૩ આશા ઊગતી રે, ભાગો નહિ ભરથાર; પુંઠે કોઈ નથી રે, તમ વિણુ બીજો કંઈ આધાર. રસિયા. ૨૪ વિધીએ ક્યાં લખ્યો રે, આવો થાવાનો વિજોગ. રસિયા. ૨૫ કરવત મુકીયું રે, કાળજડામાં આણી વાર; નાસો નાથ જી રે, મુકી મહા વનમાં નિરધાર. રસિયા. ૨૬ એવું સાંભળી

રે, બોલ્યો વિદ્યુનમાળી ત્યાંય;અરેહોકામનીરે, ચિંતા શીદ કરે ચિત્તમાંય, અબળા ધીરજધરો આ સમે. ૨૭ કાયરકામની રે, તું નવ જાણે મારી વાત; હરિ હર ઈંદ્રની રે, કરૂં હેલામાં જઈને ઘાત; અબળા. ૨૮ સરવે દેવનાં રે, ખોદીને કાઢું હું મુળ; લાવું તારૂણી રે, તેની આ વેળા અનુકુળ;અબળા. ૨૯ તપશી શીવથી રે, કયમ ત્રાસું હું આણીવાર; જયમ થાળી સુણે રે, નટરે ત્રંબાળુ ધરનાર; અબળા. ૩૦ મારા કોપથીરે, ધુજે સૃષ્ટિ ધરતા શેષ; તો એ શું કરે રે સુરપતિ કેશવ બ્રહ્મ મહેશ; અબળા. ૩૧ એવું સાંભળી રે,કીધો અબળાએવિચાર; પાછો નહિ ફરે રે, વિદ્યુનમાળી મુજ ભરથાર;અબળા. ૩૨ ત્યારે તે સમેરે, કીધી કેસરીયા અરચાય; આપી પ્રેમથીરે જુદ્ધે જાવાનીજ રજાય, અબળા. ૩૩

વલણ. ત્યાર પછી કમળાક્ષતો, કહે છે સ્ત્રીને સાર રે; અબળા આપો આગના, મુજને આણીવારરે રે. ૩૪

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં વિદ્યુનમાળી સ્ત્રી સમિપ આજ્ઞાર્થે આગતો નામ એકત્રિંશોઽધ્યાયઃ ૩૧.

અધ્યાય ૩૨ મો—કમળાક્ષ અને ક્રૌંચનો સંવાદ.

રાગ કલ્યાણ વેરાડી.

કહે સુત સુણો મુનિરાયરે, સુણી સ્વામિ તદાયરે;ક્રૌચાતો સત્ય વાચાયરે, હો મારા પ્રાણ સનેહી; ટેક. ૧ અહો નાથ તમે આ શું ધાર્યુંરે, મારૂં અંતર ઊંડું વિદાર્યુંરે; હો મારા. ૨ આખા વિશ્વતણા જેહ કાળરે, તેતો નિશ્ચે જાણો પશુપાળરે; વઢવું તેની સાથે વિક્રાળરે, હો મારા. ૩ વિષ્ણુ વશ

કોણે નવ થાયરે, જેની નાભિથી વિશ્વ રચાયરે; પાછું પ્રલ-યમાં તે સમાયરે, હો મારા. ૪ કર્યું ત્રીદશે પીયુશ પાનરે, તેથી તેનો નથી અવસાનરે; જેને સાહ્ય સદા ભગવાનરે, હો મારા. ૫ વેદ ધર્મ કર્યા તમે નાશરે, પાડયો દેવના વિપ્રને ત્રાશરે; તેથી નિશ્ચે રૂઠયા અવિનાશીરે, હો મારા. ૬ દેહ પડશે તમારો તે ઠારરે, નહિ ઊગરો ત્યાં નિરધારરે; એવું ભાસે મુને આંણીવારરે, હો મારા. ૭ કીયા દઈત્યે જીત્યા શીવરાયરે, સ્વર્ગ ભોગવ્યું કોણે સદાયરે; તેને વિચારો આ વેળાયરે, હો મારા. ૮ તમે નીચાને નીચાં કર્મરે, નીચ સેવાને નિચો ધર્મરે; નિચ સંગતિ માની પર્મરે, હો મારા પ્રાણ સનેહી. ૯ આજ શમણું આવ્યું મુને ખોટુંરે, તેમાં વિપ્રિત દીઠું મોટુંરે; છેક ભાગ્ય દીઠું મારૂં છોટુંરે, હો મારા. ૧૦ જાણે હું તો થઈ નિરાધારરે, મુને મુકી ગયા તમે સારરે; ઉતર્યા અંગ તણા શાણગારરે, હો મારા. ૧૧ કૃષ્ણ વસ્ત્રવાળી દીઠી કાયરે, શીષ મુંડેલું સર્વ જાણાયરે; સુની સેજડી ખાવા ધા-યરે, હો મારા. ૧૨ બોલે ઉલુક દુષ્ટ વચનરે, વરસે રૂધિરનો પર જન્યરે; વસ્તીમાંહી દેખાય છે વનરે, હો મારા. ૧૩ રાતો ચોળ દેખાય છે સુરરે, આવ્યું સરિતાઓ વિષે પુરરે; જાણે મેદની થઈ ચકચુરરે, મારા. ૧૪ જાણે ખુણે પેઠી હું આ કાળેરે, મટયું સાસરિયા કેરૂ વહાલરે; ભાગી બેસવાની એજ ડાળરે. હો મારા. ૧૫ ચાલ્યા મહાવનમાં તમે કંથરે, દેશ દક્ષિણમાં કુંડે પંથરે; દીઠા યમ દુત મોટા પ્રચંડરે, હો

મારા. ૧૬ પાડા ઉપર થયા અસવારરે, કંઠે કરેણુનો પેહે-ર્યો હારરે કાળાં વસ્ત્ર ખોઢયાં નિરધારરે, હો મારા. ૧૭ જમકિંકરનો કીધો સંગરે, મુખે મેશનો ચોપડયો રંગરે; ઝાલ્યું હાડકું જાણી ઉમંગરે, હો મારા. ૧૮ માટે યુદ્ધેના જશોઓ નાથરે, ઝાલો આ સમે મારો હાથરે; રમો ઘેર બેઠા મારી સાથેરે, હો મારા. ૧૯ મુને મોહીની શીદ લગાડીરે, પ્રીતિ આવડી કેમ દેખાડીરે; હવે ઉંચેથી હેઠે પાડીરે, હો મારા. ૨૦ મારો ઘટશે ઘરમાં તોલરે, નહિ સાંભળે કોઇ બોલરે; થશે બાવરી જેવો ડોળરે, હો મારા. ૨૧ મને ગમે નહિ કશું આજરે. ઊઠે અંતરમાં અતિ દાઝરે; હવે શી રીતે રહેશે લાજરે હો મારા. ૨૨ સુજયું અવળું તમને આવારરે, ઘાલી બળીયા શું બાથજ સારરે; માટે નહિ ઉગરો ભરથારરે, હો મારા. ૨૩ કાઢે શ્વાનતો કારમારાગરે, હો મારા. ૨૪ ટુટયો કંઠનો કાત્રળ હારરે, મારે નેત્રે ચાલ્યાં આંસુધારરે; થાય પ્રથ્વીની માંહ્ય પોકારરે. હો મારા. ૨૫ પુન્ય પુર્વેનું શર્વે લા ગ્યુંરે, મારૂં સુતેલું શંકટ જાગ્યુંરે; શાગર મધ્યે તો નાવડું ભાગ્યુંરે, હો મારા. ૨૬ એવી નારીની શાંભળી વાણીરે, બો-લ્યો કમળાક્ષ તો કોપ આણીરે; છાની રહેને બુદ્ધિ જાણીરે, હો મારી ગુણુવંતી ગોરી. ૨૭ પ્રિયા કોમળ કાળજું તારૂંરે, સુર સર્વેને હું તો શંહારૂંરે; હો મારી ગુણુવંતીરે ગોરી. ૨૮ મુને શું કરે જોગટો એહરે, થયો તપે કરી ક્ષીણ દેહરે; માટે યુદ્ધે રૂદ્રં આણી સ્નેહરે, હો મારી ગુણુવંતી. ૨૯ એવાં વાકય

સુણી તે ઠારરે, કર્યું ત્રિયાએ તિલક શારરે; પછી આજ્ઞા આપી નિરધારરે, હો મારી ગુણવંતી ગોરી. ૩૦ વલણ—તે કાળે તતબર થયો, ક્રૌંચા કેરો કંથરે; દુર્ગો કહે પછી પરવરે, દારૂણ રણને પંથરે. ૩૧

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે ગ્નાન સંહિતાયાં, કમળાક્ષ ક્રૌંચા સંવાદ વર્ણનો નામ દ્વાત્રિંશોધ્યાયઃ ૩૨.

અધ્યાય ૩૩ મો કેકર અને માલીનીનો સંવાદ.

રાગમલ્હાર—સુત પુરાણી કહે છે, સૌ સાંભળો વિપ્રકુમાર; વળતી કેકર ત્રીજો કહે; નીજ પત્ની શાથે શાર, અહો ત્રિયા તમે આપો આજ્ઞા તો આણીવાર, એવા પ્રાણના વિલાસીરેરેરે હો માનો કહ્યું માહરૂંરે. ૧ માલિની કહે સ્વામિ, શીદ મરવા માટે જાઓ; ત્યાં જાતાં આ વેળા, નહિ પાછા નિશ્ચે આવો, તે માટે કર જોડી; શંકરને શીશ નમાવો, એવા પ્રાણના. ૨ પાતળીયાજી પ્રીતિ, છે શંપુરણ તમ શાથે, ઓથ તમારી આખી, છો છત્ર મણિ મુજ માથે; વૈભવ શઘળા માણું, તેતો સ્વામી તમ હાથે. એવા પ્રા૦ ૩ કોણ કુટિલ હોય એવી, જે સ્વામી તો નવ શાલે, હૈયે હોળી ધીકે, ને મનમાં તે કયમ મ્હાલે, તમો વિના દુઃખ વેળા કોણ પાલવ મારો ઝાલે. એવા પ્રાણના૦ ૪ સ્વામી વિયોગનું જીવ્યું, સૌ અબળાને તો માઠું; દુઃખ એ તો કેમ વિસરે, જે પીઠ ઊપરનું પાઠું; નાથ વખુટી થાતાં, તો નિશ્ચે દૈવત નાઠું. એવા પ્રા૦ ૫ સુધા સરીખી વાણી, તે કોણ સુણાવે સ્વામિ; હજુ ઉમ્મર છે નાની, ત્યમ લાભ કશો નથી પામી;

એવામાં ક્યાં દો છો, આ મુજને મોટી ખામી. એવા પ્રા૦ ૬ દીલ ખોલીને વાતો, તે કોને જઈ કહેવાયે; અભાગણી હું જીવી, શું કરવા આ વેળાયે; હૈયે હોળી ધીકે, ત્યાં શાન્તિ કેમ પમાયે. એવા પ્રા૦ ૭ મુળથી આવું જાણું, તો પ્રીતિ કયમ દેઉ થાવા; હું મુરખી ના સમજી, આ નિર્દય હોશો આવા; તે માટે સો વાતે, હું નહિ દેઉ તમને જાવા. એવા પ્રા૦ ૮ જો જાવું હોય લડવા, તો મુજને પેહેલી મારો; કોને સોંપી ચાલ્યા, તે અંતરમાં વિચારો; યુદ્ધની વાતો સુણી, આ જીવડો ફટકે મારો. એવા પ્રા૦ ૯ હમણાં કડવિ લાગે, આ વાણી તમને મારી; પણ પુંઠેથી ફળશે, એ સત્ય કહું સુખકારી; મન મેલા નવ થાઓ, મુજ દાસી દોષ વિચારી, એવા પ્રા૦ ૧૦ પુરવે કીધાં હોશે, મેં દુ કૃત દોષ ચઢાવી; તે કારણ આ વેળા, તો વિપ્રિત મુજને આવી; એકે રહ્યો નહિ આરો, ત્યમ કથર્યું કેવળ ભાવી;એવા પ્રા૦ ૧૧ હરિહર અજના સામું, કયમ યુદ્ધ તો તમથી થાશે; સાયક બરછી ભાલા, તે અંગે કેમ સેહેવાશે; શુર શત્રુની ફોજો, તેહો દશથી ત્યાં ધાશે; એવા. ૧૨ જેમ વપુને મુકી, આ જીવડો સ્વર્ગે જાએ; તે વેળાતો વસમી આ પીડા તનમાં થાએ, તેથી વસમી સ્રીને, આપત્તિ વિરહ પિડાએ; એવા પ્રા૦ ૧૩ એવું સુણી બોલ્યો, કેકરતો અબળા સંગે; અરે પ્રીયા શું બોલો, આ તુચ્છ વચન રણ રંગે; સુર શંકરને જીતી, હું આવીશ ઘેર ઉમંગે; એવી પ્રાણ કેરી પ્યારી રે રે રે હો ધીરજ ધારો

આ સમેરે. ૧૪ ટેક, જોના જાઉં સંગ્રામે તો હાંસી મારી થાએ; મોટા ભાઈની આજ્ઞા તો, આવેળા લોપાએ; તેથી મરવું સારૂં, એ વેદ શાસ્ત્રનો ન્યાએ; એવી પ્રાણ. ૧૫ કાયર દીકરો દેખીને, માત પિતા તો લાજે; દુશ્મન નિંદા બોલે,ને શત્રુ ગર્વે ગાજે; ભય કોઇએ નવ માને, ને ભાર વિશ્વમાં ભાજે; એવી પ્રા. ૧૬ મોત હશે જો મારૂં, તો ઘેર બેઠાં નહિ છોડે; કાળ મુકે નહિ કોને, એ વજ્ર પાંજરૂ તોડે; દેહ ધરયો તે પડશે, દિન ઝાઝે કેવળી થોડે; એવી પ્રા. ૧૭ જ્યમ જાણુય કઠીએ પાછા, ત્યમ ત્યમ એ શતરૂ પજવે; કીર્તિ ઝાંખી થાયે ને, યાચક યશ ના વિનવે; માટે લડવું સારૂ, ના હડવું રણમાં ચઢવે; એવી પ્રાણ૦ ૧૮ પશ્ચિમ તરણી ઉગે, ને અવનિ ઉંધી થાયે; અંબર તુટી પડશે ને, સાગર તો રેલાયે; પણ મેં જાવું ધાર્યું, તે ઘરમાં ના રહેવાયે. એવા૦ ૧૯ લોક વિદિત વદી વાચા, તે પાળવી તેમાં સારૂં; નહિ તો નિંદા થાયે, ને તોલ ઘટે છે વારૂં; માટે બોલ્યું કરીએ, તે મોક્ષ તણું એ બારૂં. એવી૦ ૨૦ જન્મ ધરી જે પુર્ષે, કંઈ યશ તો ના વિસ્તાર્યો; વ્યંઢળ તેને જાણો, તે જીતી બાજી હાર્યો; ઉભય લોકમાં હાની, એ અંતે જાયે માર્યો. એવી૦ ૨૧ માલિનીએ મનમાં, તે વેળાએ વિચાર્યું; જાવાને હઠ લીધી, તે કયમ કરી કરશે વાર્યું, નિશ્ચે બગડયું ભાવી, તે મેળે મરવું ધાર્યું. એવા ૨૨ વળતી તેણે પ્રીત્યે, ત્યાં પતિને અરચા કીધી; ફુલડાં કેરી માળા,તે

અરપી કંઠે દીધી; તેવી અંતઃકાર્ણથી તો, આશિષ રૂડી દીધી. એવા૦ ૨૩ ત્યાર પછી તે બોલી, ઓ સ્વામિ વેહેલા વળજો; શત્રુ પ્રાજે થાજો, ને અરિહન સ્વામિ ફળજો, ત્રિદશ કેરી ટોળી, તો તમને દેખી બળજો. એવા પ્રાણના વિલાસીરેરેરે હો માનો કહ્યું માહરૂંરે. ૨૪

વલણ. વળતી ત્યાંથી ચાલિયો, કેકર તારક તનરે; દુર્ગો કહે પછી શું થયું, તે કહું શ્રોતાજનરેરેરે. ૨૫

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિત જ્ઞાન સંહિતાયા કેકર માલિની સંવાદ વર્ણનો નામ ત્રયઃત્રિંશોધ્યાય. ૩૩

અધ્યાય ૩૪ મો. ત્રિપુરાસુરના સૈન્યનું વર્ણન.

રાગ મારૂ.

બોલ્યા સુતપુરાણી વચન; સુણો શૌનકાદિ મુનિજન, પછી ત્રિપુરાસુર ત્રણ ભ્રાત, ચાલ્યા યુદ્ધને માટે સાક્ષાત. ૧ તેની પુંઠળ સૈન્ય પળાયું, જાણે સરિતાએ પુર આવ્યું; શોર બકોર ત્યાં અતિ થાય. કાને પડયું ન કશું સુણાય. ૨ તેહ જોઇને દૈત્યોની નાર, ઘણી વ્યાકુળી થાય છે સાર; આવે ઘરમાં ને બારણે જાય, લાગે વળી વળી સ્વામિને પાય. ૩ કરે કાલાવાલા ઘણા એહ, પતિને પાછા વાળવા તેહ; ઉભી બારીએ આળસ મોડે, શીશ નમાવે ને કર જોડે. ૪ તોય પાછા ન વળે અસુર, જેને યુદ્ધનું તાન પ્રચુર; એમ સરથાર સંગ્રામે જાતાં, કર્યાં સ્ત્રીઓએ નેત્રજ રાતાં. ૫ પછી ઓવારણાં લેછે નારી, દેછે આશીશ ત્યાંતોજ સારી; એવી રીતે અસુરની સેનાય, ત્રિપુરાસુર પુંઠે પળાય. ૬ કહું તેહની

શોભા તમામ, થાય સુણતાં આશ્ચર્ય આમ; સરખા સરખી છે દઈત્યોના જોડા; જાણે લંકા તણા વળી તોડા. ૭ ગાજે ત્રંબાળુ ગોમુખ ત્યાંય, મારૂ રાગ આલાપે તે માંય; હાથી મદ ઝરીયા કાવે જેહ, પાડે ચરાડા ચોત્રરે તેહ. ૮ દળ વાદળ પ્રગટયું પુર, જાણે સૃષ્ટિ થશે ચકચુર; કોઈ રથને મેના પર માલે, કોઈ અશ્વે થયા અસવાર; પેહેર્યાં બખતર પાખર ટોપ, પીસે દાંતને કરતા રે કોપ. ૧૦ માંથે લીલી પીળી પાઘ ઘાલી, કરમાં ઉઘાડી તરવારો ઝાલી; કાને કુંડળ ઝળકે વિશાળ; પેહેર્યા સોને રીતો સુરવાળ. ૧૧ કંઠે કુસુમ માળા શોભાય, ભાળે કેસરીયા અરચાય; ચીતચોગણું જેનાં ચકોર વપુ વજ્ર સરિખાં કઠોર. ૧૨ કચકચીને કમ્મર બાંધી, તિવ્ર કટારી તેહમાં નાંધી; પહેર્યા લોહના મોજા રે પાય, ઉપર ચર્મના ઓઢા શોભાય. ૧૩ ભાથ ભીડીયા તે બેઉપાશ, શક્તિ શાંગ ગદા ગ્રહી તાશ; એવી રીતે સોંઢયા અતિ સુર, પાળા પરવરીયા ભરપુર. ૧૪ નેજા ફરરર ફરકે તે ઠાર, ચળકે ભાલા ભયંકર શાર, ઝમકે ઝાંઝરી ત્યાં ઝણેણાટ, વાગે કારમા બહુ કરેણાટ. ૧૫ પદરજ થકી નિરવાણુ, થયો આકાશે ધુંધળો ભાણુ, એમ અસુરનું દળ ચાલ્યું; ત્યારે ઉરવિનું મંડળ હાલ્યું. ૧૬ કુર્મ કંપ્યો ને શળકયો શેષ, ખળભળ્યો અતિ અર્ણવ એશ; ડોલ્યા દશે ત્યાં દિગપાળ, તારા તુટવા લાગ્યા તે કાળ, ૧૭ મધ પીને થયા દૈત્ય માતા, દોટ મુકીને શનમુખ ધાતા, કરતા શંખનો નાદ અપાર, મારો મારો મુખે કહેતા શાર.

૧૮ ખેટ ખડગને ખપર ખટકે, જોઈ દેવ તણાં દિલ ફટકે,અ
શવો ઉછળે અંતરીયાળ, ફાળ ઉપર દેતાજ ફાળ. ૧૯ ઉડણ
અબલખી કચ્છી કુમેદ, શ્વેત ભુંખરાને રક્ત ભેદ; લીલા
પીળા કલંકીને કાળ, જાંબુ વરણા કલ્યાણી પંખાળ. ૨૦
પાણી પંથાને પીરાજા સાર, એવા અશ્વો ચાલે તેણે ઠાર;
હવે તારકાસુરનો તન વિદ્યુનમાળી મોટો બળવાન. ૨૧
તેતો હસ્તીના ઉપર છાજે, જેની શોભા જોતાં ઈંદ્ર લાજે;
મેઘાડંબર જેવી અંબાડી, ઝુલ જાણે ભરીપુલવાડી.૨૨જેના
હાથમાં ધનુષ્ય ભારી, ખાંધે ભર્યો ભાથો સુરારી; જેનાં
વજ્રથી વસમાં હાડ ફાટે ફુંકથી પરવત પહાડ. ૨૩ જેના
ચર્ણથી ચંપાય શેષ, માંથે વાંકડાને કાળા કેશ; જેનાં લો-
ચન છે વક્રલાલ, ભાળ ભયંકર ને વિક્રાળ.૨૪ જેનો અગ્નિના
જેવો છે ક્રોધ, શબ્દ કાટકા તુલ્ય પ્રબોધ; જેના ભુજદંડ બે-
ઉ વિશાળ,જેથી ભુમિના નાઠા ભુપાળ. ૨૫ જેના મુગટમાં
મણી શોભ, સામો આવતાં સવિતા થોભે; જેના વૃષ્ટિ
જેવાં છુટે બાણ, પાડે સેનામાં ભારે ભંગાણ. ૨૬ જેણે ઈંદ્ર-
નો ગર્વ ઉતાર્યો, ત્રાસ ત્રિલોકમાંહી વિસ્તાર્યો; જેની ક-
ટાક્ષે કંપેજ કાળ, કંઠે કુસુમમોતીની માળા. ૨૭ બીજો કમ-
ળાક્ષ કહાવે જેહ, બેઠો રથની અંદર તેહ; રક્ત વર્ણોને અ-
શ્વ છે શ્યામ, રક્તધ્વજાને રક્ત છે નીશાન. ૨૮ એતો એ પણ
બળિયો અતિ, જેની સંગ્રામમાં ગુઢ ગતિ; ત્રિજો કે કરતો
તેણે ઠાર, થયો સિંહના ઉપર સ્વાર. ૨૯ ઝાલી હાથમાં મો-

ટી ગહાય, કરે ઊંચ સ્વરે ગર્જનાય; એવી રીતે એ ત્રણે ભ્રાત, આવ્યા શીવની સામા સાક્ષાત. ૩૦ ત્યારે શંકરનું દળ ધાયું, મળી સેના બે યુદ્ધ મંડાયું; ગજેગજ રથે રથ ત્યાંય, પાળે પાળા મળ્યા રણમાંય. ૩૧ અશ્વે અશ્વ શુરા સાથે શુરા, મ્હારથી સામા મ્હારથી પુર; શિવ સામો વિદ્યુનમાળી સાર, કે કર ઈંદ્ર સામો નિરધાર. ૩૨ કમળાક્ષ વિષ્ણુ સામો થયો, કરી ગર્જનાને ઊભો રહયો; એમ ભીરૂ થઈ ત્રણ ભ્રાત, ઉભા લડવા માટે સાક્ષાત. ૩૩ પછી શીવને કહે અસુરેશ, અલ્યા સાંભળને તું મહેશ. ૩૪

વલણ, શંકર સાથે બોલિયો; વિદ્યુનમાળી રાયરે, દુર્ગો કહે શ્રોતા સુણો, કહું તેનો મહિમાયરેરેરે. ૩૫

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં ત્રિપુરાસુરસ્ય સેના વર્ણનો નામ ચતુઃત્રિંશોધ્યય. ૩૪

અધ્યાય ૩૫ મો. શિવ વિદ્યુનમાળી સંવાદે.

રાગ વાયરૂ શીદને વાયુરે, મોઘો ભાવ ક્યાંથી લાવ્યુંરે; એ પ્રમાણે, લાજ વના અલ્યા લંપટ જોગી, અશુદ્ધ બારેમાશ; ભુતાંના ભેગો ભમતો ફરે, તેમ સ્મશાને તારો વાસ; અલ્યા શીવ શીદને ચુકું રે, પાછો જઊં તો જીવતો મુકું રે. ૧ ઢોંગી ધુતારોને વ્યસની પુરો, કાયર કામી અજાણ; નાગો ફરે અને એકલો રહે છે, ઉન્મત્ત તું નિરવાણ; અલ્યા. ૨ પ્રેત પિશાચને વ્યંતર ટોળી, તેહમાં રહે છે મગન; હાડકાં કંઠમાં બાંધ્યાં બરોબર, વિભુતિ ચોળી તદન; અલ્યા. ૩ યુદ્ધની વાતમાં અજાણતું, તારો ભિક્ષા તણો અધિકાર; વાદીના

જેવો વેશ દેખી, વળી છોકરાં છળે અપાર;અલ્યા.૪ મલીન વાજું જે ડાખલું કહાવે,તેને સુણી હરખાય,ક્રોધ અતિશય કારમો તેવો,અભક્ષા ભક્ષનું ખાય;અલ્યા.૫ દક્ષપ્રજાપતિ સસરો તારો,તેનું કપાવ્યું શીશ; કન્યા આપી તેને કુરૂપ કીધો, આણી અતિશય રીશ;અલ્યા.૬ સિંધુ વલોવતાં રત્ન મળ્યાં; તેને લેઇ ગયા સર્વે દેવ ઝેર હતું તેને પાન કર્યું તેં, એવો અભાગિયો એવ , અલ્યા. ૭ તપસી છું તેવો ગર્વ ધરે પણ, કૃત્ય સૌ જાણે લોક, ભીલડી દેખીને ભંગ થયું વ્રત, પુઠળથી પડયો શોક; અલ્યા આઠ બ્રહ્માનું મુસ્તક કાપતાં, બેડી તુજને બ્રહ્મહત્યાય, ત્યારે દેવે મળી દંડજ દીધો, ના ચાલ્યો ત્યાં ઉપાય. અલ્યા ૯ ઉત્તમવસ્ત્ર નો ત્યાગ કરી; અને ઓઢે છે હાથી ચામ, તેવું મણિમય મૂકી ઘરેણું, સર્પ વિંટયા બધે ઠામ,અલ્યા.૧૦ રત્નજેવી સૂતા શૈલપતિ તાણી,તેનો બાળ્યો અવતાર, તને પરણી એણે શું સુખ દીઠું, એકલા ઝુરે દ્વાર, અલ્યા. ૧૧ પરિક્ષા લેવાને ભૃગુ પધારયા, પીતિ આણી તારે ઘેર; તે વેળા મારવા ઉઠયો તું એને, નીપજી એવી પેર, અલ્યા, ૧૨ ભસ્માસુર કેવો નશાડયા તો તુને તેનું ભૂલ્યો કેમ આજ, અપમાનથી નથી ઓસરતો, જરા લાલચમાં લોપી લાજ અલ્યા, ૧૩ વૃંદાને ચળવા માટે તેં કીધી, જાળંધર કેરી કાય; તે સતિયે તેને ઓળખ્યો ત્યારે, ધિક્કાર્યો ત્યાંથી તદાય; અલ્યા. ૧૪ પરણ્યાં પેહેલી આવી પૂજા કરવા, પારવતી કન્યાય તેને દેખી ચિત્ત ભ્રષ્ટ થયું ;ત્યાં શાની એ સાધુતા

ચા અલ્યા.૧૫ કામણ દુમણ મારણ મોહન, એવાએ ખોટાતં ત્ર તેને દયાતજી રચ્યા તેં, રૂડા મેલ બનાવ્યા મંત્ર; અલ્યા. ૧૬ પાત્ર પડયાં મુકી હાથમાં ઝાલ્યું, ભૂંડું તે બ્રહ્મ કપાળ; વિષ્ણુના ચર્ણને ધોયેલું વારી, માથેમુકયું આણે કાળ. અલ્યા.૧૭ અશ્વ હાથી રથ વાહન મૂકી, બળદ ઉપર બેસેસાર; મુગટપાઘડીમળી નહિ ત્યારે, જટાવધારી અપાર. અલ્યા. ૧૮ જાતવનો તુંતો જોગટો કહાવે, વિચાર વિનાનો દેવ નાચી ખુંદીને પેટ ભરે છે, ખોટીએ તારી ટેવ;અલ્યા. ૧૯ ઝાઝું કહેતાં મુને લજ્જાતો આવે, માટેથોડું કહ્યું સાર, તારા જેવા નથી નિર્લજકોઇ ત્રિલોકમાં નિરધાર; અલ્યા. ૨૦ દોહરો, એવું સાંભળી કોપીયા; શંકર તેણે ઠાર દુર્ગો કહેતે તો વધા, ક્રોધ કરી નિરધાર. ૨૧ રાગ ક્ષત્રીકલંકનો, બોલ્યા બોલ્યા ત્યાં શીવજી સાક્ષાત, ધીકકાર તને આણે સમેરે, કુરી નિંદા તેં મારા શઠ જાત, તે માટે તારૂં મૃત્યું ભમેરે. ૧ ટેક. પેલી પૂજા કરી નિરત્રાણ, ધિકકાર તને આણે સમેરે વળતી ઉખેડયાં સ્થાપિતબાણ,તે મારેતારૂ મૃત્યું ભમેરે.૨ વેદધર્મ પામ્યો તો પ્રભુતાય, ધિકાર તેનીતોડી જ તેં મર્યાદાય; તે માટે. ૩ કીધો કલ્પિત મનનો આધાર, ધિકકાર થયો મલિન ગોબરો અપાર, તે માટે. ૪ પાપી અસુર કેરો તું તન, ધિકકાર. નીચ કુળને નીચ બુદ્ધિ મન, તે માટે. ૫ જીન પંથમાં પેઠો અજાણ, ધિકાર. તેથી પુન્ય હણાયું નિરવાણ, તે માટે. ૬ એહ મારગ આચરે જેહ, ધિકાર. થશે નાસ્તિક તો

વળી તેહ, તે માટે. ૭ જપ યજ્ઞને તિરથ જેહ, ધિકાર.ઉઠે તેહ ઉપરથી સ્નેહ, તે માટે. ૮ વિપ્ર અગ્નિ ને ઈંદ્રાદિક દેવ. ધિકકાર; તેને નિંદવાની પડી ટેવ, માટે. ૯ તત્વ જ્ઞાન ને શરીર શોધન, ધિકાર; નથી એ મતનાં બળવાન, તે માટે. ૧૦ કેવળ દેહ દમનનો પ્રકાર, ધિકકાર; નથી દેખાતો શ્રેષ્ઠ આચાર, તે માટે. ૧૧ અલ્પ્યા પેઠા નું એહ મતમાંય, ધિ-કાર; માટે ઉલટી થઈ મતિ ત્યાંય. તે માટે.૧૨ કર્યો વિષ્ણુએ તો તારે કાજે ખેલ, ધિકકાર; છળ કરી છોડાવ્યું સત્ય સેલ, તે માટે. ૧૩ અધિકાર વિના ઊંચી વસ્ત, ધિકકાર; નથી રેહેતી પ્રાણી કેરે હસ્ત, તે માટે. ૧૪ મોતી ભક્ષ કરે છે મ-શળ, ધિકકાર, બગ મચ્છીખાઈ કાઢે કાળ, તે માટે. ૧૫ સંગ રંગ ન નીચને પમાય, ધિકકાર, સંગ કીધેલો નિશ્ફળ જાય, તે માટે. ૧૬ મણિ સ્પર્શે ધાતુ હેમ થાય, ધિકકાર; કાંસુ એવું ને એવું કહેવાય, તે માટે. ૧૭ તારાં કૃત્યથી કહું છું હુંય, ધિકકાર, પિતા વિર્યથી નથી થયો તુંય, તે માટે. ૧૮ વર્ણ શંકર જાતિ વિશાળ, ધિકાર; વળી અધર્મિનો પ્રતિપાળ; તે માટે. ૧૯ મારા પુત્રે માર્યો તારો તાત, ધિ-કકાર; તો તું મારી આગળ કોણ માત્ર, તે માટે. ૨૦ જાળં ધર આદિ દુષ્ટ માત્ર, ધિકકાર; તેનાં ભેદ્યાં મેં રણમાંહી ગાત્ર તે માટે. ૨૧ મિથ્યા ગર્વ કરે છે મતિ માર, ધિકકાર; હણું હેલામાં તને આણીવાર, તે માટે.૨૨ મારૂં દાનવ અરિ છે નામ, ધિકકાર; અસંખ દઈત્ય હણ્યા અભિરામ, તે મા.

૨૩ અજન્માને અજીન હું સત્ય, ધિકકાર; કરૂં નાશને વળી ઊતપત્ય, તે મા. ૨૪ ઇચ્છું જેહનો હું તો કાળ, ધિકકાર; તેનો નથી કોઈ પ્રતિપાળ, તે મા. ૨૫ આજ રૂઠયા છે તારા રામ, ધિકકાર; કરવું હોય તે કરી લેને કામ, તે મા. ૨૬ નિકળ્યો નગ્રથી જયારે તું બ્હાર, ધિકકાર; ગયું ત્યાં થકી તન ધન સાર, તે મા. ૨૭

વલણ, એવી રીતે શીવે કહયાં, દઈત્યને મર્મ વચનરે; દુર્ગા કહે તે સાંભળી, કોપ્યો તારક તનરેરેરે. ૨૮

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સલિતાયાં,
શિવ વિદ્યુન્માળા સંવાદો નામ પંચ ત્રિંશોધ્યાયઃ ૩૫

અધ્યાય ૩૬ મો. વિષ્નુ કમળાક્ષ વર્ણનો રિવાજ.

રાગદેવગંધાર.

ત્યાર પછી કમળાક્ષ બોલિયો, વિષ્નુને કહેવાણી; અરે મુરખ શું કરવા આવ્યો, સંગ્રામે સુખ જાણીરે; કમળાવર કામી, આ સમે તુજને સંહારૂં, કપિાટે સુર સ્વામિ, તને નિશ્ચે રણમાં મારૂંરે; કમળાવર. ૧ ટેક, તારી ભક્તિ જેહ કરે છે, તેને તું દુઃખ દેછે; મીઠાં મીઠાં વાકય કહીને સર્વસ લુટી લે છે રે, કમળાવર. ૨ સત્વ ગુણી તુજને કહે છે પણ, મન મેલો તું ભારે; રાત દિવસ ખટપટમા ખેલે, વિષય નવિચારેરે; કમળા. ૩ સિંધુ સુતની તરિયા કેરૂં, છે તરી સત્ય ચુકાવ્યુંરે; વળી નિજ પતિન પ્રેરી તેના, પતિનું મોત પુછાવ્યુંરે; કમળ. ૪ અબ્ધી વલોવ્યો દાનવ દઈત્યે, ત્યારે દ્રવ્ય જણાયું; તે સઘળું તે દેવને આપ્યું, દઈત્યને મદિરા પાયુંરે;

કમળા. ૫ સમદર્શી તુજને કહે છે પણ, પટાંતરો બહુ રાખે; દેવને માટે દુઃખ વેઠે છે, દઈત્યને મારી નાંખેરે; કમળા. ૬ સદવસ્તુ દેખીને કોઇની, ઈરશા તુજને આવે; વળી બળીયો ઊત્પન થાયેતો, અંન જરા નવ ભાવેરે; કમળા. ૭ વેદ તણી મરજાદા બાંધી, સૌને ધર્મ પળાવે; પણ તું તો ફાવે તેમ વરતે, સૌને લુંટી લાવેરે; કમળા. ૮ કોઈ વખતે સાધુ પાતાળે; કોઈ વખતે થાય કામી; કોઈ વખતે વળી શિષ્ય થાય છે, કોઈ વખતે થાય સ્વામિરે; કમળા. ૯ બળી રાજાયે પુજન કીધું, દુઃખ દીધું તે કાળે; છેતરીને ધન સર્વે લીધું, વળી ચાંપ્યો પાતાળેરે; કમળા. ૧૦ રાવણે રામા લેઈ લીધી, ત્યારે તું તો રોયો. સીતા સીતા કહીને રખડયો, તેથી વકકર ખોયોરે; કમળા. ૧૧ વાણ અપરાધે વાળી માર્યો, સ્વાર્થ સાધવા સારૂ; નિજ પત્નિ લેવાને માટે, વિપ્રનું કુળ સંહાર્યુંરે; કમળ. ૧૨ નવ મહિના ઊંદરમાં રાખ્યો, રેણુકાએ જ્યારે; ત્યારે તેનું મુસ્તક કાપ્યું, તાત વચનથી ત્યારેરે; ૧૩ ક્ષત્રિકુળ નિકંદન કીધું, દયા દિલથી ટાળી; નીચ જનાવર થઈ અવતરીઓ, નાત જાત ના ભાળીરે; કમળા. ૧૪ ક્ષત્રી થઈને ખામી આણી, ભમીઓ વાનર ભેળો; વળી વીજ વિનતા સાથે નાચ્યો, થઈને સુંદર ખેળોરે; કમળા. ૧૫ માત પિના બંધનમાં રાખ્યાં આહીરને સુખ આપ્યું, મિત્ર સુદામો દુર્બળ રાખ્યો, દુઃખ દીધું અણુમાપ્યુંરે, કમળા. ૧૬ જરાસઘંથી નાસી છુટયો, દરિયામાં

સંતાયો; માતુળકેરૂં મુળજ કાઢયું. પૈસો તેને લાયોરે; કમળા. ૧૭ કેટલી કન્યા હર્ણ કરીને, ઘરમાં લાવી ઘાલી, કુબજા દાસી સાથે રમીયો, વ્રહેથી કીધી વહાલીરે; કમળ. ૧૮ વ્રજ વિનતાએ તન મન સોંપ્યું, ત્યારે અળગી કીધી; ગોકુળ મુકી આવ્યા પૂંઠે, શોધ કદી ના લીધીરે, કમળા. ૧૯ તે વેળાએ વિષ્ણુ બોલ્યા, સાંભળ રાક્ષસ પાપી; નિર્ભય થઈ તેં નિંદા કીધી માટે નાંખું કાપીરે, શઠ. દાનવ પાપી, આસમે તુજને ના મુકું ટેક. ૨૦ ગૌ બ્રાહ્મણની ઘાત કરે છો, વડ પાંપળને છેદો; પશુ પક્ષીને વણુઅપરાધે, ભારે શરથી ભેદોરે, શઠ. ૨૧ મદમાંસને ભક્ષ કરીને, થાઓ અતિશય રાજી; રાંકપુરૂષને રંજાડો વળી. ગાળો દ્યો છોગળાજીરે; શઠ. ૨૨ સતિની લજજા લેવા માટે, સત્વર વેગે ચાલો; સાધુને શિર આળ ચઢાવી, મિથ્યા મનમાં માલોરે; શઠ. ૨૩ યજ્ઞ હોમને ભંગ કરો છો, ઈરશા મનમાં આણી; દુષ્ટ વસ્તુ ઉપર નાખીને; ભ્રષ્ઠ કરો નિરવાણીરે; શઠ. ૨૪ ઉત્તમનું અપમાન કરોને, દેવતણા છો દ્રોહી; વણુ સમજે વિવાદ કરો ત્યમ, મુંડીને રહ્યા મોહીરે; શઠ. ૨૫ નિરઅપરાધી નરને દંડો, મિથ્યા આરોપ મુકી પોતાના અવગુણુના પેખો બુદ્ધિ એવી ટુકીરે; શઠ. ૨૬ ગંગા આદિ તિરથ તેને, નિંદો નાશદીન પાપી; વૃત વિદ્યાને જપતપ સાધન, તેને નાખ્યા કાપીરે; શઠ. ૨૭ વેદ ધર્મથી ઉલટા ચાલી, અને અનર્થ ઝાઝો કીધો; તે માટે મેં આજ તમારો, કેડો ઝાઝો લીધોરે; શઠ. ૨૮ તમારા અન્યાયે કરીને, વૃષ્ટી તો નવ થાયે; ઈંદ્રતણું ઈંદ્રા-

સન ડોલે, ધરણી ધ્રુજી જાયરે; શઠ. ૨૯ ધર્મ તણા પગ ચાર કહાવે, તે પણ સરવે ભાગે; સત્ય વસ્તુ શોધી નથી મળતી જુઠાનું બળ જાગેરે; શઠ. ૩૦ તે કાળે અવતાર ધરીને તમને તો હું મારૂં; વળી કોઈને શીવ પાસે મરાવી, ઉરવી ભાર ઉતારૂંરે; શઠ. ૩૧

વક્ષાણ વાકય સુણી વિષ્ણુ તણાં, કોપ્યો દઇત્યકુમાર રે; દુર્ગો કહે હાવે કરૂં, કેકરનો વિસ્તારરેરેરે. ૩૨

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતં જ્ઞાન સંહિતાયાં,
વિષ્ણુ કમળાક્ષ વિવાદ વર્ણનો નામ ષટ્ ત્રિંશોધ્યાયઃ ૩૬

અધ્યાય ૩૭ મો—કેકર ઇંદ્ર સંગ્રામ.

રાગ મારૂ,

બોલ્યા સુતપુરાણી વચન, સુણો સૌનકાદિ મુનિજન; પછી કેકરાસુર તેઠાર, બોલ્યો ઈંદ્રની સાથેજ સાર. ૧ અલ્યા રાંડવા કામી અજાણ, શીદ ખોવાને આવિયો પ્રાણ; પેઠો ગૌતમના ઘરમાંય. લાજ લીધી સતી તણી ત્યાંય. ૨ પામ્યો શ્રાપ ભયંકર સાર, થયાં ભગતો એક હજાર, કીધું ગુરૂ તણું અપમાન, બન્યો વ્યંડળ તેથી નિદાન. ૩ વળી વિપ્ર હણ્યો વિશ્વરૂપ, બેઠી હત્યા તો એથી વિરૂપ; થઇ રાજ્ય લક્ષ્મી તેથી તારી, સ્વર્ગ છોડી નાઠો દુરાચારી. ૪ માટે શિક્ષા કરૂં તને આજ, લેઉં લુંટી બધું તારૂં રાજ; એવાં દઈત્યનાં સુણી વચન, બોલ્યો વાસવ કસ્યપ તન. ૫ અલ્યા અસુર શું બોલે આમ, તને ઠેર હણું આણે ઠામ; મારે માથે છે શંકર સ્હાય, માટે મારૂં મૃત્યું નવ થાય. ૬ મંદમતિ બોલો મારો

સાથ, નથી દીઠા હજુ તેં તો હાથ; પામર પોત વિચારને તારૂં તારાથી શું ગયો હુંતો વારૂ. ૭ એવું એવું કહી ઈંદ્રે નિસ્વાણુ, મુકયું કેકર ઊપર બાણુ. ત્યારે તેણે પણુ આણી રીસ, છેદયો આવતો શર તે દીશ. ૮ પછી ક્રોધ કરી તેણે ઠાર, મુકે રાક્ષસ બાણુ અપાર; લડે ભીરૂએ ભીરૂ તદાય, કહું વર્ણવી તે આવેળાય. ૯ સ્વામિ કાર્તિક સામો સુસારૂ, દમન એકાનન બેઉ વારૂ; કંટક શતાક્ષભીરૂ કહેવાય, દ્વીશીર દુર્ધર એ મ્હાકાય. ૧૦ લોહિતાક્ષ મરૂ બળવાન, કંટક દેવાં તક તેણે સ્થાન; ઊર્ધ વક્રને ભિશાણુ એનો ઝંઘત્રિશીર તે પાણ તેવો. ૧૧ અરિમર્દન દ્વિશિર એમ, વિરભદ્ર કાળાં તક તેમ; એતો ભીરૂએ ભીરૂ તે દીશ, આરે એક એકને આણી રીસ. ૧૨ થાય બેઉના યોદ્ધાનાં માર્ણ, દિસે દિકર ધુંધળો વર્ણ; પડે મુશળ મુદગળ માર, ભેદે ભાલાવડે નિરધાર. ૧૩ કોઈનાં શીશ સમુળાં છેદાય, કોઇના હાથને ચર્ણ કપાય; રથ ચક્રતો જાય ચિરાઈ, હાથી અશ્વ બરાડે પીડાઇ. ૧૪ કોઇ કોઈને ઝાલી ઉછાળે, સામા સામી ત્યાં શીષ અફાળે; વાગે તોમર ત્રિશુળ પાસ, નાઠું સુરદળ તેથી પ્રકાશ. ૧૫ એવી રીતે અસુર ગડગડીયા, ત્રુટી ત્રીદશ ઉપર પડીયા; વાગી કેકર દઈત્યની હાક, ચઢી દેવ સેના તેથી ચાક. ૧૬ ત્યારે શક્રે કર્યો સિંહ નાદ, બાણુ મુકયાં તજી મર જાદ ગજ ઐરાવત હલ કાર્યો, કેકરદઇત્યને હણુવો ધાર્યો. ૧૭ મુકયું તેપર વજ્ર ક-ઠોર, ચાલ્યું સમસમ કરતું તે સોર; આવી દઈત્યના ઉપર પડીશું

પણ તેને અંગે નવ અડિયું.૧૮ જેમ પુષ્પ પર્વત માથે સાર,એ-
મ ખાલી ગયું નિરધાર;ત્યારે કંપીયો સુરનોરાય,હવે શો કરૂં હું
તો ઊપાય. ૧૯ ધાયો તે વેળા કેકરાસુર, લેઈ ત્રિશુળ હાથે
જ પુર; તેને દેખીને દેવનો ભુપ, નાઠો ત્રાસ પામી તદરૂપ.
૨૦ મુકી દાનવે પાછળ દોટ, કરયો રેણુ ઊડાડીને કોટ; વા-
ળ્યો દેવ સેના તણો ઘાણ, થયું ચારે પાસે ભુમરાણ. ૨૧
ધ્રુજ્યા યમાદિ દૈત્યની ધાકે, આડા અવળા સંતાવા તાકે;
પડયા માંથેથી મુગટ ત્યાંય, ચોટયાં સાયક અંગની માંય.
૨૨. કોઈ સુતા દેવા સોડ તાણી, કોઈ ગદગદ બોલતા વાણી;
એક એકનો આણવા અંત, મુકે બાણ ગદા બળવંત. ૨૩
સુણી અસુર તણા રે હોકારા,તુટયા આકાશના વળી તારા;
ખળભળ્યા સૌ ભુમીના ખંડ, ડોલ્યા દિગપાળ દેત્રો પ્રચંડ.
૨૪ એમ ઈંદ્રને હરાવ્યો જ્યારે, કોપ્યા શંકર તે સમે ત્યારે;
કરયો કારમો શંખનો નાદ, ગયો બ્રહ્માંડમાં તેનો સાદ. ૨૫
તેહ સુણી વિદયુનમાળીરાય, થયો ક્રોધે મહાકાય. ૨૬

વલણ એ રીતે રણમાં વઢે, અસુરને ઊમયા નાથરે;
દુરગો કહે તેહ વરણવું, સુણજો સરવે સાથ રે રે રે. ૨૭

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં કેકર ઇંદ્ર સંગ્રામ વર્ણનો નામ સપ્તત્રીંશોધ્યાયઃ ૩૭

અધ્યાય ૩૮ મો શિવ અને વિદયુનમાળીનું યુદ્ધ.

રાગ સામેરી. સુત પુરાણી એણીપેર બોલ્યા સાંભળો
રૂષિરાય, વિદયુનમાળી ઉપર કોપ્યા; શંકર તો તદાય. ૧
ભુતપ્રેતને ભૈરવ ગણ સૌ, લડવા લાગ્યા ત્યાંય, ઉમાપતી-

ના દુંદુભી તેતો, ગાજી રહ્યાં રણમાંય. ૨ ગગન ગાજે ભુમી ભાગે, હાકારા બહુ થાય, વૃષ્ટિ પેઠે આયુધ ઉછળે; દાનવનું દળ ધાય. ૩ કોપ કરીને ઉમાકાંતતો, દાનવને શરમારે; તેતો જઈને પાછું આવે, ભેદે નહિ લગારે. ૪ ત્યારે શીવે બરછી મુકી, સહસ્ત્ર સુર્ય સમ તેજ; એવી રીતે કોપ્યા શંભુ, વાળે યુદ્ધ અવેજ. ૫ તેતો બરછી સમસમ કરતી, ચાલી તેણે દીશ; અડકી નહિ વિદયુનમાળીને, વિસ્મે થયા જુગદીશ. ૬ વળતી ત્યાં વિયુપાક્ષે મુકયું, પશુપતાકા બાણ; તેતો પણ નિષ્ફળ થઈ આવ્યું, દઈવગતિ નિરવાણ, ૭ તે પુંઠે ત્યાં કરવા માંડયો, સેનાનો સંહાર; કેટલા દઈત્યો મૃત્યુ પામ્યા રણમાં તેણે ઠાર. ૮ ઉડે રથ આકાશે તેવા, ભમતા અંતરિયાળ; દઇત્યો નાસાનાસ કરે છે, ત્રાસીને તે કાળ. ૯ શંકરે અગન્યાસ્ત્ર મુકીયું, પુનરપી તેણી વાર; ત્યારે દઈત્યે વરૂણાસ્ત્રથી, વૃષ્ટિ કરી નિરધાર; ૧૦ એટલે શીવે વાયુ બાણે, વૃષ્ટિ કીધી નાશ; તે કાળે દૈત્યે તો મુકયું, પર્વત બાણ પ્રકાશ. ૧૧ તે પર્વતને ભેદવા માટે શંકરે બળવન; વજ્રબાણ મુકયું તે વેળા ગિરિ કીધા છેદન. ૧૨ એવી રીતે અસ્ત્ર યુદ્ધમાં, ઊતરયા બેઊ સમાન; એક એકથી પાછા નથી હઠતા, લડતા તેણે સ્થાન. ૧૩ ભુત ગણોને ભૈરવ તે પણ, કરતા આયુધ્ધ વૃષ્ટ; નંદી ભૃંગી આદિ દે છે, દૈત્યને દારૂણ કષ્ટ. ૧૪ એવી રીતે વીરભદ્રને, કાળાંતક અસુર, મલ્લયુદ્ધતે કરવા લાગ્યા, આણી દ્વેષ પ્રચુર.

૧૫ ગડદાપાટુ આંટિઘુંટી, વળી મુષ્ટી પ્રહાર; દાવપેચથી દોટ મુકીને, મારે છે ખુબ માર. ૧૬ પડે આખડે ઉભા થાચે, વળી પડતા ફરી ત્યાંય. એક એકની છાતી ઉપર બેસે, ધુળ ભરે મુખ માંય. ૧૭ વળી કંદુકપેરે ઉછાળે, આકાશે નિરધાર; કંઠ મરોડે મોઢે કરડે, અંગ ઉતરડે સાર. ૧૮ તે પ્રમાણે સ્વામિ કાર્તિક, સુચારૂ બળવાન; હોડ બાંધીને યુદ્ધ કરે છે, દારૂણુ તેણે સ્થાન. ૧૯ સ્વામિ કાર્તિક ઉપર દૈત્યે, વરશાવ્યા પાષાણુ; ત્યારે શરજન્માએ મુકર્યું, વજ્રબાણુ નિરવાણુ ૨૦ પર્વતાપેષ્ટ કર્યા તે કાળે, કોપ્યો એહ અસુર; અગ્નિ ભુના ઉપર કીધી, માયાતો પ્રચુર, ૨૧ એકે કાળે પડીયા ઉપર, કોટીક વિંછી સાપ; લોહી મુત્રને ધુળકટ વરસ્યું, તેતો ત્યાં અણુમાપ. તેને દેખી શંકર પુત્રે, કીધો ઝાઝો કોપ; વિષ્ણુ અસ્ત્રે એ માયાનો, કીધો તર્તજ લોપ. ૨૩ તે વેળાએ સુચારૂએ, મુકયાં બાણુ અપાર; તેણે કરીને ભાનુ છાયો, થયુ નભમાં અંધકાર. ૨૪ એવું દેખી શંકર પુત્રે, કર્યો ઘણો ટંકાર; અર્ધ ચંદ્ર મુકીને કાપ્યાં, સાયક અપરમપાર, ૨૫ વળતી સુચારૂના માર્યા, ઘોડા તો વળી ચાર; સારથી કેરૂં મુસ્તક કાપ્યું, ક્ષણું નવ લાગી વાર. ૨૬ તે પુઠે કાળાસ્ત્ર મુકીને, આણી અદકી રીસ; સુચારૂનું શૈલ સરિખું, છેદી નાખ્યું શીશ. ૨૭ એટલે દેવે જયજય કીધો, વખાણ્યો કુમાર; દૈત્ય સૈન્ય તો દોદશ નાઠું, વરત્યો હાહાકાર. એવું દેખી વિદ્યુનમાળી, શીવ સામો ગડગડીયો; ભુત પ્રેતની સે-

ના ઉપર, નિશ્ચે તુટી પડીયો. ૨૯ એકેકાને દશદશ બાણે, વિંધ્યાં તેણે ઠાર; તેથી ચીસો પાડી નાઠા, ભુતાં તો નીરધાર. ૩૦ શંકરની પુંઠે સંતાયા, વિર અને વૈતાળ, ત્રાહ્ય ત્રાહ્ય તે મુખથી કેહેતા, દુઃખથી તેણે કાળ. ૩૧ તે કાળે સંહાર તુલ્ય નું, કીધું શીવે યુદ્ધ; અસુર તણી તો સેના મારી, વધાર્યું વિરૂદ્ધ ૩૨ તેની ગણના વ્યાસે કીધી, સાંભળો સૌ મુનિરાય; વિસ્તારી સંભળાવુ તમને, સેનાની સંખ્યાય. ૩૩ એક લક્ષતો અશ્વ અનોપમ, હાથી વીશ હજાર; પાંચ કોટીતો પગપાળાઓ, મહારથી ત્રાણુસેં ચાર. ૩૪ બીજા વાહનવાળા યોદ્ધા, તેતો ત્રીશ હજાર; અતિરથી આદી યોદ્ધાઓ, કહેનાં નાવે પાર. ૩૫ એટલી સેના શીવે મારી, તે વેળા મુનિરાય; વળી વિદયુનમાળી રાક્ષસને, કીધી ત્યાં મુરછાય. ૩૬ તે કાળે કમળાક્ષ કોપીયો, બળીયો એહ અપાર; ધનુષ્ય તણો ટંકાર કરીને, ગાજ્યો તેણે ઠાર. ૩૭ એવું દેખી વિષ્ણુએ પણ, કર્યો અતિ સિંહ નાદ; ચાપ ઝાલીને પણછ ચઢાવી, વળતી દીધો સાદ. ૩૮

વલણ–શાદ દઇ કહેતા હવા, દુરગા કેરો દેવરે; અલ્યા દુષ્ટ મુક બાણતું, આ વખતે તતખેવરે. ૩૯

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં શિવ વિદયુનમાળી યુદ્ધ વર્ણનો નામ અષ્ટત્રિંશોડધ્યાયઃ ૩૮

અધ્યાય ૩૯ મો. વિષ્ણુ અને કમળાક્ષનું યુદ્ધ.

રાગ મારૂ. બોલ્યા સુત પુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિ જન; ચઢ્યા સંગ્રામે લક્ષ્મિનો નાથ, ઝાલ્યાં

આયુદ્ધ હાથ. ૧ પેહેર્યૂં પિતાંબર સુરંગાય, માથે મુગટ શ્રેષ્ટ સોહાય; કુંડળ મકરાકૃતી દીસે કર્ણ, ચતૃરભુજ વપુ શામ વરણ. ૨ એવા શ્રીહરી ઉપર સાર, મુકયાં રાક્ષસે બાણ અપાર; દે છે દેવતા દોદશ દોટ; થયો ચોતરફ બાણનો કોટ. ૩ ગરજે સાંગ શકિત રણમાંય; છુટે ત્રિશુળ તોમર ત્યાંય, વાયુ વેગ જેવા શર છુટે, તેણે મસ્તક યોદ્ધાનાં તુટે. ૪ રથ ભાગે ને ચક્ર ચિરાય, ધ્રૂજે તેણે સમે ત્યાં ધરાય; પડે મુશળપટીને પાશ, દેવતાઓ કરે નાશાનાશ. ૫ ત્યારે ત્રિવિક્રમે પણ ત્યાંય, મુકયાં બાણ અસુરસેના માંય; વાળ્યો રાક્ષણસનો સથરાણ થયું બેઉ પાસે ભુમરાણ. ૬ પાડે યોદ્ધાઓ મુખે ચરાડ; પડે મુસ્તક તો જાણે પહાડ; પદરજ થકી તેણે ઠાર, થયો ધુંવળો આદિતય સાર. ૭ મુકે કસકસી કેશવ બાણ, પાડયું અસુર દળમાં ભંગાણ; કોઈને અશ્વ ઉપરથી પાડયા, કોઈને પૃથ્વીની માંય પછાડયા. ૮ કોઈના ચરણતો તો સમુળા ભાગ્યા, કોઈને કપાળમાં શર વાગ્યા; કોઈ અદકચરા કોઈ પુરા, ગાત્ર ભંગ કર્યાં એમ સુરા. ૯ તયારે કોપીયો કમળાક્ષ વીર; મુકયાં સાયક રાખીને ધીર, વિશ્નુ રથના ઘોડા તો જેહ; માર્યા ક્રોધ કરીનેજ તેહ. ૧૦ છેદી ધ્વજાને સાયક ચાપ, પામ્યા તેથી પ્રભુ પરિતાપ; સુણી અસુર તણા ત્યાં હોકાર, તુટયા આકાશના બહુતાર ૧૧ કકડયું આખું ત્યાંતો બ્રહ્માંડ, ખળભળ્યા સૈ પૃથ્વીના ખંડ; શક્તિ દૈત્યની દીસે ઘણેરી; નાખ્યા ગજ રથ ઘોડલા

ચોરી. ૧૨ એમ સેનાને કીધી નિપાત, વરસ્યો શોણીતનો વરસાદ; ચાલી રૂધિરની સરિતાય, મુસ્તક યોદ્ધાનાં તેમાં તણાય. ૧૩ મૃત્યુ વેળા આવી જાણે ઢુકી, નાઠી વિષ્ણુ સેનારણ મુકી; ચુવે લોહીથી દેવનાં શીશ, મોઢે પાડતા કારમી ચીસ. ૧૩ એવું દેખી વિષ્ણુ તેણે ઠાર, બેઠા બીજા રથમાં મોરાર; પછી દૃષ્ટિ કરીનેરે વક્ર, લીધું શામળે હાથમાં ચક્ર. ૧૫ પછી મંત્ર ભણી મુકયું એહ, ચાલ્યું કર કર કરતું તેહ; ઘોર ગર્જના તેમાંથી થાય, એકેકો ગાઉ અગ્નિ ઝરાય. ૧૬ દેખી સૌની થઈ બંધવાક, ગ્રહમંડળ ચઢિયું ચકા;એવું ચક્ર અસુરપર ચડીયું, પણ લેશ અંગે નવ અડિયું. ૧૭ પુષ્પ તંતુનો જેવો ભાર, લાગ્યું દઇત્યને એજ પ્રકાર; ખરે ટાંકણે પાષાણ જેમ, ચક્રધાર ખાંડી થઈ તેમ. ૧૮ એમ જોર હરીનું ન ચાલ્યું, તયારે ખડગ ફરી થકી ઝાલ્યું; કરે ગોવિંદ તે થકિ ઘાય, તારે શસ્ત્ર તે ભાગીજ જાય. ૧૯ એમ થાવા લાગ્યૂ વળી છેક. તારે ત્રિકમે મુકયો ટેક; સમો તે કાળે તાં તો વિચારી, નાઠા નારાયણ નિશ્ચે હારી. ૨૦ એવામાં વિદ્યુન્માળીની ત્યાંય; મુર્છા થયેલી વળી રણમાંય, ત્યારે અંતર માંહી વિચારી; આવ્યો નગ્રમાં હિમ્મત ધારી.૨૧ પછી મુંડી તણું ધરયું ધ્યાન, ત્યારે ગોરજી આવ્યો તે સ્થાન; તેતો કહેવા લાગ્યો યતિરાજ, કેમ શીષ્ય બોલાવ્યો તેં આજ. ૨૨ ત્યારે વિદ્યુનમાળી કહે નાથ, આવ્યા તે પણ યુદ્ધમાં એહ.૨૩ આજ પડયો હુંતો મુર્છા પામી,આવી એટલી નિશ્ચય

ખામી;માટે બતાવો કોઈ ઉપાય,જેથી સર્વને આજ જીતાય. ૨૪ ત્યારે ગોરજી કહે સુણ બાળ, કર ઉપાસન આણે કાળ;મારણ મોહન આદિ બહુ મંત્ર,જાણું છું હું તો સઘળા તંત્ર. ૨૫ માટે મારૂં કહેવું સુણી આજ, કર ઉપાસન તણું કાજ; ભદ્રકાળી તણું અનુષ્ટાન, કરે જે કોઈ પ્રાણી નિદાન. ૨૬ તેતો અમ્મર નિશ્ચય થાય, કોઈ પ્રાણ થકી ન જીતાય; એવું કહી મુડીએ તે વાર, ઘાલ્યો દઈત્યને પાતાળે સાર.૨૭ વજ્ર પાંજરૂં બનાવ્યું ત્યાંય; પછી બેસાડયો તેહની માંય; એવી ગોરજીની કળા મોટી, કર્યા મંત્રથી યોદ્ધાઓ કોટી. ૨૮ અકેકા ત્યાં પાતાળને દ્વાર, મુકયા તેર તેર લક્ષજ સાર. નવ લક્ષ વધ્યા વળી જેહ, રાખ્યા પાંજરા પાછળ તેહ. ૨૯ પછી દઈત્યને આપીયો મંત્ર, ભદ્રકાળી દેવીનો સ્વતંત્ર; તેને જપવા લાગ્યો અસુર, ધુપદીપ કરીને પ્રચુર. ૩૦ રહી એટલેથી એ કથાય, નાઠા રણમાંથી શ્રીજદુરાય;તેતો શંકરને મળ્યા ત્યાંય, નથી સ્વાસ માતો મુખમાંય.૩૧ આવ્યો પુરૂહુત પણ તેણે કાળ, કષ્ટ થયેલું કહેવા વિશાળ; તેણે સમે પિતામહ દેવ, આવ્યા તે પણ ત્યાં તતખેવ. ૩૨

વલણ. એવી રીતે હરીહર વિધિ, મળીયા ત્રણે દેવરે; દુર્ગા કહે તેતો કરે, ગોષ્ટી ત્યાં તતખેવરેરેરે. ૩૩

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં,
વિષ્ણુ કમળાક્ષ યુદ્ધ વર્ણનો નામ એકોનચત્વારિંશોધ્યાયઃ ૩૯

અધ્યાય ૪૦ મો—વિષ્નુ કળા વર્ણન.

રાગ સામેરી.

સુતપુરાણી એણીપેર બોલ્યા, સાંભળો સૌ મુનિરાય; વિસ્તારી સંભળાવું હવે, કેશવની કળાય. ૧ શંકરને સામળીઓ કહે છે, સાંભળોને મહારાજ, દઈત્યે મુજને માર મારીયો, કેમ કરી રહેશે લાજ. ૨ ચક્ર ગદાને સાયક બરછી, તોમરને તરવાર; તે શઘળાં નિષ્ફળ થઈ પડિયાં, અડીયાં નહિ લગાર. ૩ એવું સાંભળી શંકર બોલ્યા, શી કહું વિષ્નુ વાત; મારાં પણ આયુદ્ધો સર્વે, વ્યર્થ ગયાં સાક્ષાત. ૪ તે માટે શો કરવો હાવે, આપણે તો ઉપાય; જેતે રીતે દાનવ કેરી, હાનિ નિશ્ચે થાય. ૫ તે કાળે બ્રહ્મા તો બોલ્યા, સાંભળો બેઉ ઈશ; હું કહું તે પરમાણે કરતાં, કાર્ય થશે આ દિશ. ૬ મેં પૂર્વે વરદાન આપ્યું છે, ત્રણેને રાજન; તે સઘળું સંભળાવું તમને, સાંભળો સત્ય વચન. ૭ એકે બાણે ત્રણે નગ્રો, અસુર તણાં વિંધાય; વળી એ નગ્રમાં અમૃતકુંડો; તે સઘળા સોશાય. ૮ ત્યારે એ રાક્ષસ ત્રણેનો, આવે નિશ્ચે અંત; તે માટે એ નગ્રને ભેદો, પશુપતિ બળવંત. ૯ એવામાં આકાશવાણી થઈ, શંકરની ઈચ્છાય; તેણે વિદ્યુનમાળી કેરૂં, કૃત્ય કહ્યું તદાય. ૧૦ તેને સાંભળી વિષ્નુ કહે છે, સાંભળોને પશુપાળ; તમે યુદ્ધ કરો આ ઠામે, હું જાઊં પાતાળ. ૧૧ અસુરતણું એ અનુષ્ઠાન તો, પુરૂં થાસે સાર; તો તો એ મરવાનો નહીં, સત્ય કહું આ વાર. ૧૨ તે કાળે

શીવે તો આપી, વિષ્નુને આજ્ઞાય; પોતે લડવા ઉભા આવી, રણુમાંહી તદાય. ૧૩ પદ્મનાભ તો ચાલ્યા ત્યાંથી, સાથે વિનતા તન; પ્રથમ ડોઢીએ આવી ઉભા, બેઉ જાણ્યા બળવંત. ૧૪ ત્યારે પેલા યોદ્ધાએતો, ખાળ્યા તેણે ઠાર; વળતી દારૂણુ શસ્ત્ર લેઈને, મારવા માંડયો માર. ૧૫ તે કાળે વિષ્ણુંએ મૂકયું, ચક્ર સુદર્શન ત્યાંય; તેથી સૌનાં મુસ્તક કાપ્યાં, નાશ કુર્યા ક્ષણુમાંય. ૧૬ વળતી બીજે પાતાળે પણુ, કીધું એવુ કામ; ત્રીજે ચોથે એમ કરીને, ગયા પાંચમે ઠામ. ૧૭ ત્યાં પણુ યોદ્ધાઓને મારી, ચાલ્યા દિન દયાળ; છઠે સ્થાને આવી ઉભા, કાળ તણા તો કાળ. ૧૮ તે ઠેકાણે યોદ્ધા સાથે, યુદ્ધ કર્યું અપાર; વળતી સાતમે સ્થાને આવ્યા, ક્ષણુ નવ લાગી વાર. ૧૯ ત્યાં ઊભેલા યોદ્ધાઓનો, ગરૂડે કીધો નાશ; ચાંચવડે ચીરી નાખ્યા સૌ, આણીને ઉલ્લાસ. ૨૦ તે ઠેકાણે મુન્તી બાંધી, બેઠા તો મુંડીશ. તેતો પુસ્તક કરમાં લઇને, પાઠ કરે તે દીશ. તેને બે ત્રણુ લાતો મારી, તોડી મુન્તી ત્યાંય; ગુંઈ. પાત્ર તો ફોડી નાખ્યું. ગરૂડે હેલા માંય. ૨૨ એટલે એતો નાઠો ત્યાંથી, માયાવી બળવાન; મરૂ સ્થલીમાં આવી પહોંચ્યો, ત્રાસી તેણે સ્થાન. ૨૩ ત્યાર પછી વિદ્યુનમાળીનું, હતું પાંજરૂં જેહ; તેને ચાંચાટીને તોડયુ, તેમાં નહિ સંદેહ. ૨૪ વળતી એ રાક્ષસના ઉપર મારવા માંડયો માર; તો પણુ એ નથી ઉઠતો પાપી, ધૈર્ય ધરી અપાર ૨૫ ત્યારે શ્રી વિષ્ણુએ એની, ચોટલી ઝાલી સાર; આ[illegible]ન-

થી ઘસરડી નાખ્યો, ક્ષણું નવ લાગી વાર, ૨૬ એટલે એ વિદ્યુનમાળીએ, ઉઘાડયાં લોચન; વળતી પ્રભુની સનમુખ ધાયો, શબ્દ કરી બળવન. ૨૭ ત્યારે ત્રિકમ નાઠા ત્યાંથી ગરૂડને લેઈ સંગ; શંકર પાસે આવી ઊભા, આણીને ઊમંગ. ૨૮ વિદ્યુનમાળી રણુમાં આવ્યો, તારક કેરો તન; તે તો શીવને કહેવા લાગ્યો, મુખથી દુષ્ટ વચન. ૨૯ અલ્યા જોગટા તુજને મારૂ. સતિને પાડું શોક; વિષ્નુ કેરૂં મુળ ઉખેડું, લુટું વૈકુંઠ લોક. ૩૦ બ્રહ્માની તો દાઢી ઝાલી, ઉપાડુ આવાર; તેની ત્રિદશાપતીને કરવી, તીરંબાજી સાર. ૩૧ એમ કહીને શંકર ઉપર, મુકવા માંડયાં બાણુ; તેને સામુ સાયક મુકી, છેદે છે શળપાણુ. ૩૨ એવામાં બ્રહ્મા વિશ્નુએ, ખેલ કર્યો એક ત્યાંય; ગાય વાછડુ થઈને પેઠા, દૈત્યતણા પુરમાંય. ૩૩ અમૃત કેરા કુંડ ભરયાતા, શોષણુ કીધા તેહ; જીભ વડે ચાટી સૌ પીધું, અમરૂતતો વળી એહ. ૩૪ ત્યારે પછી ત્યાં શીવને આવી, કીધી સઘળી વાત; એટલે અવિનાશી તો હરખ્યા; અજન્મા સાક્ષાત. ૩૫ તે કાળે શીવે પણુ છોડયું પશુ પતાકા બાણુ; તેણે કરીને ત્રણે નગ્રો, વિંધ્યાં ત્યાં બળવાન. ૩૬ એટલે બળ એ રાક્ષસ કેરૂં, હણાયું મુનિરાય; શંકર કેરાં આયુદ્ધ તે તો, અંગે ના સહેવાય. ૩૭

વલણુ સાયક સૌ શંકરતણાં, ભેદી નિકળે પારરે; દુર્ગો કહે તેણે કરી, કોપ્યો દૈત્ય કુમારરે. ૩૮

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે ગ્નાન સંહિતાયાં
વિષ્ણુ કળા વર્ણનો નામચત્વારિંશોધ્યાયઃ ૪૦

અધ્યાય ૪૧ મો. વિદ્યુનમાળી ડર પ્રાપ્ત.

રાગ મલ્હાર,

સુત વધા ત્યાં વાણી, સૌ સાંભળો વિપ્રકુમાર; વળતી દઈત્યે ધાર્યુ ત્યાં, મરવું તો નિરધાર; પણ પાછા નવ હઠવું, ત્રાસીને આણીવાર; એવા આસુરીનો સ્વામિરેરે હો,કોપે ચઢયો તે સમેરે; ટેક. ૧ હલકાર્યો ત્યાં હાથી, તે શીવના સનમુખ આવ્યો; વળતી આંખ્યો કાઢી, ત્યાં વાસવને બોલાવ્યો; આજ તને નહિ મુકું, એ દાવજ મારો આવ્યો, એવો. ૨ એટલે વાયુ અગ્નિને ચંદ્ર સુર્ય તો જેહ, વરૂણ કુબેર યમરાજા જેને છે શીવ શું સ્નેહ; તેતો વડવા લાગ્યા, અસુરની સાથે એહ; એવો. ૩ કટક કડાઝુડ બાઝયું ત્યાં દેવ દુંદુભી દીધાં;ત્રંબાળુ ગડગડીયાં, ઉઘાડાં આ યુદ્ધ લીધાં; વાહન ઉભાં રાખ્યાં, ત્યાં સામા સામી સીધાં; એવો. ૪ શેષ સરીખા કંપ્યો, ત્યાં દીગપાળ સૌ ચળીયા; ધુજયો ધ્રુવને મેરૂ, ત્યમ સિંધુતો ખળભળિયા; પગ ભુપરના માંડે, એવા છે યોદ્ધા બળિયા; એવો. ૫ ગજરથ ઘોડાપાળા ને ઊડે છે આકાશ; રક્ત કરેણુ જેવો, ત્યાં દીસે આભ પ્રકાશ; ચોગમ આયુધ વરસે, ને વરતે ઝાઝો ત્રાસ; એવો, ૬ ગિરિજાપતિ ત્યાં ગાજી, ત્રંબક તાણીને ધાય; ત્યમ તારક સુત સામા, મહા કોપ કરીને આવ્યા, તે વેળાએ દઈત્યે, ત્યાં પાછા તો હઠાવ્યા; એવો. ૭ પાર્વતિ પતીએ કોપી,અગ્ન્યાસ્ત્ર મુકીયું ત્યારે; દાનવ સેના બાળી, વરસાવ્યો વન્હી ભારે; એટલે

દૈત્યે મુકયું મેઘાસ્ત્રજ તેણીવારે; એવો. ૮ જળ વૃષ્ટિ થઇ ત્યારે, સૌ અગ્નિતો ઓલાયે; શીતળતા બહુ પ્રગટી, વળી વાયુ શીતળવાયો; એવી રીતે દઇત્યે તો, પડછો ત્યાં બતલાવ્યો; એવો. ૯ વળતો વિદ્યુનમાળી, ત્યાં કોપ કરી ગડગડીયો; ત્યારે ત્રિદશ કંપ્યાને ત્રાસજ તનમાં પડીયો, જાણે મૃત્યુ કેરો આ અવસર આવી અડીયો; એવો. ૧૦ એકેકાસુર અંગે, તાંહાં સોસો સાયક વાગ્યા; તેથી ભડકી નાઠા, રણભુમિ નિશ્ચે ત્યાગ્યા; માટે શીવને આવી, સૌ કરગરી કહેવા લાગ્યા; એવો. ૧૧ અહો શીવ આ કાળે, આપો તમે આજ્ઞાય; આવેળાએ વઢનાં ના ઉભું તો રહેવાય; તેવો દાનવ કેરો તો, માર સહન ના થાય; એવો. ૧૨ હજુ અર્ભક છે નાના, ને ત્રિયાઓ ટળવળશે મિત્ર સહોદર સર્વે, તે સંભાળી કળકળશે; કેટલી એકતો નારી તે પતીની સાથે બળશે; એવો. ૧૩ નહિ આપો જો આજ્ઞાતો અધવચ નાસી જઈશું; હાર્યા તો સૌ કહેશે, પણ જાતે જીવતા રહીશું; સ્વર્ગ કદાપિ લેશે, તો વાનપ્રસ્થ સૌ થઈશું એવો. ૧૪ કેશવ કંપી નાઠા, ત્યાં કોણ ગજું હમારૂં, આયુદ્ધ ભાગી જાએ, ત્યાં જય શી રીતે ધારૂં; માટે આજ્ઞા આપો તો સૌથી હાવે સારૂં; એવો. ૧૫ ત્યારે શીવજી બોલ્યા. સૌ સાંભળો સ્વર્ગ નિવાસી; રણ મુકીને જાતાં, આ જગમાં થાયે હાંસી; માટે મરવું સારૂં, સંગ્રામે સુખવિલાસી. એવો. ૧૬ થાવાનું તે થાશે, તે માટે શીદને ડરીએ; હૈઈડું રાખી હાથે, નાહિંમત તો પરહરીએ; આ વેળા થઇ એકઠા,

સૌ અપત યુધ તો કરીએ; એવો. ૧૭ એવી રીતે સૌને, ત્યાં શીવે હીંમત આપી; વળતી રૂંવેરૂંવે ત્યાં, રીસ ઘણેરી વ્યાપી; વિદ્યુનમાળી કેરો, મુગટ તો નાખ્યો કાપી; એવો. ૧૮ અસુરને તે કાળે, અપશુકન ઝાઝા થાયે; ડાબી ભૈરવ બોલે, ને જમણી દુરગા જાએ; મર્કટ હરણાં આદિ, તેતો પણ વામ મળાએ; એવો. ૧૯ દક્ષિણ ફાલુ બોલે શીરબાજ ઝપાટા મારે; કાગ કોશીને કુતરાં, તે રડતાં વારે વારે; તેથી ગર્ધવ જાતી તો ભુંકે છે વળી ત્યારે; એવો. ૨૦ દિનકર દિસે ઝાંખો, ને મનડું તો ડર પામે; શિશ વિના પરછાયો, દેખાયો તેણે ઠામે; ધુળકટ ઉડવા લાગ્યું, પ્રગટયો અગ્નિ સૌ રોમે; એવો. ૨૧ તેજ શરીરનું તેતો, સૌ ઓચિંતુ હણુાયું; આજુબાજુ જોતાં, સઉ ઊજડ તો દરશાયું; જાણે જમના દુતનું, તેડું તો નિશ્ચે આવ્યું; એવો. ૨૨

વલણ. એવું દેખીને ડરયા, ત્રિપુરાસુર ત્રણ ભ્રાતરે; દુર્ગો કહે પછી તે વળી, કરતા યુદ્ધ અઘાતરેરેરે. ૩૩

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિત ગાન સંહિતાયાં
વિદ્યુનમાળા ડરપ્રાપ્તો નામ ચત્વારિંશોધ્યાયઃ ૪૧.

અધ્યાય ૪૨ મો. શીવે ત્રિપુરાસુરનો વધ કરયો.

રાગ મારૂ.

બોલ્યા સુતપુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિજન; પછી પિનાક લેઈશુળ પાણી, મુકયું નારાચ બાણ તે તાણી. ૧ વાગ્યું દળીતને તેતો અનૂપ, તારે મુર્છા પામી પડયો ભુપ; તેથી હરખાયા દેવતા સાર, મિથ્યા મોઢે કહે છે મારમાર. ૨

સંતાયાતા તે આગળ થયા, ઝાલી આયુધને ઊભા રહ્યા; કરે ખોખારાને ભરે સ્વાસ, જણાવે લડયા એવું પ્રકાશ. ૩ વળી એવામાં મુર્છા તો સાર, વિદ્યુન્માળી તણી નિરધાર; તેવે જાગીને ગરજીયો ઘોર, કર્યું શંકર ઉપર જોર. ૪ ચઢે મેદીની તે સમે ચાક, વાગી ચોતરફ દહીતની હાક; વળતી સર્પમુખી મુકયો બાણ, લેવા પિનાકીકે રાજપ્રાણ. ૫ થઈ ગર્જના તે સમે ગાઢી, નાઠો નંદી ગીરીશને પાડી; તારે દેવતા પામીયા સોક, ત્રાહ ત્રાહ કરે ત્રણ લોક. ૬ પગપાળા થયા શીવરાય, ભેદી આવીને સાયકે કાય; તેવે આદર્યું તાં મલ્લ યુદ્ધ, બાઝયા દહીતની સાથે પ્રબુધ. ૭ એકએકના ખભા અથાડે, ઝાલી ચોટલી ને હેઠા પાડે; વળી ઊભા થાયે રણધીર, આંટીઘુંટી નાખે બેઉ વીર. ૮ ગડદાપાટુ પછાડેરે અંગ, તેથી શીવનાં થયાં ગાત્ર ભંગ; પાડે બેઉ જણ મુખે ચીસ, સામાસામી અથાડે છે શીશ. ૯ છુટયો પરસેવો અંગમાંથી સાર, તેના રેલા ચાલ્યા નિરધાર; પછી વિદ્યુનમાળીએ તેવે, નાંખ્યા ઈશાને અવનિમાં એવે. ૧૦ ઉપર બેશીને ઉધડા લીધા, મારી ઢીકોને કચ્ચરકીધા; પછી શીવનો આવિયો લાગ, તારે ઉભા થયા મહા ભાગ. ૧૧ જાય દહીતને ઝાલવા જેવે, નાઠો અસુર તાં થકી તેવે; જઈ બેઠો હાથી પર સાર, ઝાલ્યું ધનુષ્ય બાણ તે ઠાર. ૧૨ તારે પશુપતિ મહાદેવ, બેઠા પોઠીએ તાં તતખેવ; પછી મંત્ર ભણી તેણે ઠાર, મુકી અમોઘ શાંગજ શાર. ૧૩ તેનો જાતાં થયો

ગડગડાટ, ચીરી નાખ્યો હાથી ચડેડાટ; ત્યારે ગભરાયો તા-
રક તન, કર્યું કેકાણુ કેરૂં વાહન.૧૪ ત્યારે કોપીયા બહુ શી-
વરાય, તાણી અશ્વથી પાડયો તદાય; નાઠો તે સમે પામીને
ત્રાસ, ત્યારે સામા દિઠા અવિનાશ. ૧૫ સૈન્ય પોતા તણું
જે અનૂપ, તેતો સર્વે દીઠું શીવ રૂપ; રથ ઘોડા હાથી ઉંટ
જેહ, સર્વે શંકર દેખાય એહ. ૧૬ ત્યારે અસુરે જીત્યાની
આશા, મુકી તતક્ષણુ ત્યાં તો પ્રકાશ; માથે જોગણી ઝડપો
રે દેછે, ગીધ સમળીઓ તે ભમે છે.૧૭ થાય આકાશે ઉલ-
કાપાત, વરસે રૂધિરનો વરસાત; બોલે કાગડી ત્યાં તો ન-
મેરી, એમ કાળે લીધો એને ઘેરી. ૧૮ ત્યારે બોલ્યા શંભુ
તેણે ઠાર, અલ્યા સાંભળ દૈત્ય કુમાર; તારો ઈષ્ટ હોય પ્રતિ
પાળ, તેને સંભારી લે આણે કાળ. ૧૯ હવે તુજને હું તો
સંહારૂં, એક બાણે કરીને મારૂં; એવું કહીને કાઢિયું બાણુ,
અર્ધ ચંદ્ર નામે નિરવાણુ. ૨૦ તેને મુકીયું આણીને રીસ,
છેદ્યું વિદ્યુન માળીનું શીશ; ત્યારે કમળાક્ષ તેહનો ભ્રાત,
આવ્યો સનમુખ તે તો સાક્ષાત.૨૧ તેને પણ તેવી રીતેજ
માર્યો, ત્રીજાને પણુ ત્યાં તો સંહાર્યો; પછી સૈન્ય હતું જેહ
શેષ, તેને પણ ત્યાં મારયું મહેશ.૨૨ વળી કેટલા દઈત કુ-
માર, નાઠા જીવ લેઈ નિરધાર; તેતો પાતાળમાં જઈ રહયા;
પ્રજા પુત્ર સાથે સુખી થયા.૨૩ હવે શંકર કેરી સેનાય, ભુત
પ્રેતાદિ જેહ કહેવાય; તેને ઈશવરે આપી રજાય, લોહી માંસ
ખાવાની તદાય. ૨૪ હવે ત્રિપુરાસુરની નાર, તેને જાણ થયું

તેણુ ઠાર; તારે કરતી એહ પોકાર, આવી ત્રણે જાણુ તેણે ઠાર. ૨૫ પછી કરવા માંડયું રૂદન, અશરૂ ધારા વહે છે લોચન.

વલણ. રૂદન કરયું વિધ વિધ તણું, વદને બોલી જેહરે, દુરગો કહે શરોતા સુણો, વિસતારી કહું તેહરેરેરે. ૨૭

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં શીવેન ત્રિપુરાસુર વધો નામ દ્વિચત્વારિંશોધ્યાયઃ ૪૨

અધ્યાય ૪૩ મો—ત્રિપુરાસુરના સ્ત્રીયે કરેલું રૂદન.

રાગ વેરાડી સોરઠ. સુત કહે મુનિ સાંભળો, કહું વિસતારી વાત; ત્રિપુરાસુરની તારૂણી, મુખે બોલી સાક્ષાત, કીયે મુલક ગયા કંથજી ટેક. ૧ કાળા અમારારે કર્મના, કીયા ભવના કહેવાય; અણચિંતવ્યું દુઃખ આવિયું, નાથ એનો ઉપાય. કીએ ૨ અમે સઊ ભુંડા ભાગ્યની, તેથી કીધોરે ત્યાગ; નમેરા થઇ નથી બોલતા; થયા કપટી મહાભાગ. કીયે ૩ પાકી પીડા જેહ પેમની, તેતો કોને કહેવાય; હાવે મેળો શી રીતે થશે, ઊઠે અતિ બળતાય. કીયે. ૪ વિકટ વિયોગનું નહિં મટે, દુઃખ દોયલું એહ; તે માટે તમને આ ના ઘટે, છેક હેવોજ છેહ. કીયે ૫ મોહથી મન અમારાં હરયાં, બાંધી ગાઢીરે પ્રીત; માટે જરા ઝાંખો કંથજી, દયાની એ રીત. કીયે ૬ મુકી રખડતીરે રાનમાં, ગયા રીસાઇ રાજ; પણ દોષ અમારો શો હતો, જેથી કીધું આજ. કીયે ૭ મળવાને મન અકળાય છે, તાલાવેલીરે તન; વિપળ વર્ષ સમી થઇ, ઘડી બ્રહ્માનો દન. કીયે ૮ શણગાર અમારી સેજના, વળી હઇયાના હાર, નેત્રના નાથજી વાવતા, પ્રાણ

કેરા આધાર. કીયે ૯ વાહન ચઢી ઘેર આવતા, દેતા દુરથી સાદ; થોડું થોડું હસતા મુખે, કરતા વિનોદ વાત. કીયે ૧૦ અમારો તો નથી ચાલતો, દાવો દૈવની સાથ; જનમ નભાવાને ઝાલીયો, અમે તમારો હાથ. કીયે ૧૧ રહાવું ધારયું તું તો અમોને, આગળ કરવીતી કંથ; રસ્તો હવે શી રીતે જડે, મેલી લાંબેરે પંથ. કીયે. ૧૨ ન્યારાં નગર કયાં વસાવિયાં, રહ્યા કીયેરે દેશ, કેઈ ધુતારિયે છેતરયા, નાખ્યો પાશ નરેશ. કીયે ૧૩ મનગમતાં કોણ માગશે, વસ્ત્રાભુષણ સાર, કંઠે આવી કોણ વળગશે, કરવા વાત વિહાર. કીયે ૧૪ લોભીયાં લોચન ઝુરશે, તમો વિના હમેશ, કોણ મનોરથ પુરશે, કોણ કાપશે કલેશ. કીયે ૧૫ નાથ વિખુટી નારી થતાં, ભાગે સઘળો ભાર; પાસે ઉભું કોઇ ના રહે, ઓશીઆળો અવતાર. કીયે ૧૬ બદલો પતિ તણો વળે કોઈ સગાથી કંથ; તે સઘળું તમે જાણો છો, રતિશાસ્ત્રનો પંથ. કીયે. ૧૭ સર્વસ સોંપ્યું અમે વળી, કીધી સારી સેવાય; તેનું આ ફળ તમે આપીયું, મુકી નિત્ય રોવાય. કીયે. ૧૮ અલ્યા ઓ વિધાતા મુરખા, પાનું અમારૂં કાઢ, ઉપાડી લે હવે આ સમે, તારો માનીશું પાડ. કીયે. ૧૯ મુવાં હમારાં માતાપિતા, શીદ ઉછેરી ત્યાંય મુળથી જો મારી હોત તો, આવું થાત ન આંય. કીયે. ૨૦ કોને આ કષ્ટ નડે નહિં, કેઈ રડે નહિ નાર; કેઈ પતિ વિના રેહે સુખે, કેઇનો રહે ભાર. કીયે. ૨૧ પાપ કર્યાં હશે પુરવે, અમે ત્રાંગુએ અ-

પાર; તેણે કરી દુઃખ આવિયું, ઉતર્યા સૌ અલંકાર. કીયે. ૨૨ નિંદા કીધી હશે વેદની, જમતાં ઉઠાડયા વિપ્ર; ગાયને દુઃખ દીધું અતિ, નડયું તેતો આક્ષિપ. કીયે. ૨૩ ટુંકા નશીબની તારૂણી, હમેતમામ આજ સુખ મળ્યું પણ નવ રહ્યું, કથળ્યું મૂળ માંકાજ કીયે. ૨૪ સ્વામિપ્રથમ તમને વારીયા, કહીશિક્ષા અપાર, તોપાણ યુદ્ધમાં આવિયા, વાર્યું ના કરચું સાર કીયો. ૨૫ ગોજારા દેવદગો કરી, માર્યા તમને આજ ટળવળતી અમે જોઇ રહી, ઉઠી અંતરમાં દાઝ; કીયે. ૨૬ સંપત્તિ તમારા સર્વથા, લેશે ત્રિદશ ઈશ તે કેમ જોયુંઅમેજશે, માટે બોલો આદિશ, કીયો. ૨૭ દેહ જતાં દુનિયા ગઈ, ગયું નાણુંને નામ નાતજાત એ તો સૌ ગયું ગયું ગામનેઠામ કીયે. ૨૮ હેટી પટારે ઊધેઈ આવશે, સળશેધાન્ય કોઠાર, ખવાઈ જશે રૂડા ચોપડા, લુંટાશેરે ભંડાર, કીયો, ૨૯ દુકાનો એ દવ લાગિયો, થયું રાજનું છાજ શંદિર મશીદથઇ ગયાં બગડયુ બધુંયકાજ કીયે, ૩૦ તમનેદેખીને દેવત્રાસતા, નમતા નિત્ય નિદાન, તેણે તમોનેજમરીયા, વેળા આ બળવાન કીયે. ૩૧ એવું કહીતેહ નારીએ, પૃથ્વી પછાડયાં શીશ, મુસ્તક ના કેશ તોડીયા પાડીદારૂણ ચીસ, કીયે. ૩૨ વળતી બળવાતેના સંગમાં, ત્રણે એ કીધો વીચાર, પોતપોતાનાપતિ તણાં, લીધાં મુસ્તક સાર; કીયે. ૩૩ ચીતા ખડકી બેઠીતેહ માં, જાતા દેવ તમામ એની મેળે અગ્નિ ઉપન્યો, ભસ્મથઇ તેણે ઠામ કીયે. ૩૪ તે સમેશંકરે તેહનું કીધું ઝાઝુ વખાણ

ધન્યધન્ય મુખે ઓચર્યા, સત્યજાઈ નિરવાણ; કીચે. ૩૫
વલણ અસુર ત્રિયા એમ દગ્ધ થઈ લેઈ સ્વામિનું શીશરે
દુર્ગો કહે પછી દેવતા, વિનવે ઉમયા ઈશરે રરે. ૩૬

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
ત્રિપૂરાસુર સ્ત્રિણાં વિલાપ વર્ણનોનામત્રિચત્વા રિંશોઽધ્યાયઃ ૪૩

અધ્યાય ૪૪ મો. લિંગની ઉત્પત્તિ.

રાગ મારૂ.

બોલ્યા સુતપુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિજન; પછી દેવો બધા તેણે ઠાર, કરતા શંકરની સ્તુતિ સાર. ૧ જય જય સનાતન શીવ, જય જય સંહારક જીવ; જય જય પરમાત્મા દયાળ, જય જય જયોતી પ્રતીપાળ. ૨ તમો નિ-રગુણ ને ગુણવાન, ભયહારક શ્રી ભગવાન; ઊર્ધરેતાને ઓંકાર રૂપ, વિશ્વમુર્તિ વિભુ વિશ્વભુપ. ૩ કર્યો ત્રિપુરા-સુરનો કાળ, આપ્યું સુખ અમોને વિશાળ; તેનો કરીએ ઉપકાર, ધન્ય ધન્ય તમોનેજ સાર. ૪ અજન્માને અનાદિ મહેશા, તાત સર્વના છો જી સુરેશ; વેદ નિગમ કહીને ગાય, તેતો તમે સદાશિવરાય. ૫ એવાં દેવનાં સુણી વચન, બોલ્યા તે સમે પંચ વદન; અહો દેવ તમે આણે સ્થાન, માગો મારી પાસે વરદાન. ૬ ઘણો પ્રસન છું હું તો આજ, માટે કરીશ તમારૂં કાજ; ત્યારે બ્રહ્માદિ દેવતા સર્વ, બો-લ્યા મનથી મુકીને ગર્વ. ૭ અહો શીવ સુણોને વાચાય, આપો ભક્તિ તમારી સદાય; વળી જ્યારે પીડે દઈત્ય દુષ્ટ, ત્યારે હણજો તેને થઈ તુષ્ટ. ૮ સુણી દેવતાની એવી વાણી,

વધા અસ્તુ એવું શુળપાણી; પછી પોતાનો લેઈને સાથ, ગયા કઈલાસેનિરગુણ નાથ. ૯ ત્યારે દેવતા ત્યાં તો તમામ આવ્યા પોતપોતાને મુકામ; બ્રહ્મા બ્રહ્મ લોક માંહી ગયા, વિષ્ણુ વૈકુંઠે સુખીયા થયા. ૧૦ ખાનપાન કરે સૌ દેવ, જપે મુખે સદા મહાદેવ; એમ કરતાં વિત્યા ઘણા દન; નથી ચિંતા કોઈનેજ મન. ૧૧ એક સમે બ્રહ્મા થયા ખુશી, ત્યારે તેડીયા તમામ રૂશિ; પછી તેહને કહેછે વચન, ભાઈ શ્રેષ્ટ છે શીવપુજન. ૧૨ માટે ચાલોને મારી સંગાથ, જહાં બિરાજે વૈકુંઠનાથ; તેને પુછીએ સમસ્ત વાત,શીવપુજન કેરી સક્ષાત.૧૩એવું કહીને ચતુરાનન,ચાલ્યા વિપ્રોને તેડી મહા વન; તેઓ આવિયા વૈકુંઠમાંય,રમાપતિ વસે છેજ ત્યાંય. ૧૪ તેને દેખીને વિષ્ણુ દયાળ,ઉઠીઉભા થયા તત્કાળ;પછીઆપીને શુભ આસનબોલ્યાકુશળતાનાંવચન.૧૫ અહોબ્રહ્માતમેકેમ આવ્યા,સાથે વિપ્રોને શા માટે લાવ્યા;કહો કારણ તે અભિરામ. પાળું આજ્ઞા હું તો આણેઠામ. ૧૬ સુણી વિસ્ણુતણીએવિ વાણી. બોલ્યા બ્રહ્મા અતિ હર્ષ આણી;સુણો કેશવજી મારી વાત,નિત્ય કરવું શું તેતો સાક્ષાત. ૧૭ ત્યારે વિસ્નુ બોલ્યા રાખી હામ, સુણો બ્રહ્માદિ વિપ્રો તમામ; સૌથી શ્રેષ્ટ મુને તો જાણાય, શીવલિંગ તણી તો પુજાય. ૧૮ શિવલિંગ પુજે નહિ જેહ, આત્મઘાતી કહેવાય છે તેહ; મોટી હાની તો તેહને થાય, દરિદ્રતા તે સઘ પમાય. ૧૯ શિવલિંગ પુજે જેહ જન, થશે ભુપતિનો તેહ તન; છત્ર ચામર માથે ધરાય,માન

ઉતમ તેતો પમાય. ૨૦ દિર્ઘ આયુશને નહિ રોગ, મનવાં-છીત ભોગવે ભોગ; રતિ રંભા જેવી રૂપવાળી; મળે સુંદરી શબ્દ મરાળી. ૨૧ અણિમા આદિ સિદ્ધિયો સાર, આવી સર્વ વસે તેને દ્વાર; મિત્ર વાહન વિદ્યાને જ્ઞાન, અલંકાર આભુષણ ધાન્ય.૨૨ ટકે હમેશ તેહને ઘેર, નવ થાયે કોઈ સાથે વેર; વળી મુક્તિ ઈચ્છે જેહ પ્રાણી, તેને મુકતિ મળે નિરવાણી. ૨૩ માટે શ્રેષ્ટ છે લિંગ પુજાય, જેથી ત્રિવિધિ તાપ પળાય; એવાં વિશનુનાં સુણી વચન, થયા બ્રહ્માદિ વિપ્રો પ્રસન્ન. ૨૪ ત્યારે કેશવે આણી કૃપાય, તેડયા તમામ દેવો તદાય; તેમાં વિશ્વકર્મા મુનિ જેહ, આવ્યા તે પણ આણીને સ્નેહ. ૨૫ તેને કહેવા લાગ્યા ચક્રપાણિ, પ્રેમ સ-ર્વના ઉપર આણી; સુણી વિશ્વકર્મા આણીવાર, રચો વિધ વિધનાં લિંગ સાર. ૨૬ ત્યારે વિશ્વકર્મા મુનિ જેહ, લિંગ બનાવવા લાગ્યા તેહ; તેણે તમામ ધાતુનાં ત્યાંય, લિંગ બનાવિયાં ક્ષણમાંય. ૨૭ મણિ સોનું રૂપું તાંબુ જેહ, હિ-રા રત્ન મોતી લહો તેહ; માટી ચંદન કાષ્ટ પાષાણ,સ્ફા-ટિક ગોમય ભસ્મ પ્રમાણ. ૨૮ દધિમાં ખાણ પિષ્ટ પ્રવાળ, કર્યાં એહનાં લિંગ તે કાળ; પછી વિષ્ણુજીએ તેણે કાર, કર્યો અંતર માંહી વિચાર. ૨૯ જેવું જેને ઘટે તેવું ત્યાંય, આપ્યું શીવ શીવલિંગતો કરમાંય; વળતી તેહનો પુજા પ્ર-કાર, કહયો સમસ્તતો નિરધાર. ૩૦ તેને સાંભળીને અ-ભિરામ, ગયા પોતપોતાને મુકામ; કરતા લિંગ પુજા પ્રિતિ

આણી, શીવ શીવ વદે એવી વાણી. ૩૧ તેણે કરીને આનંદ થાય, શોક સ્વપ્ન વિષે ન જણાય; એવો સાંભળીને ઇતિહાસ; બોલ્યા શૌનકાદિ તો પ્રકાશ. ૩૨ અહો સુત સુણો આણિ વાર, કહયો લિંગોત્પત્તિનો પ્રકાર; પણ તેહનું જેહ પુજન, કહો વિસ્તારીને બળવન. ૩૩.

વલણ. એવું સાંભળી બોલિયા, સુત મુનિ તે ઠારરે; દુર્ગો કહે તેતો કરે, પુજનનો વિસ્તારરે. ૩૪.

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં,
લિંગોત્પત્તિ કથનો નામ ચતુઃ ચત્વારિંશોધ્યાયઃ ૪૪.

અધ્યાય ૪૫ મો. નિરગુણની ઉપાસના.

રાગ સામેરી. સુત પુરાણી એણી પેર બોલ્યા, સાંભળો સૌ મુનિરાય; વિસતારી સંભળાવું હાવે, શિવપુજન મહિમાય. ૧ જાતિ ધર્મનું કર્મ કહ્યું છે, ધર્મ શાસ્ત્રમાં જેહ; તેતો સૌ નિષ્કામે કરવુ, તેમાં નહિં સદેહ. ૨ સારી રિતે કર્મ કર્યાથી, ચિત્તની શુદ્ધિ થાય; તે કાળે કરતા પ્રાણીથી કેવળજ્ઞાન પમાય. ૩ માટે જયાં સુધી આત્મતત્વનું નથી ઉપજ્યું જ્ઞાન, ત્યાં સુધી સર્વે સતકર્મો, છોડવાં નહિ અભિરામ. ૪ તિર્થાદિ સતકર્મો કરતાં, તપ ઉત્તમ કહેવાય; તપ કરતાં જપ ઉત્તમ, ધ્યાન કહ્યું નિરધાર, સર્વ કાર્યમાં શ્રેષ્ટ એહછે, સુણીએ વિપ્ર કુમાર. ૬ ધ્યાનથી ઉત્તમ જાણો એવો; સ્વરૂપ દ્રષ્ટિ વિવેક; તેથી ઉત્તમ કાંઈ નવ કહેવું, છેવટ એતો છેક. ૭ જ્ઞાની ધ્યાની કેરા ચિત્તમાં, દૃઢ નિશ્ચય હમેશ; તેથી તેનિ પાસે રહે છે, સર્વ કાળ સુરેશ. ૮ જ્ઞાની

પુરૂષનો દોષ નિવારણ. ઊપાય એ તો જ્ઞાન; જ્ઞાની જ્ઞાનવડે મુકાય, શ્રુતિનું એહ નિદાન. ૯ સર્વ ઠેકાણે શીવને જોશે, તેમાં નહિ કાંઇ ભેદ; શત્રુ મિત્ર સમ ભાવે સમજે, જ્ઞાની તો નિર્વેદ. ૧૦ એ પ્રમાણે વિષય સેવતાં, ઈંદ્રિયોના સાર; ભોગ્ય ભોક્તાને બ્રહ્મ પ્રમાણે, લેપાયે ન લગાર. ૧૧ સ્વરૂપ દ્રષ્ટિવાળા પ્રાણી તો, ત્રિકાળમાં કોઇ ઠામ; લૌકિક કર્મ કરે નહિ પ્રીતે, હોમાદિ અભિરામ. ૧૨ લિંગતણી પુજા કહી તમને, તેના બેઊ પ્રકાર; અભ્યંતરને સ્થુળ એવી છે, સંજ્ઞા તેની સાર. ૧૩ આભ્યંતર લિંગને જોનારા, જ્ઞાની જે કહેવાય; તે તો બેઊ કર્મો નથી કરતા, વિકર્મી સદાય. ૧૪ એની મેળે ઈંદ્રિ ધર્મે, જે કાંઇ કર્મ કરાય; પણ તેને માને નહિ મનથી, હર્ષ ખેદ નવ થાય. ૧૫ લિંગ સ્વરૂપના દર્શન માટે, સાધન બે નિરધાર; અંતરંગ ને બહિર કહ્યું છે, સઉ ઠેકાણે સાર. ૧૬ એવું સાંભળી શૌનક બોલ્યા, અંતર આણી પ્રેમ; આભ્યંતર સાધન કહો અમને, વિસ્તારીને તેમ. ૧૭ ત્યારે મુનિવર પ્રત્યે બોલ્યા, સુત પુરાણી સાર; અંતરંગ સાધન કહું હાવે, વિસ્તારી આ વાર. ૧૮ મળ વિક્ષેપ એ દોષ ન દિસે, જે માંહી લગાર; તેવો અતિ વૈરાગ મનમાં, વિવેક સહિત નિરધાર. ૧૯ સંપતિ ખટ જેહ કહી છે, તે પણ તેમાં હોય; મુમુક્ષતા પણ જાણો ભેગી, જ્ઞાતા સર્વે કોય. ૨૦ એટલાં લક્ષણ હોયે જેમાં, તે અધિકારી જન; પણ એક ખામી તેમાં રહે છે, સ્વરૂપનું આચ્છાદન. ૨૧ તે ખામી

તો તર્ત હણાયે, ગુરૂ જ્ઞાને નિરધાર; અંતરમાં શિવલિંગ દેખશે, પ્રગટ પ્રભુ તે ઠાર. ૨૨ ત્યારે મુનિયો કહેવા લાગ્યા, સાંભળો સુત વચન; મળ વિક્ષેપ સમજાવો અમને, શંપત્તિ શાધન. ૨૩ એવું શાંભળી સુત બોલિયા, શર્વ કાળ નિર્લેપ; પાપ એહ મળ કહે છે ભાઇ, ચંચળતા વિક્ષેપ. ૨૪ મિથ્યા જગ શત્ આત્મા જાણે, તેહ વિવેકી જન; એવા ભોગ રૂચે નહિ એ તો, વેરાગી પાવન. ૨૫ શમ દમ શ્રદ્ધા શત્વ ગુણ માં, શમાધાન ઉપરામ; છઠી તિતિક્ષા કવિજન કહે છે, શાધન તે શઉ ઠામ. ૨૬ વિષય થકી મન રોકે તેને, શમ નિશ્ચે કહેવાય; તેવી ઈન્દ્રિયોને રોકે, તેની દમ આખ્યાય. ૨૭ બ્રહ્મ વેતા ગુરૂવાણી ઉપર નિશ્ચળ જે વિશ્વાશ; શમાધાન તો તેને જાણો, મન વિક્ષેપનો નાશ. ૨૮ શાધન સુદ્ધાં શર્વ કર્મનો, ત્યાગ્ય હોય જે ઠામ; વિષય ભોગ વીષ જેવા જાણે, તેનું નામ ઉપરામ. ૨૯ તાપ ટાઢ ને ભુખ તરશનો, હોયે શહન સ્વભાવ; તેને તીતીક્ષા આચરે, દેહ ધર્યાનો લાવ. ૩૦ મોક્ષ પામવા માટે કરે, પ્રભુ કેરૂં શોધન; મુમુક્ષુતા તેને પરમાણો, ઉત્તમ એ શાધન. ૩૧ અધીકારીના લક્ષણકેરી, શમજાણ કાહી આ શાર; તેવો જન જે હોયે તેને, થાસે જ્ઞાન અપાર. ૩૨ તે વેળાએ શૌનક આદી, બોલ્યા સૌ મુની જન; જ્ઞાન વીષે જે ભેદ હોય તે, શંભળાવો શુભ મન. ૩૩ એવું શાંભળી સુત બોલીયા, આણીને ઉલ્લાશ; અહો વિપ્ર સુણજો એક ચિતે; શર્વે ભેદ પ્રકાશ. ૩૪ જ્ઞાનતણા તો શપ્ત ભેદ છે, ભુમિકાહી

એ શાત;વિસ્તારી શઘળી કહું તમને,આપેળા શાક્ષાત.૩૫ શુભ ઇચ્છા સુવિચાર સર્વદા, તનુ માનસા સોય; ચોથી સત્વાપત્તિ જાણો, ગુરૂ ગમથી સૌ કોય. ૩૬ અસંસકતીએ ભુમિકા તો, પંચમી શ્રેષ્ટ ગણાય; તેવી પદાર્થા ભાવિની, તેતો છઠી ભુમુની રાય. ૩૭ સપ્તમી તુરયા શ્રેષ્ટ જાણવી, છેલ્લો એહ મુકામ; સંશય નહિ કોઈ વાતે એમાં, સઘળે સ્વાત્મારામ. ૩૮ શુભ ઈચ્છા ઉર્વિનું લક્ષણ, વિષય તણો હોય દ્વેશ; વિષ્ણુ ભક્તિ વૃત્ત તિર્થમાં પ્રીતિ, આઠે પહોર હમેશ. ૩૯ બીજી ભુમિકાની મધ્યે, ઉપજે તત્વ વિચાર; હું તે કોણ ને કયાંથી આવ્યો, કોણજ આ સંસાર. ૪૦ ત્રીજી તનુ માનસની માંહી, મનનો પ્રત્યાહાર; શુદ્ધસ્વરૂપ પોતાતણું તેતો, ઓળખાએ તે ઠાર. ૪૧ ચોથી સત્વાપત્તિ માંહી, સ્વરૂપનું ચિંતવન થાય; નામ રૂપ એ બેઉ તેતો, નાશવંત દરશાય. ૪૨ આત્માને ઉપાધિ તેને ખુલ્લાં દેખે એહ; અનુભવશક્તિ ઉત્પન્ન થાયે, તેમાં નહિ સંદેહ. ૪૩ અસંસકતીમાં તનમન કેરૂં, છુટે સૌ અભિમાન; તદાકાર રહે સ્વરૂપના માંહી, દઢ નિશ્ચય તે સ્થાન. ૪૪ તેવી રીત બુદ્ધયાદિક સૌ, તત્વમાં થાય અભાવ; તેને પદાર્થા ભાવિની કહે છે, શષ્ટી ભુમીનીરાવ. ૪૫ સપ્તમી તુર્યા માંહી નાંહી, હુંતું વળી નિરવાણ; એક સ્વરૂપ સઘળે દેખાએ, ભાવાભાંવ ન જાણ. ૪૬ એવી રીતે સાત ભેદ એ, જ્ઞાન તણો નિરધાર; તે સઘળાને પામે તેતો, પુરો જ્ઞાની સાર.૪૭

એવા જે કોઈ પ્રાણી હોયે, તેતો શંકર રૂપ; અંતર લીંગને દેખે એતો, આઠે પહોર અનુપ. ૪૮ એવું સાંભળી શૌનક બોલ્યા, સાંભળો સુત વચન; અંતર લીંગ તણું શી રીતે, જ્ઞાની કરે પુજન. ૪૯ ત્યારે સુત વધા ત્યાં વાણી, સાંભળો સરવે વિપ્ર; જ્ઞાનીની પુજા સંભળાવું, તમને તો વળી ક્ષીપ્ર. ૫૦ મન શુદ્ધ એતો જળની ધારા, ચિત્ત સ્થિર ચંદન જાણુ; પ્રેમરૂપી તો પુષ્પ કહાવે, વિનય વસ્ત્ર નિરવાણ. ૫૧ ધ્યાનધુપ લાગે સૌ કાલે, જ્ઞાનદિપ નિરધાર; સ્વરૂપ દૃષ્ટિએ જાપ અનોપમ, નિશ્ચે નૈવેદ સાર. ૫૨ દયા દક્ષાણા ફળ શ્રદ્ધાનું, તાંબુળ તો ઉલ્લાસ, આત્માર્પણ એ આરતી જાણો, વૃત દિનતા વિશ્વાસ. ૫૩ સત્ય વચન તે તપ ઉતમ છે, સુરતા સ્તોત્ર પ્રમાણ; ગુરૂ સેવા એ યાત્રા મોટી, શાન્તિ જગ્ન વખાણ. ૫૪ ગુરૂ આજ્ઞા ગાયત્રી કહીએ, મંત્ર તો સાચો એતે; ગુરૂ કૃપા તે મોક્ષ જાણવો, તેમાં નહિ સંદેહ. ૫૫ ધ્યાન મુળ એ ગુરૂની મુર્તિ, અંતરમાં દેખાય, તેવી વૃત રાખે ચિતમાં, તેતો જ્ઞાની થાય. ૫૬ આવી રીતે અંતર શાધન, કરશે જ્ઞાની જન; તે શઘળાને મુક્ત પ્રમાણો, શીવ મુર્તિ પાવંન. ૫૭ તેનું દર્શન સેવા થાતાં, પ્રલે થાયે પાપ; અંતરમાં અજવાળું થાશે, સુઝે નિશ્ચે આપ. ૫૮ તાગીનો રસ્તો આ કીધો, ગૃહસ્થથી નવ થાય; તે માટે શંશારીને તો, કરવિ સ્થુળ પુજાય. ૫૯.

વલણ. એ રીતે સુતે કહી, અંતર શીવ પુજાયરે;

દુર્ગો કહે હાવે કહ્યું, સ્થુળલિંગ મહિમાયરેરેરે. ૬૦

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિને જ્ઞાન સંહિતાયાં
નિર્ગુણ ઉપાસન વર્ણનો નામ પંચચત્વા રિશોઽધ્યાયઃ ૪૫

અધ્યાય ૪૬ મો. શિવની સ્થુળ પુજા.

રાગ મારૂ.

બોલ્યા સુતપુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિજન; સુક્ષ્મલિંગ તણું ઓળખાણ, નથી થયું વળી નિરવાણ. ૧ કરવું ત્યાં સુધી સ્થુળ પુજન, અતિ આદર આણીને મન; લિંગ અધ્યાત્મને પામવાય, સ્થુળ પુજન એછે ઉપાય. ૨ વિના આધારે મુળથી સાર, નવ ઉંચું ચઢાએ લગાર; કહ્યાતાં ત્રોક્ત સર્વ ઉપાય, વિના મુર્તિ કોને ચઢાવાય. ૩ નથી થયું અધ્યાત્મનું જ્ઞાન, સુક્ષ્મ લિંગ તણું તો નિદાન; કરે ત્યાં સુધી નહિજ જન, સ્થુળ લિંગતણું તો પુજન. ૪ તેહ નર્ક તણો અધિકારી, પામે કષ્ટ અતિશય ભારી; જેવી શક્તિ પોતા તણી સાર, કરવિ તેવી પુજા નિરધાર. ૫ વિના પુજનને વળી દાન, નથી ટળતું પાપ નિદાન; રહ્યા જ્યાં સુધી દેહમાં દોષ, નવ ત્યાં સુધી થાય સંતોષ. ૬ પ્રતિમા દેવની પુજે સાર, ઊપજે અંતરમાં સુવિચાર; ત્યારે ચિત્તની શદ્ધિજ થાય, તેની પુંઠળ જ્ઞાન પમાય. હવે સુત કહે સુણો બ્રહ્મ, કહું સ્થુળ પુજા તણો મર્મ રહે પાછલી બે ઘડી રાત, ઊઠવું તે વેળાએ સાક્ષાત. ૮ પછી વિષ્નું તેણું તેણે સ્થાન, ધરવું અંતર માંહીજ ધ્યાન; વળતી તિર્થમાં કે નિજ ઘેર, સ્નાન કરવું આનંદ ભેર, ૯ વસ્ત્ર ધોયેલું પેહેરવું ત્યાંય, ભ-

જવા ભક્ત પતિ દીલમાંય; ન્હાતી વેળાએ હમેશ સાર, તીર્થનામનો કરવો ઊચાર. ૧૦ તેવા ગુરૂ ભ્રગુ રવી સોમ, નવ તોડવાં તે દહાડે રોમ; તેલ ચોળવું નહી વળી સાર, ચોળે તો દુઃખ થાય અપાર. ૧૧ બુધ શૌરી સોમે સુખ થાય, વધે તેજ અને પ્રભુતાય; વળી શ્રાદ્ધ ગ્રહણને દન, તેલ ચોળવું નહી શુભ તન. ૧૨ એવો શ્રૂતિ સ્મૃતિ તણો ન્યાય; તેહ તોડતાં દોષ પમાય; સ્નાન કીધા પછીથી હમેશ, કરવું તીલક તો વળી એશ. ૧૩ તેહ તિલકના પાંચ પ્રકાર, કહું વીસ્તારીને આણીવાર; ઉર્ધ્વ પુંડ્ર ત્રિપુંડ્ર કહેવાય, અર્ધચંદ્ર ત્રીજું મુનીરાય. ૧૪ વંશપત્ર જેવું નીરવાણ, પારીજાતક પુષ્પ પ્રમાણ; એહ પાંચે કહ્યા ભેદ સાર, તેમાં ઉત્તમ બે નીરધાર. ૧૫ ઉર્ધ્વપુંડ્રને ત્રિપુંડ્ર જેહ, સૌથી શ્રેષ્ટ કહેવાય છે એહ; શીવ વિષ્નુના ભક્તને સારૂ, ઉર્ધ્વપુંડ્રને ત્રીપુંડ્ર પ્યારૂ. ૧૬ શુદ્ર હોયે કદી શીવ ભક્ત, જ્ઞાન વૈરાગ્ય માંહી આશક્ત તોય ઊર્ધ્વપુંડ્ર કરવું સાર, ત્રીપુંડ્રનો નથી અધીકાર. ૧૭ કહી તીલક ભેદની વાત, કરવું તેહ પ્રમાણે સાક્ષાત; તીલક કર્યા વીના કરે કર્મ, તે તો નીષ્ફળ થાયજ પર્મ. ૧૮ છેવટ ભસ્મ પાણી તણું સાર, કરવું તીલકતો નીરધાર; પછી નિત્યકર્મ હોયે જેહ, કરવું સઘળું આણીને સ્નેહ. ૧૯ વળતી લેઈ બધા ઉપચાર, જાવું દેવળ હોય તે ઠાર; ત્યાંતો ઉલ્લાસ આણીને એશ, પહેલા પુજવા દેવગણેશ. પછી નંદી ભ્રંગી તણી સાર, કરવી પુજા વળી નિર-

ધાર; તેવો દ્વારે રહ્યો દેવ જેહ, મહોદર નામેગણ તેહ. ૨૧ તેને પુજવો ત્યાં અભીરામ, રાખી અંતરમાં અતિહામ; વળતી પારવતી દેવી કેરી, કરવી પુજા તો ત્યાંજ ઘણેરી. ૨૨ ધુપ-દિપ નૈવેદ્યાદિ સાર, બધા ચઢાવવા ઊપચાર; વળતી પુજ-વા જક્ત નિવાસ, દઢ આસને બેશી પ્રકાશ. ૨૩ કરવું શંક-રનું આ વાહન, તેનો મંત્ર ભણી મહામન; તેવી આસના દીજે ક્રિયાય, કરવી તેહ પ્રમાણે તદાય. ૨૪ પંચામૃતે કરા વવું સ્નાન, તિર્થવારી વડે તો નિદાન. બધા ચઢાવવા ઉપ-ચાર, ગંધાક્ષત આદિ નિરધાર. ૨૫ ધુપદીપ નૈવેદ્યાદિ જેહ, પાસે મુકવા આણીને સ્નેહ; ધ્યાન આરતીને પુષ્પાંજળી, કરવું તે પણ ત્યાં બધું વળી. ૨૬ તેવો વિસર્જનાદિ પ્રકાર, કરવો છેવટે તે નિરધાર; પ્રથમ શીવને કરાવતાં સ્નાન; જળધારા કરવી તેણે સ્થાન. ૨૭ તેહ કાળે ત્યાં વે-દના મંત્ર, શીવ સહસ્ર નામ સ્વતંત્ર; તેનો ઉચ્ચાર કરવો સાર, વળી ભણવું સ્તોત્ર તે ઠાર. ૨૮

વલણ—એ રીતે વળી બોલિયા, સુત ભટ્ટ મહા કાય રે; દુર્ગો કહે એ તો કહે, પુજનનો મહિમાય રેરેરે. ૨૯

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં, શીવસ્ય સ્થૂળપુજા વર્ણનોનામ ષટ્ચત્વારિંશોધ્યાયઃ ૪૬

અધ્યાય ૪૭ મો—શિવપુજા.

રાગ મારૂ.

ધારા કરી રહ્યા પછી વિપ્ર, આખા ચોખા ચઢાવવા ક્ષિપ્ર; તેવા કામના પ્રમાણે સાર, ધાન્ય ચઢાવવાં નિરધાર. ૧

તેનાં વીસ્તારીને કહું નામ; સુણો શ્રોતા તમે આણે ઠામ; તલ વ્રીહિ અડદ ઘઊં જેહ, ચોખા સર્શવતો વળી એહ. ૨ લક્ષ એક છે તેનું પ્રમાણ, તે સૌ ચઢાવવાં નિરવાણ; તેમ ચઢાવતાં તેણે ઠાર, ભણવો કામના મંત્રજ સાર. ૩ દાણે દાણે ભણવો મંત્ર એહ, નવરાખવો તેમાં સંદેહ; હવે પુશ્પ ચઢાવવાં ત્યાંય, કહું વીસ્તારી તે ક્ષણ માંય. ૪ જેવી કામના આપણી સાર, તેવાં પુષ્પ લેવાં નિરધાર; દુર્વા દર્ભ અને બીલી પત્ર, કમળ કરવીર ધંતુર તત્ર. ૫ શંખા પુલી તુળશી તેણે ઠાર, તેવો અગથીચો ને કલ્હાર; લક્ષ લક્ષ ચઢાવવાં એહ, મંત્ર ભાણીને નિશ્ચય તેહ. ૬ વિધિ પુર્વક કરવી પુજાય, પંચામૃત સહિત તદાય; ત્યારે બોલીયા વિપ્રકુમાર, સુણો સુત તમે નિરધાર. ૭ ધાન્ય પુષ્પધારા કહી જેહ, તેણે પુજવા નિર્ગુણ દેહ; પણ તે થકી શું ફળ થાય, કહો વિસ્તારીતે આ વેળાય. ૮ ત્યારે બોલિયા સુત વચન, અતિ દીલમાં થઇ પ્રસન્ન; ફળો કેહેવા લાગ્યા તેણે ઠાર, શાસ્ત્ર પ્રમાણે તો નિરધાર. ૯ શતપત્રી કમળ બીલી જેહ, આપે લક્ષ્મિ અતિ ઘણી તેહ; તેમ દુર્વાથકી મુનિરાય, વધે આયુષ્ય લાંબુ સદાય, ૧૦ કનક પુષ્પ આપે પ્રજા તન, સદા આનંદ ઉપજે મન; પણ રાતી ડાંડીવાળો સાર, હોય ધંતુર જો નિરધાર. ૧૧ તો તો તેણે કરી નિરધાર, થાય પ્રસન્ન બહુ શીવ સાર; વધે કિર્તિ અગથી એથી સારી, તુલસી પત્રે મળે મુક્તિ ભારી. ૧૨ અર્ક પુસ્પ ને કુબ્જ કલ્હાર, તેણે પ્રતાપ વધે

અપાર; જયા કુસુમ પુષ્પથી ત્યાંય, શત્રૂ મર્ણ પામે ક્ષણ માંય. ૧૩ કરવીર પુષ્પથી વ્યાધિ હણાય, બંધુક પુષ્પથી વસ્ત્ર પમાય; જાય પુષ્પે જો થાય પુજન, તોતો તર્ત મળે છે વાહન. ૧૪ અળસી પુષ્પે વિશ્નું રાજી થાય, આપે કાન્તિ ને લક્ષ્મિ સદાય. ૧૫ શમીપત્રે જો પુજે મહેશ, તોતો મુક્તિ મળે જન એશ; મલ્લિકા પુષ્પ જો ચઢાવાય, તોતો સુંદર નારી પમાય. ૧૬ યુથિકા પુશ્પથી મળે ધાન્ય, દર્ભ ચઢાવ્યાથી વધે માન; બીલીપત્રે કરીને તમામ, મળે સંપત્તિ તો અભિરામ. ૧૭ શંખાપુલી એ નિર્મળ મન, નિર્ગુંડી પુશ્પથી સારૂં તન; તલ પુશ્પથી મુક્તિ પમાય, રાઇ પુશ્પે શત્રૂ નાશ થાય. ૧૮ એમ શીવને ચઢે બધાં ફુલ, વિના કેતકી ચંપો અમુલ્ય.

વલણ. ચંપો ને વળી કેવડો, નં ચડે શીવને સારરે;
દુર્ગો કહે વળી તેહને, શ્રાપ થયો નિરધારરેરેરે. ૧૯

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
શીવપુજા વર્ણનો નામ સપ્તચત્વારિંશોઽધ્યાયઃ ૪૭

અધ્યાય ૪૮ મો. પુજાવિધિ વર્ણન.

સુતપુરાણી એણીપેરે બોલ્યા, સાંભળો સૌ મુનિરાય; વિસ્તારી સંભળાવું હાવે, ધાન્ય પુજા મહિમાય. ૧ એક લક્ષ જો વ્રીહિ ચઢાવે, શીવ ઉપર બળવાન; તેણે કરીને અંતે પામે, સ્વર્ગ લોકનું સ્થાન, ૨ તેવી રીતે ઘઉં અરપ્યાથી, વંશની વૃદ્ધિ થાય; મગ પુજનથી સૌપ્રાણીને, મન વાંચ્છિત પમાય. ૩ અડદ ચઢાવ્યે રોગ હણાયે, તલથી

મુક્તિ પામે; ચોખાથી સતકિર્તિ થાયે, સંકટ સર્વે વામે. ૪ પ્રીયંગુ ચડાવે જે કોઇ, શીવ ઉપર સદાય; તેણે કરીને દીન દીન તેના, ધર્મની વૃદ્ધિ થાય. ૫ એવી રીતે બીજાં પણ બહુ, ધાન્ય ચઢે છે સાર; તેણે કરીને રાજી થાયે, ઉમા તણા આધાર. ૬ હાવે ધારા પુજન કેરી, વિસ્તારી કહું વાત; તે સર્વે શ્રોતા સાંભળજો, અથ ઇતિ સાક્ષાત. ૭ જળધાર કરવાથી જાયે, પ્રાણી કેરો તાવ; વળી સુખ શંતતિ કેરૂં આપે, આ દુનિયામાં લાવ. ૮ ઘૃત ધારા કરવાથી નિશચે, પ્રાણી પામે પુત્ર; પુત્ર તણે ઘેર પુત્ર સાંપડે, વાધે અતિ ઘરસુત્ર. ૯ મુત્ર રોગી ને વ્યંઢળ હોયે, પ્રાણી તો વળી જેહ; તેણે ઘૃતધારાથી કરવું, પુજન તો વળી એહ. ૧૦ દુધ તણી ધારા કરવાથી, દાહની શાન્તિ થાય; તેમાં શાકર ભેળવે તો તો, સદબુદ્ધિ પામાય. ૧૧ શત્રુના સંતાપને માટે, કરવી તેલની ધાર; અત્તર ચંદન ધારાએથી, વૈભવ વાધે સાર, ૧૨ સરસવ તેલની ધારા કીધે, શતરૂ પામે મર્ણ; મધ ધારાથી નાશ થાય છે, ક્ષયવ્યાધિ આચાર્ણ. ૧૩ ઈક્ષુરસની ધારાથી તો, સર્વે શંકટ જાય; તેવી ગંગાજળ ધારાએ, મુક્તિ સદ્ય પમાય. ૧૪ તે ધારા કયાં સુધી કરવી, તેનો કહું વિસ્તાર; જેથી મનમાં શાન્તિ થાયે, નિશ્ચે આણી વાર. ૧૫ અયુત મંત્ર ભણવા તે કાળે, આણી ઝાઝો પ્રેમ; તેવી રીતે ધ્યાન જ ધરવું, શીવ રાજી રહે એમ. ૧૬ ત્યાર પછીઅગિયાર વિપ્રને, જમાડવા તે ઠા ; વળી સાધારણ હોમજ કરવો,

દશાંશ તેણી વાર. ૧૭ બ્રાહ્મણને જમાડયા વિના, સર્વે નિ-
ષ્ફળ થાય; તે માટે તે ભુલવું, નહીં પ્રાણીને સદાય. ૧૮
ધાન્ય પુષ્પને માટે પણ, આ નિયમછે બળવાન; તે પ્રમાણે
તેણે કરવું, શ્રદ્ધાથી સૌ સ્થાન. ૧૯ શત્રુ મારણ વિધિ માંહી,
ફારફેરછે જેહ; વિસ્તારી કહું તેતો સઘળું, તેમાં નહિ સંદેહ.
૨૦ એકસો ને એક બ્રાહ્મણ હોયે, સુપાત્રને વિદ્વાન; તે સ-
ઘળાને પ્રીતિ આણી, જમાડવું મિષ્ટાન. ૨૧ એક ગાય ને
એક વૃષભનું, કરવુંત્યાંતો દાન; આહુતિ દશાંશ આપવી,
ત્વરાથકી તે સ્થાન. ૨૨ તેથી શત્રુ નાશ પામશે; ક્ષણ એ-
કમાં સાર; એવો વિધિ સાચોછે સત્ય કહું આવાર. ૨૩
તેવી રીતે રાજ્યની ઈચ્છા, જો હોયે નિરવાણ; ત્યારે પાર્થિ-
વેશ્વર કરવા, દશ કોટી પરમાણ. ૨૪ તેમાં એક એક લિંગને
માથે, એક એક અક્ષત સાર, વળી એકેકું પત્ર બીલનું,
ચઢાવવું નિરધાર. ૨૫ પાંચ કરોડ પાર્થિવ કિધાથી; નરથાયે
દિવાન, લોક વિષે બહુ માન મેળવે, નૃપના મુખનું પાન.
૨૬ એવી રીતે એક લક્ષ કરે, પાર્થિવેશ્વર જેહ; તોતો નિશ્ચે
બંધન ત્રુટે, તેમાં નહિં સદેહ. ૨૭ અર્ધ લક્ષથી રોગ હણાયે,
શ્રુતિનો એવો ન્યાય પા લક્ષે તો કન્યા પામે, સુંદરી તે શુભ
ગાય. ૨૮ વિદ્યા ઈચ્છા માટે કરવા, સાડા બાર હજાર; તેવી
શત્રુ પીડા ટાળવા. સહસ્ત્ર દશ નિરધાર. ૨૯ શત્રૂ કેરા મૃત્યુ
માટે, લક્ષ માપ કહેવાય; તેનું અર્ધ કર્યાથી નિશચે, નર
નારી મોહાય. ૩૦ સમર્થ નૃપને જીતવા માટે, કરવા કોટી

એક; તેને અરધે વશ થાય છે, રાજા રાણી છેક. ૩૧ પાંચ કરોડ પાર્થિવ કીધાથી, મુક્તિ અંતે થાય; એક કોટીથી જ્ઞાન પમાયે, ત્રાણુથી શીવ દરશાય. ૩૨ મૃત્યુંજયનો મંત્ર ભણીને, દર્ભ ચઢાવે જેહ, તેની મુક્તિ થાયે, તેમાં નહિ સંદેહ. ૩૩ કેટલા તો અજ્ઞાની લોકો, કહે છે કલ્પિત વાત; દર્ભ ચઢાવે શાતરૂ કેરી, થાયે નિશ્ચે ઘાત. ૩૪ પણ એ તો નિશ્ચે ખોટું છે, કલ્પિત ગાલ કથાય; દર્ભ ચઢાવે મુક્તિ પામે, વેદનો એવો ન્યાય. ૩૫ એવું સાંભળી શૌનક મુની, બોલ્યા તેણે ઠાર; અહો સુત ધન્ય ધન્ય તમોને, ધન્ય બુધ્ધી નિરધાર. ૩૬ પુસ્પ પુજામાં બોલી ગયા તમે, પુર્વે ભર્દૃકુમાર; ચંપો કેતકી ન ચઢે શીવને, કોઈ વખતે નીરધાર. ૩૭ તેનું કારણ કહોને અમને, વિસ્તારી આ ઠામ; જેથી સંશય મનનો જાયે, શાન્તિ મળે અભિરામ. ૩૮

વલણ—એવું સાંભળી બોલિયા, સુતભર્દૃ મહાકાય રે, દુર્ગો કહે તે તો કહે, પ્રશ્ન તણો મહિમાય રે રે રે. ૩૯

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં પૂજાવિધિવર્ણનોનામ અષ્ટચત્વારિંશોધ્યાયઃ ૪૮

અધ્યાય ૪૯ મો—કેતકીને શ્રાપ.

રાગ મારૂ—બોલ્યા સુત પુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિજન; એક દિવસ કેરી વેળાય, હતા ફલ્ગુ તીરે રઘુરાય. ૧ સાથે સીતા ને લક્ષ્મણ વીર, વન યાત્રા કરતા રઘુધીર; આવ્યું શ્રાદ્ધ પિતાનું તે દન, ત્યારે વિચારયું દશરથ તન. ૨ કરવું આપણે શ્રાદ્ધ આ ઠાર, જેથી પુર્વજો પામે ઊદ્ધાર;

એવું વિચારીને રઘુરાય, આપી લક્ષ્માણુને તો આજ્ઞાય. ૩
જાઓ ભાઇ તમે આણી વાર, નગ્ર માંહી વળી નિરધાર,
લાવો ઘી ખાંડ ને દુધ લોટ, જેથી શ્રાદ્ધમાં આવે ન ખોટ.૪
એવું સુણીને લક્ષમાણ ભ્રાત, ગયા નગ્રની માંય સાક્ષાત; થઇ
વાર ઘણી તેણે ઠામ, ત્યારે શોધવા ચાલ્યા શ્રીરામ. ૫ રહ્યાં
એકલાં સીતા તે ઠાર, જેના ધ્યાનમાં દેવ મોરાર; થયો તે
સમે ત્યાં શ્રાદ્ધ કાળ, તોય આવ્યા નહિ રઘુ બાળ. ૬ ત્યારે
સીતાએ વિચાર્યું મન, જશે શ્રાદ્ધનો કાળ પાવન; માટે
શ્રાદ્ધ કરૂં હું તો સાર, નાહી ધોઈ વળી આણીવાર.૭ એમ
વિચારી સીતાએ ત્યાંય, સ્નાન કરયું પછી નદીમાંય; પહે
રયું ધોયેલું વસ્ત્ર તે ઠાર, કરયું આચમન નિરધાર.૮ વળતી
ઇગુંદીનું ફળ જેહ, કરયું પ્રાસન તો વળી એહ, પછી હરકાંઈ
વસ્તુના સાર, કર્યાં પિંડ પોતે નિરધાર. ૯ નામ લેઈ મુકે
નીચે જેવે, ત્રણ હાથ જણાયા ત્યાં તેવે; એ તો નદીતણા
જળમાંય, સુશોભિત દેખાય છે ત્યાંય. ૧૦ ત્યારે સીતાજી
એ તેણે ઠામ, પુછયું તેહને તો અભિરામ; અહો પુર્ષ તમે
કોણ કહાવ્યા, કેમ આ સમે હસ્ત બતાવ્યા. ૧૧ ત્યારે
બોલીયા દશરથ રાય,સુણો પુત્રવધુ આ વેળાય;હું તો સસરો
તમારોજ સાર,નામ દશરથ તે નિરધાર.૧૨ આપ્યું તેં અમને
પિંડદાન, તેણે ત્રપ્ત થયા આણે સ્થાન; થયું પુરણ શ્રાદ્ધ
તો આજ, થજો સિદ્ધ તારાં સૌ કાજ. ૧૩ સુણી સીતાજી
બાલ્યાં વચન, અહો તાત સુણો શુદ્ધ મન; તમે દેખાડયા

મુજને હાથ, અલંકાર સહિત સાક્ષાત. ૧૪ તેને નહિ માને તમારા તન, ત્યારે ખેદ થશે મારે મન; એવું સુણીને દશરથ રાય, બોલ્યા ફરીથી ત્યાં તો વાચાય. ૧૫ અહો સીતા સુણો મારી વાણ, રાખો સાક્ષી તમે નિરવાણ; તેહ પુરશે સાખ તમારી, કહેશે વારતા સૌ વિસ્તારી. ૧૬ એવું કહીને દશરથ રાય, ગયા પીત્રે ત્યાં લોકે તદાય; ત્યારે સીતાજીએ તેણે ઠામ, ચાર સાક્ષી રાખ્યા અભિરામ.૧૭ નદી અગ્નિને કેવડો ગાય, તેને કહેવા લાગ્યાં ત્યાં વાચાય; તમે ચારે જણાં ગુણ વાન, સત્યાવક્તા સદા આણે સ્થાન. ૧૮ માટે આવે મારા સ્વામિનાથ, પુછે શ્રાધતણી વળી વાત; ત્યારે દીઠું તમે હાલ જેવું, કહેજો તેહને મોઢે જ તેવું.૧૯ આવ્યા એવામાં શ્રીરઘુ નાથ, લેઈ શ્રાધનો સામાન હાથ; તે તો સીતાને કહે છે વચન, કર રસોઈ તું શુધ્ધ મન. ૨૦ ગયો શ્રાધતણો આજ કાળ, થશે અસુર કાળ વિશાળ; એવું સુણીને જનકકુમારી, થઈ વિસ્મિત તે તો વિચારી. ૨૧ નવ બોલી કશું તેણે ઠાર, રહિ મૌન વળી નિરધાર; ત્યારે રામે પુછ્યું તેને ત્યાંય, વિ- ચારો શું પ્રિયા દિલમાંય. ૨૨ એવું સુણી પતિનું વચન,બો- લ્યાં સીતાજી ત્યાં શુદ્ધ મન; અહો સ્વામિ સુણો મારી વાત, કર્યું છે શ્રાદ્ધ મેં તો સાક્ષાત. ૨૩ પિતા તમારા એ નિરધાર, લીધા હાથ કાઢી પિંડ સાર; એવું સાંભળીને તેણે કાળ, બોલ્યા લક્ષ્મણ પ્રત્યે દયાળ. ૨૪ અહો ભ્રાતશું બોલે આ નારી, વાત સંશય યુક્તજ ભારી; વર્ષો વર્ષ કરતો હુંતો

શ્રાદ્ધ, વિધિયુક્ત અને નિરબાધ. ૨૫ તોય હાથ કાઢી કોઈ સ્થાન, નથી તાતે લીધું પિંડદાન; તો આ સ્ત્રીનું શી રીતે મનાય, એતો અસત્ય બોલે વાચાય. ૨૬ એવું કહી હસ્યા કીરતાર, ત્યારે બોલ્યાં ફરી સીતા નાર; અહો સ્વામી હસો છો શું આમ, પુછો શાક્ષીદારોને આ ઠામ. ૨૭ શ્રાદ્ધ કીધા તણો મેંતો સાર, શાક્ષી રાખ્યા છે વચમાં ચાર; ફલ્ગુ અગ્નિ ને કેતકી ગાય, તેને પુછતાં સંશય જાય. ૨૮ ત્યારે રામચંદ્ર ત્યાં સાક્ષાત, પુછી ચારે જણાને એ વાત; ત્યારે મોહપામી સઉ તેહ, બોલ્યાં અસત્ય વારતા એહ. ૨૯ નથી ખબર અમને સાર, એવું બોલીયાં મુખથી ચાર; ત્યારે હશીને શ્રી રઘુનાથ, બોલ્યા લક્ષ્મણ કેરીજ સાથ. ૩૦ રસોઈ કરવી પડે માટે આજ, કર્યું ત્રિયાએ કપટ કાજ; એવું સુણી સીતાએ તે ઠામ, કરી રસોઈ તો અભિરામ. ૩૧ બેઠા શ્રાદ્ધ કરવા રઘુનાથ, પાસે ઉભા છે લક્ષ્માણ ભ્રાત; તેણે સમે તો ત્યાં તતકાળ, થઈ આકાશ વાણી વિશાળ. ૩૨ બોલ્યા દશરથ શ્રી મુખે સાર, કેમ પુત્ર બોલાવે આવાર; કર્યું સીતાએ શ્રાદ્ધ તમામ, અમે ત્રપ્ત થયા આણે ઠામ. ૩૩ નથી ઈચ્છા હવે જમ્યા કેરી, કહી વાત આતો ખરેખરી; બોલ્યા તે સમે સુર્ય વચન, સત્ય વાત એ જુગજીવન. ૩૪ કર્યું સીતાયે શ્રાધ તો જેહ, જોયું દૃષ્ટિ થકી મેં તો તેહ; ત્યારે સકળ વિશ્વના પ્રાણ, કરવા લાગ્યા સીતાનું વખાણ. ૩૫ ધન્ય ધન્ય ત્રિયા તને આજ, કરયું ઉત્તમ આ સમે કાજ; સાચવ્યો તેં

તો શ્રાધનો કાળ, કીધા તાતને ત્રપ્ત વિશાળ. ૩૬ તેણે સમે અતિ ક્રોધ આણી, બોલ્યાં સાક્ષી પ્રત્યે સીતા વાણી; અરે ફલ્ગુ તને છે ધીકાર, જુઠું બોલી તું તો આણી વાર. ૩૭ માટે ગુપ્ત વહેજે નિરધાર, સમાઇ જા પૃથ્વીમાંહી સાર; પછી ગાયને કહે સુણ વાત, તને શ્રાપ દેઊં છું સાક્ષાત.૩૮ તારૂં અશુધ્ધ રહેશે વદન, પુંછ ત્રિકાળ માંહી પાવન; વળતી અગ્નિને કહે નિરધાર, સર્વ ભક્ષી થજે તું તો શાર. ૩૯ મળમાંશાદિ વસ્તુઓ જેહ, કરજે ભક્ષણ તું પણ એહ; અહો કેતકી સ્થાવર જાત બોલી મુખથી અસત્ય વાત. ૪૦ માટે શીવની પુજામાં શાર, નહિં આવું તું તો નિરધાર; એમ ચારે જણાંને તે કાળ, દીધો સીતાએ શ્રાપ વિશાળ. ૪૧ તેથી કેતકી કેરૂં જ ફુલ, નથી શંકરને અનુકુળ. ૪૨

વલણ—એ રીતે સુતે કહી, કેતકી શ્રાપ કથાય રે, દુર્ગા કહે હાવે કહે, ચંપાનો મહિમાય રે રે રે, ૪૩

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં,
કેતકીશ્રાપવર્ણનોનામ એકોનપંચાશતમોધ્યાય: ૪૯

અધ્યાય ૫૦ મો—ચંપાને શ્રાપ.

રાગ શામેરી—સુત પુરાણી એણીપેર બોલ્યા, શાંભળો ને રૂષિરાય; વિસ્તારી શંભળાવું હાવે, ચંપક શ્રાપ કથાય.૧ દક્ષિણ દિશામાંહી સુંદર, શિવાલય વિશાળ; ગોકર્ણેશ્વર નામ તેહનું, ઊમાપતિ પશુપાળ. ૨ તેનું દરશન કરવા માટે, નારદજી રૂષિરાય; તે તો શત્વર આવી પહોંચ્યા, આણીને શ્રધ્ધાય. ૩ તેણે રસ્તા માંહી દીઠું, ચંપક તરૂ નિરધાર; જેનાં

પુષ્પ સુગંધીવાળાં, શોભા અપરંપાર. ૪ વિપ્ર એક ઉભો છે ત્યાંહી, ચંપક કેરી પાસ; તેણે છાબ ભરી ફુલોની, આ-ણીને ઉલ્લાસ. ૫ એવામાં નારદને દીઠા, વિપ્રે તેણે ઠામ; ત્યારે પુષ્પની છાબડી ઢાંકી, વસ્ત્ર વડે અભિરામ. ૬ તેને દેખી નારદ બોલ્યા, સાંભળ બ્રાહ્મણ વાત; વસ્ત્રવડે તેં શું ઢાંકયુંએ, તેતો કહે સાક્ષાત.૭ એટલે બ્રાહ્મણ બોલી ઉઠયો, સાંભળોને મુનિ દેહ; ભિક્ષા લેવા માટે જાઉંછું, ઢાંકયું પાત્રજ એહ. ૮ એવું સાંભળી નારદજીતો, ચાલ્યા ત્યાંથી સાર; શિવ મંદિરમાં આવી પહોંચ્યા, ક્ષણું ન લાગી વાર. ૯ ત્યાં શંકરનું દરશન કીધું, સ્તુતિ કરી બળવાન; વળતી ત્યાંથી ચાલ્યા પોતે, બ્રહ્માના સંતાન.૧૦ એવામાં ચંપાનાં ફુલાં, ભરી છાબમાં સાર; પેલો બ્રાહ્મણ મળીયો ત્યાં તો, મારગમાં નિરધાર. ૧૧ તેને મુનિયે ફરીથી પુછયું, સાંભળને મહારાજ;છાબ વિષે તું શું લેઈ આવ્યો, સત્ય કહે તે આજ. ૧૨ ત્યારે ફરીથી જુઠું બોલ્યો, બ્રાહ્મણ કેરો તન; ભિક્ષા ન મળી મુજને આજે;વ્યર્થ ગયો આ દન.૧૩ એવી રીતે ઉત્તર દિધો, બ્રાહ્મણે તે ઠાર;પુષ્પ આણ્યાની વાત છુપાવી,યુક્તિથી નિરધાર. ૧૪ વળતી નારદ ચાલ્યા ત્યાંથી, આણી અદકો રોષ; ચંપા પાસે આવી ઉભા, પામીને સંતોષ. ૧૫ ત્યાર પછી તે વૃક્ષને પુછયું, બ્રહ્મા પુત્રે સાર; અહો તરૂ તું સાચું કહેજે, આ વખતે નિરધાર. ૧૬ તારી પાસે વિપ્ર ઉભોતો, બ્રાહ્મણ કેરો બાળ;તેણે તારાં કેટલાં તોડયાં,ફુલાં આણે કાળ.

૧૭ તે કાળે ચંપો પણ બોલ્યો, નિશ્ચે જુઠી વાણુ; કોણ વિપ્ર ને પુષ્પજ કેવાં, તું છે કોણ અજાણ. ૧૮ એવું સાંભળી નારદ પાછા, આવ્યા શીવને ઠામ; ત્યાં ચંપાનાં પુષ્પ ચઢેલાં દીઠાં બહુ અભિરામ. ૧૯ એ પુષ્પોની ગણતી કીધી, મુની એ હેલામાંય; તે તો સોને એક થયાં છે, સરવે મળીને ત્યાંય. ૨૦ તે ઠેકાણે સિદ્ધ હતો એક મહાત્મા યોગી જન; તેને નારદજીએ પુછયું, પ્રીતિથી વચન. ૨૧ અહો સિદ્ધ આ કોણે ચઢાવ્યાં, ચંપા કેરાં ફુલ; તે સઘળું વિસ્તારી કહોને, આ વખતે સમતુલ્ય. ૨૨ ત્યારે તે યોગીશ્વર બોલ્યા, સાંભળો મુનિવર વાત; વિપ્ર એક આવ્યો તો હમણાં, છાબડી લેઇ સાક્ષાત. ૨૩ તેણે સર્વે પુષ્પ ચઢાવ્યાં, મંત્ર ભણી આ કાળ; તેથી તેના ઉપર રહે છે, રાજી સદા પશુપાળ. ૨૪ ચંપક પુસ્પતણી પુજાથી, એ બ્રાહ્મણને સાર; નગ્રતણો રાજા વશ રહે છે, આપે દ્રવ્ય અપાર. ૨૫ દાનાધ્યક્ષ કરીને થાપ્યો, રાજાએ હમેશ; તેથી બહુ વિપ્રોને પીડે, નિત્ય પમાડે કલેશ. ૨૬. કોઈ બ્રાહ્મણને રાજા આપે, પોતે કંઈ કશું દાન; તેમાં અરધો ભાગજ લેછે, વિપ્ર એહ તે સ્થાન. ૨૭ એવું સાંભળી નારદ આવ્યા, શંકર કેરી પાસ; તે તો શીવને કહેવા લાગ્યા, આણીને ઉલ્લાસ. ૨૮ અહો ઈશ કયમ દુષ્ટ વિપ્રને, દીધો ભોગવિલાસ; જેથી નિરધન જીવને પીડે, વિભાગ લેતે પાસ. ૨૯ ત્યારે શંકર કહેવા લાગ્યા, સાંભળોને મુનિરાય; ચંપક પુસ્પતણી પુજાથી, વશ થાઊં સદાય. ૩૦ પાપી જાણુ

ચંપાના ફુલથી, પુજે મુજને સાર; તો તો તેના દોષ ગણું નહીં, આપું અતિ ભંડાર. ૩૧ એવામાં એક બ્રાહ્મણી આવી, લાગી શીવને પાય; વળતી એ તો કહેવા લાગી, રડતી રડતી રાય. ૩૨ અરે શીવ શું કહું હું તમને, નથી કરતા કાંઈ ક્યાસ; દુષ્ટ વિપ્ર નૃપ વલ્લભ તેને આપ્યો ભોગ વિલાસ. ૩૩ ચંપક પુસ્પે તમને પુજી, વશ કીધો ભુપાળ, તેથી સૌ દ્વિજને સંતાપે, એ બ્રાહ્મણ આ કાળ. ૩૪ ત્યારે નારદ કહેવા લાગ્યા, સાંભળ દ્વિજની નાર;તુજને શું દુઃખ દીધું એણે તે તો કહે આ વાર. ૩૫ એટલે વિપ્રતણી પત્નિ તો, બોલી તેણે ઠામ; મુજ સ્વામિ ચરણે લુલો છે, અપંગ તો અભિરામ. ૩૬ વળી એક પુત્રી પરણાવાની, થઈ છે આણે કાળ; ત્યમ ઘરમાંથી કોડી એકે, કરવું કામ વિશાળ.૩૭ તે પુત્રીને પરણાવવાને, મુજ સ્વામિયે સાર; નૃપની પાસે દ્રવ્ય માગિયું, આ વખતે નિરધાર. ૩૮ ત્યારે તે રાજાએ આપ્યું, મુજ સ્વામિને દાન; તે તો મારા પતિએ લીધું, હાથો હાથ નિદાન. ૩૯ તેમાં અરધો ભાગ માગે છે, બ્રાહ્મણ એ મુજ પાસ; વળી એ રીતે દે છે ઝાઝો, બહુ વાતોએ ત્રાસ. ૪૦ ત્યારે બ્રહ્મા પુત્રે પુછી, પુનરપિ તેને વાત; રાજાએ શું દાન આપીયું તે તો કહે સાક્ષાત. ૪૧ એવું સાંભળી બ્રાહ્મણી બોલી, શ્રવણ કરો મુનિરાય; અલંકાર સંગાથે આપો, રાજાયે તો ગાય. ૪૨ તેમાં અરધો ભાગ માગે છે પાપીએ દ્વીજ તન; આવી રીતે સૌને પીડે, દયા નથી કંઈ મન. ૪૩

એવી વાણી સાંભળી બોલ્યા, બ્રહ્માના કુમાર; અહો શીવ ગૌ જેવી વસ્તુ, નથી ઉત્તમ કંઇ સાર. ૪૪ પુજ્ય વસ્તુમાં તત્વ એહ છે, વેદ તણી તો માત; આખું વિશ્વ રહ્યું છે એ માં, ગૌ અંગે સાક્ષાત. ૪૫ તેમાંહી વિભાગ લેવાને, ઈચ્છે વિપ્ર કુમાર, આવું મોટું પાપ કર્મથી, નથી ડરતો આ વાર. ૪૬ તો પણ કાંઈ શીક્ષા નથી કરતા, પારવતિના નાથ. સેવક જાણી સહન કરો, અતિ મોટો અપરાધ. ૪૭ તે વેળા એ શંકર બોલ્યા, સાંભળો ધાતા તન; તમને રૂચે તે પરમાણે, દો શિક્ષા શુભ મન. બ્રાહ્મણ એ સેવક મારો પણ, કીધો અતિ અન્યાય; તે માટે શિક્ષા કરવાને, આપું હું આજ્ઞાય. ૪૯ એવું સાંભળી નારદ ચાલ્યા, આવ્યા ચંપા પાસ; વળતી તેને પુછવા લાગ્યા, વાણી સત્ય પ્રકાશ. ૫૦ અરે વૃક્ષ સાચું કહે મુજને, પુનરપિ પુછું વાત; કીયો વિપ્ર લેઇ જાયે તારાં, ફુલાં તો સાક્ષાત. ૫૧ ત્યારે ચંપો જુઠું બોલ્યો. ગર્વ આણીને મન; પુષ્પ નથી લેઈ જાતો મારાં, બ્રાહ્મણ કેરો તન. ૫૨ એવું સાંભળી નારદજીએ, દીધો તેને શ્રાપ; અરે દુષ્ટ બે ફેરા બોલ્યો, જુઠું આપો આપ. ૫૩ તારાં પુષ્પ ચઢે નહિ શીવને, આજ થકી નિરધાર; મિથ્યા વાણી બોલ્યો માટે, ફળ ભોગવ આ વાર. ૫૪ એવામાં પેલો અન્યાયી, બ્રાહ્મણ કેરો બાળ; ફુલાં લેવા માટે આવ્યો, છાબડી લેઈ તે કાળ. ૫૫ તેને નારદ કહેવા લાગ્યા, સાંભળ વિપ્ર વરિષ્ટ; સામાને આપેલા ધનમાં ભાગ લે છે પાપિષ્ટ. ૫૬

રાજાએ ગૌદાન કર્યું છે, રંક વિપ્રને સાર; તેને તું કનડે છે પાપી, ધિક ધિક અવતાર, ૫૭ ચંપક પુશ્પે શીવને પુજી, વશ કીધો ભુપાળ; તેથી તું મન માફક વરતે, અન્યાયે આ કાળ. ૫૮ તે માટે તું રાક્ષસ થઇને, ફરને આણીવાર; પશુ પક્ષીને માણુસ કેરો, કરજે દુષ્ટ અહાર. ૫૯ જ્યારે ત્રેતાયુગમાં થાસે, રામ તણો અવતાર; તેનું દરશન થાતાં થાશે, તારો ત્યાં ઉદ્ધાર. ૬૦ રામચંદ્રને હાથે થાશે, મૃત્યું તારૂં ત્યાં ય; તેથી તારો વાસજ થાશે, ઇંદ્ર લોકની માંય. ૬૧ એવી રીતે વૃક્ષ વિપ્રએ, બેઉને દેઈ શ્રાપ; નારદજી તો ચાલ્યા ત્યાંથી, પોતે આપો આપ. ૬૨ સુત કહે એ રીતે નીપજી, ચંપક શ્રાપક થાય; તેને સુણતાં પ્રાશ્ચિત જાય, યજ્ઞ તણું ફળ થાય. ૬૩ વલણ—ચંપક શ્રાપ કથા તણો કિધો આ વિસ્તાર રે; દુર્ગા કહે તેને સુણે, તે ઉતરે ભવપારરે. ૬૪

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે ગ્નાન સંહિતાયાં,
ચંપક શ્રાપ વર્ણનો નામ પંચાશતમોધ્યાયઃ ૪૯

અધ્યાય ૫૦ મો—ગણેશની ઉત્પત્તિ.

રાગ મારૂ.

વળતી શૌનકાદિ મુનિ જેહ, બોલ્યા આનંદ મનથી એહ; અહો સુત સુણો એક વાત, ટાળો સંશય મોટો સાક્ષાત. ૧ પાંચ દેવની પંક્તિની માંય, પેહેલા પુજાય ગણપતિ ત્યાંય; તેનું કારણ શું મહારાજ; કહો વિસ્તારી સઘળું આજ. ૨ કોના પુત્ર એ તો ગણાધિશ, કેમ પેદા થયા વળી ઈશ; વળી હાથીનું મુસ્તક સાર; કેમ એમને છે નિરધાર. ૩

એવું સાંભળી સુત પુરાણી, બોલ્યા અત્યંત પ્રીતિજ આણી
તમો સાંભળો સૌ મુનિરાય; કહું હેરંબ જન્મ કથાય. ૪ એ
ક સમે ઊમા સતી સાર, બેઠાં હતાં પોતા તણે દ્વાર; તેણે
સમે પોતા કેરી પાસ બેઉ દાસીઓ હતી પ્રકાશ. ૫ તેણે
સતીને કહ્યું વચંન; બાઇ સુણો તમે શુભ મન; ઘણા ચાકર
છે તમ ઘેર, ખાન પાન અતિ સુખ ભેર. ૬ પણ પુત્ર નથી
એક સાર, આજ્ઞા વર્તી વળી નિરધાર, માટે અજુક્ત એતો
દેખાય; તેથી ઉત્પન્ન કરો પ્રજાય. ૭ ત્યારે બોલ્યાં કાત્યા-
યની વાણ, સુણો સખી તમે નિરવાણ; તમે કહી જે મુજને
વાત, કરીશ પ્રસંગે સાક્ષાત. ૮ વિત્યા તે વાતને બહુ દન,
રહ્યો ખટકો સતીને મન; પછી ન્હાવા બેઠાં નિરધાર, ત્યારે
દિલમાં કીધો વિચાર. ૯ કરૂં ઉત્પન્ન હું તો પ્રજાય, જેથી
આનંદ ચિત્તમાં થાય; એવો આદરીને મન ખેલ, ઉતારો નિજ
હાથનો મેલ. ૧૦ કર્યો તે થકી પુત્ર તો સાર, જેના રૂપ તણો નહિ
પાર; જોતાજોતામાં એતો બાળ, થયો મોટો વળી તેણે કાળ ૧૧
વેશ બટુકના જેવો ભાસે, દેખી દાક્ષાયણી કહે ઊલ્લાસે;
પછી ગૌરીએ તો તેણે ઠાર, ઘાલ્યા બાળકને અલંકાર. ૧૨
વસ્ત્રાભુષણ સુંદીર જેહ, પહેરાવ્યાં હર્ષ આણીને તેહ; વળ-
તી ભુંગળ દ્રાવી જેહ, આપી હાથમાં આયુદ્ધ એહ. ૧૩
પછી મુખથી બોલ્યાં વચન, સુણો વારતા મારા તન; હું
તો બેસું છું નહાવાને કાજ, માટે દ્વારે ઊભા રહો આજ. ૧૪
કોઇ પેસવા ધામમાં આવે, તેને ખાળી રહેજો આરી દાબે;

એવું સુણીને શૈલકુમારી, બેઠી ન્હાવા માટે સુખકારી. ૧૫ આવ્યા એવામાં શંકરદેવ, સાથે નંદી ભ્રંગી ગણો એવ; તે તો ધામમાં પેસવા જાય, દીઠું બટુકે તે તો તદાય.૧૬ ત્યારે ભુંગળ હાથની જેહ, આડી ધરીને ઊભોજ એહ; તેણે સમે ત્રિલોચનરાય, ક્રોધાવિષ્ટ થયા મહાકાય. ૧૭ પછી મુખથી બોલ્યા વચન, અલ્યા દુષ્ટ તું છે કોનો તન; આ તો શદન મારૂં કહેવાય, જાતે શંકર હું મહાકાય. ૧૮ કેમ ખાળે મુને આણે સ્થાન, નિશ્ચે આવ્યો તારો અવશાન; તોય પારવતિ કેરો બાળ, નવ ત્રાશ પામ્યો તેણે કાળ ૧૯ ત્યારે શંકરના ગણો જેહ, શમજાવવા લાગ્યા આણી સ્નેહ; અરે બાળ શું કરે છે આમ, હઠ મુકી દેને અભિરામ. ૨૦ આ તો શંકર દેવાધિ દેવ, બ્રહ્મા વિશ્નું કરે જેની સેવ; જેની કટાક્ષે કંપે કાળ, શર્વે લોકતણા પ્રતિપાળ. ૨૧ શિશુ જાણી દયા દીલ આણે, નહિ તો ઠેર હણે આણે ટાણે; માટે જાવા દે ઘરમાં આજ, જેથી સુધરે સુંદર કાજ. ૨૨ એવાં ગણોના સુણી વચન, ઘણો ક્રોધ ચઢયો શતી તન; પછી ફેરવી ભુંગળ ત્યાંય, મારી નંદીતણા શીરમાંય. ૨૩ ત્યારે બોલિયા શંકર રાય, અલ્યા દુષ્ટ તું પ્રજાય; માત પિતા વનો મતિ અંધ, શીદ મૃત્યુનો કરે શબંધ. ૨૪ વીના કારણે કરતાં વીરોધ, તને લાભ શો તેને તું શોધ; એવું શાંભળી શતાનો બાળ, બોલ્યો ગંભીર વાણી વીશાળ. ૨૫ અલ્યા જોગટા શંભાળી બોલ્ય, નિકર નહિ રહે તારો તોલ; ઢોંગી ધુતારો તું તો કહે

વાય, વિરૂપઅ્યની અમંગળ કાય. ૨૬ ભુતાં ભેગો ફરે દિન રાત, કેત્રળ અઘોરીની તારી જાત; આવા વાદીના લેઈને વેશ, પેસે પારકે ધામ મહેશ. ૨૭ છળે છોકરાં તુજને જોઈ, પાડેબુમો અતિ એ તો રોઈ; પણ હું તો નથી ડરનાર, તારા જેવાનો કરૂં શંહાર. ૨૮ એવી શાંભળી વાણી વિરોધ, ચઢયો શંકરને અતિ ક્રોધ; પછી ગણો પોતાતણા સાર, તેને આજ્ઞા આપી નિરધાર. ૨૯ અહ્યા જોઈ રહ્યા છો શું મુઢ, મારો માર હવે એને ગુઢ; બોલે બાળક એ બારે વાટ, સુણી થાય છે મુને ઊંચાટ. ૩૦ એવો સોર બકોર તે સ્થાન, સુણ્યો સતીએ કાનો કાન; ત્યારે સખી પોતાતણી સાર, કર્યો તેહની સાથ વિચાર. ૩૧ બેની સાંભળને આણીવાર, કર્યો શંકરે અન્યાય સાર; મારા પુત્રને ધમકાવ્યો અતિ, વળી મારવાની કરી મતિ. ૩૨ માટે કરવું માહરે કેમ, તેનો ઉત્તર દે ઘટે તેમ; એવું સુણી સતિનું વચન, બોલી વિજયા વિચારી મન. ૩૩ બેની થાવાનું હશે તે થાશે, કાં તો મારશે કાં તો મરાશે; પણ પુત્રને આપો રજાય, કરે સંગ્રામ તો આ વેળાય. ૩૪ ત્યારે ગૌરી વધાં તેણે ઠામ, બેની આપવું જઈને હામ; જેથી લાજે નહીં મારી કુખ, દૈવ હાથમાં છે દુઃખ સુખ. ૩૫ એવો સુણી સતીનો વિચાર, આવી વિજયા બારણે સાર; તે તો મુખથી બોલી વચન, ધનધન્ય સતીતણા તન. ૩૬ તારી માતાએ કહાવ્યું આજ, પાછો હઠીશ તો જાશે લાજ; એવું સાંભળતાં નિરધાર, કરી બટુકે ગર્જના સાર. ૩૭

વાળ્યો કચ્છને કમ્મર કશી, ઝાલી ભુંગળ હાથમાં હશી; પછી નિકળ્યો મેદાન માંય, જેવો કેશરી કાનન ત્યાંય. ૩૮

વલણ-એ રીતે તતબર થયો, કાળી કેરો તનરે; દુર્ગો કહે કેવો લડે, સૂણીયે શ્રોતાજન રે રે રે. ૩૯

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં, ગણેશોત્પત્તિકથિતાનામ એકપંચાશતમોઽધ્યાય. ૫૧

અધ્યાય ૫૨ મો—બટુકનું યુદ્ધ.

રાગ સોરઠા—સુત પુરાણી એણીપેર બોલ્યા, સાંભળો સૌ મુનિરાય; વિસ્તારી સંભળાવું હાવે, બટુક યુદ્ધ કથાય. ૧ વળતી ગણપતિ કહેવા લાગ્યો, શીવના ગણને વાત; અરે ગણો આવો સૌ સામા, લડવાને સાક્ષાત. ૨ પારવતીનો આત્મજ હુંછું, તમે શંકરના દુત; આપણ બેમાં કોણ હારેછે, યુદ્ધ વિષે અદભૂત. ૩ એવું સાંભળતામાં ચઢિયો, ગણને ક્રોધ વિશાળ; તેથી તેણે વૃષ્ટિ કીધી, બાણ તણી તે કાળ. ૪ ભૂત પ્રેત ને પીશાચ કહીએ, તે પણ તેણે ઠાર; ગણપતિ ઊપર ત્રુટી પડયાં, ક્ષણ નવ લાગી વાર. ૫ કાળી સુત પણ ક્રોધ કરીને, મારે ભુંગળ ત્યાંય; ત્રાહ્યત્રાહ્ય વરતાવ્યો તેણે, નિશ્ચેરણની માંય. ૬ તે વેળાએ પૃથ્વી કંપી, ડોલ્યા દશ દિગપાળ; મેરૂને કૈ-લાસ હાલિયો, ખળભળિયાં પાતાળ. ૭ એવું દેખી ઈન્દ્રાદિક સૌ, દેવો કહીએ સાર; તે તો સર્વે આવી પહોંચ્યા, આયુદ્ધ લેઈ નિરધાર. ૮ બ્રહ્મા વિશ્નુ સપ્ત રૂષી ને, ચંદ્ર સુર્ય બળ-વાન; તે પણ સર્વે આવી પહોંચ્યા, જોવા તેણે સ્થાન. ૯ એ સઘળા આવેલા દેખી, ગૌરી પામ્યાં ત્રાસ; જાણ્યું મારા

સુતને હણશે, સર્વે મળી પ્રકાશ. ૧૦ એમ વિચારી પારવતીએ, કીધો મન વિચાર;બે શક્તિયો ઉત્પન્ન કીધી,ક્ષણું નવ લાગી વાર. ૧૧ તેમાં પેહેલી શક્તિ તે તો, દીસંતી વિકરાળ; ઊંચી વિંધ્યાચળના જેવી,કાળી રૂપ કરાળ.૧૨ હાથી કેરૂં ચર્મ ઓઢીયું, હસ્ત ગ્રહ્યું ત્રિશુળ; પહોળું મોઢું કરીને ઉભી, શીવ સામી અનુકુળ. ૧૩ બાજી શક્તિ કહીએ તેતો, વિદ્યુત જેવી સાર; તે પણ સુર સેનાના સામી, ઉભી તેણુ ઠાર. ૧૪ શીવગણ ને સુર સેના કેરાં, આયુધ કહીએ જેહ; તેને ભક્ષ કરે છે બેઉ, શક્તિઓ તો એહ. ૧૫ એવામાં ત્યાં આવી પહોંચી, જોગણીયો વિક્રાળ; તે તો ખાઊં ખાઊં બોલે, મુખ થકી તે કાળ. ૧૬ જેના હાથની માંહી શોભે, ત્રિશુળ ને તરવાર; અષ્ટ કાષ્ટની ઈસો તેવી, ઝાલી કોઇએ સાર. ૧૭ કોઈ મડદા ઊપરબેઠી, કોઈ બગલાપર સાર;કોઈ કુકડા ને વાઘની ઉંપર, થઈ છે ત્યાં અસવાર. ૧૮ ત્રિદશના ઉપર તે તુટી, આણી અદકી રીસ; કોઇનાં મોઢાં કરડી ખાધાં, કોઈનાં છેદ્યાં શીશ. ૧૯ એવી રીતે યોગણીઓએ,સુર સેના હઠાવી;ત્યારે સૌ દેવો સંતાયા,શીવની પાછળ આવી. ૨૦ એવું દેખી બ્રહ્મા આવ્યા,ગણપતિ કેરી પાસ;તેતો પોતે કહેવા લાગ્યા, પામી મનમાં ત્રાસ. ૨૧ અરે બટુક બહુ બળવંતો છે તું, કાત્યાયનીનો તન; તે માટે શાન્તિ કર હાવે, દયા આણીને મન. ૨૨ એવું સાંભળી સતીના પુત્રે, કળા કરી તે ઠાર; બ્રહ્માની દાઢી ઉપાડી, ક્ષણું નવ લાગી વાર.

૨૩ વળતી ભુંગળ લેઇને કીધો, તે કાળે પ્રહાર; ત્યારે બ્રહ્મા નાઠા ત્યાંથી, ત્રાસી અપરમપાર. ૨૪ તે તો શીવની પાસે આવ્યા, થરથર કંપે કાય; મુખ થકી તે કહેવા લાગ્યા,બાળક નહિ જીતાય. ૨૫ તે કાળે ત્યાં સ્વામિ કાર્ત્તિક, શંકર નો કુમાર; સિંહગર્જના કરીને ચાલ્યો, લડવા માટે સાર. ૨૬ તેની પુંઠળ ત્રિદશ ને ગણુ, ચાલ્યા તેણે ઠામ; યુદ્ધ અતિ મંડાયું ત્યાં તો, દારૂણુ એ સંગ્રામ. ૨૭ સ્કંદે સઉ યોગણીઓ ઉપર, મુકયાં ઝાઝાં બાણુ; ચાળણી જેવી કાયા કીધી, સરવેની નિરવાણુ. ૨૮ તેત્રીસ કોટી દેવોએ પણુ, મુકયાં બહુ હથીયાર; મારો મારો મુખથી કેહેતા, આદિતિના કુમાર. ૨૯ એવું દેખી યોગણીઓને, ઉપજી અદકી રીસ; તેથી સ્કંદતણી સેનાનાં, છેદવા માંડયાં શીશ. ૩૦ કોઈનાં નાક અને કોઈના કર, કોઈના બેઉ પાય; કડાક લેઇને કાપી નાખે કોઈને તો ગળી જાય ૩૧ વળી ભુંગળ લેઈ રણુમાં કોપ્યો પારવતીનો બાળ; તેણે ટલીક સેના મારી, ક્રોધ કરી તે કાળ. ૩૨ વળતી સઊ યોગણીઓ તેણે, એકે કાળે સાર; સ્વામિ કાર્ત્તિકને તો માર્યો, ચારે પાસથી માર. ૩૩ તેથી યુદ્ધ મુકીને નાઠો, મહાબળિઓ એ તન;શંકર પાસે આવી ઊભો, નીચું કરી વદન. ૩૪ તે કાળે યોગણીઓ તેણે, કીધો કાળો કેર; વિરભદ્રને મુર્છા કીધી, વાળ્યું નિશ્ચે વેર.૩૫ વિશ્નુ ને વાસવ તો નાઠા, એવું જોઈ સાર; તે તો શીવ પુંઠે સંતાયા, બેઊ જાણુા નિરધાર.૩૬ તે કાળે નારદજી બોલ્યા,

શીવની સાથે વાણ; અહો શીવ આ વખતે લેશે, બટુક સ ઊના પ્રાણ.૩૭ તે માટે તેને સંહારો, ક્ષણું નવ કરશો વાર; નહિ તો આખી દુનિયાં કેરો, કરશે એ સંહાર. ૩૮ એવું સાંભળી કોપે ચઢિયા, પારવતીના નાથ; સુત સામા લડવાને ચાલ્યા, ત્રિશુળ ઝાલી હાથ. ૩૯ તેની પુંઠે ત્રીદશ ને ગણ ભૂત પ્રેત બળવાન; ભૈરવને ડાકણ વિર વ્યંતર, ચઢિયાં તેણે સ્થાન. ૪૦ ભયંકર વાજાં ત્યાં વાગ્યાં, ડમરૂ ને વળી ડાક; રણશિંગા ને ઢોલ નગારાં, ગડગડીયાં કરણાટ. ૪૧ તે કાળે ત્યાં પૃથ્વી કંપી,ઉછળ્યાં સિંધુ વાર;દિગપાળો તો ડોલી ઉઠયા, વરત્યો હાહાકાર. ૪૨ આવી રીતે કોપ્યા વળતી, શંકર તેણે ઠામ; તે કાળે ત્યાં ચાલ્યો નિશ્ચે, દારૂણ રણસંગ્રામ. ૪૩ ચાપની ઉપર બાણ ચઢાવી, મુકે શંકર ત્યાંય; તેતો જઈને વાગે વેગે, બટુકના શીરમાંય. ૪૪ તોપણ એ પાછો નથી હઠતો, પારવતીનો તન; સામો રહીને યુદ્ધ કરે છે,સિંહ જેવો બળવન. ૪૫ શંભુએ પણ તેણે કાળે, કીધો ક્રોધ અપાર; શક્તિસુતના કરથી ભુંગળ, પાડી નાખી સાર. ૪૭ વળી હાથતણાં બે કાંડાં,વિંધી નાખ્યાં ત્યાંય;એટલે હોકારો કરી ગાજ્યો, બાળક રણની માંય. ૪૭

વલણ--બાળક ત્યાં તો ગાજીયો, સિંહની પેઠે સાર રે; દુર્ગો કહે દારૂણ લડયો, તેનો કહું વિસ્તાર રે રે રે. ૪૮

ઇતિશ્રી શીવપૂરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
બટુકયુદ્ધ વર્ણનોનામ દ્વીપંચાશતમોઽધ્યાયઃ પર

અધ્યાય ૫૩ મો—શીવે બટુકને હણ્યો.

કોપ્યો કોપ્યોરે ગણેશ, કોપ્યો કોપ્યોરે ગણેશ. શક્તિ કેરો દીકરો, એ શોભે બાળેવેશ; શંકર કેરૂં કૃત દેખીએ, બાળક તો ગડગડીયો; ભુંગળ લીધી હાથમાંને, ભડાક તુટી પડીયો. કો. ૧ યોગણીઓ પણ તેણે કાળે, દઇવત ઝાઝું દાખે; મોટા મોટા યોદ્ધા તેને, ઝાલી ચીરી નાખે. કો. ૨ એવી બે શક્તિઓ મોટી, તે તો ચોટ ન ચુકે; જેને દેખે તેને ઝાલી, નિશ્ચે મોંમાં મુકે. કો. ૩ ગુર્જ ગદાને ગોળી કેરો, વરસે ત્યાં વરસાદ; આકાશેથી તારા તુટયા, વરત્યો ઉલ્કાપાત. કો. ૪ રૂધિરનોતો રેલો ચાલ્યો, જાણે નદી પરભાય; જેમાં યોદ્ધાઓનાં માથાં, તરતાં ચાલ્યાં જાય. કો. ૫ બાણ વછુટે બખતર તુટે, ફુટે ઝાઝાં શીશ; તેવી રીતે મદઝર મોટા પાડે ચીસાચીસ. કો. ૬ ઊંટ બરાડે અશ્વ હણુહણે, ઉછળે છે તરવાર; યોદ્ધાઓતો સેહેતા નથી અંગે, શંકર સુતનો માર. કો. ૭ કેટલાને ભુંગળથી મારે, કેટલાને લપડાકે; કેટલાને તો હેઠા પાડયા, હડહડતી તો હાકે. કો. ૮ એવીરીતે બાળક નાનું, સૌ દેવોને નડીયું; તે વેળાએ ત્રાસ્યા સૌ ચક મંડળ ચાકે ચઢીયું. કો. ૯ શેષ હાલીયો ધરતી ધ્રુજી, ઉછળ્યાં સિંધુ વાર; દશે દિશાના દિગજ તેતો, કંપ્યા અપરઅપાર. કો. ૧૦ એવું દેખી શંકરે ત્યાં, હિંમત અદકી રાખી, શક્તિ સુતની ભુંગળ તેતો, ભડાક ભાગી નાખી. કો. ૧૧ એટલે એ બાળક તો દોડી, શંકર સામે આવ્યો; વળતી

મલ્લ યુદ્ધ કરવા લાગ્યો, દાવપેચ દરશાવ્યો. કો. ૧૨ ગડદા પાટુ ઢીકો મારે, દૈવત એવું દાખે; વળી પગની આંટી ભેરવીને, શીવને હેઠા નાંખે. કો. ૧૩ છાતી ઉપર બેશા છેવટ બોલાવે તુંકારે; એવી રીતે હાસ્ય કરીને,મુખમાં ગોદા મારે. કો. ૧૪ એવામાં શંકરનો આવ્યો, લાગ વળી તે ઠાર; ત્યારે સુતને ઉછાળીને હેઠો નાખ્યો સાર. કો. ૧૫ ત્યારે પછીથી બાઝયા બેઉ, શંકરને નીજ તન; સામાસામી ઢીકો મારે, સીથળ કરે છે તન. કો. ૧૬ બાળકના અંગેથી છુટે, પરસેવો નિરધાર; તેને દેખી દેવ વખાણે, મુખથી વારમવાર. કો.૧૭ એવી રીતે વઢતાં વઢતાં, વીત્યો ત્યાં બહુ કાળ; શંકર કેરૂં અંગ ભાગિયું, જીત્યો એતો બાળ. કો. ૧૮ તે કાળે શંકર તો નાશી, આવ્યા વિષ્ણું પાસ; શ્વાસ નથી માતો મુખ માંહી, અંતરમાં છે ત્રાસ. કો. ૧૯ વિષ્ણુને શંકર કહે હાવે, નથી રહેવાની લાજ; બાળકનું બળ વાધ્યું ઝાઝું, કથળ્યું સરવે કાજ. કો. ૨૦ એવી શંકર કેરી વાણી, સાંભળી વિષ્ણુરાય; કરજોડીને કહેવા લાગ્યા, પોતે તે વેળાયે. કો. ૨૧ અહો નાથ હું મોહ પમાડું, બાળકને આ દિશ; તે પુંઠળ ત્રિશુળ ઝાલીને, છેદો એનું શીશ. કો. ૨૨ એમ કહીને એ બાળકની, પાસે આવ્યા શ્યામ; મોર મુગટ પિતાંબર ધારી, મુખ હસતું અભિરામ. કો. ૨૩ તેને દેખી જોવા લાગ્યો પારવતીનો બાળ; એટલે શંકર ત્રિશુળ ઝાલી, આવ્યા તેણે કાળ. કો. ૨૪ વળતી પડખે રહીને માર્યું,ત્રિશુળ તેણે દિશ;

તેનાથી છેદાયું ત્યાંતો, શક્તિ સુતનું શીશ. કો. ૨૫ તે કાળે ત્યાં વરત્યો નિશ્ચે, રણમાં હાહાકાર; યોગણીયોને શક્તિ તેણે કીધો ત્યાં પોકાર. કો. ૨૬ ગૌરીએ પણ તેણે કાળે, રૂપ કર્યું વિક્રાળ; અંગ થકી અગ્નિ નિકળીયો, ઝડઝડઝાકઝમાળ. કો. ૨૭ તેણે કરીને બળવા લાગ્યું, વિશ્વ બધું આ સાર; ત્યારે સપ્ત રૂષી તો નમિયા, આવી તેણે ઠાર. કો. ૨૮ અહો માત અમ ઉપર આવડો, કોપ કરો શું કામ; ક્ષમા કરો નહિ તો આ વખતે, બળશે વિશ્વ તમામ. કો. ૨૯ ગુન્હો છે તમ સ્વામિ કેરો, વિચારો તે મન; તે માટે કયમ કરવા બેઠાં, વિશ્વ તણું છેદન. કો. ૩૦ એવાં મુનિનાં વાકય સુણીને, ગૌરીએ તે ઠાર; અગ્નિને સંકેલી લીધો, પોતા માંહી સાર. કોપ્યો કોપ્યોરે. ૩૧ વલણ. એ રીતે કાળા તણો, ક્રોધ સમ્યો વિક્રાળરે; દુર્ગો કહે પછી અંબિકા રૂદન કરે તેઠારરેરે.

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
શીવેન બટુકહતો નામ ત્રિપંચાશત્તમોધ્યાય. ૩૪

અધ્યાય ૫૪ મો. પાર્વતિનો વિલાપ.

એ વાંસલડી વેરણ થઈ લાગીરે વ્રજની નારને એ પ્રમાણે.

આ લાડકડા લાખેણા જીવડાનું જોખમ થઈ ગયું; હવે શુંય કરૂં, તું મરતાં મારૂં મૃત્યું કેમ ના થયું. ટેક. તારો તાત ઘણો નિર્દય કહાવે, જેણે જુલમ કર્યો દુશ્મન દાવે, એને શું કરવું મારે હાવે; આ લાડકડા. ૧ શઠ દેવોએ નવ કાંઈન્યાળ્યું, વેણ વ્યસનીનું પ્રીત્યે પાળ્યું; વેર વાણવાંકે તેવું વાળ્યું. આ. ૨ વાયુ પ્રલેનો મુજને વાયો, સુત કયાં જઈને તું શં-

તાયો; તને કઈ માતાએ બોલાવ્યો. ઓ લાડકડા. ૩ મારા હસતા મુખના ઉમંગી, ઘણો દેહ શોભે સિંદુર રંગી; તમે તાત જીત્યો જંગીભંગી. ઓ લાડકડા૦ ૪ સુત અણબોલ્યા શા માટે રહો, મારૂં અંતર ઊંડું કેમ દહો; માતાજી એવું મુખે કહો, એ લાડકડા૦. ૫ હવે દેખીશ મુખ ક્યારે તારૂં, થઈ વંધ્યા આ જનમે વારૂ; પ્રગટયું કૃત પૂરવનું મારૂં, ઓ લાડકડા. ૬ માણી માણેકને હીરા મોતી, રૂડાં રમકડાં ધોતી પોતી, તેની ખોટ જરા તારેનો'તી ઓ. ૭ સાંચ્યું સંતાડયું જે મારૂં, તેતો સૌ નાશ થશે સારૂં. નવ સૂઝે કંઈ એનું બારૂં. ઓ ૮ દીકરા રૂડીતુજભાગ્યરતી, તેને દેખીહું રાજી થતી, વળી પરણાવાની આશહતી. ઓ૦ ૯ સુત વસમી વાટ એ સ્વર્ગ તણી, જેહપંથે પળાતાં પીડ ઘણી; તેમાં ચાલ્યા શી રીતે ઓ માણી. ઓ૦ ૧૦ ટેકો તૂટયો એક આભતણો, જેણે મેળવ્યો જુદ્ધમાં યશ ઘણો; નાનો પણ નિશ્ચે સર્પકણો. ઓ ૧૧ એમરૂદન કર્યું સતીએ જ્યારે, પૃથ્વીકંપી તેણેવારે; દુર્ગાનો દેવ ડર્યો ત્યારે, ઓ.૧૨

રાગ લલિત છંદ.

અરરર હાયરે આશુંરે થયું, રત્ન માયરૂં યુદ્ધમાં ગયું; તેથી આ સમે હૈયુ ફાટશે પુત્ર શોકથી પ્રાણતો જશે, ટેક. ૧ દુષ્ટ કાળને આવી નહિં દયા, આજ કષ્ટના ઓઘતો થયા; વે'ર ભાવનો જોગ આ હશે, પુત્ર. ૨ વ્યર્થ જીવવું વાંઝીયા તણું, શૂન્યધામતો તેહનું ગણ્યું; અંતે એહની અવગતિ થશે. પુત્ર.

૩ નાની વય વિષે પ્રાક્રમ કર્યું, વિષ્ણુ શીવનું માનતો હર્યું; તેથી તાહ્યરી કીરતી થશે, પુત્ર.૪ હેવ દીકરા ક્યાં જઈરહ્યો, કઠીણુ આવડો કેમ તું થયો; તું વિના આ દેહ કેવો શોભશે, પુત્ર. ૫ નાત જાત ને લોક લાજમાં, ગામ ધામ ને કામકાજમાં; એક તું વિના શૂન્ય લાગશે, પુત્ર. ૬ સંસાર વાતમાં પુત્ર સાર છે, એ વિના બધું વિનાશકાર છે; સુપાત્ર તનથી સુવંશ શોભશે, પુત્ર. ૭ બટુક બાળ તેં મેલી એકલી, જેવી જુથથી વખુટી મૃગલી; મેળાપ તાહ્યરો ક્યાં હવે થશે, પુત્ર. ૮ પુત્ર કારણે પ્રાણી કર્કળે, દુષ્ટ કર્મથી દામ તો રળે; સંગ છોડીને કુસંગી તો થશે, પુત્ર. ૯ પુર્વ કર્મ તો પ્રાણીને નડે, અપાર આપદા આવી સાંપડે; સુત પતિતણો શોક તે થશે, પુત્ર. ૧૦ આ સમે મુને સ્વામિ તો નડયા, વિચાર મનના ભાગી સૌ પડયા; તેવી તનમાં આગ ઉઠશે, પુત્ર. ૧૧ કોને હું કહું ને ક્યાં જઈ રહું, શોકસિંધુ આ શી રીતે સહું; ભીડ મારી આ કોણુ ભાગશે, પુત્ર. ૧૨ પુત્ર તું સમી નહીં મળે પ્રજા, કોણુ માગશે મુજ કને રજા, આજ્ઞા માહ્યરી કોણુ પાળશે. પુત્ર. ૧૩ દિવસ ધુંધળો લાગે છે મુને, સુખ દુઃખ કે શું હશે તુને; ખાનપાન તે કોણુ પુછશે, પુત્ર.૧૪ તાત માત તો માહ્યરાં વળી, એ તો નહિ જીવે આ વાત સાંભળી;નગ્ર લોક તો સર્વ સોચશે, પુત્ર.૧૫ રાજ્યપાટ ને દ્રવ્ય હાથી આ, માત તાત ને મિત્ર સાથીયા; તેહ મુકી સૌ તન પુછશે, પુત્ર. ૧૬ શઠ સુરે મળી વેર વાળીયું, સુખ માહ્યરૂં સર્વ ટાળિયું;

ભવ ક્રિયા તાણા એ વેરવી હશે, પુત્ર.૧૭ સ્વપ્નકારમાં આ વશે સદા, શાન્તિ નહિ વળે કષ્ટથી કદા; વારે વારે તો ઉદાસી આંવશે, પુત્ર.૧૮ આ રીતે રડયા માત પાર્વતિ, ત્યારે આવિયા પાસે ત્યાં પતિ; દુર્ગો કહે હવે કષ્ટ વામશે, પુત્ર. ૧૯

વલણ—પાસે આવી બોલિયા, પશુના પતિ સાક્ષાત રે; દુર્ગો કહે તેણે સમે, રીઝયાં દુર્ગા માત રે રે રે. ૨૦

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
પાર્વતિવિલાપવર્ણનોનામ ચતુ:પંચાશત્તમોધ્યાય: ૫૪

અધ્યાય ૫૫ મો—શિવે ગણેશને સજીવન કર્યો.

રાગ મારૂ—બોલ્યા સુત પુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિ જન; પછી કૈલાશનાં પતિ જેહ, કહેવા લાગ્યા સતિને જ તેહ. ૧ ક્ષમા કરો હવે તમે નાર, કરૂં જીવતો પુત્રને સાર; એવું સાંભળી કાળિકા માત, થયાં પ્રસન પોતે સાક્ષાત. ૨ કરયું રૂદન બંધ તદાય, લાગ્યા પ્રાણપતિનેજ પાય; વળતી શંકરે તો તેણે ઠાર, ખોળ્યું પુત્રનું મસ્તક સાર. ૩ પણ લાગ્યું નહિ હાથ એહ, પડયું ચંદ્રના રથમાં તેહ, ત્યાંથી લેઈ ગઈ અપ્સરા નાર, એવી દૈવગતિ નિરધાર. ૪ થવા કાળ વસ્તુ તે થાય, જવાનું હોય તે નિશ્ચે જાય; હવે શંકરે વિચારી મન, પાસે બોલાવ્યા કિંકર જન. ૫ તેને કહેવા લાગ્યા વળી ત્યાંય, જાઓ ઊત્તર દિશાની માંય; પેહેલો પ્રાણી મળે કોઈ જેહ, દેવ દૈત્ય પશુ નર દેહ. ૬ તેનું કાપજો મુસ્તક સાર, પછી લાવો તેને આણે ઠાર; એવું સાંભળી દુત તમામ, ગયા ઊત્તરમાં અભિરામ. ૭ ત્યારે એક દશનવાળો જેહ, મળ્યો

પ્રથમ હસ્તી તો એહ; તેનું કાપીયું મુસ્તક સાર, પછી લાવ્યા તેને તેણે ઠાર. ૮ સોંપ્યું શંકરને આણી સ્નેહ,અતિ સોભતું સુંદીર દેહ; જોઈ શંકરે મુસ્તક સાર, આપી દુતને આજ્ઞા તે ઠાર. ૯ ધડ પ્રથમનું ધુઓ આજ, પછી બતાવું તે કરો કાજ; આજે મુસ્તક હાથીનું જેહ, મુકો ધડની ઉપર એહ. ૧૦ હસ્ત ચર્ણ કપાયા છે સાર, તેને શંધાડોને આણી વાર; એવું સુણીને દુતોએ ત્યાંય, કહ્યું તેવું કર્યું ક્ષણમાંય. ૧૧ પછી વિશ્નુ શીવે અભિરામ, કર્યું તેજનું સ્મરણ તે ઠામ; મુળ તેજ એ તો નિરધાર, થયા એ બેઊ જેમાંથી શાર. ૧૨ તેહ તેજસ્વરૂપી જે ઈશ, તેની સ્તુતિ કરી તેણે દીશ;કહ્યું તે સ્તુતિમાં શીવે ત્યાંય, પેસો એ તેજ આ દેહમાંય.૧૩જેથી જીવતો થયો આ બાળ, પામે શંતોષ શતી આ કાળ; એવી સ્તુતિ કરી ઘણીવાર, ત્યારે તેજ પેઠું તેમાં સાર. ૧૪ હાલી તે થકી બાળની કાય, સાંધા ચોંટીયા સર્વ તદાય; એમ જીવ્યો સતી તણો બાળ, થયો જય જય તો તેણે કાળ.૧૫ દીઠું સતીયે પુત્ર સ્વરૂપ, ત્યારે પામિયાં ખેદ અનુપ; પેટ મોટું ને ટુંકડા હાથ, ચર્ણ નાના વળી તેની સાથ. ૧૬ મોટું માથું ભયંકર સાર, સુંઢ દંતુશળ નિરધાર;પશુ જેવું તેનાથી જણાય, નથી શોભતી પુત્રની કાય. ૧૭ એવું દેખી સતી તણે મન, ખેદ ઊપજ્યો ત્યાં બળવન; તેને દેખી શીવે તેણેઠાર, પુત્ર ખોળામાં બેસાડયો સાર. ૧૮ પછી મુકયો તેને શીર હસ્ત, આપી સિદ્ધિયો ત્યાંતો સમસ્ત; પછી

શીવ બોલ્યા તેણે ઠામ, સુણો દેવતા તમે તમામ. ૧૯ પુત્ર મારો આ ગણપતિ જેહ, જ્યોતિ રૂપ સ્વરૂપીજ એહ; પેહું આદિ તેજ તેમાં સાર, માટે સૌને પુજ્ય નિરધાર. ૨૦ વિ-ષ્ણું હું ને વળી તમે સર્વ, તમામે પુજવો મુકી ગર્વ; પેહેલી પુજા એની જ્યારે થાય, પછી સમસ્ત દેવ પુજાય. ૨૧ વિના પુજન એનું કીધે સાર, પુજે અન્ય પ્રથમ નર નાર; તો તે પુજન નિષ્ફળ જશે, વળી વિઘ્ન કોટી તેને થશે. ૨૨ આદિ પુજન કરસે એનું જેહ, દુર્વા અક્ષત પુષ્પે આણી સ્નેહ; તેનાં સંકટ સર્વ હણાય, અંતકાળે મહા મોક્ષ થાય. ૨૩ સત્ય વિનાયક એનું નામ, કરસે સિદ્ધ એ ધાર્યુંજ કામ; એવાં શીવનાં સુણી વચન, થયા દેવતા સર્વ પ્રસન. ૨૪ બ્રહ્મા વિષ્ણુએતો તેણે દિશ, દિધી પુત્રને ઝાઝી આશીશ; વળી દેવોએ ત્યાંતો વિશેક, કર્યો ગણપતિને અભિષેક. ૨૫ થયા તે થકી ગણના પતિ, વિઘન હર્તા વિભુ મહામતિ; એવું દેખીને પાર્વતિ માત, ઘણાં રાજી થયાં ત્યાં સાક્ષાત. ૨૬ વળતી શંકરે તો તેણે ઠાર, પેહેલા પુજ્યા ગણેશને સાર; ત્યારે વિષ્ણુએતો પ્રેમ આણી, પુજ્યા તે સમે ત્યાં નિર-વાણી. ૨૭ એવું દેખીને આશ્ચર્ય એશ, બ્રહ્માદિ દેવે પુજ્યા ગણેશ; સતિયે પણ આણી ઊમંગ, પુજ્યું પોતાના પુત્રનું અંગ. ૨૮ વાગ્યાં તે શમે વાજીંત્ર શોર, નાચી અપ્શરાઓ નિરધાર; કર્યું ગાંધર્વ લોકોએ ગાન, પુષ્પ વરશાવ્યાં દેવે નિદાન. ૨૯ પછી ગણપતિને તેણેઠાર, કહેવા લાગ્યા ઊભા

ભરથાર; અહો પુત્ર તું શાંભળ વાત, કહું પ્રીતિ આણીને શાક્ષાત. ૩૦ માર્ગ શિર્ષ વદિ પક્ષમાંય, તિથી ચોથ હતી શુભ ત્યાંય; થયો તે દહાડે ઊત્પન્ન તુંય, એહ વારતા જાણું છું હુંય. ૩૧ માટે તે દહાડે આણીને સ્નેહ, કરસે પુજા તારી કોઈ જેહ; તેનાં શંકટ શર્વ પળાસે, ધન ધાન્ય તણી વૃદ્ધિ થાશે. ૩૨ પ્હોર રાત્રિ જતાં વળી શાર, ચંદ્ર ઉગતાં તો નિરધાર; કર્યો કાળીયે તુને ઉત્પન્ન, માટે તે સમે કરવું પુજન. ૩૩ વૃત કરનારા પ્રાણી જે હોય, દેવ મનુષ્ય આદિજ સોય; તેને તે ચોથથી તો હમેશ, તને પુજવો ટાળીને કલેશ. ૩૪ માસે માસે વદી ચોથ માંય, કરવી તારી પુજા વળી ત્યાંય; સંસારી થઇ પુજે ન તુને, શત્રુ જેવો લાગે એહ મુને. ૩૫ તને પુજવા કારણ સાર, કરવી મુર્તિ વળી નિરધાર; કહું તેહ તણો ઈતિહાસ, સુણતાં સર્વને થાય ઉલ્લાસ. ૩૬ ધાતુ માટીને પાષાણ જેહ, અર્ક મુળ પ્રવાળજ તેહ; કરવી તેહ તણી પ્રતિમાય, પછી પુજવી તેને સદાય. ૩૭ વદી ચતુર્થિએ નિરધાર, સર્વે ચઢાવવા ઊપચાર; તિર્થ વારી પંચામૃત આણી, કરવો અભિષેક નિરવાણી. ૩૮ સિંદુર ચંદન અક્ષત સાર, દુર્વા અંકુરથી નિરધાર; કરે પુજન પ્રાણીજ જેહ, પામે પાંચ પદારથ તેહ. ૩૯ પુજન કરવા સમે તેણે ઠાર, ધરવું નૈવેદ્ય તો નિરધાર; તે તો મોદક કેરૂ ધરાય, સાથ ઉત્તમ દુધ સદાય. ૪૦ શશી વિપ્ર તણી વળી સાર, કરવી પુજા તેની નિરધાર, પછી જમાડવું મિષ્ટ

અન્ન, દેવી દક્ષણા તે શુભ મન્ન. ૪૧ આવી રીતે તને મારા બાળ, જે કોઈ પુજશે પ્રાણી દયાળ; તેનું કલ્યાણ તું તો કરીશ, શોક સંકટ વિઘ્ન હરીશ. ૪૨ એવું આપુંછું હું વરદાન, સર્વે સાંભળતાં આણે સ્થાન; એવું કહી તનુજને શીશ, શીવે હાથ મુકયો તેણે દીશ. ૪૩.

વલણ. ત્યાર પછી સૌ દેવતા, આવ્યાતા સિરદારરે; દુર્ગા કહે તે તો ગયા, પોતપોતાને ઠારરેરેરે. ૪૪

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં, શીવેન ગણેશસંજીવન કૃતો નામ પંચપચાશતમોઽધ્યાય: ૫૫

અધ્યાય ૫૬ મો—ગણેશ લગ્ન.

રાગ સામેરી.

સુત પુરાણી પ્રત્યે બોલ્યા, શૌનક તેણે ઠાર; અહો સુત સંભળાવો બીજો, શીવ મહિમા આ વાર. ૧ ત્યારે સુત વધા તે ઠામે, સાંભળો સર્વે વિપ્ર; વિસ્તારી કહું શીવનો મહિમા, તમને તો વળી ક્ષિપ્ર. ૨ સર્વે દેવ ગયા નિજ ધામે, આજ્ઞા માગી સાર; ત્યાર પછી ત્યાં શીવ પારવતિ, હરખ્યા અપરમપાર. ૩ સ્વામિ કાર્તિક સત્ય વિનાયક, એ બેઉં સંતાન; તેને દેખી રાજી થાયે, માત પિતાતે સ્થાન. ૪ ગણપતિ ને સ્વામિ કાર્તિક તો, કરવા લાગ્યા વાદ; એક એકના સામું બોલે છે, આણીને આલ્હાદ. ૫ ગણપતિ કહે છે પેહેલો હું તો, પરણીશ મારા ભ્રાત; તેવી રીતે સ્કંદ કહે છે, હું પરણીશ સાક્ષાત. ૬ એવું દેખી સતીને

શીવે કીધો મન વિચાર; આ બેમાંથી કોને પહેલો, પર-
ણાવિશું સાર. ૭ તે વેળાએ શંકરે તો, આણીને ઉલ્લાસ; બે
પુત્રોને પાસે તેડયા, પુછવા વાત વિલાસ. ૮ વળતી તેને
કહેવા લાગ્યા, નીતિ કેરો ન્યાય; આ વખતે માનો તમે બેઊ,
મારી તો આજ્ઞાય. ૯ પૃથ્વી પ્રદક્ષિણા કરવા જાઓ, બેઉ
જણા સંતાન; વળતી મારી પાસે આવો, વેહેલા આણે સ્થાન.
૧૦ પ્રથમ આવી મુજને નમસે, બેમાંથી જે બાળ; તેને
પેહેલો પરણાવીશ હું, નિશચે આણે કાળ. ૧૧ એવું સાંભ-
ળી કાર્તિક સ્વામિ, નિકળ્યા તેણે ઠાર, મોર ઉપર બેશી
ને ચાલ્યા, ક્ષણું નવ લાગી વાર. ૧૨ ગણપતિયે વિચાર
કર્યો મન, શી રીતે ચલાસે; અરધાકોશની અંદર જાતાં,
થાકી તો જવાશે. ૧૩ તે માટે શી રીતે કરવો, મારે તો ઉપાય;
જેણે કરીને પેહેલો પરણું, નિશચે આ વેળાય. ૧૪ વેદ શા-
સ્ત્રમાં એવું કહયું છે, પુજે માત પિતાય; તો તેને પૃથ્વી ફર-
વાથી, અદકું ફળ પમાય, તે માટે હું સ્નાન કરીને, કરૂં
એવું એ કામ; વળતી શંકરને સંભળાવું, ન્યાય વચન અ-
ભિરામ. ૧૬ એમ વિચારી સ્નાન કરીને, પુજયાં માતપિ-
તાય; ત્યાર પછી પરિક્રમા કીધી, સાતતો તે વેળાય. ૧૭
વળતી મુખથી કહેવા લાગ્યો, સાંભરો શંકર તાત; પૃથ-
વીની પ્રકંબા કીધી, આ વેળા મેં સાત. ૧૮ માતપિતાની
પ્રકંબા, પૃથ્વિનું ફળ થાય; વેદ વિષે વિચારી જુઓ, નિશ્ચે
એતો ન્યાય. ૧૯ તે માટે પહેલો પરણાવો, મુજને આણી-

વાર; નહિ તો સત્ય તમારૂં જાશે, સત્ય કહું ત્રિપુરાર. ૨૦ માતપિતાની સેવા મુકી, તીરથ કરવાં જાય; તેને શીર ત્રણ હત્યા બેસે, પુન્ય કશું નવ થાય. ૨૧ એવું સાંભળી શીવ પારવતી, વિસ્મય પામ્યાં મન; ન્યાય વાતમાં અન્ય શું કહેવું, શાચું પુત્ર વચન. ૨૨ તે ઠેકાણે ગણપતિને કહે, પુત્ર તને શાબાશ; તુજ બુદ્ધિ બહુ નિર્મળ કહાવે, તરણી તુલ્ય પ્રકાશ. ૨૩ શાસ્ત્ર પ્રમાણે તેં તો કીધું, સુંદીર મોટું કામ; તે માટે તુઝને પરણાવું, પહેલો આણે ઠામ. ૨૪ એવું સુતને મોઢે કહીને, શંકરે તે ઠાર; વિશ્વકર્માને બોલાવ્યા, ત્યાં ક્ષણું નવ લાગી વાર. ૨૫ તેને બે પુત્રીઓ સુંદર, શિદ્ધિ બુદ્ધિ નામ; રૂપ વિષે ઈંદ્રાણી જેવી, હૈયે મોટી હામ. ૨૬ તે માટે તેને બોલાવી, બોલ્યા શંકર વાણ; અહો દેવના ઠાર પધારો, શીલ્પી શાસ્ત્રના જાણ. ૨૭ તમારી જે બે કન્યાઓ, શિદ્ધિ બુદ્ધિ શાર; તે મારા સુતને પરણાવો, આ વખતે નિરધાર. ૨૮ એવું શાંભળી વિશ્વકર્માને, ઉપજયો અતિ ઉલ્લાશ; વળતી તે નિજઘેર પધાર્યો, લીધું લગ્ન પ્રકાશ. ૨૯ તે દહાડે શંકર પણ સુતની, જાન લેઈ રાજન; સ્વર્ગપુરીમાં આવી પહોંચ્યા, હેલામાં બળવાન. ૩૦ તે ઠેકાણે દેવને ઠારે, કીધી સ્વાગત શાર; જાન જમાડી કન્યા આપી, બેઉ તેણે ઠાર. ૩૧ તે કન્યાઓ લેઈને આવ્યા, કપાળી કૈલાશ; એવી રીતે સુત પરણાવી, શીવ પામ્યા ઉલ્લાશ. ૩૨ એવામાં ત્યાં પૃથ્વી ફરીને, સ્વામિ કાર્તિકવીર; માત પિતાને

નમવા આવ્યો, રાજી થઈ રણધીર. ૩૩ તે વેળાએ નારદ-જીએ, સાધ્યો ત્યાંતો લાગ; શીવ સુતને સમજાવા લાગ્યા, આણીને અનુરાગ. ૩૪ અહો સ્કંદ તુજ માત પિતાએ, કર્યો ઘણો અન્યાય; ગણપતિને પરણાવી પેહેલી, સુંદીર બે કન્યાય. ૩૫ તુજને ફરવા મોકલી કીધી, વસમી વિપરીત વાત; તે માટે તેને કેમ જાઊં છું, નમવા તું સાક્ષાત. ૩૬ માત પિતા થઈ આવો કીધો, જુલમ અતિ રાજન; ત્યાં આગળ તે શું કહેવાનું, બીજું તો વચન. ૩૭ તે વેળાએ સતી નંદનને, ઉપજ્યો દિલમાં કાળ; બોલ્યા વિના પાયે લાગ્યો, માત પિતાને બાળ. ૩૮ ત્યાર પછીથી ત્યાંથી ચાલ્યો, સ્વામિ કાર્તિક સાર; ત્યારે માત પિતાયે વાર્યા, વિનય કરી અપાર. ૩૯ તો પણ તેણે માન્ય કર્યું નહિ, તેહ તણું વચન; અંતરમાં ઉદવેગ આણીને, ચાલ્યા સતિના તન. ૪૦ ક્રૌચા પર્વત ઉપર આવી, વસીયા એ બળવાન; હજી સુધી પણ ત્યાંજ બિરાજે, નિશ્ચે તેણે સ્થાન. ૪૧ પરણાવામાં માત પિતાએ, કપટ કર્યું નિરધાર; તે માટે પરણ્યા નહિ પોતે, નામ પડ્યુ કુમાર. ૪૨ કાર્તિક શુદી પુનમને દીન, મેળો ત્યાં ભરાય; આસ પાસના લોકો આવે, દર્શનની ઈચ્છાય. ૪૩ કાર્તિક શુદિ પુર્ણિમાએ, કૃતિકા બળવાન; હોય નદિ નક્ષત્ર એહતો, મોટું પર્વ નિદાન. ૪૪ તે દહાડે સ્વામિ કાર્તિકનું, કરશે દર્શન સાર; તો તે પ્રાણી દ્વિજ અવતરશે, ઉત્તમ કુળ નિરધાર. ૪૫ શંકર સુતનું

દર્શન કરતાં, સર્વ પાપ પળાય; આ લોકે સુખ ભોગવે ઉત્તમ, અંતે મોક્ષ પમાય. ૪૬.

વલણ. એ રીતે સુતે કહ્યો, ગણપતિનો વિવાયરે; દુર્ગો કહે તેને સુણે, તે નર પાવન થાયરે. ૪૭.

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
ગણેશ લગ્નવર્ણનોનામ ષડપંચાશત્તમોધ્યાય: ૫૬

ઇતિ પુર્વાર્ધ સંપુર્ણમ્.



अथ शिव पुराण उत्तरार्घ प्रा.॥

અધ્યાય ૫૭ મો.

રાગ મારૂ. સુણી ગણુપતિ લગ્ન કથાય, ઘણા રાજી થયા મુનિરાય; પછી સુતને કહે છે વચન, અતિ ઉતકંઠા આણીને મન. ૧ અહો સુત સુણો એક વાત, વ્યાસ શિષ્ય તમે છો સાક્ષાત; ઘણા ગુણવંતને સુખરાશી, જ્ઞાન દીપક કેરા પ્રકાશી. ૨ માટે જ્યોતિ લિંગની કથાય, કહો કૃપા કરી આ વેળાય; જેને સુણતાં આનંદ થાશે, ગર્ભવાસ તણું દુખ જાશે. ૩ કીયાં જ્યોતિલિંગ સાર, કીયે કીયે સ્થળે નિરધાર; તેમ કોને કોને માટે ઈશ, રહયા તેતે સ્થળે જુગદીશ. ૪ તેહ સર્વે કહો આણે ઠામ, વિસ્તારીને વળી અભિરામ; એહ વારતા થાશે પ્રખ્યાત, તેને સુણશે ભકત સાક્ષાત. ૫ તેથી સંકટ તેનાં હણાશે, અંતકાળે વળી મોક્ષ થાશે; એવાં વિપ્રનાં સુણી વચન, થયા સુત પુરાણી પ્રસન્ન. ૬ ધન્ય ધન્ય તમે દ્વીજ જાત, રૂડી પુછી તમે મને વાત; જયોતિલિંગ બધાં મળી બાર, નથી તેરમું તો નિરધાર. ૭ કહું તેહનાં વિસ્તારી નામ, સ્થાન સુદ્ધાં વળી અભિરામ; સોરઠ દેશમાંહી સોમનાથ, ઝાલે ભકતનો બુડતાં હાથ. ૮ તેવા શ્રી શૈલડુંગર માંય, મલ્લિકાર્જુન બિરાજે ત્યાંય; ઉજેણુ માંહી વસ્યા મહંકાળ, આખા વિશ્વતણા પ્રતિપાળ. ૯ એમ ઓંકાર ક્ષેત્રની માંય, ઓંકારેશ્વર ઈશ્વર ત્યાંય; હીમ પૃષ્ટે કેદારેશ સાર, જયાં છે શીત અતિ નિરધાર. ૧૦ ભીમશંકર ડાકીની માંય, ભારે પરચો ચાલે તેનો ત્યાંય; કા-

શી નગ્ર વિષે વિશ્વનાથ, કાળ ભૈરવછે જેની સાથ. ૧૧ સમીપ ગંગા નદી વેહેછે સાર, સ્નાન કરવાથી આપે ઉદ્ધાર; ગૌતમીને ત્રટે ત્રંબકેશ, જેનું શાસ્ત્રમાં મહાત્વ અશેષ. ૧૨ વૃક્ષ ખંડ વિષે વૈજનાથ, જેણે દૈત્ય હણ્યા નિજનાથ; નાગેશ વસ્યા છે દારૂકાવન, જાય જાત્રાળું ઝાઝા ત્યાં વન. ૧૩ સેતુ બંધે રામેશ્વર દેવ, જેની રામચંદ્રે કરી સેવ; શિવાલયે ઘ્રુમેશ્વર સાર, થયાં જ્યોતિલિંગ એતો બાર. ૧૪ તેનું સ્મરણ કરતાં સદાય, ભકિત મુકિત એ બે ઊપમાય; હવે સોરઠમાં શિવરાય, કેમ આવી વસ્યા મહાકાય. ૧૫ કહું તેહ તણો ઈતિહાસ, સુણો બ્રાહ્મણ આણી ઉલ્લાસ; પુત્ર બ્રહ્માનો પાટવી જેહ, દક્ષ પ્રજાપતિ નામે તેહ. ૧૬ તેને હતીજ સાઠ કન્યાય, રૂપગુણ વતી તે કહેવાય; તેમાં સત્તાવીશ ચંદ્રને આપી, એવી ઊલટ અંતર વ્યાપી. ૧૭ તેણે કરી શોભ્યો નિશાનાથ, જેવો આખંડલ શચી સાથ; હવે સતાવીશમાં નિરધાર, વ્હાલીચંદ્રને એકજ સાર. ૧૮ નામરોહિણી તેનું કહેવાય, અતિરૂપવતી એ દેખાય; તેની જોડે રમેરંગ તેહ; બીજી સાથે જરા નહિ સ્નેહ, તેથી દક્ષની કન્યાઓ સાર, અતિ ઊદવેગ પામી તે ઠાર; સર્વે સુંદરી તરૂણ કાવે, તેથી મન્મથ તન પાવે. ૨૦ થઈ વ્યાકુળી તેથી કિનારા, આવી તાત તણે દરબાર; પછી માતાને મોઢે તમામ, કહ્યું કષ્ટ એતો અભિરામ. ૨૧ ત્યારે માતાએ પામીને દુઃખ, કહ્યું દક્ષને મોઢે પ્રમુખ; ચઢયો તેથકિ દક્ષને કાળ; થયાં લોચન

ઊભચલાલ. ૨૨ પણ શાન્તિ રાખી નિજમન, આવ્યા ચંદ્રપાસે બ્રહ્મ તન; પછી તેડીને મરજાદા સાર, કહ્યું જમાઇને તેણે ઠાર. ૨૩ અહો ચંદ્ર કરો ન અન્યાય, સમદષ્ટિ ગ્રહોને સદાય; એક સાથે રાખો અતિ પ્રેમ, અન્ય સાથે વિરોધજ તેમ. ૨૪ એતો મહા નદીસે અન્યાય, થશે લોકની માંહી નિંદાય; માટે સમાન જુઓ ને તમે, જેથી સંતોષ પામીએ અમે. ૨૫ કહેવા યોગ્ય નહિ હું આ વાત, પણ તમે કહેવરાવી સાક્ષાત; તોયે ચંદ્રેન માન્યુ લગાર, જેની રોહીણીમાં પ્રીતિસાર. ૨૬ ત્યારે દક્ષે ત્યાં દીધો જ શ્રાપ. ક્ષય રોગી થજે મતિપાપ; એવું કહી આવ્યા દક્ષઘેર, થયું તે દીનથી એમ વેર. ૨૭ વળતી ચંદ્રતણો દેહ માંય, ક્ષય ઉત્પન્ન થયોજ ત્યાંય; તેથી હણાયું તેજ તમામ, દેહગળવા માંડયો અભિરામ. ૨૮ અરૂચિને અશક્તિ અપાર, ત્રષ્ણા મંદાગ્નિવ્યર્થ વિચાર; તાવ ઉધર સને ભારે શીશ, બહું દાહ અને બહુ રીશ. ૨૯ થયો નિંદ્રા તણો તેમ નાશ, વધ્યો વેહેમને ચિંતા પ્રકાશ; આવ્યાં લક્ષણ વ્યાધિનાં જેહ, થયાં તમામ પ્રાપ્તજ તેહ. ૩૦ ત્યારે હીમાં સુતો ગભરાયો, તેથી શુક્રને શરણે આવ્યો; કહી સ્વર્ગપતિને એ વાત, સુણી ઇંદરે કર્યો આંસુપાત. ૩૧ દેવ તમામ બેઠાતા જેહ, સર્વે દુ:ખપામ્યાવળી તેહ; રૂષી મંડળ આદિતમામ, ચિંતા કરવા લાગ્યા તેણે ઠામ. ૩૨ પછી ચંદ્રનેતેડી સંગાથ આવ્યો બ્રહ્માપાસે સ્વર્ગનાથ; તેની પુંઠે રૂષિદેવો સાર, આવ્યા તે પણ ત્યાં નિરધાર. ૩૩ હવે પરમેષ્ટિને તેણે ઠામ, ઇન્દર કહેવા

લાગ્યો અભિરામ; અહો વિધાતાદીન દયાળ; સુણો અર-
જીમારી આણે કાળ. ૩૪ રાત્રી નાથ આચંદ્ર કહેવાય ક્ષ-
ય રોગી થયો આવેળાય; દીધો તમારા પુત્રેજ શ્રાપ,
તેથી નાશ થશે એનું પાપ. ૩૫ રહેશે રાત્રા વિષે અંધકાર,
શાન્તિ નહિ વળે કોઇને સાર; જશે જક્તથી શીતળતાય;
માટે બતાવો એનો ઉપાય. ૩૬ સુણી સ્વર્ગપતિનું વચન,
બોલ્યા બ્રહ્મા આણી ક્રોધ મન; અહો સ્વર્ગપતી સુણવાત,
દુષ્ટ કર્મી એ ચંદ્ર સાક્ષાત. ૩૭ એણે બૃહસ્પતી કેરીજ ના-
ર, હર્ણું કરી વળી નિરધાર; ગુરૂ પત્નિ સાથે કીધો સંગ,
કર્યું સતીનું અશુદ્ધ અંગ. વળી પરણ્યો સત્તાવીશ કન્યાય,
તેમાં જોયો નહિ ધર્મ ન્યાય; એક વ્હાલી માની નિરધાર,
કર્યો અન્યને તિરસ્કાર.૩૯ એવાં અનેક એહનાં કર્મ, અના
દિથી કરે છે અધર્મ; માટે પામિયો દારૂણ શ્રાપ, તેથી નાશ
થશે એનું આપ. ૪૦ એવું સાંભળીને તેણે દીશ, બોલ્યો
વાસવ નામીને શીશ; અહો બ્રહ્મા વિચારોને ન્યાય, શરણે
આવ્યાની કરવીજ સ્હાય. ૪૧ માટે ક્ષમા કરી એનાં કૃત્ય,
હણો અવસાન કેરી વિપત્ય; જક્ત સામું જોઈ આણીવાર,
કરો કૃપા એનાપર સાર. ૪૨

વલણ. એવું સુણીને બોલિયા, સૃષ્ટિના સરજનહારરે,
દુર્ગા કહે એતો કરે, ચો મુખે ઉચ્ચારરેરેરે. ૪૩

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં,
ચંદ્રસ્યદક્ષશ્રાપ વર્ણનો નામ સપ્તપચાશતમોઽધ્યાયઃ ૫૭

અધ્યાય ૫૮ મો—પ્રથમ જ્યોલિંગ મહિમા.

રાગ સોરઠ.

સુત પુરાણી એણીપેર બોલ્યા, સાંભળો સૌ રૂષીરાય; વળતી બ્રહ્મા બતલાવે ત્યાં, સુરપતિને ઊપાય. ૧ અહો ઈંદ્ર સુણુજો એક ચિતે, હું કહું તે નિરધાર, ચંદ્ર તણો વ્યાધિ મટવાને, સેવોને ત્રિપુરાર. ૨ પ્રભાસ પાટણુ માંહી જાઓ, ચંદ્રને લેઈ સંગ; વળતી ત્યાં પાર્થીવ લિંગ, કરજો આણીને ઉમંગ. ૩ મૃત્યું જયના મંત્ર તણો વળી, જય કરવો તે ઠાર; એવી રીતે નિત્યે કરવું, આણી પ્રેમ અપાર. ૪ રૂષી મંડળને શર્વે દેવો, તમ સુદ્ધાં રાજન; ચંદ્ર તણો વ્યાધિ મટવાને, કરજો શીવ પુજન. ૫ ત્યાર પછી તે પુજા કેરૂં, પુન્ય તો જે કહેવાય, તે તો શશીને સોંપી દેજો, નિશ્ચે તે વેળાય. ૬ વળી હું કહું છું તે પરમાણે, કરાવજો તે પાસ; તેણે કરીને રોગ ટળશે, કૃપા કરી અવિનાશ. ૭ એવું સાંભળી સર્વે દેવો, ચંદ્રને તેડી સંગ; પ્રભાસ પાટણુમાંહી આવ્યા, આણીને ઉમંગ. ૮ તે ઠેકાણે ખાડો ખોદી, બેઠા સર્વે દેવ; તીર્થ તણું આ વાહન કીધું, તેમાંહી તતખેવ. ૯ ત્યાર પછી ત્યાં પાર્થિવેશ્વર, કરવા માંડયા સાર; મૃત્યું જ-યતો મુખથી ભણુતા, આણી પ્રેમ અપાર. ૧૦ શશીને પણુ ત્યાં તેવી રીતે, કરાવીયું શુભ કર્મ; તેણે કરીને પાપ હણાયું, શાન્તિ પામ્યો મર્મ. ૧૧ એવી રીતે પુજા કરતાં, વિત્યા જ્યાં ખટમાસ; ત્યારે ત્યાં પ્રત્યક્ષ આવીયા, શંકરતો

અવિનાશ. ૧૨ તેતો શશીને કહેવા લાગ્યા, કૃપાકરી ભગ-
વાન; માગ માગ મુજ પાસે તું તો, આ વખતે વરદાન. ૧૩
ત્યારે અત્રીનો સુત બોલ્યો, સાંભળોને મહારાજ, ક્ષય વ્યા-
ધિની પીડા ટાળો, કૃપા કરીને આજ. ૧૪ ત્યારે શિવ કહે
વિપ્ર શ્રાપતો સમુળો નહિ જાય. પણ તારી પંદર દીન સુધી
વ્રધિ થશે કળાય. ૧૫ તેવી રીતે બીજા પંદર, માંહી ઘટશે
સાર; છેવટ એક દિવસ એ નડશે, વ્યાધિ તો નિરધાર
૧૬ તોપણ તારૂં મુજ વરદાને, મૃત્યું તો નહિથાય પ્રતિ-
પદાથી આરંભી પાછી, વધશે પૂર્ણ કળાય. ૧૭ એવીરીતે
શાવે આપ્યું, શશીને ત્યાં વરદાન; ત્યારે સૌ દેવોને મુનિ,
બોલ્યા તેણે સ્થાન. ૧૮ અહો ઇશ તમને અમારા, સર્વનો પરિ-
ણામ; શશીને જીવતદાન આપીયું, કૃપા કરી આઠામ. ૧૯ તે
માટે આ સ્થાનકમાં હી, રહો કરીને વાસ; જેથી અવિચળ કીર્તિ
રહેશે. વિશ્વની માંય પ્રકાશ. ૨૦ એવું સાંભળી શંકર બોલ્યા,
આણી પ્રેમ અપાર; અહો મુનિતમ ઇચ્છા છે તો, રહું છું
આણે ઠાર. ૨૧ એમ કહીને લિંગ સ્વરૂપે, બનિયા શંકરદેવ;
પારવતી પ્રતીમા થઈ બેઠાં, નીશચે ત્યાં તતખેવ. ૨૨ તે કાળ
બ્રહ્માએ આવી, સ્થાપન કીધું સાર; વળતી જળની ધારા
કીધી, વરત્યો જયજયકાર. ૨૩ ત્યાર પછી તે શીવનું પાડયું,
બ્રહ્માએ તો નામ; સોમનાથ સોરઠની માંહી, જ્યોતિર્લિંગ
અભિરામ. ૨૪ પ્રથમ ખાડ ખોદ્યો તો સર્વે જળ ભરવાને
સાર; તેમાં તિર્થ નાણું ભરીસુંતું, પાણી તો નિરધાર.

૨૫ તે પાણીએ શીવના ઉપર, કરતા સૌ અભિષેક; ચંદરકુંડ એવું તો પડીયું, તેનું નામ વાંષેક. ૨૬ તે કુંડ માંહી ખટ મહિના જો, સ્નાન કરે નર નાર; તો સૌ તેના રોગ હણાએ; કષ્ટાદિક નિરધાર. ૨૭ ચંદ્ર કુંડમાં સ્નાન કરીને, શીવને લાગે પાય; તો તો મનવાંછિત સુખ પામે, શીવ કરસે કરૂણાય. ૨૮ ત્યાર પછી બ્રહ્માદિક દેવો, આવ્યાતા સૌ જેહ; તે તો પોતપોતાને ઠામે, પરવરીયા વાળ એહ. ૨૯ અત્રી સુત પણ વર પામીને, આવ્યો પોતાને ઠામ; એવી રીતે અવિનાશીએ, કર્યું ભકતનું કામ. ૩૦ સુત કહે સરવે બ્રાહ્મણને, સાંભળો વિપ્રકુંમાર; આદિજયોતિ લિંગની આતો, ઊત્પત્તિ કહી સાર. ૩૧ તેને જે કોઈ ભાવ કરીને, શ્રવણ કરે હમેશ; તો તો શંકર તેને ફળશે, ટાળે દુ:ખને કલેશ. ૩૨

વલણ. આદિજયોતિ લિંગનો, કીધો આ મહિમાયરે; દુર્ગા કહે તેને સુણે, ત નર મોક્ષે જાયરેરેરે. ૩૩

ઇતિ શ્રી શિવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સહિતાયાં, પ્રથમ જ્યોતિ લિંગમહિમા વર્ણનો નામ અષ્ટ પંચાશતમોઽધ્યાય: ૫૮

અધ્યાય ૫૯ મો દ્વિતિય જ્યોતિ મહિમા.

રાગ સામેરી.

સુતપુરાણી એણી પેર બોલ્યા, સાંભળો સૌ રૂષિરાય; વિસ્તારી સંભળાવું તમને, દ્વીતિય લિંગ મહિમાય. ૧ એહ કથાને શ્રવણ કરેછે, જે કોઇ નરને નાર, તે પ્રાણી તો મુક્તિ પામે, તેમાં ફરે નફાર. ૨ જેના મુખમાં શિવ શિવ એવી,

વાણી નથી હમેશ; વળી વિભુતિ ભાળ વિષે નહિં, તેનો વ્યંડળ વેશ. ૩ કંઠ વિષે રૂદ્રાક્ષ તણોતો, એક મણુકો સાર; નથી ધારણ કરતો જે પ્રાણી, તે પાપી અપાર. ૪ વિભુતિ રૂદ્રાક્ષ માળને, શંકર. એવું નામ; એ ત્રણે નથી જેની પાસે, તે નર પ્રેત સમાન. ૫ વિષ્ણું દિક્ષા હોયે તેને, તુળશી કેરો હાર ઉર્ધ્વ પુંડ્રને વિષ્ણું એવું, નામ મુખે નિરધાર. ૬ તે ત્રણે નવ હોયે પાસે, તે અંત્યજ કહેવાય; તેનો સ્પર્શ થતાં તો ન્હાનું, વેદ તણો એ ન્યાય. ૭ શીવ વિષ્ણુમાં ભેદ જાણશે, તેતો કેવળ ઢોર; ભક્ત હશે પણ ભેદ બુદ્ધિથી, ઈશ્વર ગણશે ચોર. ૮ શીવનો ભક્ત થઈને કરશે, વિષ્ણુની નિંદાય; તેને કદીએ મોક્ષ મળે નહીં, પામે નર્ક સદાય. ૯ તેવી રીતે વૈષ્ણવ થઈને, શિવથી રહે વિમુખ; તેને યમના દુતો તાણે, નર્કમાં પામે દુઃખ. ૧૦ લોક તણી શિક્ષાને માટે, વિષ્ણુને પશુપાળ; એક એકની ભક્તિ આચરતા, અન્યો અન્ય દયાળ. ૧૧ બેઉ જાણતો ભકિત આપે, બેઉ કરશે શિક્ષાય; તે માટે કોઇની નવ કરવી, પ્રાણીને નિંદાય. ૧૨ એકની મરજાદા તેતો, તોડે નહિ કોઈ કાળ; સમયે સેવક સમયે સ્વામી, થાયે એ પ્રતિપાળ. ૧૩ એક નદીના ઉભય પ્રવાહો; ચાલે છે કોઈ ઠાર; પણ કીયો નવ પાપ પ્રજાળે, સ્નાન કર્યે નિરધાર. ૧૪ એવું સમજી શીવ વિશ્નુમાં, ભેદ ન ગણવો સાર; બેઉ જાણ કેરી ભકિત કરવી, આણી પ્રેમ અપાર. ૧૫ સુત કહે સૌનકને વળતું, સાંભળો શ્રી મુનિ-

રાય; બીજા જ્યોતિ લિંગ તણો કહું, વિસ્તારી મહિમાય; ૧૬ જેને સુણતાં આનંદ થાયે, સંકટ સર્વ હણાય; વળી ભક્તિ ને જ્ઞાન સાંપડે, અંતે મુક્તિ થાય. ૧૭ જે દિનથી સ્વામ કાર્તિક તો, રીસાઈ ચાલ્યા સાર; તે દિનથી કાત્યાયનીને મન, ઉદ્વેગ અપરમપાર. ૧૮ પુત્ર સમો નહી લાભ જગતમાં, પુત્ર સમું નહિ ધન, પુત્ર સમું નહિ સગું સાગવું, પુત્રથી ઘર પાવન. ૧૯ પુત્ર વિના તો રૂણ નવ છુટે, નવ થાયે ઉદ્ધાર; તેવો પુત્ર વિનાનો સુનો, સઘળો આ સંસાર. ૨૦ પુત્ર વિના મેહેણું શીર મોટું, પુત્ર વિના પિડાય; તેવું પુત્ર વિયોગે કરીને, અંતરતો શોકાય. ૨૧ તે માટે શંકરને તેડી, સુતને મળવા સાર; ક્રૌચા પર્વત ઉપર આવ્યાં, અંબિકા નિરધાર. ૨૨ ત્યારે સ્વામિ કાર્તિક ત્યાંથી, દીલમાં થઇ ઉદાસ; સ્થાનક મુકી છેટા નાઠા, તજી સ્નેહનો પાશ. ત્યારે સૌ દેવોએ કીધી, સ્તુતિ તેણે ઠાર; તો પણ ત્યાંથી વસીયા છેટા, ગાઉ તો વળી બાર. ૨૪ તે કાળે ઇંદ્રાદિક દેવે, શંકર સુતનો સાર; ક્રોધ સમાવ્યો જ્ઞાન આપીને, નિશ્ચે તેણે ઠાર. ૨૫ ત્યારે માતપિતાને લાગ્યા, સ્વામિ કાર્તિક પાય; જેજેકાર થયો તે વેળા, આનંદ અંગ ન માય. ૨૬ તે દીનથી જ્યોતિલિંગ થઇને, વશીયા શંકર ત્યાંય; મલ્લિકાર્જુન નામ તેમનું, પ્રસિદ્ધ પૃથ્વી માંય. ૨૭ પારવતિ પણ પ્રતિમા થઈને, બેઠાં તેણે ઠાર; સુતની પાસે વસીયાં પોતે, એવી રીત્ત સાર. ૨૮ હમેશાં અમાસને દિવશે, સુતને મળવા

સાર; પોતાના સ્થાનકથી જાએ, શંકર તેણે ઠાર. ૨૯ તેવી રીતે પુર્ણિમાને. દિવસે તો સદાય; પારવતી સુત પાશે આવે, આણી ઉત્કંઠાય. ૩૦ આવી રીતે દ્રીતિય લિંગની, ઉત્પત્તિ આ સાર; સુતે કહી શૌનકના પ્રત્યે, આણી પ્રેમ અપાર. ૩૧ તેને જે કોઈ સુણશે પ્રાણી; તેનું થશે કલ્યાણ; ગર્ભ-વાસ માંહી નહિ આવે, પુનરપિ તે નિરવાણ. ૩૨

વલણ. જ્યોતિલિંગ બીજા તણું, કીધું આ આખ્યાનરે, દુર્ગા કહે તેને સુણે, તે નર પામે જ્ઞાનરેરેરે. ૩૩

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
દ્રીતિય જ્યોતિલિંગ મહિમા વર્ણનોનામ એકોનપષ્ટીતમોધ્યાયઃ ૫૯

અધ્યાય ૬૦ મો—તૃતિય જ્યોતિલિંગ મહિમા.

રાગ મારૂ. બોલ્યા સુતપુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિજન; હવે ત્રિજું જ્યોતિલિંગ જેહ; મહંકાળ જાણો નામે તેહ. ૧ કહું તેહની સર્વ કથાય, જેને સાંભળી સંકટ જાય; નદી ક્ષીપ્રાને કાંઠેજ સાર, પુરી અવંતિ છે નિરધાર. ૨ નામ ઉજેણ તેનું કહાવે, જોતાં પ્રેમ આતિશય આવો; વસેતમામ વર્ણ તેમાંય વિપ્ર આદિ ઊંચી નીચી ત્યાંય. ૩ તેહ નદીને કીનારે સાર, વસ્યા મહંકાળ ત્રિપુરાર; આજુબાજુ અનેક છે બાણ, એકકોશ સુધી નિરવાણ. ૪ વળી વસે ત્યાં હરિસિ-દ્ધમાત, કરે ભક્ત નાં કામ અઘાત; વળી ગંધપીચું છે મશાણ, સિદ્ધ વડે તે ઠેકાણે જાણ. ૫ વસે ભુતાવળી ત્યાં અપાર વીર વૈતાળ આદિજસાર; નૃપવિક્રમનો એમુકામ, અતિરમ્ય જગા અભિરામ. ૬ એહ પૂરીમાં પૂરવે સાર, ઘણા વિપ્રરહેતા નિર-

ધાર; તેમાં બ્રાહ્મણનો એક બાળ, શીવ ભક્તિ કરે ત્રણુકાળ. ૭ વદવિહિત આચરે કર્મ, પાળે પોતાતણો શ્રેષ્ટ ધર્મ અગ્નિ-હોત્ર છે પોતાને ઘેર, કરે પાઠસેવા ખુશીભેર. ૮ વળિ પાર્થિવ પૂજતો જેહ, કરે પ્રિતી આણીનિત્ય તેહ; આત્મજ્ઞાની સદા અભિરામ, કરે નિષ્કામકર્મતમામ. ૯ તેને પુત્ર થયા શ્રેષ્ટ ચાર, તે પણ તેજસ્વી જ્ઞાની અપાર; કહું વિસ્તારી એહનાં નામ, સૂણો શ્રોતા તમે આણે ઠામ. ૧૦ વેદપ્રિયનામે પેહેલોતન, પ્રિયમેઘાબીજો બળવાન; ત્રીજો સુવૃતનામે કહેવાય ચોથોધર્મ વાદી મહાકાય. ૧૧ એહ ચારે તો બાળક જેહ, થયા શંકરના ભકત એહ; શીવશીવ જપે એવું નામ, બીજાં સાધન છોડીતમામ. ૧૨ પિતા કરતાં એ બાળક ચાર, થયા ભકત અતિષય સાર; તેણે કરીને સર્વ પ્રંજાય, રહે સુખનીમાંય સદાય. ૧૩ શોક વ્યાધીને દારિદ્ર જેહ, નથી અવંતિપૂરીમાં તેહ; મહા મારી આદિ ભીતિસાર, નથી તેપણ ત્યાં નિરધાર. ૧૪ એવામાં એક અસુર જેહ, થયો દુશાણ નામેજ તેહ; રત્નમાળ ગિરિપર સાર, એણે વાસ કર્યો નિરધાર. ૧૫ મળ્યા આવી ત્યાં દૈત્યઅનેક, તેતો કેવળ પાપિષ્ટ છેક; પછી દુશાણ સુરેતો સાર, હિંસા કરવા માંડીઅપાર. ૧૬ રાખે બ્રાહ્મણ ઉપર દ્વેષ, તોડેદેવાલય તો હમેશાં, આખી પૃથ્વી વિષે તેણે સાર, વરતાવા માંડયો હાહાકાર. ૧૭ પછી ફરતો ફરતો પાપી એહ, આવ્યો ઊજજેણ નગરીમાંતેહ; તેણે દીઠો ત્યાં ધર્મઅપાર, શીવપૂજન આદિજ સાર. ૧૮ વળી બ્રાહ્મણ નું બળ અતિ,

દીઠું તે પણ ત્યાં તો દુરમતિ, ત્યારે ઉપજ્યો તેહને ક્રોધ, તેથી આચર્યો ત્યાં વિરોધ. ૧૯ દૈત્ય પોતાના હતા તમામ, તેને બોલાવિયા તેણે કામ; પછી ઉજેણી નગ્રીમાં સાર, પેઠા પાપીએતો નિરધાર. ૨૦ મારે લોકોને માર અતુળ, કાઢે દેવાલયો તનું મૂળ; કરવા માંડી ત્યાં ગૌનિહત્યાય, લેવા લાગ્યા સતીની લજજાય. ૨૧ એવો દેખીને કેર પ્રકાશ, આવ્યા લોકો પલા વિપ્ર પાસ, ત્રાહે ત્રાહે કહેતા મુખે સાર; લાગ્યા ચર્ણે તમામ તે ઠાર. ૨૨ પછી બોલિયા એતો વચન, રાખો શર્ણે તમે દ્વીજ તન; આવ્યા કોકી અસુરના બાળ, પેઠા નગ્રમાં તે આણે કાળ. ૨૩ તેમાં દુશાણાસુર બળિષ્ટ, તેણે આણ્યાં ઘણાં તાણાં રીષ્ટ; લીધા ગાયો તણા વળી પ્રાણ, તોડયાં દેવળતો નિરવાણ. ૨૪ મળમુત્ર તણો વરસાત, તેતો નગ્રમાં કીધો સાક્ષાત; માટે ઊગારોને દ્વીજ બાળ, જેથી શાન્તિ આવે આણે કાળ. ૨૫ એવું સાંભળીને દ્વીજ તન, બોલ્યા શ્રીમુખથી ત્યાં વચન; ધરો ધૈર્ય તમે સઊ લોક, હણશે ઈશ્વર આપણો શોક. ૨૬ જેને શરણે રહ્યા છીએ સાર, તેતો ઊગારશે આણીવાર; એવું કહીને બ્રાહ્મણ બાળ, ધ્યાન ધરવા બેઠા તેણે કાળ. ૨૭ આણ્યા અંતર માંહી મહેશ, શીવ શીવ જપે મુખે એશ; પછી ધ્યાન વિષે અભિરામ, કહ્યું દુઃખ પોતાનું તમામ. ૨૮ ઘણી સ્તુતિ કરી તેણે ઠાર, ત્યારે રીઝયા પોતે ત્રિપુરાર; સુણી વિપ્ર તણી ફરીયાદ, કર્યો અટ્ટહાટ પોતે જનાદાર. ૨૯ પૃથ્વી ફોડી પછી ત્યાં દયાળ, નિકળ્યા બારણે શ્રી મહંકાળ; ગ્રહ્યું હાથની માંહે ત્રિશૂળ,

કોટી વિદ્યુતનું એહ મુળ. ૩૦ તેણે કરીને કરીને દઈત્ય તમામ, કીધા નાશ પોતે અભીરામ;હોકારે કરી કેટલા સાર, હણ્યા રાક્ષસ તો નિરધાર. ૩૧ માર્યા ચર્ણથી કેટલા પાપી, નાખ્યા ત્રીશુળે કેટલા કાપી; પછી દુશણા સુરની સાથ, ઘનું યુદ્ધ કર્યું યોગીનાથ. ૩૨ તેમાં હાર્યો એ દૈત્યકુમાર; જ્યારે શંકરે કીધો સંહાર, મુઓ દુષણાસુર જેવારે; વાગ્યાં દેવનાં દુંદુભી ત્યારે. ૩૩ થઈ ચંદનવૃષ્ટી તે ઠાર,પુષ્પવૃષ્ટી વળી નીરધાર; પછી બ્રાહ્મણના જેહ તન, તેણે સ્તુતી કરી શુભ મન. ૩૪ ત્યારે બોલીયા શંકર રાય, માગો વીપ્ર તમે આ વેળાય; તમે માગો તે આપું હું આજ, પુરૂં સર્વ મનોરથ કાજ. ૩૫ એવું સાંભળી ઈષ્ટ વચન. બોલ્યા ચારે ત્યાં બ્રાહ્મણ તન; અહો નાથ કૃપા કરી સાર, આપો મુક્તી તમે આ ણીવાર. ૩૬ જેથી સંકટ કશું ન નડે; ગર્ભવાસમાં આવવું ન પડે; વળી તમે રહો આણે ઠાર;લોકના હીત માટેજ સાર. ૩૭ જેથી અમને મળ્યાની આ ઠાર, રહે નીશાની તો નીર ધાર; એવું સાંભળી શંકર દેવ, થયા લિંગરૂપે તતખેવ. ૩૮ મુર્તી રૂપ થયાં મહાકાળી; જક્ત ભક્ત તણી પ્રતી પાળી, ત્યારે બ્રાહ્મણોએ સ્નેહ; કર્યું સ્થાપનતો લિંગ એહ ૩૯ જ્યોતિ લિંગ થયું એતો સાર, મહંકાળ નામે ત્રિપુરાર જેની પુજા કરતાં મળે જ્ઞાન,ટટે ત્રિવિધી તાપ નીદાન.૪૦ અંતકાળે મળે શીવ લોક; જશે જન્મ મૃત્યુ તણો શોક, હવે બ્રાહ્મણના પેલા બાળ, પામ્યા મુકતી પોતે તતકાળ. ૪૧ થયા સુખી-

યા લોક અપાર, વરત્યો નગ્રમાં જયજયકાર; ત્રીજા જ્યોતી લિંગ તણિ વાત, કહી વીસ્તારી તમને સાક્ષાત. ૪૨

વલણ. જ્યોતિ લિંગત્રીજા તણો, કીધો આવિસ્તારરે; દુર્ગો કહે તેને સુણે, તે ઉતરે ભવ પારરેરેરે. ૪૩

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં તૃતિય જ્યોતિ લિંગ વર્ણનો નામ ષષ્ટીતમોઽધ્યાય. ૬૦

અધ્યાય ૬૧ મો—ચતુર્થ જ્યોતિ લિંગ મહિમા.

રાગ સામેરી.

સુતપુરાણી એણીપેર બોલ્યા, સાંભળોનેઋષિરાય; વીસ્તારી સંભાવું હવે, ઓંકારેશ કથાય. ૧ એક સમે બ્રહ્માના દીકરા, નારદજી પ્રકાશ; વીંધ્યાચળની પાસે આવ્યા, આણીને ઉલ્લાસ. ૨ તેને દેખી વીંધ્યાચળે, આપ્યું ઝાઝું માન; અર્ઘ પાદ્યથી પુજા કીધી, મુનીની તેણે સ્થાન. ૩ તે કારે નીશ્વાસ મુકીને, બેઠા ત્યાં રૂષીરાય; શીશ ધુણાવી કંઈ નવ બોલ્યો, પોતે ત્યાં મહાકાય. ૪ એવું દેખી વીંધ્યાચળ તો, બોલ્યો તેણે ઠામ; અહો મુની કેમ શીશ ધુણાવ્યું, તેતો કહો અભીરામ. ૪ ન્યુન નથી કંઈ વસ્તુ કેરી, મારે ત્યાં મહારાજ; ખામી શી દીઠી તમ દ્રષ્ટે, તેતો કહો વળી આજ. ૬ ત્યારે મુનીવર કહેવા લાગ્યા, સાંભળોને નગ રાય; તુજ કરતો મેરૂ ઉંચો છે, મુજને એચીંતાય. ૭ તે માટે તેનાથી તુંતો, વધુ ઉંચોરાજન; તે વેળાએ મનડું મારૂં, થાયે ખુબ પ્રસન. ૮ એવું સાંભળી શૈલ બોલીયો, વીંધ્યા ચળ તે ઠાર; અહો મુની હું તપ કરી થાઉં ઉંચો આણીવાર. ૯ તે માટે

મુજ ને તમે આપો, શીવનો મંત્રજ સાર; શંકરનું આરાધન કીરને, પ્રસન કરૂં પશુપાળ. ૧૦ વળતી હું વરદાન માગીને, વધુ ઊંચો આ કાળ; મેરૂથી ઉંચો હું થાઉં, તેમાં ફેરનફાર. ૧૧ એવું સાંભળી નારદજીએ, આપ્યો શીવનો મંત્ર; તે રીતે ઓંકાર મંત્રનો, બતલાવ્યો સૌ તંત્ર. ૧૨ ત્યાર પછીથી ચાલ્યા ત્યાંથી, બ્રહ્માના કુમાર; બ્રહ્મ લોકમાં આવ્યા એતો, બ્રહ્મા પાસે સાર. ૧૩ વળતી ત્યાં વિંધાચળે તો, તપ આદર્યું નિર્વાણ; મૃતિકાનું કીધું સુંદર, પૂજવા માટે બાણ. ૧૪ એ રીતે ઓંકાર ક્ષેત્રમાં, કીધું આરાધન; તેણે કરીને ખટમહિનામાં, શીવ થયા પ્રસન. ૧૫ તે કાળે યોગીના સ્વામિ, પ્રગટયા તેણે કાળ, રૂપ અનોપમ દીસે જેનું, પંચ વદન વિશાળ. ૧૬ માગ માગ એમ કહેવા લાગ્યા, મુખથી એતો ઈશ; તે કાળે વિંધ્યાચળે તો, નામ્યું નિશ્ચે શીશ. ૧૭ સ્તુતિ કરીને કહેવા લાગ્યો, સાંભળો શીવ મહારાજ; વર્ધ ગામિની વિદયા એતો, આપો મુજને આજ. ૧૮ મેરૂથી ઉંચો વધવાની, અંતરમાં છે આશ; તે પૂરણ થાવાને માટે, વેઠયું કષ્ઠ પ્રકાશ. ૧૯ એવું સાંભળી શંકર બોલ્યા, કૃપા કરી તે ઠાર; તુજ ઈચ્છા પ્રમાણે તું તો, વૃદ્ધિ પામિશ સાર. ૨૦ એ રીતે વરદાન આપિયું, નગને જે વેળાય; તે કાળે ત્યાંના સૌ મુનિયો, આવી લાગ્યા પાય. ૨૧ પ્રણય મંત્રથી સ્તુતિ કીધી, તે સઘળાએ ત્યાંય; તેણે કરીને શંકર પોતે, પ્રસન થયા મનમાંય. ૨૨ એટલે તે વિં-

પ્રોને કહે છે, માગો કંઈ મુજ પાસ; ઈચ્છા હોય તે પુરી પાડું, આણીને ઉલ્લાહાસ. ૨૩ એવું સાંભળી બ્રાહ્મણ સર્વે, બોલ્યા ત્યાં અભિરામ; અમ ઊપર કરૂણા હોય તો, સદા રહો આ ઠામ. ૨૪ તે કાલે શંકર તો બનીયા, લીંગરૂપે પશુ પાળ; પારવતી પ્રતિમા થઈ બેઠાં, નિશચે તેણે કાળ. ૨૫ બીજું લિંગ કરયુંતું શૈલે, પાર્થિવ કેરી માંય; તે પણ તેના જેવું બનિયાં, સુંદીર તેણે ઠાર; ઓંકારેશ્વરને અમરેશ્વર બેઊ શંકર સાર. ૨૭ તે કાલે સહુ વિપ્રે મળીને, સ્થાપન કીધાં એહ; જ્યોતિર્લિંગ એ ચોથું કહાવે, તેમાં નહિં સંદેહ. ૨૮ ઓંકારેશ્વર અમરેસ્વરની, ઉત્પત્તિ કહી સાર; તેને જે કોઇ શ્રવણ કરે છે, તે પામે પદારથ ચાર. ૨૯ આ લોકે સુખ ભોગવી સારૂ, અંતે મોક્ષે જાય; જ્ઞાન ભક્તિ વૈરાગ્ય પામશે, સંપત્તિ સદાય. ૩૦ વળતી વર પામિને વધિયો, વિંધ્યાચળ તે ઠાર; તેણે કરીને વિસ્વની માંહી, થયો અતિ અંધકાર. ૩૧ તરણી મંડળ ઢાંકવા માંડયું, જે કાલે રાજન; તે કાલે દેવોને પ્રગટી, ચિંતા ઝાઝી મન. ૩૨ તેથી સર્વે ત્રાસ પામીને, ઈંદ્રાદિક દિગપાળ; અગસ્ત મુનિની પાસે આવ્યા, સત્વર તેણે કાળ. ૩૩ તે તો મુનિને કહેવા લાગ્યા, પાયે લાગી સાર; અહોરૂષીવર વિંધ્યાચળને, સુવાડો આવાર. ૩૪ તમારો યજમાન એ માટે, માને તમારી વાત; તેથી તેની પાસે જઈને, કાર્ય કરો સાક્ષાત. ૩૫ એવું સાંભળી મુનિવર કહે છે, સાંભળો સર્વે દેવ; થોડા દિનમાં કાર્ય ત–

મારૂં, સાધી શકુ તત ખેવ. ૩૬ એવું કહીને મુનિવર આવ્યા, પર્વત કેરી પાસ; વળતી તેને કહેવા લાગ્યા, આણીને ઉલ્લાસ. ૩૭ અહો શૈલ કયમ વૃદ્ધિ પામે, ઉંચો ઊંચો સાર; તુજને નવ કોઈ કન્યા આપે, આ વખતે નિરધાર. ૩૮ તે માટે મારૂં કહ્યું માની, સુઈ જા આણુ કાળ; હુંતો કન્યા ખોળી લાવું, સુંદર રૂપવિશાળ. ૩૯ મારા આવ્યા વિના તુંતો, ઉભો થાઇશ વીર; તો તો બળીને ખાખ થશે વળી, તારૂં તો શરીર. ૪૦ એવું સાંભળી પર્વત સુતો, પુથ્વી ઉપર સાર; વળતી મુનિને કહેવા લાગ્યો, કરજોડી તે ઠાર. ૪૧ અહો રૂષીવર વહેલા આવો, કન્યા લેઇ આ ઠામ; ત્યાં સુધી સુતો છું હું તો, શાન્તિથી અભીરામ. ૪૨ મુનિવર કહે છે વેહલો આવીશ, સુણ મારા યજમાન; એવું કહીને બ્રાહ્મણ એતો, આવ્યા પોતાને સ્થાન. ૪૩.

વલણ. ચોથા જ્યોતિર્લિંગની, સુતે કહી વાતરે; દુર્ગો કહે તેને સુણે, તે દેવી સાક્ષાતરેરેરે. ૪૪

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
ચતુર્થ જ્યોતિર્લિંગ મહિમા વર્ણનોનામ એકોનષષ્ઠીતમોધ્યાયઃ ૬૧

અધ્યાય ૬૦ મો—પંચમ તથા ષષ્ટમ જ્યોતિર્લિંગ મહિમા.

રાગ મારૂ.

બોલ્યા સુત પુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિ જન; કહું પાંચમા લિંગની વાત, જેને સુણતાં થશે સુખ શાત. ૧ થયા બ્રહ્માથી મનુ ભુપાળ, અતિપ્રતાપી બુદ્ધિ વિ-

શાળ; તેને પુત્ર થયા બે સાક્ષાત, પ્રીય વૃતને ઊત્તાનપાત. ૨ તેમાં પ્રિયવૃત્ત તણો સાર, નામ અગ્નિધ્ર જેષ્ટ કુમાર; થયો તે થકી નાભિરાજન; રૂષભદેવ તેના જેષ્ટ તન. ૩ તેથી પુત્ર થયા શત સાર, તેમાં ભરત જેષ્ટ કુમાર, મહા જ્ઞાનિ વિચિ-ક્ષણ તેહ; પુન્યશાળીને પવિત્ર દેહ. ૪ તેણે આ ખંડમા કર્યું રાજ, રાખી રૈયતને અતિલાજ; તેથી આ ખંડનું આણે ઠામ, ભર્તખંડ એવું પડયું નામ. ૫ હવે આ ખંડની માંહી સાર, ધર્યો વિષ્ણુ એ તો અવતાર; નામ નર નારાયણ ક-હાવે, ધર્મ પુત્ર થયા પોતે ભાવે. ૬ તે તો લોકના હિતને કાજ, તપ કરવા ચાલ્યા મહારાજ; આવ્યા હિમાચળ ગિરિ માંહી, શીખર કેદાર છે તેનું જયાંહી. ૭ જગા સુંદર છે તેણે ઠાર, વૃક્ષ ઉત્તમ વિહંગ સાર; બેઠા તે ઠેકાણે દિવ્ય દેહ, તપ કરવા માટે આણી સ્નેહ. ૮ કરે પાર્થિવેશ્વર તેણે ઠાર, પછી ચઢાવે સો ઉપચાર; ધુપદ્દીપને નૈવેધ જેહ, ધરી શીવ પાસે આણી સ્નેહ. ૯ એમ કરતાં વિત્યું વર્ષ એક, તોય વિષ્ણુના ચુકીયા ટેક; ત્યારે રીઝયા ઘણું ત્રિપુરાર, તેથી દર્શન દીધું તે ઠાર. ૧૦ બેઠા વૃષભ ઉપર નાથ, ગ્રહ્યું ત્રિશુળ તો વળી હાથ; ખોળામાંહી છે શૈલકુમારી સાથે નંદી ભ્રંગી સુખ-કારી. ૧૧ એવા દેખીને શંકરરાય, નરનારાયણ લાગ્યા પાય; કરી સ્તુતિ અતિ મુખે ત્યાંય, મુકયું મુસ્તક ચર્ણની માંય. ૧૨ ત્યારે શંકરે ઝાલીને હાથ, ઉઠાડયા ત્યાં વળી વિશ્વનાથ; પછી કહેવા લાગ્યા મુખે એહ, સુણો નારાયણ

આણી સ્નેહ. ૧૩ તમો ભક્ત તણા પ્રતિપાળ, અતિ ઐશ્વર્ય તેજ વિશાળ; કરો કલ્યાણ પ્રાણીનું સાર, આપો મુક્તિ વળી નિરધાર. ૧૪ તદપી શું રહ્યું છેજ બાકી, જેથી પુજા કરી મારી પાકી; માટે માગો હવે વરદાન, આપું ઈચ્છિત વસ્તુ આસ્થાન. ૧૫ એવું સુણી શંભુનું વચન, બોલ્યા નારાયણ બ્રહ્મ તન; અહો શીવ રહો આણે ઠાર, જ્યોતિલિંગ સ્વરૂપેજ સાર. ૧૬ જેથી પુજા કરૂં હું હમેશ, જોઉં ત્રિકાળ દ્રષ્ટિથી એશ; યાત્રા વાસી આવે આણે ઠામ, નિરખે તમને મને અભિરામ. ૧૭ તેથી દગ્ધ થશે તેનાં પાપ. ઓળખે પોતાતણું શુદ્ધ આપ; એવું સુણીને સ્કંદના તાત, થયા લંગ સ્વરૂપે સાક્ષાત. ૧૮ બન્યાં મુર્તિરૂપે મહાકાળી, જેને નાકે છે નિર્મળવાળી; તેણે સમે નારાયણે ત્યાંય, કરી સ્થાપના મહુરત માંય. પછી સ્વહસ્તે કરીને સાર, પુજ્યા પ્રીતી આણિ ત્રિપુરાર; તેની પુંઠે મુનિ જે તમામ, તેણે પુજા કરી અભિરામ. ૨૦ વળી સ્તુતિ કરી લાગ્યા પાય, ધર્યું ધ્યાન તમામે તદાય; એતો પાંચમું પ્રગટ સાર, જ્યોતિલિંગ કહ્યું નિરધાર. ૨૧ કેદારેશ્વર એહ કહેવાય, જેના દર્શનથી મોક્ષ થાય; કહે સુત સુણો મુનિવાત, યાત્રા વાસી ત્યાં જાયે સાક્ષાત. ૨૨ તે તો શીવ વિષ્ણુને લાગી પાય, પેહેરે કંકણ પોતે તદાય; શીવ વિષ્ણુનું અંકિત એહ, તેને પેહેરે જે આણી સ્નેહ. ૨૩ તો તો સંકટ સર્વ પળાય, અંતકાળે પ્રભુ લોકે જાય; હવે છઠ્ઠુંલિંગ તણી વાત, કહું તમને હું તો

સાક્ષત. ૨૪ જેને સાંભળતાં અભિરામ, ટળે ત્રિવિધિ તાપ તમામ; દેશ કામરૂ મોટો વિશાળ, જેમાં ઔષદ્ધી ખુબ ર-સાર. ૨૫ તેના ગુણ તો શ્રેષ્ટ કહેવાય, વશીકર્ણાદિ ચાલે ઉપાય; એહ દેશની માંહીજ સાર, પુરી ડાકિની છે નિરધાર. ૨૬ તેનો રાજા ઘણો શીવ ભક્ત, જેને જાણે છે બધું આ જ-ક્ત; અતિ શુરો અને મહાકાય, ધર્મ રીતે કરે નિત્ય ન્યાય. ૨૭ તેને સંકટ આવીયું જેહ, કહું વિસ્તારીને હવે તેહ; ગિરિ સિંહાદ્રિ ઉપર સાર, ભીમ દૈત્ય થયો નિરધાર, ૨૮ એ તો કુંભકરણનો તન, તાત જેવો મહા બળવન; તેણે બ્રહ્માનું આદર્યું તપ, વેઠયું કષ્ટ આણી અતિ ખપ. ૨૯ ત્યારે બ્રહ્મા આવ્યા તેણે સ્થાન, આપ્યું ઈચ્છીત તો વરદાન; તેથી રાક્ષસી કેરો કુમાર, થયો બળવાન ત્યાં તો અપાર. ૩૦ પછી પ્રથ્વી વિષે ફર્યો એહ, કરવા લાગ્યો અતિશે અન્યાય; તોડી વેદની ત્યાંતો મઝાય. ૩૧ હણે ગાયને નિંદે પુરાણ, યજ્ઞ બંધ કર્યા નિરવાણ; લેવા માંડી સતી તણી લાજ, કરેકુત્સિત એવાંજ કાજ. ૩૨ એમ ફરતો ફરતો બધે ત્યાંય, આવ્યો ડાકીની પુરીની માંય; ત્યાં તો શીવ ભક્ત દીઠો ભુપાળ, ત્યારે ચઢયો અતિશય કાળ. ૩૩ તેથી યુધ્ધ કર્યું તેની સાથ, જીત્યો હેલામાંહી નરનાથ; પછી કેદ કર્યો તેહ ઠાર, એહ નગ્રના ભુપને સાર. ૩૪ લી-ધી ત્રિજોરી લુટી તમામ, માર્યા રક્ષકોને તેણે ઠામ; તેહ કાળે રાજાએ તો ત્યાંય, ભજ્યા શંકર કેદની માંય. ૩૫ કર્યું ક્રૂર

તિકાનું એક બાણુ, અતિ સુંદર તે નિરવાણુ; તેની માનસી પુજા તો જેહ, કરે હમેશ આણીને સ્નેહ. ૩૬ દીઠું ચોકી-દારે એહ કામ, શીવપુજન તો અભિરામ; ત્યારે આવીને દઈત્યની પાસ, કહ્યુ નૃપનું કૃત્ય પ્રકાશ. ૩૭ કરે કેદમાં શીવપુજાય, તમને હણુવા માટે આ વેળાય; એવો દુતનો સાંભળી બોધ, ચઢયો અત્યંત દઈત્યને ક્રોધ.૩૮ત્યારે ઉઠયો ત્યાંથી નિરધાર, આવ્યો કેદખાનામાંહી સાર; પછી જોયું તપાસીને ત્યાંય, તો તો બાણુ દીઠું કેદમાય. ૩૯ એટલે ભુપતીને પુછી વાત, અલ્યા શું કર્યું છે આ સાક્ષાત; કીયો દેવતા આતો કહેવાય, કેમ કરે છે એની સેવાય. ૪૦ એવાં દુષ્ટનાં સુણી વચન, બોલ્યો ભુપતિ તો મહા મન. ૪૧ અહો દુષ્ટ શું પુછેછે વાત, એતો સ્વામિ મારા છે સાક્ષાત. ૪૧ નામ શંકર એમનું ક્હાવે, બ્રહ્મા વિસ્નુ પુજે જેને ભાવે; એતો કરશે મારીજ સહાય, તને હણુશે નિશચે આ વેળાય. ૪૨ એવાં રાજાનાં સુણી વચન, અતિ કોપે ચઢયો દઈત તન; તેથી હાથમાં લઈ તરવાર, કર્યો બાણુની માંહી પ્રહાર. ૪૩ એટલે પ્રથવી ફાટી તેણે ઠામ, પ્રગટયા શંકરતો અભિરામ; મહા વિકરાળ જેનું સ્વરૂપ, ઓઢયું વાઘાંબર તો અનુપ. ૪૪ જાણે સૃસ્ટિ તણો આણી વાર, કરશે પ્રલયતો નિરધાર; પછી શંકરે દઈત્યની સંગ, કર્યું યુધ્ધ તો આણી ઊમંગ. ૪૫ માર્યા રાક્ષસ કોટાન કોટી જેની યુધમાં સાખજ મોટી; વળતી હોકારો કર્યો તે ઠાર,તેથી અગ્નિ પ્રગટ થયો સાર. ૪૬

તેણે કરી ભીમાસુર પાપી, બળી ભસ્મ થયો ત્યાં પ્રતાપી;
તેની પુથ્વીમાં પડી રક્ષાય; તેમાં ઔષધી ઉગીતદાય. ૪૭
તેણે કરીને કામ થાશે, વશીકર્ણાદી સર્વ પ્રકાશે; વળી
ઔષધી તો એહ સાર, રાખે પાસે સદા નર નાર. ૪૮ તોતો
પ્રેતાદી દોષ તમામ, નથી નડતા વળી અભીરામ; મુઓ
ભિસ્માસુર જેણીવાર,ત્યારે વરત્યો ત્યાં જય જયકાર. ૪૯
આવ્યા બ્રાહ્મણ સૌ તેણે ઠાર, કરવા શીવનાં દર્શન સાર;
તે તો સ્તુતી કરી તેણે ઠામ, નમ્યા શંકરને અભિરામ. ૫૦
બહુ વખાણ્યા નિર્ગુણ દેવ, સ્તોત્ર પાઠ કરે તળી સેવા; હવે
ભુપતી ને તે વેળાય, કહેવા લાગ્યા પોતે શીવરાય.૫૧ અહો
ભુપતિ તું માગ આજ, પુરૂ તારા મનોરથ કાજ;ત્યારે ભુપતિ
બોલ્યા વચન, સુણો આ સમે પંચ વદન, ૫૨ આપો ભ-
ક્તિ તમારીજ સાર, બીજું ઈચ્છું નહિ હું લગાર; વળી આ
ઠેકાણે કરી વાસ;રહો નિરંતર અવિનાશ.૫૩જેથી ભક્ત કરીને
પુજાય; પામે લોક તમારો સદાય એવી રાજાની સાંભળી
વાણી થયા લિંગ પોતે શુળ પાણી. ૫૪ બન્યાં મુક્તિ મ-
હાકાળી માત, સ્વામિ પાસ રહેવાને સાક્ષાત; ત્યારે
ભુપતિ એ તેણે ઠામ. સ્થાપ્યા શંકરને અભિરામ. ૫૫
વેદ મંત્રે કરી નિરધાર, કરિ પ્રતિષ્ઠા પુરણ સાર; છઠું
જ્યોતિ લિંગ કહેવાય, ભીમશંકર એવી આખ્યાય. ૫૬
તેનાં દરશાનથી દુ:ખ જાશે, અંતકાળે તો મોક્ષ પમાશે;
સુણે જ્યોતિ લિંગની કથાય, તેના ત્રિવિધ.તાપ હણાય.

વલણ. પાંચમુંને છઠું વળી, જ્યોતિલિંગ મહાકાયરે, દુર્ગા કહે તેનો કહ્યો, પુરો આ મહિમાય રે. ૫૮

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
પંચમ તથા ષષ્ટમ જ્યોતિલિંગ વર્ણનોનામ દ્વિષષ્ઠીતમોધ્યાયઃ ૬૨

અધ્યાય ૬૩ મો—પંચક્રોશીની ઉત્પત્તિ.

રાગ સોરઠ.

સુત પુરાણી એણીપેર બોલ્યા, સાંભળો સૌ રૂષિરાય; વિસ્તારી સંભળાવું હાવે, કાશીનો મહિમાય. ૧ કાશી પુંઠે પાંચ પાંચ ગાઉ, પૃથ્વી દીસે સાર; પંચક્રોશી એતો કહાવે, મોક્ષ ભુમિ નિરધાર. ૨ એક દિવસના સમાયોગમાં, અંતર આણી પ્રેમ; પારવતીએ શીવને પુછયું, પ્રશ્ન તો સુંદીર તેમ. ૩ અહોનાથ આ પંચ ક્રોશી, કાશી જે કહેવાય; તેની તો ઉત્પત્તિ કહોને, વળી તેનો મહિમાય. ૪ એવું સાંભળી શંકર બોલ્યા સાંભળો નારી વાત; મોક્ષ પૃથ્વી એ પંચક્રોશી, ઉતમ છે સાક્ષાત. ૫ પ્રલ્લેમાં પણ એ પૃથ્વીનો, નથી થાતો વળી નાશ; મારા ત્રિશુળ ઉપર એને, રાખું નિત્ય પ્રકાશ. ૬ પુર્વે તેજોમય હું હતો, વ્યાપક વિશ્વાધાર; તે વારે મારાથી પ્રગટયાં, એક પુરૂષ એક નાર. ૭ તેને મન વિચાર થયો ત્યાં, સાંભળ અબળા વાણ; કોનાથી પ્રગટયાં આપણ બે, કર્તા કોણ પ્રમાણ. ૮ તે કાળે નભમાંથી પ્રગટી, વાણી તેણે ઠામ; તપકર તપકર એવું સુચવ્યું, તે માંહી અભિરામ. ૯ એવું સાંભળી પુર્ષ પ્રકૃતિ, બોલ્યાં તેણે ઠામ તપ કરવાનું સ્થાનક અમને, નથી જડતું અભિરામ, ૧૦

તે વખતે શંકર કહે મારા, તેજ તત્વથી ત્યાંય; પંચક્રોશી ઉત્પન્ન કીધી, પૃથ્વી હેલા માંય. ૧૧ તેને નીચે મોકલી વળતી; નિશ્ચે અંતરિયાળ; તેમાં તપ કરવા તે બેઠાં, દંપતિ તેણે કાળ. ૧૨ ઘણા કાળ સુધી તપ કીધું, વિષ્ણુએ તે ઠામ; ત્યારે તેના વપુથી છુટયું, વારી તો અભિરામ. ૧૩ તે વારી ફેલાયું ઝાઝું, જળ જળ બંબાકાર; એટલે વિશ્નુ વિસ્મય પામ્યા, મનમાં તેણે ઠાર. ૧૪ તે કાળે તેની પાસે હું, જઈને ઉભો નાર; વળતી શીશ ધુણાવ્યું મેં તો, પામી હર્ષ અપાર. ૧૫ તે વખતે મુજ કાર્ણથી પડીયો, મણી હેઠો નિરએ સ્થાનકને હાલ કહે છે, મણિ કર્ણિકા સાર. ૧૬ ઘાટ બન્યો એ ઉત્તમ નારી, આ વારો શુભ ત્યાંય; તે ઠેકાણે સ્નાન કરે તે, આવે નહિ જગમાંય. ૧૭ વળતી વિશ્નુ મુજ આજ્ઞાથી, સુતા જળની માંય; તે વેળાએ પ્રકૃતિ પેઠી, નિદ્રા થઈને ત્યાંય. ૧૮ એવામાં વિષ્ણુ નાભિથી, કમળ થયુ તે ઠાર; તેમાં બ્રહ્મા પ્રગટયા પોતે, મુખ જેને છે ચાર. ૧૯ તે બ્રહ્માને વિષ્ણુએ બે, પિતા પુત્ર કહેવાય; તેની પુર્વે કહી છે સુતે, શૌનકને કથાય. ૨૦ બ્રહ્માએ વિચારયુ વળતી, અંતરમાં તે ઠાર; ઉરતા મારો કોણ કહાવે, કોનો સુત હું સાર. ૨૧ એટલે વિષ્ણું નિંદ્રાથાંથી, ઊઠીને આવ્યા પાસ; વળતી તેને કહેવા લાગ્યા, આણીને ઉલ્લાસ. ૨૨ અહો વિધાતા તારો હુંતો, કરતા છું બળવાન; માટે મારી આજ્ઞા સઘળી, પાળો આણે સ્થાન. ૨૩ ત્યારે બ્રહ્મા કહેવા લાગ્યા,

વિષ્ણુને તે ઠાર; મારા કર્તા તમે પણ, તમ કર્તા કોણ સાર. ૨૪ એવી રીતે બેઊ જણાએ, કીધો વાદ અપાર; ત્યારે મેંતો દર્શન દીધું, કહે શીવ સાંભળનાર. ૨૫ તે કાળે મુજને દેખીને, સ્તુતિ કીધી ત્યાંય વળતી નીચા નમીને મુકયાં, મુસ્તક પગની માંય. ૨૬ એટલે મેંતો સમજાણ આપી, બેઉને તેણે સ્થાન; વળી સૃષ્ટિ કરવાને માટે, આપ્યાં શુભ વરદાન. ૨૭ તેથી તેણે સૃષ્ટિ કીધી, ક્ષણું નવ લાગીવાર; પંચાશતકોટી ભૂમંડળ, બનાવ્યું નિરધાર. ૨૮ તેની મધ્યે દેવ દૈત્યને, માનવ કેરી જાતાં સરવેને વસાવ્યાં ત્યાં તો, બ્રહ્માએ સાક્ષાત. ૨૯ વિષ્ણું તેનું પાલન કર્ત્તા, પાળી મુજ આજ્ઞાય; એવી રીતે સંહારૂં હું, સૃષ્ટિને સદાય. ૩૦ પંચાશત કોટી આ પૃથ્વી, વિધિ એકીધી જેહ; તેના ઊપર પંચ કોશી, સ્થાપીમેંતો એહ. ૩૧ લોક તણા કલ્યાણને માટે, ઉત્તમ એ ઉપાય; ત્રિશૂળથી ઉતારી મુકું, ઉરવી એહ સદાય. ૩૨ જ્યારે પ્રલ્લે થાયે ત્યારે, ધરૂત્રિશૂળપર એહ; નાશ નહિ કોઇ કાળે એનો, અચળ પૃથ્વી છે એહ. ૩૩ એપૃથ્વીમાં સ્થાપન કીધું, સ્વહસ્તેમેં બાણ; અવિમુકતેશ્વર નામ તેહનું, પ્રતાપીએ નિરવાણ. ૩૪ પંચકોશીકેરા એતો સ્વામિ શીવ કહેવાય; તેનું દર્શન પૂજન કરતાં, મુક્તિસંઘ પથાય. ૩૫ અતિપાપી પ્રાણીનેપણ, મુકિત આપે દેવ; મારા લોકની માંહી આવે, દેહપડે તતખેવ. ૩૬ બીજાતિરથક્ષેત્રની માંહી, સારૂપ્યમુકિત થાય; પણ આપંચ કોશીથીતો, સા-

મુજ્ય મોક્ષપમાય. ૩૭ કોઈ ઠેકાણે નથી ઓધરતો, પાપી પ્રાણી જેહ; તેતો વારાણુશીમાં મરતાં, ફરી નવ પામે દેહ. ૩૮ તેત્રીશ કોટીદેવો તેપણ, પંચ કોશીમાંય; મરવાને ઇચ્છેછે પોતે રહેવાનું વળી ત્યાંય. ૩૯ પ્રયાગની માંહી જન મરતાં, સઘતરે સંસાર; પણ કાશીમાં મૃત્યું પામે, તેને ધન્ય અપાર. ૪૦ બેઉ ઠેકાણે ફળનો દાતા, હું તો છું અબળાય; પણ કાશી સેવન કરનારો મુજ અંશી કહેવાય. ૪૧ અતિ પાપીને ગુરૂ હત્યારો, દિમ્મરને ચાંડાળ સુવાવડીને રજસ્વળા ત્યમ, વિધગાનાનું બાળ. ૪૨ સુરાપાન કરતા મતવાદી, દંભી હોયેજન; તોપણ તે મુક્તિ પામે છે. થાતાં ત્યાંય પતન. ૪૩ અયોધ્યાદિ મોક્ષ પુરીઓ પુરાણમાં કહી જેહ વળી પુષ્કર આદિ સૌ તિર્થો; ક્ષેત્ર બીજાંતો એહ, ૪૪ તેમાં કોટીક ફેરા જાએ, પ્રાણીને નર નેનાર; તે પુન્યે કાશીમાં પામે, મૃત્યું એતો સાર.૪૫. પંચ કોશીકેરા પ્રાણી, સ્થાવર જંગમ જેહ; તે સુદ્ધાં પણ મુકિત પામે, તેમાં નહિ સંદેહ. ૪૬ એવા એ સ્થાનકની માંહી, તપ કરીને બળવાન; કોટીક યોગી મુકિત પામ્યા, મળિયા પ્રવિચળ સ્થાન. ૪૭ વિષ્ણુ આદિ દેવેતે પણ, કરીને ઊપાસન, અતિ ઉત્તમ શક્તિને પામ્યા, નિર્મળ જેનું મન. ૪૮ વળી એ પંચક્રોશી માંહી, દેવ આણી પ્રેમ; ઘણાં લિંગ સ્થાપન કીધાં છે, મારાં તો વળી તેમ. ૪૯ શૈલેશ્વર ને શુક્રેશ્વર તેમ, સંગમેશ્વર વિખ્યાત; એ વિના બીજાં બહુ બાણો, મારાં છે સાક્ષાત. ૫૦ તે સઘળાનું દર્શન કરવું,

પ્રાણીને તે ઠાર; તેવી રીતે પંચક્રોશી પુંઠે ફરવું સાર. ૫૧ કાશી પુંઠે પાંચ પાંચ ગાઉ, કરશે પરકંમ્માય; સફળ જન્મ તે પ્રાણી કેરો, કોટી ઘણું ફળ થાય. ૫૨ મરવું ભલું કાશીની માંહી, લેવું શીવનું નામ; પીવું જળ ગંગાનું ઉત્તમ; કરવું ધર્મનું કામ. ૫૩ એ રીતે પંચક્રોશીનો, ઊત્પત્તિ મહિમાય; શંકરે ગૌરીને કીધો, આણી ઉત્કંઠાય. ૫૪ તેને જે કોઈ શ્રવણ કરે છે, પ્રાણી નરને નાર; ગંગા સ્નાન તનું ફળ તેને, ઉપજે જ્ઞાન અપાર. ૫૫ પંચક્રોશી કેરો કીધો, થોડો આ મહિમાય; શેષ જેવા પણ પાર ન પામે, વર્ણવતાં સદાય. ૫૬.

વખાણ એવું સાંભળી બોલિયાં, મહાકાળી માતાયરે; દુર્ગા કહે એતો વળી; પુછે પ્રશ્ન તદાયરેરેરે. ૫૭

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં પંચક્રોશી ઊત્પત્તિ કથિતા નામ ત્રીષષ્ટીતમોઽધ્યાયઃ ૬૩

અધ્યાય ૬૪ મો—પંચક્રોશી મહાત્મ.

રાગ મારૂ,

બોલ્યા સુત પુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિજન; પછી કાત્યાયની તેણ,ઠાર,કહે શંકરને નિરધાર.૧ અહો સ્વામિ તમે આ વેળાય, કહ્યો પંચક્રોશી મહિમાય; તેમાં એ જગાએ મરે જેહ, પામે સાયુજય મુક્તિ તો તેહ. ૨ એહ વાતમાં મુને શંકાય, તેને મટાડો આણી વેળાય; પુર્વે કહી તી તમે મુને વાત, અંતકાળ તણી તો સાક્ષાત. ૩ મરતી વખતે રહે જ્યાંહી મન, નિશ્ચે ધરવું પડે ત્યાંતો તન; ત્યારે

પડતાં કાશી માંહી દેહ, રહે પુત્રાદિ વિષેજ સ્નેહ. ૪ તો તો જન્મ તેનો ફરી થાય, કે એ સાજ્ય મુક્તિ એ જાય; એ બે માંહી ખરૂં કીધું ઈશ, તે તો કહો તમે આણે દીશ. ૫ એવાં સતીનાં સુણી વચન, બોલ્યા ગાજીને પંચવદન; અહો નારી તું સાંભળ હાવે, કહું ઊત્તર એ પ્રેમ ભાવે, મરતી વખતે રહે મન સ્થિર, રાખે ધ્યાનમાં મુજને ધીર; તો તો તત્કાળ મુક્તિયે જાય, સંચિત ક્રિયમાણ કર્મ હણાય, ૭ રહે પુત્રાદિમાં વાસનાય, તો તો જન્મ તે ઠેકાણે થાય; એવો વેદ વિષે લખ્યો ન્યાય, તેહ જન્મમાં ફળ પમાય. ૮ વળી બીજો તને ઇતિહાસ; કહું આણીને ઝાઝો ઉલ્લાસ; કરે તીર્થમાં જઈ પાપ, તતો પ્રેત થશે પ્રાણી આપ. ૯ પામે પિશાચ યોનિ તે પ્રાણી કષ્ટ ભોગવે ત્યાં નિરવાણી; વીતે વરસ દશ હજાર, ત્યારે છેવટ થાશે ઉદ્ધાર. ૧૦ રહે તીરથમાં નરનારી, તેથી મુક્તિ મળે છે જ ભારી; પણ પ્રારબ્ધ ભોગવવું પડે, તેથી કષ્ટ તો કાયાને નડે. ૧૧ વિના પ્રારબ્ધ ભોગવે સાર, નથી મૃત્યું થાતું નીરધાર; દેહ પડયા પછી ક્રિયમાણ, તર્ત ફળશે તેને નિરવાણ. ૧૨ એવાં સ્વામિનાં સુણી વચન, બોલ્યાં સતી તો હરખીને મન; અહો સ્વામિ સુણો આણીવાર, બીજું પ્રશ્ન પુછું નિરધાર. ૧૩ પ્રાગમાંહી જેનો નાશ થાય, તેથી ઈચ્છિત કામ પમાય;કોશી માંહી પાડે તન,તેનાં છુટે તમામ બંધન. ૧૪ ત્યારે પ્રાગમાં મરનારી નારી, ઈચ્છે સ્વામી થવો પુર્ષ-

ચારી; તેહ પુરૂષ કાશીમાં મરે, તેનો સંબંધ શી રીતે ઠરે. ૧૫ ઇચ્છેલો પતિ જોના પમાય, તોતો પ્રાગનો શો મહીમાય; તેહ પુરૂષ મોક્ષ ન પામે, ત્યારે કામી તનું ફળવામે. ૧૬ માટે સાચું કીયું મહારાજા, કહો વિસ્તારીને તેને આજ, એવી સાંભળી સતીની વાણી; બોલ્યા તે સમેશા રંગપાણી. ૧૭ ધન્ય ધન્ય તને મારી નાર, રૂડું પ્રશ્ન પુછ્યું આણીવાર; પ્રાગ પુથ્વીમાં મરનારી કેરી, વિષ્નુ પુરશે આશા ઘણેરી. ૧૮ તેવો કાશીમાં મરે જે જન, તેનાં છોડુછું હુંતો બંધન; એહ સાચીછે ઉભય વાત, બેઉ પામે છે ફળ સાક્ષાત. ૧૯ પણ પ્રાગમાં મરનારી નાર, તેણે ઇચ્છયો હશે ભરથાર; તેનો કાશીમાં પડતાં દેહ, મોક્ષ પામશે નિશ્ચય એહ. ૨૦ વળી પ્રાગવાળી પ્રિયા સારૂં, વિષ્નુ પુરૂષ નવો કરે ચારૂ; તેવાં લક્ષણને તેવો ગુણ, તેવો પ્રારબ્ધી પ્રેમી નીપુણ. ૨૧ નાખે તેને આ સુષ્ટિમાંય, વરે પેલી પ્રિયા તેને ત્યાંય; એમ ત્રિતાતણી કલ્પનાય, કરે પુરણ વૈકુંઠરાય. ૨૨ એવો સાંભળી ઉત્તર સાર, થયાં ગૌરી ખુશિ તેણે ઠાર, મટયો સંશય અંતર કેરો; થયો આણુંદ તેથી ઘણેરો. ૨૩ હવે સુત વધા તેણે ઠાર, સુણો વિપ્ર તમે આણીવાર; આવ્યાં કાશિમાં ગંગાજી જેહ, કહુ આખ્યાન વિસ્તારિ એહ. ૨૪. એક સમે શ્રિ વિષ્નુએ સાર, ધર્યો ભુતળામાં અવતાર; થયા વામનજી મહાકાય, નિશ્ચે છે તરવા બળિરાય. ૨૫ વળતી વધ્યા પોતે કીરતાર, ત્રણ ડગલાં પુથ્વિ લેવા સાર; એક ચર્ણ તો રાખ્યો પાતાળ,

બીજો બ્રહ્માને લોકે વિશાળ. ૨૬ તેહ ચર્ણ જોઈ તેણે ઠાર, ધોયો બ્રહ્માએતો નિરધાર; પછી ધોયેલું પાણિ તો એહ, રાખ્યું કમંડળ માંહિ તેહ. ૨૭ થયાં ગંગા તેનાં નિરધાર, વિષ્ણુ પાદોદકી તે તો સાર; તેમાં સ્નાન કીધે મોક્ષ થાય, બ્રહ્મહત્યાદિ પાપ હણાય. ૨૮ હવે સ્વર્ગની એ સરિતાય, કેમ પૃથ્વિ વિષે આવ્યાં માય; તેની વિસ્તારી કહું છું વાત, સુણો વિપ્રતમે તો સાક્ષાત. ૨૯ ભગીરથ નામે થયો ભૂપ, મહાતેજસ્વી જ્ઞાની અનૂપ; તેણે પૂર્વજતારવા સારૂ કર્યું ગંગા તણું તપસારૂ. ૩૦ તેથી રીઝયાં તેને ગંગા-માતા, ત્યારે શ્રી મુખે બોલ્યાં સાક્ષાત; અહો ભુપપછું પ્ર-સન તુને, ગણી ખુશી કરી તેતો મુને. ૩૧ તેથી આવાશહું આણીવાર, કરીશ પૂર્વજોકેરો ઉદ્ધાર, પણ ધરનારો મારી-ધારાય, લાવ ખોળિને તું આ વેળાય. ૩૨ નહિ તો પૃથ્વી ફોડી તતકાળ,નીશ્ચે જઈશ છેલ્લે પાતાળ;એવું સુણિ ગં-ગાનું વચન, ભુપે આરાધ્યા પંચવદન. ૩૩ ત્યારે પ્રસન્ન થઈ મહાદેવ, આવ્યા ગંગા ધરવા તતખેવ; તેણે સમે ત્યાં ગંગાજી માત, પડયાં સત્ય લોકેથિ સાક્ષાત. ૩૪ તેને શંકરે જટાની માંય, ગુંચવીને રાખ્યાં ગુપ્ત ત્યાંય; ત્યારે ભગીરથે તેણે ઠાર, ઘણા કાલાવાલા કર્યા સાર. ૩૫ પછિ પૃથ્વીમાં ચાલ્યો પ્રભાય, આગળ ભુપને પુંઠે ગંગાય; તે તો આવ્યાં કાશિપુરિ પાસ, પંચકરોશિની માય પ્રકાશ, ૩૬ એવામાં એહ માર્ગની માંય, જન્હુ રૂષિ બેઠા હતા ત્યાંય; તેને કર્યું

ગંગા તનું પાન, ગર્વ વાકય સુણિને નિદાન. ૩૭ ત્યારે ભગીરથ લાગ્યો પાય, અહો રૂષિ કરો કૃપાય; મારો ક્ષમા કરિ અપરાધ, આપો ગંગા તજી પાછો બાધ. ૩૮ એવું સુણિ રાજાનું વચન, થયાં જન્નું રૂષિત્યાં પ્રસન્ન પછિ જાંઘ કોચી તેણે ઠાર,કાઢયાં ગંગાજી બારણેસાર;રહયાંતે દીનથી ગંગામાત, પચંકોશીની માંહય સાક્ષાત; કહયું ભુપતિને તેણે ઠાર, ગંગાજીએ પોતે નિરધાર. ૪૦ અહો ભગીરથ સુણ વાત, થયું વિઘન જાતાં સાક્ષાત; માટે હમાણાં આવીશ નહીં, રેહેવું પડશે થોડાદિન આંહી. ૪૧ જ્યારે આવશે કળિજુગ દુષ્ટ, જેમાં રહયા છે અધર્મ પુષ્ટ; તેનાં વરસ પાંચહજાર, જાતાં હું આવીશ તેણે ઠાર. ૪૨ ત્યારે પુર્વજો તાહરા જેહ, સર્વે ઊદ્ધાર પામશે એહ; એવી ભુપને કહી વાચાય, કર્યા વચન આપી વિદાય. ૪૩ રહયાં ગંગાજી તો તેણે ઠામ,અતિ પ્રીતિ આણી અભિરામ; એક પચંક્રોશી બીજી ગંગા,બેઉ તીરથ શ્રેષ્ઠ અભંગા. ૪૪ ત્રિજા વિશ્વ પતિ શીવરાય, કહું તેહની હવે કથાય; જયોતિ લિંગ એ સાતમું સાર; જેના દઈવિતનો નહિપાર. ૪૫ દર્શન કરતાં બળે બધાં પાપ,વળી ઓળખાયે પોતાનું આપ. ૪૬

વલણ. ઉત્પત્તિ ગંગા તણી, કહી વિસ્તારી સારરે;
દુર્ગા કહે તેને સુણે, તે નર ઉતરે પારરેરેરે. ૪૭

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે ગાન સંહિતાયાં
પંચક્રોશી મહાત્મકથિતં નામ ચતુષષ્ટીતમોઽધ્યાયઃ ૬૪

અધ્યાય ૬૫ મો—સપ્તમ જ્યોતિલિંગ વર્ણન.

રાગ સોરઠ.

સુત પુરાણી એણીપેર બોલ્યા, સાંભળો સૌ રૂષીરાય; વિસ્તારી સંભળાવું હાવે, વિશ્વનાથ મહિમાય. ૧ એક સમે શંકર પારવતિ, આણીને ઉલ્લાસ; બ્રહ્મ લોકની માંહી આવ્યાં, બ્રહ્મા કેરી પાસ. ૨ તેને દેખી પરમેષ્ટીતો, પામ્યા હર્ખ અપાર; ઉભા થઇને આસન આપ્યું, પુજન કીધું સાર. ૩ ત્યાર પછીથી કરવા માંડી,સ્તુતિતો ભગવાન;પાંચે મુખથી ધારા ચાલી વાણીએ પાવન. ૪ ચારે મુખથી ચારે વેદો, ઉચ્ચારે તે ઠાર; તેમાં શંકર કેરો મહિમા, વર્ણવીઓ અપાર. ૫ તે કાળે પાંચમું જે મોઢું, બ્રહ્માકેરૂં સાર; તે તો નાસ્તિક વાણી બોલે, નિષેધ વાકય નિરધાર. ૬ સરસ્વતિનો શ્રાપ થયોતો, બ્રહ્માને ભગવાન; તેથી એ મોઢું તો બોલે, દુષ્ટ વચન તે સ્થાન. ૭ એવું દેખી શંકરે તો, કીધો મન વિચાર;આ મુખની વાણી સાંભળતાં,પ્રાણી બુડશે સાર. ૮ વિધાતા જેવા ત્રિદશને, મોઢું આકલંક; તે માટે હું કાપી નાખું; મુસ્તક આડે અંક. ૯ એમ વિચારી શંકરેતો, ત્રિશુ માર્યું ત્યાંય; તેથી પાંચમું મુસ્તક કાપી, પાડયું પૃથ્વીમાંય. ૧૦ તે કાળે એ મુસ્તક ઉડયું, જોર કરી બળવાન; એતો શીવને ચોટવા આવ્યું, નિશ્ચે તેણે સ્થાન. ૧૧ તેથી શંકર નાઠા ત્યાંથી, ઉમાપતી બળવન;પંચક્રોશી માંહી આવ્યા, હેલામાં રાજન. ૧૨ તે કાળે પેલું જે માંથું,

બ્રહ્મા કેરૂં સાર; તે તો પંચકોશી માંહી, આવ્યું નહિ નિરધાર. ૧૩ તે દીનથી શંકર ત્યાં વસિયા, લિંગ સ્વરૂપે ઇશ; મહાકાળી મુર્તિ થઇ બેઠાં, પોતે તેણે દીશ. ૧૪ તે કાળે બ્રહ્માદિ દેવે,કરી પ્રતિષ્ઠા ત્યાંય;વિશ્વનાથ એ શંકર કહાવે, જ્યોતિર્લિંગ જગમાંય.૧૫ પંચકોશી કેરો મહિમા દરશાવા દયાળ; બ્રહ્મશીશથી નાશી આવ્યા, કાશીમાં પ્રતીપાળ. ૧૬ તેનું દરશન કરતાં થાશે, અંતરમાંહી જ્ઞાન; વળી અંતે મુક્તિ પમાશે, આ લોકે બહુ માન. ૧૭ દારૂણ દુઃખ હોયે પ્રાણીને, તે પણ તેનું જાય; વિશ્વનાથ એમ કહેતાં મોઢે, કોટી જગન ફળ થાય. ૧૮ પેહેલી પંચકોશી પૃથ્વી,બીજી ગંગાસાર; ત્રીજા શંકર એ ત્રણ મળીને, ત્રિવેણી કહેવાય. ૧૯ તેના ફળને કહેવા માટે, નથી સમર્થ કોઇ દેવ; સરસ્વતી પણ થાકી જાયે, શેષ સરિખા એવ. ૨૦ ત્રણ લોકની માંહી આવું, નથી ક્ષેત્ર પાવન; જેની માંહી વાસ કર્યાથી, મુક્તિ પામેજન ૨૧ મુનશા દેહ દુર્લ્લભ પામીને, નથી કાશીમાં આવ્યો; તેનું જીવતર વ્યર્થ જાણવું, એણે જન્મ ગુમાવ્યો. ૨૨ વણ કષ્ટે મુક્તિ પામ્યાનો,પ્રસિદ્ધ એ ઉપાય; કાશીમાં મુખથી કહેતાં, કોટી વિઘ્ન હણાય. ૨૩ કળીયુગ માંહી ગંગા જાશે, પાતાળે નિરધાર; પણ પંચકોશીનો મહિમા, નહિ જાયે તેઠાર.૨૪ વિશ્વનાથ પણ નહિ જાવાના, કાશી છોડીઈશ;અક્ષરધામ કહયું છે એતો,શ્રુતિમાં અહોનીશ.

વલણ એ રીતે સુતે કહ્યો, સપ્તમ લિંગ મહિમાયરે;

દુર્ગા કહે તેને સૂણે, તે નર મોક્ષે જાયરેરેરે. ૨૬

ઇતિશ્રી શીવપૂરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
સપ્તમ જ્યોતિલિંગવર્ણનો નામ પંચષષ્ટીતમોઽધ્યાયઃ ૬૬

અધ્યાય ૬૬ મો—ગૌતમ ઉપર વીપ્રોએ મુકેલો ખોટો અભિશેક

રાગમારૂ.

બોલ્યા સૂત પુરાણી વચન, સૂણો શૌનકાદિ મુનિજન; હવે આઠમું લિંગતો જેહ, ત્ર્યંબકેશ્વરનામે છે એહ. ૧ તેની ઉત્પત્તિ કહું આણીવાર, જેને સુણતાં થાય ઊદ્ધાર મળે સુખને આનંદ થાય, કોટી જન્મનાં પાપહણાય. ૨ એકસમે પૃથ્વી માંહીસાર, થઇ અનાવૃષ્ટી નિરધાર; શત વર્ષ સુધી બધે ઠામ, વૃષ્ટિ બંધ થઇ અભિરામ. ૩ તેથી ઔાષધી વૃક્ષ અપાર, સુકાઈ કાષ્ટ થયાં નિરધાર; ખૂટયાં પૃથ્વી ઉપરનાં પાણી, કંઈ વારી નહિનિરવાણી. ૪ તેણે કરીપશુ પક્ષી જાત, નરનારીઘણાંક સાક્ષાત; પામ્યાં મર્ણ તૃષાતુર થઈ; કેટલાંને તો શુદ્ધ ન રહી. ૫ તેણે સમે ગિરિ બ્રહ્મપાસ, આશ્રમ ગૌતમકેરો પ્રકાશ; આવ્યા બ્રાહ્મણો સર્વે તે ઠામ, કર્યા ગૌતમનેતો પ્રણામ. ૬ પછી મુખથી બોલિયા સર્વ, તજી પોતાના મનનો ગર્વ અહો મુનિરાખો તમે શર્ણ, થશે આસમે અમારૂં મર્ણ. ૭ તક્ષણે પાણી વિના સૌના પ્રાણ, માટે કૃપા કરો નિરવાણ; એવાં વિપ્રોનાં સુણી વચન, આવી ગૌતમને દયા મન. ૮ તેથી સૌને કહ્યું તેણીવાર, રહો નિર્ભયથી આણેઠાર; જળ કરીશ હુંતો ઉત્પન્ન, તેણે રહેશે તમારૂં જીવન. ૯ એમ વિપ્રોને ધીરજ આપી તપ કરવા ત્યાં બેઠા પ્રતાપી; ધર્યું વરૂણદેવનું ધ્યાન, તેથી વરૂણ

આવ્યા તે સ્થાન. ૧૦ પછી વારી પતિ કહેવચન, સૂણો ગૌ-
તમજી શુભમન; આવ્યો આપવાહું વરદાન, માટે માગો તમે
આણે સ્થાન. ૧૧ એવી વરૂણની સુણી વાણી, બોલ્યા ગૌતમ
ત્યાં પ્રેમ આણી; અહોવારીપતી સુણોવાત; કરો વૃષ્ટિ તમે
તો સાક્ષાત. ૧૨ જેથી ઊગરે પ્રાણીના પ્રાણ, પાકે ધાન્ય અતિ
નિરવાણ; એવું વાકય સુણી જળદેવ, બોલ્યા પ્રીતિ આણી
તત ખેવ. ૧૩ અહો મુનિ સુણો આ વેળાય જળ વૃષ્ટિ
હમણાં નહિથાય; દૈવ ઈચ્છા મોટી નિરધાર, તેમાંમારૂંન ચા
લે લગાર. ૧૪ પણ ખાડો ખોદોતમેએક, કુવા જેવો લાંબોપો
હોળો છેક; તેમાં પ્રગટ થાશેજ પ્રાણી, તેતો સંજીવન નિર-
વાણી. ૧૫ ફાવે તેટલું વાવરો સાર, પણ હાંચે નહીંએ
લગાર; એહ પાણી થકી આણે ઠામ, જવ ઉછરશે અભિ-
રામ. ૧૬ એવું વરૂણનું વાકય સુણી, કર્યો વિપ્રોએ ખાધરો
ખાણી; ત્યારે પેંદા થયું તેમાં જળ, એવી દેવની સત્તા પ્રબળ.
૧૭ પછી વરૂણ ત્યાં થકી સાર, આવ્યા પોતા તણે દરબાર;
પામ્યા બ્રાહ્મણ તો અતિ સુખ, ગયું દુકાળ કેરૂંજ દુઃખ. ૧૮
પાકે પાણીથી વ્રીહી જુવાર, વળી પુષ્કળ નીપજી ચાર; તેને
ચરી ધેનુ આપે દુધ, ઘૃત માંખણ નિપજે શુદ્ધ. ૧૯ તેથી
બ્રાહ્મણનાં ચાલ્યાં કર્મ, નિત્ય નૈમિત્ય સૌ અભિરામ; હોમ
યાગાદિચાલી ક્રિયાય, પુજા દેવો તણી તેહ થાય. ૨૦ એમ
આનંદ પામતાં સાર, વિત્યાદિવસ ઝાઝા તેઠાર; એવામાં
રૂષી ગૌતમ કેરા, ગયા વિદ્યારથી જળ લેવા. ૨૧ તેણે સમે

વિપ્રો તણી નાર, જગ્ગ ભરતી હતી નિરધાર; તેથી ગૌતમ શિષ્યોને ત્યાંય, કર્યા હુંકારા ગર્વની માંય. ૨૨ નવ લેવા દિધું પાણી લેશ, પાછા કાઢી મુકયા કરી કલેશ; ત્યારે વિદ્યાર્થી પામી ત્રાસ, આવ્યા અહલ્યા પાસે પ્રકાશ. ૨૩ કહયો વિપ્રોની સ્ત્રીનો અન્યાય, અથઈતિ બધી વારતાય, ત્યારે અહલ્યા થયાં તૈયાર, ચાલ્યાં વિદ્યારથી જોડે સાર.૨૪ પછી ખાધરા આગળ આવી, રૂષિ પત્નિઓને સમજાવી; કહયાં નીતિનાં વાકય તે ઠાર; ઘટે તેવાં વળી નિરધાર. ૨૫ પછી પાણી લેઈ અભિરામ; આવ્યાં અહલ્યા પોતાને ઠામ, હવે રૂષીની પત્નિઓ સાર; ગઈ પોત પોતા તણે ઠાર. ૨૬ પછી પોતાના સ્વામીની પાસ, કેહેવાલાગી કરીને કંકાસ; બળ્યું જીવિત આતો હમારૂં, બળ્યું સેવન કરવું તમારૂં. ૨૭ બળ્યું પરવશ રહેવું આ ઠામ,બળ્યો સંસાર આ અભિરામ; વળી વિદ્યા તમારી જે સાર;તેને આ સમે નિશ્ચે ધિકકાર. ૨૮ રહે ઓશીઆળા જન જેહ, જીવતાં મૃત જાણવા તેહ; આજ ગઉતમની સ્ત્રીએ સાર, કર્યો અમને ઘણો તિરસ્કાર. ૨૯ ભર્યું અમારા પેહેલુંજ પાણી, અમે ખોટી થઈ નીર-વાણી; એવાં નારીનાં સુણી વચન, સર્વે ભેગા થયા મુનિ-જન. ૩૦ પછી કર્યો ત્યાં એક વિચાર, નિમિત મુકવાનો નિરધાર; ત્રિયાજીતએ બ્રાહ્મણ સર્વ, જેના દિલમાં છે ખોટો ગર્વ. ૩૧ તેણે ક્રોધ આણી અતિ મન, કર્યું ગણપતિનું ઉપાસન;તેથી થોડે દિવશે વિઘ્નહારી, આવ્યા ગણપતિ ત્યાં

સુખકારી. ૩૨તેતો મુખથીબોલ્યા વચન, અલ્યા માગો તમે વિપ્રતન,ત્યારે બ્રાહ્મણો લાગીને પાય; કહેવા લાગ્યા ત્યાં પોતે વાચાય.૩૩ અહો હેરંબહો જો પ્રસન્ન,તો તો સુણો અમારૂં વચન ગૌતમરૂષીને માથે વિશેક,મુકવોછે મિથ્યા અભિષેક.૩૪ વળી આ સ્થાનથી એહ જાય, એવો બતાવો અમને ઊપાય; એવાં વિપ્રનાં સુણીવચન, બોલ્યા ઉદાસીથીગજાનન. ૩૫ અરે દુષ્ટો શું બોલોછો આમ,કૃતઘનીના જેવું ધાર્યું કામ જેણે ઉગાર્યા તમને આજ; તેની લેવાને ઈચ્છો છો લાજ. ૩૬ જેવો પાળેલો ભુજંગ સાર કરેડંસવળી નિરધાર; તેવી રીતે તમે ધાર્યું કામ, તેથી રૂઠશે તમારારામ. ૩૭ કીર્ત્તિ લોકમાં કહેવાશે ખોટી માથે આવશે ખોટજ મોટી; કરે આપણને ઊપકાર, તેના કિંકર થાવુંજ સાર. ૩૮ એવોનીતિ વિષે લખ્યો ન્યાય, માટે શાન્તિપામો આ વેળાય; તોય દુષ્ટાત્મ વિપ્રોનું મન, નવ થયું જરાયે પ્રસન્ન. ૩૯ ત્યારે લંબોદર બોલ્યા ફરી સુણો વિપ્રો આવારતા ખરી; હુંતો દુર્બળ બનીશગાય, હાથ અડકાડયાથી પ્રાણ જાય. ૪૦ પછી ગઉતમના ક્ષેત્રમાંય, કરીશ પ્રવેશ નિશ્ચેજત્યાંય; તેહકાળે એતો મુનિરાય, કરશે મુખથકી હોકારાય. ૪૧ વળી અડકાડશે સોટીસાર, ત્યારે મરીશહું નિરધાર, તેણે સમે તમે બધા વિપ્ર કેહેજો એહને હત્યારો ક્ષિપ્ર. ૪૨ એવું કહીને ત્યાંગણરાય થયાં સત્વર દુર્બળગાય, પછી ગોતમના ક્ષેત્રમાંય; પેઠા ધીરેધીરે વળી ત્યાંય. ૪૩ વળતી ચરવા લાગ્યાજવજાર ધેનુરૂપે સતીસુતસાર; તેને

દેખી અહલ્યાના ઈશ, ઊઠી ઊભા થયા તેણે દીશ. ૪૪ આવ્યા
હાંકવા ગાયની પાસ; રાંડું જારનું લેઈ પ્રકાશ, તેને અડકાડ્યું
ગાયને જેવે, પડી પૃથ્વીમાં સુરભી તેવે. ૪૫ વળતી મર્ણ-
પામી તેને ઠામ, દૈવ ઈચ્છા એતો અભિરામ;ત્યારે ગઊતમ
પસ્તાયા ત્યાંય. અતિ ખેદ પામ્યા મનમાંય. ૪૬ તેણે સમે
પેલા દુષ્ટ પ્રિયા; તાળી પાડી બોલ્યા ત્યાંતો ક્ષીપ્ર, ગઊત-
મ હત્યારો ખોજારો સાર; એના જીવતરને છે ધીકકાર.૪૭
પછી તમામે આવીને પાસ, કહવા માંડ્યું મુનીને પ્રકાશ;
અલ્યા ગોજારા ગઊતમ દુષ્ટ, તારા ઉપર થયા પ્રભુ રૂષ્ટ.૪૮
તેં તો ગઊહત્યા કીધી પ્રમુખ; તેથી જોવું ઘટે નહિ મુખ;
માટે લેઈ તારો પરીવાર, નીકળ અહીં થકી નીરધાર. ૪૯
એમ મેહેણાં મારી ફરી ફરિ, પંચ ઈટાળી મુનીને કરી; તેથી
ત્રાસ પામી મુનીરાય, નાઠા શીષ્યોને લેઈ તદાય. ૫૦
અહલ્યા પણ પુંઠળ ચાલે, જેના ચર્ણમાં કાંકરા સાલે
વળતી એક ગાઊ છેટા સાર, આવી વસ્યા મુની નીર-
ધાર. ૫૧ જેમ ભુંડાથી નાસેજ ભુત, એમ છેટા વસ્યા બ્રહ્મ
સુત; હવે ગઊતમે કીધો વિચાર, બેઠું નિમીત માંથેજ સાર.
૫૨ ખરૂં ખોટું જાણે જગતાત, પણ કહેવાયે પાપી સાક્ષાત;
માટે તેહનીશુદ્ધિને કાજ, નમું વીપ્રને જઈ આજ, ૫૩ એમ
અંતરમાં હીવીચારી, આવ્યાં વીપ્રપાસે નરનાર; પછે પગે
લાગી તેણે ઠામ, બોલ્યા ગઊતમતો અભીરામ. ૫૪ અહો
વિપ્રકરીને કૃપાય, પાપ મુક્તનો કહો ઉપાય; ત્યારે બોલીયા

બ્રાહ્મણ સર્વ; આણી અંતરમાં દુષ્ટ ગર્વ, ૫૫ અહ્યા બ્રહ્મ ગીરિતણી સારકરપરદક્ષિણ નિરધાર, એકશતને સાત ફેરાય નરનારી આવેળાય. ૫૬ અહીંગંગા લાવી સાક્ષાત કરો સ્નાન તેમાં ફેરાસાત; પછી પાર્થિવેશ્વર કોટી એક, કરો વિધિથકી રાખીટેક. ૫૭ તયારે હત્યા તમારી મુકાશે, વપુ ઉત્તમતે શુદ્ધ થાશે. ૫૮ વલણ એ રીતે વિપ્રોતણી, સાંભળી વાણી સારરે દુર્ગો કહે પછી ચાલિયા, ગૌતમ બ્રહ્મકુમારરે. ૫૯

ઇતિશ્રી શીવપૂરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
ગૌતમ શીર વિપ્રૈઃ મિથ્યાભિરોક હત્યોનામ ષટપષ્ઠી તમોઽધ્યાયઃ ૬૬

અધ્યાય ૬૭ મો—આઠમા જ્યોતિ લિંગનું વર્ણન.

રાગ સામેરી

સુત પુરાણી એણીપેર બોલ્યા, સાંભળો સૌ રૂષીરાય; વિસ્તારી સંભળાવું હવે, ગઉતમનો મહીમાય. ૧ વિપ્રોકેરી વાણીસાંભળી, ગૌતમ બ્રહ્મકુમાર; પોતાના સ્થાનકમાં આવ્યા, સ્ત્રિ સાથે નિરધાર. ૨ વળતી બ્રહ્મગિરિની કીધી, પ્રકંબા દ્રીજતન; તે પુંઠે તપ કરવા લાગ્યા, શંકરનું બળવન. ૩ તેથી શંકરઆવ્યાપોતે, તત્વર થકી તે ઠાર; વળતી ગઉતમ પ્રત્યે બોલ્યા આણી પ્રેમ અપાર. ર૪ અહો મુનિ માગો મુજપાસે, આ વખતે વરદાન; જે માગો તે આપું નિશ્ચે, તમને આણે સ્થાન. ૫ પાપ કર્મ નથી વળગ્યું તમને, સત્ય કહું મુનિરાજ મિથ્યા તહોમત મુકયું માથે, દુષ્ટ વિપ્રોએ આજ. ૬ એવું સાંભળી ગઉતમ બોલ્યા શંકરને શીશનામી અહો નાથગંગાજી આપો, મુજને અંતર જામી. ૭ જેથી

એમાં સ્નાન કરીને, શૂદ્ધ થાઉં આ કાળ; લોક તણો અપવાદ હણાએ, પ્રગટેપુન્યવિશાળ. એવું સાંભળી ઉંમાપતિએ, લટ છોડી તે ઠાર; ત્યારે માંહીથી ગંગાનિકળી, જબરી જળની ધાર. ૯ જેવી રીતે ભગીરથ સારૂ, આવ્યાં છે ગંગાય; તેવી-રીતે પ્રગટયાં એતો, એનાં એ માતાય. ૧૦ અહલ્યાને ગઉ-તમ તેણે, તે વેળાએ સાર; સ્નાન કર્યું ગંગાની માંહી, વરત્યો જયજયકાર. ૧૧ એવામાં ત્યાં તીરથ સઘળાં, તેત્રીશ કોટીદેવ; તે સરવે દર્શનને કાજે, આવ્યાં ત્યાં તતખેવ. ૧૨ તેતો શીવગંગા એ બેઉને, લાગ્યાં પ્રીત્યે પાય; વળી મુખથી વિનતી બહુ કીધી, અંતરમાં હરખાય. ૧૩ તે કાળે ગંગાજી પ્રત્યે, બોલ્યા શંકર વાણી, અહો પ્રિયાતું રહેને અહીય, માનીમારી આણુ ૧૪ ચૌદ કલ્પમાં શ્રેષ્ઠ કલ્પછે, નામેસ્વેત વરાહ તેને અઠાવીશમો કલિયુગ, દારૂણ છે અવગાહ. ૧૫ તે ઉતરતા સુધી તારે, રહેવું આણેઠામ; લોક તણું હિત કરવું એતો, ઉત્તમ આપણું કામ. ૧૬ એવું સાંભળી ગંગા બોલ્યાં, સાંભળો મારાનાથ; હું રહું ત્યાં સુધી તમે પણ, રહોનેમારી સાથ. ૧૭ ત્યારેશંકર બોલ્યા પોતે, વાણીતો અભિરામ; અહોપ્રિયા હમણાંથી મારે, રહેવું આણે ઠામ. ૧૮ તે કાળે તીરથનેદેવો, આણીને ઉલ્લાસ; શંકર પ્રત્યે કહેવા લાગ્યા, વાણી સત્ય પ્રકાશ. ૧૯ અમને પણ પ્રભુ પાસે રાખો, કૃપા કરી આઠાર; જેથી નિત્યે તમને દેખી, રાજીથઈએસાર. ૨૦ એવું સાંભળો તીરથને વળી, દેવો પ્રત્યેઈશ; કહેવા

લાગ્યા પોતે શંકર, વાણી તો તે દીશ. ૨૧ એકાદશ સં- વત્સર સુધી, તમેરહોનીજ ઠામ; બારમે વરશે અહીં આ- વીને, વસવું તો અભિરામ. ૨૨ સિંહ રાશિના સુરગુરૂ હોએ, જયાં સુધી નિરધાર; ત્યાંસુધી તમારે રહેવું, નિશ્ચે આણેઠાર. ૨૩ તેરમેવરશે પાછું જાવું, પોતાને મુકામ; તે પાછું એકા- દશ વરશે, આવવું આણેઠામ. ૨૪ સિંહરાશીના ગુરૂની માંહી તમારો અહીંવાસ એવું હું વરદાન આપુંછું, આણી નેઉલ્લાસ ૨૫ તે કાળે આ સ્થાનક છોડી, અન્ય જગાએ સાર જે કોઈ પ્રાણી યાત્રા જાશે, તે નિષ્ફળ નિરધાર. ૨૬ સિંહગુરૂમાં અત્રે આવી, જે કોઈ કરશે સ્નાન; તેનાં સરવે પાપ હણાશે, પામે મોક્ષ નિદાન. ૨૭ સર્વે તીરથ કેરૂં ફળતો, આ ઠેકાણે થાય; ત્યમ મારૂં દરશનકરવાથી, કોટી વિનહણાય. ૨૮ વળી શંકર કહે સાંભળો સર્વે, ધર્મશાસ્ત્રની વાત; સિંધગુરૂમાં લગ્ન નકરવું, પ્રાણીનેસાક્ષાત. ૨૯ તેમજ્ઞાદિ બીજાં કહીયે શુભક- ર્મો અભિરામ, તેપણ નવ કરવાં એકાળે, પ્રાણી ને તમામ. ૩૦ સિંહગુરૂમાં ચાર જગાએ, નથી જાતાં અંત્રાય; ગયા ગોમતી ગંગા રેવા, ત્યાં નાહે શુભથાય. ૩૧ એ ચારે સ્થા- નકનો મહિમા, સદા રહે છેસાર; તે માટે ત્યાં જાવાકેરો, બંધ નથીનીરધાર. ૩૨ ગોમતીમાંહી સ્નાન કરીને, આવે આણેઠા- મ વળી અહીંથી નાહીને પાછો ત્યાં નાહેઅભિરામ ૩૩ તોતો તેના ફળને કહેવા, નથી સમરથ હું સાર; એ પુન્યે કરી પામે પ્રાણી, વસ્તુતો વળી ચાર. ૩૪ આવી રીતે ત્રિદશને વળી,

તીરથને તે કાળ; સંભળાવ્યો મહિમા, આણી પ્રેમ અપાર. ૩૫ વળતી લિંગ સ્વરૂપે બનિયા, ઉમાતણા ભરથાર; તે કાળે પારવતી પોતે, પ્રતિમા થઈ તે ઠાર. ૩૬ એટલે ગૌતમ રૂષિએ કીધું, સ્થાપન તેણે ઠામ; વેદમંત્રથી પુજ્યા વળતી, શંકરને અભિરામ. ૩૭ જ્યોતિલિંગએ આઠમું કહાવે, લિંગ વળી બળવાન; ત્રંબકેશ છે નામ તેહનું, લેતાં ઉપજે જ્ઞાન. ૩૮ ગૌતમે આણી તે માટે, ગૌતમી ગંગા એહ; ત્રણ નેત્રશંકરને માટે, ત્રંબક શંકર તેહ. ૩૯ એ ઠેકાણે સ્નાન કરીને, દાન પુન્ય જો થાય. તો તો લક્ષ ઘણું જન પામે, તેમાં નહિ શંકાય. ૪૦ વળતી તીરથને સૌ દેવો, આવ્યાતા વળી જેહ; તે તો પોત પોતાને ઠામે, પરવરિયા વળી તેહ. ૪૧ તે પુંઠે ગૌતમના દ્વેષી, વિપ્ર હતા જે સાર; તે તો ગંગામાંહી ન્હાવા, આવ્યા તેણે ઠાર. ૪૨ તે કાળે ગંગા તો ત્યાંથી ઉડી ગઇ નભમાંય; ત્યારે પેલા બ્રાહ્મણ દુષ્ટો, હાથ ઘસે છે ત્યાંય. ૪૩ એવું દેખી ગઉતમ મુનીએ, ગંગાની તે ઠાર; કરજોડીને સ્તુતિ કીધી, વેદ વચનથી સાર. ૪૪ એટલે નભમાં રહીને ગંગા, બોલી ત્યાં અભિરામ; અહો મુનિવર હું નહીં આવું, નિશ્ચે એહ મુકામ. ૪૫ કારણકે આ દુષ્ટ વિપ્રોએ, તમને પજવ્યા સાર; વળી મિથ્યા અપવાદ મુકિયો, કપટ કરી નિરધાર. ૪૬ તે માટે એ સર્વે વિપ્રો, પાપી બહુ કહેવાય; તેને પાવન કરવા માટે, નહિ આવું મુનિરાય. ૪૭ એવું વાકય સુણી ગંગાનું, મુનિએ

તેણે ઠાર; કાલાવાલા કીધા ઝાઝા, બ્રાહ્મણ માટે સાર. ૪૮
ત્યારે ગંગા નભમંડળથી, પડી પૃથ્વીનીમાંય; તે ઠેકાણે
કુંડ હતો વળી; કુશાવર્ત શુભ ત્યાંય.૪૯ તેમાં થઇને પૃથ્વી
ઉપર, વહેવા લાગ્યાં માત; જેનું જળ ઉત્તમને નિર્મળ,
અઘહારી સાક્ષાત. ૫૦ એવી રીતે મુનીએ પાછાં, ગંગા
આણ્યાં સાર; ત્યારે પેલા દ્વેષી વિપ્રો, નાહયા તેણે ઠાર.૫૧
વળતી ગઉતમ ચરણે મુક્યાં, આવી સર્વે શીશ; અહો
મુનિવર દોષ અમારો, ક્ષમા કરો આદીશ. ૫૨ ત્યારે ગઉ-
તમ કહે છે ભાઈ, શુદ્ધ તમે સૌ ભ્રાત;થવા કાળ વસ્તુ થાય
છે, સુખ દુઃખ તો સાક્ષાત.૫૩ તેમાં દોષ તમારોશો છે, હું
તો સમજું એમ; મુજને દુઃખ પડવાનું માટે, તમને સુઝયું
તેમ. ૫૪ એવી રીતે ગઉતમ પેઠા, નાત વિષે નિરધાર;
ત્યારે સૌ દેવોએ કીધી, પુષ્પ વૃષ્ટિ તે ઠાર. ૫૫ તે પુંઠે ગઉ-
તમે કીધો, અંતરમાં વિચાર; આ દ્વેષી બ્રાહ્મણનો વધશે,
પૃથ્વીમાં પરિવાર. ૫૬ તેનું આખી પૃથ્વામાંહી,વધશે ઝાઝું-
માન; તો તો બહું સાધુને નડશે, નિશ્ચે ઝાઝે સ્યાન. ૫૭
તે માટે તેના ખંડનનો, કરૂં હુંતો ઉપાય; કોઇ પુજે ને કોઈ
નવ પુજે, વાણમાને અથડાય. ૫૮ એમ વિચારી વિષ્ણુંએ
જે, મુંડી કર્યો તો સાર,તેનો આશ્રય લેઇને બાંધ્યા,કલ્પિત
ગ્રંથ અપાર. ૫૯ વેદ ધર્મથી ઉલટીએમાં, વિસ્તારી સઉ
વાત; જેમાં કોઈ દેવોનું પુજન ભક્તિ નહિ સાક્ષાત. ૬૦
બ્રાહ્મણને ધુતારા સમજે, આપે નહિ શુભદાન; તેવી રીતે

યજ્ઞ યાગ પણ, આચરે નહિ કોઈ સ્થાન. ૬૧ એવાં પુસ્તક રચી ને પેઠા. ગઉતમ એમતમાંય; તેથી શ્રાવક સર્વે પુજે, ગઉતમ સ્વામિ ત્યાંય. ૬૨ સુત કહે શૌનકને વળતી, સાંભળોને મુનિરાય; દુષ્ટ કળિમાં બહુ ફેલાશે, મુંડી પથ સદાય. ૬૩ તે કાળે બ્રાહ્મણનું ઘટશે, માન મુરાતબસાર; નીચ શુદ્ર તે જ્ઞાન આપશે, પ્રાણીને નિરધાર. ૬૪

વલણ. અષ્ટમ જ્યોતિર્લિંગનો, કીધો આમહિમાયરે; દુરગો કહે તેને સુણે, તેનાં પાપ હણાયરે. ૬૫

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
અષ્ટમ જ્યોતિર્લિંગ વર્ણનો નામ સપ્તષષ્ઠીતમોઽધ્યાયઃ ૬૭

અધ્યાય ૬૮ મો—નવમું જ્યોતિર્લિંગ મહિમા વર્ણન.

રાગ મારૂ.

બોલ્યા સુત પુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિજન; હવે વૈદ્યનાથ કેરો સાર, કહું મહિમા હુંતો નિરધાર. ૧ એક સમે વિશ્રવા તન, નામ રાવણ મહા બળવન; તેણે વિચાર્યું મનમાં ત્યાંય, તપ કરવા જાઉં વનમાંય. ૨ કરૂં પ્રસન્ન શંકરરાય, માગું બળ અતિ આ વેળાય; પછી જીતું આ ચઉદ ભુવન, કરૂં દેવતા કેરૂ છેદન. ૩ એમ વિચારી રાક્ષસ એહ, ચાલ્યો લંકાપુરી થકી તેહ; તેતો દક્ષિણ દિશામાં સાર, આવ્યો ઝાડી વિષે નિરધાર. ૪ વૃક્ષખંડ એ પૃથ્વાનું નામ, અતિ વિકટ છે અભિરામ; તેહ જગા વિષે નિરધાર, તપ આદર્યું રાવણે સાર. ૫ કીધા પાર્થિવતો કોટી એક, વળી કષ્ટ વેઠયું અતિ છેક; તોય ન થયા પ્રસન ઈશ, ત્યારે

કુંડ કર્યો તેણે દીશ. ૬ પછી પોતા તાણાં શીશસાર, કાપી હોમવા માંડયાં તે ઠાર; દશમાંથી રહયું એક શીશ, ત્યારે પ્રગટયા ત્યાં પોતે ઈશ. ૭ જેવું વેદમાં વર્ણવ્યું સાર, તેવે રૂપે આવ્યા કીરતાર; પછી મુખથી બોલ્યા વચન, માગ માગ અલ્યા દશાનન. ૮ ત્યારે બોલ્યો ત્યાં રાવણ ભુપ, સુણો વાણી તમે સત્ય રૂપ; મારા ઉપર જો હોય સ્નેહ, તો બળ આપો માગું એહ. ૯ જેણે કરી જીતું લોક સર્વ, વળી ઉતારૂ ઈંદ્રનો ગર્વ; તેમ વર્તાવું સઘળે આણ, નમે લોક પાળો નિરવાણ. ૧૦ એવી રાવણની સુણી વાણી, બોલ્યા સ્નેહ થકી શુળ પાણી; અહો વિશ્રવા કેરા તન, કર્યો તેં મુને આજ પ્રસન્ન. ૧૧ માટે માગે છે જે આણે ઠામ, તે તો મળશે તને અભિરામ; વશ થાશે બધા લોક પાળ, સઘળે રાજ્ય થશે આણેકાળ. ૧૨ નમશે દેવને દાનવ સાર, સત્ય કહું હું તો નિરધાર; એવાં શીવનાં સુણી વચન, થયો રાવણ ભુપ પ્રસન. ૧૩ પછી મુખથી બોલ્યો તે વાણ, સુણો કૃપા કરી શુળ પાણ; રહો આ ઠેકાણે ગઉ દેહ, મુને મળ્યાની નીશાની એહ. ૧૪ વળી આ ઠામના પ્રાણીસાર, પામે પુજા કરીને ઉદ્ધાર; એવું રાક્ષસે કહયું જે વારે, થયા લિંગ રૂપે પ્રભુ ત્યારે. ૧૫ બન્યાં મુરતિ પોતે ગૌરી માત, શીવ પાસે રહેવાને સાક્ષાત; વૃક્ષ ખંડી એતો વૈજનાથ, ઝાલે ભક્તનો બુડતાં હાથ. ૧૬ તેનું દર્શન પ્રાણી જે કરે, તેતો સંસાર જાળથી તરે; મળે આ લોકે વૈભવ અતિ, રહે નિર્મળ તો વળી

મતિ. ૧૭ જ્યોતિર્લિંગ નવમું કહયું એહ. વિસ્તારીને વળી વિપ્ર દેહ; હવે રાવણ પામ્યો જે શ્રાપ, કહું એહ કથા નો આલાપ. ૧૮ વર પામ્યા પછી અસુરેશ, ચાલ્યો લંકા ભણી નૃપ એશ; ત્યારે મારગમાં નિરધાર,મળ્યા નારદ તેહ ને સાર. ૧૯ તેને દેખીને રાવણરાય, લાગ્યો પ્રીતી આણી ઝટપાય; પછી મુખથી બોલ્યો વચન; સુણો વાક્ય તમે બ્રહ્મ તન. ૨૦ થયા પ્રસન શંકરરાય, આપ્યું બળ અતિ આવેળાય; તેથી જીતીશ સઘળા દેવ, તેની પાસે કરાવીશ સેવ. ૨૧ એવું સુણીને બ્રહ્મકુમાર, કહેવા લાગ્યા પોતે નિર-ધાર; અહો રાવણ સાંભળવાત, શીવગાંડા થયા છે સાક્ષાત. ૨૨ સિંધુ વલોવ્યો દેવોએ જ્યારે,વિષ નિકળ્યું દારૂણ ત્યારે; તેને શંકરે કીધું છે પાન, થયા વિકળ તેથી નિદાન. ૨૩ માટે તેની વાણી પરસાર; નવ રાખીશ તું તો આધાર, એહ વારતા અજમાવા કાજ; કર ઉપાય કહું તે આજ.૨૪ તોળ કઈલાશ સ્વહસ્તે સાર, જઈ આણે શમે તેણે ઠાર; ત્યારે આપેલા વરદાન દે કહયું તે વારે, ચાલ્યો રાક્ષસીનો સુત ત્યારે; રાખ્યો રૂષી તણો વિશવાસ આવ્યો કઈલાશ પર્વત પાશ. ૨૬ પછી મુળમાં ઘાલીને હસ્ત,અતિ બળ કર્યું મહા મસ્ત; તેથી ઉખડયો પર્વત શાર, ગિરિ કઇલાશ તો તેણિ-વાર. ૨૭ તેને હાથમાં લેઈને તયાંય, હલાવવાને લાગ્યા તેણે કરીને શંકર શતી; ભય પામ્યા પોતે મહામતી. ૨૮ તારે બોલિયા શંકરરાય, અરે નારી આતે શું કહેવાય; કે

મહાલે છે આગિરાજ, કોણે કીધું હશે દુષ્ટ કાજ. ૨૯ એવાં પતિનાં સુણી વચન, બોલ્યા પારવતિ સદા મન, અહો સ્વામિતમે આણે સ્થાન, આપ્યું રાવણને વરદાન. ૩૦ તેથી બળ પામ્યો નિરધાર, ત્યારે ઊપાડયો કૈલાશાસાર; જેમ સર્પ ને પાતાંજ દુધ, કરે ડંસ થઈને વિરૂધ. ૩૧ તેમ રાક્ષસને આપ્યું બળ, તેનું ભોગવોને તમે ફળ; એવી સતીની સાંભળી વાણી, ચઢ્યા ક્રોધે અતિ શુળપાણી. ૩૨ તેથી રાવણને તેણે ઠાર, દીધો શ્રાપ ભયંકર સાર; અહો દુષ્ટ થોડા દિનમાંય, થશે વેરવીરોજ ક્યાંય. ૩૩ તેહ મારશે તુજને સાર, એવી બનશે વાત આકાર; એવો શંકરનો સુણી શ્રાપ, પામ્યો ખેદ અતિમતિ પાપ. ૩૪ પછી પર્વત મુકીને સ્થીર, આવ્યો લંકા વિષે રણધીર; એવી દૈવગતિ નિરધાર, તેનો પામે નહિ કોઈ પાર. ૩૫ ક્ષણ માંહી તો લાભ પમાય, ક્ષણમાંહી અતિ ખોટ જાય. ૩૬

વલણ. નવમા જ્યોતિલિંગની, કહી ઉત્પત્તિ આજરે, દુર્ગો કહે તેને સુણે, તેનાં સુધરે કાજરેરે. ૩૭

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે ગાન સંહિતાયાં નવમ જ્યોતિલિંગ મહિમા વર્ણનો નામ અષ્ટાદશિતમોઽધ્યાય: ૨૮

અધ્યાય ૨૯ મો—દશમો જ્યોતિલિંગ મહિમા વર્ણન.

રાગ મારૂ.

બોલ્યા સુત પુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિજન; હવેનાગેશ્વર શીવ જેહ, જ્યોતિલિંગ કહેવાય એહ. ૧ તેનો વિસ્તારીને આણીવાર, કહું મહિમા હું તો નિરધાર;

જેને શાંભળતાં સુખ થાય, કોટી જન્મનાં પાપ હણાય. ૨
હવે દારૂકા વનનીમાંય, રહે દારૂકારાક્ષસી ત્યાંય;તેણે ગઉરી તણું સુણકારી, કીધું તપ ત્યાં તે વળી ભારી. ૩ તેથી પ્રસન્ન થયાં તે ઠાર, દેવી પારવતિ નિરધાર; તે તો આસુરી ને કહે પ્રકાશ, માગ માગ તું તો મારી પાસ.૪ ત્યારે દારૂકા નામીને શીશ, બોલી સતી સામે તેણે દીશ; અહો માતાજી મુજને સાર, આપો માગું તેવું નિરધાર. ૫ આજે દારૂકા વન છે જેહ,ચાર યોજન કેરૂં છે તેહ;તેને ઉડાડીને હું હમેશ, લેઈ જાઉં વળી દશે દેશ. ૬ જયાં જ્યાં જાઊં હું તો સદા માત, ત્યાં ત્યાં આવે એ વન સાક્ષાત્;માગું એટલું તમારી પાસ, આપો કૃપા કરી તે પ્રકાશ ૭ એવી રાક્ષસીની સુણી વાણી,બોલ્યાં પારવતી પ્રેમ આણી;અહો રાક્ષસી સાંભળ વાત, થશે માગ્યું તે રીતે શાક્ષાત. ૮ જયાં જયાં જઈશ તું અબળાય, ત્યાં ત્યાં આવશે વન સદાય; એવું આપી વચન તેણે સ્નાન, થયાં અંબિકા અંતરધ્યાન. ૯ પછી દારૂકા રાક્ષસી સાર, થઇ રાક્ષસોની સરદાર; ઘણા અસુર કેરાજ બાળ, આવી વસ્યા વળી તેણે કાળ. ૧૦ તેતો અધર્મ અતિશે કરે, આખી પૃથ્વિનીમાંયજ ફરે; મારે બ્રાહ્મણોને અતી માર, ગાયો આદિનો કરે સંહાર. ૧૧ તેહ દુ:ખથી બ્રાહ્મણોસાર, આખી પૃથ્વિ તાણા નિરધાર;થયા એકઠા એક મુકામ,પછી વિચારીને અભિરામ. ૧૨ આવ્યા ઊર્વ રૂષીકેરી પાસ, સિંધું કાંઠે તો આણી ઉલ્લાસ; પછી લાગિયા મુનિને

પાય, કહી પોતા તણી આપદાય. ૧૩ ત્યારે ઉર્વ ઋષિએ સાક્ષાત, દીધો દઈત્યોને શ્રાપ પ્રખ્યાત; અહો દુષ્ટો જો આજથી સાર, કરશો ગઊ વિપ્ર કેરો સંહાર. ૧૪ તો તો મૃત્યું તમારૂંજ થાશે, પ્રાણ પોતાની મેળેજ જાશે; એવો દુષ્ટોને દીધોજ શ્રાપ, ત્યારે બ્રાહ્મણો હરખ્યા અમાપ. ૧૫ પછી સુખે થકી અભિરામ, ગયા પોત પોતા તણે ઠામ; હવે દઇત્યોએ સાંભળ્યો શ્રાપ, ત્યારે પામ્યાં અતિપરિતાપ. ૧૬ પછી હિંસા તણું જેહ કામ, કર્યું બંધ પોતે તેણે ઠામ; તેણે સમે ત્રિદશનો રાય, નામ ઈંદ્ર છે જેનું સદાય. ૧૭ તેણે ઋષી તણો જાણ્યો શ્રાપ, ત્યારે દઈત્ય સાથે લડ્યો આપ; તેને દેખીને દઇત્ય તમામ, ભય પામી નાઠા અભિ-રામ. ૧૮ તે તો દારૂકા રાક્ષસી પાસ, આવ્યા શરણે રહેવા થઈ દાસ; તેને દેખીને દારૂકા નારી. બોલી દઈત્યો સાથે ગર્વ ધારી. ૧૯ અહો દઈત્યો રહો આણે ઠામ, રાખી અંત-રમાં અતિ હામ; એવું રાક્ષસને મોઢે કહી, રાક્ષસીએ કળા કરી સહી. ૨૦ વન પોતા તણું હતું જેહ, ઊડાડ્યું ત્યાંથી આણીને સ્નેહ; તેણે દરિયાના બેટનીયમાંય, મુકયું હિમ્મત રાખીજ ત્યાંય. ૨૧ આજુ બાજુ અતિશય પાણી, ગાજે રત્નાકર નિરવાણી;કોઇ પ્રાણી થકી ન જવાય,એવો વિકટ બેટ કહેવાય. ૨૨ તેહ ઠેકાણે વસીને શાર દઈત્યો જળમાં ફરે નિરધાર; આવે કોઈ તણું જો વહાણ, તો તો લુંટે તેને નિરવાણ. ૨૩ હોય માણુસ જે વહાણમાંય, તેને લાવી કરે

કેદ ત્યાંય; એવી રીતે મુશાફરજન,તેને નડે છે આસુરી તન. ૨૪ માલ શર્વે લુંટી લાવે ઘેર, પછી ખાય પીયે સુખ ભેર; એવામાં એક વાણીયોશાર, આવ્યો ઝાઝ લેઇ ત્રણ ચાર. ૨૫ તેને દઇત્યોએ દીઠો તે ઠામ, ત્યારે પાસે આવ્યા રાખી હામ; પછી ઝાઝનાં માણુશ જેહ, શર્વે ઉપાડી લીધાંજતેહ. ૨૬ તેને લાવી દારૂવનમાંય, નાખ્યાં કેદ વિષે શઠ ત્યાંય; વળતી ઝાઝ તણો જેહ માલ, સર્વે લુંટી લાવ્યા તેણે કાળ. ૨૭ એમ અધર્મ આચર્યો અતિ, પીડયા એ લોકોને પાપ મતી; હવે ઝાઝ વાળો જે વણિક, તેને નથી જરામન બીક. ૨૮ એતો શંકરનો ભક્ત સાર,કરે ત્રિકાળ સેવા અપાર; તેણે કેદ વિષે રાખી હામ, કીધા પાર્થિવતો અભિરામ. ૨૯ પછી પુજા તેની નિરધાર, તેતો માનસી કરે છે સાર; શીવ શીવ એવું વદે નામ, કરે એ રીતે કેદમાં કામ. ૩૦ વળી બીજા સંગાથેના જન, તેની પાસે કરાવે ભજન;અહો રાત્રી એવી રીતે ત્યાંય, કરે ભજન કેદનીમાંય. ૩૧ તેતો પેહેરાદારે જાણી વાત, ત્યારે દઇત્યને કહ્યું સાક્ષાત; તેથી દઇત્યાધિપતી તે ઠાર, આવ્યો હાથમાં લેઇ તરવાર. ૩૨ તેણે કેદ વિષે જોયું જ્યારે, દીઠું માટીનું બાણુ તે વારે; તેની પુજા વળી તેણે ઠામ, વૈશ્ય કરતો હતો અભિરામ. ૩૩ એવું દેખીને રાક્ષસ તન, બોલ્યો હોકારો કરી વચન; અલ્યા વણિક પુછું છું હુંય, કોની પુજા કરેછેજ તુંય. ૩૪ એહ કરવાથી શું થશે સાર, તેનો ઉત્તર દે આણીવાર; ત્યારે વણીક બોલ્યો

ત્યાં વાણી, સુણ રાક્ષસ તું પ્રેમ આણી. ૩૫ મારા સ્વામિ આ શંકર દેવ, તેની કરૂં છું ત્રિકાળ સેવ; મુને કેદમાંથી એહ ઇશ, નિશ્ચે છોડાવશે આણે દીશ. ૩૬ તારા કુળનો કરશે સંહાર, સત્ય કહું હું તો નિરધાર; એવા વૈશ્યનાં સુણી વચન, ચઢયો કોપે આસુરીનો તન. ૩૭ તેથી તરવાર તો ઝટ તાણી, મારી લિંગ વિષે રોષ આણી; કાપી નાખ્યું એ મૃતિકા બાણ, કડકા બેઉ કર્યા નિરવાણ. ૩૮ પછી વણીક ને કહે છે વાત, અલ્યા! સાંભળ વઇશ્ય સાક્ષાત; તારા સ્વામીને કાપ્યા મેં સાર, હવે તારો કરૂં છું સંહાર. ૩૯ તેહ કાળે વણિકેજ ત્યાંય, ધર્યું ધ્યાન તો અંતરમાંય; સમર્યા શંકર સરજનહાર, આખા વિશ્વતણા કરતાર. ૪૦ ત્યારે ઉમાતણા ભરથાર; નિકળ્યા પૃથ્વિને ફોડી બહાર, સાથે દેવળ છે સોના તણું, શોભે ચોતરફથી તેહ ઘણું. ૪૧ દ્વાર તેહને છે ચારે પાસ, હીરા રત્ન જડીત પ્રકાશ; ઉંચું ઉપલે ભાગે વિશાળ, વળી વચમાં છે બેઉ માળ. ૪૨ હવે શંકરે હાથનીમાંય, ધર્યું ત્રિશુળ ક્રોધથી ત્યાંય; પછી દઇત્ય હતો પેલો જેહ, તેને માર્યું ત્વરા થકી તેહ. ૪૩ તેથી મૃત્યુ પામીને તદાય, પડયો પૃથ્વિ વિષે મહાકાય; વળતી તેહ તણો પરિવાર, તેનો શંકરે કીધો સંહાર. ૪૪ કાઢયું રાક્ષસનું ત્યાંથી મુળ, થયા વણિકને અનુકુળ; રહી દારૂકા રાક્ષસી એક, પુત્ર સ્વામિની સાથ વિશેક. ૪૫ રાખ્યાં જીવતાં તે નિરધાર, ભક્ત ગઉરીતણાં માટે સાર; હવે શંકરનું દેખી રૂપ

વૈશ્ય મોહ પામ્યો તો અનુપ. ૪૬ તેને સ્મૃતી આવી તેણે ઠાર, ત્યારે કરવા લાગ્યો સ્તુતિ સાર; તેહ સ્તુતિ સુણી અભિરામ, બોલ્યા શંકર તો તેણે ઠામ. ૪૭ અહો વૈશ્યતું સાંભળ વાત, માગ્ય મારી પાસેથી શાક્ષાત; આપું આ સમે તને વરદાન, જેથી દુઃખ નહિ કોઇ સ્થાન, ૪૮ ત્યારે વણિક બોલ્યો વચન, સુણો શંકર પંચ વદન; માગું ભક્તિ હું એક તમારી, બીજું ઈચ્છું નહિ કંઈ ભારી. ૪૯ જેહ વિશે રહ્યું અતિ સુખ, નથી અન્યમાં એવું પ્રમુખ; પણ માગું છું એટલું સાર, રહો આ સ્થળમાં નિરધાર. ૫૦ જેથી મુને મળ્યાની એધાણી, રહે સદાકાળ શુળ પાણી; એવું સાંભળીને તતકાળ, થયા લિંગ રૂપે પશુપાળ. ૫૧ બન્યાં પ્રતમા પાર્વતીમાતિ, શિવ સાનિધ્ય રહેવા સાક્ષાત; તેહકાળે વઇશ્યે પ્રેમ લાવી, વિપ્ર પાસે પ્રતિષ્ઠા કરાવી. ૫૨ નિકળ્યું તું પાતાળેથી જેહ, શિવ મંદિર શોભતું તેહ; તેમાં પધરાવ્યા શંકર રાય, વેદ વિધિ થકી મહાકાય. ૫૩ પછી વાણીયો તો પેલો જેહ, ગયો પોતાને મુકામે તેહ; નાગેશ્વર એ શીવ કહેવાય, જેની અત્યંત છે પ્રભુતાય ૫૪ જ્યોતિ લિંગ તો દશમું એહ, નથી તેમાંજ રાય સંદેહ; વર્ણાશ્રમ તણો ધર્મ પાળી, જુએ એ શીવને જેહ ન્યાળી. ૫૫ તેહ ચક્રવર્તી રાજા થાય, પુત્રદારાદિ સુખપમાય; એમ સુતે આણીને કૃપાય, કહી શૌનકાદિને કથાય. ૫૬ તેને સાંભળે જે નર નાર, તેનાં પાપ બળે નિરધાર; હાલ એ શીવ કેરીજ

પાસ મ્લેચ્છ લોકો તણો છે નિવાસ. ૫૭ માટે સ્વધર્મ પાળી સદાય, એહ સ્થાનકમાં ન જવાય. ૫૮

વલણ. જ્યોતિર્લિંગ દશમા તણો કીધો આ મહીમાયરે દુર્ગો કહે તેને સુણે, તે નર પાવન થાયરેરેરે. ૫૯

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચતે જ્ઞાન સંહિતાયાં
દશમ જ્યોતિર્લિંગ મહિમા વર્ણનો નામ એકોનસપ્તિતમોઽધ્યાયઃ ૬૯

અધ્યાય ૭૦ મો—અગીઆરમું જ્યોતિર્લિંગ.

રાગ સામેરી.

સુતપુરાણી એણીપેરે બોલ્યા, સાંભળો સૌ રૂષીરાય; વિસ્તારી સંભળાવું હવે, રામેશ્વર મહિમાય. ૧ જ્યોતિર્લિંગ એકાદશમું, એ પ્રસિદ્ધ છે નિરધાર; તેનો મહિમા સુણતાં સર્વે, પ્રાણી ઉતરે પાર. ૨ સુર્ય વંશમાં ઉત્તમ સૌથી, રઘુરાજા કહેવાય; તેના સુત અજરાજા કહાવે,જ્ઞાની એહ સદાય.૩ તેનો દીલીપ પુત્ર પ્રતાપી,પૃથ્વિમાં વિખ્યાત તેથી દશરથ ઉપન્યા પોતે, શુરાતે સાક્ષાત. ૪ તેને ત્યાં વિષ્ણુએ લીધો, પ્રીતીથી અવતાર; રામચંદ્રતો જાણો તેને, વિશ્વતણા કરતાર. ૫ એક વખત તે રાન નિકળ્યા, વન વીશે મહારાજ, વાક્ય પિતાનું પાળવા માટે, કરવા સુરનું-કાજ. ૬ તેની જોડે લક્ષ્મણને વળી, સીતા તો નિરધાર;વન વીશે નીકળીયાં પોતે, આણી પ્રેમ અપાર. ૭ પંચવટીમાં આવી પોતે, વશિયા દીન દયાળ; જ્ઞાન કથા લક્ષ્મણને કહે છે પોતે ત્રણે કાળ. ૮ તે કાળે રાવણે કીધું, સીતા કેરૂં હર્ણું;ભાવીએ ભુલાવ્યો તેને,પાસે આવ્યું મર્ણું. ૯ સીતા

લેઈને પાપી રાવણ, આવ્યો લંકામાંય; વાડીમાંહી મુકયાં તેને, વૃક્ષવેલી છે ત્યાંય. ૧૦ તેને લેવા માટે પોતે, દશરથ કેરા બાળ; વાનર કેરી સેના લેઈને, આવ્યા ત્યાં તતકાળ. ૧૧ તે કાળે સો યોજન કેરો, શિધું દીઠો શાર;ત્યારે ચિંતા પ્રગટી ભારી, અંતરમાં તે ઠાર.૧૨ એવામાં સુગ્રીવે આપ્યું, જળ પીવા અભીરામ; ત્યારે સાંભર્યું શ્રી રઘુવીરને, શીવ પુજન તે ઠામ. ૧૩ અહો આજ મેં તો નથી કીધું, શીવ પુજન નીરધાર; તે માટે જળ પીવું નથી, નીશ્ચે આણીવાર. ૧૪ એમ કહીને શીતા પતીએ કીધું વળતી સ્નાન, તે પુંઠે માટીના કરીયા, શંકર તેણે સ્થાન. ૧૫ વળતી સો ઉપચારે કરીને, પુજા કીધી શાર; ધ્યાન ધર્યું અંતરમાં તેવું, દઢ ચિત્તે નિરધાર.૧૬ તે કાળે શંકર ત્યાં પ્રગટયા, આણી પ્રેમ અપાર; શ્રી વિષ્ણુને દર્શન દીધું, શ્રદ્ધા જાણી શાર. ૧૭ વૃષભ ઉપર બેઠા પોતે, ત્રિશુળ ઝાલ્યું હાથ; પારવતિ ખોળામાં શોભે, નંદી ભ્રંગી શાથ. ૧૮ એવા શીવને રામે દીઠા, ત્યારે લાગ્યા પાય; વળતી કાલાવાલા કીધા,આણી ઉતકંઠાય. ૧૯ તે કાળે શંકરતો કહે છે, શાંભળોને મહારાજ; સો યોજન શી રીતે બંધાશે, તેનો કહો ઊપાય;જેણે કરીને શંકટ જાયે, મારૂં રાવણરાય. ૨૨ ત્યારે શંકર કહે છે શાંભરો, દશરથ કેરા બાળ નળ વાનર એમાં છે ડાહયો, બુદ્ધિ તિવ્ર વિશાળ. ૨૩ વિશ્વકર્માનો અંશ એહ છે શ્રાપ, તે માટે એને હાથે તો, તરશે પથરા આપ. ૨૪ એમ કહી

શંકરતો વળતી, કહેવા લાગ્યા સાર; વળી ઈચ્છા જેહોય તેવું, માગો આણી વાર. ૨૫ ત્યારે શ્રીવિષ્ણુત્યાં બોલ્યા, રાખો મારીલાજ; આ સ્થાનકમાં વાસકરીને, સદા રહો મહારાજ. ૨૬ સેતુ બાંધવા માટેકીધું, મેંતો શુભપૂજન; તે માટે નીશાની રહેવા, રહોને પંચવદન. ૨૭ એવું સાંભળી શંકરખનીયા, લિંગ સ્વરૂપે સાર, તે કાળે પ્રતિમાથઇ બેઠાં, પારવતિ નિરધાર. ૨૮ એટલે શ્રી રામે તો કીધું, સ્થાપનતેણે ઠામ; તેહ તણું રામેશ્વર એવું, પાડયું નિશ્ચેનામ ૨૯ સેતુબંધ રામેશ્વરએતો, જયોતિલંગ કહેવાય; તેનું દરશન પૂજન કરતાં, કોટીયજ્ઞ ફળથાય. ૩૦ કાશીથી ગંગાજળ લાવી, ચઢાવે નિરવાણ; તો તો તે ધારાપરમાણે, ઊચું થાયે બાણ. ૩૧ રામેશ્વરનું દર્શન કરશે, જે કોઇ નરને નાર, તે પુન્યે ફરીગર્ભવાસમાં, આવે નહિ નિરધાર. ૩૨ વલાણુ જયોતિલિંગ અગીઆરમું, ઉત્તમ જે કહેવાયેરે; દુર્ગો કહે તેનો કહયો, પૂરણ આ મહિમાયરેરેરે.

ઇતિશ્રી શીવપૂરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં એકાદશ જયોતિ લિંગ વર્ણનો નામ સપ્તતિમોઽધ્યાય: ૭૦

અધ્યાય ૭૧—મો ધુસ્મા પતિવ્રતા વર્ણન.

રાગચોપાઇ ત્રણ તાળની

બોલ્યા સુતપુરાણી વચન, સૂણો શૌનકાદિ મુનીજન; હવે ઘુસ્મેશ્વર તણી વાત કહું વિસ્તારી તમને સાક્ષાત. ૧ દક્ષિણદિશા માંહી નિરધાર, દેવ ગિરિ પર્વતપાસે સાર; સુધેર્મા નામે બ્રાહ્મણ એક; રહેતો હતો બાંધી ગ્રહ છેક. ૨ સુદેહાનામે તેહને નારઅતિ ઇરિશાવાળી જ સાર, તેને પુત્રથયો

નહિ પેટ, રહી વાંઝણી એતોજ નેટ. ૩ તેથી ઉદાસીરહેછે અપાર, ખાવું પીવું ગમે નહી સાર; એક દિવશ પાડોશી કેરી પ્રીયા સાથે વઢી એહ ઝેરી. ૪ ત્યારે તેહ પાડોશણે ત્યાંય, કહી વાંઝણી ક્રોધની માંય; દીધું મેહેણુ તેણે તેહ સ્થાન, સુદેહાએ સુણ્યુંકાનો કાન. ૫ ત્યારે અંતરમાં ઉઠી આગ, જાણે પ્રાણકરૂં મારો ત્યાગ; પછી આવીને સ્વામિની પાસ બોલી સુદેહાવાકય પ્રકાશ.૬ અહો સ્વામિ બળ્યો અવતાર પુત્રવિ-નાનુંજીવ્યું ધિકકાર; માર્યું પાડોશણે મેહેનું આજ તેથી ઉ-ઠીછે અંતરદાઝ. ૭ તેથી પરણો તમે ફરી સાર જેથી મેહેનુ-ટળે આણીવાર; મારા ભ્રાતતણી છે કુમારી નામઘુસ્મા સ્વરૂપેજ સારી. ૮ તેની સાથે કરોને લગન, પડતું મુકીને ધ્યાન ભજન; એવી સુદેહાની સુણી વાણી, બોલ્યો સુધર્મ તો પ્રેમ આણી. ૯ અહો નારીશું બોલે છે આવું, વિના સમજે ઓછું મન લાવું પુત્ર થાવાથીશું સુખ થાય, નથી છતાં શું કષ્ટ જણાય. ૧૦ એતો મન તણા સઉધર્મ, પ્રાણી ભો-ગવે પોતાનાં કર્મ; લેહેણાદેણી પૂરવની હોય, તો તો પુત્રથઈ આવે સોય. ૧૧ સુખ દુઃખ આપેઅભિરામ લેણાદેણી પ્ર-માણે તમામ માટે મુકીને તેહ વિચાર, કરો ભકિત પ્રભુનીજ સાર. ૧૨ જેણે કરી અંતે નિરવાણ થાય દેહતણું તો કલ્યાણ એવો સુદેહાને તેણે ઠાર, કર્યો સ્વામિયે બોધ અપાર. ૧૩ તોય માન્યું નહિ તેનુ મન, ત્યારે સુધર્મા બોલ્યા વચન; અરે પ્રિયા કરતાં બીજી નાર, તને ઉઠશે દાઝ અપાર. ૧૪થશે

તેનો ને મારો સ્નેહ, નહિ સહેવાય તારાથી એહ ત્યારે મુજને
તું તેણીવાર, દુઃખ દેઈશ અપરમપાર. ૧૫ તારી ભત્રીજીને
પણ તુંય, મોઢે બોલ્લીશ વાકય તો શુંય; માટે વારના એપડી
મેલ, ખાનપાન ખાઈકર સેલ. ૧૬ તોય સુદેહાએતેણે ઠાર,
નવ માન્યું વળી નિરધાર; ત્યારે બ્રાહ્મણે વિચારી મન કર્યું
તેના કહેવાથી લગન. ૧૭ એનાભ્રાતની કન્યા તો જેહ, નામ
ઘુસ્માવતિ તેહ; તેની સાથે પરણ્યો અભિરામ, રાખી
અંતરમાં અતિહામ. ૧૮ પછી થોડે દિવસે નીજઘેર, આવી
ઘુસ્માપોતે ખુશી ભેર તેતો સ્વામીની કરે સેવાય, પાળેસુ-
દેહા કેરી આજ્ઞાય. ૧૯ વળી નાહી ધોઇને હમેશ, કરે પાર્થિવ
નારીજ એશ; નિત્ય સહસ્ત્ર શંકર કરે; વળી એક ચિત્તેધ્યા-
નધરે. ૨૦ પછી પાર્થિવ પેલાતો સાર, નાખે તલાવમાં નિરધાર
તેહપુન્યથી ઘુસ્માને પેટ પ્રગટયો પુત્રત્વરાથકી નેટ. ૨૧ તેનો
સુધર્માએ તેણેઠાર, જાતકર્માદી કીધો સંસ્કાર; પછી પાડીયુ
પુત્રનું નામ, જન્મરાશી જોઈ અભિરામ. ૨૨ એમ કરતાંથોડા
દિન માંહી, થયો બાળક મોટોજ ત્યાંહી તેને પરણાવ્યો
આનંદ ભેર વળતી પુત્ર વધુ આણી ઘેર. ૨૩ એમ દીકરોને
વહુ ભાળી. ગુસ્માનારી થઈ ભાગ્યશાળી; થયુ સ્વામિનું
અત્યંત હેત સગાં સાગવાં કેરૂં સમેત. ૨૪ તેને જોઈને સુદેહા-
નાર અતિ ખેદ પામી તેણે ઠાર; કરે ઈરશા અતિશય એહ
લડેવઢે નિરંતર તેહ, ૨૫ ત્યારે ગુસ્મા લાગેતેને પાય, બાઈ
શું કરો આમ સદાય; આતો છોકરાં છેજ તમારાં તેને મારો

તમે સહાપ્યારાં. ૨૬ તોય સુદેહાનો તેણે ઠાર નવ ક્રોધ સમ્યો નિરધાર, પછી તેનારીએ એકદન, પુત્ર હણવો ધાર્યો નિજમન ૨૭ ગઇ રાત્રી અરધી જેણી વાર, ત્યારે ઉઠીએતો વળી નાર; છરો લેઇ આવી પુત્ર પાસ, જેનું કોપથી ચિત્ત ઉદાસ. ૨૮ તેણે સમે વહુ સુત સાર, પોઢયાં પલંગમાં તેણે ઠાર ગાઢ નિદ્રામાં પોઢયાં છે તેહ. પતિપત્નિ પવિત્રજ એહ. ૨૯ તેને દેખી સુદેહાએ ત્યાંય, કર્યું કર્મ ખોટું ક્ષણ માંય; કાપી નાંખ્યો એ પુત્રનો દેહ કડકા કીધા ઘણા તજી સ્નેહ. ૩૦ પછી તે કડકા લેઈ સાર, નાખ્યા તળાવમાં નિરધાર; વળતી આવી સુતીનીજ ઠામ, અતિરોશે ભરી અભિરામ. ૩૧ એવામાંય થયું ત્યાં તો પ્રભાત, ત્યારે જાગી વહુ એ સાક્ષાત; તેણે પથારીમાં જોયું સાર ત્યારે દીઠો નહિ ભરથાર. ૩૨ દીઠાં લોહીવાળાં વસ્ત્ર ત્યાંય, તેથી શોક થયો મનમાંય વળતી રડવા લાગી એતો નાર આવી સાસુકને નિરધાર. ૩૩ કહી ઘુસ્માને ખબર એહ, વસ્ત્રદેખાડયાં ભીંજેલાં તેહ; એહકાળે ઘુસ્મા સતીનારી, કરેપાર્થિવતો સુખકારી. ૩૪ માટે વહુતણીવાણી સાર, સૂણી ખેદન પામી લગાર સુણી સુદેહાનું કૃત એહ; પામી સંતોષ પોતેજ તેહ. ૩૪ પછી પુત્ર વધુને તે ઠાર છાની રાખી પોતે નિરધાર; તેવી રીતે સુધર્મા જે તાત, તેણે જાણ્યું કૃત્યક્ષ સાક્ષાત. ૩૬ તોય નિત્ય કર્મ છોડી સાર, નવ ઊભો થયો તેણે ઠાર; હવે ઘુસ્મા એ તો તેણે ઠામ પૂજાકરી અભિરામ. ૩૭ પછી પાર્થિવ નાખવા સારૂ ચાલી સુંદરી

એતો સુચારૂ આવી સરોવર કેરે તીર નાખ્યાં પાર્થિવતો સુખ ભેર ૩૮ તેહકાળે પોતાતણો બાળ દીઠો ઉભેલો ત્યાં તતકાળ ત્યારે બોલાવ્યો આણીને પ્રેમ લીધાં ઓવારણાં વળી તેમ ૩૯ તેણે સમે એતો સુત સાર, આવી ચરણે નમ્યો નિરધાર પછી મુખથી બોલ્યો વચન, સૂણો માત તમે શુ મમન. ૪૦ માર્યો સુદેહાએ મુને સાર, આજરાત્રિ વિષે નિરધાર; કર્યા કડકા વપુ તણા ત્યાંય, પછી નાખ્યાં સરોવર માંય. ૪૧ તદપિ તારી સેવાથીસાર રીઝયા આસમે શ્રી ત્રિપુરાર કર્યો જીવતો મુજને આજ, રાખીપ્રભુએ તમારી લાજ. ૪૨

વલણ એ રીતે સુત બોલિયો, ઘુસ્માસાથે સારરે, દુર્ગો કહે તેણે સમે, વરત્યો જયજયકારરેરેરે. ૪૩

ઈતી શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં. ઘુસ્માપતિ વ્રત વર્ણનો નામ એક સપ્તિતમોઽધ્યાયઃ ૭૧

અધ્યાય ૭૨—મો દ્વાદશ જ્યોતિર્લિંગ મહિમા.

રાગ સામેરી

સુતપુરાણી એણીપેરે બોલ્યા, સાંભળોને રૂષિરાય વળતી ઘુસ્મા એતો કીધું, શીવનું ધ્યાન તદાય. ૧ તે કાળે શંકર ત્યાં પ્રગટયા, સરોવરમાંથી સાર અદભૂત જેની કાન્તિદીસે તેજતણો નહિપાર. ૨ તેને દેખી ગૂસ્માને સુત, લાગ્યાં બેઉ પાય; ત્યારે પછીથી કરવા લાગી, સ્તુતિ એ અબળાય. ૩ જયજય નિર્ગુણ નાથ મહેશ્વર, જયજય દીનદયાળ જયજયતા રકભક્ત ભવારી, જય જય શ્રી પશુપાળ. ૪ અવગુણ મારા કાંહી હોયે, તે તો કરજો નાશ; વળી આપો ભક્તિ તમારી,

હમેશાં અવિનાશ. ૫ એવું સાંભળી શંકર બોલ્યા, આણી પ્રેમ અપાર; ધન્ય ધન્ય અબળા તુજને, હું રીઝયો આણી-વાર. ૬ તારી પુજા કેરા પુન્યે, જીવતો કીધો બાળ; વળી પ્રીતિથી દર્શન દીધું, નિશ્ચે આણે કાળ. ૭ તારી શોકયે ઈર્ષ્યા આણી, માર્યો તારો તન; તે માટે હું તેને હણવા, આજ થયો ઉતપન. ૮ કયાં ગઈએ દુષ્ટા આ વખતે, કરૂં એનો સંહાર; દારૂણ કર્મ કર્યું એ રાંડે, ના કરવાનું સાર.૯ એવાં શીવનાં વાકય સુણીને, ગુસ્મા બોલી ત્યાંય; અહો નાથ મુજ માટે લાવો, દયા હૃદયનીમાંય. ૧૦ એ મારી સાંપત્નિ કેરો ક્ષમા કરો અપરાધ, ભાવી પદારથ નિપજયું તેમાં, એનો શો છે બાધ. ૧૧ એવું કર્મ કર્યું એણે તો, પ્રગટ થયા તમે નાથ; દયા કરીને દર્શન દીધું, ઝાલ્યો સુત નો હાથ. ૧૨ તે માટે એ શોકય તણો તો, માનું હું ઉપકાર; જેને કૃત્યે મળિયા શંકર,પામ્યું કુળ ઉદ્ધાર.૧૩ એવાં સ્ત્રીનાં વાકય સુણીને, શાન્ત થયા પશુપાળ; ક્રોધ સમ્યો દારૂણ દિલ કેરો, હરખ્યા તેણે કાળ. ૧૪ એવામાં સુધર્મા દ્વીજને, સુદેહા અબળાય; તે તો વેહેલાં વેહેલાં આવી, લાગ્યાં શીવ ને પાય. ૧૫ વળતી કરજોડીને કીધી, વિનતી તેણેઠાર;ત્યારે શંકર કહેવા લાગ્યા, સુધર્માને સાર. ૧૬ અહો વિપ્રશા બાશ તુને છે, તારૂં ભાગ્ય વિશાળ; જેથી ગુસ્મા જેવી પત્નિ, પામ્યો આણે કાળ. ૧૭ ભાર દ્વાજ કેરા કુળ માંહી, તારો છે અવતાર; તેથી તારી બુદ્ધિ નિર્મળ જ્ઞાની સત્ય

અપાર. ૧૮ તે માટે તુજને આપું છું, આ વખતે વરદાન; તેને સાંભળી પ્રીતિ આણી, શ્રોત્ર થકી આ સ્થાન. ૧૯ તારાકુળનો નાશ થશે નહિ, અવિચળ એતો સાર; જ્યાં સુધી આ પૃથ્વી રહેશે, ત્યાં સુધી નિરધાર, ૨૦ પ્રજા ઘણી થાશે પણ અંતે, એક સુતના રહેવંશ; એવી રીતે પરનાળીકા, ચાલી જશે અવતંશ.૧૨ પણ મારી વાણીથી તારા, કુળના થશે બાળ; તે તો સર્વે વિદ્યાવાળા, બુદ્ધિ બળ વિશાળ. ૨૨ એવું સુધર્માને કહી, ગઉરીના ભરથાર; ગુસ્માને ત્યાં કહેવા લાગ્યા, આણી પ્રેમ અપાર. ૨૩ અહો પ્રિયા માગો મુજ પાસે, આ વખતે વરદાન; જેથી ઈચ્છા પુરી થાયે, અંતરમાં આ સ્થાન. ૨૪ ત્યારે ગુસ્મા કરજોડીને, બોલી તેણે ઠામ; અહો નાથ મુજને તો આપો,ભક્તિ આઠે જામ. ૨૫ વળી આ સ્થાનકમાંહી મુજને, દીધું દર્શન સાર; તે માટે જોતિ લિંગ થઇને, રહો તમે આઠાર.૨૬ એવું સાંભળી શંકર કહે તે, સાંભળ અબળા વાત; તુજ ઈચ્છા તે માટે મારે, રહેવું અહીં સાક્ષાત. ૨૭ આ સરોવરમાંથી નિકળ્યો, તુજ માટે અભિરામ; તે માટે શિવાલય એવું, પડશે એવું નામ. ૨૮ એમ કહીને લિંગ સ્વરૂપે, થયા પોતે શીવરાય; તે કાળે મુર્તિ થઇ બેઠાં, પારવતી માતાય. ૨૯ એટલે સુધર્માએ કીધું, તેનું ત્યાં સ્થાપન; જ્યોતિલિંગ એ બનિયું મોટું, દ્વાદશમું બળવાન. ૩૦ ઘૂસ્મેશ્વર એવું તો પડીયું, એ શંકરનું નામ તેનું દર્શન પૂજન કરતાં, સફળ થાય સૌ કામ.૩૧

દ્વાદશ જ્યોતિર્લિંગ તણો જે સંપૂરણ મહિમાય; તે કીધો વિસ્તારી સઘળો, નિશ્ચે આવેળાય. ૩૨ તેને જે કોઇ નરને નારી સાંભળશે હમેશ, તેનું સંકટ જાયે ભવનું કૃપાકરે મહેશ. ૩૩ વલણ દ્વાદશમું કહાવે શદા, જ્યોતિર્લિંગ મહાઐયરે, દુર્ગા કહે તેનો કહયો નિશ્ચે આમહિમાયરે. ૩૪

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગા શંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
દ્વાદશ જ્યોતિર્લિંગ મહિમા વર્ણનો નામ દ્વિસપ્તતિમોઽધ્યાયઃ ૭૨

અધ્યાય. ૭૩ મો—ઊપલિંગ વિસ્તાર તથા રેવા મહાત્મ

રાગ મારૂ.

બોલ્યા સુત પુંરાણી વચન, સૂણો શૌનકાદિ મુનિજન; હવે જ્યોતિર્લિંગ તણાં જેહ બાર ઊપલિંગ છે વળી તેહ. ૧ તેહ સર્વનો કહું ઈતિહાસ, જેને સાંભળે થાય ઉલ્લાસ; સોમેશ્વરનું ઉપલિંગ સાર, અંધકેશ્વર છે નિરધાર ૨ મલ્લિકાર્જુનનું વળી એમ, રૂદ્રકેશ્વર છેલિંગ તેમ, મહંકાળ તણું મુનિરાય દુગધેશ્વર છે લિંગ સદાય. ૩ એવું ઓંકાર ઈશ્વરતણું, કદ્દમેશ્વર લિંગતો ભણું કેદારેશ્વર શીવનું સારલિંગ ભૂતેશ્વર નિરધાર. ૪ ભીમશંકરનું વળી એવું ભીમેશ્વર લિંગ જતેવું; બિશ્વેવરનું એમ વિશાળ, શરાગ્યેશ્વર છે મુનિ બાળ. ૫ ત્રંબકેશ્વર નું તેવુંજેહ, સિધ્ધેશ્વર કહ્યું લિંગ એહ વૈજયનાથતણું એવું સાર; વેદનાથ એવું નિરધાર. ૬ તેવીરીતે નાગેશ્વરરાય તેનુ ભૂતેશ લિંગગણાય; રામેશ્વર તણું તો પ્રખ્યાત ગૂપ્તેશ્વર છે લિંગ સાક્ષાત. ૭ ગૂસ્મેશ્વર તણું વળી એમવ્યાઘ્રેશ્વર ગણ્યું લિંગ તેમ; એવાં દ્વાદશ લિંગનાં સાર, ઉપલિંગ કહ્યાં

નિરધાર. ૮ તેને સાંભળો આણીને પ્રેમ તેતો રહેજ કુશળક્ષેમ હવે તપ્તિકા નદીને તીર ઘણાં શીવલિંગ છે મતિધીર. ૯ તેમ ગંગાકાંઠે નિરધાર નથી શીવ લિંગ કેરોજપાર; એવાં ગાતમી કેરે કિનારે, ત્યાં શીવલિંગ તો વળી ભારે. ૧૦ તેવાં પશ્ચિમ સિંધુ કાંઠે સાર, ઘણાં બાળવળી નિરધાર; પુર્ણા નદી તીરે શુભ તેવાં. ઘણાં લિંગ પ્રતપીજ એવાં ૧૧ કાવેરાને મહીકાંઠે એમ, ચમત્કારી દીસે બાણુ તેમ; હવે નર્મદાનદીને તીર, ઠામે ઠામે શંભુ રણધીર. ૧૨ રૂદ્ર દેહાએતો સરીતાય, જેને અતુળ છે મહિમાય; જેટલાએ નદી કેરા પાષાણ, તેટલા શંકર છે નિરવાણ. ૧૩ ન્હાય નર્મદામાં પ્રાણી જેહ, તેતો પુનર્પિ પામે ન દેહ; ત્યા મચ્છ કચ્છ એમાં સાર, તેહ સર્વનો થાય ઉદ્ધાર. ૧૪ તિર્થ નાયક એસરિતાય, જેનો મહિમા ન શેષે કહેવાય; પ્રભાતે વહે ગંગાજી એમાં મધ્યાન્હે વહે ભારતી તેમાં. ૧૫ તેવી રીતે રાત્રી પડે સાર, વહે નર્મદાતો નિરધાર, વાયુ નર્મદનો, તો જેને અડેતેને પાપ કદાપિ ના નડે. ૧૬ રેવા રેવા કેહેતાં મુખેજન, થાય તતકાળ પોતે પાવન; ઘણાં ક્ષેત્ર એને કાંઠે સાર, મોક્ષ ભુમિએતો નિરધાર. ૧૭ તેની પુરાણ સર્વ કથાય, રેવાખંડ માંહી રૂષીરાય; હવે રેવાકાંઠે લિંગ જેહ, ત્યાં અપારતો વળી એહ. ૧૮ પણ પ્રખ્યાત તો થાડાં સાર, કહું વર્ણવી તે આણે ઠાર; પધેશ્વર સિદ્ધેશ્વર નામ, કુમારેશ્વરતો અભિરામ. ૧૯ ધંધુરેશ્વર શુળેશ્વરસાર, કુંભેશ્વર વળી નિરધાર; કુબેરેશ્વર તેવા કહેવાય, સોમેશ્વર

યોગેશ્વરરાય. ૨૦ એવાં અનેક શીવનાં બાણુ, ઠામે ઠામે વળી નિરવાણુ; તેમાં નંદીકેશ્વર શિવરાય, તેનો અપાર છે મહિમાય. ૨૧ સ્નાન નર્મદામાં કરી પ્રાણી, નીરખે નંદીકેશ્વર શુળ પાણી; તેની અસંખ્ય હત્યા હણાય, અંતકાળે શંભુ લોકે જાય. ૨૨ એવું સાંભળી શૌનકે સાર, પુછ્યું સુત ને પ્રશ્ન તે ઠાર; અહો સુતપુરાણી દયાળ, કહો પ્રશ્ન મારૂં આણે કાળ. ૨૩ નંદિકેશ્વરને જોતાં સાર. કોની હત્યા ગઈ નિરવાર; એહ સંશય અમારો જેહ, મટાડો ને કૃપા કરી તેહ. ૨૪

વલણ. એવી રીતે બોલિયા, શૌનક તેણે ઠારરે; દુર્ગો કહે ત્યારે વધા, સુતપુરાણી સારરેરેરે. ૨૫

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં ઉપલિંગ વિસ્તાર તથા રેવા મહાત્મ વર્ણનો નામત્રિસપ્તતિમોઽધ્યાયઃ ૭૩

અધ્યાય ૭૪—મો બ્રાહ્મણનાનું ઇતિહાસ વર્ણન.

રાગ સામેરી.

સુતપુરાણી એણીપેરે બોલ્યા, સાંભળો સૌ રૂષીરાય; વિસ્તારી સંભળાવું હવે, નંદિકેશ મહિમાય. ૧ મુજને જેવું પુછ્યું તમે, તેવું તો વળી સાર; પુર્વે નારદને પુછ્યું હું, ધર્મે તો નિરધાર. ૨ તેમાં નારદજીએ કહીતી, યુધષ્ટિરને વાત; તે સઘળું સંભળાવું તમને, અથ ઇતી સાક્ષાત. ૩ રેવાના પશ્ચિમ ત્રઠ ઉપર, નગરી એક વિશાળ; કર્ણિકા છે નામ તેહનું, પૃથ્વિ ખુબરસાર. ૪ તે નગરીમાં ઊતથ્ય કુળનો, બ્રાહ્મણ તો વળી એક; રહેતો તો નિવાસ કરીને. કુટુંબ

સાથે છેક. ૫ તે બ્રાહ્મણને પુત્ર હતા બે શોભીતા અપાર, વળી પોતાની પત્નિ તે તો, પતિવ્રતા નિરધાર. ૬ આનંદ માં દીન જાય તેહના, કરતો શીવ સેવાય; એવામાં એ બ્રાહ્મણને થઈ,યાત્રાની ઇચ્છાય. ૭ તેથી પુત્રપ્રિયાને કહીને, બ્રાહ્મણનો એ તન; કાશી યાત્રા કરવા ચાલ્યો, હરખીને નિજમન. ૮ ત્યાં જઇને ગંગામાં કીધું, એ વિપ્રે તો સ્નાન; ત્યાર પછી ત્યાં મૃત્યું પામ્યો, હરિ ઈચ્છા બળવાન. ૯ તે વાર્તા તેતા પુત્રોએ, જાણી જ્યારે સાર; ત્યારે ઉત્તમ ક્રિયા કીધી, ત્વરા થકી નિરધાર.૧૦ ત્યાર પછી નિજ માતા કેરૂં, પાલન કરતા બાળ; તેવી રીતે ભક્તિ કરતા, શંકરની ત્રિ-કાળ. ૧૧ એવામાં એ પુત્રો કેરી, માતા કહીએ જેહ; તેતો મંરગતિને પામી, તેમાં નહિ સંદેહ.૧૨ તે કાળે એ અબળા કેરૂં, મન ઘણું મુંઝાય; પ્રાણ નથી નિકળતો વપુથી, પીડા ઝાઝી થાય. ૧૩ ત્યારે તેના મોટા પુત્રે, પુછી તેને વાત; અરે માત કેમ મુંઝાઓછો, તેતો કહો સાક્ષાત. ૧૪ એટલે તેની માતા બોલી, સાંભળ મારા તન; કાશી યાત્રા કરવા કેરી, ઈચ્છા રહી ગઈ મન. ૧૫ તે માટે મારો ગુંચાએ, આ વેળાએ પ્રાણ; તેનો શો ઉપાય કરૂં હવે, આવેળા નિરવાણ. ૧૬ મારૂં કહેવું માની તું જો, પાળે એક વચન; તોતો મારો પ્રાણ નિકળે, વળી થાઉં પાવન ૧૭ મુવા પછીથી અસ્તિ મારાં, નાખવાં ગંગામાંય; તેણે કરીને મુક્તિ પામીશ, નિશ્ચે હું તો ત્યાંય. ૧૮ એહ વાતનું જળ મુકે ભાઈ, મારા કરમાં

સાર; તેણે કરીને સારૂં થાશે, તમારૂં નિરધાર. ૧૯ એવું સાંભળી સુત મોટો જે, સુવાદ નામે વિપ્ર; તેણે નિજ માતાના કરમાં, પાણી મુકયું ક્ષીપ્ર. ૨૦ એટલે એ અબળાનો નિકળ્યો, નિશ્ચે ત્યાંતો પ્રાણ; ત્યારે તેની દાહ ક્રિયાતો, કીધી ત્યાં નિરવાણ. ૨૧ પુંઠે ઉત્તર ક્રિયા પણ, કીધી ત્યાં નિરવાણ; વળતી માસિક શ્રાદ્ધ કરીને, પુત્ર થયો તૈયાર. ૨૨ નિજ માતાનાં અસ્તિ લેઈ, નાંખવા ગંગામાંય; સુવાદતો ચાલ્યો પ્રીતિથી, નગ્ર મુકીને ત્યાંય. ૨૨ દ્વાદશ ગાઉ આવ્યો એટલે, રાત્રી પડી તેઠામ; ત્યારે પુરમાંહી કીધો, વિપ્રને ત્યાં મુકામ. ૨૪ તે બ્રાહ્મણે સેવા કીધિ, સુવાદનં વીશેષ; તેમજ માડી આસન આપ્યું, આથમતાં દીનેશ. ૨૫ એટલે એતો આસનમાંહી, બેઠો દ્વિજનો બાળ; શીવ શીવ એમ મુખે જપતો, ત્વરાથી વીતેકાળ. ૨૬ હવે એ બ્રાહ્મણને ત્યાહી, સવત્સા એક ગાય; તેને દોહોવા માટે આવી, બ્રાહ્મણી તેવેળાય. ૨૭ ત્યારે તેના પતિ એ છોડયો, વાછરડો તે ઠામ; તેતો દોટ મુકીને આવ્યો, ગૌપાસે અભિરામ, ૨૯ વળતી એતો ધાવવા લાગ્યો, વૃષભ તેણે ઠાર; ત્યારે થોડીવારે વિપ્રે, વછોડયો નિરધાર. ૨૯ તેથી એ બ્રાહ્મણના ચાટયા, વૃષભેતો ત્યાં પાય; એટલે દ્વિજને ક્રોધ ચઢયો બહુ નિશ્ચે તે વેળાય. ૩૦ તેથી તેણે ક્રોધ કરીને કુણીકેરો સાર; વાછરડાને માર મારીયો, તે તો અપરંપાર. ૩૧ તે સઘળું એ ગૌવેદીઠું, પુત્ર તણું દુઃખ ત્યાંય; ત્યારે તેને આવ્યાં આંસુ, નેત્ર કમળની માંય. ૩૨ વળતી પેલી દ્વિજના-

ત્નિતો, ધેનુનેદોહી સાર; પોતાના ઘરમાંહી આવી, સત્વર તેણીવાર. ૩૩ ત્યારપછીથી સર્વે સુતાં, વીપ્ર વીપ્રની નાર; એટલે નિંદ્રા આવીતેને, ગાઢ સુષુપ્તીસાર. ૩૪ તે કાળે નીજ માતા કેરૂં, દેખી દિલ ઉંદાસ; વાછરડોતો કહેવા લાગ્યો ગૌપ્રતિ વાકય વિલાસ. ૩૫ અહો માત કયમ રૂદન કરેછે. તેતો કહે આવાર શું સંકટ આવ્યું તુજ અંગે, આ વખતે નિરધાર. ૩૬ એવું સાંભળી સુરભી બોલી, સાંભળમારા બાળ, તુજને માર્યો તે દુઃખ મુજને, સાલે છે આકાળ. ૩૭ એવું સાંભળી વત્સ બોલિયો, સાંભળમારીવાત; પોતપોતાને કર્મ પ્રાણી દુઃખ ભોગવે સાક્ષાત. ૩૮ તેને દેખી દીલની માંહી, કરવો નહિવળી કલેશ, કોઈ કોઈ સંકટને દુઃખડું, લેવાયે નહિ લેશ. ૩૯ પુત્ર કોણુને માત કોણુ છે, કોણુપિતાને ભ્રાત સંસ્કારે સર્વ એ મળીયું, પક્ષિવત સાક્ષાત. ૪૦ તેમાટે સ્નેહી સંબંધી, તેને સારૂ કયાય; પાપ કર્મને કલેશ નકરવો, કોઈ વખતે મનમાંય. ૪૧ એવું સાંભળીસુરભી બોલી, સાંભળ મારા તન; તે શઘળું શમજું છું હું પણ, હરિ માયા બળવન, ૪૨ તેણે કરીને તારૂં શંકટ, શાલે મુજને અંગ; જ્ઞાન વાત ગમતી નથી ભાઈ, ઊઠે ખૂબ તરંગ. ૪૩ આ બ્રાહ્મણને એક પુત્ર છે, નાની વયનો શાર; તેનો કાલ શવારે હુંતો, કરવાની શંહાર. ૪૪ ત્યારે મારાદિલમાં થાશે. શાન્તિતો અભિરામ નહિતો તૃણુ પાણી નહિ ભાવે, નિશ્ચે આણે ઠામ. ૪૫ એવી માતા કેરી વાણી, શાંભળીને શદાય; વત્શ ફરીથી કહેવા

લાગ્યો, માન જ્ઞાન કથાય. ૪૬ અરે માત આવું શું બોલે, આવખતે શાક્ષ'ત. સ્વરૂપ ગુન્હા માટે કેમ થાયે, દ્વીજના સૂતની ઘાત. ૪૭ પૂર્વે ખોટાં કર્મ કર્યાથી, આવ્યો પશુ અવતાર વળીઆ જન્મે આવું કરતાં કયમ થાયે ઊદ્ધાર.૪૮મારે માટે કર્મ શરીશ પણ, ભોગવશે તુજદેહ તે માટે છોડીદે દીલથી, અશુભ આચર્ણ એહ. ૪૯ એવું સુતનું વાકય સુણીને, ગૌ બોલી વાચાય; અહો પુત્ર હત્યા છૂટવાનો, જાણુ હું ઉપાય. ૫૦ જ્યારે એબ્રાહ્મણના સુતને મારીશ મારા બાળ તે વખતે કાળું અંગ થાશે, મારૂ તેણે કાળ. ૫૧ હે જયારે રેવામાં નાહીશ, નંદીકેશ્વર પાશ ત્યારે મારૂં પાપ મુંકાઈ, ધોળી થઈશ પ્રકાશ ૫૨ એવું શાંભળી વત્યશન બોલ્યો, શમજ્યો મનમાં વાત થવાકાળ નવ મિથ્યા થાયે, કોઇ વખતે શાક્ષાત. ૫૩ આ શઘળો માત સુત કેરો, વાદ વિવાદજ જેહ શસ્તી ગીર સુવાદે સુણીયો, આણીને ખુબ સ્નેહ. ૫૪ ત્યારે એ સુવાદે કીધો, અંતરમાં વિચાર; આ શઘળું કૃત જોવું મારે, રહિને આણેઠાર. ૫૫ એમ વિચારિ શસ્તા ગીર એ, બ્રાહ્મણકેરો બાળ; શાન્તિ પામી સુતો શત્વર, નિશ્ચેતેણે કાળ ૫૬ એવામાં થોડી વેળાએ, ઊગ્યો દીનકર દેવ; ત્યારે તે બ્રાહ્મણના ઘરનાં, જાગ્યાં સૌ તતખેવ. ૫૭ એવામાં એ બ્રાહ્મણ કેરો, પુત્ર હતો વળી જેહ; તે તો દાતણ કરવા બેઠો, તેમાં નહિ સંદેહ. ૫૮ ત્યારે તે બાળકના તાતે, વાકય કહ્યુ તે ઠાર; દોહોતી વેળા ગૌ પાસે તું, ઊભો રહેજે સાર.૫૯ એવું કહીને

એ બ્રાહ્મણ તો, ગયો નગ્રની માંય; ત્યારે તેની પત્નિ આવી, ગૌ દોવાને ત્યાંય. ૬૦ ત્યારે પેલો બાળક ઉભો, લાકડી ઝાલી હાથ; મૃત્યુ જેનું સમીપ આવ્યું છે, તે વેળા સાક્ષાત. ૬૧ તે વેળા બાળકને દેખી, ગૌએ સાધ્યો લાગ; મર્મ જગામાં શ્રંગ મારીયું, આણીને અનુરાગ. ૬૨ તેથી મુર્છા ખાઇને પડીયો, બ્રાહ્મણ કેરો બાળ; ત્યારે હાહાકાર થયો ત્યાં, લોક મળ્યા તતકાળ. ૬૩ એવું દેખી તેની માતા, રડવા લાગી સાર; એવામાં એનો પિતા પણ, આવ્યો તેણે ઠાર. ૬૪ તે તો સુતની પાસે આવી, બોલ્યો રડતી વાણ; તે કાળે એ બાળક કેરો, નીકળ્યો નિશ્ચે પ્રાણ. ૬૫ એવું દેખી બ્રાહ્મણને તો, ચઢયો અતિશય કાળ; તેથી પેલી સુરભીને તો, માર્યો માર વિશાળ. ૬૬ વળતી તેને છોડી મુકી, આણીને અનુ-રાગ; તે તો વેગે ચાલી ત્યાંથી, ઉતાવળી મહાભાગ. ૬૭ તેની પુંઠે રાત્રી વાસી, સુવાદ દ્વીજનો બાળ; તે તો ચાલ્યો તે કાળે, આણી પ્રેમ વિશાળ. ૬૮ જેની ખાંધે નીજ માતા નાં, અસ્તિ છે નિરધાર; વળી વારે વારે બોલે છે, શીવ શીવ એવું સાર. ૬૯ હવે પેલી ધેનું ચાલી, આણીને ઉલ્લાસ; તે તો રેવા પાસે આવી, નંદીકેશ્વર પાસ. ૭૦ તે ઠેકાણે તેણે કીધું, સ્નાન વળી ત્રણ વાર; તેથી તેનું પાપ હણાયું, શ્વેત થઇ નિરધાર. ૭૧ એવું દેખી વિસ્મય પામ્યો, સુવાદ તો તેકામ; વળતી મુખથી કહેવા લાગ્યો, વાણી તો અભિરામ. ૭૨ ધન્ય ધન્ય આ રેવાજીને, ધન્ય ધન્ય શિવરાય; જેમાં સ્નાન

કર્યાંથી શંવર, દારૂણ પાપ હણાય. ૭૩ એવું કહીને નાહયો શતવર, સુવાદ તો તે ઠામ; પુંઠે નંદિકેશ કેરૂં, કર્યું દર્શન અભિરામ. ૭૪

વલણ. વગતિ ત્યાંથિ ચાલીયો, બ્રાહ્મણ કેરા તનરે; દુર્ગા કહે કાશિ વિષે, જાવા જેનું મનરેરેરે. ૭૫

ઈતી શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં. બ્રાહ્મણસ્ય ઇતિહાસ વર્ણનો નામ ચતુઃસપ્તિતમોઽધ્યાયઃ ૭૪

અધ્યાય ૭૫—મો નંદીકેશ્વરમહિમા.

રાગ મારૂ.

બોલ્યા સુતપુરાણી વચન, સુણો શૌનકાદીમુનીજન, હવે સુવાદ વિપ્રતો જેહ, ચાલ્યો કાશીની વાટેજ તેહ. ૧ તેને મારગમાં નિરધાર, મળી સુંદરી એકજ સાર; જેનું ચંદ્રના જેવું વદન, અતિ કોમળને ગૌર તન. ૨ તેણે સુવાદને પુછી વાત, અલ્યા વિપ્ર ક્યાં જાયે સાક્ષાત; તે તું સત્ય કહે મુને આજ, થશે તે થકી તાહારૂં કાજ. ૩ ત્યારે બ્રાહ્મણ બોલ્યો વચન, સુણો સુંદરી સુંદર તન; મારી માતા કેરાં અસ્તિ જેહ, જાઊછુ ગંગામાં નાખવા તેહ. ૪ તેમાં મારગમાં આવેળાય, દીઠા નંદીકેશ્વર શીવરાય; અતિ ઉત્તમ છે એહ ઠામ, દર્શન કરતાં ટળે દુઃખ ધામ. ૫ વળી એ ઠેકાણે કરતાં સ્નાન, નાસે દારૂણ હત્યા નિદાન; જોયું પ્રત્યક્ષ પારખું આજ, થયું સુરભી કેરૂં કાજ. ૬ એવી સુવાદની સુણી વાણી, બોલ્યાં સ્વધુંની તો પ્રેમ આણી; અહો વીપ્ર તું સાંભળ વાત, નાંખ્ય અસ્તિ એ ઠામે સાક્ષાત. ૭ માસ વૈશાખ આ

તો કહેવાય, સુદી સપ્તમી છે આવેળાય; માટે આજનો દીન તો સાર, નિશ્ચે ગંગા આવે આણે ઠાર.૮ એવું સાંભળી બ્રાહ્મણુ તન, ફરી કહેવા લાગ્યો વચન; અહો નારી હશે સાચું એહ, પણુ મારો મટે ન સંદેહ.૯ત્યારે પ્રીતિ આણી અભિરામ, બોલ્યાં ગંગા ફરીથી તે ઠામ; અહો બ્રાહ્મણુ સાંભળ વાત, ભાગીરથી હું તો છું સાક્ષાત. ૧૦ જઊંછું એ ઠેકાણે વેહેવા સાર, ભક્ત વચનથી નિરધાર; એવું કહી ગંગા તેણે સ્થાન. થયાં તત્કાળ અંતરધ્યાન. ૧૧ હવે સુવદ વિપ્રેતો ત્યાંય, સાચું માન્યુંએ અંતરમાંય; પછી પાછો વળ્યો દ્વીજ એહ, આવ્યો નંદીકેશ પાસે તેહ.૧૨ વળતી માતાનાં અસ્તિ તો સાર, અરધાં છોડયાં પોતે તેણે ઠાર;પછી નાંખ્યાં સરિતાનીમાંય, અતિ વિશ્વાસ આણીને ત્યાંય ૧૩ તેણે સમે તેની જેહ માત, બોલી આકાશ માંહી સાક્ષાત; અહો પુત્ર તું સાંભળ વાણુ, નિશ્ચે મારૂં થયું છે કલ્યાણુ, ૧૪ હું તો જાઉછું કઇલાશમાંય, સુખ પામીશ સુંદર ત્યાંય; માટે બાકીનાં અસ્તિ તો જેહ, નાંખ્ય આ ઠેકાણે આણી સ્નેહ. ૧૫ એવું માતાનું સુણી વચન, થયો સુવાદ ઝાઝો પ્રસન્ન; પછી અસ્તિ હતાં પેલાં સાર, તેતો નાખી દીધાં તેણે ઠાર. ૧૬ વળતી સ્નાન કરી તેણે ઠામ,ગયો પોતા તણેતો મુકામ; એવો એ સ્થાનનો મહિમાય,કહ્યો વિસ્તારીને આ વેળાય. ૧૭ તેને સાંભળે જે કોઈજન, તેનાં છુટે બધાં ધન; એવી સુતની સાંભળી વાણી, બોલ્યા શૌનક તો સ્નેહ આણી.

૧૮ અહો સુત સુણો એક વાત, દઢચિત્ત રાખીને સાક્ષાત;
નંદીકેશ્વર જે શીવરાય, કેમ વસ્યા એ સ્થાને સદાય. ૧૯
કોણે સ્થાપીયું છે એહ બાણ, કીયા કારણથી નિરવાણ;
વળી વૈશાખ માસની માંય, કેમ ગંગા આવે છેજ ત્યાંય.
૨૦ તેહ સઘળી વારતા સાર, કહો વિસ્તારીને આણીવાર;
જેથી આનંદ અત્યંત થાય, રીઝે પશુ પતી મહાકાય. ૨૧
એવાં વિપ્રનાં સુણી વચન,બોલ્યા સુતપુરાણી પાવન;અહો
વિપ્ર સુણો મારી વાત, કહું પુછેલું પ્રશ્ન સાક્ષાત.૨૨ રશીકા
નામે બ્રાહ્મણી એક, રાંડી બાળપણા માંહી છેક; તેથી ઉપ-
ન્યો તેને વઈરાગ, ભક્તિ કરવા લાગી મહા ભાગ. ૨૩ રેવા
કાંઠે આવી રહી એહ, કરે પાર્થિવ પુજન તેહ; વળી કષ્ટ
વેઠે ઘણું કાય, શીવ શીવ જપે છે સદાય. ૨૪ તેથી થોડે
દિવસે તેણે સ્થાન, આવ્યા મૃત્યું જય ભગવાન; તેની સાથે
ગંગા નદી જેહ, આવી તે પણ આણીને સ્નેહ. ૨૫ તેને
દેખીને વિપ્ર કુમારી, ઊઠી ઉભી થઈ ગર્વ હારી; લાગી
બેઉ જણાંનેજ પાય, સ્તુતિ કરવા લાગી તદાય. ૨૬ ત્યારે
શંકર બોલીયા વાણ,સુણ વિપ્ર સુતા નીરવાણ;હું તો શંકર
જાતે સાક્ષાત, ગંગા નદી આ દીસે પ્રખ્યાત. ૨૭ તારા તપ
થકી અભીરામ, આવ્યાં બેઉ અમે આણે ઠામ; માટે પ્રીતી
આણી આણે સ્થાન, માગ્ય મન ગમતું વરદાન. ૨૮ જેહ
માગીશ સુદરી તુંય, તેહ આપીશ નિશ્ચય હુંય; એવી
શીવની સાંભળી વાણી, બોલી રસીકા તો પ્રેમ આણી. ૨૯

અહો શંકર આણી કૃપાય; આપો ભક્તિ તમારી સદાય,
વળી લિંગ થઈ તમે આજ; રહો આ ઠેકાણે મહારાજ. ૩૦
તેમ ભાગીરથી પણ સાર, માસ વઈશાખમાં નિરધાર; શુદી
સાતમને દીન માત, વહે આસ્થાનમાંહી સાક્ષાત. ૩૧ એવી
બ્રાહ્મણની સુણી વાણી, બોલ્યા પશુ પતિ હર્ષ આણી;
અહો નારી તેં માગ્યું વચન, તેમ વરતીશ હું નીશ દીન.
૩૨ એવું કહીને શંકર દેવ, થયા લિંગ રૂપે તતખેવ; હતી
સપ્તમી તે દહાડે સાર, માટે ગંગા વહ્યાં તેણે ઠામ. ૩૩
પછી રસીકાએ તેણે સ્થાન, સ્થાપ્યું શીવ લિંગ એતો
નિદાન; પાડયું નંદીકેશ્વર એવું નામ, જેને ઓળખે જક્ત
તમામ. ૩૪ તેનું દર્શન કરતાં સાર, કોટી હત્યા ટળે નિર-
ધાર; વળી રેવામાં ન્હાતાં મુનીશ, થાય પવિત્ર દેહ તે દીશ.
૩૫ વર્ષે વર્ષે આવે જ્યારે સાર, માસ વઇશાખતો નિર-
ધાર; શુદી સપ્તમીએ તેહ ઠામ, ગંગા આવી વહે અભિ-
રામ. ૩૬ નાહ્ય તે દહાડે જે કોઇજન, અતી વિશ્વાસ આણીને
મન; તેનાં અસંખ્ય પાપ હણાય, ગંગા સ્નાન તણું ફળ
થાય. ૩૭ નથી ખોટી જરા એહ વાત; વેદ પુરાણમાંહી
પ્રખ્યાત, એક રેવાને બીજી ગંગાય; ત્રીજા નંદી કેશ શીવ-
રાય. ૩૮ ત્રિવેણિ તીર્થ એતો કહેવાય, માશ વઇશાખમાંહી
શદાય; માટે એક ફેરો પણ શાર, જન શર્વેએ ન્હાવું તે
ઠાર. ૩૯ કરવું શંકરનું દરશન, અતિ શુદ્ધતા આણિને મન.
૪૦ વલણ.એ રિતે સુતે કહયો, નંદિકેશ મહિમાયરે;

દુર્ગા કહે તેને સુણે, તે નર મોક્ષે જાયરેરેરે. ૪૧

ઇતિશ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે ગ્નાન સંહિતાયાં
નંદીશ્વર મહિમા વર્ણનો નામ પંચસપ્તતિમોઽધ્યાયઃ ૭૫

અધ્યાય ૭૬—મો અત્રિશ્વર મહિમા.

રાગ સામેરી.

સુતપુરાણિ એણીપેરે બોલ્યા, શાંભળો સૌ ઋષીરાય; વિસ્તારી શંભળાવું હાવે, અત્રિશ્વર મહિમાય. ૧ દક્ષિણ દિશામાંહી વન છે કામદ નામે શાર, રમ્ય જગાએ તો બહુ સારી, ઝાડી વૃક્ષ અપાર. ૨ તે વનમાં બ્રહ્માના દિકરા, અત્રિ નામે જેહ; તેતો નિજપત્નિની સાથે, તપ કરતા મુની દેહ. ૩ તે કાળે ત્યાં હરિ ઇચ્છાથી, અનાવૃષ્ટી થઇ સાર; સો સંવત્સર મેઘ ન વરસ્યો, સુર્ય તપ્યો નિરધાર. ૪ તેણે કરીને વૃક્ષ સુકાયાં, ખુટયું જળને અંત; ત્યારે ત્યાં પીડાવા લાગ્યા, ત્યાંના વાસીજન. ૫ એવું દેખી અત્રી કેરી, પત્ની તો વળી જેહ; અનુસુયાછે નામ જેહનું, તેમાં નહિ સંદેહ. ૬ તેતો નીજ સ્વામીની પ્રત્યે, બોલી તેણે ઠાર; અહો નાથ આ કયમ સેહેવાયે, દુખડું અગરંપાર. ૭ એવું સાંભળી અત્રી કહે છે, સાંભળ અબળા વાત; દૈવગતિ ઉપર નવ ચાલે, કોઈનું બળ સાક્ષાત. ૮ એવું કહીને ધારી સમાધી, મુનીએ તેણે ઠામ; શુષ્ક કાષ્ટવત થઈને બેઠા, ધ્યાન વિષે અભિરામ. ૯ ત્યારે સઘળા શિષ્ય હતા તે, નાઠા ત્યાંથી સાર; એટલે અનુસુયાએ આદર્યું, દારૂણ તપ નિરધાર. ૧૦ પાર્થિવેશ્વર કરતાં પોતે, રાખી અંતરહાર હામ; વળી શંકરનું સ્મરણ

કરે છે, અંતરમાં અભિરામ. ૧૧ એવી રીતે વર્ષ વિતીયાં, ચોપનતો મુનિતન, તે કાળે અત્રિતો જાગ્યા, ઉઘાડયાં લોચન. ૧૨ વળતી નિજ પત્નિની પાસે, માગ્યું જળ તે ઠાર; ત્યારે અનુસુયા તો પડીયાં, વિચારમાં નિરધાર. ૧૩ કયાંથી જળ લાવીશ આ વખતે, સુકી સર્વધરાય; નવ આપું તો નિષ્ફળ થાશે, સ્વામિની આજ્ઞાય. ૧૪ એમ વિચારી લેઈ કમંડળ, ચાલ્યાં એ અબળાય; ત્યારે તેની પુંઠે પુંઠે, ચાલ્યાં ત્યાં ગંગાય. ૧૫ તેતો અનુસુયાને કહે છે, સાંભળ અબળા વાણુ; તારી મન ઇચ્છા છે તેતો, પુરૂં આજ પ્રમાણુ. ૧૬ એવું સાંભળી અનુસુયા કહે છે, સાંભળ ને તું નાર; કયાં રહે છે ને કોની પત્નિ, તેતો કહે આઠાર. ૧૭ આ વનમાં કેમ આવી બાઈ, મારી પાસે આજ; તે સઘળું વિસ્તારી કેહેને, જે હોયે તે કાજ. ૧૮ ત્યારે ગંગા કહેવા લાગી, સાંભળ સખી આ ઠામ; શંકરની પત્નિ હું કહાવું, ગંગા મારૂં નામ.૧૯ તારૂં તપ દેખીને હુંતો, પ્રસન્ન થઈ આ કાળ; તે માટે તુજ પાસે આવી, હણુ કષ્ટ વિશાળ.૨૦ એવું શાંભળી અનુસુયા કહે, શાંભળો ગંગા માત. ૨૧ ત્યારે ગંગા કહેવા લાગ્યાં, શાભળને અબળાય;જળ જોઈએ તો ખાડો કર એક, નિશ્ચે આવેળાય. ૨૨ એવું શાંભળી મુનિ પત્નિએ, કીધો ખાડો ત્યાંય, ત્યારે ગંગા પાણી રૂપે, પ્રગટયાં તેની માંય. તેને દેખી દ્વિજપત્નિતો, ખુબ થયાં રળિયાત; વળતિ ગંગા પ્રત્યે બોલ્યાં,વાણિ તો સાક્ષાત. ૨૪ અહો માત મારા સ્વા-

બીજે, અત્રિ નામે સાર; તે અહિં આવે ત્યાં સુધી તો, રહે જો આણે ઠાર. ૨૫ એવું સાંભળિ ગંગા બોલ્યાં, સાંભળને અબળાય; તેં સ્વામીનિ સેવા કીધિ, આણિ ઊત્કંઠાય ૨૬ તેમાંથી દીન ત્રિશજ કેરૂં, ફળતો કહિએ જેહ; તે તો આપો મુજને બાઈ, આણિને અતી સ્નેહ. ૨૭ તે કાળે અત્રી પત્નીએ, આણી હર્ખ અપાર; એક માસનું ફળ આપીયું, પતી સેવાનું શાર.૨૮ વળતી જળનું પાત્ર ભરીને, અત્રિ રૂષીની નાર; પતિની પાસે આવી પોહો- ચ્યાં, ક્ષણું ન લાગી વાર. ૨૯ તે પુંઠે જળ આપ્યું મુનિને, પ્રશન થઈ મનમાંય; ત્યારે અત્રિ વિસ્મય પામ્યા સત્વર પોતે ત્યાંય. ૩૦ આખી પૃથ્વી સુકાઈ ગઈ છે, જળ વિના અવતાર; તો આ અબળા કયાંથી લાવી, પાણી આણેઠાર. ૩૧ એમ વિચારી વારી પીધું,વળતી બોલ્યા એહ;અહો પ્રિયા જળ કયાંથીલાવી,સાચું કહેને તેહ.૩૨ત્યારે અબળાકહેવાલાગી,શાં ભલો મારા નાથ;આ ઠેકાણે ગંગા આવ્યાં, તમ પુન્યે શાક્ષાત. ૩૩ તેમાંથી જળમેં તો આણ્યું,નથિ વૃષ્ટી થઈ આજ; શત્ય કહુંછું હું તો સ્વામિ, સુધર્યું સર્વે કાજ. ૩૪ એવું સાંભળી મુનિવર બોલ્યા, સાંભળને અબળાય ગંગા આવ્યાં એવું કહુંછું, તે કયમ સત્ય મનાય. ૩૫ ત્રિદશને દુર્લભ તે ગંગા, કયમ આવે આઠાર; માટેતું જુઠું બોલેછે,નિશ્ચેઆણીવાર. ૩૬ એવું સાંભળી અનુસુયા કહે, ચાલો મારી સંગ; ગંગાજી બતલાવું તમને, આણીને ઉમંગ. ૩૭ ત્યારે અત્રિ ચાલ્યા

પોતે, ગંગા જેવા સાર આગળ અબળા પુંડળ પોતે, બ્રહ્મા-
ના કુમાર. ૩૮ ખાડની આગળ આવી બોલી, અનુસુયા
વાચાય, અહોનાથ દેખો આગંગા, ગર્તવિષે મહાકાય. ૩૯
ત્યારે પેલા ખાડા ઉપર, આવ્યા મુનિવર સાર; તો તોજળ
નિર્મળ મહીં દીઠું, ગંગોદકનિરધાર. ૪૦ તેથી તે કાળેતો
ઉપજયો, અંતરમાં ઉલ્લાસ; ધન્ય ધન્ય એમ કહેવા લાગ્યા
મુખથી વાકય વિલાસ. ૪૧ તે પુંઠે ત્યાં મુનિયેકીધું, એખા
ડામાં સ્નાન વળી સંધ્યા આદિ સૌ કર્મો, કીધાં તેણે સ્થા-
ન. ૪૨ અનુંસુયા પણ નાહ્યાં પોતે, ચોળીનેજ કાય; વળતી
પતિની પુંજા કીધી, આણીને શ્રદ્ધાય. ૪૩ તે કાળે ત્યાં ગંગા
આવી, કહેવા લાગ્યાં સાર; અહો સતી આપો મુજનેતો,
આજ્ઞા આણીવાર. ૪૪ એવું સાંભળી અનુસુયા કહે, સાં-
ભળ ગંગામાત; લોક તણા સુખમાટે તારે, રહેવું અહીંસા-
ક્ષાત. ૪૫ મોટાકેરો ધર્મ એહ છે, પોતે પામે દુઃખ પણ
સામા પ્રાણીને આપે નિશ્ચે એતો સુખ.૪૬ તે માટે આજ્ઞા
નહિ આપું જાવાની તો સાર શદાકાળ રહેવું માતાજી, નિશ્ચે
આણેઠાર. ૪૭ એવી રીતે અત્રિએપણ કરગરીને કહીવાત,
ત્યારે ગંગા કહેવા લાગ્યાં, પ્રીતથી શાક્ષાત. ૪૮ અહો શતી
તે શિવપુજાને. પતિસેવાનિરધાર કષ્ટ વેઠીને કીધી નિત્યે, આ
ઠેકાણે શાર, ૪૯ તેમાંથી એક શંવત્શરનું, ફળ આપેજો
આજ તોતો રહું અહીંવાશ કરીને, નિશ્ચે તારે કાજ. ૫૦
પતિવ્રત જેવી નહિં વાલી, મુઝને તો કોઈ નાર જેના પુન્યે

પ્રથ્વી રહી છે, ઝગની ઉપર શાર. ૫૧

વલાણુ, એવું સાંભળીને વધાં, અત્રિની અબળાય રે;
દુર્ગો કહે એ પૂછતાં, સાધવીનો મહિમાયરેરેરે. ૫૨

ઇતી શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે ગ્નાન સંહિતાયાં.
અત્રિશ્વર મહિમા વર્ણનો નામ ષટસપ્તિતમોઽધ્યાયઃ ૭૬

અધ્યાય ૭૭—મો સાધવી મહિમા.

બોલ્યા સુત પુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિજન; પછી અહલ્યા તો તેણે ઠાર, પુછે પતિવૃતનો પ્રકાર. ૧ અહો ગંગાજી આણી કૃપાય, કહો સાધવીનો મહિમાય, જેથી સુણતાં જ્ઞાન પમાય, વળી ચિતમાં આનંદ થાય. ૨ એવી અહલ્યાની સુણી વાણી, બોલ્યા ગંગા નદી પ્રેમ આણી; પતિવ્રતા હોયે પ્રિયા જેહ, પાળે સ્વામિની આજ્ઞા જેહ. ૩ સ્વામી પેહેલું ન ભોજન કરે, સ્વામિ વિયોગે ઉદાસી ફરે; સ્વામિને દુઃખ થાતાં જ સાર, પ્રાણ પોતાનો કંપે અપાર. ૪ સ્વામી સામું ન બોલે કદાય, રાખે અત્યંત સ્નેહ સદાય; સ્વામિ વેચે ત્યાં વેચાય એહ, તજે સ્વામિ આજ્ઞામાં સંદેહ. ૫ સોંપે તન મનને નિજધન, કદિ બોલે ન કુડું વચન, પ્રભુ તુલ્ય માનીને હમેશ; કરે ત્રિકાળ પુજા તો એશ. ૬ ચાપે ચર્ણ સદા અભિરામ, જપે ઈશ્વરનું નિત્ય નામ; મુખ મલકતું રહે સાર, પાળે પોતા તણો કુળાચાર. ૭ અંગ ઢાંકીને ફરે હમેશ, કોઈ કાળે કરે નહિ ક્લેશ; કુઆચરણી પતિ વળી હોય, તોય નિંદા કરે નહિં સોય. ૮ વ્યભિચારણી ને દ્રોહી નાર, તેનો સંગ તજે નિર

ધાર; અંધ પંગુને રોગીષ્ટ કાય, નિર્બળ નપુંસક શઠતાય. ૯ ક્ષમિ દારિદ્રીને જુઠા અતિ, ભાંડે ગાળો વળી દુષ્ટ મતિ એવો હોય પતિ નિરધાર, તોય, માનવો ઇશ્વર સાર. ૧૦ નવ તોડવી તેની આજ્ઞાય, કરવી સાધુતા રાખી સેવાય; સ્વામી આજ્ઞા વિના કોઈ નાર, કરે જપ તપ વૃત્ત અપાર. ૧૧ પણ ફળે નહિ તેને એહ, મિથ્યા મજુરી થાય છે તેહ; સ્વામિ આજ્ઞા એતો મહામંત્ર, સ્વામિ સેવા વિષે બધા તંત્ર. ૧૨ સ્વામિ ખાતાં વધ્યું જેહ અંન, તેતો પુરોડાશ છે પાવન; સ્વામિ સેવા વિના નિરધાર, નથી સ્ત્રીને બીજો અધિકારી. ૧૩ એવાં ગંગાનાં સુણી વચન, થયાં અહલ્યા પોતે પ્રસન્ન; પછી પતીસેવામાંથી સાર, એક વર્ષ તણું નિરધાર. ૧૪ આપ્યું ગંગાને પુન્ય તે ઠામ, અહલ્યાએ પોતે અભિરામ; સરિતા આણી કૃપાય, રહ્યાં તે સ્થળમાંહી સદાય. ૧૫ તેણે સમે પૃથ્વી ફોડી સાર, નિકળ્યા શંકર તો નિરધાર; જેના તેજ તણો નહિં પાર, સાથે પારવતિ નિર-ધાર. ૧૬ તેને દેખી બેઉ જણ ત્યાંય, અતિ હર્ષ પામ્યાં દીલમાંય; પછી જોડીને ઉભય પાણ, સ્તુતી કરવા લાગ્યાં નિરવાણ. ૧૭ જય જય દયાળું મહેશ, જયજય નિરંજન વેશ; જય જય સદા શીવરાય, જયજય શંભુ મહાકાય. ૧૮ એવી સ્તુતિ કરી વિપ્રે જ્યારે, બોલ્યા ગાજીને શંકર ત્યારે; અહો બ્રહ્મા તણા સુકુમાર, ધન્ય ધન્ય તમોનેજ સાર. ૧૯ ધન્ય તારૂણી નીશ્ચે તમારી, કરી ભક્તિ અતિ એણે ભારી;

થયો પ્રસન્ન એ થકી આજ, પુરૂં સર્વે મનોરથકાજ. ૨૦
માટે માગો તમે આણે સ્થાન, આપું સારાં સારાં વરદાન;
એવું સાંભળી ત્રિપ્ર વચન, બોલ્યા અત્રિ રૂષિ મહામન. ૨૧
અહો શંકર દેવ કૃપાળ, આપો ભક્તિ તમારી આ કાળ;
એવું ત્રિલોકમાં નથી સુખ, શીવ શીવ જપે સદા મુખ. ૨૨
વળી માગું બીજું વરદાન, રહોલીંગ થઈ આણેસ્થાન; જેથી
મુને મળ્યાની એધાણી, રહે વિશ્વનીમાંય પ્રમાણી. ૨૩
એવાં મુનીનાં સુણી વચન, થયા શંકર ખુબ પ્રસન; પછી
અસ્તુ કહી તેણે ઠાર, થયા લિંગ રૂપે ત્રિપુરાર. ૨૪ ત્યારે
અત્રિ રૂશિયે તે ઠામ, કર્યું સ્થાપન તો અભીરામ; પાડયું
અત્રિશ્વર નામ તદાય, દીઠે કોટીકવિઘ્ન હણાય. ૨૫ વળતી
અહલ્યાને તેડી ત્યાંય, આવ્યા અત્રિતો આશ્રમમમાંય;
ખાન પાન કરે છે હમેશ, ભજે નિર્ગુણનાથ મહેશ. ૨૬
એમ અત્રિશ્વર કેરો સાર, કહયો સુતે મહિમા આણેઠાર; તેને
સાંભળશે જેહ જન, તેનાં ચુટે તમામ બંધન. ૨૭

વલાણુ. એ રીતે સુતે કહી, પાવન પુન્ય કથાયરે; દુર્ગો
કહે હાવે કહે, અચળેશ્વર મહિમાયરેરેરે. ૨૮

ઈતી શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં.
સાધવી મહિમા વર્ણનો નામ સપ્ત સપ્તિતમોઽધ્યાયઃ ૭૭

અધ્યાય ૭૮—મો અચળેશ્વર મહિમા.

રાગ સામેરી. સુતપુરાણી એણીપેર બોલ્યા,
સાંભળો સૌ રૂશીરાય; વિસ્તારી સંભળાવું હવે, અચળેશ્વર
મહિમાય,૧ પુર્વે રવિના કુળમાં પ્રગટયો, નળરાજા બળવાન;

તેણે ગત જન્મે કીધું તું, પુણ્ય વળી તે સ્થાન. ૨ તેણે કરીને શંકર રીઝયા, તેના ઊપર સાર; તેથી વિરસેન નૃપને ત્યાંહી, આપ્યો શુભ અવતાર. ૩ એવું સાંભળી શૌનક બોલ્યા, આણી પ્રેમ અપાર; પુર્વે શું નળરાયે કીધું, પુન્ય વળી નીરધાર. ૪ તે સઘળું વિસ્તારો કહોને, અમને તો મહારાજ; જેણે કરીને શાન્તિ થાયે, સંશય જાયે આજ. ૫ તે કાળે ત્યાં સુત બોલિયા, હરખીને નિજમન; અહો મુનિવર નળ રાજાની, વાત સુણો પાવન. ૬ અર્બુદાચળ ઉપર રહે તો, ભીલ્લ જાતતો એક; આહુક એવું નામ તેહનું, પ્રતાપી વિષેક. ૭ આહુકી પત્નિ શુભ તેની, એપણ જ્ઞાની સાર; શંકર કેરી ભક્તિ કરતાં, બેઊ જણાં તે ઠાર. ૮ કોટીશ્વર શંકર ત્યાં વસીયા, તેનું કરે પુજન; વળી સાધુની સેવા કરતાં નીરમળ જેનું મન. ૯ એક દિવશના સમાયોગમાં, આહુક ભીલ તો જેહ; શંકરની પુજા કરવાને, નિકળ્યો ઘેરથી તેહ. ૧૦ તે તો શીવમંદિરમાં આવ્યો, આણીને ઊલ્લાશ; વળતી શીવની પુજા કરવા, બેઠો સત્ય પ્રકાશ. ૧૧ એવામાં તેને ઘેર આવ્યો, સન્યાશી તો એક; તેણે આહુકીને દીઠી, એકલડી વિશેક. ૧૨ તેથી ભય પામીને ઉભો, છેટો એતો શાર; કારણ કે પુરૂષ વિના, કયમ રહેવાયે તે ઠાર. ૧૩ તેને દેખી આહુકીએ, આપ્યું ઝાઝું માન; પિતા કહીને તેડી આણ્યો, પોતા કેરે સ્થાન. ૧૪ એવામાં આહુક પણ આવ્યો, કરીને શીવ પુજન; તેથી સન્યાશીને દેખી, ખુબ

થયો પ્રસન્ન. ૧૫ અર્ધ્યપાદ્યથી પુજા કરીને, આહુક લાગ્યો પાય, વળતી મુખથી કહેવા લાગ્યો, સ્વામિ કરો આજ્ઞાય. એવું શાંભળી સન્યાશી કહે, રહેવું છે અહીં રાત; તે માટે સ્થાનક બતલાવો, અમને તો શાક્ષાત. ૧૭ એવું શાંભળી આહુક બોલ્યો, સાંભળોને મહારાજ,મારૂં ઘર નાનું છે માટે બીજું માગો આજ. ૧૮ એવું ભીલનુંવાકય સુણીને,સન્યાશીએ સાર; એ સ્થાનકથી જાવા કેરો, કીધો મન વિચાર. ત્યારે ભીલડી કહેવા લાગી, સ્વામિને વચન; અહો નાથ આ કાળે થાયે, ધર્મ તણું છેદન. ૨૦ કારણ કે એ રાત્રિ રહેવા, આવ્યા આપણે ઘેર; તેને કાઢી મુકતાં થાયે, નિશ્ચે કાળો કેર. ૨૧ તે માટે તમે બે સુઓ, ઘર મધ્યે મહારાજ; હું તો શસ્ત્ર લેઇને રહુંછું,ઘરની બારણે આજ. ૨૨ એવું સ્ત્રીનું વાકય સુણીને, ભીલ ઘણો મુંઝાય, સ્ત્રીને બારણે રાખી મુજથી ઘરમાં કયમ સુવાય. ૨૩ તે માટે ડંડીને અબળા, સુએ ઘરની માંય; મારે શસ્ત્ર લેઇને ફરવું, રક્ષણ કરવા આંય. ૨૪ એવો નિશ્ચય કરીને ઘરમાં, સુવાડયા મહારાજ; અબળા પણ સુતી ઘરમાંહી, જેને ઝાઝી લાજ. ૨૫ આહુક શસ્ત્ર લેઈને ઉભો, ઘરની બહારે શાર; શીવ શીવ એવું જપતો મુખથી, આણી પ્રેમ અપાર. ૨૬ એવામાં અર્ધી રાત્રીએ, આવ્યો શાર્દુલ એક; તેણે ભીલને મારી નાંખી, ભક્ષણ કીધું છેક. ૨૭ પ્રાત:કાલે સન્યાશીએ, દીઠું એ વીપરીત; ત્યારે ચિંતા કરવા લાગ્યા, અંતરમાં ખચિત. ૨૮ તે કાલે આહુકી

બોલી, શાંભળોને મહારાજ; હોનારથ મટતું નથી માટે, ચિંતા છોડો આજ. ૨૯ તમારા રક્ષણને અર્થે, નિકળ્યો પતિનો પ્રાણ; તેથી જન્મ સફળ છે એમનો, આ વખતે નિરવાણ. ૩૦ હું પણ તેમની પુંઠળ પાડીશ, આ વેળાએ દેહ, પતિની પુંઠે બળવું સ્રીને, તેમાં નહી સંદેહ. ૩૧ એવું કહીને તે અબળાએ, આણી મન ઉલ્લાશ; કાષ્ટ લાવીને ચિતા બનાવી, પોતાના ઘર પાશ. ૩૨ વળતી સ્વામિ કેરૂં લીધું, શીશ ખોળાની માંય; તે પુંઠે અગ્નિ સળગાવ્યો, નિશ્ચે એણે ત્યાંય. ૩૩ તે કાલે શીવ મંદિરથી, પ્રગટયા શીવ ભગવાન; તે તો વર દેવાને આવ્યા, ત્વરા થકી તે સ્થાન. ૩૪ ધન્ય ધન્ય એમ કહેવા લાગ્યા, આહુકીને ઇશ; અહો પ્રીયા તારા સમ અબળા, નથી કોઈ આ દીશ. ૩૫ યોગી કેરો પ્રાણ ઉગાર્યો; પતિને આપી જ્ઞાન; તેણે કરીને પ્રશન્ન થયો હું, નિશ્ચે આણે સ્થાન. ૩૬ ભીલ તણી જાતિમાં આવી, દીઠું નહિ તમે સુખ, તે માટે વરદાન આપું છું, આ વેળા પ્રમુખ. ૩૭ નઈશધ નગ્રની માંહી થાશે, આહુકનો અવતાર, નળરાજા કહેવાશે એ તો; નિશ્ચે તેણે ઠાર. ૩૮ તું પણ વિદર્ભ દેશની માંહી, ભીમક નૃપને ઘેર, જનમ ધરીને નળને પરણીશ, પોતે આનંદભેર. ૩૯ તમને બેને પરણાવાને, હંસ થશે આ સંત; જેની વાણી અમૃત જેવી, શોભીતો ગુણવંત. ૪૦ એવી રીતે એ જન્મે ત્યાં, ભોગવો સુખ વીલાસ; વળતી દંપતી તમને હું તો, તેડીશ મારી પાસ. ૪૧ એવું શીવનું

વાકય સુણીને, આહુકી એ નાર, શંકર પ્રત્યે કહેવા લાગી, આણી પ્રેમ અપાર. ૪૨ અહો નાથ આ સ્થાનકમાંહી, રહો સદા ભગવાન; મુજને વર આપ્યાની એ તો, નિશાની આ સ્થાન. ૪૩ તે કાલે શંકર તો બોલ્યા, સાંભળને અબળાય; તારી ઈચ્છા છે તો મારે, રહેવું આ વેળાય. ૪૪ એમ કહીને લિંગ સ્વરૂપે, થયા સદાશીવ દેવ; ત્યારે તેનું સ્થાપન કીધું, સન્યાશીએ એવ. ૪૫ આહુકી પણ દગ્ધ થઈ ત્યાં, પતિની સાથે સાર; અબળાનો એ ધર્મ કહાવે, અનાદિનો નિરધાર. ૪૬ શીવપુજાથી ન ચળી એ તો, આહુકી અબળાય; તે માટે એ શંકર કેરી, અચળેશ્વર આખ્યાય. ૪૭ અર્બુદાચળ પર્વત ઉપર, હજુ સુધી એ ઈશ; જેનું દર્શન પુજન કરતાં; મોક્ષ મળે તે દીશ. ૪૮ સુત કહે અચલેશ્વર કેરો, કીધો આ મહિમાય; તેને જે કોઈ શ્રવણ કરે છે, તેનાં સંકટ જાય. ૪૯

વલણ. એ રિતે સુતે કહિ, અચલેશ્વર લીલાયરે; દુર્ગા કહે હાવે કહે, બિલ્વેશ્વર મહિમાયરેરેરે. ૫૦

ઇતિશ્રી શીવપૂરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં અચલેશ્વર મહિમા વર્ણનો નામ અષ્ટસપ્તતિમોઽધ્યાયઃ ૭૮

અધ્યાય ૭૯ મો—બિલ્વેશ્વર મહિમા.

રાગ મારૂ. બોલ્યા સૂતપુરાણી વચન, સુણો શૌનકાદિમુનિ જન; હવે બિલ્વેશ્વર કેરી જેહ કહુ, વિસ્તારીને કથા એહ. ૧ એક સમે શ્રી વિષ્નુ એ સાર, ધર્યો ગોકુળમાં અવતાર; થયા શ્રી કૃષ્ણ રૂપે કૃપાળ, ધર્મ સ્થાપવા તેણે કાળ. ૨ વર્ષ એકાદશ સુધી સાર. રહ્યા ગોકુળમાં કીરતાર; પછી મથુરાંમાં

ગયા હતા તેહ, તાતને ઘેર આણીને સ્નેહ, ૩ માર્યો કંસ-વળી તેણે ઠાર, રાખી હિંમત હૈયે અપાર; ત્યારે સસરો તેનો જરાસંઘ, આવ્યો કૃષ્ણને હણવા એ અંધ. ૪ કાળયવન કંસને મિત્ર આવ્યો તેપણ ત્યાંતો વિચિત્ર, એવું દેખીને શ્રી ઘનશ્યામ, નાઠા ત્યાં થકીતો અભિરામ. ૫ આવ્યા મુચકંદ સુતો તો ત્યાંય, પેઠા પ્રભુપોતે ગુફામાંય તેની પૂંઠે એ યવન દુષ્ટ, પેઠો ઉતાવળો રૂષ્ટ ૬ કર્યો શ્રી હરીએ ત્યાં ઉપાય, શાલપોતાની લીધી તદાય; મુચકંદને ઓઢાડી તેહ, પછી સંતાયા શ્યામળ દેહ. ૭ તેણે સમે તો યવને ત્યાંય, આવી જોયું પેસીગુફા માંય; ત્યારે ઓળખી કૃષ્ણની શાલ, તેથી લાત મારી તતકાળ. ૮ તેણે સમેતો મુચકંદ રાય, ઉઠીબેઠો થયો મહાકાય; ત્યારે તેહના નેત્રથી સાર, નિકળ્યો દારૂણ અગ્નિ તે ઠાર. ૯ તેણે કરીને કાળયવન, બળી ભસ્મથયો નિજતન એમ શત્રુને મરાવી ત્યાંય, આવ્યા શ્રી કૃષ્ણ મથુરામાંય. ૧૦ ત્યાંતો જરા સંઘતણી સાર, દીઠીસેના ગણી નિરધાર; તેણે નગ્ર બધું ઘેરી લીધું, કષ્ટ યાદવોને અતિ કીધું. ૧૧ એવું દેખી શ્રીકૃષ્ણે તદાય, કર્યો ઉગારવાનો ઉપાય; લોક મથુરાંના હતા જેહ મુકયાસિંધુના બેટમાં તેહ. ૧૨ વિશ્વકર્માની પાસેજસાર, નગ્ર રચાવિયું તેણે ઠાર; પૂરી દ્વારામતી એ કહેવાય, જેની સ્વર્ગના જેવી શોભાય. ૧૩ હવે બળ ભદ્રને કૃષ્ન દેવ નિકળ્યા લડવા માટે તતખેવ; તેણે યુદ્ધ અતિશય કીધું તોય કારજકાંઈ નવ સિધ્યું. ૧૪ જરાસંઘે

હરાવ્યા તેઠાર મારીઁ અત્યંત આયુદ્ધ માર; તેથી નાઠા પોતે બેઉ ભ્રાત આવ્યા દ્વારિકાં સાક્ષાત. ૧૫ પછી શ્રી કૃષ્ણે કીધો વિચાર, પામ્યો યુદ્ધ વિષે હું તોહાર વધ્યુથ-તરૂનુબળ વિશેષ;નહિં જીતામ એતો નરેશ.૧૬ માટે શંક-રનું હું તો સાર, કરૂં તપ વળિ કોઇ ઠાર; એમ વિચારીને ઘનશ્યામ, ચાલ્યા નગ્ર થકી અભિરામ.૧૭ રેવતાચળ નામે તે કાળ, હતો પર્વત એક વિશાળ; તેના ઉપર આવિયા એ હ, નથી તેમાં જરાય સંદેહ. ૧૮ હતા ઊપન્યુ રૂષી તે ઠાર, લિધો મંત્ર તેના થકી સાર, પછિ કરીને દઢ આશન, બેઠા ભક્ત થઈ ભગવન.૧૯ કરતા શિવનાં પાર્થિવ બાણુ,પુજે પ્રિ તિ આણી નીરવાણુ,કમળ બીલીને કરવીરફુલ,શંખાફુલી ધં તુરો અમુલ્ય.૨૦તેને ચઢાવે ત્રિકાળ સાર,ધુપદીપ કરે નિરધાર; એમ સપ્ત મહિના સુધી ત્યાંય,રાખ્યા શંકરને ધ્યાનમાંય.૨૧ તેથી રીઝયા પોતે પશુપાળ, ત્યારે આવિયા ત્યાં તતકાળ; સાથે નંદી ભૃંગીગણુ સાર, ગૌરી ખોળા વિષે નિરધાર. ૨૨ બેઠા વૃશભ ઊપર દેવ, ઝાલ્યું હાથમાં ત્રિશુળ એવ; એવા શંકરને દીઠા જ્યારે, ઉઠિ ઉભા થયા કૃષ્ણુ ત્યારે. ૨૩ લા-ગ્યા પ્રીતી આણિ ઝટપાય, સ્તુતિ કરવા લાગ્યા તદાય; મુકિ ચર્ણ વિષે નીજ શીષ, ઘણિ સ્તુતિ કરી તેણે દિશ. ૨૪ ત્યારે બોલીયા શંકરરાય, કહે શ્રી કૃષ્ણુને ત્યાં તદાય; અહો કૃષ્ણુ સુણો મારિ વાત, કેમ કષ્ટ વેઠયું આ સાક્ષાત. ૨૫ આવ્યું સંકટ શું તમ શિર, તેતો અર્થે કહો રણુધીર; એવિ

શંકરની સુણિ વાણિ, બોલ્યા શ્રી કૃશ્ન ત્યાં સ્નેહ આણિ. ૨૬ અહો નાથ તમે નિરધાર, ચક્ર આપ્યું છે પુરવે શાર;તેણે કરિને હું તો શદાય, કરૂં ત્રિદશ કેરીજ શહાય. ૨૭ પણ હાલ જરાસંઘ ભુપ, તેણે જીત્યો મુને તો અનુપ; નાઠો હારીને હું મહારાજ, ગઇ તે થકી જક્તમાં લાજ. ૨૮ માટે કૃપા કરી આ વેળાય, બતાવો એનો મૃત્યુ ઉપાય; એવું સાંભળીને તેણે દીશ; કહેવા લાગ્યા પોતે ઊમા ઇશ. ૨૯ અહો કૃશ્ણ સુણો આ વેળાય, જરાસંઘની કહું કથાય; એણે તપ કીધું મારૂં સાર, તેથી અજીત છે નિરધાર. ૩૦ પણ બતાવું એક ઉપાય, તેથી મૃત્યું એનું સદ્ય થાય; ભામસેનની સંગાથે શ્યામ, યુદ્ધ કરાવોને અભિરામ. ૩૧ તેમાં ભીમને હાથેજ સાર, મૃત્યું પામશે એ નિરધાર; વળા આપું છું હું વરદાન, જય થાશે તમારો નિદાન. ૩૨ ભજશે તમને કોટીક જન, તેનાં છુટશે સર્વ બંધન; બીજી ઈચ્છા હોયે મન જેહ, માગો મારી પાસે વળી એહ. ૩૩ એવી શીવની સાંભળી વાણી બોલ્યા તે સમે પુરૂષ પુરાણી; અહો નાથ કરીને કૃપાય, રહો આ સ્થાન માંહી સદાય. ૩૪ એવું સુણીને શંકર દેવ, થયા લીંગ રૂપે તતખેવ; ત્યારે શ્રીકૃશણે આણીને પ્રેમ, કીધું સ્થાપન તો વળી તેમ. ૩૫ આવીયા પોતાને ઠામ, દ્વારામતિ વિષે અભિરામ; બિલ્વેશ્વર એ શીવ કહેવાય, તેના દર્શનથી દુ:ખ જાય. ૩૬ એવાં સુતનાં સુણી વચન, બોલ્યા શૌનકજી મહામન; અહો સુત તમે સુણો વાત, એક ચિત્ત

રાખીને સાક્ષાત. ૩૭ કહ્યું શંકરને કૃશણે જેહ, ચક્ર આપ્યા નું કારણ એહ; તે તો કે દહાડે આપિયું સાર, શીવે કૃપા કરી નિરધાર. ૩૮ એવાં મુનીનાં સુણી વચન, બોલ્યા સુત થઇને પ્રસન; અહો મુનિ તમે પુછયું જેહ, કહું વિસ્તારીને હવે તેહ. ૩૯ એક સમે તો પ્રથ્વીમાં સાર, વધ્યું દૈત્યોનું જોર અપાર; તેણે સંતાપ્યો દેવને અતિ, ધર્મ ચર્ણ છેદ્યા દુષ્ટ મતિ. ૪૦ તેથી દેવતા પામીને ત્રાસ, આવ્યા શ્રીકૃશ્ન કેરીજ પાસ; પછી કહેવા લાગ્યા નિજ દુઃખ, દૈત્યે દીધેલું તેહ પ્રમુખ. ૪૧ તેને સાંભળીને વિશણુ દેવ, બોલ્યા દેવો પ્રતિ તતખેવ; અહો દેવતા સાંભળો વાણ, તમ કસ્ટ તણો હુંછું જાણ. ૪૨ માટે ધીરજ રાખોને મન, કસ્ટ કરીશ હુંતો છેદન; એવું કહીને વિશણુએ ત્યાંય, શીવપુજા ધારી દીલ માંય. ૪૩ એક સ્થાનકમાં બેઠા એહ, કીધા પાર્થિવ ત્યાં આણી સ્નેહ; પછી સહસ્ત્ર નામથી સાર, કમળપુજા કરી તેણે ઠાર. ૪૪ એક નામ દેઈ એક કંજ, ચઢાવત પોતે મન રંજ; ત્યારે શંકરે તો તેણે ઠાર, જોવા પરિક્ષા વિશણુની સાર. ૪૫ એક કમળ તો હર્યું ત્યાંય, અતિરાજી થઈ દિલમાંય; હવે છેવટતો તેણે ઠામ, એક કંજ ખુટયું અભિરામ. ૪૬ એટલે વિશણુ એ જાણી વાત, કમળ હર્યું આ શિવે સાક્ષાત; એક નામ વધ્યું એણે કાળ, નથી કમળ પુસ્પ વિશાળ. ૪૭ માટે નેત્ર ઉઘાડીનેસાર,ચઢાવું શિવને નિરધાર; એમ વિચારીને વિશ્નુરાય, નિજ નેત્ર ઉખાડવા જાય. ૪૮

એટલે પ્રગટયા ત્યાં શંકર દેવ, પાર્થિવબાણ થકી તતખેવ; પછી વિશ્નુજીને તેણે ઠાર, કહેવા લાગ્યા પોતે ત્રિપુરાર.૪૯ ધન્ય ધન્ય વિશ્નુ મહારાજ, કરી તમે પુજા મારી આજ; કમળ બદલે ચઢાવી લોચન, કીધો નિશ્ચય વિચારમન. ૫૦ તેથી પ્રસન થયો હું દેવ, માટે માગો હવે તતખેવ; એવી શીવની સાંભળી વાણી, બોલ્યા પ્રીતિથી પુર્ષ પુરાણી. ૫૧ અહો નાથ આણીને કૃપાય, આપો ચક્ર તમે આ વેળાય; જેણે કરીને હુંતો કૃપાળ, આણું રાક્ષસ સર્વનો કાળ. ૫૨ એવી રીતે બોલ્યા વિશ્નુ જ્યારે, આપ્યું પીનાકીએ ચક્ર ત્યારે; વળી બીજાં બહુ વરદાન, આપ્યાં શંકરે તો તેણે સ્થાન. ૫૩ પછી કઈલાશમાં ગયા ઈશ, ચક્ર આપીને શ્રી જુગદીશ; વળી વિશ્નુજી થઇ પ્રસન્ન,આવ્યા પોતાતણેતો સદંન. ૫૪ એવું સુણીને શઉનક વિપ્ર, બોલ્યા સુતની સાથેજ ક્ષીપ્ર; અહો સુત સુણો મારી વાત, કૃપા આણી આ સમે સાક્ષાત; ૫૫ તમે કહ્યું કે વિશ્નુએ સાર, કમળ પુજા કરી નિરધાર; તેતો સહસ્ર નામથી ત્યાંય,કંજ ચઢાવ્યાં આનંદ માંય. ૫૬ તેહ સહસ્ત્ર નામ તમામ, સુણાવોને વળી આણે ઠામ. ૫૭

વલણ. એવું સુણીને બોલીયા, સુત ભટ મહાકાયરે; દુર્ગો કહે એતો કહે, સહસ્ર નામ સંખ્યાયરેરેરે. ૫૮

ઇતિશ્રી શીવપૂરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં બિલેશ્વર મહિમા વર્ણનો નામ નવસપ્તતિતમોઽધ્યાયઃ ૭૯

અધ્યાય ૮૦ મો—શિવનાં હજાર નામ.

રાગ મારૂ.

બોલ્યા સુત પુરાણી વચન, સુણો શઉનકાદિ મુનિ જન; તમે પુછયાં જે શીવનાં નાંમ, એક શાહસ્ર તો અભિ-રામ. ૧ તેને વિસ્તારી કહું આણી વાર, સુણો એક ચિતે નિરધાર; જેને સાંભળે સંકટ જાય, સ્મર્ણ કીધા થકિ મોક્ષ થાય. ૨ શીવ હરને પુસ્કર સાર, મૃડ રૂદ્ર શંભુ નિરધાર; પુસ્પ લોચન સર્વ કહેવાય, અર્થિ ગમ્ય સદાચારી રાય. ૩ મહેશ્વર કપાલી ત્રિવેશ, ચંદ્ર મૌલી ચંદ્ર પીડ એશ; વિશ્વ વિશ્વામરેશ્વર એમ, તિલલોહિત વેદાંત તેમ. ૪ સારસંદોહ ને ધ્યાન ધાર, અપરિચ્છેદ ઉગ્ર વિચાર; ગૌરી ભર્તા ગણેશ્વર ઈશ, વિશ્વમુર્તિ મહા યોગીધીશ. ૫ એષ્ટ મુર્તિ ત્રિવર્ગ કહે-વાય, સ્વર્ગ સાધન એવી આખ્યાય; જ્ઞાનગમ્ય ત્રિલોચન દેવ વામ, દ્રડ પ્રજ્ઞ પરિવૃઢ નામ. ૬ વામદેવ પદુદ્રઢ સાર, દેવ મૃદુ નિરધાર; વિશ્વરૂપ વિરૂપાક્ષ નાથ; શુચી સત્તમ ગોપ્તા સાક્ષાત. ૭ ત્રિલોચન વિરૂપાક્ષ દેવ, વૃષ વાહન વૃષાંક એવ; સર્વ પ્રમાણ સંવાદી સાર, બ્રહ્માધુર્જટી મર્મ આધાર. ૮ ખટવાંગીને પરમેષ્ટી કહેવાય, ચિરંતન તમો હરરાય; પ્રણુ-વાત્મક સુભગ દેવ, કૃતિવાસા દુર્વા સાજ એવ. ૯ પુરૂષા-સન પુરૂષ દયાળા, જુશ્ય દિવ્યા યુધકાળ કાળા; સ્કંદ ગુરૂ પરાત્પર સાર; અનાદિ મધ્ય વાગીશ પાર. ૧૦ નીઘન ગિ-રિશા ઉનંદ્ર એહ, ગિરિજાધવ શ્રીકંઠ દેહ; લોક વર્ણોતમ

ભગવાન, સમાધિ વેદ્ય સુરેશ માન. ૧૧ સુર્ય તાપનકો દં-
ડીકામ, વિશાલા ક્ષપર સ્વધી શ્યામ; કુબેર બંધકેતુ મૃગ
વ્યાધ, ક્ષમા ક્ષેત્ર ભક્તિ વશ સાધ. ૧૨ પ્રકૃતિ કલ્પ ભગ ને
ત્ર ભીત, અવ્યયતારકતપસ્વી જીત; કમળેક્ષણ વેદ કલ્યાણ,
અંતરાત્મા તસ્સ્વી પ્રમાણ. ૧૩ પ્રભુ પ્રધાન ધીમાન સાર,
મહા યોગી વેત્તા નિરધાર; સર્વ લોક પ્રજાપતિ નાથ, નિ-
યંતાશ્રય ચંદ્ર સાક્ષાત. ૧૪ વેદ શાસ્ત્ર તત્વજ્ઞ દેવ, અનીય-
મશાની સુર્ય એવ; અદ્રિ અદ્રયાલય કાંત કાવે, વિદ્રુમચ્છ
વીસીદ્ધ સોહાવે. ૧૫ અગબાણાર્પણ તપ દેહ, અનઘવરાંગ
સ્થવીર એહ; જક્ત ગુરૂ પરમાત્મા કહેવાય, સર્વ કર્માલય
તુષ્ટરાય. ૧૬ મંગલાવૃર્ત્ત મંગલ્ય સ્વામિ, મહા તપાસ્થ
વિષ્ટ સુધામિ; દિર્ઘ તપા સંવત્સર સાર, અહધરૂવ વસુ
નિરધાર. ૧૭ શંવત્શર વ્યાપ્તી અજ કહેવાય, પ્રમાણ પર
મંતપરાય; શંવત્શરકારી શિદ્ધ દયાળ, મંત્ર પ્રત્યય મહા-
બળ શાળ. ૧૮ શર્વ દર્શન યોગી યોગ્ય કહાવે, મહારેતા
શર્વાદિ સોહાવે; મહાતેજા સીદ્ધી ધન્વી શત્ય, શર્વપાપ-
હારી શાન્ત મત્ય. ૧૯ વસુમના અગ્રહ બાણ હસ્ત, ઉશણ
રસ્મી પ્રતાપીજ સ્વસ્તા; શોભન શ્રીમાન સુકિર્તિનાથ,
અવાંગમની અમ્રત શાક્ષાત. ૨૦ શગોચર શાશ્વત ભોક્તા
દેવ, લોકનાથ રૂરાધર એવ; અતીંદ્રિય કમંડલુ ધાર, વેદવી
ન્મુની વેદાંગકારી. ૨૧ મહોત્શાહી બ્રાહ્મણ કહેવાય, ચતુ-
સ્પથ ભોજન મહામાય; કાલયોગી મહાનાદ સ્વામિ, તા-

ક્ષ્યે પશુપતિ દશનામી. ૨૨ પ્રીય ભક્ત વરંત પદાતા, કામ-
શાશન કર્તા કહેવાતા; કર્મદીને દયાકર દેવ, સુક્ષ્મ નીલય
સ્મશાન એવ. ૨૩ સ્મશાનસ્થ મહેશ્વર રાય, મહા કર્તા
શુદ્ધાત્મા કહેવાય; મરગપતિ મહોષધી એહ, ઉત્તર ગોપ
તિ સુનીતિ દેહ. ૨૪ જ્ઞાનગમ્યનીતિ પુરાતન, મહેશ્વર સુની
તિ સદન; સોમ સોમપને સુધાપતિ, સૌમ્ય મહાતેજામહા
દ્યુતિ. ૨૫ તેજોમય અમરતમય ઈશ, અન્નમય સનાતન
શ્રીશ; હવ્ય વાહનને સુત્રકાર, લોકસંભાવ્ય મહર્ષિ સાર.
૨૬ કપિલાચાર્ય ભુદેવ સ્વામિ, અજાત શત્રુસ્વસ્તીનામી;
સ્વસ્તીકૃત સુધી સુખી દયાળ, સોમરત વિશાખ વિશાળ.
૨૭ શાખગોશાખ સારથી એવ, વિશ્વદીપ્તી વિલોચન તેવ;
સુત્રકારી કવિકર્ણીકાર, અમરત વીજીગાત્મ સાર. ૨૮ વી-
ષયાત્મા સુકીરતી કહેવાય, છીન્ન સંશકાંત ગણાય; કૃતા
ગમ કામી ભસ્મસાયી વીશ્વઋક ભવ્ય પુષ્કલ ન્યાયી. ૨૯
ભુત વાહન ભીષક શીવ, ધાત્ર ધામા ઊગારક જીવ; સર્વ
ગોચર સર્વંગ સ્યામ, બ્રહ્મઋક પ્રીય સ્થીર વીરામ. ૩૦ દેવ
કર અને લોક કર, સર્ગ પિનાક પાણી સુંદર; અનુત્તમ સ
ગણુ કામ પાળા. ગંગાપ્લવોદક ઘ્રત ભાળ, ૩૧ ભસ્મોદ્ધુ-
લીત વિગ્રહ દેવ, ધામ કરતા મહા બુદ્ધી એવ; મહાવીર્ય
નીશાચર નાથ, ભુત ચારી પુરંદર ભ્રાત. ૩૨ મહાશક્તી મહા
દ્યુતિરાય, પ્રેત ચારી શ્રીમાન કહેવાય; અનિર્દેસ્ય વપુતીર્થ
રૂપ, સર્વાચાર્ય મનોગતી ભુપ. ૩૩ નિયતાત્મા બહુશ્રૂત

શાર, ધરૂવ અધરૂવ ધનુષ્યધાર; ઓજસ્તેજો દ્યૂતિધર મંત્ર, સર્વ સાશક નતર્ક તંત્ર. ૩૪ પ્રકાશાત્મા પ્રશાશક સ્વામિ, સાર સંપ્લવ ગંભીર ગામી; દ્યૂગાવર્ત દ્યૂતિધર દેવ, ઈષ્ટવિશિષ્ટશીષ્ટેષ્ઠ એવ. ૩૫ શલભશરભ ને સ્તુત્ય એવા, વૃષવાહન સમાન તેવ; અપાંનીધિ અધિષ્ઠાન સાર, વિજય અર્થદ બુદ્ધ વિચાર. ૩૬ પ્રતિષ્ટીત પ્રમાણજ્ઞ પુર, તીર્થીદ્રસ્ય વિમોચન સુર; હરિ હીરણ્ય કવચ કાવ, વળી વિઘેશ સૌભણોભાવે. ૩૭ બિંદુ શંસ્રયને બાળરૂપ, બલોન્મત્ત વિકર્ત્તા અનુપ; ગુહ ગહન ગુરૂદ સ્વામિ, સર્વ બંધ વિમોચન વામી. ૩૮ વ્યવસ્થાન લલિત અભેદ, વિરભદ્ર વિરેશ્વરવેદ; ભવાત્માત્મની શંસ્થિતરાય, કારણ કર્ત્તા વ્યવસાયી કહેવાય. ૩૯ વિરાસન વિધી વીરાટદેહ, વીર ચુડામણી ખગ એહ; તિવ્રાનંદ નંદીશ્વર રાય, આજ્ઞાધાર ત્રિશુલી કહેવાય. ૪૦ શીપી વિષ્ટ વિરંચવીરામ, રૂચી નીત્ય રવી અભીરામ; મહાચાપ સુધાપતિ રાય, લલાટાક્ષ શવિતા કહેવાય. ૪૧ વિશ્વદેહ શંચર શાનુરાગ, કૈલાશાધીપતી મહાભાગ; યુક્તિરૂન્નત કીર્તી દયાળ, શાશ્તા વૈવશ્વત યમકાળ. ૪૩ ચક્ર શંશારધારક દેવ, સુધાપતિ સુબ્રહ્મણ્ય એવ; બધીર સુશાર્ણ કૌશીક શ્વામી, શર્વ શાધન શ્વરબંધુ નામી. ૪૩ વાચશ્પતી અહર્પતી એમ, અનીવારીત ગોમાન તેમ; શ્રવણ કીર્તત પુણ્ય કલ્યાણ, શંવર બ્યાદ્રુશ્રવાનીરવાણ. ૪૪ શવિતા શ્વિ લોચન ઇશ, વીત્ત ભય પરંજય શ્રીશ; બ્રહ્મવર્ચ

શીઅ મોઘટંડ, શ્વરબંધુ સુબ્રહ્મણ્ય ખંડ. ૪૫ વીશ્વભર્ત્તા રૂચીમઘપાન, નીલકંઠને શાર નીદાન; પ્રણુવ દુષ્કૃતતીહા મહાકાશ, નીત્ય નીયત દુશ્વપ્ન નાશ. ૪૬ અભવ દુઃશહ વીજ્ઞેય દેવ, ત્રીદશાધીપતી ભાનુ એવ; ભીમભીમ પરાક્રમ નાથ, વર્ધીમાન ધ્યેય શાક્ષાત ૪૭ રૂચીરાંગદ પારગ પારગ પ્રાણુ, જન જન્માદિ કીરીટી જાણુ; કશ્યવીશીષ્ટ સત પથાચાર, સકલાગમ સુવિશ્શાર. ૪૮ નીતિમાન પ્રતિમાન શ્વામિ, વિશ્વ ગોપ્તા મહાનઘ નામી; વિશ્વકર્તા જન્માધિપ ધીર, જનન એકાત્મા ઐશ્વર્ય શીર. ૪૯ વિશ્વભુષણુ વિહતમ શાર, તત્વવિત રશીતત્વ ચાર, જન્મમૃત્યું જરાતીગશ્વામિ, બ્રાહ્મણુ વિશ્વ શહવિભુનામી. ૫૦ પંચયજ્ઞ શમુત્પત્તિ શાર, વિમલોદયને યોગ પાર; આત્મયોનિ અનાંધંત ઈશ, ભક્ત લોક ધર્તા ભક્ત શીશ. ૫૧ વત્શલ ગાયત્રી વલ્લભ દેવ, પ્રાંશુ પ્રભાકર શીશુ એવ; વિશ્વ વાશ ગિરિ રત નાથ, શત્રૂહાને સુખેણુ શાક્ષાત. ૫૨ અમો ઘોરીષ્ટ નેમી શમાટ, વીગત જ્વર કુમુદઘાટ; જયોતિશતનુ જ્વયંતિ રૂપ, આત્મ જયોતિ અચંચળ ભુપ. ૫૩ મહાની નીતિ વિશ્વોત્પત્તિ શાર, ઉપપ્લવ ઉદ્યોગી અપાર; જ્ઞાનકંદ મહાનીતીદેવ, ભાલનેત્ર ત્રચિતનુ એવ. ૫૪ કપીલ શ્મશ્રૂપીંગલ કાય, ભગવિ વત્વાનાદીશાય; પુણ્ય દર્શનને પાપહારી, પાપહા ભગ કલ્યાણુ કારી. ૫૫ દુર્ગમ દુર્ગ દયાળ, દુરાવાસ દુરાસપાળ; સમાવતતુર્બાહુદેવ, પુંજ સદાશીવ એવ. ૫૬ અનીવૃતત્માસુલંતુ

સાર; ધર્મ પુંજ સર્વ યુધ વાર, આત્મ યોગી નીલવજગ-દીશ; લોક સારંગ સુભાંગ ઇશ. ૫૭ તંતુવર્ધન વીશારદ સ્વામી, જગદીશ જનાર્દન નામી; ભસ્મ શુદ્ધી કરો મેરૂ સાર, ઓજસ્વી શુદ્ધ વિગ્રહપાર. ૫૮ સાધુ સાધ્ય અસાધ્ય મહેશ, ભૃત્ય કર્મટ રૂપ ધરેશ; વ્યાઘ્રચર્માંબર બળવાળી, રિપુજીવ વિના શકશાળી. ૫૯ મહાગર્ત મહારદ દેવા, સીદ્ધ વૃંદારવંદિત એવા; મહાભુત મહાનિધિ ઇશ, સ્વર્ણ રેતા પ્રભંજન શ્રીશ. ૬૦ અન્નનાશને શૌર પૌરાણ, પાંજ જન્ય પરાવર પ્રાણ; પંચવિંશતિ તત્વસ્થ દેવ, અમૃત કાયા સુલભ નીધી એવ. ૬૧ સુવૃત્ત વર્ણાશ્રમ ગુરૂ સ્વામિ, બ્રહ્મ વેદ વિશારદ નામી; શતરૂજીન શતરૂતાપન નાથ, અચળેશ્વર વર્ણી સાક્ષાત. ૬૨ ક્ષામક્ષ પણ આશ્રમ વીર, ધર્મ ગોધર્મ સાધનધીર; ગુણ રાશી ગુણાકર સ્વામી, વિશ્વકર્મા મહા માય નામી. ૬૩ વીનીતાત્મા તપસ્વી કહેવાય, અભીવાદ્ય આનંદ સદાય; દંડોદમચીતા દમ દેવ, અનંતાદ્યદૃષ્ટિ પ્રછન્ન એવ. ૬૪ ભુત ભાવનને જ્ઞાનવાન, વાયુ વાહન સત્ય ઈશાન; ધનુર્વેદ ધનુર્ધરનાથ, સત્ય પરસુ પર્ણ સાક્ષાત. ૬૫ પ્રમાણં ભુત દુર્જેયમત્ય, વેશ ઉન્મત્ત જીત કામ સત્ય; અજીત પ્રીય વિતરાગ કાવે સદ્યોગીને સુશાંત સોહાવે. ૬૬ સ્વાધિ-ષ્ઠાન પદાશ્રય દેવ, વૃશા કપી પવિત્રજ એવ; મણિપુર ન ભોગતિ જાણો, સદ સન્મય કૃષ્ણ પ્રમાણો. ૬૭ અર્થનાશન નક્ષત્ર માલી, બ્રહ્મ ગર્ભધનાગમશાળી; શક્ર માસીન સુગત

સાર, કુશ લાગ નમર્ચંડકુમાર. ૬૮ અર્થનાશનના કેશ સ્વામી, જગત હીતેશી અજ્ઞેય નામી; પુરૂ હુત પુરૂસુમ નાથ, વૃહદ ગર્ભ અરાગ સાક્ષાત. ૬૯ ધર્મ ધેનુ અધર્મ વિદારી, જ્ઞાન મુર્તિ સમર્થ વિચારી; જ્યોતિષ્મન અનિરૂદ્ધ દેવ, નાના ભુત રતોદ્ગની એવ. ૭૦ વિશ્વામિત્ર ધનેશ્વર સાર,નયનાધ્યક્ષ અત્રી ઉદાર;બ્રહ્મ જ્યોતિ વસુધામા એહ, મહા જ્યોતિર નુત્તમ દેહ. ૭૧ માતા મહ પુલસ્ત નીદાન, માતરીશ્વા મહાનભ સ્વાન; જાતુ કર્ણ અગસ્ત કહેવાય, અલંકારીષ્ણુ અચળરાય. ૭૨ વીશ શ્રવારો ચીષ્ણું સદાય, ખંડપરશુ એવી છે આખ્યાય; ગિરાગ્રણી અસંસ્ત્રષ્ઠઈશ, ગુરૂ રાત્રેય વૃહ દશ્વત્રીશ. ૭૩ વ્યાલ કલ્પ મહા કલ્પ સાર, કલ્પ વૃક્ષ કળાધરપાર; વિક્રમોન્નત અચળ દેવ, આત્મભુ શીખી સારથી એવ.૭૪ શક્ર પ્રમાથી પાદ પાસન,અતીથી આયુવેગી પ્લવન; હવ્ય વાહન પ્રતત્પા જમ્ય, નર વાહન પાવન તપ્ય. ૭૫ વિશ્વ ભોજન ત્રેવિધમાન, સ્વક્ષ સુમતી સાંબવિદ્વાન; લોહિતાત્મા તનુનપાત સાર, નભોયોનિ વિમલ નિરધાર. ૭૬ સુપ્રતિક નીદા ઘસ્તપન,ગ્રીષ્મ વસંત બીજવાહન; મેઘન ભસ્ય સુર્ભી સુરેશ, શીશીરાત્મક પાવન એશ. ૭૭ સુખાનીલ સુનિષ્યંન નાથ, પરપુરંજયને પ્રખ્યાત;મનો બુદ્ધિ અંગિરા દયાળ,ક્ષેત્રજ્ઞછે પ્રભુક્ષેત્રપાળ.૭૮ મુંડ વિરૂપ વિક્રાંત દેવા, દંડી દાન્ત ગુણોત્તમ એવા; પીંગલાક્ષનીરામય પોતે, નીલગ્રીવ જનાધ્યક્ષ જોતે. ૭૯ બાહુ

સહસ્ત્ર સર્વેશ સ્વામી, ન્નાય નિર્માગકો ન્યાય નામી; ન્યાય ગમ્ય નિરંતર દેવ, ચાતુર્ભાવો ચાતુર્વેદ એવ. ૮૦ ચતુર શ્વતુર પ્રીય એમ, ચારૂ :વિશલ્ય દેવેંદ્ર તેમ; વિશ્વગાલવ યજ્ઞ બિગાલ, જમદઅગ્ની ઘોર કૃપાળ. ૮૧ અનુત્તર નિશ્રેય સંપથ, શ્રેય શૈલ અરીંદમકંથ; લોક કલ્પધરો મહા રૂપ, સર્વ રૂપ ચરાચર ભુપ.૮૨ બહુ રૂપ વિલાખય સ્વામી, સર્વશસ્ત્ર પ્રભંજન નામી; દિવ્ય સહસ્ત્ર મુર્ધા મહેશ,ગગન કુંદાભ સર્વેશ એશ.૮૩ તીર્થ દેવ સમાસ્રાયસાર, દેવાસુર ગુરૂ નિરધાર; પદમ ગર્ભ શરણ્ય દયાળ, સર્વ લોકધારી પશુપાળ. ૮૪ મહાગર્ભ પરંજ્યોતિકાવે, પદમાસન પરંફળ ભાવે; વિશ્વ ગર્ભ વિચક્ષણ નાથ, વિણુધાગ્ર વરેષ્ટ સાક્ષાત. ૮૫ સર્વોત્તમોત્તમરાય,સ્રઘોની દેવસિંહ કહેવાય; દેવ દેવાત્મ સંભવસાર, દેવા સુરેશ્વરો નિરધાર. ૮૬ દેવાસુર મહેશ્વર ભુપ, દેવ દેવમયો ચીંત્યરૂપ; વિચક્ષણ દિવાકર દેવ, ચરાચર જ્ઞ વરદ એવ. ૮૭ મહાબલ મહાશ્રય કાય, દેવાદી દેવાગ્નીરાય; દેવાગ્ની સુખ દાતા દયાળ; અસુર વ્યાઘ્ર વરેશ કાળ.૮૮ લિંગાધ્યક્ષ સુરાધ્યક્ષ સાર,યુગાધ્યક્ષ યુગાવહપાર; શીખી શ્રી પ્રીય પર્વત સ્વામિ, વજર હસ્તનીપાતન વામી. ૮૯ શીદ્ધખડગી નૃસિંહ નરેશ, બ્રહ્મચારિ ધનાધિપ એશ; નંદી નંદીશ્વર શુચી શ્યામ, નગ્ન વૃત્ત ધારી નટ નામ.૯૦ બીજ કર્તા બાણાધ્યક્ષ દેવ, ધર્મ કર્તા અનંતજ એવ; લોકચારી વિચ્છંભુ કહેવાય, ધર્મચારી પાંડુરાભરાય. ૯૧

ધર્મ કૃત ધર્મ સંભવદે,અર્થ અલાભ અનઘ એહ; સર્વ ભુત મહેશ્વરનાથ, સ્મશાનાલયસેતુ સાક્ષાત. ૯૨ લોકોત્તર સ્ફુટા લોકશાર, અપ્રતીમાકૃતિ નિરધાર; ત્ર્યક્ષ ત્ર્યંબકને અંધકારી ખંડપરશુ વિષ્ણુ મખહારી. ૯૩ નાગભુષણ ધુર્જટી ધ્વા,સ્વર ભયસ્વન પુર્ણ એવા; અક્ષયગુણી દક્ષારી દયાળ, હીનદોષા સ્વધર્મા કૃપાળ. ૯૪ સકલ સ્વર્ગત ને તીર્થકારી, પુણ્ય કીર્તિ અનામય ભારી; નિષ્કલ જટીલ સજ્જાતિ સાર, સામગાયક પ્રીય અપાર. ૯૫ જીવીતાંત કરો નિત્યદેવ, જીવિતેશ્વર સદકૃતિ એવ; કાળકંટક ને મહાકાળ, ભુતસત્ય પરાયણપાળ. ૯૬ સુકુમાર સુલોચન સ્વામિ, વસુરેતા વસુ પ્રદનામી, મૃડ સકલાધાર અકાલ, અક્રુર પુરચીતા પ્રતિપાળ. ૯૭ સીદ્ધી સદગતી દંભ મહેશ, સકળ કળાધર લોકએશ; લોક લાવણ્યકર્તા કહેવાય, લોકોત્તર સુખાલય રાય. ૯૮ ચંડ સંજીવન શાસ્તાદેવ, રત પુંડરીક વીર એવ; નાગહારી ધારી નગવાસી, કંધર પાતન આમ્નાય આશી. ૯૯ સર્વ ગક્ષર હિરણ્યવર્ણ, શીવજ્ઞાનર તો સુઆચાર્ણ; બલનીધિ ને પુશદંત ભીત, લોકગુઠ મહાધિપ જીત.૧૦૦ લોકબંધુ અને લોકનાથ, કીર્તિ ભુષણકાંત સાક્ષાત; અનપાયોક્ષર અણુ-દેવ, કીર્તિ ભુષણ ભુપતિ એવ. ૧૦૧ સર્વ શાસ્ત્ર ભૂતાંવર શાર, લોકાનામગ્રણિ નિરધાર; તેજોમય ધુતિધર એહ, દુર નીક્રમ દુર્જય તેહ. ૧૦૨ પ્રશાંનાત્મા શુચીસ્મીત સ્વામિ, જ્યોતિર્મય જગંનાથ નામિ; નિરાકાર જલેશ્વર શાર, તુંબ

વીણ ત્રિલોક આધાર.૧૦૩ ત્રિલોકેશ કૃતજ્ઞ કહેવાય, શોક નાશન વિશોકરાય; શર્વ શુદ્ધી અધોક્ષજ શ્યામ, વ્યક્તાવ્ય ક્ત વિશાંયતિરામ.૧૦૪ હંશ અવ્યક્ત લક્ષણો દેવ, વરશીલો બ્રહ્મા વિશ્નુ એવ; શ્રેષ્ઠ ગુણી શરોમાન શાર, પ્રજાપાળ ધાતા નિરધાર. ૧૦૫ વેધા વિધાતા સ્રષ્ટા કહેવાય, શીખરાવાશી કૈલાશરાય; શર્વવાશી શદા ગતિનાથ, હર્તા હંશગતિ શિદ્ધ રાત. ૧૦૬ ધનમય ચતુર્મુખ દેવા, વયદ્રુહીણ વૃશદ એવા; યોગવિદ યોગી વરદ એહ, ભુતપાલ વિશાલાક્ષ તેહ. ૧૦૭ વશાવર્દ્ધન વીશમાક્ષ સ્વામી, દેવચિંતક દેવજ્ઞ નામી; દેવપ્રીય અને દૈવનાથ, નીરૂપદ્રવ દ્રષ્ત શાક્ષાત. ૧૦૮ શર્વતું પરીવ ર્તક શાર, નીર્મમ નીમોહ નીરઅહંકાર; દર્પહાવય દર્પદ ઈશ, બ્રાહ્મણ: પ્રીય ગોવિંદશ્રીશ. ૧૦૯ ભૂત ભવ્ય ભવન્નાથ સ્વામી, શહસ્રાર્ચી મહાકોશ નામી; શહસ્રજીત્ પ્રભવ એહ, સ્નીગ્ધ પ્રકૃતી દક્ષીણ તેહ. ૧૧૦ અર્થ અનર્થ પંડીતરાય, નીઃકંટક સુમુખ કહેવાય; પરકાર્યૈક શાત્વીક દેવા; કૃત.નંદ અર્કપીત એવા. ૧૧૧ વ્યાજ મર્દન નીવ્યાં જ શ.:, શાત્વીક શત્વ કીર્તી નીરધાર; ભૂતી નાશ ન પ્રભવ કહાવે, સ્નેહ કૃતાગમ ભણો ભાવે. ૧૧૨ ગુણ- ગ્રાહી નૈકાત્મા કહેવાય, નિજાનંદી દુર્ગાપતિ રાય; સુક્ષ્મ સુકરને સત્વવાન, દક્ષિણા નીલ મકટ નિદાન. ૧૧૩ અંક પિતાય શોધન ઈશ, સુમુખ સુપ્રીત સત્વસ્થ શ્રીશ; નંદી સ્કંધ ધરો ધુર્ય ત્વામી, અદ્રત સ્વધૃત સિદ્ધ વિરામી.૧૧૪

પુતમુર્તિભુતિશ્રુતિમાન, શ્રૂતિ પ્રકાશક બળવાન; શ્રંગ-
ધારી શ્રંગી શીઘ્ર ગામી, શીવાર્રંભ શ્રી વત્સલ નામી.૧૧૫
એક નાયક વરાહે દેવ, એક બંધુ સમોયશ એવ; સત્યવા-
હન ભુષાણુસાર, નૈક કર્મ કરો નિરધાર. ૧૧૬ અપરાજીત
પ્રીતિ વર્ધન, સર્વ સત્વને ભુત ભાવન; ભુશયવરાહ અનેક
કારી, શાંતભદ્ર વિશારદ ભારી. ૧૧૭ ભુત કર્તા શુભદ
ભકિતકાય, શુભકર્તા અનર્થિ તરાય, કાલહાને અંકપક-
હાવે, જિલ લોહિત તો ભણો ભાવે. ૧૧૮ સત્યવૃત્ત મહા-
શાન્તિસાર, નિત્યશાન્તિ પરાયણુપાર; મહાત્યાગી વિવિ-
ક્ષુદયાળ, પરાર્થે વૃત્તિ વરદપાળ. ૧૧૯ શુભ નામા અને
શુભ દેહ, શીઘ્ર નાશન મધ્યસ્થ એહ; સાક્ષીકર્તા કનકભદ્ર
દેવ, અગ્રાણુ સ્વભાવ ભદ્રજ એવ. ૧૨૦ શીખંડીશુલીકવચી
કહેવાય, કુંડલી જટી મુંડી જણાય; તેજો રાશી મહા મણી
સાર, વિયોગાત્મવિશ્વત નિરધાર. ૧૨૧ નિર્લોપી નિષ્પ્ર પં-
ચાત્મા સ્વામિ, નરનારાયણપ્રીયનામિ; સર્વ યોનિ નિરાં-
ગ્રક દેવ, અનુત્તમો દુરાધર્ષ એવ. ૧૨૨ અમૃત્યુ સર્વદ્રકસિંહ
રાય, વિર્યકો વિદ વેદ્ય કહેવાય; અસંખ્યે યો પ્રમેયાત્મા
ઈશ, પ્રીય દર્શન સુરેશ શ્રીશ. ૧૨૩ શબ્દ બ્રહ્મ સતાં ગતિ
નાથ, સિદ્ધિસાધનસ્તોતા સાક્ષાત; શરણું સર્વકંવણીકાય,
કાલકારી મહાભુજરાય. ૧૨૪ ઘૂમણી સ્તરણી ધન્યસ્વામિ
કાલયક્ષ વ્યુ ઠોરસ્કનામી; સર્વયો નિનિરાંતક વ, વ્યંગ
નાશ ન નિર્વ્યંગ એવ. ૧૨૫ સ્તવ્યસ્તવ પ્રીય મહેશ્વાસ,

કૃતવાસુકી ધન્ય વિલાસ; મહિભર્તા વિશ્રંખન્ન માર, નિષ્કલંક સિદ્ધિદ નિરધાર. ૧૨૬ મહિભર્તા સંવૃતસ્તુત્ય દેવ, વીવસ્તત પરાવર એવ; વ્યાસ મુર્તિ મધુર સિદ્ધિ દાત; નિરંકુશ નિર્વંધ વીધાત. ૧૨૭ વીધા રાશી મયોપય સ્વામી, નિત્ય સુંદર ધાત્રિશ નામી; શરીરાશ્રીત વત્સલ્લ સોમ, પરમાર્થ ગુરૂ દૃષ્ટિ વ્યેરમ. ૧૨૮ શર્વરીપતિશા કલ્પનાથ, અક્ષુણ્વઈયાગ્રધુર્ય સાક્ષાત; રસજ્ઞો રસ દાતા દયાળ, સર્વ સત્વાવલંબન પાળ. ૧૨૯ રસ્પસ્પ્રીયને સંગ્રાી એવ, નમઃ શીવાય શ્રી મહાદેવ; થયાં પુરણ શહસ્ત્ર નામ, વર્ણુવાણી એતો અભિરામ; ૧૩૦ કહે સુત તેને સુણે જેહ, ફરી પામે નહીં એતો દેહ; શત્રુ સંકટ વ્યાધી હણાય, જયાં જયાં જાયે ત્યાં ત્યાં ફળ થાય. ૧૩૧ વળી ભક્તિતો શિવની શાર, થાય ઉદ્ભવ તે નિરધાર; તત્વ જ્ઞાન થશે ઉત્પન્ન, તેથી સ્વરૂપ દેખશે જન. ૧૩૨

વલણ—આ રીતે સુતે કહી, શહસ્ર નામ શંખ્યાયરે; દુર્ગા કહે તેને સુણે, તે નર મોક્ષે જાય રે રે રે. ૧૩૩

ઇતિશ્રી શીવપૂરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાં શીવસહસ્રનામ વર્ણનોનામ અશીતીતમોઽધ્યાયઃ ૮૦

અધ્યાય ૮૧ મો—વિપ્રના શ્રાપનું વર્ણન.

રાગ વેળાવર

સુત કહે મુનિ શાંભળો, કહું કથા પવીત્ર; વીપ્રના શ્રાપથી તુટીયું, લિંગ શીવનું વિચિત્ર. સુત કહે

મુની શાંભળો. ટેક. ૧ એક શમે દારૂ વનમાં, રહેતા મુનિઓ અપાર; શંકરને સેવે શર્વદા, પાળે રૂડો આચાર. સુત૦ ૨ કોઈ શમે શર્વે એ બ્રાહ્મણો, લેવા શમીધર શાગ; આશ્રમ થી દુર શંચર્યા, શારો બઝીને તાળ. સુત. ૩ તે શમે કુત્સીત રૂપથી. પારવતીના રે નાથ; રૂષી પત્ની પાસે આવીયા, નગ્ન દેહે શાક્ષાત. સુત૦ ૪ ઉભય હસ્તે લીંગ ઝાલીયું, જોતા સ્ત્રી ઓને એહ; કટાક્ષ બાણે તો મારતા, કરતા ચેષ્ટા વીદેહ. સુત૦ ૫ તેમને દેખી શઉ તારૂણી, પામી તર્તજ ત્રાશ; કેટલીને મનમથ ઉપજયો, તે તો આવીજ પાશ. સુત૦ ૬ શંકરનો કર ઝાલીયો, કરતી હાસ્ય વીલાશ; આલીંગન દીધું એ શમે, સુચવી શંભોગ આશ. સુત૦ ૭ એવામાં લેઈ શામીધને, આવ્યા વીપ્ર તમામ; તેણે દીઠું કૃત એ બધું, ત્યારે કોપ્યા તે ઠામ. સુત૦ ૮ પતીને દેખી તે પ્રેમદા, ડી તતક્ષણ શાર; આવીને આશ્રમમાં રહી, ચીંતા કરતી અપાર. સુત૦ ૯ શીવને દેખી વીપ્ર બોલીયા, અલ્યા તું છે શી જાત; સુના આશ્રમે કેમ આવીયો, વ્યભીચારી શાક્ષાત. સુત૦ ૧૦ તે માટે શ્રાપ દેઈએ અમે, ક્રોધાવેષ્ટ વચન; લિંગ તુટી પડો તાયરૂં, પીડા ઉપજો તન. સુત૦ ૧૧ એવું કેહેતા માંહી શીવનું, તુટયું લીંગ તે ઠાર; તેમાંથી અગ્નિ ઊદે થયો, જેની જવાળા અપાર. સુત૦ ૧૨ લિંગ તો આકાશે ઉછળયું, વળી પેઠું પાતાળ; તે રીતે પ્રથવીમાંહી ફરયું, એવો વેગ વિશાળ. સુત૦ ૧૩ જયાં જયાં જાયે લિંગ એ વળી, ત્યાં ત્યાં

પ્રજાળે લોક; પર્વત સુદ્ધાં પ્રજાળતું, બાળે વૃક્ષોનો તોક; સુત. ૧૪ તેણે કરી વિશ્વ ખરભળ્યું, બ્રાહ્મણ કંપ્યા અપાર; શ્રાપ દેતાં નવ સુઝીયું, પુંઠે પસ્તાયા સાર; સુત. ૧૫ વળતી ચાલ્યા વિપ્ર ત્યાં થકી, આવ્યા બ્રહ્માની પાસ; વૃતાંત સઘળું તેને કહ્યું, વળી કષ્ટ પ્રકાશ; સુત. ૧૬ તે કાળે પરમેષ્ઠી બોલિયા, સુણો વિપ્રકુમાર; શ્રાપ દીધો તમે શીવને, તજી જ્ઞાન વિચાર. ૧૭ તે માટે નાશ થશે હવે, બળશો અગ્નિથી સાર; આશ્રમ સુદ્ધાં બળી જશે, બળશે તમારી નાર; સુત. ૧૮ શીવની સાથે વેર બાંધીને, કોણ પામ્યા છે સુખ; વિચારોને એહ વારતા, આવ્યું દારૂણ દુઃખ; સુત. ૧૯ એવું સુણીને વિપ્ર બોલિયા, થવું થાવાનું નાથ; પણ હવે ઉપાય એહનો, બતાવોને સાક્ષાત; સુત. ૨૦ તે કાળે સ્વયંભુ ઓચર્યા, સુણો વિપ્ર તમામ; ઉપાય બતાવું આ સમે, જેથી પામો વિરામ; સુત. ૨૧ તિર્થ તણું પાણી આણિને, લિંગ ઉપર સાર; અભિષેક કરો આ સમે, કરી વેદ ઉચ્ચાર; સુત. ૨૨ ઈશ્વરીયોની રૂપે થશે, લિંગ ઠરશે તે કાળ; તે માટે ગૌરી તણું કરો, આરાધન વિશાળ; સુત. ૨૩ વાક્ય સુણી એવાં બ્રહ્માનાં, પેલા વિપ્ર તમામ; પોતાના આશ્રમે આવિયા, રાખી હૈયામાં હામ; સુત. ૨૪ વળતી સ્તુતી કરી શીવની, લાગ્યા લળી લળી પાય; કાલાવાલા કર્યા સ્તોત્રથી, કોટી યત્ને તદાય; સુત. ૨૫ શંકર રીઝયા તેણે સમે, બોલ્યા પ્રીય વચન; અહો રૂષી તમે આચરો, લિંગ કેરૂં પુજન; સુત.

૨૬ એવું સુણી સૌ બ્રાહ્મણે, આરાધ્યાં દેવી સાર; તે કાળે ગૌરી પોતે થયાં, યોનિ રૂપે તે ઠાર; સુત. ૨૭ એવામાં લિંગ ત્યાં આવીયું, ફરતું ફરતું જે કાળ; ત્યારે તિર્થોદકે સ્નેહથી, કરી ધારા વિશાળ; સુત. ૨૮ મુખ થકી મંત્ર બોલતા, સર્વે બ્રાહ્મણ ત્યાંય; કે કાળે લિંગ એતો ઠર્યું, જળધારીની માંય; સુત. ૨૯ વળતી પુજા કરી એહની, દુર્વા અક્ષતે સાર; પુષ્પાદી પત્ર ચઢાવીયાં, કરિ સ્તોત્ર ઉચ્ચાર; સુત. ૩૦ લિંગ ઠર્યું એમ જ્યાયરે, ત્યારે થયો આનંદ; ત્રાસ મટયો આખા વિશ્વનો, રિઝયા શિવ સુખકંદ; સુત. ૩૧ પ્રથમ લિંગ જે વર્ણવ્યાં, તેતો જ્યોતી સ્વરૂપ; તેનું નૈવેદ્ય ખવાય છે, ધરાવેલું અનુપ; સુત. ૩૨ એવીનાં લિંગ બીજાં રહ્યાં, પૃથ્વિમાંહી જ સાર; તુટેલાનો અંશ એ બધાં, કહયો વ્યાસે પ્રકાર; સુત. ૩૩ તલ માત્ર નિર્માલ્ય તેહનું, આપણાથી ન ખવાય; બટુકને અધિકાર છે, વેદ શાસ્ત્રનો ન્યાય; સુત. ૩૪ શબ્દ સ્વરૂપ કહ્યું શીવનું, તે પણ લિંગ કહેવાય; જ્યોતી સ્વરૂપ પણ લિંગ, તુટયું તે પણ સદાય; સુત. ૩૫ ત્રણેની સંજ્ઞાતો એક છે, ત્રણે કરશે કલ્યાણ; તે માટે શંકા તજી સદા, પુજો લિંગ પ્રમાણ; સુત. ૩૬ પ્રસાદનો ભેદ જે કહયો, પાળવો એકલો એહ; પણ લિંગ પુજા વિષે સદા, કરવો નહિરે સંદેહ; સુત. ૩૭ પોતાને ઘેર પુજા વિષે, હોય ચળિત બાણ; તેનું નૈવેદ્ય ખવાય છે, શ્રુતિની એવી વાણ; સુત. ૩૮ મહિમા વધારવા વિપ્રનો, શીવે જાણીને સાર; શ્રાપ કર્યો અંગિકારએ, નિશ્ચે

તેણુરે ઠાર; સુત. ૩૯ તેવી પરિક્ષા લેવા પોતે, ધર્યું કુત્સિત રૂપ; સુના આશ્રમ માંહી આવીયા,કોટી બ્રહ્માંડ ભુપ;સુત. ૪૦ તેમાં જે શંકા કરે વળી, તેતો નરકે જાય; આ લોકમાં પડે આપદા, વ્યાધિ દુર્ઘટ થાય; સુત. ૪૧

વહાણુ. એરીતે સુતે કહયો, લિંગ તણો ઈતિહાસરો; દુર્ગો કહે તેને સુણુ, તેની ફળશે આશરેરેરે. ૪૨

ઇતિશ્રી શીવપૂરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાં
શ્રાપ વર્ણનો નામ એકાશીતીતમોઽધ્યાય: ૮૧

અધ્યાય ૮૨ મો—બટુક મહિમા વર્ણન.

રાગ સામેરી.

સુતપુરાણી એણી પેર બોલ્યા, સાંભળો સૌ રૂષીરાય; વીસ્તારિ સંભળાવું હાવે, બટુકનો મહિમાય. ૧ તપો ધન સંજ્ઞા છે જેની, શીવનો પુજકસાર: ભરડો પણ કહેવાયે એને,લોક વીષેનિરધાર.૨ તેની તો ઊત્પત્તિ સરવે, સાંભળો સૌ મુનિજન: જોણુ કરિને સંશય જાયે, રીઝે પંચ વદન. ૩ પુર્વે ઉત્તમ કુળમાં પ્રગટયા.દધીચી મુનિરાય; ત્રિકાળદર્શી એતો કહાવે, શીવના ભક્ત સદાય. ૪ તેને એક સુદર્શન નામે, પુત્ર હતો નિરધાર; તેની પત્નિ તેતો દુષ્ઠા, શંશાણીનો અવતાર. ૫ દુષ્ઠ કુળથી પ્રગટી માટે, દુષ્ટા એવું નામ; દુષ્ટ બુદ્ધિને દુષ્ટ શરિર છે, દુષ્ટજ સઘળાં કામ. ૬ એ અબળાને આધિન રહેતો,સુદર્શન મુનિબાળ;તેણે કરીને તે પણ પોતે, ભ્રષ્ટ રહે સૌ કાળ. ૭ દુષ્ટાથી સુદર્શનને તો, પ્રગટયા પુત્રજ ચાર; તેતો શીવની પુજા કરતા, આણિ પ્રેમ અપાર. ૮

એક વખતના સમાયોગમાં, દાધચિ મુનિરાય; યાત્રા કરવા
મારે ચાલ્યા, આણી ઉતકંઠાય. ૯ સુદર્શનને સોંપણિ કિ-
ચિ, ઘરની તેણિ વાર; વળતી પોતે નિકળ્યા ત્યાંથિ, મુનિ
વર તો નિરધાર. ૧૦ સુદર્શન તો ઘેર રહીને, કરતો શીવ
પુજાય; પુત્ર પ્રીયાને પારે પોતે, આણી આણી ઉતકંઠાય.
૫૧ એવામાં શીવરાત્રિ કેરો, આવ્યો સુંદર દન, ત્યારે સૌ
લોકોએ કીધું, વૃત એતો પાવન. ૧૨ શુદર્શન પણ સ્નાન
કરીને, રહયો ઉપવાસિ સાર; વળતી શિવ મંદિરમાં આ-
વ્યો; સાંજ પડે નિરધાર. ૧૩ પ્રથમ પહોરનિ પુજા કરીને
આવ્યો પાછો ઘેર; તે વારે દુષ્ટાએ ઝાલ્યો, કર તેનો ખુશી-
લેર. ૧૪ તેથિ શુદર્શનને ઉપજયો, મ ામથ મનમાં સાર;
ત્યારે એ દુષ્ટાની સાથે, કીધો ત્યાં વિહાર. ૧૫ તે પુંઠે નવ
નાહયો એ તો, દેવ ગતિ બળવાન; વળતિ શિવ મંદીરમાં
આવ્યો,પુનપિતેણે સ્થાન.૧૬ તે કાલે ફરિ પુજા કીધી, ભ્રષ્ટ
અંગથી ત્યાંય; તેણે કરિને પાપ લાગિયું, ભંગ પડયો વૃતમાં
ય. ૧૭ એ ામાં શીવ પ્રગટયા પોતે, પારવતીના નાથ; વળ
તી સુદર્શનને કહે છે, ક્રોધથકી સાક્ષાત. ૧૮ અરે દુષ્ટ તેં
વૃત્તમાં કીધું, સ્ત્રી સેવન નીરધાર; વળી નાહ્યા વીણ અડકયો
મુજને, નિશ્ચે આણીવાર. ૧૯ તે પાપે તું જડ થઈ જાજે, દ્ર
શાદ તુલ્ય મતિપાપ; એવી રીતે શીવે દીધો, સુદર્શનને શ્રા
પ. ૨૦ તેથી જડવત થઇને પડીયો, સુદર્શન મુનીબાળ,જ્ઞાન
હણાયું અંતર કેરૂં, વધી શઠતા વિશાળ. ૨૧ એવામાં યાત્રા

ફરી આવ્યા, દધીચી મુનીરાય, તેણે સર્વે વાત જાણી એ, પુત્ર તણી પીડાય. ૨૨ તેથી પોતાના અંતરમાં, પ્રગટયો ઉદવેગ સાર; શીવજીએ પણ ઠપકો દીધો નિશ્ચે તેણે ઠાર.૨૩ એવામાં સુદર્શન કેરી, પત્ની કહીએ જેહ;પતિના દુખથી મૃત્યુ પામી, હરિ ઈચ્છાથી તેહ. ૨૪ તે પુંઠે સુદર્શન કેરો, દોષ હણાવા ત્યાંય; દધીચીએ પુજા કીધી, ગૌરીની ક્ષણ-માંય. ૨૫ તેથી ગૌરી રીઝયાં પોતે,શંકરકેરિ નાર,સુદર્શનને ખોળે લીધો, પુત્ર ગણી નિરધાર. ૨૬ વળતી પારવતીએ કીધા, શંકરને પ્રસંન; તેવી રીત કહેવા લાગ્યા, પ્રીતિથી વચન. ૨૭ અહોનાથ આ સુદર્શનને, શુદ્ધ કરો આ કાળ; કારણ કે મેં ખોળે લીધો, ગણી પોતાનો બાળ. ૨૮ એવું સતીનું વાકય સુણીને, પ્રસન થયા મહાદેવ; સુદર્શનને સ્નાન કરાવ્યું, ઘ્રતથી ત્યાં તતખેવ. ૨૯ તે પુંઠે શીવગાય-ત્રીનો, ઉપદેશ કરીને સાર; એક ગાંઠનું ઉપવીત આપ્યું, ફરીથી તેણે ઠાર. ૩૦ નમઃ શીવાય એ મંત્ર આપીયો, જ-પવાને હમેશ; એવી રીતે શુદ્ધ કરી, ટાળયો સર્વે કલેશ. ૩૧ વળી શીવે નિજ પુજન કેરો, પ્રથમ જેહ અધિકાર; તેતો સુદર્શનને સોંપ્યો, નિશ્ચે તેણે ઠાર. ૩૨ પોતાના આગળ જે આવે, ધાન્ય ફળાદિક ધન; તે સર્વે એને લેવાની, આજ્ઞા કરી બળવાન. ૩૩ તેવી રીતે કહેવા લાગ્યા,સુદર્શનને ઈશ; આજ થકી તું સેવક મારો, તુજને હું માનીશ. ૩૪ સીવ શક્તિના કૃત્યની માંહે, થાશે તુજ પુજાય; તેણે કરીને પુરણ

થાશે, પ્રાણીની ક્રિયાય. ૩૫ તુજને નહિ બોલાવે તેનું, વ્યર્થ થશે એ કર્મ; હું ગૌરીરાજી નહિ થઇએ, ખેદ પામીને પર્મ. ૩૬ એવું કહીને સુદર્શનના, પુત્ર હતા જે ચાર; તેને દિશામાં મુકયા, પુજા કરવા સાર. ૩૭ તે માટે શીવ શક્તિ કેરિ, આખડિ રાખી હોય; તેણે સુદર્શનના સુર્તાન, આશીશ લેવી સોય. ૩૮ વળિ શંકર ત્યાં કહેવા લાગ્યા, સુદર્શનને વાણ; અહો પુત્ર તાહારે તો કરવું, આડું તિલક નિરવાણ. ૩૯ શીવ સંધ્યા ને શીવ ગાયત્રી, તેનો કરવો જાપ; વેદ મંત્ર નવ ભણવો મુખથી, શુદ્ધ રાખવું આપ. ૪૦ કારણ કે તું વિપ્રધર્મથી, ભ્રષ્ટ થયો નિરધાર; તે માટે વેદોક્ત મંત્રનો, નથી તુજને અધિકાર. ૪૧ પેહેલી પૂજા કરવી મારી, એટલો છે અધિકાર; વળી મારાં જે નામ કહાવે, તેનો કર ઉચ્ચાર. ૪૨ તારી પૂજા કરશે તેને, વળશે મુજ પૂજાય; તેમાં બિલકુલ સંશય નહી, સત્ય કહું વાચાય. ૪૩ તારી પૂજા કીધા વિના, પૂજે મુજને જન; તો તો સર્વ નિષ્ફળ થાયે, કીધેલું પૂજન. ૪૪ પ્રજાપ્રત્ય વૃતાદિક માંહી, બ્રાહ્મણભોજન થાય; ત્યાં તુજને નિમંત્રણ દશે, આજથી સર્વ પ્રજાય. ૪૫ તેવી રીતે મારા ને વળી, શક્તિના કૃતમાંય તુજને પેહેલું નોતરૂં દેસે, પ્રીતી આણી ત્યાંય. ૪૬ તેમાં જોકે ચુકે કોઈ પ્રાણી, તો તો અન્ન થાય; ખર્ચ કરેલું નિષ્ફળ જાયે, વળશે નહિ બાધાય. ૪૭ એ વિષે ઈતિહાસ કહું એક, સાંભળો સૌ મુનિરાય; જેણે કરીને સંશય જાય, આનંદ અત્યંત થાય. ૪૮

અંધકેશ શંકરની પાસે નગ્રહતું વળી એક; ભદ્રસેન તો ત્યાં નો રાજા, શીવ ભક્તિમાં ટેક. ૪૯ તેને ઘેર નિંરતર થાતું, પ્રાજાપત્યજ સાર; તેમાં બ્રાહ્મણજમતા ઝાઝા, લાડુ તો નિરધાર. ૫૦ શીવે તેને પ્રસન્ન થઇને, આપી એક ધ્વજાય; વળતી તેને કહેવા લાગ્યા, મુખથી શંકર રાય. ૫૧ અહો ભુપ તું પ્રાતઃકાળે, બાંધજે ધ્વજ આસાર; વળતી બ્રાહ્મણ ભોજન આદિ, કરજે સર્વ પ્રકાર. ૫૨ તે તો પૂરણુથાતાં પડશે, નિશ્ચે આધ્વજાય; એટલી આનિશાની આપું, આણીને કરૂણાય. ૫૩ બીજે દિવશે બાંધજે પછી, ધ્વજા આણીને સ્નેહ, તે તો પૂરણ થાતાં પડશે, તેમાં નહીં સંદેહ. ૫૪ એવું કહી અંતરધ્યાન પામ્યા, શંકરતો અભિરામ; ભદ્રશેન તો કરતો નિત્યે, તે પ્રમાણે કામ. ૫૫ એકદિવસના સમાયોગમાં, બટુકનું પુજન; કાર્ય પ્રસંગે વેહેલું કીધું, ભુપતીએ શુભ મન. ૫૬ વળીએને પીરસાવ્યું પેહેલું, ભોજન તો વળી સાર; પાન શોપારી આપ્યાં સુંદર, મુદ્રર્પણ નીરધાર. ૫૭ તેણે કરીને શંકર કેરો, આપેલો ધ્વજ જેહ; તેતો બ્રાહ્મણ જમતા પેહેલો, પડીયો હેઠો એહ. ૫૮ ત્યારે નૃપ આશ્ચર્ય પામીને, બોલ્યો તેણે ઠાર; અહો વિપ્ર કયમ વેહેલો પડીયો ધ્વજ તો આણિવાર. ૫૯ એવું સાંભળિ વિપ્ર બોલિયા, સાંભળો ભુપતિ વાત; બટુક જમ્યાથિ વ્રત આવું, આ પુર્ણ થયું સાક્ષાત. ૬૦ તે કાળે રાજા તો પામ્યો, દીલમાં હર્ષ અપાર; વળતિ પોતે ભોજન કિધું, નિશ્ચે તેણે ઠાર. ૧

એવિ રીતે રૂદ્રે વધાર્યો,શેવકનો મહિમાય;તેને શ્રવણે શ્રવણ કર્યાથિ, શીવ પુજન ફળ થાય. ૬૨

વલણ. આ રિતે સુતે કહિ, બટુકોત્પત્તિ સારરે; દુર્ગો કહે તેને શુણે, તે ઉતમ નરનારરેરેરે. ૬૩

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિને જ્ઞાન સંહિતાયાં
બટુક મહિમા વર્ણનો નામ દ્વાશીતીતમોધ્યાય. ૮૨

અધ્યાય ૮૩ મો કૃષ્નએ પાન્ડવોની લજ્જા રાખી.

રાગ મારૂ લટકતો.

શુત બોલીયા, સાંભળોને સરવે મુનિ; કહું વાસ્તારે, શંકરનિ બીજી પુની. ૧ એક સમામાંરે, પાંડવ વનમાંહિ ગયા; અક્ષય પાત્રનેરે, પામીને ત્યાં શુખીયા; ૨ તેને સાંભળિરે, કૌરવને બળતા થઈ; ખાવું ના ગમેરે, શુધ્ધ શરિરનિ તે ગઈ. ૩ એવા સમામાંરે, દુર્વાસા રૂષિ ત્યાં આવિયા; તે તો સાથમાંરે, સહસ્ત્ર શિશ્યને લાવિયા. ૪ તેને દેખીનેરે, દુર્યોધને ત્યાં કળા કરિ; બોલ્યો પ્રેમથીરે, પધારો રૂષિ કૃપા કરિ. ૫ કેમ આવિયારે; કારણ તેતો કહો તમો; આજ્ઞા પામીએરે, આ વખતે સરવે અમે. ૬ એવું દુષ્ટનુંરે, વાકય શુણિ મુનિ બોલિયા; ક્ષુધા દોષથિરે, આ વખતે અમે ડોલીયા. ૭ માટે આવિયારે, આપોને ભોજન આ સમે; જેથી તનનિરે, તાલાવેલી સરવે સમે. ૮ એવું સાંભળિરે, દુષ્ટ દુર્યોધન આચર્યો રશોઈ છે નહિરે. તૈયાર વિલંબતો ઠર્યો. ૯ ઉપાય એ કહેરે. સત્વર શુખ થશે વળિ; પાંડુ પુત્રનેરે. અક્ષય થાળિ નિશ્ચૈ મળી. ૧૦ ધારે તે સમેરે, ભોજન તેમાંથિ નિકળે.

જમે વિશ્વ આરે, તોપણ ખોટ તો ના મળે. ૧૧ તેથી આ સમેરે, મુનિવર ત્યાં તમે પરવરો; વિલંબ અહિં થશેરે, માટે ગમે તેવું કરો. ૧૨ એવું સાંભળીરે, દુર્વાશા ત્યાંથી સધારી આ; પાંડવ પાસમાં રે, એક ઘડીમાં પધારીઆ. ૧૩ તેને દેખીનેરે, પાંડવ સહુ પાયે પડયા; આપ્યું આશનરે, હર્ષાશ્રૂ આણીને રડયા. ૧૪ વળતી ધર્મેતોરે, દુર્વાશાને પુછી વારતા; અહો મહા મુનિરે, કેમ કૃપા કરી શોભતા. ૧૫ એવું સાંભળી રે, દુર્વાશા બોલ્યા તેણે શમે, ક્ષુધા લાગી છેરે, તે તો શરીરને બહુ દમે. ૧૬ માટે આપોનેરે, ભોજન તો મન ભાવતું; દુઃખ ભુખનું રે, વેઠયું આ શમે નથી જતું. ૧૭ એવું શાંભળી રે, ધર્મને ચિંતા બહુ થઈ; થાળી ઊટકીરે, ઉંધી પાડી હમણાં લઇ. ૧૮ હવે આજતોરે, અંન કશું નવ નિકળે; રાત્રિ વિતે તો રે, પ્રાતસકાળે બધું મળે. ૧૯ કરવું શું હવેરે, મુનીને ના કેમ કીજીએ; વિપ્ર શ્રાપથીરે, સર્વદા આપણુ બીજીએ. ૨૦ એમ શોચીનેરે, સર્વે મળી મોત આદર્યું; ચિંતા ખડકીનેરે, બળવાનું કબુલ ત્યાં કર્યું. ૨૧ તેણે શમે ત્યાં રે, સતિએ શ્યામ સંભારીયા; તેથી શ્રી હરીરે, શ્રી કૃષ્ણ પોતે પધારિયા. ૨૨ તેને દેખીનેરે, પાંડવોએ સ્તુતી કરી; મુખે બોલિયારે, આવો પધારો શ્રી હરી. ૨૩ ભાગ્ય અમારૂંરે દર્શન અંત શમે થયું; ગર્ભવાસનું, કષ્ઠ કઠોર તે તો ગયું. ૨૪ એવું શાંભળીરે, શ્રીકૃષ્ણ ત્યાં તો બોલ્યા હશી; ક્ષુધા લાગી છે રે, ખાવાને વસ્તુ આપો કશી. ૨૫ ત્યારે દ્રૌપદીરે, ગદ-

ગદ્દ કંઠથી ઓચરી,એહ કારણેરે;બળવાને માટે ચિંતા કરી. ૨૬ અક્ષય પાત્ર તો રે, ઉટકીને ઉંધુ વાળીયું; કશું મહીં નથી રે, કષ્ટ આ કર્મે પાડીયું. ૨૭ ત્યારે વ્રજપતિરે, વિનતાને કહે જુઠાં તમે; વસ્તુ કંઈ હશેરે, પાત્ર વિશે જાણ્યું અમે. ૨૮ એવી કૃષ્ણનીરે, વાણી સુણી સતી ઉઠીયાં; લાવ્યાં પાત્રનેરે,સન્મુખ મુકી ઉભાં રહ્યાં. ૨૯ ત્યારે કૃષ્ણેતોરે, પાત્ર એ હસ્ત-માં ઝાલીયું; પછી તુલસીનું રે, પત્ર તો તેમાં બતાવીયું,૩૦ વગતી વિઠ્ઠલેરે, આરોગ્યું પત્ર નીચા નમી; તેથી વિપ્રોનીરે, ક્ષુધા હતી તે તો શમી. ૩૧ ઉદક ફુલીયાંરે, તડતડ કુખો થઈ અતિ; ત્યારે ચાલીયારે, દુર્વાશા આદિ મહામતિ. ૩૨ જાણ્યું કૃષ્ણનું રે, કામ મુનિએ ત્યાં વળી; તેથી વેહેમ ગયો રે, ત્રપ્તી થઈને ક્ષુધા ટળી. ૩૩ પાંડુ પુત્રનીરે,લજ્જા રાખી એમ જે શમે, ત્યારે ઈંદ્રેતોરે; પુષ્પ વૃષ્ટી કરી તે શમે. ૩૪ પછી ધર્મેતોરે, શ્રીકૃષ્ણને પુછી વારતા; અહો શ્રી હરીરે, કલ્પતરૂની તમે લતા. ૩૫ કષ્ટ અમારૂં રે, વનવાસનું ક્યારે જશે; શત્રૂ નાશતોરે, કીયા ઉપાયે કરી થશે. ૩૬ એવું સાં-ભળીરે, કૃષ્ણ કહે સુણો નરપતિ; સેવો શીવનેરે, શ્રદ્ધારાખીને મહામતિ. ૩૭ તેથી કષ્ટતોરે, તમારૂં શંકર કાપશે; આ-ખી પ્રથ્વિનુંરે, રાજ્ય હેલામાંહી આપશે. ૩૮ મેં પણ એમનીરે, સેવા કરી પુરવે ઘણી; તેથી ચક્રતોરે, પામ્યોછું સત્તા તે તણી. ૩૯ એવું કહીનેરે, શ્રી કૃષ્ણ ત્યાંથી સીધાવીયા; હેલા માત્રમાંરે, દ્વારિકાની માંહી આવિયા. ૪૦

વખાણ. પાંડવની લજજા રહી; પોહોચ્યા મનના કોડ રે દુર્ગા કહે સૌ બોલજો, જેજે શ્રી રણુછોડરેરેરે. ૪૧

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
કૃષ્ણેન પાંડવ લજ્જા રક્ષિતો નામ ત્યાશીતીતમોધ્યાય. ૮૩

અધ્યાય ૮૪ મો અરજુનનું તપ.

રાગ મેવાડો. સુત વદયા વળી તે સમે, સુણો દ્વીજ સહુરે, પછી આવ્યા મુનીવર વ્યાસ; તેની કથા કહુંરે. ૧ માથે જટા જેને શોભતિ, પોથી હાથમાંરે; તેજ પુંજ દિવા કરતુલ્ય,શિષ્યછે સાથમાંરે. ૨ એવા મુનિવર દેખીને,ધર્મ ઉઠી યારે; લાગ્યા નીચા નમીનેરે પાય, આનંદે તુઠીયારે. ૩ તે પુંઠે આસન આપીયું, પુજા બહુ કરીરે;કહી પોતાના દુઃખ ની વાત, આંખે આંસુ ભરીરે.૪ તેને સુણી વ્યાસ બોલીયા, સુણો પાંડવોરે; સુખ દુઃખ શરીરનો ધર્મ, નિશ્ચે એતો હવોરે. ૫ સત્યવાદી તમે સર્વથા, માટે સુખ થશેરે; કરશે કૃપા શ્રી શંકર દેવ, શતરૂ ટળી જશેરે. ૬ ધન્ય ધન્ય નીતિ તમતણી, કીર્તી વિસ્તારીરે; થયું વિશ્વનીમાંહી વખાણ, સ્હાય છે શ્રી હરીરે. ૭ કાકા તમારો જે આંધળો, ધિક એહનેરે; નવ રાખી તમારી સંભાળ, શું કહું તેહનેરે. ૮ પોતાના પુત્ર પાપી ઘણા, તેને વશ થયોરે; દીધો દેશ વટો તમને સાર, વિવેક ત્યાં ગયોરે.૯ તે માટે ઈશ્વર રૂઠશે,રાજ્ય સૌ જશેરે: થાશે પુત્ર બધાઓનો નાશ, ભાવી એવું હશેરે. ૧૦ વાવે જેવુ બીજ મુળથી, પ્રાણી પ્રેમથીરે; તેવું પ્રાપ્તી થશે ફળ સાર,દૈવના નેમથીરે.૧૧ એવું સુણી ધર્મ બોલીયા,

સુણો મ્હા મુનીરે;કીયા દેવનું કરવું પુજન,તે તો કહો પુનિરે. ૧૨ જેણે કરી આજે યુદ્ધમાં, કૌરવો જીતવારે; કર્ણાદિકને કરવી શિક્ષાય, કીર્તી સારી થવારે. ૧૩ ત્યારે દ્વૈપાયન બોલીયા, સુણો ભુપતીરે; કરેશંકર કેરૂ પુજન, શ્રદ્ધા રાખી અતિરે. ૧૪ અર્જુન અવતાર વિષ્ણુનો, નર દેહ છેરે; તેથી કરશે એ દારૂણ તપ, નિશ્ચય એહ છેરે. ૧૫ તે માટે એહને મોકલો, તપ કારણેરે; કરશે ઉગ્રને એહ પ્રસન્ન, ધ્યાના દિધારણેરે. ૧૬ શીવ સેવા જેવું જક્તમાં, બીજું કંઇ નહિરે; આપે સર્વ પદારથ એહ, અંતે મુક્તિ સહિરે. ૧૭ ઊપદેશ કહિ એવો ધર્મને, વ્યાસ તે સમેરે; બોલાવીયો કીરીટીને પાસ,જેને ભક્તિ ગમેરે. ૧૮ વળતી કહેવા લાગ્યા મુખથી, પ્રેમ આણીનેરે; અલ્યા અરજુન સાંભળ તુંય, કલ્યાણ જાણીનેરે. ૧૯ મંત્ર આપું તને ઈંદ્રનો, પ્રથમ આ સમેરે; તેને જપવો પ્રથમ તારે સાર, સંકટ નવ દમેરે. ૨૦ તેણે કરિ ઈંદ્ર આવશે, તારા પાસમાંરે; તેડી જાશે પોતાને સદન, એ તો ઉલ્લાસમાંરે. ૨૧ તેની આજ્ઞા લેઇ તાયરે,સદા શીવનુંરે; તપ આદરવું નીરધાર, રૂડું એ જીવનુંરે. ૨૨ એવું કહી મંત્ર આપીયો, ઉમા નાથનોરે; વળી આપ્યો અદર્શન તંત્ર, અદષ્ટ સાથનોરે. ૨૩ તેવી રીતે મંત્ર ઈંદ્રનો, તે પણ આપીયોરે; બતાવ્યું બધું શીવ પુજન, ઉમંગ વ્યાપીયોરે. ૨૪ આશીષ દીધી અતિ ઘણિ, હેત આણિનેરે, મુકયો મુસ્તક ઊપર હાથ, સુભક્ત જાણીનેરે. ૨૫ વ્યાસ મુનિ વળતી

ચાલિયા, આજ્ઞા લેઇનેરે; એતો આવ્યા રેવા કાંઠે સાર, ઊપદેશ દેઈનેરે. ૨૬ અર્જુન પણ ત્યાંથી તે સમે, તર્ત સંચર્યોરે; આવ્યો ઈંદ્ર નીલગિરિ પાસ, નિવાસ ત્યાં કર્યોરે.૨૭ માંથે જટા બાંધી ફાલ્ગુને, પ્રેમ આણીનેરે; ધરી કંઠમાં રૂદ્રાક્ષ માળ, ફળ દાતા જાણીનેરે. ૨૮ ભસ્મનું તીલક ત્યાં કર્યું, મંત્ર ઓચરીરે વર્યું વ્યાસ ગુરૂ તણું ધ્યાન,એક ચીત્ત ઠરીરે. ૨૯ વળતિ પાર્થિવ પુજા આચરી, વિધિ વાદથિરે; જપ્યો વ્યાસનો આપેલો મંત્ર, ધીમા સદાથિરે. ૩૦ આતપશિ તક્ષુધાસહે, વપુએ વળીરે; વાયુ ભક્ષી રહે છે હમેશ, વારિ પીએ પળીક. ૩૧ એકા સને બેશી રહે સદા, દઢા ચર્ણમાંરે, ધરે શંકર કેરૂં ધ્યાન, અંતઃકરણમાંરે. ૩૨ એવું દારૂણ તપ આચર્યું, શ્વેતવાહનેરે; ત્યારે પૃથિવ ડોલી તેણુ કાળ, પ્રગટયો દાહનેરે. ૩૩ તેને દુત ઈંદ્રના, ત્યાંથી સૌ પળ્યારે; આવ્યા સત્વર સ્વર્ગની માંય, મઘવાને મળ્યારે. ૩૪ સમાચાર કહયો વનનો દીઠેલો વળીરે, કીધો અર્જુન તપ મહિમાય, મસલતમાં ભળીરે. ૩૫ ત્યારે ઈંદ્રે કૃત્ય જાણીયું, કીરીટી તનુંરે, તેથી મળવાને થયો તૈયાર; હેત આણિ ઘણુંરે. ૩૬ વૃદ્ધ તપસ્વી જેવું ધર્યું, રૂપ ત્યાં સહીરે; ઝાલી જેષ્ટીકા હાથની માંય,ખલતો ખાંધે ગ્રહિરે.૩૭ વળતી ધિરે ધિરે આવિયો, અર્જુન પાસમાંરે; જોવા પુત્રતણિ પરિક્ષાય, એતો ઉલ્લાસમાંરે. ૩૮ તેને દેખી સુત પાંડુનો, ઉભો ત્યાં થયોરે લાગ્યો બેઉ કરજોડી પાય, સામો ઉભો

રહયોરે. ૩૯ આસન આપ્યું પછી હોંસથી, પુજા ત્યાં કરિરે; વળતિ પુછવા લાગ્યો સાર, વાણી ઓચરીરે. ૪૦ અહો યોગી કયાંથી આવિયા, વસો કયાં વળિરે; કોણ ગુરૂને કોણજ ઈષ્ટ, દક્ષા કયાં મળીરે.૪૧ એવું સુણિ ઇંદ્ર બોલિયો, સ્નેહ આણિનેરે; પુછે ધિરે રહી તેણે ઠાર, આત્મજ જાણી-નેરે. ૪૨ વલણ. અર્જુનને પુછે તદા, આખંડલમહારાજરે;દુર્ગો કહે તેતો કથા,વિસ્તારિ કહું આજરૂરે.૪૩

ઇતિશ્રી શીવપૂરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાં
અર્જુન તપશ્ચર્યા વર્ણનો નામ ચતુરાશીતીતમોઽધ્યાયઃ ૮૪

અધ્યાય ૮૫ મો—અર્જુન અને શંકરને વિવાદ.

રાગ મારૂ.

બોલ્યા સુત પુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિજન; પછી ત્રિદશ કેરો ભુપાળ, બોલ્યો અર્જુન સાથે તે કાળ. ૧ અહો ભુપતિ સાંભળ વાત, કીયા અર્થે તું બેઠો સાક્ષાત; શાને માટે દમે દેહ સાર, કોની ભક્તિ કરે નિરધાર. ૨ તેહ સઘળું કહે મુને તન,જેથી થાઊં હું ઝાઝો પ્રસન;એવું સુણિને અર્જુન વીર,બોલ્યો અંતરમાં આણી ધીર.૩રાજ્યઈચ્છા માટે અભિરામ,બેઠો હુંછું યોગી આણેઠામ;જપુંઈંદ્રનો મત્ર આધાર, ગુરૂ આજ્ઞા થકિ નિરધાર.૪ એવી અર્જુનની સુણિ વાણિ,બોલ્યો પુરૂહત પ્રેમ આણિ;અલ્યા ભુલ્યો તું ભુપ કુમાર,મિથ્યા ઈંદ્રને શેવેજ સાર. ૫ એથી મોક્ષ કદી ન અપાય, રાજ્ય સુખ તો તુચ્છ કહેવાય; માટે ઈંદ્રનું મુકિ ભજન, કર વિષ્નુ તણું ઉપાશન. ૬ જેણે કરીને મોક્ષ પમાય,ગર્ભવાસ

તણું દુઃખ જાય, એવાં ઈંદ્રનાં સુણિ વચન, બોલ્યો ક્રોધ કરિ પાંડુ તન.૭ અલ્યા યોગી તારે શી પંચાત,ગમે તેવું કરિશું સાક્ષાત, કોઈ કપટી દીશે છે તુંય, માટે શીક્ષા કરિશ જ હુંય. ૮ એવો નિશ્ચળ જોઈને ટેક, ઈંદ્ર રાજીથયો ત્યાં વિશેષ; પછી પોતાનું શુદ્ધ સ્વરૂપ, બતાવ્યું કિરિટીને અનુપ. ૯ તેને દેખીને પાંડુ કુમાર, ઘણો રાજી થયો નિરધાર; પછિ પાયે લાગ્યો નૃપ તન, કર્યું આદર આણિ સ્તવન. ૧૦ ત્યારે બોલીયા ત્રિદશ રાય, અલ્યા શાંભળને મહાકાય; ઈંદ્રરાજા કહાવે છે જેહ, તે તો જાતે હું છું સ્વયં દેહ. ૧૧ મંત્ર જપ્યો તેં મારો રાજન, થયો તે થકિ હું તો પ્રસન્ન; હવે હું કહું તે રિતે સાર, કર શિવ શેવા આણિવાર. ૧૨ તેથિ કલ્યાણ તો તારૂં થાશે, દુષ્ટ કૌરવ કુળ જીતાશે; મારો મંત્ર જપે છે તું જેહ, કર આજ થકિ બંધ એહ. ૧૩ વ્યાસે આપ્યો છે શિવ મંત્ર સાર, તેને જપ તું તો નિરધાર, મારા વચનથિ તને તન; થશે શંકર સઘ પ્રસન્ન. ૧૪ એવું કહીને મુકયો શીર હાથ, પછી સ્વર્ગે ગયો સાક્ષાત; હવે ઈંદ્ર ગયા પછી ત્યાંય, થયો ખુશી વિજય દિલ માંય. ૧૫ પછી શંકર કેરો જ મંત્ર, જપવા લાગ્યો મુખેથી સ્વતંત્ર; કરે પાર્થિવ પુજા હમેશ, ધ્યાન ધુપાદિ પ્રયોગ એશ. ૧૬ એવી રીતે થયા ખટ માસ, તપ કરતાં કરતાં ત્યાં પ્રકાશ, ત્યારે ઇંદ્ર તણું ઈંદ્રાસન, ડોલ્યું તત્કાળ ત્યાં બળવાન. ૧૭ વળી અર્જુન અંગથી જવાળ, નીકળિ નિશ્ચય ત્યાં વિકરાળ; એવું દેખિને

એવામાં થયું કૌતક એક, કહું વિસ્તારિ તે તો વિશેક. ૨૩
દુર્યોધન તણો સ્નેહી શાર, મુક દઈત્ય હતો નિરધાર; તેને
દુર્યોધને પામી ત્રાશ, મોકલ્યો શંય્યશાચીની પાશ. ૨૪ ત-
પમાં ભંગ પાડવા એહ, આવ્યો શુકરનો ધરિ દેહ; કરિ ગ-
ર્જના તેણે ત્યાં ગાઢી, નાંખ્યાં વૃક્ષ ઘણાંક ઉખાડિ. ૨૫ વળિ
વરશાવિ ધુળ અપાર, દઈત્ય માયાથકિ નિરધાર, તેને દેખી
ને અર્જુને ત્યાંય; કર્યો વિચાર અંતરમાંય. ૨૬ આતો કઉ
રવનો હસે મિત્ર; કોઈ રાક્ષશ દિશે વિચિત્ર; કેમકે એને દેખિ
આ કાળ; થયાં લોચન તો મારાં લાલ. ૨૭ માટે શત્રૂ છે
નિશ્ચય એહ; તેથિ કાપી નાંખું એનો દેહ; શાસ્ત્રમાંહી છે
દેવ તમામ, આવ્યા શિવ પાસે અભિરામ. ૧૮ કહિ અર્જુ
ન તપની વાત, ઈંદ્રાસન ડોલ્યાની સાક્ષાત; તેને સાંભળિ
શંકર દેવ, કહેવા લાગ્યા પોતે તતખેવ. ૧૯ અહો દેવ તજો
ને ચિંતાય, જઉં છું એની પાસે આ વેળાય; એવું કહિ કા-
ત્યાયનિ નાથ, થયા તૈયાર પોતે સાક્ષાત. ૨૦ લિધું ભીલ
તણું પોતે રૂપ, વાળ્યો લંગોટ ત્યાંતો અનુપ; માથે જટા
સોભે નિરધાર, લિટા ખડિ તણા અંગે સાર ૨૧ તેવા ગણ
પોતાતણા જેહ, તે પણ ભિલ રૂપે થયા એહ; ભાથો બાણ
તણો ભર્યો પુર્ણ, બીજાં શસ્ત્ર લિધાં શ્વેત વર્ણ. ૨૨ પછિ
કૈલાશથિ ભુત નાથ, આવ્યા અર્જુન પાસે સાક્ષાત;
સુંદર ન્યાય, હણે તેને હણિએ સદાય. ૨૮ નમે તેને નમવું
આણી સ્નેહ, દમે તેને દમવું દેઈ છેહ; વળિ કહ્યું શિવ

શેવાય, તેથિ પીડા મુને નહિ થાય. ૨૯ જીતીશ દુષ્ટને હું હેલા માંય, એવું કહિને ઝાલ્યું ચાપ ત્યાંય, વળતી અર્ધ ચંદ્ર નામે બાણ, ચઢાવ્યું ત્યાં પોતે નિરવાણ. ૩૦ તેને મુકિયું આણીને રીસ, અંગ વીંધવા એનું તે દીશ; તેણે સમે શીવે પણ સાર, મુકયું સાયકતો નિરધાર. ૩૧ તેતો પુંચ્છ ભાણી થકી ત્યાંય, પેઠું દૈત્યના અંગનીમાંય; વળતી વીંધીને અંગ તમામ નિકળ્યું મોઢે થઈ અભિરામ, ગયું પાતાળ ફોડીને એહ; નથી જરાય સંદેહ, હવે અર્જુન કેરૂંજ બાણ; પેઠું મોઢે થઇ નિરવાણ. ૩૩ તેતો પુંઠે થઈ અભિરામ, નીકળ્યું વિંધીને અંગ તમામ; પછી પૃથ્વી ઉપર પડયું એહ, સત્યવારતા છે ભાઈ તેહ. ૩૪ એમ બેઉ તણાં વાગ્યાં બાણ, તેથી દઇત્યના નિકળ્યા પ્રાણ; તેણે કાળે કર્યો એણે નાદ, તેનો સ્વર્ગ સુધી ગયો સાદ. ૩૫ હવે પાંડુરાજાનો કુમાર, આવ્યો બાણ લેવા તેણે ઠાર; ત્યારે શંકરે પણ તેણે ઠામ, દુત મોકલ્યો ત્યાં અભિરામ. ૩૬ તેતો બાણ ગ્રેહેવા લાગ્યો જેવે, ખાળ્યો અર્જુનજીએજ તેવે; તેથિ પરસ્પર તેણે ઠાર, વાદ કરવા લાગ્યા નિરધાર. ૩૭ અર્જુન કહે છે એ મારૂં છે બાણ, દુત કહે શિવનું નીરવાણ; એમ કરતાં વધ્યું ત્યાં વિરૂદ્ધ, બોલે બીભત્સ વાણી અશુદ્ધ. ૩૮ દુત કહે છે અલ્યા નૃપ તન, સુણ આ સમે મારાં વચન; મારા સ્વામી સાથે આણે ઠામ, કર સંગ્રામ તે અભિરામ. ૩૯ એવું સુણીને પાંડુનો બાળ, કહેવા લાગ્યો વળિ તેણે કાળ;

અહો વનેચર સુણુ વાત, તમે ચોર કહાવો સાક્ષાત. ૪૦ અમે ક્ષત્રીના શુદ્ધ કુમાર, આખી પૃથ્વિ તણા સિરદાર; માટે સમાન પંક્તિ વિનાય, યુદ્ધ તમારી સાથે ન થાય.૪૧ ચોરને નૃપ કેરો શંબંધ, કેમ ઘટતો આવે મતિ અંધ; એવાં ગર્વિષ્ટ સુણી વચન, આવ્યો શંભુ પાશે દુત જન. ૪૨ કહી અર્જુનની સઉ વાત, અથ ઈતી થઈ જે સાક્ષાત; ત્યારે શંકરે આણી કૃપાય, ફરી મોકલ્યો દુત તદાય. ૪૩ તેણે જઈને માગીયું બાણુ, તોય આપ્યું નહિ નિરવાણુ; એટલે દુત હતો પેલો જેહ, આવ્યો શંકર પાસેજ તેહ. ૪૪ કહ્યો અર્જુન કેરો વિચાર, બીજાં વાકય વળી તેણે ઠાર; તથિ કોપીયા શંકર દેવ, યુદ્ધ આદર્યું ત્યાં તતખેવ. ૪૫ આપી પોતાના ગણુને આજ્ઞાય, શર વૃષ્ટી કરો આવેળાય. ૪૬

વલણ. એવી રીતે કોપિયા, પારવતિના નાથરે; દુર્ગો કહે જેણે ધર્યું, ધનુષ બાણુતો હાથરેરેરે. ૪૭

ઇતિશ્રી શીવપૂરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાં અર્જુન શંકર વિવાદ વર્ણનો નામ પંચાશીતીતમોઽધ્યાયઃ ૮૫

અધ્યાય ૮૬ મો—અર્જુન અને શંકરને યુદ્ધ.

રાગ મલ્હાર.

એવા અર્જુન શંકર કેરૂંરેરેરેહો યુદ્ધ થયું તે સમેરે, ટેક
શીવ આજ્ઞાથી દુતે ત્યાં મુકવા માંડયાં બાણુ; એવું અઘટીત દેખીને, કોપ્યો નૃપ નિરવાણુ; તેણે પણુ તે કાળે, શર કીધો છે સંધાણુ; એવા અર્જુન શંકર કેરૂંરેરેહો યુદ્ધ.૧ અર્જુન કેરા બાણે ત્યાં દુતોને નસાડયા, વળી મુકેલા બાણો

તે કાપિ હેઠા પાડયા; તેવા રૂંવે રૂંવે તો તિક્ષાણ શરથી તાડયા, એવા અર્જુના. ૨ એવું દેખી શીવે, ત્યાં દઈવિત ઝાઝું દાખ્યું; કવચ કીરીટી કેરૂં તે તર્તજ તોડી નાખ્યું, તેવું વપુતો સઘળું, નવ સાજું નિશ્ચે રાખ્યું; એવા અર્જુન. ૩ ત્યારે પાંડુ સુતને ત્યાં, ક્રોધ અતિશય ચઢિયો; તેથી જઈને નભમાં, ધન માફકતો ગડગડીયો; વળતી ઈશ્વર સાથે, એ દારૂણ યુધ્ધે ચઢિયો; એવા અર્જુન ૪ શંકર પણ તે કાળે, જઈ આકાશે ઉછળીયા; શર વૃષ્ટી બહુ કીધી, ને સ્થાન કુથી નવ ચળિયા; રૂઠયા અર્જુન શામા તે ખાળ્યાતો નવ ખળિયા, એવા અર્જુન. ૫ અર્જુને તો મુકયું અગ્નયાશ નામનું બાણ; તેથી અગ્ની પ્રગટયો, ત્યાં દાવા નળ નિરવાણ; ઝશઝળ જવાળા નિકળે તે જાણે ઉઘડી ખાણ, એવા. ૬ ત્યારે શીવે મુકયું, મેઘાસ્ત્ર બાણ તે વારે; જળ વૃષ્ટી થઈ ઝાઝીને અગ્નિ શમીયો ત્યારે, શિતળતા બહુ ઊપજી ત્યાં શિત ઝપાટો મારે; એવા. ૭ પારથે તે કાળે, પવનાસ્ત્ર પ્રેરીયું શારૂં; તેથિ વાયુ વાયો, ને વસ્ત્ર ઉઘડીયાં વારૂ; ધન ઉડાડી દીધો, ને મટિયું ત્યાં અંધારૂં; એવા. ૮ એવી રીતે બેઉ ત્યાં બરોબર ઉતારીયા, એક એકને શસ્ત્ર મારે ને આખા નભમાં ફરીયા; એવું દ્દષ્ટે દેખી સૌ ઈંદ્રાદિક તોડરિયા, એવા. ૯ દિગપાળો તો ડોલ્યા; ને મેરૂ મંડળ હાલ્યું; સિંધુ વારી ઉછળ્યું, તે દોદીશા પ્રત્યે ચાલ્યું, ઉર્વીનું પડ ધરૂજ્યું એ શેષ શરીરે સાલ્યું, એવા અર્જુન. ૧૦ સમ સમ કરતા

ચાલે એ સાયક તે નવ ખુટે, ગ્રહ મંડળ જઇ ભેદે ને તારા ત્યાંથી ત્રૂટે; તેવા પર્વત છેદે, ત્યાં પથરા તે વછુટે, એવા અ ર્જુન. ૧૧ એવામાં ત્યાં આવ્યો; અર્જુનનો દાવજ જ્યારે ચરણે ઝાલી શીવને, શીર ઉપર ફેરવ્યા ત્યારે, વિબુધ વિ- સ્મય પામ્યા, ઈંદ્રાદિક તેણી વારે, એવા અર્જુન શંકર કેરૂં રે. ૧૨ વળતી થોડીવારે, ત્યાં શીવનો દાવજ આવ્યો, ત્યારે છુટયા કરથી ને પારથને દબાવ્યો, છાતી ઉપર બેશીને છેક જુલમ વરતાવ્યો. એવા. ૧૩ અર્જુને પણ ઈશાને ઉછાળી હેઠા નાખ્યા, વળતી મલયુધ કરતા ને અતિ બળ અંગે દાખ્યા, શબ્દ કઠોર ત્યમ બેઉએ, ત્યાં સામાસામી ભાખ્યા, એવા. ૧૪ તે પુંઠે ત્યાં વિજયે, વિરૂપાક્ષ તણું અંગ ભાગ્યું; તાણી ઢાંકો મારી, તેનાથી ઝાઝું વાગ્યું, ત્યારે શીવે સમ જીને, યુદ્ધ હતું તે ત્યાગ્યું, એવા. ૧૫ પારથનું બળ પેખી ને રીઝયા ત્યાં નગવાસી, સ્વરૂપ બતાવ્યું સાચું ને હસીયા શ્રી અવિનાશી, તેવા મુખથી કહેતા, ત્યાં ધન્ય ધન્ય સુખ રાશી. એવા. ૧૬ કરમાં ત્રિશુળ ઝાલીઉં ને કાને કુંડળ શોભે જટા જુંટમાં ગંગા, તે જોતાં ચિતડું લોભે, તેજ અતિશે પેખીને સુર્ય ગતિ ક્ષણ થોભે એવા. ૧૭ વૃષભ ઉપર બેઠા ને અંકે અંબા દેવી, સર્વ કંઠમાં વિંટયા ને કાન્તિ રવિના જેવી, ચંદ્ર કપાળે ચળકે, ત્યાં શિતળતા છે તેવી એવા. ૧૮ એવા શિવને દેખીને અર્જુન વિસ્મય પામ્યો, વળતી પાચે લાગ્યો ત્યાં વ્યાધી સઘળો વામ્યો, જેથી આખા જગમાં

તો યશ બહુ એનો જામ્યો. એવા. ૧૯ તે પુંઠે ત્યાં શીવની, સ્તુતિ તો કરવા લાગ્યો; હેત અતિશે વ્યાપ્યું, ને અંતરમાં અનુરાગ્યો. સફળ થયું તપ ત્યાંહી, ને ભય શતરૂનો ભાગ્યો, એવા. ૨૦ વલણ. સ્તુતિ કરી શંકર તણી, અર્જુને તો જેહરે, દુર્ગા કહે શ્રોતા સુણો; વિસ્તારી કહું એહરે. ૨૧.

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં અર્જુન શંકર યુદ્ધ વર્ણનો નામ છ્યાશીતીતમોધ્યાય. ૮૬

અધ્યાય ૮૭ મો અરજુનને વરદાન.

રોગ છંદ નારાચ.

અહો કૃપાળ નેત્ર ભાળ નિર્ગુણં નિરંજનં; ત્રિલોક પાળ વ્યાળ માળ કષ્ટ કાળ ભંજનં; ત્રિશુળધારી ભુતચારી અર્ધ ચંદ્રશેખરં, વેદાંત શાસ્ત્ર શોધકં નમામિ નાથ શંકરં. ૧ કૈલાસ વાસી ધામ કાશી ધારકં નિરામયં, અઘોર મંત્ર સાધકં દિગંબરં ઘૂતિ સ્વયં, બ્રહ્માંડ ભુપ બ્રહ્મ રૂપ ભર્ગપુંજ ભાસ્કરં. વેદાંત. ૨ વિશુદ્ધ કીર્તિ જ્ઞાન મુર્તિ ગૌરી મૌલીમંડનં, અપાર યોગ દર્શનં અનેક દુષ્ટ દંડનં; નગેંદ્ર પુત્રિ સેવિતં નિજાશ્રયં મનોહરં. વેદાંત. ૩ પ્રતાપપુર્ણ શતરૂ ચુર્ણ સર્વ કાળ સાશ્વતં, ગિર્વાણ વાણિ વર્ધકં સદાશીવં શીવાવ્રતં, ઉપેંદ્ર સાહ્યકારકં ઉમાપતિ જટાધરં. વેદાંત. ૪ સંસાર જાળ છેદકં શરણ્ય સિદ્ધી દાયકં, અજીત કામ દાહકં નિર્માનવૃંદ નાયકં; પ્રચંડ ક્રોધહારકં પ્રજાપતિ પીડા હરં. વેદાંત. ૫ ઓંકાર એક અક્ષરં અનાદિ અક્ષરાતિ

તં, પિતા મહાદિવંદિતં પરોપકાર રંજીતં; સ્મશાનવાસિ સર્વદા સુરોત્તમં સુધાકરં. વેદાંત. ૬ ગણેશ તાત ગર્વપાત દઈત્યદર્પ છેદનં, અકંપિતં યશોધનં અમંગળં અભેદનં;ધ રાધરેણુ વર્ણિતં ચરિત્ર ચારૂ સુંદરં. વેદાંત. ૭ સુધર્મ પંથ રક્ષિતં કુમાર્ગ નાશ કંપરં, વિભુતિ સર્પ ભુષણં વિચ્છેદવા શનાવરં, સહસ્ત્ર નામ પુર્ણ કામ વામદેવ ઈશ્વરં. વેદાંત. ૮ રાગ મારૂ. એવી સ્તુતિ કરિ તેણુ ઠાર, બોલ્યો પાંડુ રાજા નો કુમાર; અહો શંકર જ્ઞાન અગાધ, મારો ક્ષમા કરો અપ રાધ. ૧ કર્યું યુદ્ધ મેં તો નિરવાણુ, માર્યાં ક્રોધ કરી બહુ બાણુ; તેને ધ્યાનમાં લાવો જો નાથ, તો તો મારી ગતિ શી શાક્ષાત. ૨ રવિ આગળ ખદ્યોત તેવો, સિંહ આગળ જાંબુક જેવો; તેવી રીતે તમારી સંગાથ, યુદ્ધ વિષે હું નિર્બળ નાથ. ૩ વ્યાશ વચનથી મહારાજ, કરિ શેવા તમારિ મેં આજ; વળિ કૃષ્ણે કહ્યું તુજ શાર, તેથી તમને ભજ્યા ત્રિપુરાર. ૪ દુષ્ટ કઉરવોએ દીધું દુ:ખ, કાઢયા નગ્રથી કરિ વિમુખ; તો પણ રાખે અતી અનુરાગ, નથિ આપતા રાજ્યમાં ભાગ. ૫ માટે તેહની સંગાથે શ્યામ, કરવો શંગ્રામ તો અભિરામ; તેમાં જય અમારોજ થાય, એવો વર આપો મ-હાકાય. ૬ એવું સુણીને શંકર દેવ, બોલ્યા કૃપા આણિ તતખેવ; અલ્યા શાંભળ પાંડુ કુમાર,તું છે ઈંદ્ર તણો અવતાર. ૭ તારા મોટા ભાઈ ધર્મ જેહ, તે તો કૃતાંત કેરીજ દેહ;તે-વો પ્રબળ વાયુનો મંત્ર,તેથિ ભીમ થયોછે સ્વતંત્ર. ૮ એવી

રિતે અશ્વીનીકુમાર, થયા શહદેવ નિકુળ સાર; પાંચે ભાઈ તમે દેવ રૂપ, બળ વિદ્યાને કીર્તિ અનુપ. ૯ એવા સત્ય ના સંગાથી વિર, પરમારથ રૂપી શરિર, તેથી તમારા ઉપર તન, સદાકાળ હું તો છું પ્રશન. ૧૦ તારી વિદ્યા જોઈ મહાકાય, પામ્યો વિસ્મય હું આ વેળાય; ધન્ય ધન્ય તારો અવતાર, ધન્ય ગુરૂ પિતા માતા સાર ૧૧ માર્યાં યુદ્ધમાં તેં મુને બાણુ, તેને પુષ્પ માન્યાં નિરવાણુ, તેમ કીર્તિ થવા તારી બાળ, હાર્યો જાણી જોઇ આણુ કાળ. ૧૨ એવું કહી મુકયો શીર હાથ, વળી મળ્યા પોતે ભીડી બાથ; પછી આપ્યાં ઘણા વરદાન, ગુપ્ત વિદ્યાદી સર્વ નિદાન. ૧૩ તેમ પશુ પતાકા જે બાણુ, આપ્યું તે પણ ત્યાં નિરવાણુ, વળતી કહેવા લાગ્યા ગિરિવાસી, સુણ અર્જુન યૂદ્ધ વિલાસી. ૧૪ જ્યારે યૂદ્ધે જાયે નિરવાણુ, ત્યારે મુકજે તું તો આ બાણુ; તેણે કરીને શતરૂ તમામ, નાશ પામશે સૌ અભિરામ. ૧૫ જ્યાં જ્યાં જઈશ તું નૃપ તન, ત્યાં ત્યાં જય થશે બળવન; એવું કહીને વાકય નિદાન, થયા શંકર અંતર ધ્યાન. ૧૬ પછી પાંડુ રાજાનો કુમાર, ચાલ્યો સત્વર ત્યાં થકી સાર, તેતો આવ્યો પોતાને મુકામ; ધર્માદિ બંધુ હતા તે ઠામ. ૧૭ તેને દેખીને સર્વે ભ્રાત, અતિ પ્રસન થયા સાક્ષાત; મળ્યા હળ્યા પુછી કુશળતાય, તપ કીધા તણી વારતાય. ૧૮ ત્યારે અર્જુને આણી સ્નેહ, કહ્યું વૃત્તાંત સઘળું તેહ; તેણે સુણીને ભુપતિ ધર્મ, પામ્યા આનંદતો વળી

પર્મ. ૧૯ કીધું શંકર કેરૂં વખાણ, મન વાણી થકી નિરવા ણ, એમ શીવના પુજને સાર; પાંડવ પામીયા સત્તા અ- પાર. ૨૦ થયો મહાન શતરૂનો નાશ, વધ્યો વિશ્વમાં કીર્તિ વિલાસ; માટે સુત કહે મુનીરાય, કરવી શીવની સેવાસદાય, ૨૧ જેણે કરીને સંકટ વામે, અંતકાળે પરમ પદ પામે; હવે શીવનું બીજું ચરિત્ર, કહું વિસ્તારીને મારા મિત્ર. ૨૨

વલણ. એ રીતે અર્જુન તણી ભક્તિ વખાણી શારરે, દુર્ગો કહે હાવે કરે, નૃશિંહનો વિસ્તાર રેરેરે. ૨૩

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં અર્જુન વર પ્રાપ્તો નામ સમાપ્તીતતમોઽધ્યાયઃ ૮૭

અધ્યાય ૮૮ મો નૃસિંહ ચરિત્ર.

રાગ લાવણી. એક વખત કૃતજુગમાં પ્રગટયો હિર ણ્યકસ્યપુ બહુ પાપી, તેને સુત પ્રહલાદ થયો તે, ભક્ત હ રીનો પરતાપી. ૧ હિરણ્યકસ્યપુ એતો કહાવે, વેરવી વિ- ષ્ણુનો ભારી, તે માટે નથિ જપવા દેતો; નામ તેહનું સુખ કારી. ૨ યજ્ઞ યાગ કે જપ તપ સાધન; તેતો કોઈથી નવ થાયે, દઈત્ય ત્રાશથી આખી દુનિયાં, અંતરમાં બહુ મુઝાયે. ૩ એવામાં પ્રહલાદ પુત્ર તો, પાંચ વર્ષનો ત્યાંજ થયો; એટલે તાત તણિ આજ્ઞાથી, નિશાળે ભણવાને ગયો. ૪ તે કાળે ત્યાં મહેતાજીએ, પ્રીતિ અંતરમાં આણિ; આસુરી વિદ્યાનો ઉપદેશ, કીધો નૃપ આજ્ઞા જાણિ. ૫ તેને સાંભળી બાળક બો લ્યો, મુખથિ નારાયણ એવું; ગુરૂનું વાકય ગ્રહણ નવ કીધું; વિષ્ણુ નામ લીધું તેવું. ૬ તે કાળે મહેતાજીએ ત્યાં, ત્રાસ

બતાવ્યો છે ત્યાંહી; તોપણ નામ પ્રભુનું જપતો, બાળકે એ શાળામાંહી. ૭ વળતી ખાવા માટે છોડયો, બાળકને ગુરૂએ જ્યારે; ત્યારે પાટી લેઈને આવ્યો, હરી ભજતો તેણિવારે. ૮ એવું દેખી હિરણ્યકસ્યપ. ઉદવેગમાં પોતે પેઠો; વળતી સુતને કહેવા લાગ્યો, ખોળામાં લેઇને બેઠો. ૯ ત્યાર પછીથી પુછવા લાગ્યો, પ્રીતિ અંતરમાં આણિ; અરે પુત્ર શું શીખ્યો આજે, તે તો કહે સાચી વાણી. ૧૦ એવું સાંભળી બાળક બોલ્યો, મુખથકી શ્રી હરી હરી; નમસ્કાર નારાયણને છે, એમ ઉચાર્યું ત્યાં ફરી. ૧૧ તે કાળે હડસેલો મારી, બાળકને હેઠો પાડયો; વળી દશબારેક લાતો મારી મુષ્ટીથી ઝાઝો તાડયો. ૧૨ તે પુંઠે ત્યાં મેહેતાજીને, બોલાવી ઠપકો દીધો; અરે દુષ્ટ તેં મુજ બાળકને, ભ્રષ્ટ બરોબર કયમ કીધો. ૧૩ મુજ શતરૂનું નામ વદે છે, વાત બધિ પડતી મેહેલી; આતે શું થાવા બેઠું છે, બુદ્ધિ થઇ એની ઘેલી. ૧૪ એવું સાંભળી મેહેતો બોલ્યો, શ્રવણ કરો અરજી મારી; પુત્ર તમારે શાળા આખી, સમજાવીને ભ્રષ્ટ કરી. ૧૫ એ બોલે છે એવું સરવે, બાળકને તો શિખવાડયું; એક દિવસમાં આપણી સર્વે, વીદ્યા કેરૂં મુળ કાઢ્યું. ૧૬ એવું સાંભળી અસુર પતીને, પ્રગટી મન ચિંતા મોટી; તેથી સૌ રાક્ષસને તેડી, આજ્ઞા તો આપી ખોટિ. ૧૭ અહો મિત્ર આ બાળકને લેઇ, દરિયામાં નીશ્ચે નાખો; વળી તરવારે અંગવિદારો, દયાદિલમાં નવ રાખો. ૧૮ એવું સાંભળી સર્વે રાક્ષસ, બાળકને લેઈને

ચાલ્યા;શૈલ ઉપરથી પડતો નાખ્યો, તે પુંઠે મનમાં માલ્યા. ૧૯ તોપણ એને કંઈ નવ વાગ્યું, સાય પ્રભુએ ત્યાં કીધિ; વજ્ર સરીખું અંગ બનાવ્યું, હિમ્મત હૈયામાં દીધિ. ૨૦ કોટીક આયુદ્ધ રાક્ષસ મારે, તોપણ આંચ નહિ એને; ઈશ્વર અનુકુળ હોય જેને, શતરૂ શું કરશે તેને. ૨૧ તે કાળે ત્યાં રાક્ષસ લોકે, સુત લાવી પાછો આપ્યો; એવું દેખી અસુર પતિને, ત્રાસ હ્રદયમાં ત્યાં વ્યાપ્યો. ૨૨ ફરી ભણવા નીશાળે મુકયો, ગુરૂને કહે તમે સમજાવો; જેતે રિતે મુજ શતરૂનું, નામ મુખેથી છોડાવો. ૨૩ એવું સાંભળિ મેહેતાજીએ, બોધ કર્યો ઝાઝો ત્યાંહી; તોપણ બાળકના મન ભુલ્યો, વિષ્ણુનું ભણવામાંહી. ૨૪ તે પુંઠે પ્રલ્હાદે આપ્યું, જ્ઞાન ગુરૂને તે વારે; તેણે કરિને શાન્તિ પામ્યા,શંડામૂંક તેણે કારે. ૨૫ વળતી ગુરૂતો નૃપને કહે છે, થાકયો સૌ ઉપાય કરી;તો પણ તમ બાળકની બુદ્ધિ, લેશ માત્રાતો નવ ફરિ. ૨૬ એવું કહીને મેહેતાજી તો, પોતાને મુકામે ગયો; ત્યારે અસુરાધિપના મનમાં, અતિ દારૂણ ઉદવેગ થયો. ૨૭ વળતી સુતને બોલાવી કહે, વિશ્વ તણો હું છું સ્વામી; તે માટે મારિ ભક્તિ કર, જ્ઞાન હૃદયમાંહી પામી. ૨૮ એવું સાંભળી બાળક બોલ્યા, વિશ્વપતિ સઘળે રહેછે; તમે તો અહિંના રાજા છો, તેતો સર્વે દેખે છે. ૨૯ તે કાળે હિરણ્યાકશ્યપે, સ્તંભ તપાવ્યો લોહ તણો; વળતી કહે છે બાઝ હવે તું, સ્વામી હશે માંહિ વિશ્વતણો. ૩૦ એવું સાંભળી બાળક

આવ્યો, સ્તંભ સમીપ છાતી કાઢી; એટલે પ્રભુએ તખ્તથાં ભલે, હાર કીડીની દેખાડી. ૩૧ તેથી એ બાળકના મનમાં, હિંમતતો ઉપજી ભારિ; ત્યારે પોહોળા હાથ કરીને, ગયો બાઝવા ભય હારિ. ૩૨ નામ પ્રભુનું સ્મરણ કરીને, જાય વળગવા ત્યાં જેવે; એવામાં એ સ્તંભ ફાટિયો, શબ્દ થયો દારૂણ તેવે. ૩૩ તેમાંથી નારાયણ પ્રગટયા, રૂપ નૃસિંહનું ત્યાંય ધરયું; અરધું વપુ માણસના જેવું, અરધું કેસરી જેવું કરયું. ૩૪ ગડગડ હડહડ નાદ નીકળે, વદન થકી તેણી વારે; તેણે કરિને વિશ્વ ખર્ભળ્યું, દીગ્ગજ પણ ડોલ્યા ત્યારે. ૩૫ વળી આસુરી કેરા ગર્ભો, તે પણ ત્યાં તુટિ પડીયા; કેટલાક દઈત્યો ધુજી ઊઠયા, ત્રાસ થકી તે લડથડીયા. ૩૬ તે કાળે પ્રલ્હાદ પુત્ર પણ, સ્તબ્ધ થયો જે બહુ ત્યાંહી; રૂપ ભયાનક હરિનું જોઈને, ભજન કરે અંતરમાહી. ૩૭ તે કાળે ત્યાં નર હરી કોપ્યા, તલપ મારિ બહુ જોર કરિ; પાપિને પકડયો બે હાથે, યુદ્ધ કર્યું અતિહામ ધરિ. ૩૮ એવામાં ત્યાં સુર્ય આથમ્યો, સાંઝપડી જેણેવારે; એટલે ખોળામાંહિ લિધો, પાપીને પોતે ત્યારે. ૩૯ વળતિ બેઉ નખ વળગાડીને, હ્રદય અંગચીરિ નાખ્યું. ૪૦ એવી રિતે હીરણ્યકસ્યપ, શ્રી હરિએ માર્યો જ્યારે; તેથી જય જય શબ્દ થયો ત્યાં, સુર હરખ્યા તેણિવારે. ૪૧ તો પણ નર હરિશા શાન્ત થયા નહિ, ઘોંકારા મુખથી કરતા; જાણે વિશ્વ બધું ખાઈ જાશે, પ્રલય સમોવડ આચરતા, ૪૨ એવું

દેખી સૌ દેવોએ, મનસુબો કીધો ત્યાંહી;શંકર પાસે આવી પહોચ્યા, શત્વ રહેલા માંહિ. ૪૩ ત્યાં આવિને શીવને નમીયા, સ્તવન કર્યું મુખથી શારૂં; એટલે શંકર કેહેવા લાગ્યા,શરવેને ભાષણ પ્યારૂં.૪૪ અહો દેવ કેમ થરથર ધ્રુજો, શંકટ શું આવ્યું ભાઈ;તે શઘળું વિસ્તારિ કોહોને,હિંમત અંતરમાં લાઈ. ૪૫ એવું શાંભળી દેવ બોલિયા, કરજોડિ શામું ભાળે;અહોનાથ નથી ક્રોધ ઉતરતો,નૃશિંહ તણો આણે કાળે૪૬ હિરણ્યાકશ્યપ રાક્ષસ હણિયો, ભક્તને લીધો ઉગારી; તોપણ નેત્ર ભયંકર ભાસે, ઘુઘવાટો કરતા ભારી. ૪૭ એવું દેખી સૌ દેવોએ, પાસે જઈ શકાય નહી; વિશ્વ સકળનો અંત આવશે, વિષ્ણુ કોપ્યાથીજ સહી. ૪૮ તે માટે ત્યાં આવી સ્વામી, ક્રોધ એમનો ઉતારો, જેતે રીત કિંકર જાણી. અમને તો પ્રભુ ઉગારો. ૪૯ એવું સાંભળી સૌ દેવોને, ધૈર્ય અતિ પોતે દીધું, તે પુંઠે ત્યાં ત્રિલોચને, રૂપશર્ભનું તે લીધું ૫૦ શરભ જનાવર દેખી દષ્ટે, કેસરી તો ગ્લાની પામે; તે માટે ત્યાં શરભ બનીને, શીવ ચાલ્યા નરહરી સામે, ૫૧ તે પુંઠ ત્રિદશની ટોળી, આગે તો શંકર સ્વામી; એવી રીતે આવી પહોંચ્યા, જ્યાં ઉભા અંતરજામી, ૫૨ શરભ સ્વરૂપ શીવને દીઠા, નરહરીએ જેણી વારે; એટલે સામા આવી નમીયા, ક્રોધ સમ્યો સઘળો ત્યારે. ૫૩ સામાસામી વંદન કીધું, સ્તવન કર્યું અતિ ઉલ્લાસે તે પુંઠે પ્રલ્હાદ ભક્તને, બોલાવ્યો પોતા પાસે. ૫૪ શીવ વિષ્ણુએ કરૂણા આણી,

કર મુક્યો એને માથે; વળી ઝાઝાં વરદાન આપીયાં, બેઉ જાણ એને સાથે. ૫૫ વળતી સૌ અંતર ધ્યાન પામ્યા, પોત પોતાને સ્થાન ગયા; કહે દુર્ગો પ્રલ્હાદ ભક્ત તો, શોણિત પુરની માંહ્ય રહ્યા. ૫૬. વલણ. એ રીતે હરીભક્તના, પોહોચ્યા મનના કોડરે; કહે દુર્ગાશંકર કવિ, બોલો શ્રી રણછોડ રે. ૫૭.

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાં
નૃસિંહ ચરિત્ર વર્ણનો નામ અષ્ટાશીતિતમોઽધ્યાયઃ ૮૮

અધ્યાય ૮૯ મો પાર્થિવ પુજા.

રાગ સામેરી. સુત પુરાણી એણીપેર બોલ્યા, સાંભળો મુની આવાર; વિસ્તારી સંભળાવું હાવે, પાર્થિવ પુજન સાર. ૧ પાર્થિવ પુજન કરનારાજે, પ્રાણિ સુંદર હોય; તેને પાછલી ખટઘડી રાતે, ઉઠવું વેહેલું હોય. ૨ તે પુઠે ગુરૂ સ્મરણ કરિને, મળ ત્યાગાદિ જેહ; ક્રિયાઓ કરવી શુભ રિતે, તેમાં નહિ સંદેહ. ૩ તે પછિ ત્યાં સ્નાન કરિને, દ્વાદશ નામે સાર; તિલક તો કરવાં પ્રાણીને, રાખી શુદ્ધ વિચાર. ૪ વળતી પ્રાણ પ્રતિષ્ઠાને વળી, ભુત શુદ્ધી તો જેહ; તે પણ ત્યાં કરવા વિચારી, શાસ્ત્ર વિધિથી એહ. ૫ ત્યાર પછીથી પીત્રી તર્પણ, કરવું ત્યાં નિરધાર; તે કાલે વળી અર્ઘ આપવો, તરણીને તો સાર. ૬ તે પુંઠે ગણપતિને વિષ્ણું, તેનું તો પુજન; વિધી પ્રમાણે કરવું ભાઈ, થઇને ખુબ પ્રસન, ૭ વળતિ પાર્થિવ પુજન કેરો; કરવો આરંભ ત્યાંય, તે કાલે ત્રિશુલ ધારિને, રાખવા ધ્યાનની માંય. ૮ પાર્થિવ કરવા

તેની મધ્યે, માટી જોઇએ જેહ; તેતો શુદ્ધ જગાથી આણવી, તેમાં નહીં સંદેહ. ૯ કૃષ્ણ પક્ષની ચતુરશીને, દિવસે લાવ વી સાર; તે કાલે ત્યાં અષ્ટ મુર્તએ, મંત્ર કહેવો નિરધાર. ૧૦ તે પુંઠે સંકલ્પ કરીને, કરવા સઘળા ન્યાસ; તેવી રીતે ધ્યાનજ ધરવું; આણીને ઉલ્લાસ. ૧૧ તે પુંઠે મૃતિકામાં હી રેડવું જળ તે ઠાર; તેનો ગોળ બનાવી કરવું, લિંગ વળિ નિરધાર. ૧૨ મહેશ્વરાય નમસ્કરોમિ એવો બોલી મંત્ર; શંકર કેરૂં બાણુજ ઘડવૂં, શ્રદ્ધાથિ સ્વતંત્ર. ૧૩ શુળ પાણયે નમસ્કરોમિ, એ મંત્રે કરિ એમ; પ્રતિષ્ઠા શંભુની કરવિ, કુશળતાથિ તેમ. ૧૪ એ રીતે આવાહન કરીને, અક્ષત આદી જેહ; ચઢાવવા ઉપચાર અનોપમ, તેમાં નહીં સંદેહ૧૫ એવી રીતે દશાંશ હોમને, બ્રાહ્મણ ભોજન શાર; તેને પણ કરવાં તે કાલે, પ્રીતિથી નિરધાર. ૧૬ એવી રીતે ગુરૂ પાશેથી, પામેલો જે મંત્ર, તેતો મન ઇચ્છિત શંભારી, જપવો ત્યા સ્વતંત્ર. ૧૭ તે પુંઠે ત્યાં મંત્ર જપ્યાનું. દશાંશ તર્પણ જેહ; તેની શાથે માર્જન કરવૂં, તેમાં નહિ શંદેહ. ૧૮ એ પ્રમાણે અષ્ટ મુર્તિયો, શંકરની નીરધાર; તેની પણ ત્યાં પુજા કરવી, રાખી સુદ્ધ વીચાર. ૧૮ વળતી નીજ અપરાધ ક્ષમાને; અર્થે તો વળી ત્યાંય; પુષ્પાંજલી કરવિ પ્રિતિથિ મંત્ર ભણિ મુખમાંય. ૧૯ તે પુંઠે વિશર્જન કરવૂં આણીને ઉલ્લાશ; શંકલ્પ કરવો તે કાળે, નિશ્ચય એહ પ્રકાશ. ૨૦ ત્યાર પછીથિ બુદ્ધિમાને, ઉઠવૂં ત્યાંથિ શાર; વળિ વ્યવહા

રિક કામજ, બીજું તો નિરધાર. ૨૧ આવિ રિતે પાર્થિવ પુજન, કરશે જે કોઈ જન તેનિ ઈચ્છા પુરિ થાયે, શીવ થશે પ્રશન. ૨૨ બ્રાહ્મણ વિના અન્ય વર્ણ તો, ઈચ્છે પુજન એહ તે તો વિપ્રનિ પાશે કરાવે, તેમાં નહિ શંદેહ. ૨૫ તેવિ રિતે દ્વિજે કરેલિ, પુજાનું શ્રેય શાર; તે તો લેવૂ પ્રશન કરિને, બ્રાહ્મણને નીરધાર. ૨૫ તેથી તે યજમાન તણિ તો, ઈચ્છા પુર થાય: પુત્રાદિક શંપતી પામે, શિવ ભક્તી શદાય. ૨૬ મુક્તિ અર્થે ખટ મહિના, જો કરે શીવનું સેવન; તો તો જીવન મુક્ત થશે એ, જ્ઞાન વધે બળવન. ૨૭ શ્રાપ દેવોને અનુગ્રહ કરવો, તે પણ શત્તા શાર; ખટ મહિના સેવનથિ આવે; તેમાં ફેરનફાર. ૨૮ મોટા મોટા મુનિયો તે પણ, કરી પાર્થિવ પુજન; દિર્ઘાયુને જ્ઞાન પામીયા, વચન સીદ્ધિ બળવાન. ૨૯ સુત કહે શં પુરણ કિધો, પાર્થિવનો મહિમાય; તેને જે કોઈ શ્રવણ કરે છે, તે નર મોક્ષે જાય. ૩૦

વલણ. એ રીતે સુતે કહ્યો, પાર્થિવનો મહિમાયરે; દુર્ગા કહે તેને સુણે, તે નર મોક્ષે જાયરેરેરે. ૩૧

ઇતિશ્રી શીવપૂરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાં પાર્થિવ પૂજન વર્ણનો નામ નેવ્યાશીતીતમોઽધ્યાયઃ ૮૫

અધ્યાય ૯૦ મો—શિવરાત્રિ નિરૂપણ.

રાગ મારૂ. સુણી સુતની સુંદર વાણિ, બોલ્યા શૌનકાદિ પ્રેમ આણી; અહો પુરાણી શાંભળો વાત, મટાડો એક શંકા સાક્ષાત. ૧ કીયા વૃતે કરી મહાદેવ, રહે પ્રસન તો સદા એવ; તેને વિસ્તારી કહો મહારાજ, જેથી આનંદ ઉપજે

આજ. ૨ એવાં વિપ્રનાં સુણી વચન, બોલ્યા સુત થઈને પ્ર સન; અહો વિપ્ર સુણો આણિવાર, કહું ઉત્તમ વૃત વિચાર. ૩ પુર્વે શંભુને વિષ્નુએ એહ,પ્રશ્ન પુછ્યું હતું આણિ સ્નેહ, તેમાં શંકરે કહી જે વાત; તેતો વિસ્તારિ કહું શાક્ષાત. ૪ મુક્તિ પામવા કેરાજ શાર, ચાર રસ્તા કહ્યા નિરધાર; તેને સાંભળો આણિ ઉમંગ, જેથી પવિત્ર થાયજ અંગ. ૫ પેહેલું પુજન તો નિરધાર, બીજો રૂદ્રાધ્યાય જપ સાર; ત્રીજો ત્રીદીનનો ઉપવાસ, ચોથું કાશીમાં મૃત્યુ પ્રકાશ. ૬ ત્રણુ દીન ઉપવાશના જેહ, કહું વિસ્તારિને હવે તેહ; શુકલપક્ષની ચઉદશ સાર, અષ્ટમીને વળી શોમવાર. ૭ એહ ત્રણુની માંહિ નિદાન, શિવરાત્રિ શદા બળવાન; ભક્તિ મુક્તિ માટે વૃત્ત એહ, નથિ તેમાં જરાય સંદેહ. ૮ એવી સુતની સાંભળી વાણિ, બોલ્યા બ્રાહ્મણુ તો પ્રેમ આણિ;અહો સુત તમે આણિવાર, કહો શિવરાત્રિ કેરો પ્રકાર. ૯ ત્યારે અત્યંત થઈ પ્રસન, બોલ્યા સુતપુરાણિ પાવન; અહો વિપ્ર સુણો ઈતિહાસ, શિવરાત્રિજ કેરો પ્રકાશ. ૧૦ દેવ મનુષ્યને નરનાર,યક્ષ ગાંધર્વાદિ નિરધાર; કરે સઉને એ વૃત્ત પાવન, છુટે સંસાર કેરૂં બંધન. ૧૧ માઘ માશની અંધારિ જેહ, હોય ચતુર્દશિ નિરધાર; તેને માનવી વૃત્તની માંય, કરવો ઉપવાસ તે દીને ત્યાંય. ૧૩ તિર્થમાં જઈ કરવું સ્નાન,અર્ઘ આપવો ત્યાંતો નિદાન, તિર્થ ન મળે જો કોઈ ઠાર; તોતો ટાઢે જળે ન્હાવું સાર. ૧૪ પછી પોતાતણું નિત્યકર્મ, કરવું આદર આણિ

ને પર્મ; તેની પુંઠે જે સ્થાપિત બાણુ, તેને પુજવું જઇ નિર વાણુ. ૧૫ એમ રાત્રી પડે જેહ વારે, લેવો પુજાનો ઉપચાર ત્યારે;વળતી જાવું શિવાલયમાંય,બેસવું બાણુ પાસેજ ત્યાંય, ૧૬ કરવી પોહોરે પોહોરે પુજા સાર, રાખી દિલ્લમાં શુદ્ધ વિચાર; કહું તેહ તણો ઈતિહાશ,સુણો એહુને આણિ ઉલ્લાસ. ૧૭ પ્રથમ પહોર વિષે મુનિરાય, પાંચ દ્રવ્યથી કરવિ પુજાય; તેની પુંઠે કરવિ જળધાર, બીજા ચઢાવવા ઉપચાર. ૧૮ તેવિ રિતે વારિ ધારા જેહ, ફરિ થકી કરવિ આણિ સ્નેહ; તેની પુંઠે બધા ઉપચાર, ફરિ ચઢાવવા નિરધાર. ૧૯ વળતી ગુરૂનો આપેલો મંત્ર, જપવો શ્રદ્ધા રાખિને સ્વતંત્ર; તેની પુંઠે તર્પણ કરવું સાર, મંત્રયુક્ત એ તો નિરધાર. ૨૦ કરવો સંકલ્પ તો તેણે કાળ,બ્રહ્મભોજન કેરો વિશાળ;છેવટ એક અતીથીનો સાર,કરવો સંકલ્પ તો નિરધાર. ૨૧ એવી રિતે બીજે પહોરે સાર, કરવી પુજા ફરિ નિરધાર; પહેલા પહોર તણું જે પુજન, કરવું તેહ તણું વિસરજન. ૨૨ બીજા પહોરના પુજનમાંય, જપ બીલી ચઢાવવાં ત્યાંય; ચંદન અક્ષતાદી ઉપચાર, તે પણ ચઢાવવા તેણે ઠાર. ૨૩ સપ્ત ધાન્ય છે પવિત્ર છે જેહ, તે પણ ચઢાવવાં આણિ સ્નેહ; પછી પુષ્પો તો સુગંધીદાર,સર્વે ચઢાવવાં નિરધાર. ૨૪ તેણે સમે લાડુ તણું ત્યાંય, કરવું નૈવેદ્ય આનંદમાંય; વળી દુધપાકનું તે વેળાય, શ્રેષ્ઠ નૈવેદ્ય તે તો ધરાય. ૨૫ તેની પુંઠે ધરવો મુખવાસ, દેવી દક્ષિણા દ્રવ્ય પ્રકાશ; રૂદ્રાધ્યાય તણો જપ સાર, કરવો

તે પણ ત્યાં નિરધાર. ૨૬ તે ના આવડે જો વળી તંત્ર, તોતો ભણુવો પંચાક્ષરિ મંત્ર; પહેલા પહોરથી બમણો શાર, બ્રાહ્મણ ભોજનકેરો પ્રકાર. ૨૭ કરવો સંકલ્પ તેહનો ત્યાંય, રાખી વિશ્વાશ દિલની માંય; તેમ ત્રિજે પહોરે દ્વિજબાળ, કરવું વિશરજન તતકાળ. ૨૮ પછી પુજન કરવું શાર, કહું તેહ તણો તો પ્રકાર, ઘણે ચોખા અને અર્ક ફુલ, વળિ ઉપચાર બિજા અમુલ્ય. ૨૯ તેણે કરીને પુજવા નાથ, ધુપદિપાદિ ધરવાં શાક્ષાત; તેણે સમે બળિ નિરધાર, ધરવું માલપુડાતણું શાર. ૩૦ શાક કર્યાં હોયે વળિ જેહ, ધરવાં તે પણ આણિને સ્નેહ; પછી આરતિ આદિ પ્રકાર, કરવો શમસ્ત તો તેણે ઠાર. ૩૧ તેવું ત્રિઘણું મંત્ર સ્તવન, કરવું શીવને કરવા પ્રશન; ત્રણ વિપ્ર જમાડવા શાર; તેનો શંકલ્પ કરવો તે ઠાર. ૩૨ તેવી રિતે ચોથે પહોરે ત્યાંય, કરવું વિસર્જન ક્ષણમાંય; વળતી પંચ દ્રવ્ય કહાવે જેહ, તેતો ચઢાવવાં આણિને સ્નેહ. ૩૩ તેની પુંઠે કરવી જળધાર, સ્તોત્ર ભણતા જવો તેણે ઠાર; વળતી ધાન્ય કહ્યાં જે સાત, તે પણ ચઢાવવાં ત્યાં સાક્ષાત. ૩૪ તેમ ચંદન આદિ તો જેહ, ચઢાવવાં આણિ અતિ સ્નેહ, શંખી પુષ્પે ચંપા પુષ્પે સાર, વળિ પુજવા પ્રભુ તે ઠાર. ૩૫ શિવરાત્રિના વૃત્તમાં શાર, ચંપક પુષ્પતણો અધિકાર; આડે દહાડે ન ચઢેજ એહ, શ્રાપ કારણથી વળિ તેહ. ૩૬ તેની પુંઠે બધા ઉપચાર, ચઢાવવા વળિ તેણે ઠાર, કરવો ચોગણો જપ તે ઠામ; રાખી અંતરમાં અતિ હામ. ૩૭ ચાર બ્રાહ્મણ ભોજનકેરો, કર

વો શંકલ્પ ત્યાં તો ઘણેરો; ચાર પહોર વિશે નિરધાર; અર્ઘ જુદાજુદા દેવા શાર. ૩૮ તેનાં વિસ્તારિને કહું નામ, સુણો શ્રોતા તમે આણુ કામ, પહેલે પહોરે બિલ્વ તણો શાર; બિજે બિજોરાનો નિરધાર. ૩૯ ત્રિજે પહોરે દાડમનો કહાવે, ચોથે કેળા તણો દરશાવે; એવિ રિતે સુર્યોદયે શાર. ફરિ પુજા કરવિ નિરધાર. ૪૦ તેણે શમે વિવિધ ભોજન, ધરવાં શિવને થાવા પ્રસન્ન; વળતિ આરતિ આદિ પ્રકાર, કરવા તે પાણ સૌ નિરધાર. ૪૧ પછી મળે તેવું તેણે સ્થાન, દેવું સુપાત્ર વિપ્રને દાન; તેની પુંઠે શક્તિ તુલ્ય શાર, વિપ્ર જમાડવા તેણે ઠાર. ૪૨ દેવિ દક્ષિણા આણિને સ્નેહ, વેદશાસ્ત્રનો ન્યાય છે એહ; પછિ વિશર્જન કરિ શાર, જમવું પોતે વળિ નિરધાર. ૪૩ આવિ રિતે કરે વ્રત જેહ, શીવ સ્વરૂપી જાણવો તેહ; તેને સિદ્ધિઓ ફળે તમામ, મળે મોક્ષ અંતે અભિરામ. ૪૪ હોય ગરિબ જે પ્રાણિ શાર, કરે એકલી તે જળધાર; તોય તેહનું થાશે કલ્યાણ, શિવ રાજી રહે નિરવાણ. ૪૫ નથી પુજનનો અધિકાર, તેને નામનો કરવો ઉચ્ચાર; કરવું જાગરણ તો રૂડી પેર, સુણવી શિવકથા ખુશીભેર. ૪૬ અજાણે પણ આ વ્રત થાય, થાય પ્રશન તો શિવ રાય; તો તો જાણી જોઈ કરે જેહ, ધન્ય ધન્ય પ્રાણિ વળી એહ. ૪૭ વલણ. શીવરાત્રીમાં શીવના, પુજનનો વિધી જેહરે; દુર્ગા કહે સુતે કહ્યો, વીપ્રને આણી સ્નેહરેરેરે. ૪૮

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં શીવરાત્રિ નિરૂપણો નામ નવનીતમોધ્યાય. ૯૦

અધ્યાય ૯૧ મો શિવરાત્રિ સંબધે ભિલની કથા.

રાગ સામેરી. શીવપુજન સાંભળીને, બોલ્યા શૌનક તેણુ ઠાર; અહો સુત એક સંશય છેદો, આ વખતે નિરધાર. ૧ વૃત જાણ્યા કોણે કીધું, વૃતમાં શીવ પુજન; વળી તેને મળીયું શું તેથી, પદ ઉત્તમ પાવન. ૨ તે સઘળું વિસ્તારી કહોને, આ વખતે નિરધાર. ૩ એવું સાંભળી સુત બોલિયા, રાજી થઈ તે ઠામ, વળતી એમ કહેવા લાગ્યા, વૃત મહિમા અભિરામ. ૪ પુર્વે કંટક વનની માંહી, ભીલ હતો વળી એક; હતું રૂરૂદરૂ નામ તેહનું, પાપી એતો છેક. ૫ જાતે પણ ભયંકર દિસે, દૃષ્ટિ ત્યમ વિકાળ; પ્રેત સરિખો કહાવે નિશ્ચે, પસુ પક્ષીનો કાળ. ૬ માતપિતાને આતમજ બાંધવ કુટુંબ બીજું જેહ; તે સઘળાંએ અનુકુળ છે, તેમાં નાહ સંદેહ. ૭ એવામાં શીવરાત્રી આવી, વૃત મોટું વિશાળ; તેને નવ જાણ્યું એ દુષ્ટે, સાંભળોને મુનિબાળ. ૮ તે દિવસે એ ભીલ તણાં જે, માતપિતા તો સાર; તેતો બેઉ કહેવા લાગ્યાં, વિનય થકી તે ઠાર. ૯ અહો પુત્ર ભુખ લાગી ઝાઝી, અમને આણે કાળે, તે માટે મૃગને મારીને; લાવો મારા બાળ. ૧૦ એવું સાંભળી, રૂદ્રૂતો, ચાલ્યો ત્યાંથી સાર; ધનુષ્ય બાણ લેઈને નીકળીયો, ભીલ તણો કુમાર. ૧૧ તેતો વનની માંહી આવ્યો, ત્વરા થકી રાજન, વળતી આજુ બાજુ ખોળે, મૃગને તો બળવાન. ૧૨ એમ કરતાં આદિત્ય આથમ્યો, નિશા પડી તે ઠાર; તો પણ કોઈ જાનવર નવદીઠું

હરી ઈચ્છાથી સાર. ૧૩ ત્યારે ચિંતા કરવા લાગ્યો, રૂદરૂ તે ઠામ; અરે પ્રભુ શું ખાશે મારાં, માતાપિતા અભિરામ. ૧૪ તેવી રીતે સ્ત્રી બાળક પણ, કર્કળશે આ વાર; તે માટે ઉપાય કરૂં શો, આ વખતે નિરધાર. ૧૫ એમ વિચારી જ-ળનું સ્થાનક, સરોવર કહાવે જેહ; તેને કાંઠે આવી બેઠા લમણે કરદઈ એહ. ૧૬ ત્યાર પછી વિચાર્યું મનમાં, પાપી એ તે ઠાર; આ ઠેકાણે જળ પીવા કોઈ, પસુ આવશે નિર-ધાર. ૧૭ એમ વિચારી બીલી કેરૂં, વૃક્ષ હતું વળી ત્યાંય; તે ઉપર ચડિયો ઝટ લેઈ, બેઠો ગાળા માંય. ૧૮ પાણી કેરૂં પાત્ર ભરેલુ, તે પણ રાખ્યું પાસ; વગતી અગની વાટ જોતો, આણીને ઉલ્લાસ. ૧૯ આખા દિનમાં કાંઇ નવ મળિયું ખાવાનું અભિરામ; તેણે કરી ઉપવાસ થયો છે, વૃતમાંહિ તે ઠામ. ૨૦ એટલામાં એક પોહોર વિતતાં,રાત્રી તો મુનિરાય; મરગ પત્નિ એક આવિ પોહોચિ, વારી સુભધિવાય. ૨૧ તેને દેખિ પેલા ભીલે, તર્ત ચડાવ્યું બાણુ; એટલે જળનું પાત્ર હાલિયું, તે કાળે નિરવાણુ. ૨૨ તેવી રિતે વૃક્ષ તણું જે, ડાળ કહાવે જેહ; તે પણ ત્યાં હાલ્યું સત્વરથી, તેમાં નહિં સંદેહ. ૨૩ તેણે કરીને જળનું ટીપું, બીલી પત્ર બેચાર; નીચે શીવના ઉપર પડિયાં, ક્ષણું નવ લાગી વાર. ૨૪ તેથિ પે-હેલા પોહોર તણું ત્યાં, શંકરનું પુજન; અજાણે થયું ઈ-શ્વરથી, દૈવગતિ બળવાન. ૨૫ તેણે કરિને એક ભિલનાં, કેટલાં એક તો પાપ, બળિને ભસ્મિભુત થયાં ત્યાં, સુદ્ધ

થયું વળિ આપ. ૨૬ એવામાં પેલિ હરણીએ, ચાપતણો ગડગડાટ; શ્રવણે સુણીને કહેવા લાગી, ભિલને માટે માપ ૨૭ અરે વ્યાધ તું સું ઈચ્છે છે, તેતો કહેને સત્ય; ધનુષપર કેમ બાણ ચડાવ્યું, શિ સુઝિ છે મત્ય. ૨૮ એવૂં સાંભળિ ભિલ બે લિયો, સાંભળ મગલિ વાણ; કુટુંબ બધું ભુખ્યું છે મારૂં, સવારનું નિરવાણ. ૨૯ તે માટે તુજને હણવાનો, અંતરમાં વિચાર; તે માટે આ બાણ ચડાવ્યુ, નિશ્ચે આણી વાર. ૩૦ એવું સાંભળિ હરણી બોલિ, ધન્ય ધન્ય તને વ્યાધ; માત પીતાના પોષણ માટે, તત્પર છું તું સાધ. ૩૧ વળી મારા દેહે કરી થાશે, પોષણ સૌનું આજ; તેથિ હું પણ ધન્ય માનુંછું, થશે પરમારથ કાજ. ૩૨ પણ એક મારા અંતર માં હે, ચિંતાછે વીશાલ; કારણ કે બચ્ચાં તો મારાં, પડીયાં અંતરાયાલ ૩૩ તેને મારી બેનને સોપી, આવીશ આણે ઠામ; વલી મારા સ્વામીને કહુ, વાતજ આ અભીરામ. ૩૪ એવું સાંભલી વ્યાધ બે લીયો, સાંભળ મગલી વાત; સંકટ આવે સૌ બોલેછે, જુઠું તો શાક્ષાત. ૩૫ તે માટે તુજને નહી છોડું, થનાર હોય તે થાય; આ અવશર ચુકયાથી, મોટી હાની તો પમાય. ૩૬ તે કારે મરગપત્ની બોલી, શાંભળ વ્યાધ વચન; પ્રતીજ્ઞા કરૂં તુજ આગે તેતો બહુ બલવાન. ૩૭ વેદ વિક્રયી, બ્રાહ્માણ સંધ્યાહીન; તેને શીર જે પાપજ બેસે, ભાગ્ય થકી વલી ભીન. ૩૮ તેટલું પાયશ્ચિત મારે માથે જો ન આવું આજ, તે માટે જો વાદો મુજને સુધરે શઘળું કાજ. ૩૯

કૃતઘ્નની માણુસને બેસે, જેટલું માથે પાપ, તેટલું પાપજ મારે માથે, જો નવ આવું આપ ૪૦ ગુરૂઆજ્ઞા છેદન કરરો, ગુરૂને ભાંડે ગાળ; તેટલું પ્રાયશ્ચીત મારે શીર, જો આવું નહી આ કાળ. ૪૧ એવી સત્ય પ્રતીજ્ઞા સુણીને. વ્યાધ તણા દીલ-માંય; શીવ પુજનથી દયા ઉપજી, સત્વર તો વળી ત્યાંય ૪૨ એટલે એતો કહેવા લાગ્યો, હરણિને વચન; અરે પશુની જા તું વહેલી, સોંપણી કર બગવન. ૪૩ વળની પાછી આવ આ ઠામે, વેગે તું અબળાય; જેણે કરીને શ્રીયેશ્રી તો, સત્ય પ્રતિજ્ઞા તો થાય. ૪૪ એવું ભીલનું વાકય સુણીને, મૃગલી તો વળિ એહ; આશ્રમ પ્રત્યે આવી પાછી, તેમાં નહિ સંદેહ. ૪૫ એવામાં તે મૃગલિકેરો, સ્વામિ તો મૃગ સાર, તે તો તતક્ષણ આવી પહોંચ્યો, નિશ્ચે તેણે ઠાર. ૪૬ તેને દેખી પેલે ભીલે તર્ત ચઢાવ્યું બાણ, એટલે પાછું પત્રને પાણી, નિચે પડયું નિરવાણ. ૪૭ તેથી બીજા પહોરતણિ પણ, પુજા તો વળિ જેહ; તેતો પશુપતીએ માની ત્યાં, તેમાં નહિ સં-દેહ. ૪૮ તે કાળે ત્યાં ચાપ શબ્દને, સાંભળિને નિરધાર; પેલો મૃગ તો કહેવા લાગ્યો, વ્યાધને તેણે ઠાર. ૪૯ અહો વ્યાધ તેં શું ધાર્યું છે, અંતરમાંહિ કામ; તે સઘળું વિસ્તારી કહેને, મુજને આણે ઠામ. ૫૦ એવું સાંભળી પુર્વની પેઠે, પેલે ભિલે સાર; મૃગને મોઢે ઉત્તર આપ્યો, નિશ્ચે તેણે ઠાર. ૫૧ તેને સાંભળી મરગ તો બોલ્યો, આણિને ત્રાસ; અરે વ્યાધ બાળક છે મારાં, અંતરીયાળ પ્રકાશ. પણ તે તો તેની માને

સોંપી; આવીશ આણે ઠાર, તેમાં નવ અંદેશો રાખો, નિશ્ચે ભીલકુમાર. ૫૩ એવું સાંભળિ વ્યાધ બોલિયો, સાંભળ પશુ મુજ વાણ; તારી પેઠે મરગલી પણ ગઈ, આવું કહી નિરવાણ. ૫૪ તેતો હજુ સુધી નવ આવી, ફરીથી આણે ઠામ; તે માટે તુજને નવ છોડું, આ વેળા અભિરામ. ૫૫ એવું સાંભળિ મરગ તો બોલ્યો, સાંભળ ભિલ કુમાર; સત્ય વડે બ્રહ્માંડ રહ્યું છે, શત્યે પ્રથ્વી શાર ૫૬ તે માટે જો ના આવું હું, આ ઠેકાણે વીર, તોતો પ્રથિત્ર ભંગ થયાનું, પાપજ મારે શિર. ૫૭ વેદધર્મને નવ માનીને, કલ્પિત રસ્તે જાય; તેવિ રિતે પરપતિન શું, રમવાને દિલ ચ્હાય. ૫૮ વિષ્ણુ ભક્ત થઇ શીવને નિંદે, શૈવિ હરીને સાર; માત પિતાનું શ્રાદ્ધ કરે નહિ, પુત્ર પોતે નિરધાર. ૫૯ તે પાપે હું લેવાઉં જો, ના આવું ભિલરાય; તો તું મુને નિશ્ચે જાણજે, સત્ય વચન નહીં જાય. ૬૦ એવાં મરગનાં વાકય સુણિને, ભિલે તો તે ઠાર; જાવા કેરી આજ્ઞા આપી, આશ્રમમાં નિરધાર. ૬૧ ત્યારે પેલો મરગ તો ચાલ્યો, પીને નિરમળ નીર; તે તો આશ્રમ માંહિ આવ્યો, રાખીને અતી ધીર. ૬૨ તે કાળે એ મરગ લીઓને, મરગ પેલો નિરધાર, તે તો સર્વે એકઠાં થઈને; કીધો વાત વિચાર. ૬૩ તેમાં ભિલની પાશે જાવા, ત્રણે થયાં તઈયાર; સત્યને પાશે બંધાયાં છે, માટે વિપ્રકુમાર. ૬૪ તે કાળે મોટી મરગલી તો, કહેવા લાગી ત્યાંય; હું જાઉં છું એકલી સ્વામિ, તમે રહો ઘરમાંય. ૬૫ કારણ કે આ નાનાં

બાળક, અનાથ જે કહેવાય; તે તો ટળવળી નાશ પામશે, નીશ્ચે આવેજાય.૬૬ એવું સાંભળી, એ મૃગ બોલ્યો,સાંભળને તું નાર; જીવો કે મરો બાળક પણ, હું તો જાઈશ ચાર.૬૭ કારણ કે પ્રતિજ્ઞા તોડી, સાચામાં લજ્ઞચાય; તેતો કોટીક પુર્વેજ સાથે, નિશ્ચે નરકે જાય. ૬૮ તે કાળે બેઉ મૃગલીએ, કીધો મન વિચાર, વિધવા થઈને જીવવું તેથી, મરવું શ્રેષ્ટ અપાર. ૬૯ એમ વિચારી ટોળીમાંનાં, મૃગ પોતાનાં જેહ; તેને પલાં બાળક સોંપ્યાં; તોડી મનથી સ્નેહ. ૭૦ વળતી એતો ત્રણે આવ્યાં, વ્યાધની પાસે સાર; તેને દેખી બાળ ચઢાવ્યું, ભીલેતો નિરધાર. ૭૧ તે કાળે જળનું ટીપુંને, પત્ર બીલીનું જેહ; તેતો પડીયું શંકર ઉપર, તેમાં નહી સંદેહ. ૭૨ તેથી ત્રીજા પહોર તણી પણ; પુજા કહીએ સાર; તેતો શ્રી મહાદેવે માની, અંતરમાં નિરધાર. ૭૩ તે કાળે એ ભીલ તણું તો હતું જેટલું પાપ; તેતો સર્વે નાશ થયું ત્યાં, શુદ્ધ બન્યું વળી આપ. ૭૪ એવામાં મૃગનાં બચ્ચાં પણ, મરવું ધારી મન; માત પીતાની પાસે આવ્યાં, સ્નેહ તણા બંધન. ૭૫ એ સરવે ને દેખીને ત્યાં, વ્યાધે કર્યો વિચાર; ધન્ય ધન્ય આ પામર જીવને, પાળી પ્રતીજ્ઞા સાર. ૭૬ પરના સુખને માટે આપે, પોતા કેરો દેહ; તેમાં નથી ઉદ્-વેગ જરાએ, આનંદી છે એહ. ૭૭ તો તો હું એમને મારીને, કર્મ કરીશ આકાર; તે પ્રાશ્ચિત તો મુજને નડશે, ત્રપ્ત થશે પરીવાર.૭૮ પુર્વે બહુ લોકોને માર્યા, કીધું અઘટિત

કામ; તેણે કરીને નર્ક ગતિને, પામીશ હું અભીરામ. ૭૯ એવું અંતરમાંહી પ્રગટ્યું, સુંદીર તો વળી જ્ઞાન; ધનુષ્ય ઉપરથી બાણ ઉતાર્યો,નીશ્ચે તેણે સ્થાન. ૮૦ વળતિ પેલા સર્વે મૃગને, જાવા કેરી સાર; આજ્ઞા તો આપી એ કાળે, જાવાની નીરધાર. ૮૧ મુખ થકી તે કહેવા લાગ્યો, ધન્ય ધન્ય પશુ જાત;તમારા સત્યેથી સીમા, આ વખતે સાક્ષાત. ૮૨ કારણકે નીજ પુત્ર પ્રિયાથી, વાલો અતિશે પ્રાણ; તેને આપવા માટે આવ્યાં, આ વખતે નીરવાણ. ૮૩ તે માટે તમને નહિ મારૂં, આ વખતે નિરધાર; તેવી રીતે અન્ય તણી પણ, હિંસા નહિ કરૂં સાર. ૮૪ એવું સાંભળી આનંદ પામી, મૃગલીને મૃગ જેહ; પ્રજા તેડીને પાછાં આવ્યાં, આશ્રમમાંહી એહ. ૮૫ એવામાં શંકર ત્યાં પ્રગટ્યા, મુળ સ્વરૂપે સાર; ભીલાત્મજને દર્શન દીધું, નિશ્ચે તેણે ઠાર. ૮૬ વળતી પેલા ભીલને કહે છે, શંકર તો સાક્ષાત; તારા કુળનો નૃપ તું થાજે, સત્ય કહું છું વાત. ૮૭ ગુહ રાજા એવું તો પડશે,આજ થકી તુજ નામ;વળી ત્રેતાયુગમાંહી, મળશે તુજને તો શ્રી રામ. ૮૮ તેથી મારી ભક્તિ કરતાં, થાશે તુજ ઉદ્ધાર; એવી રીતે વર આપીને, ગયા ઉમા ભરથાર. ૮૯ ભીલાત્મજ પણ ચાલ્યો ત્યાંથી, આવ્યો પોતાને ઘેર,ત્યારપછીથી રાજા બનિયો,નીપજી એવી પેર.૯૦

વલણ. એવી રીતે સુતે કહયો,ભીલ તણો ઈતિહા-

સરે, દુર્ગો કહે તેને સુણી, પામે સુખવિલાસરેરેરે. ૧૧

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં શીવરાત્રિ સંબંધ ભીલસ્યઈતિહાસ કથનો નામ એકનવતીતમોધ્યાય. ૯૧

અધ્યાય ૯૨ મો. શીવરાત્રી મહિમા.

રાગ મારૂ. બોલ્યા સુત પુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિજન; બીજો શિવરાત્રીનો ઈતિહાસ, કહું આણીને પર્મ હુલ્લાસ. ૧ પુર્વે અવંતિ નગ્રમાં સાર, હતો બ્રાહ્માણ એક નિરધાર; તેતો સુપાત્રને ગુણવાન, વળી નૃપના મુખનું પાન. ૨ તેને પુત્રતો બે અભિરામ, સુનીધિ વેદનિધિજ નામ; તેમાં સુનીધિ ડાહ્યો અપાર; ભક્તમાત પિતા તણો સાર. ૩ વેદનીધિ તો દુષ્ટ કહેવાય, નિત્ય ગુણકા તણે ઘેર જાય; એક દિવસે પુત્રનો તાત, ગયો દરબારમાંહિ સાક્ષાત. ૪ તે દિવસે રાજાએ તો નિદાન, કર્યું મુદ્રિકા કેરૂંજ દાન; તેને લેઈને બ્રાહ્મણ એહ, આવ્યો પોતાને સ્થાનકે તેહ. ૫ પછી પેલી વિંટી નિરધાર, આપી પ્રિયાને મુકવા સાર, દીઠી વેદનીધિ એજ એહ, છાની માની ચોરિ લીધી તેહ. ૬ વળતી રાત્રી વિષે એતો સાર; આપી વેશ્યાને કરતાં વિહાર, તેને હાથે ઘાલી નારિ એહ, ગઈ પ્રભાતે સભામાં તેહ. ૭ ત્યાંતો મુદ્રિકા પેલીજ સાર, દીઠી ભુપતિએ તેણે ઠાર; ત્યારે ગુણકાને બોલાવી પાશ, પુછી વિંટીની વાત પ્રકાશ. ૮ અહો નારિ શાચી બોલ વાત, કોણે વીટીઆપી શાક્ષાત,ત્યારે વારાંગના બોલી વાણ,એતો કરાવિ મેં નિરવાણ.૯ એવું શાંભલી ભુપે તે ઠામ, ઘણો ત્રાશદીધો અભિરામ;

ત્યારે શાચું બોલી એ નાર, કહ્યો રાત્રે થયેલો પ્રકાર. ૧૦ પછી
રાજાએ તો તેણે ઠામ, વિંટી લેઈ લીધી અભિરામ; પછી
વેદ નીધિતણો તાત, તેને બોલાવ્યો ત્યાં તો સાક્ષાત. ૧૧
વળતી વીંટી માગી તેની પાસ, કંઇક બાનું બતાવી પ્રકાશ;
ત્યારે વિપ્ર કહે મહારાજ, લેઈ આવું છું ઘેરથી આજ. ૧૨
એવું કહીને બ્રાહ્મણ એહ, આવ્યો ઉતાવળો ઘેર તેહ; કહ્યું
પોતાની પત્નિને સાર, લાવ્ય પેલી વીંટી આણી વાર. ૧૩
એવાં સ્વામિનાં સુણી વચંન, કરયું ત્રિયાએ તેનું શોધન;
પણ નવ જડી વીંટી એ સાર, ત્યારે રોવા લાગી તેહ નાર.
૧૪ કહી સ્વામીને સઘળી વાત, વીંટી ગુમ થયાની સાક્ષાત;
સુણી બ્રાહ્મણ તો વળી એહ, આવ્યો રાજસભામાંહી તેહ.
૧૫ કહી નૃપને એ વારતાય, વીંટી ના જડયા કેરી તદાય;
ત્યારે રાજાએ મુદ્રિકા એહ, દેખાડી વિપ્રને આણી સ્નેહ.
૧૬ પછી તેહના પુત્રની વાત, કહી વિસ્તારી બધી સાક્ષાત;
તેથી બ્રાહ્મણ તો પામી લાજ, નીચું જોઈ રહ્યો આણી દાઝ.
૧૭ પછી આવીને પોતાને ઘેર, પુત્ર કાઢી મુકયો ક્રોધભેર;
કહ્યું આજથકી અલ્યા પાપી, ઘેર આવિશ નહિં કદાપી.
૧૮ તારૂં સુજતું કરજે તુંય, નાહ્યો આજથકી તુંને હુંય;
પછી વેદનીધિ પેલો તન, ગયો ગુણકાને ત્યાં બળવન.
૧૯ તેને પણ કાઢી મુકયો સાર, ત્યારે પામીયો શોક અ-
પાર; હતો શીવરાત્રીનો એહ દન, માટે શિવનું કરતા ભજન
૨૦ જતા શિવાલયમાંહી લોક, ટોળે ટોળે અને થોકે થોક;

તેની પુંઠે પુંઠે દ્વીજબાળ, ગયો તે પણ ત્યાં તતકાળ. ૨૧
પડી રાત્રી એવામાં તે ઠાર, ત્યારે પુજા ચાલુ થઇ સાર;
પોહોરે પોહોરે પુજા ત્યાં તો થાય, નવાં નવાં નૈવેદ્ય ધરાય.
૨૨ તેને દેખીને બ્રાહ્મણ બાળ, ઘણો રાજી થયો તતકાળ;
જાણે ચોરીને ખાઇશ એહ, થશે ત્રપ્ત તેથી મારો દેહ. ૨૩
એમ કરતાં વિતી મધ્યરાત, ત્યારે કેટલાક સુતા સાક્ષાત;
દીવા ઝાંખા થયા તેણે ઠામ, સર્વે જગાતણા અભિરામ.
૨૪ ત્યારે બ્રાહ્મણનો પેલો બાળ, ઉઠી ઉભો થયો તતકાળ;
પેઠો દેવળમાંહી પ્રકાશ, આવ્યો શંકર કેરીજ પાસ. ૨૫
વળતી પોતાની પાઘડી જેહ, ફાડી કાકડીઓ કરી તેહ,
તેણે કરીને દીપ તમામ, કર્યા જાગતા તો અભિરામ. ૨૬
પછી નૈવેદ્ય શીવનું જેહ, લેઈ નીકળ્યો બારણે એહ,
વળતી છાનોમાનો ત્યાંથી સાર, નાઠો દોટ મુકી નિરધાર.
૨૭ તેને ચોકીદારે દીઠો ત્યાંય, ત્યારે ચોર ધાર્યો દિલમાંય;
તેથી મુકિયો છેટેથી તિર, તેતો વાગ્યો એને જઇ શીર. ૨૮
પડયો એ થકી હેઠળ ત્યાંય, પ્રાણ નીકળીઓ ક્ષણમાંય, દુષ્ટ
ભાવથકી એણે સાર, કરયું જાગરણ તો નિરધાર. ૨૯ વળિ
શંકોર્યા દિપ તમામ, રહ્યો દેરા વિષે અભિરામ, એહ પુ
ન્યે કરી અવધુત, આવ્યા તેડવા શિવના દુત. ૩૦ યમદુત
વળિ એણે ઠાર, આવ્યા તે પણ ત્યાં નિરધાર; થયો એને પ
રસ્પર વાદ, એકમેકને કહે કાઢી શાદ. ૩૧ એમ કરતાં લેઈ
એનો પ્રાણ, આવ્યા ધર્મ પાસે નિરવાણ, ત્યારે શિવદુતે

ખુશિભેર, કહી શિવાલય તણિ પેર. ૩૨ તેને સાંભળિ ધરમે તે ઠાર, ઘણો વખાણ્યો વિપ્રકુમાર; દુત પોતાતણા અભિ-રામ, તેને શમજાવ્યા ત્યાંહે તમામ. ૩૩ પછી ધર્મે તો કરી વિચાર, આપ્યો નૃપને ત્યાં જન્મ શાર; તેથી બ્રાહ્મણ કેરો એ બાળ, થયો કલીંગ દેશે ભુપાળ. ૩૪ વળતી શિવદુતને લાગી પાય, કર્યાં ધર્મે તો ત્યાંથી વિદાય; એમ સુત કહે મુનિરાય, અજાણે પણ એ વૃત થાય. ૩૫ તોય શંકર થાય પ્રશન્ન, આપે છેવટ મોક્ષ પ્રદન્ન. ૩૬ વલણ. એ રીતે સુતે કહ્યો, શિવરાત્રિ મહિમાયરે; દુર્ગા કહે તેને સુણે, તે નર મોક્ષે જાયરેરેરે. ૩૭

ઇતિશ્રી શીવપૂરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાં શીવરાત્રિ મહિમાપૂર્ણો નામ દ્વીનવતીતમોઽધ્યાયઃ ૯૨

અધ્યાય ૯૩ મો—મોક્ષ સ્વરૂપ.

રાગ સામેરી. સુતપુરાણી એણીપેર બોલ્યા, શાંભળો શહુ રૂશિરાય; વિસ્તારિ સંભળાવું હાવે, મોક્ષતણો મહિ-માય. ૧ વેદશાસ્ત્રમાં મુક્તિ કહે છે, તેના ચાર પ્રકાર; સારૂ પ્યને સાલોક્ય એહ બે, પ્રસિદ્ધ છે નિરધાર. ૩ તેવી રીતે ત્રિજી સાનિધ્ય, મુક્તિ તો કહેવાય; ચોથી તો સાયુજ્ય જા ણવી,ઉત્તમ એહ શદાય. ૩ એ મુક્તિએ ગએલો પ્રાણિ,ફરિ નવ પામે દેહ; બ્રહ્મરૂપની માંહિ ભળે છે, તેજમાં તેજજ એ હ. ૪ શિવભક્તિને કરવાવાળા, પ્રાણી સરવે શાર; તેતો સા યુજ્ય મુક્તિ પામે, તેમાં ફેર ન ધાર. ૫ પરાપારને તેજ સ્વ રૂપી, જાતિરૂપ જગદિશાયે; નિર્ગુણ ને નિરંજન આદિ ચિ

દાનંદ વાગિશ. ૬ અન્વયને ઓંકાર સ્વરૂપી, કઈવલ્ય જે કહેવાય; સદાશિવને પુરૂષોત્તમ પ્રભુ, શબ્દ સ્વરૂપી રાય.૭ શબ્દાતિતને સત્ય સ્વરૂપી, જ્યોતિરૂપી તો જેહ; તે સર્વે શંકરને જાણે, તેમાં નહિ સંદેહ. ૮ નિર્ગુણ શિવની ઇચ્છાથી તો, પ્રગટયાં નર ને નાર; પુરૂષ પ્રકૃતિ એ તો કહાવે, શ્રષ્ટિમાં સિરદાર. ૯ તેનાથી આ વિશ્વ થયું એમ, જ્ઞાની તો કહે વાત; તે તો સર્વે સાચું માનો, વિપ્ર તમે સાક્ષાત. ૧૦ કારણ કે નરનારી મધ્યે, લિંગને ભગ આકાર; નારીને ભગ ને નરને લિંગ છે, ચિન્હ એ તો નિરધાર. ૧૧ તે માટે પુરૂષ પ્રકૃતિ, એ બેઉથી અભિરામ; વિશ્વ બધું ઉપજ્યું છે નિશ્ચે, દશ્યજ આણે ઠામ. ૧૨ તે સઘળા બ્રહ્માંડમાં વ્યાપ્યા, મુળ સદાશીવ નાથ; વ્યાસ વદે વેદાંત શાસ્ત્રમાં, તરણીવત સાક્ષાત.૧૩ બ્રહ્મતણું ચૈતન્ય પુર્ષમાં.અંશથકી કહેવાય; તેહ પુરૂષનું ચૈતન્ય શઘળે, વ્યાપ્યું છે મુનિરાય. ૧૪ તેને આત્મા કહેછે શર્વે, શાસ્ત્ર અને પુરાણ; તેમાં ફેર કશો નવ જાણો, શત્ય એહ નિરવાણ. ૧૫ પ્રકૃતિના આવર્ણ યકી એ, જીવ કહાવે શાર; હું ને મારૂં અન્ય પારકું, માને છે નિરધાર. ૧૬ તેનેતો અજ્ઞાન કહે છે જ્ઞાની શરવે જન, તેતો ગુરૂથી નાશજ પામે, પ્રકૃતિનું બંધન. ૧૭ શીવ પુજાને શીવ ભક્તિથી, ઉપજે દીલમાં જ્ઞાન; તે માટે મિમાંશા માંહી, કર્મ કહ્યું પ્રધાન.૧૮ શત કર્મે કરિજ્ઞાન ઉપજે, સુજે સ્વરૂપ શદાય; તે માટે શત કર્મને ઈશ્વર, માને છે કેટલાય. ૧૯ તેવિ રિતે

કેટલા મુનિઓ, કહે જ્ઞાનને ઈશ, તેતો પણ શાચું છે ભ.ઈ, સુણીએ શર્વ મુનિશ. ૨૦ કારણ કે નિજ આત્મ સ્વરૂપનું, જ્ઞાન થયા વિણ શાર; કોઈ દિવશ મુક્તિ નવ થાયે, શ્રૂતિનો એ આધાર. ૨૧ કેટ ા એકતો શબ્ નેમાને, બ્રહ્મસ્વપી શાર; તેતો પણ શાચુ ભાસે છે, સુત કહે આવાર. ૨૨ શબ્દ સુણ્યા થી જ્ઞાન ઉપજે, શબ્દથી કર્મ કરાય, તેવિ રીતે તત્વગ્યાન પણ શબ્દ બોધથિ થાય. ૨૩ ક્રોધ રહિતને માયા ત્યાગી, આનંદી હમેશ; નિર્લોભિને નિર્માનિ ત્યમ: તત્વગ્યાની એશ. ૨૪ શઘળે સ્વાત્મારામજ દેખે; ભેદ બુદ્ધિ નહી શાર; એવો શામરથ હોય તોતે; સુદ્ધ ગુરૂ નીરધાર. ૨૫ તેના શબ્દ સુણ્યાથી થાયે, આત્મ તત્વનું ગ્યાન; સ્વપ્નાવત આ વિશ્વ દેખાયે, નિશ્ચે આણે સ્થાન.

વલણ—એવું સાંભળીને વધા, શૌનક મુનિ બળવાન રે; દુર્ગો કહે એ પુછતા, તત્વતણું તે જ્ઞાન રે રે રે. ૨૭

ઇતિશ્રી શીવપુરાણે કવિદુર્ગાશંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાં મોક્ષસ્વરૂપ વર્ણનોનામ ત્રિનવતિતમોઽધ્યાયઃ ૯૩

અધ્યાય ૯૪ મો શંકરગીતા નિરૂપણ.

રાગ મારૂ.

બોલ્યા શૌનક તો તેણે ઠાર, સુણો સુત તમે આણી વાર. ૧ તતવગ્યાન કહ્યું તમે જેહ, કહો વિસ્તારીને હવે એહ; એવાં મુનીનાં સુણી વચન, બોલ્યા સુત થઈને પ્રસન્ન. ૨ અહો રૂષી સુણો આણીવાર, કહું તત્વનો સર્વ પ્રકાર; પુર્વે ગૌરીએ તો આણી પ્રેમ, પુછયુંતું તત્વજ્ઞાન તો એમ;

૩ ત્યારે શંકરે કહ્યુંતું જેહ, કહું વિસ્તારીને હવે એહ; પાંચ તત્વથકી આણિ સ્નેહ, ઘડે ઈશ્વર સર્વના દેહ. ૪ પ્રથમ પ્રભુએ કિધિ ઈચ્છાય, થઈ ત્રિગુણા તેથી માયાય; એતો જડ અનિર્વિચની કહાવે; અઘટિતને શત્ય ઘટાવે. ૫ સત્વાદિ ગુણ કહેવાય જેહ, ત્રણે પુત્ર માયાતણા તેહ; એહ ગુણથકી તો પ્રકાશ, થયું શબ્દસહિત આકાશ. ૬ તેવો આકાશથી વાયુ થયો, સ્પર્શ સહિત એહને કહ્યો;રૂપસહિત અગ્નિ તો જેહ, થયો વાયુથકી વળિ એહ. ૭ અગ્નિથી જળ નિશ્ચય થયું, રશાયુક્ત સદા તેને કહ્યું; થઇ તે જળે મેદિની શાર, ગંધવતી એતો નિરધાર. ૮ મહાભુતની ઉત્પત્તિ એહ, કહી વિસ્તારિને મુનિ દેહ; કારણમાં ગુણ સરજીઆ તાત, આવે કાર્યનીમાંહિ શાક્ષાત. ૯ નભમાં ગુણશબ્દ જે કહે, વાયુનાં ગુણ સ્પર્શજ લહે; શબ્દ સ્પર્શને રૂપ કહેવાય; અગ્નિમાંહિ એ ત્રણે ગણાય. ૧૦ શબ્દ સ્પર્શ રૂપ જેહ, જગમાંહિ રહ્યાં ચારે એહ; તેવાં શબ્દ સ્પર્શાદિક ગંધ, એહ પાંચનો ભુમાં સંબંધ. ૧૧ પાંચે ભુતનો સાત્વિક અંશ, તેથી જ્ઞાનેંદ્રિયો અવતંશ; અંશ વ્યોમનો શાત્વિક સાર, તેના કર્ણ થયા નિરધાર. ૧૨ ભાગ શાત્વિક વાયુનો જેહ, તેથી ત્વચા થઈ છેજ એહ, અંશ અગ્નિનો શાત્વિક કહાવે; એથી નેત્ર ઈંદ્રિ ભણો ભાવે. ૧૩ સાત્વિક સત્તા તો વારિની કહી, તેથી રશના ઈંદ્રિય સહી, તેવો સત્વાંશ વસુધાતણો; તેથી નાશિકા નિર્મળ ભણો. ૧૪ આકાશાદિકના ગુણ જેહ, વિષય ઈ

દ્રિયોના ગુણો તેહ; શબ્દ વિષય છે કર્ણતણો, સ્પર્શ વિષય ત્વચ્યાનો ગણો. ૧૫ રૂપ વિષય નેત્રનો કહેછે, રસ જીભતણો તો વદે છે; ગંધવિષય નાસાનો ગાય, જ્ઞાનેંદ્રિયથી જ્ઞાન પ માય. ૧૬ વળી પાંચે ભુતો તણો જેહ, સાત્વિક ભાગ સમગ્ર તેહ, અંતઃકર્ણ થયું તેહતણું, ચાર વૃત્તિઓ તેહ ભાણું. ૧૭ મનવૃત્તિ તો પહેલી કહેવાય, જેનાથી બહુ સંશય જાય; બીજી વૃત્તિ બુદ્ધિ જ્ઞાની કહે, જેથી નિશ્ચય સર્વનો લહે. ૧૮ ત્રીજી વૃત્તિ અહંકાર જાણો, અહંતા મુળ તેમાં પ્રમાણો; ચોથી વૃત્તિ તો જાણવું ચિત્ત, સ્મર્ણ થાવાતણું એહ વિત્ત. ૧૯ એવી રીતે એ વૃત્તિઓ ચાર, મળી અંતઃકર્ણ એક સાર; જ્ઞાન શક્તિ છે શાત્વિક માંહ્ય, માટે જ્ઞાન રહ્યુ છેજ ત્યાંય. ૨૦ પંચભુતનો રાજસ અંશ, તેથી કર્મેંદ્રિઓ તણા વંશ, વ્યોમનો ભાગ રાજશગ્રહિ, વાણિ ઈંદ્રિ રચી દીધી સહી. ૨૧ તેમ વાયુ વિભાગથી સાર, હસ્ત ઈંદ્રિ થઈ નિરધાર; રજો ભાગ જે તેનો કહાવે, તેથી ચર્ણ ઈંદ્રિ ભણો ભાવે. ૨૨ તેવો વારીનો રાજસ ભાગ, એથી ઉપસ્થ ઈંદ્રિ સોહાગ; રજો અંશ પ્રથ્વિતણો લહે, તેથી ગુદા ઈંદ્રિ કવિ કહે. ૨૩ એહ પાંચેથી કર્મ કરાય, માટે કર્મેંદ્રિઓ એ કહેવાય; વાણી ઈંદ્રિથી થાય ઉચ્ચાર, પાણી ઈંદ્રી ગ્રહે નીરધાર. ૨૪ ચર્ણ ઈંદ્રીથા ચલન સહુ, મળ વિસર્ગ ગુદાથી કહું; પ્રજા કાર્ય તો ઉપસ્થ કરે, પાંચેનાં કર્મ એ પાંચે ખરે. ૨૫ એમ મહાભૂત સમગ્ર તણો, રાજસ ભાગ ગ્રહી તેહ તણો; પ્રાણ વાયુ પ્ર

થમથી કીધો ત્યાંય, ક્રિયાશક્તિ છે તેહની માંય.૨૬ વૃત્તિ પ્રાણુતાણી દશ કહાવે,તેને વિસ્તારીને કહું ભાવે; પ્રાણુવાયુ તો દેહમાં વહે, નાસિકા અગ્રસ્થાનક કહે. ૨૭ રૂંવે રૂંવે કર્યો છે પ્રવેશ,એવી ક્રિયા તો એની વીશેશ;પ્રાણાયામતો એ થકીથાય, જેથી સઘળાં પાતક જાય. ૨૮ વપુમાંથકી બાહેર જાય, એની અપાન એવી આખ્યાય; ગુદા સ્થાનથી ઉઠે છે એહ; રેચક રૂપે જણાય છે તેહ. ૨૯ બધા શરીરમાં ફરે વ્યાત, કંઠદેશ છે એહનુ સ્થાન; સમાનનો નાભી મધ્યે વાસ, રસ પોહોચાડે છે ચારે પાસ. ૩૦ નાગવાયુ આણે ઓડકાર, કુર્મ કરે ઉન્મેશણ સાર, ક્રકલ છીંકને ઉપજાવે સોય; દેવદત્ત બગાસું જ હોય, ૩૧ ધનંજય તો પોષણ કરે, આખા દેહમાં હમેશાં ફરે;પંચભુતનો તામસ ભાગ, ગ્રહી શરીર રચ્યાં સુહાગ. ૩૨ પંચીકૃત છે સ્થુળ શરીર, તેનું વર્ણન સુણજો વીર; એકત્વમાં ચાર મેળાશ, પંચી કર્ણ એ પાંચનું થાય. જેથી પીંપડ બ્રહ્માંડ આ રહ્યૂં પંચીકૃત એ દેહ વિરાટ, તેમાં ચારે ખાણો તણો ઘાટ. ૩૫ પે'લી ખાણ જરાયુજ ભણે, પશુ મનુષ્ય તેમાંથી બને; સ્વેદજ ખાણતો બીજી કહેવાય, મશકાદિક તેમાંથી થાય. ૩૬ ત્રીજી ખાણ અંડજની કહી, પક્ષિ આદિની ઉત્પત્તિ તહીં, ચોથી ઉદભીજ ખાણ કહેવાય, વૃક્ષાદિક તો તેમાંથી થાય, ૩૭ પંચી કૃત એ સઘળાં સ્થુળ, પંચ તત્વ બધાં તણું મુળ; કઠીણ ભાગતો મેદીની તણો, ઢીલા પણું એ જળનો ભણો. ૩૯

ઉષ્ણુ ભાગતો જાણવું તેજ,હલણુ ચલણુ વાયુથી એજ; પોલાકાર તો વ્યોમથી કહયો, એમ ભુત થકી દેહ લહયો. ૪૦ પાંચેને ગુણે પચ્ચીશ થાય, પંચ પંચ એક એકમાં ગાય; અસ્તિસાંસ ત્વચા નાડીવાળ, ભુમી ગુણએ પંચ વિશાળ. ૪૧ મુત્ર પ્રસ્વેદ લાળને રેત, રૂધીર પાંચમું જાણો સમેત; એતો જળના ગુણુ કહેવાય, નથી સંશય એમાંજ-રાય. ૪૨ ક્ષુધા તૃષા નિંદ્રા ક્રિદવેગ, વળી આળસ તે અગ્નિ વેગ; ધાવન તથા પ્રસારણુ થાય,ઉઠે ચાલે અનેસંકોચાય. ૪૨ વાયુ તણા પાંચે ગુણો એહ, કહ્યા શંકરે આણીનેસ્નેહ; કટી પેટને હૃદય વાસ, કંઠ શીર્ષ એ પાંચ આકાશ. ૪૩ હવે પંચ ભુતોનીરિમાંય, પંચ ભાગ મળેલારે ત્યાંય; તેના ગણો જુદા જુદા તેહ, કહું વિસ્તારીને હવે એહ. ૪૪ પૃથ્વી માંહી પૃથ્વી અંશ આવે, તેથી અસ્તિકઠિણુ પીત્ત કહાવે; ભુમાં વારીથી માંસ પ્રકાશ, એથી રહે છે તેમાં ઢીલાશ. ૪૫ પૃથ્વિમાં તેજ એ નાડી સાર, તેથી ઉષ્ણુ રહે નિરધાર; પૃથ્વીમાં વાયુથી છે ત્વચાય, માટે સ્પર્શ તણું જ્ઞાન થાય. ૪૬ રોમ પૃથ્વિમાં છે નભવડે, તેથી તોડયાથી કષ્ટજ પડે; જળમાં જળનો છે ભાગરેત, ધરે ગર્ભ અને રંગશ્વેત. ૪૭ જળમાં અગ્નિ થકી મુત્ર હોય, તેથી ઉષ્ણુ રહેછેજ સોય; જળમાં વાયુ થકી પ્રસ્વેદ, શ્રમ કરતાં ઉપજે ખેદ. ૪૮ વારીમાં વ્યોમ ભાગથી લાળ, તેથી ઉંચી ચડે છેજ જાળ; જળ જળમાં પૃથ્વી થકી રક્ત હોય, માટે લોહિત દીસે

સોય. ૪૯ અગ્નિમાંહી અગ્નિ ભાગ જેહ, ક્ષુધા ઉત્પન્ન કરે છે તેહ; અગ્નિ ભેગો વાયુ સદા થાય, તેથી પ્રાણીને લાગે તૃષાય. ૫૦ અગ્નિમાં નભથી નીદ્રા આવે, સર્વ કાળ એ શુન્ય કહાવે; અગ્નિમાં જળ ભાગ જાણાય, તેથી પ્રાણીને ઉદ્વેગ થાય. ૫૧ અગ્નિમાં અંશ પૃથ્વિનો જેહ, દોટ મુકીને દોડાવે તેહ; વાયુંમાંહી વાયું ભાગ જેહ, કરે જડતા આળસ એહ. ૫૨ અંગ પ્રસારણ અવકાશ; એતો વાયુની મધ્યે આકાશ, ઉઠી ઊભું થવું નીરધાર; એતો વાયુમાં અગ્નિજસાર. ૫૩ ચલન હલન કરે આ જીવ, એતો વારી વાયુમાં અતિવ; અંગસંકોચન જેહ થાય, એતો વાયુમાં પૃથ્વિ કહેવાય. ૫૪ આકાશમાં આકાશ છે જેહ, શીર્ષ આકાશ જાણવું તેહ; શબ્દ સુણે છે તેહમાં સોય, માટે નાદ અનાહત હોય. ૫૫ કંઠ વિષે તે વાયુ આકાશ, તેથી મુખેનાકેચાલે શ્વાસ; તેજાકાશ હ્રદયની માંય, એથી ઉષ્ણપણું રહે ત્યાંય. ૫૬ ઉદરમાંહીતો વારી આકાશ, માટે વારી રહે છે પ્રકાશ; કટી નભમાં પૃથ્વીનો સંબંધ, તેથી તેની મધ્યે રહે ગંધ. ૫૭ પાંચે તત્વ તણા ગુણ જેહ, રહ્યા આકાશમાં મળી તેહ; ભય ભૂથી જળથી મોહ જાણો, ક્રોધ અગ્નિથકી તો પ્રમાણો. ૫૮ કામ વાયુથી લોભ આકાશ, પાંચેના ગુણ પાંચપ્રકાશ; પંચીકૃત જે સ્થૂળ શરીર, તેનાં ભોગ સ્થાનક કહેધીર. ૫૯ તેને સાંભળો મુની આવાર, જેથી શાન્તિ વળે નિરધાર; શ્રોત્ર ત્વચાજીવ્હાનેરે ઘ્રાણ, નેત્ર સહિત જ્ઞાનેંદ્રિજાણ. ૬૦ મુખ

હસ્તને ચર્ણું ગુદાય, ઉપસ્થ એકર્મેંદ્રિ કહેવાય; મનબુદ્ધિ અહંકૃતિચિત, અંતઃકાર્ણું એ જાણો ખચીત. ૬૧ એહુચોદને ગુણુ વંતા ગણે ઈંદ્રિયો જ્ઞાની મહંતા તેનાં નામ વિષયપતિ સંગ, કહું વર્ણવી આણી ઉમંગ ૬૨ ઈંદ્રિયોને અધ્યાત્મજ કહે, વિષયોને અધિ ભૂત લહે પતિતેના અધિદેવજાણો, એમ ત્રિવિધ ભેદ પ્રમાણે. ૬૩ એથી આત્માતો ભિન્ન કહેવાય, તેને જાણે મુનિયો ગીરીયાય;સર્વ કાળમાં શુદ્ધ છે એહ,નથી ભાસતો અજ્ઞાને તેહ. ૬૪ વજ્ઞાણુ એ રીતે શંકર કહે, પંચી કર્ણું પ્રકારરે દુર્ગો કહે તેને સુણે, તે નર ઉતરે પારરેરેરે. ૬૫

ઇતિશ્રી શીવપુરાણે કવિદુર્ગાશંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાં
શંકર ગીતા નિરૂપણો નામ ચતૂઃ નવતિતમોઽધ્યાયઃ૯૪

અધ્યાય ૯૫ મો પચ્ચીકર્ણ વર્ણન.

રાગ ચોપાઈ ત્રણ તાળની

વળી સુતતો બોલ્યા વચન, સુણો શૌનકાદિમુનિજન શોત્ર અધ્યાત્મજાણો સદાય, આધિભૂત તો શબ્દ કહેવાય.૧ દિગપાળો અધિદેવ કહાવે, એવી રીતે બીજાનાં સોહાવે; ત્વચાને તો અધ્યાત્મ કહે છે, સ્પર્શને આધિભુત લહે છે. ૨ વાયુ તેનો અધીક દેવ સાર, કહ્યો શંકરે તો નીરધાર; નેત્ર એહ અધ્યાત્મ ગણાય, રૂપ અધિભુત છે સદાય. ૩ અધિ-દેવ તો આદીત્ય જાણો, અતી તેજસ્વી એહ પ્રમાણો; રસના એહ છે અધ્યાત્મ સાર, રસ અધિભુત નિરધાર. ૪ વરૂણુ તેનો અધિ દેવ જાણો, સત્ય નિશ્ચય એહ પ્રમાણો; ઘ્રાણુને જ્ઞાની અધ્યાત્મ ગણે, ગંધને તો અધિભુત ભણે. ૫

પ્રથ્વી તેનો અધિ દેવતાય, નથી સંશય એમાં જરાય; વાણી અધ્યાત્મ જાણો પ્રમાણ, બોલવું અધિભુત જાણ. ૬ અગ્નિ તેનો અધિદેવ કાહાવે, સત્ય વાત કવિ ભણે ભાવે; હસ્ત અધ્યાત્મ રૂપ ગણાય, તેવું અધિભુન છે સદાય. ૭ ઈંદ્ર તેનો અધિદેવ સાર, સર્વે ત્રિદશનો સરદાર, ચાર્ણનેતો અધ્યાત્મ ભણે છે, ચાલવાને અધિભુત કહેછે. ૮ અધિદેવ તો વિષ્ણુ કહેવાય, જેમાં વિશ્વ પાળ્યાનિ સત્તાય, ગુદા અધ્યાત્મ જાણવી એહ, મળત્યાગ અધિભુત તેહ; ૯ યમતેના અધિદેવ જાણો. આખા જક્તના કાળ પ્રમાણો, ઉપસ્થને અધ્યાત્મ કહેવાય; વિર્યબિંદુ અધિભુત થાય. ૧૦ બ્રહ્મા તેના અધિદેત્ર કહાવે; બધિ સૃષ્ટિને એતો નિપાવે, મન એ તો અધ્યાત્મ સાર મનન અધિભુતનિરધાર, અધિદેવ તેનો નિશા નાથ, અત્રિરૂષીનો પુત્ર સાક્ષાત; બુદ્ધિ એતો અધયાત્મ પ્રમાણો, બોધ અધિભુતછે અનુપ ૧૩ રૂદ્ર તેના અધિદેવ કહાવે, જેને જોગીંદ્રો શીશ નમાવે, ચિત્ત સદા અધ્યાત્મ પ્રમાણ, સ્મ્રતિ અધીભુત નિરવાણ. ૧૪ આધદેવતો ક્ષેત્રજ્ઞ ત્યાંય, વસ્યો એ સદા એની માંય; પ્રકૃતિ તો અધયાત્મ છે શાર, અધીભુતજ એમાં વીકાર; ૧૫ ઈશ્વિર તેના અધી દેવ જાણો; કદો અંદેશો તેમાં ન આણો, મુખ કર્ણ એતો નીરધાર, વ્યોમ તણાં છેજ સાર. ૧૬ માટે સાંભળો કર્ણ તો વાત, વદન ઉચ્ચાર કરે સાક્ષાત, ત્વચા હાથ બન્ને વાયુ તણાં, તત્વદર્શિ મુનીએજ ભણ્યાં. ૧૭ માટે ત્વચા

તણી એહ ચેળ જેહ, હાથ વેલુરે છે આણી સ્નેહ; તેવી રીતે ચરણ નેત્ર જેહ, અગનિ તત્વ તણાં બન્ને એહ. ૧૮ માટે નિરખે નેત્ર સદાય. તેમ ચાલેજ ચર્ણ તદાય; રશનાને ઉપસ્થ પ્રમાણુ, વારીતણાં એતો નિરવાણુ. ૧૯ માટે રસના ગ્રહે જ્યારે, બળ ઉપસ્થમાં વ્યાપે ત્યારે, ગુદા ઘ્રાણ પ્રથ્વી તણાં સાર; કહ્યાં જ્ઞાન વિષે નીરધાર. ૨૦ માટે ગૂદા તણી ગંધ જેહ, ઘ્રાણુ જાણે છે નિશ્ચય એહ; એવું સાંભળી પાર્વતિ માત, પુછવા લાગ્યાં પોતે સાક્ષાત. ૨૧ અહો સ્વામિ વપુતણા ભેદ કહો વિસ્તારી સંશય છેદ; ત્યારે બોલીયા શંકરરાય, સુણો પ્રિયા તમે આ વેળાય. ૨૨ દેહ કેરાતો ભેદ છે ચાર, કહું વર્ણવીને આણીવાર; સ્થુળ સૂક્ષ્મને કારણ જાણ, ચોથો મહા કરણ નિરવાણ. ૨૩ એહ ચારેની માંય પ્રકાશ, રહ્યો આત્મા કરીને વાસ પણ તેથકી ભીન સદાય, શ્રુતિસ્મૃતિતણો એવો ન્યાય. ૨૪ પંચી કૃત કહ્યાં જેહ ભુત, તેતો પરસ્પર અનુસ્યુત; થાય એથકી સ્થુળ શરીર, નથી સંશય તેહમાં ધીર. ૨૫ સ્થુળ ઉપાધિ ઉત્પન્ન તણા, ઊભય પ્રકાર મુનીએ ભણ્યા; યોનીજ એક અયોનીજ અન્ય, બેઉ દેહએ ઉપાધિ જન્ય. ૨૬ યોનીમાંથી પેંદા થાય જેહ, યોનિવિના દેહ કહેવાય છે તેહ, યોનિ વિના જે પેંદાજ થાય, તેહ અયોનિતનું કહેવાય. ૨૭ વીર્યને રક્ત એકઠાં મળી, યોનીજ ઉત્પત્તી જાણવી વળી; જરાયુજને જેહ, ઉભય દેહતો યોનીજ તેહ. ૨૮ ગર્ભા વર્ક ચરમપુટ રહે, તેનું નામ જરાયુજ કહે; મનુષ્ય પશુ આદીકના દેહ. જ્ઞાનિ જરા

યુજ ગણે તેહ. ૨૯ અંડજ તે ઈંડાં થકી થાય, પક્ષિ આદિક એતો કહેવાય; હવે ત્રિવિધી અયોનીજ જાણો, શુક્ર શોણિત વિના પ્રમાણે. ૩૦ સ્વદજ ઉદ ભીજ એ બેશરીર, ત્રીજું મનોભવ કહેધીર; યુકા લીક્ષા તણા વળી દેહ, ગણે સ્વેદજ જ્ઞાનીયો તેહ. ૩૧ પૃથ્વિ ભેદીને જે વળી થાય, તેતો ઉદ-ભીજ પ્રાણી કહેવાય, બ્રહ્માના મનથી મુની થયા, તેને શાસ્ત્રે મનોભવ કહ્યા. ૩૨ કહે પીંડની ઉત્પત્તિ સાર, કહું વિસ્તારીને નીરધાર; જીવ કર્મ તણે વશ રહે, માટે નવા નવા દેહ ધરે. ૩૩ આવા ગમન કરે બહુવાર, ઘટીયંત્ર પેઠે નિરધાર; જીર્ણ કલેવર જયારે વામે, ત્યારે નુતન દેહને પામે. ૩૪ ત્રણુજ લુકા જેવો એ ન્યાય, કહયો ગીતાવીષે યદુરાય; ઋણાનું બંધ પુર્વનું હોય, તેવો જન્મ પામે ફરી સોય. ૩૫ જેવી કૃતી તેવી જાતી થાય, સુખ દુઃખ તો તેવું પમાય; કર્મ બંધી જીવો જે પ્રકાશ, ચઢે ધુમ રૂપે તે આકાશ. ૩૬ ચંદ્ર મંડળમાંહી સમાય, પછી વાયું તણે વશ થાય; વાયુ વેગે વૃષ્ટિમાંહી ફરે, ત્યાંથી ઔષધીમાંહી સંચરે. ૩૭ પિતા ઔષધી ખાય તે જયારે, આવે વિર્યમાં પ્રાણીએ ત્યારે; કરે મૈથુન નરનારી જદા, મળે શુક્રમાં શોણીત તદા. ૩૮ દેહા-રંભએ બેઉથી થાય, નવ માસમાં પુર્ણ સુડાય; પેહેલે માસે કલલ ગર્ભ થાશે, ઢીલા સરીખો એતો જાણાશે, ૩૯ બીજે માસે ચઢીણુ પેશી હોય, ત્રીજે માસે અવયવ સોવ; તે તો પુરા ચોથે માસે થાસે, જ્ઞાનપાંચમે માશે પ્રકાશે. ૪૦ શો-

ણિલમાં સાદીક વળી જેહ, એજ માસમાં ઉપજે એહ; છઠે માશે નાડી અને કેશ, શીરા નખાદિ વાધે વિશેષ.૪૧ થાય સપ્તમે પુરથ બાળ, ઘડે સર્વને એમ દયાળ; જાતિ સ્મૃતી તે વેળા ઉપજે,ત્યારે પ્રભુને પ્રાણી એ ભજે. ૪૨ કર્યાં કર્મ સંભારી તે ઠાર, ગણી સ્તુતિ કરે નિરધાર; છુટો થાઈશ ઈશહું જદા, કરીશ ભક્તિ હું તમારી તદા. ૪૩ એવું ઓચ રે છે તેણે ઠાર, પ્રસવ થયા પછી ભુલે સાર; માસ આઠમો વીતે જેવારે, બળ બાળમાં વાધશે ત્યારે. ૪૪ નવ પુરણ થાય જેટલે, બહાર પ્રસવ થાય તેટલે; કહી સ્થુલળની ઉ-ત્પત્તિ એહ, નથી તેમાંજરાય સંદેહ. ૪૫ હવે લક્ષ ચોરાસી પ્રકાર, કહું વર્ણવીને આણે ઠાર; નવલક્ષ ફેરા નીરધાર,થાય જળ ચરમાં અવતાર. ૪૬ દશ લક્ષ પક્ષિમાં કહાવે, વીશ લાખ પશુ દેહ આવે; ત્રીશ લાખ સ્થાવરમાંહી જાણો,એકા દશ લક્ષ કીટ પ્રમાણો. ૪૭ મનુષ્ય દેહ ફેરા લક્ષ ચાર,નથી સંશય તેમાં લગાર; કહયો સ્થુળ તણો એહ મર્મ, સાર શાસ્ત્ર તણો શોધી પર્મ.૪૮ જાગ્રત અવસ્થાને નેત્ર સ્થાન, વાણી વૈખરિ ત્યાંતો નિદાન; સુખ ભોગ ક્રિયા શક્તિ સાર, રજો ગુણને માત્રા અકાર. ૪૯ વિશ્વ અભિમાન તો તેમાં કહાવે;જેમાં પ્રાણિ સદાપી તિલાવે, તેવિ રિતે એ સ્થુળનિ માંય; સુક્ષ્મ દેહ રહયો છેજ ત્યાંય. ૫૦ તેને જાણે છે જ્ઞાનિ સદાય, જેમાં પુરણ સોળ કળાય; એકાદશ ઈંદ્રિ નિરધાર, પંચ પ્રાણ વળિ તેણે ઠાર. ૫૧ મળિ સોળ કળા થઇ એહ,

નથિ તેમાં જરાક સંદેહ;જ્ઞાન ઇંદ્રિઓ પંચ કહેવાય,કર્મે
દ્રિપણુ પંચગણાય. ૫૨ તેનિ સાથે અંત:કર્ણ એક, કહયો
એમ મુનિયે વિવેક; અંત:કર્ણનિ વૃત્તિઓ ચાર, કહી વેદ
વિષે નિરધાર. ૫૩ સંશય થાય એ મનનું રૂપ, નિશ્ચે થાવો
એ બુદ્ધિ અનુપ; અહંકાર છે હું કર્તા સાર, ચિત્ત સ્મર્ણ
રૂષિ નિરધાર. ૫૪ પ્રાણુ અપાનને વાયું વ્યાન, તેવિ રિતે
ઉદાન સમાન; મળે એકઠાએ સઉ જ્યારે, લિંગ દેહ તો
તેને ઉચ્ચારે. ૫૫ સ્વપ્ન અવસ્થા તેમાં કહેવાય, તેનું
કંઠ છે સ્થાન સદાય; વાણિ મધ્યમા પ્રવિ વિક્ત ભાગ,
જ્ઞાન શક્તિશતો ગુણ યોગ. ૫૬ માત્રા ઉકાર એતો નિદાન,
તેવુ તેજસ છે અભિમાન; રહ્યાં સુક્ષમમાં સૌ એહ, લિંગ
દેહ તો જાણવો તેહ. ૫૭ અંગુષ્ટ માત્ર છે એનું પ્રમાણુ,
કહ્યું શ્રુતિ વિશે નિરવાણુ; સુખ દુ:ખનો ભોક્તા એસાર,
નથિ સંશય તેમાં લગાર. ૫૮ તેનિ મધ્યે છે કારણ દેહ,
જાણો વાસના રૂપીજ તેહ; તેને કોઇ અવ્યાક્રત કહેછે,જ્ઞાન
હિન કોઈમુનિ લહે છે.૫૯ ઊપસંહાર જ્ઞાનનો તહિં,કારણ
રૂપ મતિ એક રહિ; વટ બીજમાં જયમ વટ વૃક્ષ,એમ શોળે
કળા ત્યાં સમક્ષ. ૬૦ સુષુપ્તિ છે તેમાં અવસ્થાય, સ્થાન
હ્રદય તેનું કહેવાય; ભોગ આનંદ પશ્યંતિ વાણિ,દ્રવ્ય શક્તિ
જ તેમા પ્રમાણિ. ૬૧ તણો ગુણને માત્રામકાર, પ્રાજ્ઞ અ-
ભિમાન નિરધાર; રહ્યું કારણમાં સઉ એહ, જાણે તત્વદર્શિ
મુનિ તેહ. ૬૨ એમ મકાકારણ ચોથું નન, કહે શ્રુતિ સ્મૃતિ

મુનિજન; અહં સ્ફુરણ આત્માને થાય, મહા કારણ તેને ગણાય. ૬૩ તુર્યા અવસ્થા તેહમાં કહાવે, સ્થાન મુર્ધનિ તેનું બતાવે; ભણે કેટલા નાભિ મુકામ, કોઇ ગ્રંથ વિષે અભિરામ. ૬૪ પણ અનુભવે કહ્યું જેહ, સ્થાન મુર્ધની શત્ય છે તેહ; ભોગ આનંદને પરાવાણિ ઇચ્છા શક્તિ ત્યાં વેદે વખાણિ. ૬૫ ગુણ શત્વને અર્ધ માત્રાય, પ્રત્યશ આત્મા અભિમાન થાય; એવા દેહ એ ચારે પ્રમાણે, શુદ્ધ આત્માનું આવર્ણ જાણો. ૬૬ તેતો જ્ઞાને કરિને છે દાય, ત્યારે આત્મા પરમાત્મા કહેવાય; અને ગુરૂ ગમથિ જાણે જીવ, ત્યારે તર્ત થશે એતો શિવ. ૬૭

વલણ. એ રીતે પુરો કહ્યો, પંચીકર્ણ પ્રકાર રે; દુર્ગા કહે તેને સુણે, તેથી ઉતરે પારરેરે. ૬૮.

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિને જ્ઞાન સંહિતાયાં શીવરાત્રિ પંચીકર્ણ વર્ણનો નાથ પંચન વતિતમોઽધ્યાયઃ

અધ્યાય ૯૬મો. શીવગીતા આત્મબોધ.

રાગ સોમેરી સુત પુરાણી ઓણી પેર બોલ્યા, સાંભળો સૌ રૂષીરાય; પંચીકર્ણ સાંભળીને બોલ્યાં પાર્વતિ માતાય. ૧ શંકરને ફરી પુછવા લાગ્યાં, પોતે તો નિરવાણ અહોનાથ સમજાવો મુજને, આત્મા નું ઓળખાણ. ૨ એવું સાંભળી શંકર બોલ્યા, સાંભળને તું નાર; ચાર દેહ તુજને સંભળાવ્યા, ખૂબ કરી વિસ્તાર. ૩ તે ચારે થી પ્રત્યક્ષ આત્મા, જુદો તો કહેવાય; સદા શુદ્ધને બ્રહ્મ રૂપ એ, વેદ તણો છે ન્યાય.

૪ અવિદ્યાને સંગે કરીને, ભ્રાન્તિ પામ્યો એહ; તેણે કરીને દેહ બુદ્ધિથી, સુખ દુઃખ માને તેહ. ૫ જેમ કોઈ બ્રાહ્મણ વિજયાપિને મસ્ત થયા નિરધાર ; તેણે કરીને વિપ્રપણું તો ભૂલ્યો તેણી વાર. ૬ વળતી મુખથી કહેવા લાગ્યો, શુદ્રતણી હું જાત; ઘર ખેતરને ઢોરાંમારાં, દીસે આ સાક્ષાત. ૭ એ-વામાં કોઈ ડાહ્યા પુરૂષે, પાયું દધીગતસાર; તેણે કરીને તર્ત ઉતરી, કેફવળી નિરધાર. ૮ ત્યારે શુદ્રપણું ભુલીને, આવ્યું મૂળનું જ્ઞાન; વિપ્રપણુ માન્યું મન માંહી, ત્વરાથકી તેસ્થાન. ૯ ત્યમ આત્મા અજ્ઞાન કેફથી, પોતાનું સ્વરૂપ ભુલી-ને દેહાત્મ બુદ્ધિમાં, લીન થયો અનુપ. ૧૦ હું ક્ષત્રીને વૈશ્ય શુદ્ર છું. હુંરણુંને સોખાય; હું કર્તા ને હું ભોક્તા વળી, મુજને પીડા થાય. ૧૧ એ રીતે અધ્યાસે માને, અંતરમાં સદાય; પણ પોતે દૃષ્ટા છે જુદો, તેવું નવ સમજાય આત્મ વેત્તા ગુરૂ મળશે જ્યારે, પ્રાણીને નિરધાર; ત્યારે જ્ઞાન ધૃતિ કરી કરશે, કેફ તણો ઉતાર. ૧૩ તે કાળે હું પરમાત્મા છું એવો નિશ્ચય થાય; વર્ણ જાતિને હું કર્તા પણું, નિશ્ચે છેટું થાય. ૧૪ તે વિષે દૃષ્ટાંત બીજું એક, સાંભળને, તું નાર; સારી રીતે સમજાવું હું, તુજને આણીવાર. ૧૫ કોઈ એક વખને વનમાંહાથી, ભરવાડે નિરધાર; સિંહતણું બચ્ચું ઝા-લીને, આણ્યું પોતાને દ્વાર. ૧૬ તેને પય પાઈ ઉછેર્યું, આણી અત્તંર પ્રેમ; વળતી બકરાં સાથે લેઈને જાય ચારવા તેમ. ૧૭ એવી રીતે નિત્ય કરે એ, બકરાં પાળક સાર; તેણે કરીનેસિં-

હનું બચ્ચું, ભુલ્યું સ્વરૂપ વિચાર. ૧૮ હું બકરો છું એવું માને, અંતરમાંહમેશ; તેવી રીતે બકરાં શાથે, રાખે સ્નેહ વિશેષ. ૧૯ એવામાં એક દિવસે વનમાં, આવ્યો કેશરી અન્ય તેણે બકરાં દેખી કીધો, નાદ વળી અનન્ય. ૨૦ તેને સુણતાં શરવે બકરા, નાઠાં ત્યાંથી શાર; તેની જોડે તે શાથેનો, શિંહ પળ્યો નિરધાર. ૨૧ એવું દેખી વનના શિંહે, કીધો મનમાંય કયાશ, બકરાં શાથે કયમ નાશે છે, પેલો શિંહપ્રકાશ. ૨૨ એમ વિચારીવનના શિંહે,પાડી બુમ અપાર;બકરાંની સાથેના સીંહને, કેહેવા લાગ્યો શાર. ૨૩ અહો મિત્રતું ઉભો રહેને શાંભળ મારી વાત; તું તો મારો ભાઈ થાઉ છું, શત્યકહું છું શાક્ષાત. ૨૪ એવું શાંભળી બકરાં શંગી શિંહ કહાવે જેહ; તે તો નિર્ભય થઈને ઉભો, તેમાં નહિં શંદેહ. ૨૫ તે કાળે વનના સિંહે કહ્યું,સાંભળામારા ભ્રાત;તુંતો સિંહ થઈ કયમ ફરૂંછું,બકરાંમાં સાક્ષાત. ૨૬ એવું સાંભળી બકરાસંગા બોલ્યો શિંહજવાણ; હુંતો શિંહ નથી ભાઇ નિશ્ચે, બકરો મુજને જાણ. ૨૭ એવું સાંભળી વન સિંહ કહે છે, શાંભળતું એકન્યાય, બકરા શાથે સ્વરૂપતણી તુ કરી જોને એકતાય. ૨૮ તે પુંઠે મુજ દેહની શાથે, કર એકતા આવાર; તેમાં કોની શાથે મળીતું, આવેછે નિરધાર. ૨૯ બકરાના ચારે પગમાંહી, બબે ખરી દરશાય; તેવા તારા પગમાં, પાંચન ખોશો ભાય. ૩૦ બકરાનું નાનું પછડું તે હાલ્યા કરે છે. સાર, તેવી રીતે તારૂં મારૂં, લાંબુ છે નિરધાર. ૩૧ એવી રીતે ઉપદેશ કી–

ઘો, વનના શિંહે ત્યાંય; ત્યારે બકરા શંગી શિંહને, નિશ્ચે થયો મનમાંય. ૩૨ વળતી વનના શિંહને કહે છે, ગ્રામ શિંહ તે ઠાર; અહોભ્રાતતું કહે છે શાચું, શગળું આણીવાર, ૩૩ પણ મુજને વિશ્વાસ મનમાં, કયમ આવે આ ઠામ; છેતરી ને તુંમારે ત્યારે, કથળે સરવે કામ. ૩૪ એવું સાંભળી વનના સિંહે, પાણીમાં તે ઠાર; મુખ બતલાવ્યું એનું ને વળી, પોતાનું નિરધાર. ૩૫ તેવી રીતે બકરાનું પણ, દેખાડયું તે ઠામ; વળતી પોતે કહેવા લાગ્યો, વન કેશરિ અભિરામ. ૩૬ અહો મિત્ર જો તારૂં ને વળિ મારૂં તો વદન; મળતું આવે છે એક રંગે, સઘળું તો વળિ તન. ૩૭ તેવી રીતે બકરાનું તો લાંબું કાળું સાર; તે માટે કયમ તેનું થાયે, કર તેનો વિચાર. ૩૮ તમારિ મારિ સરખી ગ્રિવા, ભાસે છે મુજ મીત્ર; તેવિ રિતે અજગળમાંહી, આંચળ છે વિચીત્ર. ૩૯ બાળપણાથી બકરામાંહી, ઉછરીયો તું સાર; તે માટે હું બકરો એવુ, માન્યું તેં નીરધાર. ૪૦ મારા જેવો તું સિંહ છે, સત્ય કહું મુજ ભ્રાત; તારાં મારાં શર્વે લક્ષણ, એક મળ્યાં સાક્ષાત. ૪૧ એવું સાંભળિ બકરા વાળા, સિંહે તેણે ઠાર; બકરાનો અધ્યાસ છોડીઓ, શંગ સ્નેહ નીરધાર. ૪૨ વળતી વનના શિંહની પેઠે, કરિ ગર્જના ત્યાંય; ત્યારે શર્વે બકરાં નાશિ, ગયાં તદાપુરમાંય. ૪૩ શિંહની શાથે શિંહ પરવર્યો, વનમાંહિ તે કાળ; વળતી ખેદ કર્યો મનમાંહિ, તેણે ત્યાં વિશાળ. ૪૪ અરે પ્રભુ હું શિંહ થઇને,

ભુલ્યો અપરમપાર; બકરા શાથે ભમીયો નીત્યે, તૃણુનો કીધો અહાર. ૪૫ તેવિ રિતે માયા કલ્પિત, દેહેંદ્રિય તો જેહ; બકરા રૂપી કહાવે શર્વે, ટોળું આખું એહ. ૪૬ તેની શાથે આત્માને તો, શંગ થયો છે શાર; તે માટે હુંને આ મારૂં, માન્યું આ ણિવાર. ૪૭ શુદ્ધ સ્વરૂપ પોતાનું કહાવે, ચીદાનંદ વિજ્ઞાન; તેને ભુલી દેહ બુદ્ધિમાં, લિપ્પ થયો નીદાન ૪૮ વળી પેલા પાળક સરખા, ભેદ વાદિ ગુરૂજન; તેતો કરતા ભોક્તા મનવિ, ઉલટું કરે બંધન. ૪ પણ કોઈ પુન્યે કરિને પામે, બ્રહ્મવેતા ગુરૂ રાય; ત્યારે પેલા શિંહની પેઠે, ઓળખાવે આત્માય, ૫૦ કેવળ પોતાનિ બુદ્ધિથી, સ્વરૂપ તણું ઓળખાણુ; નથી થાતું કોઈ કાળે, નીશ્ચે પ્રાણીને નીરવાણુ. ૫૧ જ્યારે સ્વરૂપ તણો તો થાશે, દીલમાં શાક્ષાતકાર; તે કાળે પ્રાણીનાં બળશે, શરવે કર્મ અપાર. ૫૨ જ્યમ ધખધખતા પાવકમાહી. શમીધ બળે તત્કાળ તેવી રીતે જ્ઞાન અગ્નિથી, કર્મ બળે વિશાળ. ૫૩ હુંને મારૂં બંધન એ બે, દઢ પ્રાણીને શાર; તેમરતાં દિલમાંહી થાયે; સ્વરૂપનો શાક્ષાતકાર. ૫૪ કોશની માંહી પડે પ્રતી બિંબ; આત્માનું નિરવાણુ તેણે કરીને ભાશે તેવો, શ્રતિનું એહ પ્રમાણુ. ૫૫ જ્યમ સ્ફટીકને જુદા જુદા, પાના શાથે શાર; રાખ્યાથી તેવો ભાશેછે, પાનાવત નીરધાર. ૫૬ તેવી રીતે સ્થૂળ દેહ તોં અનમયકોશ ગણાય; તેથી ન્યારો આત્મા કહાવે, શ્રુતીનો એવો ન્યાય. ૫૭ વીશ્વતનું અભી-

માન એહમાં,પ્રાણીને તો થાય; પણ એ કોશ થકીતોન્યારો, આત્માતો કહેવાય. ૫૮ આત્મા કોઈ દહાડો નથી મરતો, નથી બળતો નિરધાર; દેહનાશ થાયે તે માટે, આત્માદેહન ધાર. ૫૯ તેવી રીતે સુક્ષ્મ દેહ પણ, દ્રશ્ય વસ્તુ કહાવે ય; તેનો દષ્ટા આત્મા કહે છે, અનુભવી તો સદાય. ૬૦ત્રણ કોશ તેમાં હી જાણો, અનુભવથી નિરવાણ;પ્રાણમય મનો મય તેવી જ્ઞાન મય, શ્રુતિનું એહ પ્રમાણ. ૬૧ સ્થૂળ દેહમાં રહીને ભોગવે, સુક્ષ્મદેહ સુખ દુઃખ; તેવી રીતે કર્મ કરે છે, ઈંદ્રિયો પ્રમુખ. ૬૨ તૈજયસત્ય અભિમાન રહ્યું છે, સ્વપ્ના વસ્થારૂપ; તેવી રીતે જ્ઞાન શકિત ત્યાં, ગુણ સાત્વિક અનૂપ. ૬૩ તે માટે સુક્ષમ કાયા પણ, આત્મા નવ હેકવાય, એથી ન્યારો એનો દષ્ટા, આનંદી સદાય. ૬૪ તે રીતે અજ્ઞાન રૂપજે, કારણ વપુકહેવાય; તેને પણ આત્મા નવ કહેવો, શ્રુતિનો એવો ન્યાય. ૬૫ આનંદ કોશ કહ્યો છે એને શાસ્ત્રો તો નિરધાર; આનંદ રહે છે, સુષુપ્તીણાં સાર. ૬૬ ઈંદ્રિય આદિ વૃત્તિ સંયુક્ત, બુદ્ધિ ત્યાં હમેશ; લીનરહેઅજ્ઞાની માંહી, સદા સર્વદા એશ. ૬૭ એહ દેહનો દષ્ટા કહાવે, આત્માતો નિરવાણ;તે માટે તેનાથી ન્યારો બ્રહ્મ સ્વરૂપીજાણ. ૬૮ તેવી રીતે જ્ઞાન સ્વરૂપી, મહાકારણ વપુ જેહ; તેનોપણ દષ્ટા આત્મા છે, તેમાં નહિ સંદેહ. ૬૯ આગળ કહેલા ત્રણ વપુનો, દષ્ટા હું છું સાર; એવું જ્ઞાન વિશેષજ જેમાં, તે મહાકારણ ધાર. ૭૦ અહં સ્ફુરણતા દિસે એમાં, માટે વપુ

કહેવાય; પણ તે મટતાં શુદ્ધ બ્રહ્મ છે,વેદ તણો એ ન્યાય.૭૧
એવી રીતે ઊપાધિ મય, દેહો એ કહેવાય; તેથી ન્યારો આ-
ત્મા જાણો, શંકર કહે અબળાય. ૭૨ ઘટ દૃષ્ટા ઘટથીન્યારો
છે, પ્રસિદ્ધ તો નિરધાર; તેવી રીતે દેહોથી તો, આત્માજુદો
સાર. ૭૩ અસ્તિભાતિ પ્રીય સર્વમાં, વ્યાપક એ કહેવાય;
જેમ બધે આકાશ રહ્યું છે, વ્યાપીને સદાય. ૭૪ એવું સાંભ-
ળીપાર્વતી કહે, સાંભળોમારાનાથ; અસ્તિ ભાતિ પ્રિયવસ્તુને
ઓળખાવો શાક્ષાત. ૭૫ ત્યારે શંકર કહેવાલાગ્યા સાંભળ
ને તું નાર અસ્તિ ભાતિ પ્રીય સમજાવું ,તુજાને આણી વાર૭૬
તત્વ વસ્તુને અસ્તિ કહે છે, રૂપ ભાતિ કહેવાય; તેના ઉપર
સ્નેહ થાય તે, પ્રીય ગણો સદાય. ૭૭ એ વિનાઆસકળ
વિશ્વમાં, નથી વસ્તું કંઈ અન્ય; અસ્તિ ભાતી પ્રીય બધેછે
વ્યાપક બ્રહ્મ અનન્ય. ૭૮ શતપદ એતો અસ્તિ જાણો,ચિત
ભાતિ નિરવાણ; પ્રિય આનંદનું રૂપ કહ્યું છે, તત્વવેતા એ
જાણ. ૭૯ એવીરીતે બ્રહ્મ આત્માનો,અભેદ તો કહેવાય અજ્ઞા
ને કરી અસ્તિભાતિ, પ્રીય શદાદરશાય.૮૦ તેમાટે આદષ્યવિ
શ્વતે, ક્લ્પિત શઘળું જાણ. આત્માશત્ય છે આદી અનાદી
વેદવચન પરમાણ. ૮૧ તેને જાણવા માટે થાયે, પ્રાણીને
તો જ્ઞાન; ત્યારે અનુભવ થાયે શાચો, અંતરમાં નિદાન. ૮૨
તેજ્ઞાનના ઉભય ભેદ છે, તેતું શાંભળનાર,વિસ્તારી શંભળાવું
તુજને, નીશ્ચે આણીવાર. ૮૩ શામાન્યજ્ઞાનને વશેષજ્ઞાન;
એ બેઉ તેનાં નામ; અનુભવી એ વિચારી પાડયાં; નીશ્ચેઆણે

ઠાર. ૮૪ તેનાં જે શામાન્ય જ્ઞાનતો; પ્રથમ કહ્યું નીરધાર; તેતો નથિ અજ્ઞાનનું નાશક; ઉલટું પ્રકાશક શાર. ૮૫ કાષ્ટ વિષે જેમ અગ્નિ છે પણ, કાષ્ટ બળે નહિં સાર; ત્યમ સૌમાં સામાન્ય જ્ઞાન પણ, સુઝે નહિ સુવિચાર. ૮૬ હું તો કેવળ બ્રહ્મ સ્વરૂપી, ચિદાનંદ છું સાર; એવો નિશ્ચે હાએ એતો, વિશેષ જ્ઞાન નિરધાર. ૮૭ એ તો છે અજ્ઞાન વિરોધી, વેદ વચન પ્રમાણ કાષ્ટે કાષ્ટ ઘસાતાં જેવું, કાષ્ટ બળે નિરવાણ. ૮૮ વિષેષ જ્ઞાન રૂપી અગ્નિ તો, મટાડી અધ્વાસ; પોતેપણ લીન થાયે નિશ્ચે, સામાન્યમાં પ્રકાશ ૮૯ એવું સાંભળીપાર્વતી કહે સાંભળો મારા કંથ; પરોક્ષને અપ રોક્ષ જ્ઞાનનો, દરશાવોને પંથ ૯૦ એવું સાંભળી શંકર કહે છે, સાંભળ અબળા વાત; તેં પુછ્યું તેનો કહું ઉતર, આ વખતે સાક્ષાત. ૯૧ આત્માથી જુદા પ્રભુમાને, પરોક્ષએ કહેવાય; દ્વૈતવાદી તેને પરમાણો, વેદ તણો એ ન્યાય. ૯૨ હું તો કેવળ બ્રહ્મ સ્વરૂપી, તુજથી અન્યનઇશા; જ્ઞાનગણો અપરોક્ષ એહને, અનુભવી આણે દીશ. ૯૩ તે માટે આત્માથી ન્યારા, માને જે ભગવાન; તેને બંધન થાયે ઉલટું જન્મને મૃત્યું નિદાન. ૯૪ મિથ્યા જક્તને સાચુ માની, પ્રીતિ રાખે સાર; તેતોગર્ભ વિષે દુઃખ પામે, શ્રુતિનો એહકરાર. ૯૫ એવું સાંભળી પારવતી કહે, સાંભળો સ્વામી નાથ; મિથ્યાજકત કહો તો કયમ એ, દેખાયે સાક્ષાત. ૯૬ એવું શાંભળી શંકર બોલ્યા, સાંભળ અબળા વાણ; સ્વપનવત આવિશ્વજ સઘળું, મિથ્યા

મનથી જાણુ. ૯૭ સ્વપનમાં સુખ દુઃખ થાયતે,, જાણુઆ-ત્મા સાર; પણ એને સાચું કયમ કહીએ, એ, અનુભવથી નિરધાર.. ૯૮ શુક્તિમાંહી રૂપું ભાસે, પણ નથી સાચુંએહ; એવી રીતે આત્મા માંહી, વિશ્વ નથી વળી તેહ. ૯૯ મૃગ જળને આકાશની માંહી, નીલપણું દરશાય; પણ એનીલ-પનુ નથી સાચું, શાસ્ત્રનો એ એવો ન્યાય. ૧૦૦ વલણ એ રીતે શીવે કહ્યું, મિથ્યા જગ નિરધારરે; દુર્ગો કહે વળી પૂછતાં, પારવતી તે ઠારરેરે. ૧૦૧

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે ગ્નાન સંહિતાયાં શીવગીતાયાં આત્મબોધ વર્ણનો નામ પટનવતિતમોઽધ્યાયઃ ૯૬

અધ્યાય ૯૭મો. શીવગીતાનો આત્મબોધ.

રાગ મારૂ.

બોલ્યા સુતપુરાણી વચન,સુણો શૌનકાદિ મુનિજન; પછી પારવતિ તેણે ઠાર, ફરી પુછવા લાગ્યાં પ્રકાર. ૧ અહો નાથ સુણો એક વાત, કરો શંકા સમાનધાન નાથ; મન-વાણિ આદિ વૃત્તિ જેહ,અંતઃકર્ણને ઈંદ્રીયો તેહ. ૨ નથીપ્ર-વર્તતાં આત્મા માય, તેનું કારણ શું કહો આંય;એવુંસાંભળી ને શીવરાય કહેવા લાગ્યા પ્રીતિથિ તદાય. ૩ જેહ વસ્તુવિશે અભિરામ, નથી ક્રિયા અને ગુણનામ; રૂપ આદિ કારણનો સંબંધ, નથી ઘટતો જેને વિષે દ્વંદ ૪ ત્યાંય તો વાણી તણી નિરધાર, નથી પ્રવર્તિ સગાર કહ્યાં કારણ જ્યાં જ્યાં જહોય ત્યાં તો વાણી પ્રવર્તે છે સોય. ૫ આત્મા અસંગ અક્રિય જાણો અગુણી છે સદાતે પ્રમાણો; માટે વાણી તો એહની

માંય, નથી પ્રવર્તી થાતીજ કયાંય. ૬ ભેદ રહિત જયથ મહા
કાશ બધે વ્યાપી રહ્યું પ્રકાશ; તેમ જીવને ઇશ્વર માંય આત્મા
વ્યાપીને રહ્યા બધે ત્યાંય. ૭ એવું સુણીને પાર્વતિ દેવિ,વા
ણિ ઉચ્ચારવા લાગ્યાં તેવી સ્વામિજીવને ઈશ્વિર કે રી કય-
મ એકતા કહો છો ગણેરી. ૮ હર્ષ શોક આદિ જે વિકાર,રહ્યા
જીવની માંય અપાર; નથી ઈશ્વરમાં વળીએહ, ઉત્પતિલય
કર્ત્તા તેહ, ૯ માટે એબે તણિએ કથાય કહો કેવિ રીત સ્વા
મિથાય; એવું સુણિને કૈલાશ નાથ, બાલ્યા પ્રશનથઇસા-
ક્ષાત. ૧૦ તત્વમશિ મહા વાકય જેહ, રહ્યા વેદ વિષે વળ,
એહ; તેમાં તત્પદ ત્વપંદ નાર,તેના વાચ્યાર્થ લક્ષ્યાર્થશાર.
૧૧ તેને વિચાર તાંતો સદાય ભેદ બુદ્ધિ તવરાથકી જાય;
કર્ત્તૃત્ત્વને ભોક્તા ત્વ તો જેહ, ભાસે જી ની માંયજ એહ
૧૨ એતો અવિધા કલ્પિત શાર, અંત:કર્ણના અધ્યાશે
ધાર; કર્તા ભોક્તા પણું કહ્યું નારી, અંત:કર્ણના ધર્મએ
ભારી. ૧૩ જન્મ મૃત્યુ કાયાનેજ થાય, આત્મા નિર્દોષી
નિત્ય ગણાય; વિશ્વ ઉત્પન્ન પણુંજ એવું, ભાસે ઈશ્વરમાં
વળી તેવું. ૧૪ તે પણ ઉપાધિ ભેદથી ત્યાંય, કહ્યું વ્યાસે
વેદાંતની માંય; ખરૂં જોતાં એ બ્રહ્મ સ્વરૂપ, ચિદાનંદને
નીત્ય અનુપ. ૧૫ માટે વીચાર વીના સદાય, જીવ ઇશ્વરમાં
ભેદ થાય; જેમ એકજ આકાશ સાર, આવે ઘટા વર્ણમાંહી
નાર. ૧૬ ત્યારે ઘટા કાશ પડેનામ,થોડું નાનું ભાસે અભી-
રામ; તેમ મઠમાં આવ્યાથી નારી, મઠાકાશ થયું એતો

ભારી. ૧૭ એહ બેઉ થકી રહ્યું જેહ, ઉપાધી હિન વ્યાપક એહ; તેતો પુર્ણ મહાકાશ સાર, નથી સંશય તેમાં લગાર. ૧૭ તત પદને ઉપાધીથી વામ, કહયો ઈશ્વર તો અભીરામ; તેવો ત્વંપદ જીવ ગણાય, તે પણ ઉપાધી યુક્ત સદાય. ૧૯ પણ અસિ પદે કરી નાર, થશે એકતા તેનીજ સાર; ત્યારે ભેદ ટળે તેણે ઠામ, ભાસે બ્રહ્મ સ્વરૂપી તમામ. ૨૦ ઈશ્વરમાં સત્તા વધારે રહી, વિશેષ ઉપાધી થકી તે કહી; જીવમાં થોડી ઊપાધિ નાર; તેથી થોડી સત્તા નિરધાર. ૨૧ ઘડામાં થોડું અંન ભરાય, મઠમાં તો વીશેષ સમાય; તેણે કરીને જુદુંજ સાર; નથી આકાશ તો નીરધાર. ૨૨ માટે તત્પદ ત્વંપદ કેરો, કહયો લક્ષ્યાર્થ શાસ્ત્રે ઘણેરો; ચીદા નંદસ્વરૂપ એ એક, નથી ભેદ બુદ્ધિ તેમાં છેક. ૨૩ તેમાં કલ્પિત વા- ચ્યાર્થ સાર, ઉપધિ બે કહી નીરધાર; જીવ ઈશ્વર કેરીજ એહ, થાય પ્રાણીને જેમાં સંદેહ. ૨૪ તેને લક્ષણા થકીજ નાર, કરવી ત્યાગ વળી નીરધાર; તેહ લક્ષણા કેરા જે ભેદ, કહું વિસ્તારીને નીરવેદ. ૨૫ જહદ અજહદ બેઉ કહાવો, ત્રીજી જહદા જહદ ભણો ભાવે;વાકયના પદનો બધો અર્થ, થાય ત્યાગ તમામ સમર્થ. ૨૬ તેનું નાને જહદ લક્ષણાય, કહી અનુભવીએ સદાય; એહ લક્ષણા એકતા માંય, નથી શંભવતી વળી ત્યાંય. ૨૭ કારણ કે વાકય પદનો સાર, થાય લોપ વળી નીરધાર; તો એ મહા વાકય વડે કરી, શુદ્ધ ચૈતન્ય જાણવું ઠરી. ૨૮ તેનો પણ થશે ત્યાગ સાર, માટે

લક્ષણા એ વ્યર્થ નાર; સિદ્ધાંતમાંતો નીશ્ચય એવો, પદનો વાચ્યાર્થ અંશ ન લેવો. ૨૯ તેમ લક્ષ્યાર્થ અંશજ શાર, તેને લેવો વળી નિરધાર; માટે જેહદ લક્ષણ જેહ. નથી લેવી ઘટતી વળી. એહ. ૩૦ એવી રીતે બીજી નીરધાર, કહી અજહદ નકકી શાર; તે પણ નથા ઘટતી આણે ઠામ, વિ- ચારીને જોતાં અભીરામ. ૩૧ કારણ કે પદ કેરો વાચ્યાર્થ, તેમાં અધિક ભળે શમર્થ; એહ બેઉનું ગ્રહણ થાય, નથી શંશય તેમાંજ રાય. ૩૨ શિદ્ધાંતમાં કહ્યું નીરધાર, તત્વંપદ નો વાચ્યાર્થ શાર; તેનો ત્યાગ કરી આણે ઠામ, લેવો લક્ષ્યાર્થ તો અભીરામ. ૩૩ માટે ભાગ વાળી જેહ; જહદા જહદ લક્ષણા એહ; તેને ગ્રહણ કરવી શાર, એકતાની માંહી આણી વાર. ૩૪ થશે તે થકી તો એકતાય, જીવ ઈશ્વિર કેરી શદાય; મટે વેહેમને છુટે બંધન, થાય આનંદ સ્વરૂપી મન. ૩૫ આવું જ્ઞાન પામ્યા વિના શાર, કેવળ યોગાભ્યાસે નીરધાર; નથી મુક્ત થશે વળી જન, એવું શ્રુતિનું શત્ય વચન. ૩૬ હુંતો દેહ સ્વરૂપી છું પ્રાણી, જીવ સંજ્ઞા મારી પરમાણી; એવું જાણે છે જે નરનાર, તેતો હત્યારાં છે નિરધાર. ૩૭ કોટી ગૌવતનું બેસે પાપ, તેને માથે વળી આણમાપ, હુંતો આત્મા અશંગી છું શાર, ચીદાનંદ સ્વરૂપી અપાર. ૩૮ એવું જાણશે જે નર નારી, તે તો પુણ્યશાળી પાણી ભારી; અશંખ્ય ગાયો આપ્યા તણું જેહ; પુન્ય પામે દીને દીને તેહ. ૩૯ એવું શાંભળી પાર્વતિ માત, કહેવા લાગ્યાં સ્વા-

મીને શાક્ષાત; અહોનાથ આવું જ્ઞાન થાય, તેતો દેહથી કેમ પીડાય. ૪૦ રોગ દુર્બળતા આદી જેહ, કેમ નાશ થતાં નથી એહ;એવું શાંભળી શંકર દેવ,કેહેવા લાગ્યા વળી તત ખેવ. ૪૧ અહો નારિ ત્રિવેધિ જે કર્મ, તેનો શાંભળને તું તો મર્મ; શંચીત પ્રારબ્ધને ક્રિય માણુ, ત્રાણુ ભેદતું કર્મના જાણુ. ૪૨ તેમાં પામતા જ્ઞાન વિશાળ, શંચીત કર્મના બળે વિશાળ; પ્રારબ્ધતો ભોગવ્યાથિ જાય, એવો વેદને શાસ્ત્રનો ન્યાય. ૪૩ પ્રારબ્ધનું વિરોધિતો શાર, નથિ પાન શદા નિર ધાર; જો હોય પ્રારબ્ધનું વિરોધિ જ્ઞાન, તો તો દેહ રહે નહિં નિદાન. ૪૪ કારણુ કે દેહ પ્રારબ્ધે થાય, માટે તેહ મટે દેહ જાય; પણુ ભોગવ્યા વિના એહ; નથિ જ્ઞાને હણાતું જ તેહ. ૪૫ જ્ઞાનિનાં ક્રિયામાણુ જે કહાવે, તેતો સ્નેહિ દ્રેષિનેજ આવે; જ્ઞાનિ કરે છે જે શત કર્મ, તે તો તેનો સ્નેહી પામે પર્મ. ૪૬ અશત કર્મ ગ્નાનિ થકી થાય, તેતો તેહનો દ્રેષિને જાય; પણ ગ્નાનિ પુરૂષ કોઈ કાળ, નથિ કરતો પાપ વિશાળ. ૪૭ કેમકે ચીત્ત શુદ્ધ છે એનું, પુન્ય કર્યાં ફળ તેનું; માટે અધર્મ તો નવ થાય, અજાણે થયો દ્રેષિને જાય. ૪૮ કરેશત કર્મ તો પ્રાણિ જન, તે તો નિષ્કામ રાખીને મન; ભુલે શકામ બુદ્ધિ જો થાય, તોતે નિશ્ચે સ્નેહિનેજ જાય.૪૯ એમ ગ્નાની પુરૂષને સાર, નથિ નડતાં કર્મ લગાર; જીવન મુક્ત કહાવે એજન, નથિ ત્રિકાળમાંહિ બંધન. ૫૦ અહરનીશતો આત્માની માંય લક્ષરહેછે નિશ્ચળત્યાંય

તેણે કરીને સમસ્ત કર્મ બળિ રાખોડી થાય છે પર્મ.૫૧
રહે માયા વિષે એ રાજન, તોય લીપ્ત ન થાય જમન, જેમ
ઝાલશે વાદી ભુજંગ; પણ વિષ વ્યાપે નહીં અંગ. પર
ચકોર અંગારા અગ્નિનાખાય, પણ દાઝે નહિ એ જરાય;
કમળ કહાવે નહિ જળમાંય, રહ્યો લક્ષતો રવિછે જયાંય
૫૩ એમ આત્મા ના લક્ષથિ શાર,નથિ નડતા કર્મલગાર
થયું આતમાનું અપરોક્ષ અગ્નાન તેતો તિથોમાં નાહ્યો
નિદાન. ૫૪ શર્વ દેવતણિ તેણે નાર, કરિ પૂજા વળિ નીર-
ધાર; શર્વ પીત્રિ કર્યા મુક્ત તેણે શર્વ વૃત ધર્યાં વેદવેણો
૫૫ એક આત્મા વિના કોઈ ઠામ, નથી વસ્તુ બીજી અભિ
રામ; તેનો પુરાવો શ્રુતીમાં સાર, ઘણે ઠેકાણે છે નિરધાર.
૫૬ તેને જાણુવા માટેજ નારી, ગુરૂસેવા કરવી નિત્ય સારી;
તેથી સમાધ ગ્નાનજ થાય. ત્યારે આત્મ સ્વરૂપ જણાય.
૫૭ સમાધિના છે બેઉ પ્રકાર, સવિકલ્પ નિર્વિકલ્પ સાર;
તેમાં સાવિકલ્પ પેહેલી કહાવે, તેને વાર્ણવું હું તોજભાવે.
૫૮ સવિકલ્પમાં છે બેઉ ભેદ, કરૂં પ્રસિદ્ધ તે નિર્વેદ; દશ્યા-
નુ વિદ્ધશબ્દા વિદ્ધ એહ બેઉતો દિસે પ્રસિદ્ધ. ૫૯ તેમાં
દશ્યાનું વિદ્ધતે સાર, સુણો પ્રીયા તમે આણીવાર; કામસં-
કલ્પ ચિકિત્સા કહાવે, શ્રદ્ધા અશ્રદ્ધા તો ભાણો ભાવે.૬૦
ધૈર્ય અધૈર્ય બેઉ કહેવાય, લજ્જા ભયતો તેમ ગણાય; એવી
સાત્વિક વૃતિઓ જેહ, થાય અંતઃકર્ણ માંહી તેહ. ૬૧એતો
સઘળી દશ્ય કહેવાય, શ્રુતિ સ્મૃતિ તણો એવો ન્યાય, તેથી

ન્યારો છું હું તો આત્માય દષ્ટાનું વિદ્ધ કહેવાય તેહ, હુંતો અસંગ આત્મા કહેવાઉં, અકર્ત્તા ને અભોક્તા જાણું. ૬૩ દેહેંદ્રિય અંતઃકર્ણ સાર, તેમાં છતાં અસંગ વિચાર; જાગ્રત સ્વપ્ન સુષુપ્તી કહેવાય, એવો અવસ્થા ત્રણ સદાય. ૬૪ તેમાં છતાં તેથી ન્યારો છું હુ યાદષ્ટા જ્ઞાતા તેનો સદા છુંય, સર્વ પ્રપંચને હુંતો સાર, કરૂં પ્રકાશ તો નિરધાર. ૬૫મને પ્રકાશ કરવા સારૂં નથી અન્ય વસ્તું વળી વારૂં; સ્વંયંપ્રકાશી હુંતો મ્હદાય, બધો પપંચ મુજમાં જણાય. ૬૬ પણ હુંતો અસંગી છું સાર ચિંદાનંદ રૂપી નિરધાર; એવો નિશ્ચ હોય જ જેને, શબ્દાનું વિદ્ધા કહેવાય તેને. ૬૭ સવિકલ્પ સમાધિતો એહ, તેમાં નથી જરાય સંદેહ; નિરવિકલ્પની હવે તાત, કહું વિસ્તારી હુંતોશાક્ષાત. ૬૮ યંવિકલ્પ શમાધીથી શાર, ગ્ન નંદ થશે નિરધાર; ત્યારે અનુભવ આવેશ આવે, દષ્ય વસ્તુઓ તે તો છોડાવે. ૬૯ હુંતો અશંગ છું ત્રણ કાળ, એવો નિશ્ચય દિલમાં વિશાળ તેપણ રહેનહિ અભિરામ, મટે શંકલ્પ સત્યતમામ. ૭૦ વૃતી સ્ફુરેનહી લગ્લેશ, એક તારહેછે હમેશ; જેમ વાયુ વિના સ્થાનમાંય, દીવો અખંડબળે છે ત્યાંય. ૭૧ એમ શંકલ્પ શહિત શાર, વૃત્તિ થાય શદા સુખકાર નીરવિકલ્પ તેને કહેવાય, શમાધી એતો જાણો સદાય. ૭૨ વાશના ક્ષયને મનો નાશ, ગ્નાપ્રાપ્તી અખંડપ્રકાશ એતો નીરવિકલ્પથી થાય, વેદ શાસ્ત્રતણો એવો ન્યાય. ૭૩ તેને પામ વામાટે શદાય, કરવો બ્રહ્મ

વેતાની સેવાય; તેવું વેદાંત શાસ્ત્રનું શાર, કરવું શ્રવણ તો નિરધાર. ૭૪ મનન નિધ્યાસપણું જેહ, તેપણ રાખવું હમેશ એહ; તેણે કરીને વ્યાપ્તી બે સાર, તેતો જણાય છે નિરધાર. ૭૫ રૂપ આત્મા તણું જેહ હાવે,બેઉવ્યાન્તિ વિના કહ્યુંભાવે; તેહ વ્યાપ્તિ તણો વિસતાર, સુણો પ્રિયા તમે આણીવાર. ૭૬ વૃત્તિ વ્યાપ્તી ફળ વ્યા પ્તી કહેવાય, એ બે નામછેતેના સદાય, અંતઃકર્ણની વૃત્તિ તો સાર સુરે ઘટાદિમાં નિરધાર. ૭૭ તેનું નામ વૃત્તિ વ્યાપ્તી જાણો કસો વેમતેમાં નવઆણો; તેમ પદાર્થનો નિશ્ચેજેહ થવામાં સ્પુરે વૃત્તિયો એહ. ૭૮ પદાર્થમાં જે નિશ્ચે થાય, ફળ વ્યાપ્તી તેને તો કહેવાય;વળી અજ્ઞાન નિવૃત્ત સારૂ વિશેષ જ્ઞાન થવું અતિપ્યારૂં. ૭૯ તેને માટે તો નિશ્ચય સાર, વૃત્તિ વ્યાપ્તી જોઇએ નિરધાર; જેમ જોવા રવિ મહારાજ, નેત્ર નિરોગી તણું છેકાજ. ૮૦ દીવા તણું નથી ત્યાંયકામ, નેત્ર અપેક્ષા છે અભિરામ; તેમ બાહેરના વળી જેહ, ઘટપટાદિ પદાર્થો એહ. ૮૧ તેને જોવાને માટે સદાય, બેઊ વૃત્તિની છે અપેક્ષાય; અધિકારમાં જેવસ્તુસાર, તેને જોવામાટે નિરધાર. ૮૨ દીવોનેત્રે એબે અભિરામ, તેનું પડેજ નિશ્ચય કામ; એવું સાંભળી પાર્વતિ માત, કહેવા લાગ્યાં ફરીથી સાક્ષાત. ૮૩ અહો સ્વામિમ-મટાડો શંકાય મારા ઉપર આણી કૃપાય; તમે કહ્યું કે વિ-શેષ જ્ઞાન વૃત્તિ વ્યાપી થી થાય નિદાન. ૮૪ તો તો દષ્ટાથઈ વૃત્તિ સાર દષ્ય આત્મા થયો નિરધાર; એવું સાંભળીને શી-

વરાય, કહેવા લાગ્યા પ્રીતી થી તદાય. ૮૫ સુણો પ્રીયા તમે આગુીવાર, હણુ શંશય તમારો શાર; આત્માને તો વળી નિજમન, દ્રષ્યા પદાર્થવત બળવાન. ૮૬ નથી જોઇ શકતું કોઈ કાળ, એવું શરૂતિનું વાકય વિશાળ, પણ વિચારથી નીરધાર, પોતે પોતાની મેળેજ સાર. ૮૭ પ્રકાશે છે સદા કાળ એહ, નથી તેમાંજરાય સંદેહ; જેમ દર્પણથી મુખ ભાસે, નેત્ર નાસિકા સુધ્ધાં પ્રકાશે. ૮૮ પણ દર્પણ દેખે નહિ તુંડ,એવો નિશ્ચય છેજ પ્રચંડ;માત્ર મુખ જોવાનું સાધન, કહ્યુ દર્પણ તો બળવાન. ૮૯ પણ મોઢું જોયા પછી સાર, નથી ખપ તેનો નીરધાર;તેમ આત્માનો સાક્ષાત્કાર, થાય જેહ વેળા નીરધાર. ૯૦ તેણે સમે તો જ્ઞાની પુરૂષ, વૃત્તિ છોડી દેછે ઉત્કર્ષ; માટે બેઉ વ્યાપ્તિ વીના સાર. કહયો આત્માને તો આણે ઠાર. ૯૧ સ્વયં પ્રકાશક એતો દેવ, નથી એવિના અન્યજ એવ; સુર્ય સ્વયં પ્રકાશી છે નારી, કરે સામાને પ્રકાશ ભારી. ૯૨ પણ આત્માને તો નીરધાર, નથી પ્રકાશ કરતો સાર; કરે સુર્યને આત્મા પ્રકાશ, એવો શ્રુતીનો અર્થ વિલાસ. ૯૩ માટે આત્મા તો બ્રહ્મ સ્વરૂપ, અકર્તાને અરૂપી અનુપ; તેને જાણવા માટેજ સાર, ત્રણ તજવાં નર્કનાં દ્વાર. ૯૪ કામ ક્રોધ અને લોભ જેહ, ત્રણે દ્વાર કહેવાય છે એહ; એવું સુણીને પાર્વતીનાર, કહેવા લાગ્યાં વળી તેણે ઠાર. ૯૫ અહો સ્વામી તમે કહ્યુ

જેહ, કરવું ગુરૂનું સેવન એહ; તેતો કેવા ગુરૂ નીરધાર, કહો લક્ષણ તેહનાં સાર. ૯૬ એવું સાંભળીને શીવરાય, કહેવા લાગ્યા પ્રીતીથી તદાય; બ્રહ્મનિષ્ઠ ને શોત્રીય સાર, એ બે વીશેષણ સુણો નાર. ૯૭ હોય જેહની માંહી સમાન, એવા કરવા ગુરૂ નીદાન; એકલા શોત્રીયથી પણ નારી, નથી મુક્તિ પમાતીજ સારી. ૯૮ કેવળ બ્રહ્મનિષ્ટા થકી સાર, નથી નીશ્ચે થતો આણીવાર; વેદ શાસ્ત્રને જાણે પુરાણ, શોત્રિય તેને કહે નિરવાણ. ૯૯ નિશ્ચળ આત્મ જ્ઞાન થયું જેને, બ્રહ્મ નિષ્ટ ભાણે સઉ તેને; એકલો શોત્રીય તો ગુરૂજન, અંધ કહેવાય છે બળવન. ૧૦૦ તેમ એકલો તો બ્રહ્મનિષ્ટ, પંગુ કહેવાય છેજ વરિષ્ટ; કેમકે તેની પાસે અપાર, નથી શાસ્ત્રના પુરાવા સાર. ૧૦૧ તેથી મુમુક્ષુને વિસવાસ, નથી આવતો તેનો પ્રકાશ; તેમ શોત્રિયે તો સુખ રૂપ, નથી દીઠું સ્વરૂપ અનુપ. ૧૦૨ માટે અંધજ એતો કહેવાય, શ્રુતિ વાક્ય તણો એવો ન્યાય; માટે બેઉ વિશેષણ હોય, કરો એવા ગુરૂ સઉકોય. ૧૦૩ વળી વિશેષ ગુરૂનું સાર, કહું લક્ષણ તો આણીવાર; સમધર્મી અને સમદષ્ટ, શાન્તિ વૈરાગ્ય તો ઉતકૃષ્ટ. ૧૦૪ દયા ધિરજ અંદભ શુર, ક્ષમા અક્રોધ આનંદ પુર; ક્રોધ હીનને નિર્માનીપણું, પવિત્રતા પણું દીસે ઘણું. ૧૦૫ રાગ દ્વેષ રહિતજ શાર, જીતેંદ્રિયપણું નીરધાર; હોય લક્ષણ જેહમાં એહ, ગુરૂ મુરતિ કહેવાય છે તેહ. ૧૦૬

વલણ—એ રીતે શીવે કહી, સતિને શીવગીતાય રે;
દુર્ગા કહે તેને સુણે, તે નર મોક્ષે જાય રે રે રે. ૧૦૭

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
શીવગીતાયાંઆત્મબોધ વર્ણનોનામ સપ્તનવતિતમોઽધ્યાયઃ૯૭

અધ્યાય ૯૮ મો—રૂદ્રાક્ષ મહાત્મ.

રાગ સોરઠ.

સુત પુરાણી એણીપેર બોલ્યા, સાંભળો સૌ રૂષીરાય; વિસ્તારી સંભળાવું હાવે, ત્રિવેણી મહિમાય. ૧ વિભુતિ રૂદ્રાક્ષ અને વળી, ત્રીજું તો શિવ નામ; એ ત્રણને ત્રિવેણી રૂપ, જ્ઞાન કહે અભિરામ. ૨ પ્રથમ કહું રૂદ્રાક્ષ મહાત્મ હું, આણી પ્રેમ અપાર; તેને સાંભળો એક ચિત્તથી; આ વખતે નિરધાર. ૩ અગિયારસેં રૂદ્રાક્ષ ધરે જે, અંગ વિષે કોઈ જન; તેને તો શિવ રૂપ પ્રમાણો, સદા કાળ પાવન.૪ કેવી રીતે ધરવી અંગે, તેનો કહું વિસ્તાર; જેને સુણતાં આનંદ થાયે, તાપ ટળે નિરધાર. ૫ પાંચશેં ને પચાસ તણો તો, મુગટ સુંદર થાય; તેવી રીતે ત્રણશેં સાઠની, જનોઈ શુભ પહેરાય. ૬ ચોટલી માંહી ત્રણ ધારવી, જમણા કાનમાં પાંચ; વામકર્ણમાં ખટ ધાર્યાથી, આવે નહિ વળી આંચ. ૭ એકશો આઠની માળા કરીને, ધારવી કંઠની માંય; તેણે કરીને શદા રહે છે, પવિત્રતા વળી ત્યાંય. ૮ એકાદશ એકાદશના બે, બેરખા તો બળવાન; ભુજ ઠેકાણે બાંધવા સુંદર, મુકીને અભિમાન. ૯ તેવી રીતે કાન જેટલી, બે કાંડાંએ સાર; પ્રેમ કરી રૂદ્રાક્ષ બાંધવી, મુકી અન્ય વિચાર. ૧૦

સુત્ર તણિ જનોઇએ તો વળિ, ત્રણ બાંધવી વિપ્ર; તેણે કરિને જ્ઞાન થાય છે, પ્રાણીને તો ક્ષિપ્ર.૧૧ બાકીની પચાસ રહી જે, ઉત્તમ તો રૂદ્રાક્ષ; તેને કંદોરો કરિ કેહેડે, બાંધવો ભજી વિરૂપાક્ષ. ૧૨ એ રિતે રૂદ્રાક્ષ ધરિને, ભજે સદાશિવ નામ; તેનું દર્શન કરતાં બળશે, દોષો તો તમામ. ૧૩ કહી એટલી રૂદ્રાક્ષ ધરિને,પાંચ લક્ષ શિવનામ; મુખથકિ ઉચાર કરે તો, વાકય ફ્લે અભિરામ.૧૪ શ્રાપ અને વર આપવા કેરિ, શક્તિ આવે પાસ; તે રિતે પ્રેત ભુત પણ, માને ઝાઝો ત્રાશ. ૧૫ ત્રિપુંડ ને રૂદ્રાક્ષ વિભુતિ, ચોથું શિવ અભીધાન; તે તો જેના અંગમાં દીશે, તે નર શિવ શમાન. ૧૬ રૂદ્રાક્ષની માળાએ જપશે, શિવતણાં શત નામ; શહસ્રનું ફળ થાસે તેને, ત્વરાથકી તે ઠામ. ૧૭ શર્વ દેવના જપ ની માંહી, શરેષ્ટ કહી રૂદ્રાક્ષ; માટે તે માળાથી જપવા, વિષ્ણુને વિરૂપાક્ષ. ૧૮ ધર્મ અર્થ ને કામ મોક્ષ એ, ચારે રસ કહેવાય; તેતો સૌ રૂદ્રાક્ષ માળથી, પ્રાણીએ પમાય. ૧૯ લક્ષ્મિ ઈચ્છાવાળા ને તો કહી છે હેમની માળા; તેવી રીતે યશ પ્રાપ્તીમાં મોતીની વિશાળ. ૨૦ પુત્રેચ્છા વાળા ને કહી છે સ્ફટિક માળ નિરધાર, વશ કરવામાં પરવાળાંની, ફળદાતા અપાર. ૨૧ વાહનની ઇચ્છાવાળાંને, રૂપાની સોહાય, તે રીતે રૂદ્રાક્ષમાળાની, મોક્ષવિષે આજ્ઞાય. ૨૨ વળી સર્વ ઊપર કહી ઈચ્છા, તે સર્વે નિરધાર; એકલી રૂદ્રાક્ષે કરી ફળશે, તેમાં ફેરનફાર. ૨૩ એક મુખી રૂદ્રાક્ષ કહીજે,

જ્ઞાનીએ બળવાન, તેતો સીદ્ધી આપે, શ્રૂતિનું એ અનુ-
માન. ૨૪ એક મુખી રૂદ્રાક્ષહોય ત્યાં, રહે સીદ્ધિઓ આઠ;
તેમાં સંષય નવ કોઇ આણો, પુરાણનો એ પાઠ. ૨૫ બે
મુખી રૂદ્રાક્ષ હોય ત્યાં, લક્ષ્મી કરેછે વાસ; નાગો ભુખ્યો
રહે નહિ પ્રાણી, ઝાઝો દ્રવ્ય વિલાસ. ૨૬ ત્રણ મુખી રૂદ્રાક્ષ
હોય ત્યાં, રહે સઘળી વિદ્યાય; તેવી રીતે ચોમુખીતો, ચારે
ફળદાતાય. ૨૭ પાંચ મુખી રૂદ્રાક્ષ કરેછે,સર્વ પાપતો નાશ;
તેણે કરીને જ્ઞાન ઉપજે, સુઝે સ્વરૂપ પ્રકાશ. ૨૮ એ સર્વ-
માં એક મુકીતો, સૌથી શ્રેષ્ઠ ગણાય; દેવોને પણ દુલ્લભ
એ છે, અતિ પુન્યે પમાય. ૨૯ બદ્રીફળ જેવડી રૂદ્રાક્ષ તો,
આપે સુખ વિલાસ; ધાત્રી ફળ જેવી પણ કરશે, આપત્તિ
નો નાશ, ૩૦ ચણોઠી જેવડી તો આપે, શર્વ ફળ નિરધાર
એથી નાની અતિફળ આપે શ્રૂતિનો એહ કરાર. ૩૧ જે
ધણીએ રૂદ્રાક્ષ ધરી છે, આણીને ઉર ઉલ્લાશ દેખી પ્રેત
પીશાચો, આવે નહિ કદી પાશ; ૩૨ એક મુખી રૂદ્રાક્ષ
ધરીને, નદીના પુરમાં જાય; તેને પાણી માગ આપશે, શા
સ્રનો એવો ન્યાય. ૩૩ બે મુખી રૂદ્રાક્ષ ધરે છે, જે કોઇ
પ્રાણી અંગ; તેને કોઈ પ્રાણી નવ દેખે, દ્રષ્ટિથી અભંગ.
૩૪ ત્રણ મુખી રૂદ્રાક્ષધરે છે, જે કોઇ અંગે શાર; તેને કોઈ
આયુધ નવ વાગે. વપુ માંહે નિરધાર. ૩૫ ચાર મુખી
રૂદ્રાક્ષ હોય ત્યાં, ચોર આંધળા થાય; વળી પાણીમાં મુ-
ક્યાથિ તે બુડે નહી શકાય. ૩૬ પાંચ મુખી રૂદ્રાક્ષ કરે છે,

શર્વ દુખનો નાશ, બુડે તો પણ ફળ દાતા એ, પ્રાણિને પરકાશ. ૩૭ તે માટે રૂદરાક્ષ ધરે નહિ, જે કોઈ પ્રાણી શાર; તેને કેવળ પાપી જાણો, જડબુધિ નિરધાર. ૩૮ તુળશી કે રૂદ્રાક્ષ વિનાનો, જે કોઈ પ્રાણિ હોય; તેને અડકી સ્નાન જ કરવું, વસ્ત્ર શહિત જ શોય. ૩૯ મુનશા દેહ પામીને જે કોઇ, નવ ધારે રૂદ્રાંક્ષ; તેનું આયુષ્ય એળે ચાલ્યું, ફળસે નહિ વિરૂપાક્ષ. ૪૦ વક્ષણુ. એ રીતે રૂદ્રનો; કીધો મહીમા શારરે દુર્ગો કહેહાવે કરે, વિભુતી નો વિસ્તાર રેરેરે. ૪૧

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગા શંકર વિરચિતે નાનસંહિતાયાં, રૂદ્રાક્ષ મહાત્મ વર્ણનો નામ અષ્ટ નવતિતમોઽધ્યાયઃ ૯૮

અધ્યાય ૯૯ મો વિભુતો મહિમા.

રાગ મારૂ.

બોલ્યા સુત પુરાણી વચન, સૂણો શૌનકાદી મુની-જન; હવે વીભુતીનો મહીમાય, કહું વીસ્તારી આ વેળાય. ૧ ધરે વી ભુતી બ્રહ્માને ઇશ, ધરે વિભુતી શ્રી જુગદીશ; ધરે વીભુતી સીદ્ધ તમામ ધરે, વીભુતી ત્રીદશ નામ. ૨ અગ્નીહોત્ર શંધ્યા દીક કર્મ, ભસ્મ વિના તો શર્વે અધર્મ. ભસ્મવિના વૃતાદી શાધન, થાય નિષ્ફળ સૌ બળવાન. ૩ ભસ્મધાર્યા થકી નીરધાર, ત્રાસે કૃતાંતના દૂત શાર. ભસ્મ અડકી છે જેહને અંગ, રહે તીરત તેહને અંગ. ૪ અંગ બધામાંરે ધરિ જટા સુધી; વીભુતી કરી; શર્વ રાજા ચતુર્ભુજ ચાહય, તીર્થ જાણે અમારામાં નાહયા. ૫ ફરતા ફરતા એતો મુનીશાર, આવ્યા અરણ્યમાં નીરધાર; તેહ ઠેકાણે રાક્ષશ એક, પડયો મુની-

ની દષ્ટે વીશેક. ૬ કાળ પર્વત જેવો છે દેહ, ગાજે જેવો અશાડો જ મેહ; મહા ભયાનક ભુંડો ભુપ, તેણે દીઠું મુની નું સ્વરૂપ. ૭ ત્યારે મારવા તેહને શાર, કર્યો રાક્ષસે દીલ વીચાર; શામો આવી પશાર્યા બે હાથ, ભરી ક્રોધ આણી ને ત્યાં બાથ. ૮ થયો એ રીતે સીદ્ધનો શંગ, અડકી પાપીને વીભુતી અંગ; તેથી ઊપજ્યું અંતર જ્ઞાન, બળ્યા પાપના ઓઘ નીદાન. ૯ પ્રગટ્યું પુર્વ તણું કંઇક પુન્ય, મળ્યા બ્રહ્મ વેત્તા મહા પુન્ય; થયો તતક્ષણ ત્યાં દિવ્ય દેહ, મટી રાક્ષસની કાયા એહ. ૧૦ પછી કહે અસુર સુણો વાત, થયું ત્રિકાળ જ્ઞાન સાક્ષાત; ગુર્વંત દેશ વીષે એક ગામ, દુષ્ટ કર્મી રાજા મારૂં નામ. ૧૧ ફરે આખી પૃથ્વી માંહી આણ, જીત્યા ભુપ બધા નીરવાણ; હતો કામાંધ હું તો અપાર, નિત્ય નવી ભોગવતો નાર. ૧૨ વર્ણ અઢાર તણિ કામનિ, ભોગવિ મેં તો શર્વે ભામનિ; તેમાં કેટલી સ્ત્રિએ તો શાર, કરિ આત્મ હત્યા નિરધાર. ૧૩ બેઠું તે તો મારે શીર પાપ,તેથિ દુસુ પામ્યો અણમાપ; એમ કરતાં પડ્યો મારો દેહ, ત્યારે પામીયો નર્ક જ એહ. ૧૪ બીજી વાર થયો હું તો વ્યાઘ્ર, ત્યારે હિંશામાં કરતો અત્યાગ્ર; એમ અહીં જાબુંક થઈ ફર્યો, પશુયોની વિષે અવતર્યો.૧૫ મર્કટ મહિશ તેતર તોલ, રહયો વૃક્ષ તળે થઈ નોળ; ચોવિશમો રાક્ષશ થયો શાર આવ્યો આ સ્થાનમાં નીરધાર.૧૬ તમ દર્શનથકી ઋષિરાય,પામ્યો પચ્ચીશમી દીવ્ય કાય;વિના

શ્રમે થયું મારૂં કામ બળ્યા પાપના ઓઘાતમામ. ૧૬ તેનું કારણ મુજને શાર, નથી શમજાતું આણીવાર એવું શાંભળીને ૠષી દેવ કહેવા લાગ્યા પોતે તતખેવા. ૧૭ અહો દધ્યદેહી સુણવાત કહું કારણ એતો શાક્ષાત; સૂણ એક ચિતે તુંતો ૨,થયું શુદ્ધ જેહ તારૂં શરીર. ૧૮ એતો મહીમા વિભુતી તણો, જેનાં માંયછે ગુણ જ ઘણો; મારે અંગેતે ભરાવી બાથ, તેથી અડકી વિભુતિજ હાથ. ૧૯ વળી હ્રદયે પણ થયો સ્પર્શ, એહ વિભુતિનો ઉત્કર્ષ, તેણે કરી બળ્યાં તારાં પાપ થયું કંચન જેવુંજ આપ. ૨૦ તેહ વિષે કહું ઈતિહાસ, સુણ દેવાંશી તું તો પ્રકાશ; દ્રાવિડ દેશ વિષે એક ગામ, ત્યાં એક વિપ્ર હતો અભીરામ. ૨૧ કરતો તેતો ઘણાં નીચ કૃત્ય, નીચો સંગ અને નીચી મત્ય; ચોરી ચાડી અને વ્યભિચાર, કરતો આદરી પ્રેમ અપાર. ૨૨ ખાતો આપીશ કરતો ધ્વંશ, પુરણ મદ્ય પીએ પરશંશ; એહ બ્રાહ્મણે તો નીરવાણ, એક નારી તણા લીધા પ્રાણ. ૨૩ તેનાં લેઈને ઘરે- શેષ્ટ, આવ્યો રાખેલી સ્ત્રીને ત્યાં નેષ્ઠ; તેહ ઠેકાણે તો એક જાર, તેની પેહેલી આવ્યો હતો સાર. ૨૪ તેણે એ દુષ્ટ વીપ્રને ત્યાંય, ઠેર મારી નાખ્યો ઘરમાંય; લેઈ લીધા બધા અલંકાર, વસ્ત્ર સુધ્ધાં વળી નીરધાર. ૨૫ પછી શબતો વિપ્રનું એહ, નાખ્યું ખાઈ વીષે જઈ તેહ; તેહ વેળાએ શબની માંય, જરા પ્રાણ હતો વળી ત્યાંય. ૨૬ એવામાં હરી ઈચ્છાથી સાર, ખેલ્ર બન્યો વળી તેણે ઠાર; નજીક બ્રાહ્મણનું હતું

ધામ, અગ્નિ હોત્ર તેમાં અભીરામ. ૨૭ તેહ યજ્ઞની વિભુતી જેહ, વિપ્રે ઢગલો કરી રાખી તેહ;તેમાં કુતરો એક વિશાળ, આવી લોટીયો ત્યાં તતકાળ. ૨૮ તેથી વીભુતી વાળું-જ અંગ, થયું સ્વાનનું ત્યાં તો અજાંગ; પછી સ્વાન નાઠો ત્યાંથી સાર, આવ્યો ખાઇ વિષે નિરધાર. ૨૯ ત્યાં તો બ્રાહ્મણ કેરૂં કરંક, દીઠું કુતરે દ્દષ્ટે નિશંક; ત્યારે ચઢયો તેના પર એહ, માંસ ભક્ષણ માટેજ તેહ. ૩૦ તેહ કાલે વિભુતિનો સ્પર્શ, થયો બ્રાહ્મણને ઉતકર્ષ; નિકલ્યો તેહ સમે ઝટ પ્રાણ, જરા હતો તે તો નિરવાણ. ૩૧ ત્યારે શંકરના દુત જન, આવ્યા તેડવા ત્યાં બળવન; તે તો બેસાડી વિમાન માંય, ગયા શીવ હતા વળી ત્યાંય. ૩૨ એમ પુરણ પાપી એ વિપ્ર, પામ્યો ભસ્મથી મોક્ષજ ક્ષીપ્ર; બાનું પોતાનું વિચારી સાર, કર્યો શંકરે સદ્ય ઉદ્ધાર. ૩૩ એમ દિવ્ય વપુને તે ઠામ,વામદેવે કહ્યું અભિરામ; તેને સાંભળીને દિવ્ય કાય, ઘણો પ્રસન્ન થયો તદાય. ૩૪ પછી કહેવાને લાગ્યો તે વાણ; સુણો વિપ્ર તમે તો સુજાણ; બીજો હોય વળી ઈતિહાસ,ભસ્મ મહિમા તણો તો પ્રકાશ. ૩૫ કહો વિસ્તારી તે આ વેળાય, સુણતાં ત્રપ્તિ જરા નવ થાય; એવું સાંભળીને રૂષીરાય, કહેવા લાગ્યા ફરીથી તદાય. ૩૬ અહો દિવ્ય સુણોને સાક્ષાત, કહું ભસ્મ મહિમા તણી વાત; પુર્વે અખિલપુરીમાં સાર, એક ક્ષત્રી હતો નિરધાર. ૩૭ તેતો ચુકીયો કુળનો ધર્મ, કીધાં અનેક કુડાં કર્મ; ચાંડાળીનિ સંગે

રંગે રમ્યો, તેના ભેગો બેશીનેજ જમ્યો. ૩૮ એમ કરતાં આવ્યો મૃત્યુકાળ, ત્યારે પામીયો નર્ક વિશાળ; પછી સહુ ભોગો અવતાર, ધર્યા પશુ તણા નીરધાર. ૩૯ વળતી શ્વાન યોનીમાંહી ગયો, ત્યાં તો હરામી હડકાયો થયો; લેખા વિના કરડ્યા ઘણા લોક, પાડયો કંઈક જણાનેજ શોક. ૪૦ ત્યારે લોકોએ તો તેણે ઠાર, પંચ ઇટાળીથી હણ્યો સાર; તેથી મૃત્યું પામી એહ દુષ્ટ, પડયો મારગમાંહીજ દુષ્ટ. ૪૧ તેને નાંખવા ખાઈની માંય, આવ્યો ચાંડાળ તો વળી ત્યાંય; તેણે બાંધ્યા એ શ્વાનના પાય, વળતી ઘસડી ને લેઇ જાય. ૪૨ એવામાં એક વિપ્રની નાર, તેણે મારગમાં નીરધાર; યજ્ઞ વિભુતી નાખીતી ત્યાંય, શ્વાનઅંગ રોળાયું તે માંય. ૪૩ એટલે શ્વાન તણો જીવ જેહ, થયો દિવ્ય સ્વરૂપેજ તેહ; તેને લેવાને શંકર દુત, આવ્યા ઉતાવળા ત્યાં પ્રસુત. ૪૪ બેશાડીને વિમાનમાં શાર, ગયા કૈલાશમાં નીરધાર; એમ કેટલે જન્મેજ ત્યાંય, પામ્યો ક્ષત્રિ મુક્તિ હેલામાંય, ૪૫ એવું સાંભળિને દિવ્ય દેહ, કહેવા લાગ્યો ફરિ આણિ સ્નેહ; અહો મુની સુણો આણીવાર, કહું પુર્વનો પુન્ય પ્રકાર. ૪૬ પેહલે જન્મે હુતો મુનીજન, હતો રૂષ્ટ કર્મી નૃપતન; ત્યારે મારિ પાસે નિરધાર, એક વિપ્ર રહેતો હતો સાર. ૪૭ તે તો શંકરની શેવા કરે, ભીક્ષા માગીને પેટજ ભરે; પણ પેટનપુરૂં ભરાય, દૈવ યોગે કરી મુનિરાય. ૪૮ તેને દેખી ને મુજને ત્યાંય, દયા આવી જરા દિલમાંય તેથી પૃથ્વી પસાયતે કરી, એક ઘર

આપ્યું અંન ભરી, ૪૯ તેથિ વિપ્ર થયો એ પ્રસન્ન, કરા વ્યું શીવનું દરશન; ત્રિપુંડ વિભુતિ યુજને કીધી, પ્રસાદી તેવી હાથમાં દીધી, ૫૦ ચંડ ભાગ તજીને મે તેહ, ઉમાન ઇવેદ આરોપ્યું એહ; આખા જકતમાં એટલું પુન્ય; કર્યું હતું મેંતો મહાપુન્ય, ૫૧ બીજા પાપ તણો નહિ પાર. કહેતાં જીવહા થાકે નિરધાર; પણ એટલે પુન્યે તો આજ મળ્યા નિશચે તમે મહારાજ. ૫૨ અડકી તમારા અંગની દેવ; મને વીભુતિ તો વતએવ. તેણે કરીને પામ્યો ઉદ્ધાર, બળ્યાં પાપ બધાં નિરધાર. ૫૩ એવું કહી અને દિવ્યકાય, લાગ્યો મુનિને તતક્ષણ પાય, પછી વિમાનમાં બેશી એહ; ગયો કઇલાશમાં દિવ્ય દેહ. ૫૩ વામદેવ મુનિપણ સાર, ચાલ્યા ત્યાંથકીતો નિરધાર; આવ્યા આશ્રમમાં તતકાળ, શીવ શીવ કહેતા વિપ્રબાળ. ૫૪ એમ સુત કહે સુણો બ્રહ્મા, મહિમાવિભુતીનો અતિપર્મ, માટે ભસ્મવિના નિરધાર; રહેવું નહિ ક્ષણું આણીવાર. ૫૫ જળ મય વિભુતીનો સાર, શુદ્ર નેતો કહ્યો, અધિકાર દ્વીજ ક્ષત્રીને વૈશ્યને તેમ યજ્ઞવિભુતી ધારવી એમ. ૫૬ વલણ. એ રીતે સુતે કહ્યો, વિભૂતિનોમહિમાયરે; દુર્ગો કહે તેને સુણે, નર પાવનથાયરેરેરે. ૫૭

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
વિભૂતી મહિમા વર્ણનો નામ નવનવતિતમોઽધ્યાયઃ ૯૯

અધ્યાય ૧૦૦ મો—શીવ મહિમા.

રાગ ધનાશરી

સુતપુરાણી એણીપેર બોલ્યા, શાંભળો સૌ રૂષિરાય; વિસ્તારી

સંભળાવું હાવે, શીવનામ મહિમાય. ૧ નદીઓમાં જેમ ગંગા કહાવે, પશુની માંહી ગાય; વનસ્પતિમાં વૃંદા તેવી, વૃક્ષમાં પીસ્પળ રાય.૨ અમર વિષે જયમ ઇંદ્ર શ્રેષ્ટ છે, દેવ માં શાળીગ્રામ; વેદ વિષે જેયમ શામવેદ છે, પુરીમાં કાસી ધામ. ૩ તિથિમાં જેવી દ્વાદશી કહાવે, વિપ્ર વર્ણમાં સાર; દાનમાં જેમ જ્ઞાનદાન છે, કુળમાં ભક્ત ઉદાર.૪ તેવી રીતે તેત્રીશ કોટી, મોટા મોટા તંત્ર; તે મધ્યે શીવ નામ શ્રેષ્ટ છે, પંચાક્ષર મહામંત્ર. ૫ તે મંત્રે કરી મુક્તિ પામ્યો, થથુરાંનો ભૂપાળ; તેનો મહિમા કહું વિસ્તારી, સાંભળો દ્વીજના બાળ.૬ મથુરાં પુરી નગરીમાં પૂર્વે,નૃપ કહાવે એક;દાશાર હતો નામ તેહનું, અતિ જેમાં વિવેક.૭ કાશીરાજની કન્યા એ તો. પરણ્યો રૂડી પેર; સુંદરી રૂપ અનોપમ તેનું, આવી નિશ્ચે ઘેર. ૮ સતિ મધ્યે શિરોમણી એ તો, નારી માંહી નુર; શીવ પંચાક્ષર જપતી નિશ્ચે, ભક્તિ માંહી પુર. ૯ જેને દેખી જોગી ભૂલે, વિહવળ થાયે મન; મોટા મોટા તપસી તે તો, તપ છોડે બળવન. ૧૦ તેને દેખી દાશારહતો, કામી થયો નરનાથ; આતુરતા આણી દિલમાંહી, હેતે ઝાલ્યો હાથ. ૧૧ ત્યારે તે અબળાએ તેને, ના કહી તેણી વાર; અહો નાથ નવ અડશો મુજને, આ વખતે નિરધાર. ૧૨ કારણુ કે અતિ પાપ કર્મનો, કેવળ છે તમ દેહ; તેણે કરીને મુજને અડતાં, વિઘ્ન થશે વળી એહ. ૧૩ એવી રીતે બહુ સમજાવ્યો, પણ નવ માન્યું રાય; બળાત્કારથી શંભોગ

કીધો, સ્ત્રી સાથે તદાય. ૧૪ તે કાળે એ નૃપના દેહમાં, બ-
ળતા થઈ ઉત્પન; તેથી બુમો પાડવા લાગ્યો, રાજા એ બ-
ળવન. ૧૫ ત્યારે એ અબળા તો બોલી, રાજા સાથે વાણ;
અહો નાથ મેં પ્રથમ કર્યું તું, તમને તો વળી જાણ. ૧૬
કોઈ વખતે મુજ પીતાને ત્યાં, મુનિવર આવ્યા એક; રામ
ચંદ્રના ગોર કહાવે, વશિષ્ટ નામે છેક. ૧૭ તેણે મુજને પ્ર-
સન્ન થઈને, આપ્યો શીવનો મંત્ર; પંચાક્ષર એ તો શુભ
દિસે, મુક્તિ કેરો તંત્ર. ૧૮ તેને નિત્ય જપું છું હું તો; તેથી
બાળયાં પાપ; દેવ શરીખી કાયા મારી, તાપસી પુન્ય પ્રતાપ.
૧૯ તે માટે નિષ્પાપી હોયે, તે કરશે મુજ સંગ; બીજા તો
બળી ભસ્મ થવાના, દગ્ધ થશે શુભ અંગ. ૨૦ એવું સાં-
ભળી દાશારહ કહે, સાંભળને તું નાર; એવા એ પંચાક્ષરનો
તું, ઉપદેશ કર આ વાર. ૨૧ એવું સાંભળી અબળા કહેછે,
સાંભળો મારા નાથ; યોગ્ય નહિ હું ઉપદેશ દેવા, ક્યમ કે
ઝાલ્યો હાથ. ૨૨ તમે પતિ હું પત્નિ કહાવું, દાસી તમારી
સાર; ને માટે ઊપદેશ દેવા હું, નથી સમર્થ આ વાર. ૨૩
તે માટે ચાલો મુજ સંગે, જુમનાં ત્રટ મહારાજ; ગર્ગાચાર્યની
પાસે જઇએ, ઊપદેશ લેવા આજ. ૨૪ એમ કની નિજપતિને
તેડી, કાશીરાજની બાળ, જુમનાં ત્રટ ઊપર આવી જ્યાં,
મુનિ ગર્ગ કૃપાળ. ૨૫ તેને આવી પાયે નમીયાં, દંપતિ તો
તે ઠાર; વળતી ભુપે ઉપદેશ માગ્યો, પંચાક્ષરનો સાર. ૨૬
ત્યારે ગર્ગાચાર્યે આપ્યો, પંચાક્ષર ઊપદેશ; તેને રાજાએ

તો લીધો, ટાળી દીલથી કલેશ. ૨૭ વળતી જપવા માંડયો તેને, આણીને ઉમંગ; ત્યમ ત્યમ જ્ઞાન થયું દીલમાંહી, શુદ્ધ થયું અતિ અંગ.૨૮ તે કાળે એ નૃપના વપુથી, નીકળ્યા કેટાક કાગ; તેતો ઊડી હેઠે પડીયા, દગ્ધ થઈ મહા ભાગ. ૨૯ તેને દેખી રાજાએતો, મુનિને પુછી વાત; અહોનાથ આ કાગ નિકળ્યા, તેતો શું શાક્ષાત. ૩૦ એવું સાંભળી મુનિ વરકહે છે, સાંભળ નૃપ આવાર; કોટીક હત્યા તેં તો કીધી, પૂર્વે વળી નિરધાર.૩૧ તે સર્વે આ પંચાક્ષરથી,નીકળી થઈને કાગ; ભસ્મ થઈને પડી પૃથ્વીપર, નિશ્ચે લાગો લાગ. ૩૨નિષ્પાપી તું થયો આ વેળા, પ્રગટયું પુન્ય અપાર; તે માટે સ્થાનકમાં જઈતું, ભોગવને આનાર. ૩૩ એવું સાંભળી દાશાર હતો, લાગ્યો મુનિને પાય; વળતી નિજ અબળાને તેડી, પુરમાં આવ્યો રાય. ૩૪ તાપ મટયો તનમાં પ્રગટેલો, સિદ્ધ થયું સૌ કાજ; નરનારિએ આનંદ કીધો, પાળી કુળની લાજ. ૩૫ વળતી એતો નરને નારિ, જપતાં શીવનું નામ; શીવ સેવાને શીવનિ લીલા, શ્રવણ કરે અભિરામ. ૩૬ તેનાપુન્યે પુત્ર પામિયો, દાશારહ નૃપ તન; વળી સર્વે મન ઈચ્છીત પામ્યો, ભૂપતિ એ બળવાન. ૩૭ વળતિ થોડે દહાડે એતો, એઊજાણાં નરનાર; મુનશ દેહ છોડિને પામ્યા, મુક્તિ અંતે સાર. ૩૮ તે માટે શિવ નામથિ ઉત્તમ; નથી બિજો કોઈ જાપ; પાપ જળે નિર્મળ થાયે. તેણે કરિને આપ. ૩૯ત્રણ ત્રણ લોકનું તત્વ તોળે પણ, પંચાક્ષરસમતુલ્ય; આવેનહિ

કોઈ કાળે ભાઈ મંત્રતો એહ અમુલ્ય. ૪૦ જપ તપ વૃત તિ રથને સેવા; આદિ શાધન જેહ; તેપણ શિવનાંનામની જોડે, આવે નહિ વળી એહ. ૪૧ સર્વ તત્વના સાર એહ છે, શીવ શીવ એવું નામ; તેવીણુ ક્ષણ રહેવું નહિ જીવને, મુન્ય વળી અભિરામ. ૪૨ જેના મુખમાં શીવ શીવ એવી, વાણી નથી હમેશ; તેને જીવતાં પ્રેત જાણવો, ચ્યંડળ જેવો વેશ. ૪૩ એવી રીતે સુતે કીધો, નામતણો મહિમાય; તેને જે કોઈ શ્રવણ કરે છે, તે નર મોક્ષે જાય. ૪૪

વલણ--પંચાક્ષર મહામંત્રનો, કીધો આ મહિમાયરે; દુર્ગો કહે તેને સુણે; તે નર મોક્ષે જાય રે રે રે. ૪૫

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગાશંકર વિરચિતે જ્ઞાન સંહિતાયાં
શીવનામ મહિમાવર્ણનાનામ સતતમોઽધ્યાયઃ ૧૦૦

અધ્યાય ૧૦૧—વૃત મહિમા.

રાગ મારૂ--બોલ્યા સુત પુરાણી વચન, સુણો શૌનકાદિ મુનિજન; તેત્રીસ કોટી છે શીવના તંત્ર, બીજા બોતેર કોટી જ મંત્ર. ૧ વૃત્ત નિયમનો નહિ પાર; થાકે સારદા કહેતાંજ સાર; તેમાં મુખ્ય વૃત્તો વળી જેહ, કહું વિસ્તારીને વળી એહ. ૨ શીવરાત્રીને પ્રદોશ કહાવે, અષ્ટમી બેઉ પક્ષની ભાવે; દરેક પક્ષની અજવાળી શાર, શુભ ચ્યતુરદશી નિરધાર. ૩ તેવી રીતે મહા શીવરાત, મહા માસની માંહી પ્રખ્યાત; પ્રાતઃ મધ્યાન્હ સાયંકાર, અર્ધરાત્રી વળી મુનિ બાળ. ૪ હવે પ્રદોશ કહ્યા જે સાર, તેમાં વર્ણવ્યા છે ભેદ ચાર; નિત્ય પ્રદોશ પક્ષ પ્રદોશ, ત્રીજો સોમ તો આપે સંતોષ. ૫ ચોથો

શનિ પ્રદોશ કહેવાય, જેમાં મહાત્મ અતિશે જણાય;નિત્ય પ્રદોશ તો નિત્ય સાર, કહ્યો શાસ્ત્ર વિષે નિરધાર. ૬ બેઉ પક્ષની તેરશ જેહ,પક્ષ પ્રદોશ કહેવાય એહ;તેમાં વાર શની મળે જ્યારે,શનિપ્રદોશ કહેવાય ત્યારે.૭ સોમવારે તો સોમ પ્રદોશ, કહ્યો વ્યાસે આણીને સંતોષ; દિવસ ઘટિકા બે રહે જ્યારે, પ્રદોશ કાળ બેસે વળી ત્યારે. ૮ તે તો રાત્રી ઘટી ત્રણ સાર, સુધી રહે સદા નિરધાર; તેમાં કરવું શીવ પુજન, જપવો પંચાક્ષર બળવન. ૯ પ્રદોશ કર્તા પ્રાણીને પ્રકાશ, કરવો તે દીવસે ઉપવાસ; સાયંકાળે પુજી મહાદેવ, ધરવું નૈવેદ્ય તો તતખેવ. ૧૦ પછી વિપ્રને જમાડી સાર, કરવું ભોજન તો નિરધાર;પક્ષ પ્રદોશમાં વળી તેમ,કરવું સજોડા પુજન એમ. ૧૧ તેના પુન્યે કરી નિરધાર, આપે શંકર સુખ અપાર;વિપ્ર ને વિપ્રપત્નિ તો જેહ,સજોડું શ્રેષ્ઠ ગણવું એહ. ૧૨ બ્રાહ્મણ કહેવાય છે શિવ રૂપ, બ્રાહ્મણી તો રૂદ્રાણી અનુપ; વિપ્ર વિષ્ણુતણો અવતાર, વિપ્રપત્નિ લક્ષ્મિ નિરધાર. ૧૩ બ્રાહ્મણ તો નિશ્ચે બ્રહ્માનો દેહ, બ્રાહ્મણી જાતે બ્રહ્માણી એહ, તેહ બેઉના પુજન કેરો, કીધો મહિમા વ્યાસે ઘણેરો.૧૪ માટે પ્રદોશને દહાડે તેમ, જોડું પુજવું આણીને પ્રેમ; જમાડીને પંચોપસારે સાર, કરવી પુજા વળી તેણે ઠાર.૧૫ તેહ દંપતિને મનમાંય, ઉમા માહેશ જાણવાં ત્યાંય;પછી વસ્ત્રાદિ જે અ-લંકાર, તેને પેહેરાવવા નિરધાર. ૧૬ વળી બેસાડી વાહન માંય, ઘેર પોહોચાડવાં તેને ત્યાંય; તેહ પુન્યે કરી રૂષી રાય,

પુત્ર વંધ્યાને તત્કાળ થાય.૧૭ પામે નિરધનીઓ ધન અતિ, હુકમ માન્ય અને શુભ મતિ; બીજી ઈચ્છા હોયે વળી સાર, તે પણ સિદ્ધ થશે તેણી વાર. ૧૮ અંતકાળે તો થાશે કલ્યાણ, એવું બોલે છે સર્વે પુરાણ; બ્રાહ્મણ જેવું નથી દૈવત એક, બ્રાહ્મણ ભુદેવ કહેવાય છેક. ૧૯ બ્રાહ્મણના ચરણ અંગુઠા માંય, તીરથ અડસઠ રહ્યાં છે ત્યાંય; હરીહરને ઈન્દ્રાદી દેવ, તેનાં મુખ તો બે નિત્ય મેવ.૨૦ એક અગ્નિ ને બીજું તો બ્રહ્મ તેમાં બ્રાહ્મણ તો જાણો પર્મ; બ્રામ્હણ નમ્યાથી જે ફળ થાય, તેટલું અગ્નિમુખે ન પમાય. ૨૧ એવું સાંભળી વિપ્ર તમામ, ઘણા રાજી થયા તેણે ઠામ, થયું પુરણ શીવપુરાણ; કેવળ જ્ઞાનનું રહસ્ય જાણ. ૨૨ જ્ઞાન સંહિતા પુરાણ સાર, શીવચરિત્ર સઊ નિરધાર; તેને ચાતુર માસની માંય, માસ શ્રાવણ આવે જ ત્યાંય. ૨૩ સુણે આણાને પ્રસંનતાય, તોતો કોટી યજ્ઞ ફળ થાય; સ્તંભ તિર્થવાસી અભિરામ, દુર્ગારામ એવું મારૂં નામ, ૨૪ માટે દુર્ગાપતિ જગતાત, તેના ગાયા આ ગુણ સાક્ષાત, તેમાં ચુક હોય નિરધાર; તો તે સુધારી વાંચજો સાર. ૨૫ યથામતિ રચ્યોછે આ ગ્રંથ, લેઈ સંસ્કૃત કેરો સંબંધ; તેમાં તુટક હોય જો તાળ, તેને માફ કરજો કવિ બાળ. ૨૬ પેટલાદ તાબા તણું નાર ગામ, તેમાં અધવારે રાખી મુકામ, રચ્યા ગ્રંથ ઘણા નિરધાર, ગુરૂ ઈષ્ટ પ્રતાપથી શાર. ૨૭ જ્ઞાતિ શ્રીગોડ બ્રાહ્મણ તણી, નવીન પક્ષને નમ્રતા ઘણી, પિતા પાઠક આતિત્યરામ માત રૂક્ષ

મણિ ગુણગ્રામ. ૨૮ તેત્રીશ વર્ષની ઉમ્મરે સાર, રચ્યો ગ્રંથ આતો નિરધાર; વપુ વ્યાધિ વિશે રાખી હામ, કર્યો પુરણ ગ્રંથ તમામ. ૨૯ સંવત ઓગણી ઉપર જેહ, શાલ બાવન ની કાવે તેહ, માસ ફાગણને ક્રશ્ન પક્ષ, તિથિ એકાદશી તો સમક્ષ. ૩૦ વાર મંગળ મંગળકારી, રક્ષ ઊત્રાષાઢ સુખકારી, યોગ પરિઘ ઘટિકા ત્રીશ, કાર્ણ બાલવતો તેણે દીશ. ૩૧ થયો પુરણ તે વેળા ગ્રંથ, વ્યાસ કૃતિનો સર્વે સંબંધ, નથી સંશય તેમાં જરાય, મુળ પ્રમાણે સર્વે કથાય. ૩૨ ત્રિપુરાસુર યુદ્ધની માંય, કથા વિસ્તારી છે ઘણી ત્યાંય, તે પણ અન્ય પુરાણનો સાર, મેળવ્યો છે વળી આણે ઠાર. ૩૩

વલણ. શીવ પુરાણ પુરૂ થયું, પહોચ્યા મન ના કોડરે, એકવાર શહુ બોલજો, જય જય શ્રી રણછોડરેરેરે

ઇતિ શ્રી શીવપુરાણે કવિ દુર્ગા શંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાં.
વૃત મહિમા વર્ણનોનામ એકાતેરશતતમોઽધ્યાયઃ ૧૦૧

અધ્યાય ૧૦૨—કવિ દુર્ગા શંકરનું જન્મ ચરિત્ર.

છંદ ત્રિભંગી, જય દુર્ગારામં, નિર્મળનામં, દઢ ઉરહામં, દ્વીજ જ્ઞાતિ, એતો પ્રભુ કેરા, અંશ ઘણેરા. ગુણ ઝાઝેરા, શુભ ખ્યાતિ. ॥૧॥ ઓગણીસેં શત્તર, શુભ શંવત્શર, માશ ભદ્રકર, ભાદરવો. તેની અંધારી, દ્વીતિયાભારી તેર વિવારી, રતુગરવો. ૨ તે દિનની રાતે, પ્રગટ પ્રભાતે, રવિ દેખાતે, તન ધર્યું, ખંભાત મુકામે, પશ્ચિમ શામે, તાત ને ધામે, તેહ ખરૂં. ૩ માતા રૂક્ષ્મણી, અતિશય શાણી, અમૃતવાણી, સુખદાતા; આદિતરામ એવા, આદિત્ય જેવા,

તાતજ તેના પ્રખ્યાત. ૪ તેણે ઈચ્છાએ, તેહ વેળાએ. પુર્ણ કૃપાયે, નામ ધરયું; એ સ્થાનક માંહી; ઊછર્યા ત્યાંહી. શંશય નાંહિ; શત્ય કર્યું. ૫ પછી બાળક જયાંહી; રમતા ત્યાંહી; શેરી માંહી; શઉ કાળે; વળતી શુભ કીધું; ઉપવીત દીધું, લગ્નજ લીધું; પ્રતિપાળે. ૬ જંબુશર ગ્રામે, ઊત્તમ ઠામે શુકલને ધામે; પરણાવ્યા; તે પુંઠે ભણીયા; પંડિત બનીયા; ગુરૂએ ગણીયા; કવિયે; કવિ કહાવ્યા. ૭ વળતી દીન થોડે તાતની જોડે; પુરાણ કોડે; નિશરિયા; નારંગપુર આવ્યા; શઊને ભાવ્યા; શાંતિ લાવ્યા; ત્યાં ઠરીયા. ૮ એવામાં ત્રાતા; તાતને માતા; અતીસુખ દાતા, બેઉ મુવાં; વળતી સુખકારી, પેરજા શારી. પુત્ર દુલારી, બેજાહુવાં. ૯ પછી હરિ ઈચ્છાએ. જન્મ જગાએ. જ્ઞાની આવે. ગુણવાળા. અદ્વઈત ઉપાસી. બ્રહ્મ વિલાસી. તત્વ પ્રકાશી, પ્રતીપાળ. ૧૦ તેને ગુરૂ કીધા, શદ્ગુણ લીધા, સ્વારથ સીધ્યા, સુખકારિ, એથી સુખ આવ્યું, સ્વરૂપ જાણાયું તિમિર હણાયું, તત્વારી. ૧૧ વિજ્ઞાન પામીયા, વેંમ વામીયા, ઝટ જામીયા, જુગમાંહિ, શદગ્રંથ બાંધીયા, વેદ શોધીયા, શિષ્ય બોધિયા, શુભ ત્યાંહિ. ૧૨ એવા ગુણ ગ્રામં, ગુરૂપદનામં, દુર્ગાશમં, મહાબાહુ, શુભ શિષ્ય કહે તેને, પ્રફુલિત તેને, ચિત વિતચેને, અતિ ચાહુ. ૧૩ વલણ. જન્મ ચરિત્ર કવિજન તણું, જે કોઇ સુણશે કાનરે; શિષ્ય કહે તેને વળી, કૃપા કરે ભગવાનરેરેરે.

ઈતી શ્રી ત્રિપુરાણે .કવિદુર્ગાશંકર વિરચિતે જ્ઞાનસંહિતાયાંશિષ્યેણ કવિદુર્ગાશંકર જન્મચરિત્ર વર્ણનો નામ દયોત્તરે શતમોઽધ્યાય: ૧૦૮

અથ શ્રી શીષ્ય કૃત દુર્ગારામ મહારાજના સ્વભાવ ચેષ્ટાનું પદ.

આનંદે આવોરે જીવણ જમવાને. એ રાગ—મહારાજા મોટારે, દુર્ગાશંકર છો, સુખકર્તા સૌનેરે, અવિદ્યાથી પર છો. ૧ વિજ્ઞાન વિલાસીરે, વીનાયક રૂપ એવા; ગુણમાંહી ભાસોરે, ગુણાતીત છો તેવા. ૨ વિદ્યામાં પુરણરે, વાણી બહુ સારી; એમ લક્ષણ સર્વેરે, લાવણ્યતા ભારી. ૩ ઈતિહાસ પુરાણોરે, જયોતિષ કાવ્યકળા; વેદાન્ત નેવૈદુરે, સાંખ્યશ્રૂતિ સબળા. ૪ એ સૌમાં જ્ઞાતારે, દયાળુ ને દાતા; અદ્વૈત ઉપાસીરે, શરણાંગત ત્રાતા. ૫ જડમુરતિકારીરે, ચૈતન્યમાં પ્રીતિ; ખુબ નિશ્ચે દીલમાંરે, જરા પણ નહી ભીતિ. ૬ સંધ્યાદીક સાધનરે, બીજી રીત ઘણી; તે તો સૌ આપેરે, પ્રાપ્તિ સ્વર્ગ તણી. ૭ તે માટે તેમાંરે, ઇચ્છા નહી ઝાજી; આત્મા અનુભવમાંરે, અતીશે રહો રાજી. ૮ ભેદવાદી જેટલારે, આચાર્યો આવે, તેને તો જીતોરે, જ્ઞાનતણે દાવે. ૯ શીવ વિષ્નુ કેરીરે, લીલા તો ગાઈ; તેણે કરી કીરતીરે, જગમાં ફેલાઈ. ૧૦ અધી કારિજેચારે, એ ની ચાનકરે; ચ ની થડને દેખીરે, સુંદીર મુન્ય ધરો. ૧૧ ધાર્યું તે કરચોરે, દ્રઢ હીમ્મત રાખી; સ્નેહ સૌની સાથેરે, ૫ પી જન પાખી ૧૨ રત્રિએ બેઠારે, ગ્રંથ ગુણ બાંધો; એમ દીવસે સારોરે, ઉદ્યમ તો સાધો. ૧૩ વ્યભિચારાદીક તોરે, અવગુણ જેહ કહ્યા; તેતો નહિ સ્વપનેરે, સાક્ષિશુધ રહ્યા. ૧૪ જેવું જે કાળેરે, જોઈએ વાકય વળિ; તેવું ઉચ્ચારોરે; અંતરમાંય ગળિ. ૧૫ એમ રાજી પોતેરે; પોતામાં

રહોછો; સુખ દુખ તે શઘળું રે; શમ માની લ્યોછો. ૧૬ કોઈ વખતે બેશીરે, આત્મા દેવતણો; વિચાર કરોછોરે, અંતરમાંય ઘણો. ૧૭ કોઈ વખતે પુસ્તકકરે, કરમાં લેઇ સારૂં; પીવરાવો સોનેરે, જ્ઞાનામૃત પ્યારૂં. ૧૮ કોઇ વખતે કૃત્યારે વેહેવારીક કરો; તદપી વળી તેમાંરે હું કૃતિ નવ્ય ધરો.૧૯ દાના દીક એવાંરે, કર્મો શુદ્ધ લહી; તે તો પણ કર્તારે, નિષ્કામેજ સહી. ૨૦ ક્રીયમાણુને સંચીતરે, કર્મ થકી તરીયા; પણ પ્રબળ દૈવેરે, નાર વિષે ઠરીયા. ૨૧ જેમાં નથી કોઈરે, વેદાંતી સાર, મતવાદી કેવળરે, મહાઝક કરનાર. ૨૨ તે સાથે વસવુ રે અંન તેનું ખાયું; ઈચ્છા એહ આપનીરે, ઝાઝું શુંગાઊ. ૨૩ ગુરૂજ્ઞાની જનરે, શકતો શું જાણે; પાસે રહી નીત્યરે, જ્ઞાની પરમાણે. ૨૪ જય મધેનુ કેરારે, બાવલિયા માંહી. બગાઈ બેસેરે. ચોટી રહે ત્યાંય. ૨૫ તોપણ એ પયનોરે, સ્વાદ તે શું જાણે; ચુશેછે ચામડીરે, રકત પીએટાણે. ૨૬ એમ શાકુટ સર્વેરે, આદમિ એ સ્થળના; માટે નહિ જ્ઞાતારે, સાચી છે કળના. ૨૭ આપેતો સ્વામિરે, પુરણુ બ્રહ્મ લહ્યા શ્રિ ગોડના કુળમાંરે, સૌથી શ્રેષ્ઠ થયા. ૨૮ એમ સ્થાનક ઉત્તમરે, ખંભાયેત ખરૂં શુભ ગ્રંથો બાંધીરે, બધે વિક્ષાત કર્યું. ૨૯ એવા ગુરૂ સાચારે, સમર્થ છો મારા; દુર્ગો શંકરજીરે; પ્રાણુ તણા પ્યારા. ૩૦ તે માટે મારૂંરે, બંધનતોહર જયો; રણછોડ કહે રાચીરે, અંતરમાં ઠરજો. ૩૧

ઈતિશ્રી શીવપુરાણુ સમાપ્ત.